

BHAKTA, BAPALAL VENIRAM.
AHMEDABAD.

K. ntaline Press, Calcutta.

“ જગજયોતિ ”

તતસત્ પરમાત્મને નમઃ

સત્ય, શિયળ, જ્ઞાન, નિતિ અને ભક્તિ ભાવથી ભરપુર.

अमर चरित्र

ભાગ ૧ લો.

રચિ પ્રસિદ્ધ કર્તા;

ભક્ત બાપાલાલ વેણીરામ.

અમદાવાદ.

અમર ચરિત્ર એ ગ્રંથમાં, અમર પુરૂષનાં કામ;
તન મન ધન અર્પિ કરો, અમર તમારૂં નામ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

આવૃતિ ૬ ઠ્ઠી. પ્રત ૧૦૦૦.



કિમ્મત રૂ. ૧-૮-૦

રચિ, છપાવી પ્રસિદ્ધ કરનાર—ભક્ત બાપાલાલ વેણીરામ,

ઠે. તાજપુર તાડનીશેરી—અમદાવાદ.

અમદાવાદ.

પિરમસારોડ ઉપર નિર્મળ પ્રિન્ટિગ પ્રેસના

માલિક, ત્રવાડી લલ્લુભાઇ ઈશ્વરભાઇએ છાપ્યું.

પ્રસ્તાવના.

અસાર સંસારમાં આવી ફસાએલા અનંત મનુષ્યો, ઉઘાડી આંખને અજ્ઞાન રૂપી પાટા બાંધી, તથા માયાનો અસહ્ય બોજો વહન કરી દુઃખ રૂપ દિવાલોમાં ભટકાય છે. (" આંધળો ભિંતે ભટકાય ત્યારે પાછો વળે ") પણ વિષયાંધ મનુષ્યો તો અનેકવાર અથડાતાં છતાં પાછા પડતાજ નથી.

હમેશાં ઘરમાં કચરો આવી પડે છે એ સ્વાભાવિક છે, પણ તેને કાઢતાં ઘણો શ્રમ પડે છે, તેવીજ રીતે મનુષ્યના મન, જ્ઞાન, નિતિ, અને ભક્તિના સંગી નહિ થતાં, કેવળ દુઃખને આપનાર પંચ વિષયનાજ સંગી થાય છે, દુઃખરૂપ દરિયામાં ડુબાવનાર કામ, ક્રોધ મદ, મોહ, લોભ, અને ગર્વમાં ઘેલા થઇ અભિમાનના અંશે કરી આશારૂપી નદીના પ્રવાહમાં ખિંચાતા મનુષ્ને સ્વપ્ને પણ સુખ ન હોય !

સુખને ઇચ્છનાર મનુષ્યોને પ્રથમ *સતસંગની અવશ્ય જરૂર છે. સતસંગ સર્વ સંશયને દુર કરી ભ્રાન્તિને ભાગી, શાન્તિ આપનાર છે; ભવસાગરનો ફેરો મટાડનાર છે, જ્યોતિસ્વરૂપ ભગવાનની ઓળખાણ પાડનાર છે અને બુદ્ધિને નિર્મળ કરનાર છે.

પુર્વ પાપના યોગે સત્ય, પુજ્ય અને મહાન પુરૂષોના મેળા દુર્લભ હોય તો નિતિ, ભક્તિના પુસ્તકો વાંચી અગર સાંભળીને સતસંગથી મળતા લાભને ગ્રહણ કરવો.

સર્વોત્તમ કવિયો અને ગ્રંથકારોના હાથથી ઘણા ગ્રંથો રચાયા છે, લખાયા છે અને તે છપાયા છે; પણ એવા ગ્રંથો સમજવાને શાસ્ત્રોનું તેમજ ભાષાનુ સારૂ જ્ઞાન જોઇએ.

સહેલી, સરળ અને પ્રિય લાગે એવી ભાષામાં સર્વને સારો બોધ આપી શકાય છે. વળી આજ કાલ મનુષ્યો નાટકો અને બીજા અનેક તરેહના તમાશા જોઈ અતી પ્રસન્ન થાય છે; પણ હું ધારૂછું કે, એવાજ રસમાં જ્ઞાન ભક્તિનો ઉપદેશ થાય તો મનુષ્યનું કલ્યાણ થાય ખરૂ ! દવા દુઃખને દુર કરનાર છે, શરીર તનદુરસ્ત રાખનાર છે, અને આયુષને બળવાન કરનાર છે પણ તેનો સ્વાદ પ્રિય નહિ હોવાથી બાળક ખાવાને ઇચ્છા બતાવતુ નથી; માટે બાળકને ગોળમાં અગર તેને પ્રિય વસ્તુમાં ઔષધી અપાય છે, પેટમાં ગયા પછી ઔષધી રમણ કરે છે અને દુઃખ વિદારણ કરે છે.

---

* સતસંગ=સત વસ્તુનો સંગ.

સિદ્ધાંત કે કેવળ જ્ઞાન અને વૈરાગ્યની વાતો દરેક મનુષ્યને પ્રિયકર નથી; તેને માટે મહાત્માઓને પણ લૌકિક અને દંત કથાઓનાં દ્રષ્ટાંતો આપવાં પડે છે.

ઉપરની સઘળી બાબતોનો વિચાર કરી, મારી અલ્પમતિથી શ્રીમદ્ ભાગવત્, ભગવત્‌ગિતા, ભક્તિવિજય, ભક્તમાળ, મારકંડેયપુરાણ, મહાભારત, હરિવંશ અને બીજા નિતિ ભક્તિના ગ્રંથોના આધારથી, હરિજનોના આશિર વચનથી, આચાર્યોની અમિદ્રષ્ટિથી, મહાત્માના વચનથી અને ઇશ્વરની કૃપાથી, વિર, હાસ્ય, કરૂણા, શાન્ત, અદભૂત, અને રૂદ્ર રસથી ભરપુર આ **અમર ચરિત્ર** નામનો ગ્રંથ બહાર પાડુછું; જેમા સત્ય શિયળ, જ્ઞાન, નિતિ અને ભક્તીભાવથી ભરપુર સત્તર આખ્યાનનો સમાવેશ થયેલો છે, શિવાય બીજાં બોધક પદ, અને દ્રષ્ટાંતો પણ નાંખ્યા છે.

ભક્ત શિરોમણી નરસિંહ મહેતાનાં ભગવાને એવાં કાર્ય કર્યાં છે કે જે અજ્ઞાન અને નાસ્તિક મનુષ્યોને માનવાને પણ અસાધારણ છે. આવા હળાહળ કળિયુગમાં સ્વદેહીએ વૈકુંઠ જઇ, પ્રભુ દર્શન કરી, નાત જાત અને કુળને દિપાવ્યું છે, એવા ભક્તના ચર્ણમાં મારા સાષ્ટાંત દંડવતપ્રણામ છે. અનુમાનથી પ્રમાણ બંધાય છે કે આગળ, એટલે નરસિંહ મહેતાના વખતમાં નાગરોનાં નામ હાલમાં જેવાં અવર ઉચ કોમનાં નામ છે તેવાં હશે; પણ હાલમાં એવાં એવાં નામ ધારણ થાય છે કે જે અન્ય જ્ઞાતી વર્ણના અભણ પુરૂષ અને સ્ત્રીઓને તો બોલતાં પણ ન આવડે. મેં શામળના વરઘોડામાં મહામહેનતે શબ્દ કોશમાંથી શોધી થોડાં જુની અને થોડાં નવિન પદ્ધતિમાં નામ મુક્યાં છે. જેમ જેમ અન્ય વર્ણોમાં એમનાં નામ ખિચાતા જાય છે તેમ તેમ તેઓ નવાં શોધતાજ જાય છે.

આવા મહાન્ પુરૂષનાં ચરિત્રો ગાવાને ઇશ્વરે મને બુદ્ધિ આપી છે તેને માટે હું પ્રભુનો પાડ માનુછુ., અને અવતાર સફળ માનુંછું.

ધારેલી ધારણા પાર કરવાને આ ગ્રંથ સાધન રૂપ થાય એવી ઇશ્વરની કરૂણા હો.

મારા લખાણની સઘળી ભૂલને માટે હું ક્ષમા માગુ છું.

દાસાનુંદાસ;

ભક્ત બાપાલાલ વેણીરામ.

બિજી, ત્રિજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી આવૃત્તિની

પ્રસ્તાવના.

અમર ચરિત્રની પ્રથમાવૃતિ બહાર પાડતી વખત મારા મનમાં અનેક તર્ક વિતર્ક થયા કરતા હતા કે આ પુસ્તક સબંધી લોકો શું અભિપ્રાય આપશે ! પણ અતી આનંદની વાત છે કે ઘણા મનુષ્યો પુસ્તકના વખાણ કરતા આવેછે; અને વળી એમ પણ દર્શાવે છે કે અમર ચરિત્ર નામનું પુસ્તક દરેક મનુષ્યને પાસે રાખવા લાયક છે.

હું હિમ્મત ધારીને કહું છું કે નિતી અને ભક્તિભાવથી ભરપૂર અમર ચરિત્ર જરૂર મનુષ્યને દુઃખમાં પણ દિલાસો આપનાર છે.

આ બીજી આવૃતિમાં મેં થોડો સુધારો વધારો કર્યો છે; અને વળી કોઇ ભાગ કાઢી નાંખીને તેને બદલે તેને તેજ મતલબની બીજા રૂપમાં બિના લખી છે. પ્રથમાવૃતિ કરતાં આ બીજી આવૃતિ ઘણી સારી અને સરળ છે.

" જગ જ્યોતિ " સ્વરૂપ ભગવાનની ભરપુર કરૂણાથી રચાએલુ અમર ચરિત્ર નામનું પુસ્તક મનુષ્યના મનોવિકાર બદલી ઇશ્વિર પારાયણ કરે છે, જેની બિજી આવૃતિ જોત જોતામાં ખપી જવાથી, ત્રિજી આવૃતી તાકિદે બહાર પાડવાની જરૂર પડી છે, જેથી થોડો વધારો, ઘટાડો અને સુધારો કરી આતુંર જનોની આંખ આગળ હાજર કરી છે.

" શ્રી જગજ્યોતિ " ભગવાનની પુર્ણ કૃપાથી ત્રિજી આવૃતિ ખપી ગઇ છે. વારંવાર વધારો સુધારો ન કરવો પડે એવું પુરતુ ધ્યાન આપી ઘટિત વધારો સુધારો કરી, આતુર જનોની આગળ ચોથી આવૃત્તિ હાજર કરી છે; જે વાંચીને મનુષ્યો નિતિ પાળી, દુનિયામાં દિવારૂપ દેખાય અને સદ્કિર્તિ મેળવે.

"શ્રી જ્યોતિ " ભગવાનની અનહદ કરૂણાથી આ પાંચમી આવૃતિ બહાર પાડી છે.

" શ્રી સર્વેશ્વર " ની કરૂણાથી છઠ્ઠી આવૃતી બહાર પડી છે.

લી૦ દાસાનુંદાસ;
ભક્ત, બાપાલાલ વેણીરામ.
અમદાવાદ.

અનુક્રમણિકા.

ઇશ્વર સ્તુતિ.

રાગ. ભજન વિના કેસે ગએ જખમાર.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ.
સ્વર્ગ મૃત્યુ પાતાળ સકળમાં, વરતે તમારી આણ. દયાળુ. ૧
મણિ માણેક મોતી જગજ્યોતી, આપ રત્તની ખાણ. દયાળુ. ૨
દુષ્ટ દહિત જે પાપી પૂરા, તેના વાળ્યા ધાણ. દયાળુ. ૩
જ્ઞાની ધ્યાની હરીજન જાણે, પાપીને ન્હોય પિછાણ. દયાળુ. ૪
પાપ પૂન્ય જે વરતે જગમાં, થાય આપને જાણ. દયાળુ. ૫
આપ તણી નહિ ઓળખ જેને, તેને તાણા તાણ. દયાળુ. ૬
શંખ ચક્ર ગદા પદ્મની સાથે, શોભો સારંગપાણ. દયાળુ, ૭
ભૃગુ લતાનું લાચ્છન ધાર્યું, હજીએ એ છે એધાણ. દયાળુ. ૮
શસ્ત્રાર્જુનને શિક્ષા કરવા, ધાર્યાં ધનુષ ને બાણ. દયાળુ. ૯
આપ હુકમને આધિન સરવે, શ્રૃષ્ટિ વૃષ્ટિ ભાણ. દયાળુ. ૦૧
જરણ મરણને સુખ દુઃખ સર્વે, આપ કરો નિર્માણ. દયાળુ. ૧૧
ભજન તમારૂ ભૂધર અર્પો, પામુ ઉત્તમ લ્હાણ. દયાળુ. ૧૨
ભવસાગરને તરવા હરજી, આપ નામનું વ્હાણ. દયાળુ. ૧૩
અવતાર ધારી આપં ન જાણ્યા, અંતે તેને હાણ. દયાળુ. ૧૪
કોટી કાલાવાલા બાપુ કરે છે, નમ્ર વદે છે વાણ. દયાળુ. ૧૫

શ્રિ કમળા દેવી.



અમર ચરિત્ર.

પવિત્ર ક્ષિપ્રા નદીના કિનારા ઉપર આવેલા ઉજજન નગરના રાજા **મધુરસિંહને અમર** નામનો પુત્ર હતો. બાલ્યાવસ્થાથીજ બુદ્ધિશાળી, કામ કરવે કુશળ, લઢવે બહાદૂર, અને સર્વ વિદ્યા સંપાદન કરેલી તથા તેનું સુંદર સ્વરૂપ હોવાથી ઘણા રાજાઓ તેનાં વખાણ સાંભળીને તથા કેટલાક પ્રત્યક્ષ રીતે તેને જોઇને લગ્નને માટે માગાં મોકલતા; પણ તે સઘળું **મધુરસિંહની** મનોવૃત્તિયો આગળ નિષ્ફળ જતું. ઘણી રાજકુમારીકાઓ તો અમરનાં વખાણ સાંભળીને, અંતરમાં બળતી અને માળવાની મહારાણી થવાને ઇચ્છા કરતી. વળી ઘણીખરી પોતાનાં રૂપ તથા ચાલાકી દર્શાવવાને યાત્રાનાં બાનાં કાઢી પાંચ પચીશ માણસ સાથે લઇ માળવામાં મુકામ કરતી, અને રાજ્ય માતા કલ્યાણબાની કને ત્રણ ત્રણ ચાર ચાર દિવસ રહેતી, તેમાની કોઇ કોઇને અમરનાં દર્શન થતાં; કારણ કે અમરને રહેવાનો મહેલ રાજ્યમહેલથી અલગ હતો, અને એણે પોતાના મહેલમાં કામ કરવાને કામગરા, રસોઇ કરવાને રસોઇઆ, ચોકી કરવાને ચોકીદાર, મન આનંદ પમાડવાને મસ્કરા, કસરત કરવાને પહેલવાન, ખબર લાવવાને હલકારા, અને તેથી પણ અધિક જોઇતી સર્વ વસ્તુઓનો સંગ્રહ કરી રાખ્યો હતો; એટલે કોઈ કોઇ વાર પોતાના માતા–પિતાને મળવા આવતો. પ્રદેશથી આવેલી રાજ્ય કુમારીકાઓ અમરને જોવાજ ભાગ્યે પામે, તો તેની સાથે સ્નેહ જોડવાની તો શી આશા. આ **અમરનો** મહેલ ક્ષિપ્રા નદીના કિનારા ઉપર હતો, તે એવી રીતે કે નદીનો પ્રવાહ મહેલની પછીતે ઘસડાઇને જતો અને જ્યારે જ્યારે પુર આવતું ત્યારે જુજ પાણી મહેલના અંદરના ભાગનાં દર્શન કરતું. આરસનાં એકવીસ પગથીઆં ચઢયા બાદ પ્રથમના માળમાં પ્રવેશ થતો ત્યાં કારીગરોએ પોતાની અદ્‌ભુત કારીગરી વાપરી હતી, સલાટ લોકોએ પોતાથી બની હશે તેટલી ચતુરાઇથી પત્થર કોતરીને તેમાં મહાન પૂર્વજોનાં ચિત્ર કોતરેલાં હતાં, ચિતારાઓએ સુંદર રંગથી ભરપુર ચિત્ર ચિત્રેલાં હતાં, જોનારાઓને ધણુંવાર ધારીને જોઇ રહેવાથી એમ લાગતું કે આ ચિત્ર આપણી સાથે વાત કરવા માગે છે કે કેમ, અજાણ્યો માણસ આ મહેલ જોવા આવ્યો હોય તો તે પ્રથમનો માળ જોઈ બીજા માળમાં કયારે જશે તેની કલ્પના થઈ શકતી નથી. પહેલાં કરતાં બીજો

અને ત્યારબાદ ત્રિજો ચોથો એમ અનુક્રમે સર્વ માળ એક એકથી ચઢીઆતા હતા. તેના મહેલનો ઘણોખરો ભાગ સોના રૂપાથી શોભી રહ્યો હતો, કોઈકોઈ ઘટતી જગાએ તેણે હીરા માણેક પણ જડેલા હતા. કોચ, ખુરશીઓ, કબાટ, પલંગ છત્રપલંગ, હિંચોળા ખાટ્રા સર્વ ઠેકાણે સુવર્ણનો ઉપયોગ કર્યો હતો, ઠેકાણે ઠેકાણે ફુવારામાં પાણી ઉડતાં હતાં, આવો ઇંદ્ર સમાન વૈભવ અમર ભોગવતો હતો.

એક દિવસે સાંજના પાંચેક વાગ્યાને શુમારે અમરનો મિત્ર, રાજા મધુરસિંહના પ્રધાન રાજસિંહનો પુત્ર કમર મળવાને માટે આવ્યો; કમરનો અતડો સ્વભાવ જોઇ અમર ઠપકો દેવા લાગ્યો. કેમ મિત્ર ! ઘણે દિવસે જેમ રાહુ ચંદ્રની ખબર લેછે તેમ તમે પણ કરવા માંડ્યું છે ! કમર કહે એ શું બોલ્યા ! મને રાહુની ઉપમા કયાં આપોછો; હું તો આપના આનંદથી ભરેલા મુખાર્વિંદનાં દર્શન કરવા આવું છું.

અમર—ઘણે દિવસે આવવાનું શું કારણ ? એમ મિત્રાઇનો હક ઓછો થતો જાય છે.

અમર—મિત્રાઇ તો મળ્યેજ વધે છે એમ ન સમજવું, એ તો સ્થિર છે, પણ તમારો તો મધપુડાની માંખની માફક મહેલ મુકીને બહાર નિસરવુંજ નહીં !

અમર—વગર કારણે બહાર નિકળવું, એ મને દુરસ્ત લાગતું નથી.

કુમર—ઝાડી અને પહાડીમાં ફરી મનને આનંદ પમાડવું એમાં કારણ શું જોઇએ છીએ ?

અમર—મુલાયમ* ગાદી તકીઆ મુકી કાંકરામાં આસન કરવું, રંગમહેલ મુકી કંટકમાં ફરવું, એ મને સારૂ લાગતુ નથી તોપણ વખત આવ્યે વેઠી લઇએ.

એટલામાં એક ઘોડેસ્વાર ગજબ ! ગજબ થઈ ગયો, એમ બુમ પાડતો આવ્યો, તેજ વખતે અમરે ઝબકીને મહેલમાંથી નિચે ઉતરી તેને પૂછ્યું, શો ગજબ ?

સ્વાર—અન્નદાતા, આજે મહારાજા સાત સ્વારની સાથે વાઘનો શિકાર કરવા નિકળ્યા હતા; કેટલોક વખત શિકાર હાથ નહીં લાગવાથી પાછા વળતાં લગભગ અહીંઆંથી સાત ગાઉ ઉપર ઝાડીમાં જરા આરામ લેવાને ઘોડા ઉપરથી ઉતર્યા એટલામાં મનુષ્યના મુખના અવાજ સાંભળીને પાસેની ઝાડીમાંથી કેશરી સિંહ નિકળ્યો. નજરે પડતાં મહારાજા ઘોડેસ્વાર થયા અને અમને કહ્યું કે ખબડદાર તમારામાંથી કોઇ બંદુકનો બહાર કરે નહીં. જો તમે બહાર કરો તો મારા બહારથી કે તમારા બહારથી એ

* સુંવાળું.

કામ પાર થયું છે તેની શી ખાતરી, એમ કહી પોતે વાઘને ગોળી બ્હારથી મારવાનો નિશ્ચય કર્યો; એમનો પ્રથમ બહાર ખાલી ગયો અને બીજી ગોળી નાંખે છે એટલામાં પાછળથી બીજો નાનો વાઘ આવ્યો, તે દેખાવમાં નાનો હતો પણ સામર્થ્યમાં શૂરો હતો, આ નવા આવેલા વાઘની આકૃતિ જોઇ અમારા સર્વના *ચમ્મર વછૂટી ગયા, તોપણ હિમ્મત પકડી હથિયારને આગળ કરવા રાજનની રજા માગી. મહારાજાએ મુખમાંથી ઉચ્ચાર કર્યો કે આજે હથિયારનો ઉપયોગ કરો તો તમને ઇષ્ટદેવના સમ છે. આ સમયે બન્ને વાઘ ઘોડાની આગળ પાછળ બેઉ બાજુએ હતા, બંદૂકનો બીજો બ્હાર ખાલી ન ગયો તેમ તેનો ધાર્યો ઉપયોગ પણ ન થયો, બંદૂકમાંથી નીકળેલી ગોળી જેમ વજ્ર ઉપર ફુલનો પ્રહાર કરે તેમ, વાઘના કપાળમાં વાગી પાછી પડી, તેજ વખતે વાઘે વિકાળ સ્વરૂપ ધારણ કર્યું; પોતાનો બચાવ કરવાને હવે કાંઇ સાધન નહોતું, તે વખતે ઘોડાએ તલપ મારી અને રાજને ઝાડની ડાળીને બાથ મારી પોતાનો પ્રાણ બચાવ્યો. પોતે ઝાડ ઉપર ચઢી ગયા અને તેમના ઘોડાને તથા ૭ ઘોડેસ્વારને બન્ને વાઘે ચિરી નાંખ્યા. હવે રાજાનું વહેર લેવાને ઇરાદે વાઘ ઝાડ નિચે ઘુરકી રહ્યા છે; હું દાસ આપને ખબર કરવા દોડતો શ્વાસ ભર્યો આવ્યો છું. આવાં વચન સાંભળી અમરને રોમ રોમ શુર વ્યાપ્યું, તેણે હુકમ કર્યો કે ઘોડા તૈયાર કરો! પોતે હથિયાર બાંધી, ઘોડેસ્વાર થઇ પોતાના મિત્ર કમરસિંહને સાથે લઇ સ્વારને આગળ કરી ભયંકર જગાએ આવી પહોચ્યા. શિકારની જગાના લગભગ થતાં સંધ્યા સમય થયો, બરાબર અંધકાર થયો નહોતો, માણસની ઓળખાણ પડી શકે એટલો ઉજેશ હતો, તે વખતે બન્ને વીરો વાઘની બેઉ બાજુએ આવી ખડા થયા. અમરને ઓળખી મહારાજા મધુરસિંહે કહ્યું કે ભાઇઓ જરા ચાલાકી તથા હિમ્મત રાખજો તમારા બેઉની વચમાં વાઘ નથી પણ બેઉના કાળ મને ભાસે છે, આવા વકરેલા વાઘના શિકાર કરવા એ તમારૂં બાળકનું ગજું નહીં. આ શબ્દોનો ઉત્તર આપવા જતાં બન્ને કેશરી કમર ઉપર ટુટી પડયા. કમરની બંદૂકના બ્હારે એકને અવની ઉપર સદાને માટે સુવાર્યો. એકી વખતે એક ગોળી એના પ્રાણ હરણ કરી શકતી નથી એમ જાણી અમર ઘોડા ઉપરથી ઉતર્યો. અને બીજા વાઘનું પૂછડું જમણા હાથમાં જબર ઝાલી માથા ઉપર ફેરવી પત્થર સાથે પછાડયો, તે વખતે વાઘે દયાનો પોકાર કર્યો; પોકાર થતાં અડધા ગાઉ ઉપર બીજા વાઘોની ગર્જનાઓ સંભળાઈ, એટલે કમર અમરની

* હોસ ઉડી ગયા.

રજા માગી શિકારને માટે તેજ પળે દોડયો. અહીં ભાઇ અમરે એવા ત્રણ સપાટા મારી મરણ તોલ કર્યો. આ બધો બનાવ જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. પોતાના પુત્રનું પ્રૌઢ* પરાક્રમ જોઇ તેને હર્ષનો પાર રહ્યો નહિ; નિચે ઉતરી, બનેલા બનાવથી પુત્રને પ્રવિણ+ કર્યો. અમરે પિતાને પોતાની સાથે આવેલા સ્વાર સાથે ઘેર વિદાય કરી, સ્વાર થઇ કમર જે રસ્તે ગયો છે તેજ રસ્તે અશ્વને હાંકયો, બેઉ મિત્રના નિકળવામાં અડધા કલાકનો આંતરો હતો, પણ પડાવમાં પાંચ ગાઉનો આંતરો હતો. કમર ત્રણ ત્રણ ચાર ચાર ગાઉ ફરતો ભમ્યો પણ એકે વાઘ તેના સપાટામાં આવ્યો નહીં, આખરે અકળાઇને એક પહાડની ટેકરી ઉપર મુકામ કર્યો, કારણ કે તેને શહેરની ભરી વસ્તી કરતાં જંગલમાં રહેવું વધારે પસંદ પડતું. અમર કમરને ખોળવા ઝાડેઝાડ ફરી વળ્યો, પણ તેનો કોઇ પ્રકારથી પત્તો લાગ્યો નહીં. તેની બંદુકનો એક પણ અવાજ તેના કાને સંભળાયો નહીં, કે જે તેને ધારેલે મુકામે દોરી જાય. સુભાગ્યે રાત્રિ અજવાળી હતી, મધ્યનો ચંદ્રમા માથા ઉપર આવ્યો હતો, પૃથ્વિ દેવીએ સફેદ કાળા ફુલ ઝાડ વાળી ભાતની સાડી પહેરી હતી, સફેત ઘોડાપર સ્વાર થએલો ઉમદા પોશાકથી ઓપી રહેલો અમર ગંગાના પુત્ર જેવી શોભા આપી રહ્યો હતો. ચાલતાં ચમકયો. અહાહા આ શું ! ક્ષિપ્રાનો કિનારો· વાહ ક્ષિપ્રા માતા ! મને એક રાત્રિ પણ દર્શન દેવાને ચુકયાં નથી, મારા મહેલની પછીતેથી બાળકને બોલાવવા આણી તરફ વળ્યાં હશો. લાવ્ય જરા આરામ લઉં એમ વિચારી પાછલી બે ઘડી રાત્રિ બાકી રહી છે તે વખતે અમર સુતો. નિદ્રામાં તેને સ્વપ્ન થયું. "રાજકુમાર દુઃખના દરીઆમાં ડુબાયો છે. રાજકુમારી રઝળતી થઇ છે." આ વિચારમાં તેની આંખ ઉઘડી ગઈ. તેજ વખતે તેને પૃથ્વિના પાળક શ્રી સૂર્યદેવનાં દર્શન થયાં. પોતે બરાબર જાગૃત થઈ મળ ત્યાગ કરી સ્નાન કરી થોડીવાર સ્તુતી કરી સ્વપ્નની વાત પર વિચારે ચઢયો. અરે હું શું ? રાજકુમારી કોણ? મેં શું દીઠું, હજી મારા પિતા મારા લગ્ન સંબંધી કાંઇ વિચાર કરતા છેજ નહિ. મને પરણાવવા માટે એમના મનમાં શા વિચાર હશે તે કેમ જાણી શકાય ? હે ક્ષિપ્રા માતા, સૂર્ય પિતા, આપ પ્રતક્ષ જગતને સુખ કરતા છો તો મને સુખ શાન્તિ આપશો. મારા પિતાની વૃત્તિયો ફેરવશો અને મારા લગ્ન સંબંધી વાત હૈયામાં ઉતારશો. તેજ વખતે દુર દેશાવરથી ચાલી આવેલો હોય એવા આવેશમાં એક બારોટને તેણે દીઠો. બારોટ સ્નાન કરી વસ્ત્ર પહેરી અમરની પાસે આવ્યો અને રાજસી ઠાઠમાં

* ભારે, અતિશય. + જાણીતો.

દેખી વિચારમાં ગુમ થયો. જો કે અમરને તેણે પ્રથમ જોયો હતો, સેંજસાજ ઓળખતો હતો; તોપણ એના મનમાં ઉંડા વિચારો ઉત્પન્ન થયા કે આ અમર હશે કે નહીં હોય; અને હોયતો અત્યારે અહીં કયાંથી; એનો સ્વભાવ ઘર મુકી બહાર નિકળવાનો નથી માટે આતો તેનો મિત્ર કમર હશે.

બારોટ—રામ, રામ, બાપા, કમરસિંહજી.

અમર—રામ રામ-ભાઇ કમર નહીં, પણ અમરના.

બારોટને ઘણોજ હર્ષ થયો અને તેજ વખતે પોતાના બચકામાંથી બે કાગળ કાઢી રાજનના હાથમાં આપ્યા. આપતાં કહ્યું કે કાગળનું માન્ય રાખ્યા વગર આપનો છુટકો નથી પૃથ્વિનાથ. કાગળ વાંચી અમરને ઘણોજ આનંદ થયો. જે વિચારના ઉભરા અમરના મનને આવતા હતા, તેને શાન્ત કરવાને આ બે કાગળ બસ હતા. બારોટ શાબાશ ! તમે પણ ઘણું સારૂં કામ કર્યું. આજે સવારના પહોરમાં ઉત્તમ વખતે તમે મને મળ્યા છો. હવે જો હું તમને મારા મહેલ તરફ લઇ જાઉં તો એક દિવસનો વિલંબ થાય માટે મ્હારૂં કહેવું એમ છે કે તમે તાબડતોબ અહીંથી પાછા ફરો. હાલ મારા મનગમતું તમને આપવાને મારી પાસે કાંઇ નથી. ખેર આપણો ફરી મેળાપ થવાનો તો છેજ, તે વખતે થઇ પડશે, હાલ આ વિદાયગીરીમાં જુજ રકમ આપુંછું તે લ્યો; એમ કહી પોતાના હાથનું પચાસ હજાર રૂપિયાનું નવધરૂં કાઢીને આપ્યું. આનંદથી હરખાતો બારોટ બંગાળા તરફ ચાલ્યો.

હવે આ કાગળોમાં શો મતલબ સમાયો હતો તેનો વિચાર કરીએ. બહાર તથા બંગાળા પ્રાન્તનો રાજા સુમનચંદ્ર મુર્શિદાબાદ રાજ્યધાની રાખી રાજ્ય ચલાવતો હતો. રાણી પ્રકાશલક્ષ્મીને પુત્ર પુત્રાદિક નહીં હોવાથી તેનો જીવ હમેશાં દિલગીરીમાં રહેતો, રાજા રાણી બન્ને સરખા આનંદનાં ભોગી હતાં. એક બીજાને અરસપરસ સ્નેહ ગાઢો હતો, ઈશ્વરનો બનાવ અકળિત છે, જે વસ્તુની પ્રાપ્તિ જે પળે થવાની તે પળે થાય છે અને મનુષ્યના વિચારો ફોગટ જાય છે. રાણીને ચઢતો દિવસ દેખાયો અને રાજા સુમનચંદ્ર હરખાયો; તેણે તેજ શુભ દિવસે, એટલે રક્ષા બંધનને દિવસે સવા લાખ રૂપિયા પુન્ય માર્ગમાં ખરચ્યા; તથા અનેક નાચરંગ કરાવી તમાશગિરોને ખુશી કર્યા. આ વખતે પ્રધાને રાજાને પ્રશ્ન કર્યો કે; આમ વગર કારણે પૈસા ઉડાવવાનું શું કારણ છે? રાજાએ જવાબમાં ફરમાવ્યું કે, રાણીને શુભ દિવસ, તેના કરતાં બીજું કયું કારણ વિશેષ છે?

પ્રધાન—મહારાજા, ચઢતો દિવસ થયો એટલે પુત્રજ થશે તેની શી ખાતરી ? આભ તથા ગાભની ગતી કોણ કળી શકે છે.

રાજા—પુત્ર યા પુત્રિ ગમે તે થાય, મારે બન્ને તરફથી સરખું છે. જો પુત્ર થશે તો મારા રાજ્યાસનનો ભોગી થશે અને પુત્રી થશે તો મારો જમાઇ અગર ભાણેજ રાજ્ય કરશે; પણ ધારણા પ્રમાણે રાજ્યના ભાગ પડવા અથવા શત્રુને હાથ જવું તેમ નહીં બને; માટે મને જે સંતોષ મળ્યો છે તેના બદલામાં મેં પુન્યમાં પૈસા ખરચ્યા.

પ્રધાન—રાજન માફ કરજો મેં આપને પ્રશ્ન ગેરવ્યાજબી કર્યો છે.

રાજા—ભલે તમે તમારી સમજણ પ્રમાણે પ્રશ્ન કર્યો મેં મારી બુદ્ધિ પ્રમાણે ઉત્તર કર્યો ચા'ય ખરો હોય કે ખોટો હોય પણ મારા મનને સારૂં લાગ્યું તે મેં કર્યું છે.

પ્રધાન—આપ અધિકારી છો, સુજ્ઞ છો, દાસનો બોલ વિસારે નાખશો એવી આશા છે.

રાજા પ્રધાનની વાતચિત્તના સંબંધમાં જોશીમહારાજ પધાર્યા, જોશી મહારાજ એકલું જોતીષ નહીં પણ તેની સાથે બીજાં શાસ્ત્ર પુરાણોમાં પ્રવિણ હતા, તેથી તે પંડિત કહેવાતા. બલકે કેટલાક દેશમાં બ્રાહ્મણ માત્રને પંડિત કહે છે, ચા'ય તે ભણેલો હોય કે અભણ હોય; તેવા આ કાળીદાસ પંડિત નહોતા આ કાળીદાસ પંડિત તો રાજા ભોજના વખતમાં જે મહાન કાળીદાસ પંડિત થઇ ગયા તેવા હતા. મહારાજના પધારવાનું બરાબર સન્માન કરી રાજાએ કાંઇ કથા ભાગ સાંભળવાની ઇચ્છા જણાવી. ત્યારે પંડિતે રાજાના કહેવા પ્રમાણે મહાભારથના ઇતિહાસનો આરંભ કર્યો, ધર્મનું સત્ય, સ્વધર્મપણું, ક્ષમા, તથા ગંભિરતા; ભિમનું પરાક્રમ તથા અગાધ ડહાપણ, અર્જુનનું શૌર્ય તથા સમયસુચકતા, સહદેવનું વિદ્યાબળ તથા શાન્તપણું, નિકુળની વરણાગી અને વિવેક, પાંચાળીનું પતિવૃત્તપણું તથા સહનશિળતા, દુર્યોધનનું દુષ્ટપણું તથા અભિમાન, શકુનીનો પ્રપંચ તથા સ્વાર્થ, ભિષ્મનું મોટપણું તથા ઇશ્વર ભક્તિ, વિદુરની નિતી તથા ભક્તિ, કરણની વિશાળ બુદ્ધિ તથા તેના પુન્યનો પ્રતાપ, શ્રીકૃષ્ણનાં કપટ તથા ભક્તવત્સલતા; એ સઘળાનો આબેહુબ ચિતાર કાળીદાસ પંડિતે રાજા સુમનચંદ્રના હૃદયમાં ઉતારવા માંડયો. આ કથાનો પ્રસંગ હમેશાં શરૂ રહ્યો, આવી નવરસ ભરપુર તથા પતિતપાવની કથા સાંભળવાને રાજા દિવસે દિવસે વધારે આતુરતા દેખાડવા લાગ્યો. કથાના પ્રસંગમાં એક અનુચરે આવી રાજાને પ્રણામ કર્યા.

રાજા—ક્યાંથી આવવું થયું છે તે કહો ?

અનુચર—(કાગળ પ્રધાનના હાથમાં આપીને) હું સિલોનના રાજા સુંદિરપ્રતાપની પાસેથી આવું છું, અને તેમનાં દિકરી પ્રકાશ લક્ષ્મિયે...

રાજા—હાં ! શું કહેવા માગે છે તે જલદી કહે.

અનુચર—દી..............

રાજા—કહે કે દિકરીને જન્મ આપ્યો છે, કેમ એજ કે બીજું ?

અનુચર—હાજી એજ; મારી જીભ કહેતાં વાર કરતી હતી.

રાજા—એમાં અચકવાનું કાંઇ કારણુ નથી મને આનંદ થયો છે. વાંચો પ્રધાનજી એ કાગળમાં શું લખ્યું છે ?

અનુચર—પ્રથ્વિનાથ, એ કાગળ આપને ખાનગીમાં વાંચવાનો છે.

રાજા—બહુ સારૂ, પ્રધાનજી, આવેલા અનુચરને યોગ્ય બંદોબસ્ત કરી સુખ શાન્તિમાં રાખો, હું જાઉં છું.

સિલોન કે જેને **લંકાં** કહે છે ત્યાં રાજા **સુંદિરપ્રતાપ** રાજ્ય કરતો હતો; તેની એકની એક પુત્રી ઘણીજ સ્વરૂપવાળી હતી, તેણીનું નામ **પ્રકાશલક્ષ્મી** હતું, સ્વરૂપમાં બીજી સ્ત્રીને બરાબરી કરવા ન દે તેવી હતી, તેને હમેશાં દરીઆમાં ફરવાનો બહુ શોખ હતો, તેણે પોતાના માટે અમુક હોડીઓ કરાવી મુકી હતી, તેમાં બેશીને તે હમેશાં સમુદ્રની સાથે રમત કરતી; કોઇ કોઇ વાર ખલાશી હંકારવા સાથે બેસતા અને કોઇ વાર એકલી પણુ ચાલી જતી, એક વખતે પ્રકાશલક્ષ્મિ પિતાના મહેલની અગાશીમાં સુતી હતી, દરીઓ ગર્જના કરી રહ્યો હતો, આકાશમાં ચંદ્રનો પ્રકાશ ખિલી રહ્યો હતો, તારા તથા નક્ષત્ર તેજનો પ્રકાશ સુંદરી ઉપર નાંખતા હતા. મધ્ય રાત્રિનો સમય થયો હતો અને રાજાના મહેલના દરવાજા ઉપર ચોઘડીઆં વાગવાં કયારનાંએ શરૂ થયાં હતાં. તે ચોઘડીઆને છેલ્લે ટકોરે, પ્રકાશલક્ષ્મિ જાગી ઉઠી, તેણીની આંખમાંથી ઉંઘ ઉડી ગઇ, અને વિચાર કરવા લાગી કે અહો ! રાત્રી કેવી સુંદીર છે, આ વખતે દરીઆમાં મુસાફરી કરનારને કેટલો આનંદ થતો હશે. લાવ જરા હોડી ચલાવી જોઉં એમ પોતાના મન સાથે વાત કરી નિચે ઉતરી સમુદ્રના કિનારા ઉપર જઇ હોડીમાં બેઠી અને જાતે હલ્લેસાં મારવા લાગી. જે વખતે પ્રકાશ હોડીમાં બેઠી તે વખતે દરીઓ પુર તોફાનમાં હતો, અડધા માઇલ સુધી હોડી જાતે ફેરવી, ત્યાર પછી પાછી વળતી છોળે, હોડીને મધ્ય સમુદ્રમાં જઇને મુકી દીધી. દરીઆમાં મોટી થએલી પ્રકાશ ડરવા લાગી, અને હવે શું થશે તેના ભયમાં ડુબી ગઇ. એ પ્રમાણે બે કલાક સ્થિતિ રહી, સમુદ્ર જરા શાન્ત પડયો અને નિશાકરે* રજા લઇ પોતાની જગા દિનકરને+ આપી. પ્રકાશ સવાર થતાં આસપાસ જોવા લાગી પણુ એકે દિશામાં તેણીએ પૃથ્વિનો ભાગ

* ચંદ્ર + સૂર્ય.

દીઠો નહીં ત્યારે નિરાશ થઇ મોતના ખોળામાં માથુ મુકી હૃદય ફાટતે રામા રડવા લાગી, અને અપાર પસ્તાવા લાગી. મેં કેવી મુરખામી કરી કે રાત્રિની વખતે મહેલમાંથી નિકળી ! મારા માત પિતા મારી ખોળ્ય ક્યાં કરશે. અરેરે મારી માતા તો મને પરણાવવાના વિચારમાં પંદર દિવસથી ગુમ થઇ છે, તેને બિચારીને મારા વિયોગની પીડા કોણ મટાડશે; આવા વિચારમાં ગરક થએલી પ્રકાશે થોડે દૂર પૃથ્વિનો ભાગ દીઠો અને તેણીને જરા હિમ્મત આવી. હાથમાં હલેસું લઇ પોતાનું બળ અજમાવવા લાગી; અને થોડી વારે તે સમુદ્રને કિનારે ઉતરી. જ્યારે પ્રકાશે કિનારા ઉપર પગ દીધો ત્યારે ત્યાં એક પુરૂષ આતુર દ્રષ્ટિથી તથા આશ્ચર્યકારક ચહેરાથી જોઇ રહ્યો હતો, અને તે એટલા બધા ઉંડા વિચારમાં પડયો હતો કે તેનું અનુમાન પ્રકાશ કરી શકી નહીં, તોપણ હિમ્મત રાખી પૂછ્યું કે તમે કોણ છો ? અને શું જોઇને અજાયબી પામ્યા છો ? પુરૂષ સ્તબ્ધ થઇ ગયો અને ઉત્તર આપી શક્યો નહીં. પ્રકાશ વિચાર કરે છે કે હવે મારે આ બેટની માહીતી કોને પૂછીને મેળવવી. અહીંઆં કોઇ માણસ જોવામાં આવતું નથી. જે પુરૂષને હું જોઉછું તેની તરફથી મને સંતોષકારક ઉત્તર મળે એમ ભાસતું નથી. કાંતો એને બોલતાં આવડતું ન હોય અને કાંતો સાંભળતો ન હોય, અરેરે ! આવા સ્વરૂપના પ્રમાણમાં ભગવાને કેવી ખામી મુકી છે !

સુમનચંદ્ર—હા ખામી ખરી ! પણ તમે ધારો છો તેવી નહીં.

પ્રકાશ—ગેરવ્યાજબી ભાષણ થયું હોય તો માફ કરજો.

સુમનચંદ્ર—મારા મનથી ગેરવ્યાજબી નથી, પણ હવે જેને તમે વ્યાજબી સમજતાં હો તેવું ભાષણ ચલાવો !

પ્રકાશ—હું ઉતરી એ કયો મુલક છે, અને આપ કોણ છો ?

સુમન—શ્રી જગદીશ્વરની કૃપાથી, આજે તમે જગન્નાથપુરીના ઝાંપામાં પેઠાં, અને સુખના ખોળામાં આવી બેઠાં.

પ્રકાશ—અરેરે,—અવિચારી મનુષ્યોને સુખની પ્રાપ્તિ કયાથી થાય ? ક્યાં મા-બાપ ક્યાં મુલક; મેં કેવી મૂર્ખાઇ કરી.

સુમન—જે કર્યું છે તે ઠીકજ કર્યું છે, અને આજના સૂર્યોદયની સાથે તમારો સુખનો દિવસ શરૂ થયો છે.

પ્રકાશ—અરે મને દિલાસો આપનાર તમે કોણ છો તે તો કહો ?

સુમન—તમારા નવા થનાર સગા.

પ્રકાશ—એકલી જાણી હેરાન કરવા માગો છો, પણ જોઇ આ કાળની પુત્રિ કટાર !

સુમન—કટાર એ કાળની નાની પુત્રિ, અને મોટી પુત્રિ *સમશેર, તેનાં દર્શન મારી કમ્મર તરફ કરો.

પ્રકાશ—શું તમે મને તરવારથી મારશો !

સુમન—મારવા નહીં પણ દેખાડવા રાખી છે. હવે આ ભાષણ ટુંકુ કરી મને કહો કે તમે સમુદ્રમાં એકલાં કયાંથી ! તમે પરમાત્માની પત્નિ લક્ષ્મિ તો નથી, કે પિયરમાં પિતાને મળવા આવ્યાં હો !

પ્રકાશ— હું સિલોનના રાજા સુંદીરપ્રતાપની પુત્રિછું; મને દરીઆમાં ફરવાનો શોખ બહુ છે, તેનું આ પરિણામ; મધ્ય રાત્રિયે મહેલમાંથી ઉતરી હોડીમાં બેઠીછું.

સુમન—હવે તમે કોઇ પ્રકારની ફિકર ચિંતા કરશો નહિ, મારા ઉતારાપર ચાલો, શ્રી જગદીશ્વરનાં દર્શન કરો, ત્યારબાદ આપણે દેશ જઇ તમારા પિતાને +પેગામની સાથે પત્ર મોકલીશું.

પ્રકાશ—લાચાર છું, એ શિવાય બીજો ઉપાય નથી. ચાલો તમારી સાથે આવુંછું, પણ મને આપની જરા ઓળખાણ......

સુમન—હું બંગાળા પ્રાન્તનો રાજાછું; મારી રાજયધાનીનું મુખ્ય શહેર મુર્શિદાબાદ છે. મહારૂ નામ સુમનચંદ્ર છે, અને ખામી તમારી તરફથી પુરી પડશે એવી આશા છે. આવાં વચન સાંભળી પ્રકાશ પ્રસન થઇ સુમનચંદ્રની સાથે ચાલી. જયારે બંને સાથે વાતો કરતાં મુકામપર આવ્યાં, ત્યારે જમવાની સર્વ સાહિત્ય રસોઇયાએ તૈયાર કરી હતી. રાજાના જમ્યા પછી પ્રકાશલક્ષ્મિયે રૂચીપૂર્વક ભોજન કરી લીધું. બિજે દિવસે શ્રી જગદીશ્વરનાં દર્શન કરી પ્રકાશ સુમનની સાથે ચાલી. થોડા દિવસની મુસાફરીમાં પ્રકાશ સુમનના સ્વભાવથી વાકેફગાર થઇ, તથા તેનો રાજ્યવૈભવ જોઇ તેની સાથે પરણવાની ઇચ્છા તેણીએ જણાવી. રાજા સુમનચંદ્રે મહેલમાં આવી પોતાની માતાને જણાવ્યું કે આ સાથે આવનાર કન્યા સિલોનના રાજા સુંદિરપ્રતાપની પુત્રિ છે અને તે દરીઆઇ મુસાફરીમાં તણાઇ આવી જગન્નાથપુરીમાં મને પ્રાપ્ત થઈ છે; જયાંસુધી તેનો પિતા આવી તેને અહીંથી લઇ ન જાય; ત્યાંસુધી તમારા સહવાસમાં તેની ઇચ્છા પ્રમાણે વર્તવા તમને સોંપુછું, અને હાલ જઈ એના પિતાને પત્ર લખુછું.

પ્રકાશના ગુમ થવાથી પિતા ઉદાશ થઇ ગયો હતો અને માતા રાત દિવસ રૂદનાલાપ કરતી હતી, તેની ખબર કાઢવાને માણસો દેશ પ્રદેશ દોડયા હતા. પુત્રિને મહેલમાથી કોણ ઉપાડી ગયું હશે, તેની કલ્પના રાજાથી

* તલવાર.　　+ ખેપીઓ.

થઇ શકી નહીં. શોકમાં ગરકાવ થએલા રાજાને દુઃખની વખતે દિલાસારૂપ કાગળ મળ્યો. કાગળ વાંચી રાજા પ્રસન્ન થયો. હર્ષની વધામણી રાણી તરફ મોકલી. રાજા રાણી બન્ને પ્રધાનજીને રાજ્યનો કારભાર સોંપી મુર્શિદાબાદ તરફ રવાના થયાં. અહીં દિવસે દિવસે પ્રકાશને સુમન ઉપર પ્રેમ ઉત્પન્ન થતો ગયો, અને આખરે તેણીએ મન સાથે નિશ્ચય કર્યો કે પરણવું ત્યારે તો સુમનચંદ્રનેજ. સુમને સુંદીરપ્રતાપને આવતો જાણી સામે જઈ, સારો આદરસત્કાર કર્યો, અને પોતાના મુકામે લાવી સર્વ હકીકતથી વાકેફ કર્યો. પ્રકાશ તેણીની માને જઇ મળી, અને માએ હૃદયની સાથે દબાવી કહ્યું બેટા ત્હારા ગુમ થવાથી મારો જીવ ઉડી ગયો હતો, મેં દેશેદેશ તારી ખોળ કરવા અનુચરો મોકલી દીધા હતા, પણ કોઈ ઠેકાણે તારો પત્તો મળ્યો નહીં, આખર નિરાશ થયાં તેવામાં સુમચંદ્રનો લખેલો કાગળ આવ્યો. સુમનચંદ્ર નામ સાંભળી પ્રકાશનું મોં મલકાયું, અને શરમનો દેખાવ મુખ ઉપર આવી ખડો થયો. તેણીના મોના ચહેરા ઉપરથી માતા સમજી કે દિકરીને સુમનની સાથે વરવાની સંપૂર્ણ પ્રિતિ હોય એમ લાગે છે, લાવ્ય જરા પૂછીને ખાતરી કરૂં. એમ ધારી કુંચનેે પુત્રિને જણાવ્યું કે બેટા તારા લગ્નની તૈયારી જઇને તુરત કરવાની છે, હવે થોડા દિવસમાં તે થશે. પ્રકાશ ઉદાશ થઇ ગઇ અને માતાને મુખમાંથી કાંઇ કહી શકી નહીં. રાણીએ રાજાને આ બનાવથી વાકેફ કર્યો, ત્યારે સુંદીરપ્રતાપે દીકરી પ્રકાશને બોલાવીને પૂછ્યું, બેટા તારાં લગ્ન સુમનની સાથે કરીએ તો કેમ ? પ્રકાશે દાંતમાં છેડો ઘાલી કહ્યું; જેવી પિતાજીની મરજી; મને શું પુછોછો ! દિકરીને સુમનચંદ્રની સાથે પરણાવવી એવો નિશ્ચય કર્યો, પ્રધાનજીને પત્ર લખી સર્વ સામગ્રી મંગાવી જોઈતી સાહિત્ય તૈયાર કરાવી લગ્નનો સમારંભ કર્યો. સુમન તથા પ્રકાશનાં લગ્ન થવાથી સર્વનાં મન આનંદીત્ થયાં, લગ્ન થયા પછી પ્રકાશને સિલોન બિલકુલ ઝેરરૂપ થઇ પડ્યું. પતિના સહવાસમાં આનંદ માની પતિવ્રત ધર્મની સાથે પોતાના દિવસ ગુજારવા લાગી. પાંચેક વર્ષ વિત્યાબાદ રાણીને શુભ દિવસ ચડતો થયો, ત્યારે રાજાએ પુન્યદાન વિગેરે જોઇતો ખર્ચ કર્યા બાદ તેણીને સિલોન વિદાય કરી, ત્યાં બાઇ પ્રકાશે પુત્રિને જન્મ આપ્યો. તેના સમાચાર રાજા સુંદીરપ્રતાપે સુમનચંદ્રના દરબરમાં મોકલ્યા. આવેલા અનુચરની સાથે પિતાથી છુપો પત્ર પ્રકાશે મોકલ્યો હતો, તેમાં પોતે દીકરીને જન્મ આપ્યો છે તેથી પતિની પ્રિતિ ઓછી ન થાય અને ઇશ્વરના બનાવની પાસે મનુષ્યનું ડહાપણ કામ કરી શકતું નથી એવો ભાવાર્થ સમાએલો હતો. બિજે દિવસે કચેરી ભરાઇ

કે તુરત કાળીદાસ પંડિત મહાભારતનું પુસ્તક લઇ પધાર્યા. રાજાએ પુજન કરી પધરાવ્યા અને દિકરીના જન્માક્ષર કરવાને કહ્યું. પંડિતે ગણિત કરી કુંડળી કાઢી અને કહ્યું. રાજા; તારી પુત્રિનાં લગ્ન કોઈ પ્રતાપી રાજ્યકુમારની સાથે થશે, તારી સ્વરૂપવાન પુત્રિ સુખસાગરમાં તરશે. પણ પરણ્યા પછી અને સ્વામિનું સુખ ભોગવ્યા પહેલાં તેના ભાગ્યમાં અથાગ દુઃખ છે. એ સાંભળી રાજા ખેદ પામ્યો, દિવસે દિવસે પુત્રિ મોટી ઉમ્મરની થતી ગઇ તેણીનું નામ સહનતારા પાડયું. કોઇ તેણીને સહન કહીને બોલાવતું અને કોઈ તારા કહી બોલાવતું. એ સહનતારાને લઇ પ્રકાશ પોતાને સાસરે આવી. જ્યારે પુત્રિ સાત વરસની થઇ ત્યારે તેણીની બોલવાની ચાલાકી તથા ચાલવાની છટા જોઇ રાણી ઘણું હર્ષ પામી અને પોતાના પ્રિય પતિને કહેવા લાગી કે આ બાળાને માટે સ્વામિ સ્વરૂપવાન તથા ગુણવાન ખોળી કાઢજો. તેના જવાબમાં સુમને કહ્યું મારો વિચાર સ્વયંવર કરવાનો છે પણ પતિનું સુખ ભોગવ્યા પહેલાં પુત્રિને અથાગ દુઃખ પડવું છે; એવું આપણા કાળીદાસ પંડિત કહેતા હતા. રાણી પ્રકાશ ઓચિંતી ચમકી અને બોલી કે આટલા દિવસથી તમે મને જાહેર ન કર્યું તેનું શું કારણ છે ? કાંઇ ફિકર નહીં; આજે જ્યારે તમે કચેરીમાં જાઓ ત્યારે કોઇ સોનીને બોલાવી સાતશેર સોનું મંગાવી તેની સાત ઈંટો પડાવી લાવજો. રાણીના કહેવા પ્રમાણે રાજાએ સોનાની સાત ઈંટો કરી મંગાવી તેને બિજે દિવસે સવારમાં રાણીએ રથ જોડાવરાવ્યો અને રાજા, રાણી તથા પુત્રિ સહન ત્રણે અઘોર જંગલ તરફ રવાના થયાં. જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ અતી ભયંકર જગા આવતી ગઇ. રાજા ગભરાયો અને પૂછ્યું, આમ જવાનું શું કારણ છે ? રાજાનાં વચન નિકળ્યાં કે તુરત રથને અટકાવ્યો. રથમાંથી ઉતરી થોડે દૂર જઇ રાજાને પોતાની સામા બેસારી રાણી પચીસ હાથને અંતરે બેઠી અને સઘળી ઈંટો પોતાની પાસે રાખી, તેમાંની એક, દિકરી સહનને તેણીના પિતા પાસે લઇ જવા કહ્યું. એક મૂકીને આવ્યા પછી બીજી, ત્યારબાદ ત્રીજી; એમ અનુક્રમે સાત ઈંટો મોકલ્યા પછી પાછી મંગાવી. વળી ફરી મોકલી એમ ત્રણ ચાર વખત થયું. સહન થાકી ગઈ અને રોવા લાગી, ત્યારે રાજાએ કહ્યું આ ક્રિયાનો ભાવાર્થ મારા સમજવામાં આવતો નથી. રાણીએ જવાબ દીધો, સ્વામિનાથ પંડિતના કહેવા પ્રમાણે દિકરીને જે દુઃખ પડવાનું તે હવે મટયું. કારણ કે દુઃખ પડી ચુકયું, મા–બાપની સમક્ષજ દિકરીને જંગલમાં માથે ઈંટો લેવી પડી તેથી અધિક દુઃખ શું પડવાનું હતું ? રાજાએ મનની સાથે વિચાર્યું; ભલે રાણીને

વહેમ ટળ્યો; પણ થવાકાળ કોઇ મિથ્યા કરનાર નથી. પુત્રિ સહન મહા વિલક્ષણ બુદ્ધિવાળી હતી. જેમ જેમ તે યુવાવસ્થા તરફ જવા લાગી તેમ તેમ તેના સદ્‌ગુણો થોડે થોડે બહાર દશ્યમાન થવા લાગ્યા, તેણીની ઉમ્મર તેર વરસની થઇ ત્યારે તેના પિતાએ તેને અલાયદો મહેલ રહેવા માટે આપ્યો, તથા સર્વે સાહિત્યનો બંદોબસ્ત કર્યો. આનંદમાં દિવસ ગુજારે છે, તરેહ તરેહની રમતો રમે છે, દાસીજનો સાથે વિનોદની વાતો કરે છે, દર્મિયાન તેના હ્રદયમાં સંસારની રચના ઉભી થઇ. "પતિ પત્નિનો સંબંધ" એ વિષયપર તેણીનું ધ્યાન ખેંચાયું, અને વિચાર કરતી બારીએ ઉભી છે તે વખતે ગંભિરસિંગજી બારોટ દરબારમાંથી ઘેર જતા હતા. બારોટને જોઇ બાળાએ દાસીને ઉપર તેડી લાવવાનો હુકમ કર્યો. દાસી નીચે જઇ બારોટને બોલાવી લાવી, તે પછી બાઇએ માન્યપૂર્વક બોલાવ્યા. " આવો ગંભીરસિંગજી બારોટ, તમે તો કોઇ દિવસ મહેલમાં પગલાંજ નથી કરતા ?

ગંભિરસિંગજી—બ્હેન હાલમાં પરદેશ ગએલો હતો તેથી આવી શકતો નહતો પણ હવે આવતો રહીશ.

સહન—બારોટજી-ક્યાં ક્યાં મુસાફરી કરી આવ્યા; અને ક્યાં ક્યાં શહેરો જોયાં ?

ગંભિરસિંગજી—બા, બધાં કાંઇ યાદ રહે છે ! પણ જેટલાં જોયાં છે તેમાંનાં મોટાં મોટાં કહી જાઉંછું.

સહન—ભલે બોલો હું સાંભળુંછું.

[બારોટ] **પ્રબંધની ઢબ.**

સુણો શહેર ફર્યો હું જે જે; વાણીએ વિસ્તારૂં તે તે.

સંચરીઓ હું સિલોન મધ્યે; શિરોહી શિકારપુર સામંતવાડી, સુરત સક્કર, સોલાપુર સુદગામ સતારા, સાવનુર સચિન સાપલા, કોટા કાંદી, કુર્ગ કિરોલી, કીશનગઢ કંદહાર કાશ્મિર, કારવાડ કુન્તા કોલાપુર, કાલોલ કરાંચી, કપડથલાથી ચાલ્યો કાશી. અટક કટક રામેશ્વર, ઠઠ્ઠા.

ખેડાને ખંભાત ખૈરપુર, ખિલાત ગિજની, ગાઝીપુર, ગોંડલ ગ્વાલિયર, ગણુદ્રોળ ગોધરા, ચંદા ચુડા, ચોક ચોકસી, ચિકલી, છત્રિસગઢ જંજીરા, જસદણ જુનાગઢ જંબુસર, જમખિંડી જલગામ જલાલપોર. જાલંધર જેકબાબાદ, અલાહાબાદ, ઔરંગાબાદ, અહેમદાબાદ, ફૈજાહાબાદ, દૌલતાબાદ, હૈદરાબાદ, સિકંદરાબાદ, મુરાદાબાદ ને મિરચ મિયાણી, મોર મોરબી, મહુવા મૈસુર; મુંબાઇ મદ્રાસ, મલબાર મુલતાન માળીઆ, માણસા મિરજાપુર પાલણપુર, પાબર પુના; પેંઠ પ્રતાપગઢ; પાલીટાણા સર્વ ભાળીઆ

મથુરાં વંદ્રાવન વાગરા, દિલ્લી શહેરથી ગયો આગરા, અજમેર અલવરને અમરેલી, અંકલેશ્વર આમોદ અયોધ્યા, આરકાટ અમૃતસર અંબાલા, અકલકોટને ઔદ અમરાપુર; ભાભર ભુજ ભુતાન ભરતપુર, જવાર જસલમેર, જોધપુર જેપુર રાજકોટ રેવા રાંધનપુર, રત્નાગીરીને રૂડુ રાયપુર; નારૂકોટને નભા નાગપુર; ફતેહગઢને ફલિન ફિરોજપુર; છડર ઈંદોર અને ઉદેપુર, ધુળીઆ ધ્રાંગદ્રાને ધ્રોળપુર, ધારવાડને ધ્રોળ ધરમપુર, બની બજાણા બેશ બુરાનપુર, ટોંક ત્રાવણકોરને તેરવાડા, બુદેલખંડ બટવાને બરડા, લાહોર લકનૌ લુણાવાડા; લખતર લાઠી બુંદીકોટા, બેલગામ બગસરા બિકાનેર, દેવદર ડુંગરપુર ને ડીસા, દમણગંગા ડાઠા ડેડણ, અલિબાગ અમનગર ઉમરકોટ, ઝીંડ, ઝાલાવાડ અંજાર ફરીદકોટ, કલકત્તા કારવાડ વડોદરા, વાંસવાડાને વરાડ વલસાડ, વઢવાણ નાંદોદ અને અમલસાડ, નેપાળ, ભોપાળ નાશક ત્રંબક, ભાવનગર છે જોવા જેવું, નવાનગર તે મુખ શું કહેવું, ભરૂચ ભાળતાં મન મકલાયો, બાપુ ઉજ્જન આંખે દેખી બહુ હરખાયો.

હજી ઘણાં જોએલાં રહે છે, પણ જીભ આટલાં કહે છે.

કેમ બેની સ્તબ્ધ થઇ ગયાં ? શા વિચારમાં પડયાં છો ?

સહન—બારોટજી; નામ ગંભિર પણ વાચાળપણું બહુ.

ગંભિર—બા, વાચાળપણું ન હોય તો ભાટનાં છોકરાં ભુખે મરે,

સહન—શાહબાશ વીરા; વાત પુછું તેનો યોગ્ય ઉત્તર મળવો જોઇએ.

ગંભિર—પૂછો બા ! તમારા પ્રશ્નનો હું મારી બુદ્ધિ પ્રમાણે ઉત્તર આપીશ.

સહન--પ્રશ્ન એ કે ?

ગિતી.

બળીઓ બુદ્ધિશાળી, ચતુર શિરોમણ રૂડુ હોય રૂપ;
લગ્ન કરૂં તે સાથે, બારોટ બોલો કોણ દેશ ભૂપ ?

ગંભિર--બેન પ્રશ્ન તો કર્યો પણ ઉત્તર આપતાં મ્હારૂં મન ખચકાય છે.

સહન—મનને રોકવાનું કારણ ?

ગંભિર--કારણ એ કે બારોટના બોલ ઉપરથી કોઇ રાજ પુત્રમાં મન લોભાય; માત પિતાની મના થાય, તોપણ હઠ લેવાય, ત્યારે રાજા ક્રોધે ભરાય, અને બારોટનું માથું જાય.

સહનતારા--એમ કદી ન થાય, પણ મને જાણ પાડો તો હું મ્હારૂં ગમે તે યુક્તિયે પાર પાડીશ.

ગંભિર—કહું છું પણ બારોટનું નામ રાજા પાસે ન જાય, કહેતાં

વિચાર આવે છે પણ કહું છું કે મેં જે જે દેશ જોયા તેમાંના ઘણાખરા રાજ્ય કુમારો, સ્વરૂપવાન તથા ગુણવાન છે પણ એકજ જગતમાં એકજ!

સહન—એકજ શું?

ગંભિર—સૂર્ય એકજ, ચંદ્ર એકજ; તેમ અમર પણ એકજ.

સહન—સૂર્ય ચંદ્ર સમાન ઉપમાને લાયક અમર કોણ છે?

ગંભિર—માળવ દેશના મહારાજા મધુરસિંહનો પુત્ર અમર, હાલ સોળ વરસની ઉમ્મરનો છે. કાન્તિમાં કામ, શાન્તિમાં શ્યામ, તથા શૂરાતનમાં રામ જેવો છે. એની તેની સાથે જો તમારાં લગ્ન થાય તો તમે જગતમાં પુરણ ભાગ્યશાળી કહેવાઓ.

સહન—બારોટજી ત્યારે તેમનાં તો લગ્ન થયાંજ હશે?

ગંભિર—કન્યાની ખામીથી ઉજ્જયનીના અધિપતિ હજુસુધી કુંવારાછે.

તારા—બારોટ, એવા મોટા રાજ્યને કન્યાની શી ખોટ?

ગંભિર—કન્યાઓ તો કરોડો મળે, પણ ભાઇ કોઇને પસંદ કરતા નથી, હજારો કન્યાઓ એની આશા રાખી નિરાશ થઇ છે. હવે મને રજા છે?

ગંભિરના ગયા પછી સહન શોકાતુર થઇ ઉંડા વિચારમાં પડી તેના હૃદયમાં અમરની સાથે શી રીતે લગ્ન કરવું તે વિચારો ગુંથાવા લાગ્યા. જે દિવસે બાળા અને બારોટ વચ્ચે આવી વાત થઇ તેજ દિવસે, સુમનચંદ્રના દરબારમાં સ્વયંવરની વાત થઇ તેણે પોનાના પ્રધાન વર્ગને સલાહ પુછી' કાળીદાસ પંડિત પાસે શુભ મુહૂર્ત જોવરાવી પ્રથમ પોતાના સંબંધીઓને બોલાવવાને પત્ર લખ્યા, ત્યારબાદ કચેરી બરખાસ્ત કરી ઘેર આવી રાણી પ્રકાશલક્ષ્મિને જણાવ્યું કે તમારી સહનતારાને સ્વયંવર કરી પરણાવવાનો નિશ્ચય થઇ ચૂક્યો છે. બિજે દિવસે રાજાના ગયા પછી પ્રકાશ પુત્રિને શુભ સમાચારની ખબર કરવા આવી. માતાને આવતી જોઇ સહને ઉભી થઇ આદર સત્કાર કર્યો, પણ પ્રથમની માફક તેનો હસતો ચ્હેરો દેખાયો નહીં. પ્રકાશ કહે દિકરી તારી ઉદાસીનું કારણ હું સંપૂર્ણ રીતે સમજી ગઇ છું પણ બેન એમ ન કરવું. જ્યાંસુધી તને પરણાવી સાસરે વળાવી નથી ત્યાં સુધી તારી સઘળી ફિકર અમારે કરવાની છે. કાલે તારા બાપુએ સ્વયંવર કરવાનો નિશ્ચય કર્યો છે. હાલ આપણા સગાંવહાલાને પત્ર લખી તેડાવ્યા છે, વળી તારા મામા વિગેરે આવવાના છે, તેમના આવ્યા પછી મંડપ રચાશે, દેશદેશના રાજાઓને કંકોત્રિયો લખાશે, રચેલા રાજ્યમંડપમાં સર્વ રાજાઓ બેસશે, તેમાંના દરેકની ઓળખાણ *પુરોહિત પાડશે, તેના

* ગોર.

ગુણ લક્ષણનાં તથા રાજ્ય વૈભવનાં વખાણ કરશે, તે ઉપરથી પસંદ કરી તારે ઇચ્છાવર વરવો.

સહન—માતાજી સ્વયંવર કરો યા ન કરો તે સૌ સરખું છે, જેને વરવો છે, તેને સ્વયંવર શું કરવો છે.

પ્રકાશ—પુત્રિ તારા બોલવામાં કાંઇ ભેદ માલમ પડે છે.

સહન—ભેદ છે ત્યાં સુધી ખેદ થશે માટે ભેદ ભાગું છું કે, મારી દેહીનો સ્વામિ મેં ક્યારનોએ પસંદ કર્યો છે.

પ્રકાશ—અરે, આ શું બોલે છે! કોને પસંદ કર્યો છે તે મને જલદી જણાવ; અવિચારી બાળકી બોલવું બંધ કર!

સહન—શાન્તિ પકડો માતાજી, મેં તો જેને મનથી માન્યો છે તેનેજ કાયા અર્પણ કરી છે.

પ્રકાશ—બેન તું મને ખાનગી વાત કર હું તારા પિતાને નહિ જણાવું, લાયક વર હશે તો હું તારા કાર્યમાં મદદ કરીશ, નાલાયક હશે તો તારાં લાગ્યાં તારે ભોગવવાં પડશે.

[સહન]   સાખી, મરાઠી.

માળવ રાજા મધુરસિંહજી, ઉજ્જનનો આધકારી;
અમર નામે કુંવર તેહનો, મનોહર મૂર્તિ ન્યારી;
મેં ઉરધારી, તન મન નાંખુ ઑવારી.   મેં૦

પ્રકાશ—પુત્રિ તારા મનના વિચારો ઇશ્વર પુરા પાડે એવી મારી આશિશ છે, પણ અમરનાં વખાણ તેં કોને મોઢે સાંભળ્યાં?

સહન—માતુશ્રી, મેં આપણા ગંભિર બારોટથી પુરી માહિતી મેળવી છે. રાજકુમાર સોળ કળા સંપૂર્ણ છે.

પ્રકાશ—બેન તારાં લગ્ન ઉજજનના રાજકુમાર વેરે થાય તો હું ઘણી ખુશીછું. ગંભિર બારોટે તારી આગળ વખાણ કર્યાં તો તે અમરને બરાબર ઓળખતો હશે, માટે તેને બોલાવવા મોકલી તું પત્ર અમર ઉપર લખ કે તે સ્વયંવરમાં જરૂર આવે અને હું પણ લખું છું, બન્ને કાગળ બારોટ સાથે મોકલીએ, તારા પિતા સ્વયંવરનું નોતરૂ તેના બાપના દરબારમાં મોકલશે જરૂર, પણ કદાચ અમર ન આવે તો તારો બોલ વ્યર્થ જાય માટે આ કામ કરવાની ઘણી જરૂર છે, એમ કહી પ્રકાશ ચાલી ગઇ. સહને બારોટને બોલાવવા મોકલ્યું અને પોતે પત્ર લખવા બેઠી.

“ઉજ્જન અધિપતી મહારાજ શ્રી મધુરસિંહજીના પુત્ર અમરસિંહજીની સેવામાં તત્પર રહેનારી દાસી અરજ કરે છે કે, મારા પિતા હાલ

સ્વયંવર કરે છે તેનું નોતરૂ આપના પિતાની કચેરીમાં આવશે, પણ આપ દાસી ઉપર દયા લાવી જરૂર પધારશો. હું આપને વરી ચુકીછું, મારા મનથી સ્વયંવર નિમિત્ત માત્ર છે. મારૂ તન મન ધન સર્વ આપને અર્પણ કર્યું છે. જો આપ નહિ આવો તો સ્વયંવરમાં દાંતે જીભ લઇ પ્રાણ ત્યાગ કરીશ તેથી આપને સ્ત્રિ હત્યાનું પાપ લાગશે, માટે જરૂર પધારજો, અને મોતના બારામાંથી બાળાને બચાવજો.

લી. સદાની દાસી.

સહનતારા—સુમનચંદ્રની પુત્રિ.

અલૌકિક અમર.

નમ્રતા પૂર્વક વચન ઉચારૂંછું તે સ્વિકારી સ્વયંવરમાં પધારી, મને આભારી કરશો, મારી પુત્રિ આપ સિવાય બીજાને વરમાળા પહેરાવવાની નથી. મારી મરજી પણ તેમજ જોવાની છે. માટે પધારી પાણી ગ્રહણ કરશો.

લી० પ્રકાશલક્ષ્મિ. સુમનની રાણી.

ક્ષિપ્રાના કિનારા ઉપર સવારના પહોરમાં બારોટે અમરને બે કાગળ આપ્યા તેજ આ હતા. બારોટને વિદાય કરી અમર ઘર તરફ વળ્યો મહેલમાં આવી સ્નાનધ્યાનાદીકથી પરવારી, જરા આરામ કરી સાંજનો પિતાને મળવા માટે ગયો. મધુરસિંહ કલ્યાણને કહેતો હતો કે આજે બંગાળાના રાજા સુમનચંદ્ર પોતાની પુત્રિનો સ્વયંવર કરે છે તેનો પત્ર પેગામ લઇ આવ્યો હતો તેમાં મને અને તમારા પુત્ર અમરને તેડાવ્યા છે.

કલ્યાણબા—સ્વામિનાથ, આપને જવાની મરજી હોય તો જાઓ પણ આવા બારીક વખતમાં, અને ગર્મિના દિવસોમાં મારા પુત્રને દૂર દેશ નહીં મોકલું.

મધુર—મારી પણ એજ મરજી છે કે અમરને ન મોકલવો, અને મારે તો જવાની ઇચ્છાજ નથી.

અમરને આવતો જોઇ રાજા હરખાયો; લ્યો ! ભાઇ આવ્યો તો ખરો. કલ્યાણબાએ પુત્રને હૈયા સાથે ચાંપ્યો. પુત્ર ખુશી છો ? ઘણું જીવો અમે હમણાંજ તારી વાતો કરતાં હતાં.

અમર--માતાજી; એમાં નવાઇ શી, માબાપને દિકરા સમાન બીજું વહાલું શું છે કે તેની વાત કરે, પણ શા સંબંધમાં મને યાદ કર્યો હતો તે બાળકને કહેશો ?

મધુર--ભાઈ બંગાળાના રાજા સુમનચંદ્ર પોતાની પુત્રિનો સ્વયંવર

કરે છે તેનું આમંત્રણ આપણા દરબારમાં આવ્યું છે. મારે તો હવે પરણવાની ઇચ્છાજ નથી; અને એટલે બધે છેટે તને મોકલવો એ અમારો જીવ કબુલ કરતો નથી.

અમર—પિતાજી, દુર દેશાવર જવાની મારી પણ મરજી નથી માટે આપે જે વિચાર કર્યો છે તે ઘણોજ ઉત્તમ છે, પણ મારા મનની ઇચ્છા સ્વયંવર જોવાની છે, જો આપ રજા આપો તો તૈયાર થઇ જાઉં.

મધુર—હજી ઘણા સ્વયંવર નજીકમાં થશે, તે જોજે, પણ હાલ ત્યાં ન જવું.

અમર—થશે એ ભવિષ્યકાળ છે; તેનો ભરોસો શો ! બાળકને રજા મળવી જોઇએ.

મધુર—પુત્ર જાઓ ! ચાળીસ ઘોડેસ્વાર સાથે રાખો; મધ્યાન વખતે મુકામ નાંખજો અને ઠંડે પહોરે ચાલજો.

કલ્યાણ—કન્યા વરી વહેલા વળજો.

અમરે, માતા-પિતાની પ્રદક્ષણા કરી પગે લાગી તૈયારી કરી. પોતે ઘોડીએ સ્વાર થયો અને ચાળીસ ઘોડેસ્વાર પોતાના અંગરક્ષક સાથે લીધા. મિત્ર કમરની ખબર કઢાવી તો તે હજી સુધી ઘેર આવ્યોજ નહોતો, તેની વાટ નહિ જોતાં મુર્શિદાબાદનો મારગ ટુંકો કરવા માંડયો.

સુમનચંદ્રે મંડપની અદ્દ્ભુત રચના કરવા માંડી. એક યોજન ફરતો આરસનો કિલ્લો બાંધ્યો, અંદરના ભાગમાં ચારે તરફ ફરતાં ત્રાંબા પીતળના સ્થંભ રોપી તેના ઉપર નગર વાસીઓને જોવા બેસવાને ગોઠવણ કરી. ત્યાર પછીના મધ્ય ભાગમાં, દરેક રાજાઓનાં નામ લખી લખીને સોના રૂપાનાં આસનો ગોઠવ્યાં; તેમાં જેટલો જેનો વૈભવ તેટલો તોલ તેના આસન ઉપરથી ચતુર માણસ કરી શકે. આસોપાલવ અને કદળી વૃક્ષથી મંડપને શણગાર્યો હતો; હીરા માણેક રત્ન ઠેકાણે ઠેકાણે રાખ્યાં હતાં, મંડપ રચનાનો કારભાર રાજા સુમનચંદ્રના સાળા અંધકારસિંહના હાથમાં હતો. પાંચ દિવસ બાકી રહેતાં દેશે દેશના રાજાઓ વારાફરતી આવવા મંડયા, તંબુઓ તણાયા, પડાવ પડયા, અને રાજાના સિપાઇઓ ચોકી કરવાને ઘોડે ચઢયા. સહને ત્રણ દિવસ પહેલાં અન્ન ત્યાગ કર્યું અને મન સાથે સંકલ્પ કર્યો કે અમરનું આવવું કાને સંભળાય ત્યાર પછી અન્ન લેવું તેને માટે ગામની ભાગોળે પોતાના માણસો ઉભા રાખ્યા કે માળવ દેશના મહારાજા મધુરસિંહજીના પુત્ર અમર પધારે કે તરત વધામણી કરે. ઉભા રાખેલા મણસો જે રાજા આવે તેને નામ ઠામ પુછે; સહનને ત્રણ દિવસના ઉપવાસ થયા. જે દિવસે સ્વયંવર ભરાવાનો હતો, તેની આગલી રાત્રિયે સહને અ-

તિશય સોચના કરવા માંડી, હે પ્રભુ ! હજી સુધી અમર કેમ નહિ આવ્યા હોય, અરે ! રે ! અભાગી કાયા અમરને આલિંગન નહિ દેતાં અગ્નિનો સંસ્કાર પામશે કે કેમ ! ચાળીસ ઘોડેસ્વાર સાથે અમર મુર્શિદઆબાદના મેદાનમાં દાખલ થયો. તેને સિપાઇએ પૂછ્યું; આપ કયા દેશના રાજા છો ?

અમર—હું પંડે રાજા નથી પણ રાજકુમાર છું.

સિપાઇ—મહેરબાની કર, આપકા નામ સુનાઇએ.

અમર—માળવાના રાજા મધુરસિંહનો પુત્ર હું અમર. સાંભળતાંજ સિપાઇ દોડયો, દોડતાં પડયો. અમરે કહ્યું, ભાઇ હું વાઘ નથી કે તને ખાઇ જઇશ.

સિપાઈ—મહારાજ મેરી બાઇકું ખબર મિલેગી જબ વો ધાન ખાયગી; ઉસકે લીએ મેં દોડતાહું, એમ કહી જઇ મધ્ય રાત્રિની વખતે નિચેની ડેલી ઉપરની દાસીને ખબર આપી. બાઇકું બોલો મહારાજા અમરસિંહજી આયે હેં. દાસીએ બાઇને ખબર આપી. સહનની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં અને ખબર લાવનાર સિપાઇને સો રૂપિયા તથા દાસીને દશ રૂપિયા તેજ વખતે આપી જમી પરવારી આરામ લેવાને જરા વાર સુઇ રહી, પણ વહાણું વહાતાં ઝાઝી વાર ન થઇ. સુર્યોદય થયો કે તરત ઉલ્લાસતારા સહનને શણગાર સજાવવા માટે આવી.

સવાર થતાં સુમનચંદ્રે દુંડી ફેરવી, સૌ રાજાઓને અગિયાર વાગે સ્વયંવરમાં આવવા જણાવ્યું, દુંડીવાળાને દેખી રાજાઓ હરખાયા, નવિન નવિન પોશાકો કાઢી પોતપોતાના પ્રધાન વર્ગને બતાવવા લાગ્યા કે કયો પોશાક પહેરવાથી હું સારો દેખાઇશ ? કોઇ ક્ષૌર કરાવતા *વાળંદ ઉપર તડતડીઆં ખાવા લાગ્યા, તલ ફુલેલ અત્તર માથામાં સિંચવા લાગ્યા, સ્નાનવિધિથી પરવારી પોતપોતાના રથ તૈયાર કરી શુકન જોઇ રથમાં ચઢી બેઠા, અને મંડપ તરફ રવાના થયા. મંડપને દ્વારે છડીદારો આદરના પોકાર કરી રહ્યા છે, છત્રિવાજાં વાગી રહ્યાં છે. ઢોલ દદામા તુરાઇ, શરણાઈ, પાવા વિગેરેનો નાદ થઈ રહ્યો છે, સુમનચંદ્રના ઘોડેસ્વારો ખુલ્લી તલવારે સેનાધિપતીની આજ્ઞા પ્રમાણે સૌનો સત્કાર કરે છે. સૌ રાજાઓ વારાફરતી આવી આસન ઉપર ગોઠવાઇ ગયા, કે તુરત અનુચરે સહનને આવી કહ્યું; બા; મંડપમાં પધારો બધા રાજાઓ આવી ચુકયા છે. સહન સોળે શણગાર સજી, મહેલમાંથી ઉતરી, તેની જમણી બાજુએ ફોઇની દિકરી ઉલ્લાસતારા, અને ડાબી બાજુએ ફૂલનો હાર, કંકુની કંકાવટી તથા રૂપાની ઝારી સહિત +કનકનો થાળ લઇ દાસી ચાલતી હતી. યમુના અને

* ધાંયજા. + સોનું.

બ્રહ્મપુત્રાની વચમાં જેમ ગંગાનો પ્રવાહ શોભી રહ્યો છે, એટલી શોભા સ-હનની દિપી રહી હતી. એક તરફથી તે મહેલમાંથી ઉતરી અને બીજી તર-ફથી અમર ઘોડેસ્વાર થઇ સ્વયંવરમાં જાય છે. બન્નેની નજર એકત્ર થતાં એક એકના મનમાં ઇશ્વર સાક્ષી પુરવા લાગ્યો. સહને વિચાર્યું કે બારોટના બોલવાથી અંતરમાં ઠસેલા અમર આજ હશે. વાહ ! ઇશ્વર તારી કૃતિ ! શું સુંદર સ્વરૂપ ! ઘોડે બેસવાની કેવી લટક ! કેવી અમિદ્રષ્ટિ ! આજ વખતે દાસીની પાસેથી વરમાળા લઇ, પહેરાવી પ્રિતમને લઇ પાછી વળું ! પણ શું કરૂં પિતાજીએ રચેલા મંડપને માન્ય આપવું ઘટે. જેવા વિચારો સહનના મનમાં ઉભરાતા હતા તેવાજ અમર પણ કરતો હતો. અમર સહન તથા ઉ-લાસ બન્નેને સાથે જોઇ ભુલવણીમાં પડયો, આ બન્ને બાળાઓમાં સહન તારા કઇ હશે, જો ડાબી બાજુએ સહન હોય, તો જમણી બાજુએ ચાલના-રની ગતી પણ ગહન છે, ચાલો મંડપમાં જે હશે તે જણાશે, હજી " ભેંસ ભાગોળે ને ઘેર ઝયડકા " એ બુદ્ધિશાળીને ન ઘટે.

અમરના આસને બેઠા પછી સહન મંડપમાં દાખલ થઇ. સર્વ રાજા-ઓ કન્યાને જોઇ ચકિત થઇ ગયા તથા તેને વરવાની ઇચ્છા કરવા લાગ્યા. રાજ્યગોર સહનની આગળ ચાલી તેણીને અનુક્રમે દરેક રાજાનાં નામ, ગામ, વૈભવ, પરાક્રમ, તથા ગુણ લક્ષણથી વાકેફ કરવા લાગ્યો. ગોરની પાછળ સ-હન તથા ઉલ્લાસ, તેની પાછળ દાસી તથા અંધકારાસંહ, પછી સુમનચંદ્ર તથા પ્રધાન, ત્યારબાદ પ્રકાશલક્ષ્મિ દાસીઓને લઇ ચાલતી હતી. ગોરના બોલવામાં પણ અમર અધિક ઠર્યો. તેજ વખતે વિલંબ નહીં કરતાં તેણીએ વરમાળા આરોપી દીધી. સભામાં જેજેકાર થઇ રહ્યો. કેટલાક રાજાઓ ઉઠીને ચાલતા થયા. બાકીના લગ્ન પ્રસંગમાં આનંદથી રહ્યા. રાજા સુમન-ચંદ્રે સહનનું અમરની સાથે વિધી પુર્વક લગ્ન કર્યું; પણ અમરે જેને સહન ધારી હતી તે તો ઉલ્લાસ નીકળી.

ત્રિજે દિવસે રથ, ઘોડા, હાથી પાયદળ સાથે પુત્રિને રાજા સુમનચંદ્રે વળાવી. રાજા, રાણી, અંધકારસિંહ તથા ઉલ્લાસ વિગેરે વળાવવાને માટે ગયાં. છુટા પડતી વખતે પ્રકાશ પુત્રિને શિખામણનાં બે વચન કહે છે.

[પ્રકાશ]　　　　પુનમચાંદનીનો રાગ.

શાણી શિખ સરવ આ હેતે ઉરમાં ધારીને રે,
પ્રભુ નામ દઇને ડગલું દેવું " એક; "
વર વશિકરણનો મંત્ર સદા ઉચ્ચારવો રે.　　　　ટેક.

નિદ્રા તજવી નયનથી, સૂર્યોદયની પહેલ;
સ્નાન ધ્યાન કરવું સદા, મુકી મનનો મેલ;
પછી પતિ સેવામાં, પ્રવિણ થવું ઓ બાળકી રે;
પ્રભુ પુજન કરવું, ધરવું નહીં મન ફેલ. વર. ૧
જમવું જમાડી સર્વને, સાંપડતાં સંતોષ;
વડિલ વર્ગના હુકમની, હરદમ ધરવી હોંશ;
આનાકાની વિણ, મોટા કહે તે માનવું રે;
કદી દુઃખ પડે તો, કોને ન દેવો દોષ. વર. ૨
સસરા સાસુ જાણવાં, જેવાં પિતા માત;
આફત આવે કંથને, સહેવું સઘળું જાત;
વળી દિયર જેઠના, દુઃખના થાવું ભાગીઆં રે;
કદી પાંચ જણામાં કરવી નહિ પંચાત. વર. ૩
કુસંપ કરવો નહિ કદા, કદા ન કરવો કલેશ;
મધુર વચન ઉચ્ચારવાં, આનંદ રહી હમેશ.
છુપી છાની વાટે, પગરણ કદી ન માંડવું રે;
વળી વાત ન કરવી, લંપટ સંગે લેશ. વર. ૪
ભ્રમણામાં નવ ભુલવું, ભય નવ ગણવો ભૂત;
જંતર મંતર જાદુના, તે સૌ જાણો તુત;
વળી વશિકરણને વાયરે, વહાલી નવ જવું રે;
એ ચાલે ચાલ્યે ઝાંખા, હોય જમ દૂત. વર. ૫
લજ્જા ધરવી લોકની, પરમેશ્વરની બીક;
સત્ય સદા ઉચ્ચારવું, દામજ ઠરવા ઠીક;
બાપુ બોલે તે, વિણી વિણી સંચવું રે;
ધ્યાને નવ ધારે, બાળાને છે ધીક. વર. ૬

પ્રકાશ પુત્રિને શિખામણ દેતી હતી તે વખતે અંધકારસિંહનું મન ચગડોળે ચઢ્યું. ઉલાસને જોઈ તેનું અંગ ધડકવા લાગ્યું, કામનીનાં કટાક્ષ બાણ તેના હૃદયને ભેદી પાર નિકળ્યાં, પ્રથમ તેણીને સ્વયંવરમાં ફરતાં દીઠી હતી, તોપણ આ વખતે તેનું મન વધારે ડગ્યું.

પ્રકાશ તથા સહન વિખુટાં થયાં, અમરના માણસો આગળ વધ્યા, ત્યારે ઉલાસે બે ત્રણ ગાઉ સુધી સહનની સાથે જવા મામીની રજા માગી.

પ્રકાશ—ભાણીબા વળો પાછાં ! જેમ જેમ આગળ જઈશું તેમ તેમ ખેદ વધતો જશે, ત્રણ ગાઉ જઈને પણ છુટવાનું તો છેજ, તો અહીંથીજ છુટાં થવું એ વધારે સારૂ.

ઉલાસ—મામી, હું મારો રથ લઇ ચાર પાંચ ગાઉ જઇશ.

સુમનચંદ્ર—બેન તમે પાંચ ગાઉ જશો ત્યાં સુધિમાં રાત્રી પડશે, આવતી વખતે વિપત્તિ પડશે; માટે અહીંથીજ માની લ્યો કે પાંચ ગાઉ છે.

ઉલાસ—ના મામા એમ મનાય નહિ, હું તો જઇશ, એમ કહી રથના હાંકનારને વિદાય થતી જાનની પાછળ આવવા કહ્યું; અને પોતે સહનની સાથે બેસી ગઇ.

ઉલાસનો આગ્રહ જોઇ સુમનચંદ્રે પોતાના પચાસ માણુસોને સાથે જવા હુકમ કર્યો. બન્ને બેનો બેલડીએ વળગી વાતો કરતી ચાલી, સર્વસ્વ પાછાં ફર્યાં, પણ અંધકારસિંહનું મન ઉલાસ તરફ ખેંચાતું હતું. ઘેર આવી નિશાસા મુકવા લાગ્યો, ઉલાસની આબેહુબ છબી તેના અંતઃકરણમાં ઉતારીને હૃદય ચક્ષુથી જોવા લાગ્યો; ખરેખર ઉલાસનું અંગ દરેક જોનારને મોહ પમાડયા વિના રહે નહિ તેવું હતું, તેના સ્વરૂપનાં વખાણ થઇ શકે તેવાં નહોતાં, **અમર સહનની** સાથે વર્યા છતાં પણ ઉલાસ તરફ અમિદ્રષ્ટિથી જોયા કરતો હતો, અને મનની સાથે વિચાર કરતો હતો કે ઉલાસની સાથે વાતચિતનો પણ પ્રસંગ હમેશ ચાલુ રહે તો સારૂ. રાત્રિ પડી અંધારૂં થયું ત્યારે ઉલાસે સહનની રજા માગી. બેની હવે હું પાછી ફરૂંછું, મને રજા આપ, ફરી કોઇ વખત મળીશું, તને તો પ્રભુએ જુકતે જોડું મેળવ્યું, હવે મારાં ભવિષ્યમાં શું લખ્યું હશે તેની કોને ખબર !

સહન—બેન તમે પણ રૂડી રીતે પરણુશો. તમારો પિતા ક્યાં જેવો તેવો છે! મારા કરતાં પણ વધારે ધામધુમથી તમારાં લગ્ન થશે; પણ મને ભૂલતાં ના.

ઉલાસ—ઘેલી એ શું બોલી, તારી સલાહ વિના તો મારે કામ કરવુંજ નથી; પ્રભુ કરે ને અમર જેવો સ્વામિ મળે.

સહન—જો એમજ થાય તો સારૂં, આપણ બંને બેનો ભેગાં રહીએ અને આનંદમાં દિવસ ગુજારીએ, ઇશ્વર સહાય કરશે ધિરજ રાખ હવે જા, જેમ વખત જાય છે તેમ રાત્રિ ભયંકર થતી જાય છે; તારા બન્હેનીને મળતી જજે!

અમર પણ રથની પાસે પાસે ઘોડેસ્વાર થઇ ચાલતો હતો અને જરા જરા ભાષણ સાંભળતો હતો. ઉલાસ રથમાંથી ઉતરી પોતાના માણુસોને પાછા ફરવા તથા તૈયારી કરવા કહી, અમરના ઘોડા પાસે જઈ જમણી બાજુ ઉભી રહી બોલી. આવજો, મ્હારી બેનને સંભાળજો, પત્ર લખજો, ઓળખાણુ રાખજો.

અમર—(હાથ પકડીને) તમારી બેનને સંભાળશે સર્વેશ્વર.

ઉલાસ—એતો ખરૂંજ, સૌની સંભાળ લેનાર ઇશ્વર છે, તમે પણ પતિ પરમેશ્વર એટલે તમારે પણ સંભાળ લેવી; લ્યો મારો હાથ મુકો !

અમર—હાથ; મુકવા માટે ઝાલ્યો છે ! નેત્ર ખંજન હૃદયની અ૨-પાર ઉતરી પડ્યાં છે, સ્વયંવર મંડપમાં પ્રથમ સહન તમનેજ સમજ્યો હતો.

ઉલાસ—બહુ સારૂ; મુકો હાથ, "દાઝયાપર ડામ, ને પડયાપર પાટું !" (નિચું જોયું.)

અમર—(એક હાથે હાથ પકડ્યો છે.ને બીજે હાથે ડોક ઉંચી કરીને) આમ દિલગીર થવાનું શું કારણ છે ?

ઉલાસ—કાંઇ નહિ, બ્હેન સહનનો વિયોગ. (આંસુ લોહીને)

અમર—હશી ખુશીથી વિખુટાં થાઓ; હજુ ઘણીવાર મળશો; હું પત્રવહેવાર રાખીશ, અને મ્હારૂં બનશે તો મારા સહવાસમાં તમને......

ઉલાસ—બનશે તો ! (એમ કહી પોતાના આંગળાથી અમરનો હાથ જરા દબાવ્યો.)

અમર—ગભરાશો નહીં તમારા અંતરના વિચારથી હું બરાબર માહેતગાર થયો. ઉલાસના માણુસોએ તૈયારી કરી કહ્યું બા ચાલો આપણા ઘોડેસ્વારો પાછા વળ્યા છે, તમારી રાહ જોવાય છે.

ઉલાસ—હા ચાલો હું આ આવી. (અમર તરફ અમિદ્રષ્ટિથી જોઇને) આવજો ! છે તેવો પ્રેમ સદા નિભાવજો; દાસીને યાદ કરજો ! (જરા મુખ મલકાવીને) સહન મળી એટલે ઉલાસને કોણ યાદ કરશે.

અમર—જતાં જતાં મર્મ વચન બોલો છો તે ઠીક નહીં, હાલ તમારા મુખ ઉપર પડતા ચંદ્રના પ્રકાશથી તમારૂં સ્વરૂપ ચંદ્રવત દિપી રહ્યું છે; સેવક ચકોરવત સામું જોઇ રહ્યો, છે.

ઉલાસ—દિલાસો દેઇ દગો ન દેશો હું જાઉછું.

પાછળ નજર રાખી આગળ ડગલાં ભરવા માંડયાં, અમર તેજ પ્રમાણે આગળ વધ્યો; ઉલાસ તથા અમરનું છુટા પડવું અરસપરસ દુઃખદાયક થઈ પડયું. ઉલાસની આંખમાંથી ચાર ટીપાં આંસુનાં પણ પડયાં. પોતે રથમાં બેસી નગ્ર તરફ પાછી ફરી, દસ ઘોડેસ્વાર આગળ, દસ ડાબી તથા દસ જમણી બાજુ અને વીશ પાછળ એમ પચાસ ઘોડેસ્વારે રથને બરાબર ઘેરી ચાલવા માંડયું, પાંચ ગાઉ પાછું આવવાનું હતું પણ રસ્તો ઘણો ભયંકર હતો. મનુષ્ય જ્યારે વિચારમાં હોય છે ત્યારે ભયંકર રસ્તો પણ તેને સુગમ થઈ પડે છે. ઉલાસના અંતરમાં અમરના ઉભરા આવવા લાગ્યા, તે પોતાની સમક્ષ અમરને ઘોડેસ્વાર થએલો જોવા લાગી, અજાણે તેની સાથે વાંત કરતી હોય એમ હોઠ ફફડાવવા લાગી એટલામાં ઓચીંતી કિકીયારી થઈ, આગળના માણુસોને મ્યાનમાંથી તલવારો ખેંચવાની જરૂર પડી, પાછ-

ળનાં માણુસો બધાં આગળ આવી હથીઆરબંધ થયા; તેવોજ વીસ વરસનો જુવાનીયો *બોકાની બાંધી હાથમાં ચળકતો ભાલો લઇ આગળ આવી ઉભો રહ્યો. તેની પાછળ આશરે સોએક માણુસો હથિઆરબંધ હતાં, આગળનો જુવાનીઓ બોલ્યો, ખબડદાર કોણુ છો ઉભા રહો ! રથમાં શું છે ? ઉલાસના માણુસો હિમ્મત પકડી બોલ્યા તમે કોણુ છો પૂછનાર ? તમે તમારે રસ્તે જાઓ ! રથમાં બેઠેલાં રાજાધિરાજનાં બ્હેનનાં દિકરી ઉલાસતારા છે. આગેવાન જુવાનીઆએ પોતાના માણુસોને હથીઆર ઉઠાવવા કહ્યું તેજ વખતે લઢાઇ શરૂ થઇ, સામા સામી હથિયારો ઉછળવા માંડયાં કે તુરત, બોકાનીવાળો જુવાન ઘોડા ઉપરથી ઉતરી રથમાં દાખલ થયો; લઢાઇના ધ્યાનમાં અને અંધારાને લીધે તેની કોઇને સરત રહી નહીં, ઉલાસને શુર તો ચઢયું પણુ હથિયાર વગરની હોવાથી લાચાર બની ગઇ, તેનો હાથ પકડી અદ્ધર ઉપાડી, બગલમાં દાબી, ઘોડેસ્વાર થઈ, ચાલતો થયો. ઉલાસ ચિસો પાડવા લાગી પણુ તેણીનો તીણો અવાજ કોઇએ સાંભળ્યો નહીં. ઉલાસને લઇ નાસી જનાર માણુસ કોઈ નહીં પણુ રાજા સુમનચંદ્રનો સાળો અંધકારસિંહ હતો. કેટલાક માણુસો લઢતાં કપાયા અને બાકીના નાશી છુટયા. અંધકારસિંહના માણુસો વગડા તરફ અને ઉલાસના માણુસો નગ્ર તરફ રવાના થયા. ગામમાં આવી રાજાના મહેલ પાસે જઈ રાજનને જગાડવાને પ્હેરેગિરને સૂચના આપી; રાજા જાગ્રત થયો કે તુરત બચેલા માણુસોએ ઉલાસનો સઘળો હેવાલ કહ્યો. આવી ક્રુર હકિકત જાહેર થતાં રાજા કંપી ઉઠયો તથા મન સાથે તર્ક કરવા લાગ્યો કે મારા શહેરની સરહદમાં આટલે સુધી હિમ્મત ચલાવનાર કોણુ દુષ્ટ પેંદા થયો છે ? સેનાધિપતિ !

સેનાધિપતિ—(પાસેના મહેલમાંથી) જી હજુર.

સુમનચંદ્ર—કોઇ અધર્મિ ઉલાસને ઉપાડી ચાલતો થયો !

સેનાધિપતિ—નામદાર હુકમની રાહ જોઉછું, પાપીને પકડી હાજર કરૂં.

રાજા—જોયતા ઘોડેસ્વારો મોકલી સવાર થતાં મારી પાસે હાજર કરો. રાજનનો હુકમ થતાં સોસો સિપાઇ ચારે દિશામાં સેનાધિપતિએ મોકલ્યા, પણુ તે સઘળું બ્યર્થ ગયું. અંધકારસિંહે આંખો મિચી આખી રાત દોડયા કર્યું, સવાર થતાં પચાસ ગાઉને શિમાડે મુકામ નાંખ્યો, ઉલાસતારા થરથર કંપવા લાગી જ્યારે તેણે અંધકારસિંહને દીઠો ત્યારે તદન બેહોંશ થઇ ગઈ, તથા કરગરીને કહેવા લાગી કે મામા મને ઉચકી લાવવાનું શું પ્રયોજન ?

અંધકારસિંહ—પ્રયોજન શું પુછેછે; તારી સુંદર કાંતિ.

* આંખો તથા નાક ઉઘાડું રાખી મોંઢે માથે લુગડું વીંટવું.

ઉલ્લાસ—(આંખમાં આંસુ લાવીને) મને કયાં લઈ જશો ?

અંધકાર—મ્હારૂં મન માનશે ત્યાં.

ઉલ્લાસ—(નિસાસો નાંખીને) હે પ્રભુ આ શું સંકટ ! કયાં અમર અને કયાં આ કંટક.

ઉલ્લાસથી અળગો થયો કે તુરત અમરે પોતાના માણસોને ઉતાવળે ચાલવા હુકમ કર્યો. રાત દિવસ મુસાફરી કરતાં માળવાની સરહદમાં આવી પોહોંચ્યા. રાજ્યમાતા કલ્યાણબાને ખબર થતાં પોતે રૂપાના થાળમાં ખરાં મોતી ભરી પુત્ર વધુને વધાવવા માટે ચાલ્યાં. રાજા મધુરસિંહ વાસેથી કેટલાક ઘોડેસ્વારો લઇ રવાના થયો. પુત્રને જોઇ માતપિતા હરખાયાં તથા સહનતારાના સ્વરૂપને નિરખતાં આનંદના દરિયામાં ડુબ્યાં. અમરે માતા પિતાને દંડવત્ પ્રણામ કર્યો, કે તુરત સહન પણ મલાઝો કરી સાસુ સસરાના ચરણમાં પડી. કલ્યાણબા વધુને હાથ ઝાલી ઉઠાડી છાતી સાથે દાબી, તથા પોતાના સુખપાલમાં બેસારી મહેલ તરફ રવાના થયાં. વહુનું સુંદિર સ્વરૂપ જોઇ સર્વે હરખાયાં તથા માતાએ કંસાર કરી જમાડી "અખંડ સૌભાગ્ય" આશિર્વાદ દઈ બંનેને મહેલમાં જવા રજા આપી. પોતાના મહેલમાં જઈ અમર ઘણા દિવસનો લાગેલો થાક ઉતારવા પલંગમાં સુતો, તે વખતે સહને મહેલનું બરાબર અવલોકન કર્યું; તથા તેણે મન સાથે નિશ્ચય કર્યો કે "જેની ભાગ્યની કૃતિ કે અમર સમાન પતિ" વિચાર કરતી વહાલાની પાસે આવી બેઠી. સ્વામિનાથ હું મારા શરીરને ધનભાગ્ય માનુંછું કે આપ સાથે સંબંધ થયો.

અમર—અને પ્રિયા મ્હારૂં પણ તેમજ સમજવું.

સેવક—(બહારથી) મહારાજા, કમરસિંહજી આવવા માગે છે.

અમર—(આવવાદો) પ્યારી રંગમાં ભંગ. તમે પાસેના ઓરડામાં જાઓ !

સહનના નિકળતાં નિકળતામાં કમર દાખલ થયો. તે બંનેની નજર એક થઇ, કમર આવી કહેવા લાગ્યો, કેમ મિત્ર પરણવા ગયા ત્યાં ભાઇબંધને યાદ ન કર્યો તેનું શું કારણ ?

અમર—ભાઇ હું પરણવા ગયોજ નહોતો. હું ફક્ત ગએલો સ્વયંવર જોવાજ, તેમાંથી ઝપટાયા; તે છતાં જતી વખતે આપની ખબર કઢાવી હતી.

કમર—કાંઇ ફિકર નહીં હુંતો હસુછું. સ્ત્રી રત્ન સારૂ લાવ્યાછો.

અમર—જેવી જગદીશ્વરની મરજી.

કમર—મિત્ર, હાલ હું જરૂરના કામસર આવ્યોછું, પણ મને નથી લાગતું કે આજે મ્હારૂં માન્ય રહે !

અમર—ભાઇ એ શું બોલ્યા; તમારૂં માન્ય ન રહે એવું અંધેર ! ફરમાવો!

કમર—ભાઇ ઘણા દિવસથી આપણે છુટા પડેલા માટે મ્હારી મરજી આજે એવી છે કે બંને સાથે ફરવા જઇએ.

અમર—ઘણી ખુશીથી; પણ મ્હારા નવા સંસારનો આજે પહેલોજ દિવસ છે !

કમર—હા તે મ્હારૂં અજાણ્યું નથી, હું આપને સંધ્યા સમય પહેલાં વિદાય કરીશ.

અમર—ચાલો. હું જરા........

કમર—હા ! ભાઇ હા ! જરા શું બધુંએ. હવે ગાળીયું ઘાલ્યું તે વિંઢાર્યા વિના સિદ્ધિ છે ! અમર વસ્ત્ર પહેરી તૈયાર થઈ સહનતારા પાસે ગયો અને કહ્યું કે હું મારા મિત્રની સાથે જરા જંગલની હવા ખાવા જાઉંછું, તમે નિર્ભય રહેજો.

સહન—હું તો આપને વરી ત્યારથી નિર્ભયજ છું, પણ આપ વહેલા પાછા ફરજો; મને એકલાં રહેવાનો અભ્યાસ નથી.

અમર—ઠીક. (ચાલતો થયો.)

અમરના ગયા પછી સહન એકલી પડી. તેણે વિચાર્યું કે સ્વામીના આવતા પહેલાં સજ થઇ રહેવું જોઇએ. લાવ્ય જરા માથાના કેશ સમારી મુકું. દાસી !

દાસી—(નિચેથી) બા સાહેબ ?

સહન—દર્પણ લાવ્ય !

દાસી—વચલા ઓરડાની સામેના ગોખલામાં જરીના વસ્ત્રથી ઢાંકેલું છે, તે આપ લેઇ લ્યો.

સહને દાસીએ બતાવેલે ઠેકાણેથી દર્પણ ઢાંકણ સુદ્ધાં લીધું. જ્યારે તેનું ઢાંકેલું કપડુ ઉંચક્યું કે તુરત પોતાના પ્રતિબિંબને બદલે કોઇ પુરૂષનું પુતળું દેખાયું. તેણે કસબી ફેંટો માંથે બાંધેલો હતો, ખરાં મોતીના કંઠા ગળામાં ધારણ કરેલા હતા, ઉત્તમ વસ્ત્ર શરીર ઉપર ઓપી રહેલાં હતાં, તથા બંને ભમરની વચમાં સિંધુરની આડ કરી હતી, છબી સહને જોઈ એટલુંજ નહિ પણ નજર પડતાં અવાજનો પડઘો પડયો. "હું આતું !" (કપડું ઢાંકી દઇને) હાય ! આશો ગજબ ! દાસી !

દાસી—જી.

સહનતારા—દર્પણ લાવ્ય !

દાસી—બા આપ જરા તસ્તી લ્યોને મારા હાથ ચોખ્ખા નથી.

હિમ્મત ધારીને ફેર કપડું ઉંચું કર્યું ત્યારે પણ એજ બિના બની. (વધારે ગભરાઇને) અરે દાસી !

દાસી—હાંજી........એ આવી.

સહન—એકદમ ઉપર આવ્ય !

દાસી—(ઉપર આવીને) ફરમાવો બા શો હુકમ ?

સહન—દર્પણ લાવ્ય.

દાસી—જુવો આ સામુ દેખાય, જેના ઉપર જરીતુ વસ્ત્ર ઢાંકેલું છે.

સહન—એ દર્પણ છે કે કાંઇ રમકડું ?

દાસી—દર્પણ, બીજું શું હોય !

સહન—એમાં કોઇ પુરૂષ દર્શાય છે અને કહે છે કે આવું !

દાસી—જાઓ જુઠાં, એમ હોયજ નહીં, લ્યો ઉઘાડો જોઇએ હું જોઉં, સહને દર્પણ ઉઘાડ્યું કે તુરત અંદરનો પુરૂષ બોલ્યો " હું આવું."

દાસી—કહો કે આવ. જુવો શું થાય છે.

સહન—આવ્ય !

તેજ વખતે દર્પણ નિર્મળ થઇ ગયું, અને રાણી *હીમની કાંસકી હાથે ઝાલી પોતાના કેશ સમારવા બેઠી. દાસીએ પૂછ્યું બાઇ સાહેબ આ મધ્યાનની વખતે માથું ઓળોછો, તે કરતાં સંધ્યાકાળે ઓળો તો કેમ ?

સહન—દાસી, એ ક્રિયા સૂર્યોદય પહેલાં કરવાની છે. તે છતાં પહેલા પહોરમાં જે કરે છે તે ઉત્તમ છે, બિજામાં મધ્યમ, ત્રિજામાં કનિષ્ટ અને ચોથા પહોરમાં એટલે સંધ્યાસમયમાં શણગાર સજનાર તથા માંથુ ઓળનાર સ્ત્રિ ગણિકામાં ગણાય છે.

કમર તથા અમર બંને મિત્ર વગડામાં નિકળી પડ્યા; ત્યાં પોતે વિનોદની વાર્તા કરવા લાગ્યા, પણ અમરને તો સહનની વાત આવતી ત્યારેજ ગમતી અને પોતે પુરતુ ધ્યાન આપતો, બાકી હાએ હા કર્યા કરતો, ઘડીએ પલકે રજા માગતો; કમરે જાણ્યું હવે એને જવા દેવો જોઇએ.

અમર—ભાઇ પધારો વળી મળીશું.

અમર—તમે નથી આવતા ?

કમર—હુંતો આ પહાડમાં રહીશ; બે ત્રણ દિવસે આવીશ.

અમર—જેવી મરજી.

એકદમ ઘોડો દોડાવી મુકયો. મહેલે આવતાં સહને સ્વામિને દુરથી જોયો, વાહ, કાન્તિ, અંગના આધારને કયારે આલિંગન અપાશે, જગદિશ્વર સહાય કરનાર તું છે. મહેલમા પ્રવેશ કર્યો કે તુરત સહન હાથ જોડી ઉબી રહી, ભોજનક્રિયા કર્યા પછી બેઉ પાંચમા માળની અગાશીમાં જઈ બેઠાં.

* સોનું.

સહને સુગંધીદાર પુષ્પની માળા અમરની ડોકમાં આરોપી, સુગંધીદાર અત્તર તેના વસ્ત્રને લગાડયું; મેવા મિઠાઇથી ભરપુર તાસક તેના મોં આગળ મુકી; વહાલા પ્રિતમ પરણ્યાંતો ખરાં પણ સંસાર સુખનો પહેલો દિવસ આજે છે.

અમર—હા સત્ય કહોછો. પ્રાણુવલ્લભા આજે તમારૂ સ્વરૂપ કેવું તેજોમય દેખાય છે, આકાશમાં રહેલા ચંદ્રનું પ્રતિબિંબ તમારા મુખ ઉપર પડેછે કે તમારા મુખરૂપી ચંદ્રનું પ્રતિબિંબ આકાશના ચંદ્ર ઉપર પડે છે તે મને સ્પષ્ટ સમજાતું નથી.

સહન—પ્રભુ ! ચંદ્ર એતો ચંદ્ર છે, મુખને ચંદ્ર કહોછો એતો ભ્રાન્તિ.

અમર—ભ્રાન્તિ નહીં પણ સત્ય, બેઉ ચંદ્રમાંથી એકેમાં હું જરા પણ ફેરફાર જોતો નથી.

સહન—આપ ગમે તેમ કહો પણ હું ચંદ્રની ઉપમાને લાયક નથી.

અમર—(મનમાં) હા નથીજ. ઉલાસ તમારાં સગાં બેન ?

સહન—નાજી, મારાં ફોઇનાં દિકરી. કેમ વચમાં ઉલાસ હૈએ આવ્યાં ?

અમર—કાંઇ નહિ હુંતો સેજ પુછુછું.

સહન—ઉલ્લાસ ઉપર તમારો પ્રેમ સારો છે. આ આનંદના સમયમાં કોઇ યાદ ન આવ્યું ને ઉલાસ ?

અમર—તમારી સાથે ધાડો સંબંધ ધરાવનારને મારે યાદ કરવાજ જોઇએ.

સહન—એક ઉલ્લાસજ નહિ પણ બીજાં ધણાં સગાં છે,

અમર—હા છે ! પણ હું સર્વને ઓળખતો નથી. અંધકારસિંહ તમારો સગો મામો ?

સહન—હા, જે આપણુને વળાવા આવ્યા હતા તેજ.

અમર—ચંદ્રમુખી, રીસ ન કરશો ! તમારા મામાને સર્વાંગે અંધારૂજ છે; નામ પાડનારને ધન્યવાદ આપવો ધટે છે.

સહન—તમે શા ઉપરથી એવા તર્ક કરોછો ?

અમર—પાંચ દિવસના સહવાસમાં તેની ચાલચલગતનો પાર હું પામ્યો છું. વળી સાંભળજો. જાઓ શયન કરો !

સહન—સ્વામિ ! એ શું બોલ્યા ! સ્વામિના પહેલું સુવું એ પતિવ્રતાનો ધર્મ ?

અમર—ના એ ધર્મ નહીં, પણ અંગના અધિકારીના હુકમનું અપમાન કરવું એ ધર્મ !

સહન—ના એમ પણ નહીં. હવે તો આપ સુજ પાડો તેમ વર્તવું. મારા પતિવ્રતને બાદ ન લાગે, હું આપના પહેલાં સુઇ ન ગણાઉ, તથા આપનો હુકમ માન્ય રહે એવી યોજના કરો.

સહનના શબ્દો ઉપર વિચાર કરીને અમર પલંગની પાસે ગયો. પોતે પાસું વાળી ઉભો થયો અને કહ્યું કે હવે તમને કોઈ પ્રકારનો બાદ નથી, સુઇ રહો; હું જરા અગાશીમાં ફરૂંછું.

સહન—જેવી સ્વામિની આજ્ઞા, પણ હજી મને ઉંઘ આવતી નથી.

અમર—કાંઇ ફિકર નહીં હમણાં આવશે, પણ તમારાથી લાંબા વખત સુધી જગાય નહીં. ચોઘડીઆં વાગવા માંડયાં, એમ કહી ચાલ્યો.

અમર અગાશીમાં એકલો વિચારમાં પડયો. વાહ ! ક્ષિપ્રામૈઆ બાળકના ઉપર સંપૂર્ણ કૃપા કરી. પહેલેજ દિવસે પતિવ્રત ધર્મને જાણનારી સ્રી મારા સુધી કયાંથી હોય. અરે! પણ હું ભુલુંછું એવો સ્વધર્મ જાણે તેમાં નવાઇ શી ! ઉલ્લાસના સહવાસમાં રહેનારી બાળા કદી અનિતીવાન હોયજ નહિ. ઉલાસ ઉલાસ ! તુંતો એકજ; તારા ગુણ લક્ષણ તો તેં તહારી પાસેજ રાખ્યાં છે, તે કોઇને ધારણ કરાવતી નથી. આ પ્રેમના પુતળા ઉપર દયા કરીને સહનને સઘળા નહિ પણ થોડા ઘણાએ અર્પણ કર્યા હશે, પણ હું ભુલુંછું. તારામાં જે છટા મેં જોઈ તેમાંનું કશું મને અહીં અવલોકન થતું નથી, તુતે તુજ. અરેરે ! વિખુટા થતી વખતે સમસ્યાઓ ઘણી કરી પણ મ્હારી સાથે પરણવાનો કોલ જયાં સુધી મને નથી આપ્યો, ત્યાં સુધી મને શું સમજાય. મનુષ્યને અળખામણા થયેલા રાનમાં રખડતા લોઢાને, ચતુરા ચુંબકરૂપે શોધી કાઢય. તહારા વિના મ્હારો સંસાર સર્વ વૃથા જવાનો છે. ઉલાસ આટલી અરજી ધ્યાનમાં લઇ સહનનો સંગ પસંદ કરે તો સારૂં. એક વાગ્યો ! (દરવાજે ઘડીઆળ વાગતી સાંભળીને) ચાલ જરા આરામ લઉં. સહનને ઉલ્લાસ સમજુ તો કાંઇ ખોટું નથી. બંને બાળાઓ સ્વરૂપે સરખીજ છે. નિચે આવી પલંગને ઘેરીવળેલી મચ્છરદાની અળગી કરી મધુરીનું મુખ જોવાને લલચાયો. દ્રષ્ટિ પડતાંજ તેને સહનની સાથે કસબી દુસાલો ઓઢી કોઇ સુતેલું હોય એમ માલમ પડયું, અને તે સુનાર કોઇ પુરૂષ હશે એવો ભાસ થયો.

અરે હા ! આ હું શું જોઉં છું ! કેવો દગો ! કેટલી બધી પ્રિતી દર્શાવનાર સુકન્યાની સૅાડયમાં પર પુરૂષ ! અરે ! જગદીશ્વર તારી પ્રેરણાનો પાર કોણ પામ્યું છે ? અરે ! જગતના નાટકકાર, તારા નાટકથી તો અવધી ! હાસ્ય અને રૂદન, હર્ષ અને શોક; સુખ અને દુઃખ, વૃદ્ધિ અને હાની; આનંદ અને ખેદ, અસ્ત અને ઉદય, સર્વને સમાન અંતરે રાખી તારી અકળ માયાની દોરી ઉપર જગતને નચાવ્યે જાય છે. હાય ! શું આ સ્રિનું હૃદય સહનના અંગને સ્પર્શ કરનાર કોઈ પુરૂષ ! બસ હવે એ રંડાનો અંત આણું;

પછી પાપીની વાત ! (તેનાજ પહેરેલા વસ્ત્રમાં ગાંસડી બાંધી) હે ! દગા બાજ દારા; તારા કાળાંક્રતનું ફળ તને હમણાંજ મળે છે; અરે અભાગણી, અમરને દગો દેતાં તને કાંઇ વિચાર ન આવ્યો. જો પ્રથમથીજ તારે કોઈ અન્ય પુરૂષની સાથે પ્રિતી હતી તો સ્વયંવર રચાવી સર્વને શા માટે સંતાપ્યા. " લ્યો ! પાપણીનો ભોગ ક્ષિપ્રા મૈયા. " બારી ઉઘાડી નદીમાં નાંખી દીધી· વિજળીની માફક ચળકાટ મારતી તલવાર ખેંચી પલંગનો પડદો ઉંચો કર્યો, ત્યારે તેણે પ્રથમ જે જોયું હતું તેમાંનું કાંઇ ન મળે. અરે ! કયાં ગયો પાપી ! અગાશીમાં દોડયો, આસપાસના સર્વ ઓરડાઓ જોઈ વળ્યો, ઝરૂખા વિગેરેમાં તપાસ કરતાં કાંઇ માલમ ન પડયું. સિપાઇ !

સિપાઇ—જી, હુકમ.

અમર—કોઇ પુરૂષ નિચે ઉતરી પડેલો તમે જોયો ?

સિપાઈ— અહીંથી કોઇ ગયો નથી તેમ આવ્યો પણ નથી, અમો બધા જાગીએ છીએ.

અમર--જાય તો તપાસ રાખજો. (નિચેના સઘળા માળોમાં તપાસ કર્યા પછી.) અરે મેં આ શું કર્યું, અવિચારી કામ કર્યું હોય એમ ભાસે છે, પ્રેમાળ પતિનું પતન હર્ષથી અર્ધાંગના થનારીનું અકાળ મૃત્યુ ! જરૂર હું ઘણો વખત ચંદ્રને અજવાળે ઉભો રહી એકદમ નિચે આવ્યો તેથી મારી આંખે ઝાંખું દેખાયું હશે. કાંઈ લાલાશનો ભાગ માલમ પડયો હશે, તે ઉપરથી પુરૂષનો દુશાલો સમજી, મેં આ ઘોર કર્મ કર્યું. અરે ! અધર્મિ અમર આ તને ન ઘટે. પાપી અમર તને શી સજા થવી જોઈએ. નિર્દોષને દોષિત ઠરાવી જુલમ ગુજારનાર ગુનેગાર ભારે સજાને પાત્ર થવો જોઇએ, આવા ગુનાને માટે મારા પિતા મને સજા નહીં કરે પણ જગ્તપિતા તો કરશેજ. અરેરે ! ઉલ્લાસ તારા વચનનું માન્ય મેં ન રાખ્યું " સહનને સંભાળજો "એ તારા હુકમનું મેં અપમાન કર્યું, હવે હું તને મોઢું શું દેખાડીશ; પણ હે મન ! ઉલાસ આવી ઠપકો દે તે પહેલાં આ દેહને નાબુદ કરવો જોઇએ. અરે કયાં ગઈ કટાર ! (કટાર હાથમાં પકડીને) વહાલી કટાર; આટલા દિવસ મેં તુને કમરે લટકાવી જતન કર્યું, તારી સારી રીતે ચાકરી કરી, તે મારાજ પ્રાણ લેવાને માટે હશે, હજી સુધી આ તનના શત્રુ ઉપર તને વાપરવા વખત ન આવ્યો, અને છેવટ આજ વખત ? બસ ! મન, સુવસ્ત્રાભુષણનો ત્યાગ કરી, વિભુતી ધારણ કરી, કોઈ મહંતનો આશ્રય કરી, આ દુઃખી અને અસાર સંસારનો પરાભવ કરવો, કેવો નિરર્થક સંસાર, કેવો દુઃખી સંસાર, વસ્તુની અપ્રાપ્તિયે દુઃખ, પ્રાપ્તિયે દુઃખ, અને નાશ થતાં

પણ દુઃખ. ભુત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળમાં દુઃખને દેખાડનાર સંસાર હવે હે અમર ! તારે ન જોઇએ.

ચાલ, મન, ઉપડ, જલદીકર, સત્યવસ્તુનો સંગ કર; અગાધ ડહાપણવાળાનો આશ્રય કર; મન જા; પણ તનને સાથે લઇને.

આવાને આવા વિચારોમાં અમરને સ્મશાન વૈરાગ થયો અને પોતે સુવસ્ત્ર પહેરી ઘોડેસ્વાર થઇ સૂર્યોદય પહેલાં નગરની બહાર નિકળ્યો. પ્રયાણ કરતાં પંથને કાપતાં નશિબને નિસાસાના શબ્દોનું દાન આપતાં, દિનકરનાં દર્શન થયાં. હે! સૂર્યદેવ આ વખતે પ્રગટ થયા ! રાત્રિયે કયાં ગયા હતા ? આપની સાક્ષિવિના મેં મારી અર્ધાંગના ખોઈ, આપ મને જવાબ કેમ નથી દેતા ! ભલે નથી દેતા તો હું મારા મનનો ખુલાસો બીજી રીતે કરીશ.

અહાહાહા ! કેવું વન કેવી ઝાડની ઘટા, જાતજાતના ઝાડોનો સંપ, કેવો સંપ ! અહોહોહો ! ઇશ્વર તારી લિલા ! મેં મહેલમાં રહી શું જોયું ! કાંઇજ નહિ. આવા વનમાં કોઇ મનુષ્ય વાસો કરી શકતાં હશે ખરાં ! નાના નહિજ હોય, હોય તો રાની પશુઓ તેનો નાશ કર્યા વિના કેમ રહે, આ વન તો જંગલી જનાવરોથીજ ભરપુર હોવું જોઇએ; પણ પેલી ગુફામાં દેવતાનું અજવાળું માલમ પડે છે તે શું હશે, લાવ્ય જોઉં, તપાસ કરૂં સહનતો નહિ હોય, નાના સહન કયાંથી આતો યોગ સમાધિષ્ટ પુરૂષનું સ્થાન હોય એમ લાગે છે. આ કોઇ જોગી અંદર બેઠા છે ને શું ? વાહ; ભાગ્યની રતી; થોડા પ્રયાસે ધારેલી ઉમેદ પાર પડશે એમ લાગે છે, આ મહંતતે જાગે છે કે ઉંઘે છે, અરે આતો બેઠા બેઠા ઉંઘે છે, ઉંઘતા નહિ હોય પણ મેં કાને સાંભળેલા પણ નજરે નહિ જોએલા એવા યોગી યોગ સમાધીમાં છે. બસ મન જ્યારે જાગે ત્યારે, સેવા કરી દેહને કૃતાર્થ કરવો, બેશ પલાંઠી વાળીને.

આવી રીતે અમર સાત દિવસ ફળનો અહાર કરી બેઠો, ત્યારે મહારાજે આંખ ઉઘાડી અને પોતાની ગુફા આગળ કોઇ રાજકુમારને જોયો કે તુરત પ્રશ્ન કર્યો. કોન હે ?

અમર—મહારાજ, સહનની શોધમા નિકળેલો દુઃખી અમર.

મહંત—અમર ! અમર શું ? અમર કોને કહે છે ?

અમર—કૃપાનાથ, આ બાળક આપની સેવામાં રજુ છેતેનું નામ અમર છે.

મહંત--બહોત અચ્છા બચ્ચા, તુ અમર કીસકુ સમજતા હે ? દેખ અમર કીસકું કહેતેહે કે જીસકું જન્મ મરણ કભી નહિ હોતા હે, જેસે સ્વર્ગકે દેવતા લોકો; દુસરા નામાંકિત પુરૂષ કે નામ બી અમર રહેતા હે, ઓર આત્મા તો સદા સર્વદા અમરઇ હે.

અમર—ગુરૂ; એવો પુરૂષ કે જેનું નામ અમર રહ્યું હોય તેનું ચરિત્ર આ બાળકને સંભળાવો, જેથી જન્મનું સાર્થક થાય અને સહનનો શોક મુકાય.

મહંત—હે ભાઇ સતયુગમાં પ્રલ્હાદ કરીને ભક્ત થઇ ગયો જેનું નામ ચારે જુગમાં અમર છે તેનું ચરિત્ર શ્રવણ કર; અને તેની સાથે બીજાં પણ સંભળાવું છું.

અમર—માનુભાવ, પ્રલ્હાદ કોણ? શી રીતે ભક્તિ કરી? શું દુઃખ પડયું? અને ભગવાને કેવી રીતે સહાય કરી; તેનો વિસ્તાર કરો.

મહંત—અચ્છા બેઠ!

પ્રલ્હાદ આખ્યાન.

પદ. રાગ પુનમ ચાંદનીનો.

મનવા ચક્રપાણીના ચર્ણે ચિત ચોટાડવુંરે.
ભજ ભૂધર ભાવે ભવનાં જાએ દુઃખ. મનવા.
નામી રીઝે નામથી, ભજતાં ભાગે દુઃખ;
જન્મ મરણને ગર્ભને ટાળી આપે સુખ;
નિશ્ચે નર નારીએ સત્ય વચન આ માનવુંરે,
અતિ હર્ષ ધરીને માધવ ભજવા મુખ. મનવા. ૧
ભક્તિ કરવી ભાવથી, અંતરમાં આનંદ,
તન મન ધન અર્પણ કરો, બીજા મુકી ફંદ;
બહુનામિ બેળે ઝાલે ભક્તની બાંહ્યનેરે,
માટે મોહન કહેવા મૂકી બીજા છંદ. મનવા. ૨
સગપણ સાચું સ્યામનું, બીજું જુઠું જાણ,
માતપિતા સુત બેનડી બાંધવ પત્નિ પ્રાણ;
સૌ મરણ સમયમાં અળગાં રહેશે અંગથીરે,
અરે અંતે બેલી સાચો સારંગપાણ. મનવા. ૩
હિરણ્યાકસ્યપુ મારીઓ, કરી સિંહનો નાદ;
પ્રેમ ધરી ઉગારીઓ, નિજ ભક્ત પ્રલ્હાદ.
એવા અંતરજામિ, અનાથ કેરા નાથ છે રે;
વળી દિન દયાળુ, સુણે સર્વની દાદ. મનવા. ૪
મુસ્તક માધવ અંકમાં, નામો બેઉ કરજોડ,
પાપ પૂર્વનાં ટાળીને, કેશવ પૂરે કોડ;
બાપુ બોલે તે સાચુ સમજી રાખવુંરે,
સૌ હરીજન બોલો જય જય શ્રી રણુછોડ. મનવા. ૫

રાત્રિ અને દિવસ મળીને સાઠ ઘડી, તેમાં ઓગણસાઠ ઘડી ઘરકી અને એક ઘડી હરકી, એક ઘડી ન બની આવે તો અડધી ઘડી, અને અડધી ન બને તો પા ઘડી, જો સતસંગ થાય હરીસ્મર્ણ થાય અને પ્રભુના ચર્ણારવિંદમાં ચિત્ત રહે તો આત્મા અમરલોકને પામે.

ઇશ્વર સ્મર્ણ કરવાથી જન્મ મરણ મટશે, એટલુંજ વર્ણન સદ્દપુરૂષો શાથી કરે છે, કે આખી જીંદગીનાં અનેક દુ:ખોનો સમુહ એકઠો કરવાથી પણ જન્મ મરણ વખતે જે સંકટ પડે છે તેની બરોબર થઇ શકતું નથી.

માયામાં મનવા મહાલ્યોરે અંધ અભાગી;
ખર ખોટો મારગ ઝાલ્યોરે. અંધ૦
અભાગી ઉંધે મુસ્તક દસ મહિના અટકયો,
કંઇ નરક કુંડમાં લટકયોરે. અંધ૦ ૧
જાળવીઓ તને જગદીશે જઠરાની ઝાળે;
તું કશ્ચ કહીશ કો કાળેરે. અંધ૦ ૨
જઠરાના જીવે ચાંપીને માર્યા ચાર ચટકા;
ખર શે નવ તુજને ખટકયારે. અંધ૦ ૩
ચટકામાં ઝટકા વાગે, અડતામાં ખારૂ ખાટું;
સુમાળા શાનો ફાટુરે. અંધ૦ ૪
ગોવિંદે ઘેર્યો ઘુંચાયો, ગદ્ધા ચામ આળુ;
કેમ કરવા માંડયું કાળુરે. અંધ૦ ૫
મૂરખજી માનો કહુંછું, મૂતર વિષ્ટામાં મહાલ્યા.
હવે ચતુર થઇને ચાલ્યારે, અંધ૦ ૬
નકટા જો રાખે નિશ્ચય, શ્રી હરીના નામે નેડો;
બાપુ કહે પાર બેડોરે. અંધ૦ ૭

હે સુજ્ઞ પુરૂષ, સર્વે સગાંનો સંબંધ લેણદેણનો છે, જેનો જેનો સંબંધ તુઝયો તેનો આવરદા ખુટયો. જ્યાં સુધી જેની સાથે પૂર્વનું માગતું હોય છે ત્યાં સુધી તેની સાથે સંબંધ બંધાયો રહે છે, સંબંધ ટુટે છે એટલે મૃત્યુજ થાય છે એમ ન સસજવું; કેડલીક વખત સંબંધ વિત્યાબાદ આવરદાની દોરી લાંબી હોય તો જોગી થઇ ચાલ્યો જાય, અને કેટલાક વંઠી વટલીને પણ ચાલ્યા જાયછે. વળી સંબંધ પણ ખરો અને સ્વાર્થ પણ ખરો, જ્યાં સુધી પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધી સગાનું સગપણ સારી રીતે રહે. માતા, પિતા, ભાઇ, બ્હેન, સ્ત્રિ, પુત્ર પરિવાર સૌ સ્વાર્થનુંજ છે.

દ્દષ્ટાંત--એક ધનાઢય શેઠ પાંચ લાખની મિલકતનો ધણી, તેના દિ-

કરાનો દિકરો સોળ વરસની ઉમરનો તે એક દિવસે માંથાના દરદથી જરા બિમાર થયો. તેને તેની માએ ઓસડના કેટલાક ઉપચાર કરી દુઃખની શાન્તિ કરી, ત્યારબાદ તે પુત્ર ગુરૂને ઘેર ભણુવા માટે ગયો, ત્યાં તેને પાઠમાં ભૂલ્યો થવા લાગી, ત્યારે ગુરૂએ કહ્યું ભાઇ આજ ત્હારૂં ચિત્ત સ્થિર નથી. શિષ્ય કહે હા મહારાજ, તમારી પરિક્ષા સાચી છે; આજે મ્હારૂં ચિત્ત મ્હારી માના પ્રેમમાં ગુંથાયું છે. ગુરૂ કહે ભાઇ તહારી માના પ્રેમનું તેં શું પારખું જોયું, કે તહારી વૃત્તિ ત્યાં ગુંથઈ રહી છે ?

શિષ્ય—હે મહારાજ આજે સહજ મ્હારૂં માથું દુઃખવા આવ્યું એટલામાં મ્હારી માની આંખમાંથી આંસુ નિકળ્યાં, તો કદાચ મ્હારી દેહ ન હોય તો મ્હારી માતા જીવે નહિ.

ગુરૂ—ભાઇ; એજ તહારી ભૂલ્ય, માયાની લાગણીએ કરીને આંસુ પડયાં, તેમજ દેહ ન હોય તો વધારે આંસુ પડે, પણુ “જીવે નહિ” એ ધારવું મિથ્યા છે.

શિષ્ય—મહારાજ આપ કહોછો તે વાત સાચી હશે, પણુ મહારી માતાના સંબંધમાં એમ ધારવું યથાર્થ નથી.

ગુરૂ—બચ્ચા, હમણુાંને હમણાં ઘેર જઈ જરા માઝમ ખાઇ, બરફ થોડો થોડો સર્વાંગે ઘસી સુઇ જા ! પણુ જાગ્રત રહેજે અને શું થાય છે; તે ધ્યાનમાં રાખજે.

ગુરૂના હુકમ પ્રમાણે નગરશેઠનો દિકરો જઇ સુઇ રહ્યો. થોડીવારે માઝમનું ચડી ગયું ઘેન, અને બરફની થઇ ગઇ થંડક. આ બનાવ જોઇ ગુમાસ્તા ગભરાયા અને શેઠાણીને બૂમ પાડવા લાગ્યા. શેઠાણીએ આવી જોયું તો આખે શરીરે શિત વ્યાપી ગયું છે, તેજ વખત પછાડ ખાઇ રોવા લાગી. શેઠને ખબર થતાં તેમની પણુ એજ દશા થઇ. ને રોતા કકળીતા ત્યાં હાજર થયા. શેઠ શેઠાણી બન્ને અતી આક્રંદ કરે છે એટલામાં ગુરૂ મહરાજનું પધારવું થયું. બસકરો ! બસકરો, કાયકુ કલ્પાન્ત કરતે હો ?

બન્ને—ગુરૂજી; હાય હાય ! સત્યાનાશ ગયું, ભાઈ ગયો, તાળાં દેવાયાં, હવે શું કરીશું !

ગુરૂ—ગભરાશો નહિ એને જીવતો કરવાનો પ્રયત્ન કરીએ, પણુ ઉપાય કઠણુ છે.

શેઠાણી—ગમે તેવો ઉપાય હોય પણુ તેને સહેલ કરી સૂચવો, ને ભાઇને જીવતો કરો.

ગુરૂ—અદશેર દૂધ લાવો !

લાવીને હાજર કરેલું દૂધ ગુરૂએ કાચના પ્યાલામાં રેડયું અને તેને આંગળાથી હલાવી બે ત્રણ ફુંકો મારી, શિષ્યના ઉપર ફેરવી કહ્યું, લ્યો આ પ્યાલો, જે પીએ એ મરી જાય, તેને બદલે છોકરો જીવતો થાય !

શેઠ—(શેઠાણીના સામું જોઇને) તું પી જા તું !

શેઠાણી—તમે પિયો તમે !

શેઠ—હું જીવતો હઇશ તો પુત્રને સારો વિદ્યાભ્યાસ કરાવીશ, અને સારી નોકરીએ વળગાડીશ, જેથી તે સુખી જીંદગી ભોગવશે.

શેઠાણી—તમે દશનો મહેતો રાખશો તો હું પચીશનો મહેતો રાખીશ, ને સારૂં શિક્ષણ અપાવીશ, નોકરી નહી મળે, તો પાંચ લાખ રૂપીઆ પાંચ પેઢી સુધી ખૂટે એમ નથી; પણ કદાચ હું મરી જાઉં, અને તમે બીજી સ્ત્રી કરો ને ઓરમાયું થાય, તો મારા છોકરાના સામું જુવો નહીં, માટે હું તો પિતી નથી; તમે પિઓ !

શેઠ—તું પીતી નથી તો, હુંએ પીતો નથી. ભગવાનને આપવો હશે તો બીજા છોકરો આપશે.

માને બાપ બંને છૂટી પડયાં; એટલામાં ખબર મળવાથી નેવું વરસનો ડોસો છોકરાનો દાદો માથું કુટતો આવ્યો; તેને ગુરૂ કહે ડોસા બસ કરો શોશો નહીં; તમે ખાઇપીને પરવાર્યાછો તમારે કોઇ પ્રકારની આશા તૃષ્ણા રહી નથી, ઘરડા થયા છો, માટે આટલો પ્યાલો પી જાઓ; એટલે તમે મરી જશો અને તમારે બદલે છોકરો જીવતો થશે.

ડોસો—રાખ્ય રાખ્ય ગાંડો માં થા ગાંડો, હું ઘરડો કાંઇ મારો જીવ ઘરડો ! (નાસતાં નાસતાં)

ગુરૂ—ડોસા ઉભા તો રહો; તમને કોઇ પરાણે પાતું નથી.

એટલામાં ડોસીનું આવવું થયું; તેને ગુરૂએ કહ્યું ડોસીમા તમારો વંશ રાખવો હોય તો આ કાર્ય તમે કરો.

ડોશી—ગુરૂજી, વંશ રાખવો કોને કડવો લાગે, સૌને વંશ વધ્યે સુખ છે. હું પ્યાલો પીઉ પણ આટલે વરસે ડોસાને દુઃખ પડે. આ દીકરાની વહુ કાંઇ એના સસરાને રોટલા કરીને આપે એવી નથી, તેમ છતાં આ કાંઇ મારો વંશ જતો નથી, મારો છોકરો પાંચ વરસનો બેઠો છે, અને છોકરાનો વંશ વધે ન વધે તે એનાં નસીબ !

ડોસીના જવાબનો અંત આવ્યો એટલામાં, રાંડનારીને ખબર મળવાથી પોતાને પિયેરથી દોડતી આવી ચોક વચ્ચે પછડાઇ અને અતીશય રોવા લાગી; જેના વિલાપથી ગુરૂનું કાળજું હાલ્યું. હે સ્વામિનાથ ! મને તમારા પહેલું મ્હોત કેમ ન આવ્યું ! તમે ગયા અને હું અભાગણી જી.

વતી રહી તે કોને આશરે મુકતા ગયા ! મારે ઉપર આભ અને તળે ધરતીમાં તમારા વિના સાચી સગાઇનું કોઈ રહ્યું નહીં, હવે હું શા આધારે જીવીશ, તમારા વિના સ્વામિ ધાનને ધાન કરી નહીં ખવાય, મને આગળ કરીને ગયા હોત તો બહુ સારૂ થાતરે......હેં હેં હેં.

ગુરૂએ જાણ્યું નક્કી આ પ્યાલો પીશે. છાની રહે બેટા છાની રહે લે આટલો પ્યાલો પીજા એટલે તુ મરી જઇશ અને તહારે બદલે તહારો ધણી જીવતો થશે.

સ્ત્રિ—વાહરે વાહ ! ગુરૂજી યુક્તિ સારી, હું મરી જાઉં, અને તેરે દિવસે બીજી સ્ત્રિ કરે, તે હીરા, માણેક, રત્નના દાગીના પહેરે, બે ઘોડાની બગીમાં બેસી ફરે; પાંચ લાખની પુંજી ભોગવે, મારે ભૂતડી થઇ મોભારે બેસી જોવું પડે, એ છો મરતા હું મારે રાંડેલી દહાડા કાઢીશ.

પાંચે છુટી પડયાં ત્યારે ગુરૂનો એકે ઉપાય ન રહ્યો. ગુરૂએ ઉંડા વિચારમાં ગરક થઈ ઉચ્ચાર કર્યો. તમારે કોઇને આ બાળક જીવતો કરવાની મરજી નથી કેમ ?

શેઠાણી—મહારાજ, જીવતો કરવાની તો ધણીએ મરજી છે પણ ઉપાય ગુરૂજી બહુ કઠણ.

ગુરૂ—એકવાર મેં જે મંત્ર ભણ્યો તે પાછો ખેંચી, બીજો ભણી શકાય નહીં; માટે જો તમારી સર્વેની મરજી હોય તો હું પ્યાલો પીઉ.

પાંચે—હા હા ! તમે પીઓ તમે ગુરૂ મહારાજ.

ગુરૂ—ઠીક ત્યારે લ્યો હું પી જાઉં, એમ કરી છોકરાના ઉપર ફેર ઉતારી ફુંક મારી પી ગયા, અને કહ્યું ચલ બચ્ચા ખડા હો જા.

શિષ્ય જે અત્યાર સુધી શુદ્ધિમાં હતો અને બધી વાતે વાકેફ થયો હતો તે એકદમ જાગ્રત થઇ ગુરૂના સામા હાથ જોડી ઉભો રહ્યો. માએ કહ્યું બેટા મારા સામું તો જો !

છોકરો—શું જોઉ ! મેં સર્વનું સગપણ જોઇ લીધું.

મા—બેટા જો ગુરૂએ પ્યાલો ન પીધો હોત તો હું જરૂર પીજાત, તારી નનામી ન બાંધવા દેત.

છોકરો—મા, આ સંસારમાં કોઇ સગુ નથી, સર્વ સ્વાર્થનું છે અને સાથે આવનાર કોણ ? ફક્ત પૂન્ય ને પાપ; સાચો સગો શ્રી હરી છે.

[કવિ] મરાઠી સાખી.

નરસિંહ રૂપ ધર્યું નારાયણ, હિરણ્યકશ્યપુ હણવા;
પ્રેમી ભક્ત પ્રલ્હાદ ઉગાર્યો, હરનિશ ભગવંત ભણવા;
ગણવાં ગોવિંદ નામ, આનંદ ઉલટે આઠું જામ. ભણવાં.

[કવિ] **ગિતી.**

સનક સનંદન સાથે, વૈકુંઠ વળીઆ હરી દર્શન કરવા;
હાંશી કરી અટકાવ્યા, જય વિજયના કર્મે પત્ર ધરવા.

સમયને યોગે કરીને બ્રહ્માના પુત્ર સનક સનંદન વૈકુંઠમાં પ્રભુ દર્શનને માટે પધાર્યા. તેમને દૂરથી આવતા જોઇ દ્વારપાળ જય અને વિજય તેમણે હાસી કરીને અટકાવ કર્યો, કે ખબરદાર અંદર જવાને હુકમ નથી. જયવિજયનું નશિબ ફરવાનું, કાંઇ દુઃખ પડવાનું તેથી તેમને આવી નીચ બુદ્ધિ પ્રાપ્ત થઈ.

રૂષિ--કેમ, અમને જવાનો અટકાવ છે ?

દ્વારપાળ--પ્રભુ એકાંત છે.

રૂષિ--અરે હલકી બુદ્ધિના માણુસો, ત્રિલોકપતિ, જ્યારે એકાંત કરશે ત્યારે જગતને કયારે સંભાળશે ? આ બધી ચાલાકી તમારી હોય એમ ભાસે છે; તમે વૈકુંઠમાં રહ્યા, પ્રભુને દ્વારે રહ્યા, નિરંતર નારાયણુના સમક્ષ રહ્યા, તોપણુ તમારામાં આવી આસુરી બુદ્ધિ રહી, તો તમે પૃથ્વિ ઉપર રાક્ષસ થઇને પડો, એવી અમારી વાણી છે. શ્રાપ થતાંજ બન્ને જણુ થરથરવા લાગ્યા અને પોતાના ગુનાની માફી માગવા લાગ્યા. લક્ષ્મિ સહિત વૈકુંઠપતિની પધરામણી થઇ, *અજપુત્ર અને ઇશની વચ્ચે અરસપરસ સત્કાર થયા; ભગવાન જયવિજયના સામું જોયું.

જય--કૃપાનાથ અમને રૂષિનો શ્રાપ થયો.

ભગવાન--તે ભોગવવો પડશે, બ્રહ્મપુત્રનાં વચન કદી ખાલી જાય નહીં. મને શ્રાપ દે, તો મારે ભોગવવો પડે તો તમે કોણુ !

વિજય--મહારાજ અપરાધ ક્ષમા કરી કાંઇ અનુગ્રહ કરવો જોઇએ.

રૂષિ--વૈકુંઠાધિપતિ; બોલ ખાલી ન જાય એવી રીતે અનુગ્રહ કરો.

ભગવાન--તમારા બેઉ જણુની ઇચ્છા શી છે તે કહો ?

જય--ફરીને વૈકુંઠમાં તમારાં દર્શન કયારે થશે ?

ભગવાન--મારી નિરંતર ભક્તિ કરશો તો સાત અવતાર પછી, અને મારી સાથે વેરભાવ રાખશો તો ત્રણુ અવતાર પછી.

જય અને વિજય બન્ને વિચાર કરવા લાગ્યા કે ત્રણુ અવતાર સારા કે સાત અવતાર સારા ? સાત અવતારમાં સાત વખત જનમવું, સાત વખત મરવું, સાતવાર ગર્ભવાસમાં રહેવું, અને જીંદગીમાં અનેક સંકટ ભોગવવાં, સુખનો દિવસ દેખવો કયાં ! વળી અવતાર સાત જાય, પણુ પ્રભુનાં

* અજ=બ્રહ્મા, અજપુત્ર=બ્રહ્માના પુત્ર, સનકાદીક.

દર્શન થવાં કયાં. ત્રણ અવતારમાં ત્રણવાર જન્મ, ત્રણવાર મરણ અને અવતારે અવતારે હરિનાં દર્શન થાય. કારણ કે વૈરભાવે વહાલાને આવવુંજ પડે; માટે માગો વૈરભાવે વૈકુંઠ.

બન્ને--મહારાજ વૈરભાવે વૈકુંઠ મળવું જોઇએ, પણ કૃપાનાથ વહેલો છુટકો કરજો.

સનકાદિક--પ્રથમના અવતારમાં હું તમને મુક્ત કરીશ.

લક્ષ્મિ--બિજા અવતારમાં હું તમને મુક્ત કરીશ.

ભગવાન--ત્રિજા અવતારમાં હું તમને મુક્ત કરીશ.

પ્રથમનો અવતાર હિર્ણાક્ષ અને હિરણ્યકશ્યપુ, સનકાદીનો અવતાર પ્રલ્હાદ, ભગવાનના અવતાર વારાહ અને નરસિંહ. બીજો અવતાર રાવણને કુંભકરણ, લક્ષ્મિનો અવતાર સીતા, ભગવાનનો અવતાર રામ, ત્રિજો અવતાર દંતવક્ર ને શિશુપાળ, ભગવાને પોતે કૃશ્નાઅવતારમાં તેમનો વધ કરી મોક્ષગતી આપી.

સનકાદિકના શ્રાપે કરીને જય અને વિજય દહીત થઇ પૃથ્વિમાં પડયા. હિર્ણાક્ષ તે મોટો ભાઇ અને હિરણ્યકશ્યપુ તે નાનો; નાનો ભાઇ જ્યારે ગાદી સંભાળે તેવો થયો; ત્યારે હિરણાક્ષ દેવને ત્રાસ પમાડવા ચાલ્યો. સકળદેવને ત્રાહ્ય ત્રાહ્ય પમાડી માનધાતાને વરેલી પૃથ્વિ લઇ પાતાળમાં પેઠો.

[કવિ] **મરાઠી સાખી.**

બંને પડીઆ પૃથ્વી ઉપર, થયો દહીત અવતાર,
હિર્ણાક્ષ હિરણ્યકશ્યપુ સાથે, ભુને કરવા ભાર;
છે બળ ઘણું, મુખ વખાણું શું એહ તણું. છે.

ચોપાઇ.

લાગ્યો હિર્ણાક્ષ દુઃખને દેવાજો, ઇંદ્ર આદે પામે ન સુખી રહેવાજો. ૧
મારી અમર પમાડયા ત્રાસજો, દહિત ભયથી કરે નાસાનાસજો. ૨
લઇ પૃથ્વિ ને પેઠો પતાળજો, દોડયા દેવ બેઠા જ્યાં પ્રતિપાળજો. ૩

મરાઠી સાખી.

વરાહ રૂપે વેગે આવી પૃથ્વિ છોડાવી પળમાં,
હિરણાક્ષ દહિતનો અંતજ આણ્યો, બહુ છકયો તો બળમાં;
જાણી સમાચાર, હિરણ્યકશ્યપુ કોપ્યો અપાર. જાણી.

ભગવાને વારાહરૂપ ધારણ કરી પૃથ્વિને દાંત ઉપર લઇ હિર્ણાક્ષ દહિતને માર્યો, તેની ખબર થતાં હિરણ્યકશ્યપુ ગાજી ઉઠયો અને "પણ" કર્યું કે જ્યાં સુધી મારા ભાઇના મારનાર શત્રુને મારૂં નહિ ત્યાં સુધી પુરમાં પગ ધારૂં નહિ !

કલ્યાણ. (મદનરીપુ મ્હાદેવ ભજી લે. એ રાગ.)

(હિ) મુજ રીપુનું મર્ણું કરીને, હું ઘર આવું પાછો ફરીને. મુજ.
ભાઇને માર્યાની ખબર મેં જાણી, પ્રાણ હર્યા વીના પીવું ન પાણી. મુજ.
મહોત માગ્યું મુરખે, જો હણ્યો મારા ભ્રાતને;
હાથ આવ્યો હણું નહિ, તો ધિક્ક મારી જાતને.
ઉડાડું અવની આભમાં, સર્વેને સોંપું શોકને;
મુજ સહસ્ત્ર ફેરો માર તે, ચખાડું ચૌદે લોકને.
સ્વર્ગ મૃત્યુ પાતાળ ફરીને, શોધી હું કાઢું એજ અરીને;
પાછો વળાવું પ્રાણ હરીને, ત્યારે હું બેસુ ઠામ ઠરીને. મુજ.

શત્રુની શોધમાં ધસેલો મદોનમત્ત દહિત જંગલે જંગલ ફરવા લાગ્યો; ત્યારે નારદનો મેળાપ થયો. અલ્યા હિરણ્યકસ્યપુ કયાં જાય છે ? દહિત કહે હે મહામુનિ મારા ભાઇના મારનારને શોધવા.

નારદ—આમ તને નહિ મળે; એને મળવું હોય તો એક ચિત્તેથી રામ રામ રામ, રામ, રામ, કર !

દહિત શત્રુ થઇ અવતરેલો તેનાથી નામ કેમ દેવાય. જ્યારે કોઇ સબળ શત્રુ ચઢી આવવાનો હોય ત્યારે પોતાના નગ્રની આસપાસ મજબુત કોટ કરવો જોઇએ; એમ વિચારી પોતે દેહ રૂપી નગરની આસપાસ કોટ કરવાને બ્રહ્માનું તપ આરંભી બેઠો. સાઠ હજાર વર્ષ પુરાં થયાં, ત્યારે બ્રહ્મા પ્રસન્ન થયા, અને દહિતને વરદાન આપવા આવ્યા.

(કવિ) ગિતિ.

હંસ ચઢી અજ આવ્યા, તપ આરંભી બેઠો રાજાન;
પ્રસન્ન થયો હું તુજને, માગ્ય માગ્ય તુ માગે વરદાન.

બ્રહ્માનાં વચન સાંભળી દહિતે કહ્યું મહારાજ મને અમર કરો. બ્રહ્માએ વિચાર્યું દહિતને અમર કરીશ તો દેવને ઠરીને બેસવા વખત કદી આવશે નહિ.

બ્રહ્મા—હિરણ્યકસ્યપુ ! અમર કરવું એ મારા હાથમાં નથી, એ દોરો ભગવાનના હાથમાં છે. તુ પ્રભુનું સ્મર્ણું કર !

દહિત—તમારા હાથમાં હોય તે આપો એટલે હું સંતોષ માનીશ; પણ શત્રુની પાસે આજીજી કરવા નહિ જાઉં ! તમે અમર ન કરો તો હું બીજું માગુછું.

સાખી મરાઠી.

બાહેર, ઘરમાં, દિવસે રાત્રે, કાયા ભંગ ન થાએ;
મનુષ જનાવર લોહ કાષ્ટથી, દેહ ન મુજ છેદાએ;
માગી મત વસ્તુ, અજ કહે જા તથાઅસ્તુ. માગી.

સિંહની ઓથ્ય મળ્યે શિયાળ ઉન્મત થાય તો, વાઘ વધારે કેમ ન થાય. અજથી અભય થએલો દહિત પુરમાં આવી પુરજ્નુસ્સાથી પોતાનો વિચાર સર્વને દર્શાવા લાગ્યો, મહારા બહાદુરો, સામંતો પુરવાસીઓ; મારા રાજ્યમાં રહીને જે જગકર્તાનું નામ જાણીને કે અજાણે, મનથી કે કમનથી, ગુપ્ત કે પ્રગટ લેશે તેને અવળી ધાણીએ પીલી નાંખીશ; અને મારા કાનો કાન સાંભળીશ, તેને ભિંતમાં ઉભો ચણી નાખીશ. જેને ભજન કરવાની ઇચ્છા હોય તે, હિરણ્યકસ્યપુ હિરણ્યકસ્યપુ કરે. આવી સખત આણુ વરતાવી હિરણ્યકસ્યપુએ આકાશ મંડળની ખબર લેવા તૈયારી કરી. દાનવને આવતો જાણી સર્વ દેવતા *કોટી અર્કની સ્તુતિ કરવા લાગ્યા. હે વિભુ! સાવધ થઇ પાપીનો નાશ કરો.

ભગવાન—એ દાનવ મારાથી નહિ મરે.

દેવ--પ્રભુ. આપનાથી ન મરે એમ હોયજ નહિ. આપ સમાન સમર્થ બીજું છે કોણ; કે જે એને મારી શકે !

ભગવાન—મારા શિવાય બીજો કોઇ મારવાને સમર્થ નથી; કારણ કે, બ્રહ્માએ પ્રબળ કર્યો છે અને એનાં મોતનાં બારાં બંધ કર્યાં છે; છતાં એને હું મારૂ, પણ હાલ એણે બ્રહ્માનું સાઠ હજાર વર્ષ તપ કર્યું છે, તે તપનો પ્રતાપ એવો છે કે હું એને જીતવાને સમર્થ નથી.

દેવ—મહારાજ, ઘણીજ અપસોસની વાત ! ત્યારે એ દહિતના દેહનો અને આ દેવોના દુઃખનો અંત નહિજ આવે ?

સ્વયંભુ—શાન્ત થાઓ. હાલ એની સ્ત્રી ગર્ભવતી છે, અને તેના ઉદરમાં મારા ભક્ત પ્રલ્હાદજી છે. તે જન્મ ધારણ કરશે, પાંચ વર્ષના થશે ત્યારે મારી ભક્તિનો અંકુર ફુટશે, જ્યારે એ ભકિત કરશે ત્યારે આ દુષ્ટ તેને દુઃખ દેશે, એટલે એના તપનો નાશ થશે, અને પાપનો કાંટો આવશે; બસ તેજ વખત નરસિંહ અવતાર ધરી, તેનો ઘાત કરીશ.

ભગવાનના મુખનું ભાષણ સાંભળી નારદજી ઇંદ્રની પાસે ઉતાવળે ગયા; (કારણ કે ઇંદ્ર હિરણ્યકસ્યપુની ગેરહાજરીમાં તેની ગર્ભવતી સ્ત્રિના જન્મ આપેલા બાળકનો નાશ કરવાને હરણ કરી ગયો હતો.) અને કહ્યું અલ્યા ઇંદ્ર તું કોને લાવ્યોછું ? ને કેમ લાવ્યો છું ? ઇંદ્રે કહ્યું મહારાજ હિરણ્યકસ્યપુની સ્ત્રિ ગર્ભવતી છે તેના ઉદરથી દહિત ઉત્પન્ન થાય તેનો નાશ કરવા હું લાવ્યોછું. નારદ કહે એના ઉદરથી દહિત નહિ પણ ભકતરાજ જન્મ ધારણ કરવાના છે.

ઇંદ્ર—મહારાજ આપ અત્યારથી શી રીતે સિદ્ધ કરો છો ?

---

* કોટી અર્ક—ભગવાન=ક્રોડ સૂર્યના તેજવાળા,

નારદ—જ્યારે સ્ત્રિ ગર્ભવતી હોય છે ત્યારે તેનાં ચિન્હ બદલાય છે. તેને દેવ દર્શન, હરી કિર્તન. કથા પુરાણ, અને ધર્મ ઉપર પ્રિતી થાય, તો જાણવું કે તેના ઉદરથી જન્મધારણ કરનાર, પુત્ર યા પુત્રિ તે હરી ભકત થવાનાં; જ્યારે સારા સારા પદાર્થોનો વૈભોગ કરવાનું ચિત્ત હ્વાય, ત્યારે જાણવું કે, ખાવા પિવાના શોખિન અને પુરા વૈભોગી થવાનાં; અને જ્યારે કોડીઆં, કુએલાં, કોયલા ને મુલતાની માટી ચાવવાની ઇચ્છા થાય, ત્યારે સમજવું કે મહા ઘાતકી કુર, દહિત બુદ્ધિના, પ્રપંચી, કામી અને રંગમાં ભંગ કરવાવાળાં ચાન્ડાળ થવાનાં.

ઇંદ્ર—મહારાજ લ્યો કયાધુને આપ લેઇ જાઓ, અને આપના આશ્રમે રાખજો, જેવાં લક્ષણ તમે પ્રથમ કહ્યાં તેવાં છે; પણ હવે દાનવનો ભય ઉત્પન્ન થયો છે માટે મારાથી રખાશે નહિ.

નારદ કયાધુને લઇ પોતાના આશ્રમે આવ્યા, ત્યાં પોતે તેણીને સદ્‌વિદ્યાનો ઉપદેશ કર્યો, અને તેની સાથે ઇશ્વરના અગણિત ગુણ વર્ણવ્યા. પ્રલ્હાદને આ સઘળું જ્ઞાન ગર્ભમાં થયું. જ્યારે પ્રલ્હાદનો જન્મ થયો ને પાંચ વર્ષની ઉમર થઇ ત્યારે નારદ તેના નગરમાં મૂકી આવ્યા; અને હિરણ્યકશ્યપુના મનનું સમાધાન કર્યું કે તહારી ગેરહાજરીમાં તારી સ્ત્રિના ગર્ભનું રક્ષણ કરવા હું મારા એકાંત સ્થળમાં લઇ ગયો હતો.

દહિત—બહુ સારૂ કૃપાનાથ, પણ મને મારો શત્રુ કયારે મળશે ?

નારદ—નિર્ભય બેશ, એની ઇચ્છામાં આવશે ત્યારે મળશે.

દહિત—હવે મને એ મળવા નહિ આવે, અને આવે ! તો જરૂર એનો નાશ થાય ! કારણકે હું બ્રહ્માનું વરદાન પામ્યોછું એટલે મને કોઇ મારનાર નથી, પણ એને હું મારીશ.

નારદ—મંદબુદ્ધિ ! એનું નામ અવિનાશી છે; સ્વર્ગ મૃત્યુ પાતાળમાં એનો કોઈ નાશ કરવાવાળો છેજ નહિ; લે હું જાઉંછું.

હિરણ્યકશ્યપુએ પ્રલ્હાદને કહ્યું ભાઇ, નગ્રમાં આપણી હાક વાગે છે, અને આણ ફરે છે, કે કોઈ બ્રહ્માંડ નાયકનું નામ દે નહિ, એ મારો કટ્ટો શત્રુ છે, મારા ભાઇને મારનાર છે, જેને ભજન કરવું હોય તે મારૂ નામ દે. આવો બોધ થયા પછી થોડે દિવસે એક રાત્રિને સમયે પ્રલ્હાદ નગ્ર ચર્ચા જોવા નિકળ્યો, ત્યારે એક કુંભાર અને તેની સ્ત્રિ રામનામનો ઉચ્ચાર કરી રહ્યાં છે, એમ તેણે જોયું, અને તુરત હુકમની સાથે ધમકી આપી.

પ્રલ્હાદ—સબુર ! સબુર ! ! !

સબુર સબુર રે પ્રજાપતિ, ક્યા ગર્ધવ બુદ્ધિ તહારી,

હિરણ્યકશ્યપુની હાક ન માને, બીક ન માને મ્હારી;
કહે મુખે રામ, બોલ ખરૂં એ કોનું નામ ?　　　　　કહે.

સત્ય બોલ નહિતો તારા જીવની હાની થશે ! કુંભાર ચમક્યો, હબક તો ખાધી, આશ્ચર્ય તો પામ્યો, પણ હિમ્મત પકડી કે હવે એકે ઉપાય નથી, અરે નામથી અનેક અધમ ઓધર્યા છે તો હું કેમ ડગુંછું. બસ, પ્રભુ એજ સત્ય.

(કું.)　　　　　રાગ; જનુની જીવો ગોપીચંદની.

સત્ય કહું શાણા સાંભળો.

૧. રામ એ નામ ભગવંતનું, જે છે જગ કરતાર;
અધમ ઓધારણ ઇશ એ, ઉતારે ભવપાર.　　　　સત્ય કહું.

૨. ત્રિભોવન તોળ્યું એક તંતુએ, બ્રહ્માંડનો ભૂપ;
રચના રચી આખા વિશ્વની, બુદ્ધિ અગાધ +અનુપ. સત્ય કહું.

૩. કામ કર્યાં એણે કોટીધા, સૌને સુખનો દેનાર,
હિરણ્યકશ્યપુના નામને, કોટીવાર ધિક્કાર.　　　　સત્ય કહું.

પ્રલ્હાદ—બસ કર ! સત્ય અસત્યનો નિર્ણય થયા પછી વાત ! પણ હાલ એ નામ ઉચ્ચારવાનું કારણ શું છે ?

કુંભાર—ધરાધિશ, જે નિભાડો મેં ખડક્યો છે, અને બળે છે, તેમાંના એક માટલામાં મંઝારી વીઆઈ છે, તેનાં પાંચ બચ્ચાં ભુલથી ગોઠવાઇ ગયાં છે, તે રામનામ ઉચ્ચારણ કરવાથી ઇશ્વર અગ્નિનું જોર દબાવી તેની સહાય કરશે અને સવારે જીવતાં નિકળશે; પણ કદાચ તમારા બાપનું નામ દેઇશું તો ૧ રાખોડા નિકળશે.

પ્રલ્હાદ—જો એમજ હોય તો ઘણી તાજુબીની વાત. **રામનામની** બરોબર બીજું કાંઇ નહિ, પણ હું જાઉંછું, અને કાલ સવારમાં પહોફાટતાં પહેલાં આવીને હાજર થઇશ, તે પહેલાં તારે નિભામાંથી એક પણ માટલું આઘુ પાછું કરવું નહિ, જો એ બચ્ચાં જીવતાં નહિ નિકળે તો તું શુળીની સજાને પાત્ર થઇશ.

પ્રલ્હાદના ગયા પછી કુંભાર અતીશય શોચ કરવા લાગ્યો, હે ભગવાન હવે શી દશા થશે; હે જગદીશ્વર રાજાના ભયથી હું તમારૂં સ્મર્ણ છુપી રીતે કરતો તે છતાં રાજનના હાથે પકડાયો, જો કોઇ બીજાથી પકડાયો હોત તો, અસત્ય બોલીને પણ છુટત, આ તમારો પ્રેમી ભક્ત સવારમાં જરૂર દેહ મુકશે. પ્રભુ મારો પ્રાણ જશે ને તમારી પતીજ જશે. ઉંચું જોતાં પ્રલ્હાદનાં દર્શન થયાં. હુકમ થતાં નિભામાંથી વાસણ કાઢવા માંડયાં. " મુખે

+ અનુપ=ઉપમા ન અપાય તેવું. ૧ રાખોડા=રાખ-ખાખ.

રામ હાથે કામ " એટલામાં પ્રલ્હાદની નજરે નિભાની વચ્ચોવચ એક કાચુ માટલું દેખાયું, તેની આગળ પાછળના ચાર તે અડધાં કાચાં અને અડધાં પાકાં માલમ પડયાં.

પ્રલ્હાદ—પ્રજાપત, પેલુ માટલુ તદન કાચુ કેમ દેખાય છે? તપાસ કર! કાચા માટલાની ઉપરનું માટલુ લેતાંજ તેમાંથી બિલાડીનાં પાંચ બચ્ચાં ઘણાં ગભરાએલાં હતાં તે એકદમ કુદી પડી ચાલ્યાં ગયાં.

અદભુત ચમત્કાર જોઇ "રામ" નામપર પ્રલ્હાદને પુરણ આસ્થા ચોટી, અને ગર્ભમાં થએલું સઘળું જ્ઞાન તુર્ત સ્ફુરી આવ્યું, જલહલ જ્યોત, ઇશ્વર રૂપ, અંતર ચક્ષુએ જોઇ, નિશાળે જઇ મહેતાજીની ગેરહાજરીમાં સરખા મિત્રોને કહ્યું, તમને એક નવો *આંક શિખવું.

દોહરો.

જીવન સુધરે જે થકી, નક્કી સરે સૌ કામ;
મિત્રો બોલો માણરા, અંકે અંકે રામ. સિયાવર.

એકવી એકવી રામ ચાર એકતાલાં, બાવી બાવી રામ ચાર ચોરાશી, ત્રેવી ત્રેવી રામ, ચોવી ચોવી રામ, એમ શબ્દે ને શબ્દે રામ શબ્દનો ઉચ્ચાર કરવોજ પડે એવો ઇશ્વર કૃપાથી નવો આંક કરી સર્વને બોલાવવા લાગ્યા. મહેતાજીએ આવતાં સાંભળ્યું કે આ રામ નામ ઉચ્ચાર નિશાળમાં શાના થાય છે! આવી જોયું તો પ્રલ્હાદ નેતરની સોટી લઇ વચમાં ફરે છે, અને સર્વ નિશાળીઆ ઉભા થઇ બોલાવ્યા પ્રમાણે બોલે છે. મહેતાજી ઝડપ મારી સોટી ખુંચાવી લઇ દરેક છોકરાને ત્રણ ત્રણ ચાર ચાર સોટીઓ મારી પ્રલ્હાદને હાથ પકડી રાજા પાસે લઇ ગયા.

રાજા--પધારો ગુરૂ, કેમ પુત્રને ઝાલીને લાવવો પડયો!

શિક્ષક—મહારાજ આ છોકરો શાળામાં પેસવા દેવા લાયક નથી, કારણકે પેલાનું નામ દેછે, અને બીજા છોકરાને દેવરાવે છે.

રાજા—કોનું નામ?

શિક્ષક—પેલાનું! પેલું કહે છે; આપણાથી ના દેવાય એવું નામ દેછે. હિરણ્યકશ્યપુ વિચારમાં પડયો, શું છોકરો બેઅદબી કાંઇ બોલતો હશે! કદાચ નિચની સોબત થઇ હોય અને નિચુ બોલવા શિખ્યો હોય! પ્રલ્હાદ! જે તુ બોલ્યો હોય તે ફરીથી બોલ!

પ્રલ્હાદ—રામ! રામ! રામ! રામ! રામ! રામ!

હી—બસ કર! બસ કર, ચન્ડાળ; હમણાં જીભ કાપી નાંખવી પડશે;

* આંક—અંકનું પૃથકરણ; વધારો.

રામ કોણ ! તને ખબર નથી કે મારા ભાઇને મારનાર એ મારો કટ્ટો શત્રુ છે !

પ્રલ્હાદ—પિતાજી, એ કોઇનો શત્રુ છેજ નહિ. પ્રાણી માત્ર તેના ઉપજાવેલા છે, માટે તે સર્વનો પિતા છે.

અહંકારી—જાઓ છોકરાને પહાડ ઉપરથી રગડતો મૂકી ઘો; હુકમ થતાં હાથ પગ બાંધી પહાડ ઉપરથી ફેંકી દીધો, પણ તેને જરાએ વાગ્યું નહિ, ત્યારે કહ્યું એને હાથીના પગે બાંધી ઘસડી નાંખો ! તેમ કરતાં પણ પ્રલ્હાદને છોલાયુ સરખુ નહિ; ત્યારે પાપી પોતાની બેન હોળકા પાસે ગયો, અને પોતાનું દુઃખ એ જણાવ્યું કે, પ્રલ્હાદ મરતો નથી.

હોળકા—હુ અગ્નિમાં એકલી બળતી નથી. માટે હુ ચિતા ખડકી પ્રલ્હાદને ખોળામાં લઇ બેસુ; ચિતા સળગવાથી પુત્ર બળી જશે ને હુ સજીવન રહીશ.

આ સાંભળી પાપી ઘણો ખુશી થયો, અને ફાગણ સુદી પુનેમનો દિવસ નક્કી ઠરાવ્યો. નગરના લોકે વાત જાણી, અગ્નિ દર્શન હરામ કર્યા અને ધાણી ચણા ખાઇ દિવસ કાઢવા માંડ્યા. ઠરાવેલો દિવસ આવી પહોંચ્યો ત્યારે સમિસંધ્યાએ હોળીકા કાષ્ટ ખડકી પ્રલ્હાદને લઇ બેઠી અને અગ્નિ મુક્યા પછી, નગરના લોક પ્રલ્હાદનું છેલ્લું પુજન તથા દર્શન કરવા આવ્યા; હરીજન સર્વે ઘેર જઇ ઇશ્વર સ્મર્ણ કરવા લાગ્યા.

રાગ; ગાડી આવી ગુજરાત.

સહાય કરો દીનાનાથ, દયાળુ સહાય કરોને;
ઉગારો પ્રલ્હાદ, હરી એનાં દુઃખ હરોને.
નામ જપેછે નાથનું, નિશદીન સ્વાસો સ્વાસ;
કોટી ઉપાય કરી ચુકયો, પાપી પુત્રનો કરવા નાશ.　　હરી. ૧
નાશ થયો છે નહિ નક્કી, નહિ ખુટયો હોય કાળ;
પણ આયુશ આવી રહ્યું, જુઓ ઝડપી અગ્નિ ઝાળ.　　હરી. ૨
અગ્નિથી ઉગારીએ, પ્રલ્હાદ છે ભક્તરાજ;
પ્રાણ જશે જો પુત્રના, લોપાશે તુજ લાજ.　　હરી. ૩

અરે હહિતોતો, રાતે બહારવટે નીકળી કોઇના ખાટલા, પાટલા, પીડીઆં પાટડીઓ, લાવી લાવી હોળીમાં ઝીકવા મંડયા.

(પ્રલ્હાદ)　　ઇશ્વર સ્તુતિ. રાગ, હોરી.

દશા શી, દશા આ કરી પ્રભુ મ્હારી.
દુઃખ દીધુ દાવાનળ હરજી, મુખશુ કહુ ઉચ્ચારી, ત્રિકમ જાણો તાલુછુ તનને,
ભક્તિ ન મુકુ તમારી, હરી મેં ઉરમાં ધારી.　　દશા આ. ૧

ભક્તિ કરતાં ભારે સંકટ, શાણુા એ શોભા સારી, નારાયણુ કોઇ નામ ન લેશે;
માટે ધાઓ વારી, લીધી જેવી હરણી ઉગારી. દશા આ. ૨
સાગર બુડતો રાખ્યો ગજને અગ્નિથી બાળ મંઝારી, લાખા ગ્રહથી પાંન્ડવ રાખ્યા;
કઢા તેલ સુધન્વાની ઠારી, કીધું એવું ×ઉલટું વિચારી. દશા આ. ૩
આપ કરો તે કોઇથી ન થાએ, આપ કૃતિ અતી ન્યારી; શેશ શક્તિ
તારો પાર ન પામે, શિવ બ્રહ્મા જાય હારી; કરે ન બરાબરી તહારી, દ૦ ૪
સંસાર રૂપી *જેલ જરૂર આ, નથી નિકળવા બારી, બાપુ કહે બેલી પ્રભુ થાજો;
ભૂપનો ભય મુને ભારી, આપ વિના કો નહિ વારી. દશા આ. ૫

સવાર થતાં પ્રલ્હાદ સજીવન રમતો બહાર નિકળ્યો, અને હોળકા બળીને ખાખ થઇ ગઇ. નગ્રનો અરધો ભાગ દૈવી બુદ્ધિવાળો હતો તેમને દેવની ઉપમા આપવી જોઇએ, અને આસુરી બુદ્ધિવાળાને દહિતની ઉપમા આપવી જોઇએ. નગ્રના કોઈ કોઇ ભાગમાં આનંદ ઓચ્છવ થવા માંડયો, અને ઘણા ભાગમાં ધુળ કચરો કાંકરા ઉડવા માંડયા. જ્ઞાન, નિતિ, ભક્તિમાં ચિત પ્રોવવાવાળા અને દયા, ક્ષમા, શાન્તિ દિનતાના ભરેલા તે દેવ. છળ કપટ પ્રપંચમાં વૃત્તિ દોડાવવાવાળા અને કામ, ક્રોધ, અહંકાર, અભિમાનના ભરેલા તે દહિત. દેવોએ રાજાથી છાનો " પ્રલ્હાદ બચાવનો " ઓત્સવ કર્યો, અને હોળકાના મરણથી માઠું લગાડી દહિતોએ ધુળ ઉચ્છાળી. (સજ્જનને મન ફુલડોળ અને દુરિજનને મન ધુળેટી.)

(કવિ) **સાખી મરાઠી.**

અર્ધ નગ્રમાં આનંદ વરત્યો, લાગ્યા હરિગુણ ગાવા;
દહિતો દ્વેશે થયા ઝંખવાણા, ધુળ્યે ધુમ મચાવા;
પુરી પ્રભુએ સાખ્ય, હોળીકા બળીને થઇ છે ખાખ. પુરી.

અગ્નિદાહ શક્તિએ પ્રલ્હાદને અસર ન કરી અને પોતાની બેન બળી ગઈ જાણી, દરિયામાં ડુબાવાનો વિચાર કર્યો, ત્યાં પ્રલ્હાદ પાંદડાની માફક તરવા લાગ્યો; છેવટ અભિમાનીએ શુક્રાચાર્યને કહ્યું, એકવાર એને એની મા પાસે લઇ જાઓ, અને કહો કે તારા પુત્રનો પ્રાણ બચાવવો હોય તો રામનામ છોડાવ ! નહિતો અઢી ઘડીમાં કોઈપણ રીતે એની દેહનો નાશ કર ! એમ કરતાં કસુર થશે તો હું જે સજા કરૂં તે તારે ઉઠાવવી પડશે. હુકમ થતાં શિક્ષક પ્રલ્હાદને તેડી તેની સતી માતા પાસે ગયા અને રાજાએ કહેલી બિના કહી.

કયાધુ—બેટા ? શા સારૂ મને વાંઝણી કરવા તૈયાર થયોછું ?

પ્રલ્હાદ—માતાજી, જેના ઉદરથી કોઇ શુરો, દાતાર કે ભક્તરાજ

× ઉલટું=અગ્નિની દાહક્રિયા મટાડી. * જેલ=કેદખાનું.

ઉત્પન્ન થયો છે તે માતા ચાર જુગમાં પણ વંઝા ગણાતી નથી, બાકી સર્વ સ્ત્રિઓ છતે પુત્રે વંઝાજ છે.

કયાધુ—પણ બેટા; તારાથી મળતુ આધુનિક સુખ તે પછી હું શી રીતે ભોગવવાની ?

પ્રલ્હાદ--માતાજી, મારા બાપને બે હાથ છે, અને હું જેનું ભજન કરૂંછું તેને હજાર હાથ છે.

કયાધુ—બહુ સારૂ ભાઇ જો ત્હારી હિમ્મત હોયતો હું તને ઇશ્વર સ્મર્ણ મુકવા કહેતી નથી. માતા પાસેથી પ્રલ્હાદ વિખુટો થયો, અને જ્યારે બિજે દિવસે નિશાળે ગયો ત્યાં પોતાના મિત્રોને કહ્યું, રામનામની ધુન કરો ।

[પ્રલ્હાદ] માઢ; નિર્મળ પ્રાણની પ્યારી, એ રાગ.

રટો રસનાએ રામ નામરે, તમે મિત્રો મહારારે.
રામ કહો રણ છુટશે, દુટશે જ્યારે તંત[1];
ફરી ફેરો નહિ પામશો, ભય ટાળે ભગવંત;
કદી બીક ન ધરશી પછી ગર્ભવાસ કેરી.　　　　રટો. ૧
નામ પ્રતાપી નાથજી, દોરી સઘળી હાથ;
અધમ ઓધારણ ઇશ એ, અનાથોના નાથ;
નામ લેતામાં આપે ગતિ, ફેર નહિ રતી,　　　　રટો. ૨
અગ્નિથી ઉગારીઆં, મંઝારીનાં બાળ;
ઠીક કરી થડ ઝાલજો, મુકી બીજાં ડાળ;
જરીએ ન વિસારો તમે ત્રિભોવન રાય.　　　　રટો. ૩

નિશાળીઆ કહે એકવાર માર ખાધો છે તેના સોર હજી મટયા નથી, વળી ફરીને માર ખવરાવવાના ઉપાય શિદ શોધી કાઢો છો ।

પ્રલ્હાદ—ઇશ્વર સ્મર્ણ કરતાં દુઃખ પડે પણ તેને સુખ માની લેવું; તો તપરૂપ ગણાય છે, બોલો.

કોઇ સંત ભણે રામા કૃષ્ના ગોવીંદા;
પ્રલ્હાદ ભણે નરહરિ વિઠ્ઠલ ગોપાળા.

શબ્દો સાંભળી મહેતાજી ગભરાટમાં પડયા. અરે તે દિવસેતો એકલો "રામ" ઉચ્ચાર થતો હતો અને આજે તો, ઘણા શબ્દ બોલાય છે. જો આ વાત રાજા જાણશે તો મ્હારૂ નિકંદન કાઢી નાંખશે; ક્રોધના આવેશમાં આવતાં પ્રલ્હાદને પકડી રાજા પાસે રજુ કર્યો અને કહ્યું, કોઇ દિવસ નિશાળમાં મોકલશો નહિ, એણે તો મહારી આખી નિશાળ ખરાબ કરી.

---

૧ તંત=તાંતણો; આવરદાની દોરી.

ગુરૂના વચન સાંભળી રાજાને રોમ રોમ ક્રોધ પ્રગટ થયો, તેણે આરસપહાણનો સ્થંભ દટાવી અગ્નિથી એવો તપાવ્યો કે જેનું રૂપ [1]જ્વાળામુખી જેવું લાગ્યું. પછી પુત્રને કહ્યું તહારા રામ સાચા હોય તો આ થાંભલાને બાઝ! જોઉ કેવો તને ત્હારો ઇષ્ટ બચાવે છે!

પ્રલ્હાદ—(સ્થંભ જોઇને) હે જગદીશ!!!

સ્તુતિ. રાગ. ગરૂડ ચઢી આવજો ગિરધારી.

અનાથોના નાથ કહેવાઓછો શાને;
દુઃખ પડવાથી મન ન માને. અનાથોના.
વ્હારે નથી ચઢતા ઓ વૈકુંઠવાસી, સદા મ્હારૂ મન રહે છે ઉદાસી,
પિતા થયો શત્રુ જવું ક્યાં નાશી. અનાથોના. ૧
ચિત્ત ચોટયું નથી રહેતું ચરણે, મન ભમ્યું રહે છે મરણે;
કહાના કેમ ન સાંભળો કરણે. અનાથોના. ૨
પડતો મુક્યો તે પહાડની ટોચ, દુઃખ પડતાં પામ્યો સંકોચ;
તેમાં તમને શાનો હોય શોચ. અનાથોના. ૩
પાયુ તક્ષક નાગનું ઝેર, ધસ્યો ગામમાં વરતાવ્યો કેર;
તોએ મોહન આણી ન મહેર. અનાથોના. ૪
અંગ +અનળને અર્પણ કરીયું, સમુદ્રમાં શરીર આ તરીયું;
નથી નારાયણ નામ વિસરીયું. અનાથોના. ૫
કદી પડી જશે આ તન, તો તો રહેશે ભજનમાં મન;
જાણો જરૂર ઓ જુગજીવન. અનાથોના. ૬

ગદગદ કંઠ થઈ ગયો, આંખમાં ઝળઝળીઆં આવ્યાં, જોઈ અભિમાનીને અહંકાર થયો; અને જાણ્યું કે હવે એને ત્રાસ થયો છે. બોલ પ્રલ્હાદ એકવાર કહે કે, રામનામ તે ખોટુ અને તમારૂ નામ તે સાચુ.

પ્રલ્હાદ—પિતાજી એકવાર શું પણ હજારવાર કહુંછું કે પ્રભુનું નામ તે સત્ય અને તમારૂં નામ તે અસત્ય. મોઢે બોલ્યો પણ મનમાં અતીશય ભય ઉત્પન્ન થએલો જાણી ભિડભંજન ભગવાને પ્રલ્હાદને સ્થંભ ઉપર સિંધુરી કિડીઓની હાર બતાવી.

પ્ર—હરી હઇએ રાખી હામ ભીડી, થાજો પ્રસન્ન પોતાના પીડી;
ક—હરી હજારો દેખાડી કીડી. અનાથોનો નાથ મને સત્ય માને.
પડયો વેદ તણે પાને પાને. અનાથોનો. ૭

કિડી જોઇ પ્રલ્હાદને પુર્ણ વિશ્વાસ ચોટયો, એટલામાં પાપી બોલી ઉ-

---

[1] બળતો પહાડ. + અનળ=અગ્નિ.

ઠયો. પ્રલ્હાદ! હજી કાંઇ વિચાર કર, જાણી જોઇ જાતનું નુકશાન ન કર! એકવાર કહે કે રામ નામ અસત્ય. પ્રલ્હાદ કહે વડીલ, એકવાર નહિ પણ એક લાખ વાર, ઇશ્વર નામ સત્ય અને તમારૂ નામ અસત્ય.

હિ—ઠીક! બાઝય હવે, તું મરવાનોજ થયોછું. "ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય."

પ્ર—હું બાઝું તે પહેલાં મને ભગવાને જે સહાયતા કરી તેનો પાડ માનું.

(પ્રલ્હાદ)　　　લાવણી.

ધન્ય ધન્ય હે મહારાજ, જાણો અંતરની દાઝ;
રાખો ભક્ત જનોની લાજ, તેમાં નહિ મિન મેખ.　　હાંહાંરે. ૧
મેં જાણ્યા અંતરજામી, બહુ કળાનિધી બહુનામી;
મ્હારી સર્વ વેદના વામી, કેવો કર્યો વિવેક.　　હાંહાંરે. ૨
ગુણ ગાએ ચારે વેદ, ભાગવતે જડયો ભેદ;
આજે ટાળ્યો મ્હારો ખેદ, દીલ દયા જાણી.　　હાંહાંરે. ૩
બાઝુ થંભે આપો આપ, જાપુ નિત્ય તમારો જાપ;
તેનું રાખો હરિ માપ, રખે ન જાય પાણી.　　હાંહાંરે. ૪

(કવિ.)　　　મરાઠી સાખી.

વિજળી વેગે ગતી કરીને, ઝડપ ભેરવી બાથ;
આશ્ચર્ય હિરણ્યકશ્કપુ પામ્યો, હેઠા પડીઆ હાથ;
આ શું કહેવાય, અંતર માંહે લાગી લ્હાય.　　આ શું.

જ્યારે પલ્હાદ સ્થંભને બાઝયો, અને ન દાઝયો, ત્યારે હિરણ્યકશ્યપુ ચમકયો અને પ્રલ્હાદનું મૃત્યુ કેમ નથી થતું, તે વિષેના તર્ક વિતર્ક કરવા લાગ્યો. મને નિશ્ચય ન કરી આપ્યો ત્યારે; અંતર કપટ રાખી ઉપર ભાવ• થી પ્રલ્હાદને પુછવા લાગ્યો.

હિ　　અધિકારીરે આશ વિષયની ટાળો. એ રાગ.

કૃતિ કેવીરે જોઇ જોઇ ક્રોધ હું વામ્યો, આવું અભય વચન કયાં પામ્યો; ટેક.
કયાં પામ્યો કહે એ ભાઇરે, ત્હારે મ્હારે સાચી સગાઇરે,
હવે દિવસ સજ્જો સુખદાઇરે,
પરતાઉ કાંઇરે, પ્રથમે હાથ ઉગામ્યો.　　આવું. ૧
તેં મંત્ર ભણ્યા હોય જેવારે, હું શીખુ અભય પદ લેવારે,
કીધી કોણ ઇષ્ટની સેવારે;
એવા સારૂરે, કોણ ચરણ શિર નામ્યો.　　આવું. ૨
મ્હારૂ કઠણ હૃદય કર્યું કાચુરે, હવે બોલો બાળા સાચુરે;

હોય બુટ્ટી તો આપો, હું જાચુરે;
નથી કાચુરે, જગમાં જશ બહુ ઝામ્યો. આવું. ૩

પ્રશ્વરી કુદરતના નિયમ પ્રમાણે; પ્રલ્હાદને ભાસ્યું કે મારા બાપનું અંતઃકરણ નિર્મળ થયું; "કારણકે પોતે ચોખ્ખા દિલનો અને સત્ય બોલવાવાળો હતો" આપ જેવું જગત દુનિયા દેખે છે.

(પ્રલ્હાદ) મરાઠી સાખી

પ્રથમ પગલું એજ પિતાજી, પ્રિતીભાવ મન લાવો;
સહાય કરે જે સકળ વિશ્વની, ગોવિંદના ગુણ ગાઓ;
મુને ઉગારે, મૃત્યુથી વારે વારે. મુને.

(કવિ) ગિતિ.

બાળના બોલ સુણીને, દ્વેષ ભરેલો દહિત ઘણું દાઝયો;
(હિ) વાર વાર હઠ લેતાં, દુષ્ટ અધર્મિ જરા નહિ લાજ્યો.

ઝુલણા છંદ.

સબળ વ્હેરી તણી બીક નહિ બાળકા, [1]રંચતુ [2]ખંચ મનમાં ન લાવે;
રોષ નિર્બળ તણો, જોસ ઝાઝો અલ્યા; શત્રુ હોય શિર તો ઉગ્ર નાવે. ૧
સ્વર્ગમાં સંચરૂ પૃથ્વિ પ્રાજે કરૂ, સપ્ત પાતાળનું [3]શીત કાઢુ;
દેવ દેવેશને સ્વર્ગના રાજીઆ, પકડીને પલકમાં ભોમી પાડુ. ૨
કાળ કટકા કરૂ ક્રોડ ક્ષણું વારમાં, મારથી ત્રાસ તુજ રામ પામે;
સહસ્ર સહુ હાથમાં આભ લેઉ બાથમાં; રામ કયાં બેસશે સ્થિર ઠામે. ૩

(પ્રલ્હાદ) રાગ; ક્ષત્રિકલંક.

આતો અહંકારના ઉચ્ચાર જણાય, અખંડાનંદ અવિનાશીરે.
હરીજનને એ હરનિશ સહાય. અખંડાનંદ૦ ૧
હરી બેઠેલો છે સઘળે ઠામ; અખંડાનંદ૦ ૨
કીટ, પતંગ, ઝાડી, પહાડી, તમામ. અખંડાનંદ૦ ૩
પ્રાણી માત્રમાં છે પ્રભુ કેરો અંશ; અખંડાનંદ૦ ૪
ભક્તદ્રોહી તણો કાઢે નિરવંશ. અખંડાનંદ૦ ૫

(હિરણ્યકસ્યપુ) સાખી મરાઠી.

સ્વર્ગ મત્યુ પાતાળ હું ફરીઓ, કાંઇ નવ હડીએ ચઢીઓ,
ફરી ફરીને થાકયો શોધતાં, તુજને કયાંથી જડીઓ;
બોલ ! સત્ય ભણું, સ્થંભમાં હોય તો હમણાં હણું. બોલ્ય.

---

૧ રંચ=જરા. ૨ ખંચ=ખાંચકો. ૩ શીત–શીતળતા, ભિનાશ.

(પ્રલ્હાદ)　　　　　ગિતિ.

જડ ચૈતન સર્વેમાં, અવિનાશિનો સદા રહે વાસ;
અહંકારી નવ દેખે, હરદમ નજરે જુવે હરીદાસ.

આવાં પ્રલ્હાદનાં વચન સાંભળી અહંકારીને અતીશય ક્રોધ ચઢયો અને પોતે વિજળીસમ ખડ્ગ લઇ સ્થંભનું છેદન કરવા ઉભો થઇ ડગલાં દેવા લાગ્યો; તવ પ્રલ્હાદે ભગવાનનું સ્મર્ણ કર્યું " હે પ્રભુ હવે હદ થઇ ગઇ, અધર્મિનો અંત આણો ! "

(કવિ)　　　　　ગિતિ.

ચડડડ થંભ ચિરાયો, ધરણી ધ્રુજી ડોલ્યા દિગપાળ;
નરસિંહ રૂપ ધરી આવ્યા, પ્રલ્હાદ પાળક હિરણ્યાકંસ કાળ.
નરંસિહ રૂપ ધરીને, નારાયણ તે નિકળ્યા સ્થંભ બહારી;
દાનવ સઘળા નાઠા, કમ્મર કસીને ઉભો અહંકારી.

પ્રબંધની ઢબ.

ઉભો હિરણ્યકસ્યપુ સામો; જોઇ સ્વરૂપને ભય પામ્યો.

ભય પામ્યો પણ મન નવ ધરતો, વિચાર કરતો, અંતર ઠરતો, જરા ન ડરતો, મુખ ઑચરતો, ઠીકઠીક આ શત્રુ મળીઓ, દીસે બળીઓ, આજ અંગનો ઉચાટ ટળીઓ; નિકળ બહાર કહી પાપી ગાજ્યો.

તવ ભગવાને છલંગ મારી, જોર ઝડપથી જણુવ્યું ભારી, કરી તૈયારી મોરારી મહા ઘોર ગરજના કરતા આવ્યા, દાનવને પંજામાં લાવ્યા, મુષ્ટી કેરા પ્રહાર ચલાવ્યા, ત્રાસ દેખી ત્યાં સૌ ગભરાયા, નાશી છુટી પ્રાણ બચાવ્યા.

હિરણ્યકસ્યપુ કોપ્યો બળમાં, કેશવજીને પકડયા કળમાં, પાડયા પળમાં પ્રહાર કર્યા બહુ પગના નળમાં.

ઘડીઘડીમાં વારા ફરતી ઉપર નિચે બંને બળીઆ, ધરણી ઢળીઆ, ભોમી ભળીઆ, ચિત્ત નવ ચળીઆ, એમ કરંતાં સમીસાંજ થઈ; સજ્જ થઈ જોયું શામળીઆ.

ઘોર શબ્દ કીધો ગિરધારી, ધરણી ધ્રુજી શેષ શિરપર શકે ન ધારી, દધી સર્વનાં ઉછળ્યાં વારી, ગર્ભ ગળ્યા સૌ ત્રિલોક નારી, પર્વત કંઇ પાતાળે પેઠા, હરજી ઉમરા ઉપર બેઠા, દહિન ઉચકી ખોળે લીધો, કરીઓ સીધો શામળિયાએ સવાલ કીધો.

રાગ; ભારથની સાખી.

ભ—તું ઘરમાં છું કે બહારજો? તુને માર હવે આ ઠારજો.
હિ—નહિ ઘરમાં કે બહાર ઉચારજો, મહારા મોત તણું આ બારજો.

ભ—અલ્યા દિવસ છે કે રાતજો, કરી વિચાર બોલ્ય ખરી વાતજો ?
હિ—નથી એકે મુને સુજ પડીજો, મારે મરવાની આ ઘડીજો.
ભ—હું મનુષ્ય છું કે પશુજો, બોલ્ય મનમાં ન રાખીશ કશુંજો?
હિ—નહિ પશુ અને નહિ માનવજો, આવ્યા સંહારવાને દાનવજો.
ભ—આ લાકડુ છે કે લોહુજો, હવે તહારૂ આયુશ થોડુજો ?
હિ—લોહુ, લાકડુ, નહિ એ નખ જો, ભાગો ભકત તમારાનુ દખજો.
ભ—ચિરી નાંખુ મારી નખ, ભાગુ પ્રલ્હાદનુ દઃખ, ભાઇ । ભાઇ । ।
[કવિ] કહીને કર્યો નખ ઘાત;

વાસવ આદે વૈમાન બેસીને, વરસાવ્યો ફુલ વરસાદ. ૧
પ્રલ્હાદ કંપી થરથર ધ્રુજ્યો, તર્ત ગયો જરા નાશી;
આંતરડાં કાઢી હિરણ્યાકંસનાં, પહેરીઆં વૈકુંઠવાશી. ૨
ક્રોધ સમાવા કારણ આવ્યા, ઇંદ્ર, અજ, ને મહેશ;
પાસે ન આવી શકયા કોઇએ, જોઇને વિક્રાળ વેશ. ૩
પ્રલ્હાદ ધિર્મા પગલાં ધરતો, જઇને લાગ્યો પાય;
હાથ ફેરવ્યો મુસ્તક ઉપર, વૈકુંઠ કેરે રાય. ૪

ભ—માગ્ય માગ્ય પુત્ર શું જોઇએ ?
પ્ર—મહારાજ મારા પિતાની સદગતિ થાય.
ભ—તથા અસ્તુ.
પ્ર—મહારાજ મારા રાજ્યના જીવ માત્રને વૈકુંઠ લેઇ જાઓ ।
ભ—તપાસ કર । જેને આવવાની ખુશી હોય તેને લેઇ જાઉં. સુખીઆ દુઃખીઆ સર્વની ખબર લઇ વહેલો આવ ।

હુકમ થતાં પ્રલ્હાદ ઉભો થયો, અને જેને વાત કરી તેણે ગાંડામાં કાઢયો; અહીંકરતાં સ્વર્ગમાં શું સુખ વધારે બળ્યું છે? એવામાં એક ભુંડને વિષ્ટા ભક્ષણ કરતાં તેણે જોયો તેને કહ્યું; ભાઇ તું સ્વર્ગમાં જા. હું તને મોકલું.
ભુંડ—રાજાધિરાજ ત્યાં આવું નરક ખાવાનું છે ?

પ્રલ્હાદ—ના એવા પદાર્થો ત્યાં નથી, ત્યાં તો અમૃત પકવાન જમવાના અને જમીને અમર થવાનું.

ભુંડ—અરે મહારાજ મને દુઃખને દરીએ ના નાંખશો, એક તો ખાવાની ખોટ ને વળી અમર થવાય તો સદા ભુખે રહેવું પડે માટે હું નહિ જાઉં.

એવામાં આવતાં એક કૂતરો જેના માથામાં જીવ પડેલા છે ને ચિસો પાડે છે; તેને કહ્યું ભાઇ તું સ્વર્ગે જા.

કૂ—રાજા, સ્વર્ગમાં અહીં જેવું સુખ નથી, કીડા કાલ ખરી જશે, સાજો થઇશ ને વિષય ભોગ ભોગવીશ. આવા સમાચાર જઇ ભગવાનને કહ્યા.

ભ—ભય ન રાખ્ય, હાલ રાજ્ય કર, જ્યારે હું તને તેડવા આવીશ ત્યારે ત્હારી સાથે પાંચ ક્રોડનો ઉદ્ધાર કરીશ.

(કવિ) રાગ; લાવણી પંડિતકે બચન.

અમર તવ હરખ્યા ક્રોધ શમ્યો ભગવાન;
હરી નમન કરીને સર્વે ગયા સ્વસ્થાન. ૧
લીધો ભક્ત ઉછંગે હસ્ત ફેરવ્યો શિશ;
જે જે માગ્યું તે આપ્યું શ્રી જુગદીશ. ૨
જુઓ દુષ્ટ હણ્યો ને, ભક્ત જંન ઉગાર્યો,
વળી પાંચ ક્રોડ સંગ, પ્રલ્હાદ ભક્તને તાર્યો. ૩
અવતાર ધરે હરી નિર્ભય કરવા જગ્ત;
આખ્યાત વદે આ, દીન બાપાલાલ ભક્ત. ૪
નરસિંહ પધાર્યા, પુરી ભક્તના કોડ;
હરીજન સૌ બોલો, જયજય શ્રી રણછોડ. ૫

ધ્રુવ આખ્યાન.

રાગ—નાથ તુમ જાનત હો સબ ઘટકી.

પામર નર પ્રેમે ભજો શ્રી મોરારી,
જેથી જનમ મરણુ જાઓ હારી. પામર.

પ્રેમ ધરી જેણે પ્રભુને ભજીઆ, તેતો પામ્યા ભવપારી;
મનુષા દેહ આ ઉત્તમ મળીઓ, બહાર નિકળવાની બારી. પામર. ૧
ભાવ થકી જેણે ભક્તિરે કીધી, ત્રિકમે લીધા તારી;
શામળીઆને શમણે ન જાણ્યા, નરક વહ્યા નરનારી. પામર. ૨
ધ્રુવ બાળકે ધિરજ ધારી, ધ્યાને ધર્યા ગિરધારી;
અવિચળ પદ એતો અંતે પામ્યા, ભવ સંકટ મટયાં ભારી. પામર. ૩
જનુનીને પેટે જનમ ધરી, જેણે કામ ક્રોધ નાંખ્યા મારી;
સ્વર્ગ મૃત્યુ પાતાળની માંહે, બાપુ શોભા સારી. પામર. ૪

ગિતી.

સ્હાય કરો સુંઢાળા, દુંદાળા દુઃખ ભંજન છો જાણુ;
સરસ્વતિ મહાદેવી, આપ પ્રતાપે ઉચ્ચારૂ વાણુ.

હે વત્સ પૂર્વે મહિષ્મતી નગરીમાં ઉત્તાનપાદ નામનો રાજા અતી પરાક્રમી શૂરો અને પ્રજાપાળક હતો, તેને સુરતી અને સુમતી નામની બે સ્ત્રિયો હતી. સુરતીને પુત્ર હતો તેનું નામ ઉત્તમ હતું, અને સુમતીનો પુત્ર

એનું નામ ધ્રુવ હતું. ઉત્તમ કરતાં ધ્રુવ ઉમ્મરે કાંઇક વિશેષ હતો. એક સમયને યોગે રાજા, ઉત્તમને ખોળામાં બેસારી રાજકાર્ય કરે છે; એવામાં સુમતીનો પુત્ર ધ્રુવ ત્યાં આગળ આવ્યો અને તેણે ઓછંગે બેસવાને મતી કરી.

(કવિ) ત્રિતાળ ચોપાઈ.

એકવાર સભાની માંયે, બેઠા ઉત્તાનપાદ રાજાએ;
ખોળે બેઠો છે ઉત્તમ તન, હરખે સુરતી રાણીનું મન. ૧
બાળચેષ્ટા કરેછે એ બાળ, જોઇ આનંદ પામ્યો ભૂપાળ;
એવે આવે છે ધ્રુવજી ધીમા, રાજા હર્ષની રહી નહિ સીમા, ૨
સુરતી બાળ આવીઓ કોડે, બેસવાને અનુજની જોડે;
અપ્પર માતને તનમાંરે તોર, દેખી કીધી ગર્જના ઘોર. ૩

(સુરતી) રાગ; ક્ષત્રિકલંક

અક્કલહિણ અલ્યા અક્કલ તારો મંદ; અભાગણીના હેઠો જાનેરે;
ચઢે સિંહાસને જોયા તારા ફંદ. અભાગણીના. ૧
ચાહે બેસવાને રાજા કેરે અંક; અભાગણીના.
નથી અધિકારી અલ્યા તુંતો રંક. અભાગણીના. ૨
ત્યાંતો બેશી શકે હોય ભાગ્યવાન; અભાગણીના.
બુદ્ધિ સુઝે કયાંથી નીચ તું નાદાન. અભાગણીના. ૩
કુડાં કુડાં તારી માતા કેરાં કર્મ; અભાગણીના.
તુજ પગલેથી આવે સૌને શર્મ, અભાગણીના. ૪
કદી જનમ લે ફરી મારે દેહ; અભાગણીના.
મળે સુખ માન્યું મનમાંહે જેહ. અભાગણીના. ૫

(કવિ) મરાઠી સાખી.

સુરતી કેરા શબ્દ શુણીને, પડીયુ મોઢુ ફિકુ;
ડગલે ડગલે દુઃખને પામ્યો, હાડને હૈયુ હીકયુ;
આવ્યો રોતો તન, માતાતો વિમાસે મન. આવ્યો.

લાકડીથી મારેલા સર્પની માફક રોષથી નિશ્વાસ નાંખતો ધ્રુવ ઘેર આવ્યો. ધ્રુવનું ઉતરી ગયેલું અને રોતુ મુખ જોઈ માતા સુમતી ખોળામાં બેસારી છાતી સરસો દબાવી પુછવા લાગ્યાં; મારા પ્રાણથી અતિપ્રિય પુત્ર આજે તમને કોણે દુઃખ ઉત્પન્ન કર્યુ ? વિરા તારા ઉદાસીપણાનુ કારણ મને ઝટ નિવેદન કર ! જેથી મ્હારૂં ધડકતુ હૃદય શાન્ત પામે. ધ્રુવ કહે હે માતાજી; આ......જે એ........ઉત્તમભાઇ મુજ પિતાના ખોળામાં બેઠો હતો, અને તે દેખી હું પણ બેસવા ગયો; તે વખતે મને સુરતી માતાએ,

તિરસ્કાર કરી કાઢી મૂકયો; અને વળી કેટલીક ગાળો પણ ભાંડી. સુમતી કહે વિરા હોય, એમાં ખોટુ ન લગાડીએ. એ માતાનો અવગુણ ન લઇએ, તારે તો હું એટલેજ એ, ફક્ત મેં જન્મ આપ્યો એટલુંજ વધારે, વિરા! શાન્ત થા શાન્ત થા! માતા મને શાન્તિ નથી વળતી; બસ એ માતાને બતાવી દેઉ! સુમતી કહે હાંહાંહાં ભાઇ ક્રોધ ન કરીએ એતો મહા અનર્થનુ મુળ છે. ધ્રુવ કહે નહિ, માતા ગમે તેમ થાય પણ એક વારતો લાકડીએ લાકડીએ કેડયો રંગી નાંખુ; એમ કહી લાકડી લઇ દોડવા જાય છે, માતા પકડી રાખે છે અને ધ્રુવ ઝાલ્યો રહેતો નથી.

[ધ્રુવ.] રાગ; જબસે કલંદર બનબન ફિરકે.

અપ્પરમાએ અપમાન કરીયું, સતિ સહન શી રીતે થાય;
જેષ્ટિકાના મારૂં ઝપાટા, ભાગી નાંખુ એની કાય..
આજે અતી ઘણી વ્યાપી મને રૂંગે રૂંવે રીસ,
લાકડીનો માર મારી તોડી નાંખુ શીશ;
અતી મારે ઉંધુ ઘાલી પાડે ચીસે ચીસ;
જતી કરૂ કેમ જાણી જોઇતે, અંતર લાગી મુજને લ્હાય. અપ્પર. ૧
અરે અતી માઠુ કીધુ બોલાવ્યો ન બાપ,
દોડી જઇ ડંશ કરૂં જાણે કાળો સાપ,
વચનથી જ્હેર્યે પડયો કાળજામાં કાપ;
ઉથલ પાથલ કરૂ ઘડીમાં કદી કરૂ નહિ પાછો પાય. અપ્પર. ૨

[સુમતી] રાગ; પાટણના નૃપ.

રઢિયાળા તન રીસ ન કરશો વચન સત્ય ધારી;
કટુ તને વચન કહ્યાં જે માત, વિનયથી વશ વરતે તુજ તાત,
વિરા નવ કરશો આંસુપાત, કામની છે કામણગારી. રઢિયાળા. ૧
સાધુનાં કર્યાં નહિ સનમાન વિપ્રને નહિ દીધાં હોય દાન;
તિર્થમાં ગંગા જળનાં પાન, ભૂપનાં માન કયાંથી ભારી. રઢિયાળા. ૨
અર્પિને આગળ તન મન ધન, કરે કોઇ વિષ્ણુને પરસન;
મળે ફળ જે માન્યુ હોય મન, દુઃખના દિવસ જાય હારી. રઢિયાળા. ૩

સાખી, મરાઠી.

દાન કર્યા વિના દામ મળે નહિ, નારાયણનો ન્યાય.
જપ તપ વૃતને આચરવાથી, પામે ઉત્તમ કાય;
માનો માનો મન્ન, શ્રી હરીને જઇ કરો પ્રસન્ન. માનો.

વિરા પુર્વે જેણે મહાન તપશ્ચર્યાઓ કરી હોય તેનેજ સકળ સુખની

પ્રાપ્તિ થાય છે. વળી કાંઇ " પાપ કરતાં પાછું જોયું " હશે તેથીજ આ ઉત્તમ ઘેર અવતાર થયો છે; ભાઇ આથી અધિક સુખતો આ અભાગણીના કર્મે કયાંથી હોય ! " અસંતોષનું કારણ મોહ છે. "

(ધ્રુવ) ગુજરીનો રાગ.

શાન્ત થાઓ તમો માત સુમતી અભાગણી હું ટાળુરે,
વેગે કરીને જાઉ વનમાં, હાડ હિમાળે ગાળુરે. ૧
સંસારીક જે સુખ છે સઘળુ, સંભારૂ નહિ લેશરે;
રાને જઇને રહુ નિરંતર, રાત દિવસ રશીકેશરે. ૨
પુત્ર તમારો પાછો પડુ નહિ, પામે દેહ પતનરે;
અંતર આશા કાંઇ નવ રાખુ, માનો માતા મન્નરે. ૩

(સુમતી) સાખી, મરાઠી.

ટોળા વછૂટી મૃગલી જેવી, જળ વિના મચ્છની ગત્ય;
તુજ વિયોગે ગતિ એ મારી, જાણો બાળા સત્ય;
માટે માંડી વાળ્ય, હું દુઃખીયારી સામુ ભાળ્ય. માટે.

(ધ્રુવ.) ગિતી.

અંત દુઃખનો આવ્યો, વૃદ્ધી સુખની સમજી લ્યો માત;
કલેશ તો લેશ કરો નહિ, હરીને ભજવા જાઉ હું જાત.

(સુમતી.) મરાઠી સાખી.

બાળ અવસ્થા તારી બાળા, કામ કારસું મોટુ;
એહ કાર્યમાં પાછો પડે તો જગત બોલશે ખોટુ;
માટે મારો મન, સુખે બેસો મારા તન. માટે.

(ધ્રુવ) રાગ; ડિંડી.

વદુ સત્ય વાણી શુણો મોરી માય, દેહ દમન ક્રિયા ઘેર કેમ થાય;
વિષય ભોગ ભાળી મંન દોડી જાય. વદુ. ૧
વિષય વસ્ત નક્કિ આપે અતી દુઃખ, છતે અન્ન વેઠી જાય નહિ ભૂખ;
કદી વેદુ ત્યારે દીન તમો મૂખ. વદુ. ૨
માટે હર્ષ ધરી આજ્ઞા આપો આજ, વહેલો આવીશ માજી કરીને પૂર્ણ કાજ,
નક્કિ મેળવીશ સ્વર્ગતણું રાજ. વદુ. ૩

(સુમતી) વહેલા આવજો હો રાજ. એ રાગ.

વિરા વેગે સમરી સુંદિર શ્યામ શરીર, ધરી મન ધીર;
વહેલા આવજો હો વિર. ૧
વિરા જાઓ કહેતાં આંખે આવે નીર, ઉનો સમિર. વહેલા. ૨

વિરા રક્ષણ કરશે સ્વર્ગ તણા સૌ દેવ, કરૂ હું સેવ. વહેલા. ૩
વિરા વિધી વામા ઉમિયાસુત કરશે રક્ષ, ઇંદ્રનો પક્ષ. વહેલા. ૪
વિરા સંકટ સમયે શંકર કરશે સ્હાય, સફળ તુજ કાય. વહેલા. ૫

(કવિ.) **મરાઠી સાખી.**

પ્રેમ કરી પરકંમા કીધી, નિજ માતની જાણ;
પૃથ્વિની પરકંમા થઇ છે, પામ્યો ઉત્તમ લ્હાણ;
થયા શુભ *શુકન, બાળક ચાલી નિકળ્યો વન. થયા.

બાળકને ઘરમાંથી નિકળતાંજ વેદ પાઠ કરતા બ્રાહ્મણો, શાળામાંથી જતા બાળકો, સોહાગણ સ્રિયોને માથે જળનાં ભરેલાં બેડાં, પરણીને હર્ષમાં આવતાં પાલખીને શોભાવતાં વરકન્યા, વાછડા સહિત ગાયો, વિગેરે સઘળા સારાજ શુકન થયા. માતા સુમતી બાળને વળાવી હર્ષભેર પાછાં વળ્યાં. નગ્રની બહાર ઘણે દુર ગયા પછી, પરમાત્માનું મન, બ્રહ્માના પુત્ર નારદમૂનિ બાળકને રસ્તામાં મળ્યા. બાળકનું તેજસ્વી કપાળ જોઇ નારદે પુછ્યું, હે ભાઇ તું કોનો પુત્ર છું, અને આટલી નાની વયમાં એકલો ક્યાં ચાલી નિકળ્યો છું ?

(ધ્રુવ.) **રાગ; મામાએ ક્રોધજ કીધો.**

તમે શુણો મૂનિ સુખ દાતા, કટુ વચન બોલી મુજ માતા.
થયાં નેત્ર ક્રોધથી રાતાં, બળે ઉર, ગયું નૂર;
એ શુણી ઉઠી છે આગ, હ્રદયમાં ડાગ, અરે મહાભાગ;
થાય નહિ શાતા. તમે શુણો. ૧
ધ્રુજી મ્હારૂં નામ છે, પિતાને બે નાર;
અપ્પરનો બેસારીઓ, ઉછંગની મોઝાર;
મોઝાર ગયો તે ઠાર, હર્ષ અપાર. બળે; તમો. ૨
અભાગણીના છોકરા, ઇચ્છે સુખનો દન;
દેહ પતન કર દામણા, જન્મ ધાર મુજ તન,
મુજ તન ઉકળીયું મન, ભાવે નહિ અન્ન. બળે; તમો. ૩
નારદજી કેમ ભોગવું, એનું આપ્યું સુખ;
સકળ સભાના દેખતાં, દીન થયું મૂજ મૂખ,
મુજ મૂખ, અંતરે દુઃખ, જાઉ કેમ કુખ. બળે; તમો. ૪

---

* કેટલાક મનુષ્યો સારા શુકનને માટે ખોટી થાય છે, અને છેવટે સારા શુકન ન આવે તો કોઇ કુંવારી કન્યાને અગર વિદ્યા ભણુતા બાળકને આગળ મોકલી સામે આવવા સુચવી તેના શુકન લે છે, એ શુકન કાંઈ કામ કરે નહિ; શુકન તો ઘરમાંથી નિકળતાંજ આવી ચઢયા તે સત્ય.

(નારદ) મરાઠી સાખી.

આછી વયનાં અર્ભકને શાં, માન અને અપમાન;
ઉમ્મરવિણુ તે અક્કલ ક્યાંથી, નિશ્ચય તુ નાદાન;
ચાલ્ય આપુ રાજ, તારા બાપને કહીને આજ. ચાલ્ય.

હે બાળ તારી નાની વયમાં વન વેઠવું કઠીણુ લાગશે; માટે ચાલ્ય. હે ! કોમળ વયના બાળક માતાના વચનપર રીસ કરી દુઃખનો ડુંગર માથાપર ઉચકી લીધો એતો સારૂ નજ કર્યું. ચાલ્ય પાછો ઘેર, હું તારા પિતાને સમજાવી તને રાજ્ય અપાવું. ધ્રુવ કહે અહો નારદમુની મહારાજ મારા રંગમાં ભંગ ન કરો, હું દુઃખનો ડુંગર માથે નથી લેતો પણુ પદ પ્રહારકરી પાતાળમાં ચાંપવા જાઉછું. આપ કૃપાનિધાનનાં દર્શન થયાં તો જરૂર મારૂં કાર્ય સિદ્ધ થશે, મને આશિર્વાદ આપી વિદાય કરો. મહારાજ હું પાછો શિ રીતે વળું ! મારી અપ્પર માતાએ મને અનેક વચનો કહ્યાં પણુ મારા પિતા એક શબ્દ બોલ્યા નથી; તેમ મારી તરફ કૃપાદ્રષ્ટિ પણુ દર્શાવી નથી. હવેતો શ્રીહરી કરે તેજ ખરૂં. મારો ચઢેલો વેગ ઉતરવાનો નથી તે નથીજ !

(નારદ) ગુજરાતની માલણનો રાગ.

તમે સાંભળો સુમતી બાળ રે; હિત વચન કહુંછું આ કાળ રે. ૧
જ્યારે દેખશો વન વિકરાળરે; ત્યારે મોઢુ થશે ઓશીઆળ રે. ૨
જ્યારે ઉછળે કેશરી કાળરે, ત્યારે પેટમાં પડશે ફાળ રે. ૩
જ્યારે વિંટળાઈ વળશે વ્યાળ રે; ત્યારે લાગશે લમણે ઝાળ રે. ૪
જ્યારે સાંભરશે સુખ ભોગ રે; ત્યારે જાવાનું કરશે જોગ રે. ૫
જ્યારે સાંભરશે સુખ વાડી રે, ત્યારે આવશો વનને છાંડી રે. ૬
જ્યારે તાઢે તવાશે આ તન રે, ત્યારે માઠુ તે લાગશે મન રે. ૭

(ધ્રુવ) ક્ષત્રિકલંક.

કેમ વદોછો મૂનિવર આવી વાણુ; પાછો હું કદી નહિ પડુરે;
મૂજ રંગમાં કરો ન ભંગાણુ. પાછો હું. ૧
ધાર્યો ધર્મ મેતો કરૂ જપ તપ; પાછો હું.
ઈંદ્ર વૈભવનો કરૂ નહિ ખપ. પાછો હું. ૨
મારે કરવું છે હરી દર્શન; પાછો હું.
મહામૂનિ મને થાઓ પરસન. પાછો હું. ૩
સિંહ સુત કદી ચાવે મુખ ઘાસ; પાછો હું.
સુખ ભોગ તણી કરૂ નહિ આશ. પાછો હું. ૪
અરે આવી ઉગે સામા કદી સુર; પાછો હું.
મિથ્યા સુખ કદી આણું નહિ ઉર. પાછો હું. ૫

નારદ—શાબાશ ! શાબાશ ! પુત્ર શાબાશ ! આવી નાની વયમાં તને દ્રઢ વૈરાગ્યવાન જોઇ મને અતી હર્ષ થયો છે. જા મધુવનમાં જઇ શ્રીહરીની તપશ્ચર્યા કરજે અને હું આપુછુ તે દ્વાદશ અક્ષરનો મંત્ર જપજે. "**ૐ નમો ભગવતે વાસુદેવાય.**" જેથી તારાં સર્વ કાર્ય સિદ્ધ થશે. તારો આવો દ્રઢ નિશ્ચય જોઇ મને અતી ઉલ્લાસથી તારો ગુરૂ થવાનો ઉમંગ થયો છે. ઇશ્વર તારી આશા પૂર્ણ કરશે.

(નારદમુનિ) ઘડપણ કોણે મોકલ્યું, એ રાગ.

જપજે જપજે તુ જગતના નાથ, જનમ તારો કર થશે;
પામે સુરતણો તુ સંગાથ, જનમ તારો કર થશે.
નામ જપ્યાથી નામી મળશે, ફળશે મારી ફાળ;
દર્શન દેશે દયાનિધી રે, જાશે જનમ મરણ કેરી ઝાળ. જનમ. ૧
દયાના સાગર દેવ દોડે, ગૌર વરણ ધનસ્યામ;
ભક્તિ જોઇને ભક્તની રે, એતો આપે અવિચળ ધામ. જનમ. ૨
શંખ ચક્ર ગદા પદ્મ ધારી, કૌસ્તુભ મણીની માળ;
ધ્યાને ધિરજ આપશેરે, એવા ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ. જનમ. ૩
વનમાળી વનમાળા ધારી, સુવર્ણ ઝાંઝર સાર;
રૂપ વખાણું કેમ કરીરે, શેશ બ્રહ્મા ન પામે પાર. જનમ. ૪
પ્રેમની પૂંઠે દોડે પાતળીઓ, પિતામ્બર પરીધાન;
સાચે દીલે જે ભજે રે, મૂકી અહંકાર ને અભિમાન. જનમ. ૫

[કવિ] મરાઠી સાખી.

બાળ વૉળાવી વેગે મુનિવર, આવ્યા રાજ્ય સભાય;
આસન આપી પુજન કીધુ, પ્રિતે લાગ્યો પાય;
કરે પશ્ચાતાપ, ધ્રુવ વિયોગે છે સંતાપ. કરે.

(નારદ) હે ! રાજા સુખી તો છો ?

હું વિયોગી બાળનો મને સુખ શાનું રે;
સુખ શાનું રે; છે કોનું છાનું રે. હું વિયોગી.
અબળા આધિન હું થયો, તો પામ્યો સંતાપ;
નારી વશ જે નર થશે; તેનાં પુરણ પાપ,
ઋષિજી આજે રાજયનો થયો અસ્ત ભાનું રે. હું વિયોગી ૧
સ્વતંત્રતા જ્યાં નારની, તેનો મિથ્યા બોલ;
સજ્જનમાં સરખાય નહિ, તેનો હલકો તોલ,
પાપ કરી વળ્યાં પૂર્વનાં; પડયું એથી પાનુંરે. હું વિયોગી. ૨

નારદ—રાજા ઉત્તાનપાદ શાન્ત થા શાન્ત થા! આમ કલ્પાન્ત કર્યે શું વળવાનું હતું. તારો બાળક કાલ ઘેર આવશે.

(રાજા) રાગ—માઢ. બંસી બાલાની ઢબ.

ઋષિજી મને શાનું હોએ સુખ, થયો પુત્રના પ્રેમ વિમુખ. ઋષિજી.
અપ્પરમાના આળથીરે, ધ્રુજી ઉઠયો તન;
શકયો કોઇનો નવ રહ્યો, વિરો ચાલ્યો વન. ઋષિજી. ૧
સુખ સાગરમાં ઝીલતો, ખીલતો કળી સમાન;
શિત વૃષાના તાપથી, વીલાઇ જાશે વાન. ઋષિજી. ૨
વનચર વનનાં દેખીને, ધારી રહે ન ધીર;
વનનાં દુ:ખ છે વસમાં ઝાઝાં, શી રીતે સહેશે શરીર. ઋષિજી. ૩

(નારદ) મરાઠી સાખી.

ધર્મ ધોરીધર ધિરજ ધારો, બાળ મળ્યો મને રસ્તે,
સ્મર્ણુ કરીને શામળીઆનું, આવશે મોઢે હસ્તે;
છે મુજ આશીશ, દર્શન દેશે શ્રી જગદીશ. છે,

એ હું જાઉછું. તારો પુત્ર પ્રભુ પ્રસન્ન કરી વહેલો આવશે.

(કવિ) રાગ; ગિરધારીની લાવણી.

મધુવનમાંરે સુમતીનો સંતાન, આવ્યો ભજવાને ભગવાન;
વય નાનીરે કોમળ વપુનું વાન, નારદે કરાવ્યું ભાન.
નાહ્યો બાળક નિર્મળ ગંગરે. જેને ચઢીઓ છે પાકો રંગ રે;
એતો કેમે ન થાએ ભંગરે;
ઉમંગરે અંગમાં રગેરગ રમતો, એતો ગોવિંદજીને ગમતો;
પહેલે માસેરે બોર જમીને દીન કાઢે, જમે કોઠ ત્રિજે ત્રિજે દહાડે;
બિજે માસે રે છઠું દિવસે કરે અહાર, સુકાં ફળ ફુલ પત્રને છાર. ૧
ત્રિજે નવમે દિવસે પીએ જળ રે, જેના વિના ચાલે ન ઘડી પળ રે;
જેની કાયા અતી કોમળ રે;
જેને અંતર રે ઇચ્છા નથી લેવા ફળ, થયું ઇંદ્રાસન ખળભળ;
ચોથે માસે રે કોમળ અંગ સુકાયું, જેણે સેવન કીધો વાયુ;
પંચ માસેરે અચળ કર્યું છે મન જાણ; ત્રણુ લોકના રૂંધ્યા પ્રાણુ. ૨
એણે બંધ કરી જ્યારે શ્વાસા રે, ત્યારે દેવ સકળ તો ત્રાસ્યા રે;
કરતા આવ્યા છે નાસમ નાસા રે,
સૌ દાસારે ઉગારો અવિનાશા, અમને અંતર મોટી આશા;
મધુવનમાંરે તપ કરેછે કોઇ બાળ, જેણે કંપાવી મૂકયો કાળ;
વાસવેરે વંદ્યા દીનદયાળ, ત્યારે બોલ્યા શ્રી ગોપાળ.

(વિષ્નું)   મરાઠી સાખી.

અવિચળ પદનો એ અધિકારી, ઇંદ્રાસન શા લેખે;
ત્હારૂ સુખ તરણુપર બિંદુ, તુંતો અહકળ દેખે;
કહું સાચી વાત, ઇંદ્રાસનને મારે લાત.

કર્તા—દેવની આગતા સ્વાગતા કરી શ્રી વિષ્નુ ભગવાને શંખ, ચક્ર, ગદા, પદ્મ, મુગટ કુંડળ, વનમાળા, કૌસ્તુભમણીની માળા, પિળાં રેશમી પિતાંમર, સુવર્ણનાં ઝાંઝર ધારણ કરી ગરૂડપર સ્વાર થઇ મધુવનમાં આવી શંખનો નાદ કર્યો.

ગિતિ.

શંખ નાદ જયાં કીધો, ધ્રુજી બાળક ધ્યાનેથી જાગ્યા;
નારદને અંધાણે, ત્રિભોવન પતિના ચર્ણે એ લાગ્યા.

હે વિશ્વંભર ! હે ચૌદ ભોવનના પતિ ! હે અનાથના નાથ ! આજે દર્શન આપી દાસને પૂર્ણ કૃતાર્થ કર્યો છે. વિષ્નું ભગવાન કહે હે બાળક ત્હારૂં આવું અઘોર તપ જોઇ હું પ્રસન્ન થયોછું, અને તને ઇચ્છિત વર આપવા માટે આવ્યોછું, માટે માગ્ય !

(ધ્રુવ)   રાગ; મંગળઆયુશ આપો.

વિઠુલ વર શિદ માગુ; હવેરે હુંતો વિઠુલ વર શિદ માગુ;
સેવાતો માગુ પ્રભુ સમરણ માગુ, માયા થકી દુર ભાગુ. હવેરે. ૧
કાયા છે કાચી, નથી હરી સાચી, સંસાર સુખ ખરે નાગુ. હવેરે. ૨
જગજીવન છો જગના પાળક, પ્રેમથી પાએ લાગુ. હવેરે. ૩

વિષ્નુ ભગવાન કહે હે બાળક ધિરજ ધર ! જે દેવને પણ અતી દુર્લભ છે એવું ઉત્તમ પદ હું તને આપીશ, તુ મને અતી પ્રિય છે. તારા સમાન વયમાં મારી આટલી ભક્તિ કોઇએ કરી નથી. જો એ પદવી હુ તને અત્યારે આપુ તો તારી, મારી, અને નારદની ત્રણેની પ્રતિષ્ટા જાય. લોકો કહેશે રીબાઇ રખડીને મરણ પામ્યો, બાળક બુદ્ધિ તે બાળકબુદ્ધિ. કોઇ કહેશે ભગવાન તો છેજ ક્યાં, વળી તારી માતા પણ તારાં દર્શન વિના તલસે છે, તારો પિતા પણ આક્રંદ કરે છે, માટે હાલ તું જા ! મહિષ્મતી નગરીનું છત્રીસ હજાર વર્ષ સુધી રાજ્ય કર. પ્રજાનું પાલન કર. પછી હું વિમાન મોકલી તને સ્વદેહીએ વૈકુંઠ બોલાવી લઇશ ! (શ્રીહરી અંતરધ્યાન થયા.) ધ્રુવજી વિચારે છે અરે આતે સ્વપનું કે સત્ય ! કયાં ગયા ત્રિભોવનપતી. અરે મેંતો હાથમાં આવેલા ખોયા; હવે હું શું કરીશ. નહિ નહિ મને ભગવાનનાં દર્શન થયાં તો ખરાં, થયાંતો થયા પણ હું કાંઇ લાભ લઇ શકયો નહિ, અરે પ્રભુ સાથે આવી મારા માતા પિતાને સોંપી ગયા હોતતો ઘણું સારૂં થાત. અરે હવે હું કયાં જઇશ.

(કવિ) રાગ; મધ્ય નિશા સમે.

વિલપે છે વનમાંરે, ઉત્તાનપાદ રાયનો તન;
ખોયા ખોયા ખરે ખરે રે, મુજને મળીઆ શ્રી ભગવન. ૧
જોયા જોયા જગના પતીરે, જોયા જોઇ જવા દીધા ફોક;
ગણાયો હું ગાંડા માંહીરે, આજે મને હસશે નગરના લોક. ૨
માતા મારી બોલશેરે, મિથ્યા ખટ માસ વેઠયું મેં વન;
મનની મનમાં રહીરે, જરૂર મેં જોયા જુગજીવન. ૩

રાજા ઉત્તાનપાદના દરબારમાં નગ્રના જન ખબર લાવ્યા કે; હે ! રાજન, તપ કરી ધ્રુવરાજ આજે ઘેર પધારે છે.

ગિતિ.

મહિષ્મતીનો સ્વામિ, સુમતી બાળક આવ્યો ધ્રુવ રાય;
સુખનો સુરજ ઉગ્યો, કુળનો તારણુ બાળક કહેવાય.

(રાજા) રાગ—વર વરવાને.

હું તો હિન ભાગીરે.
આરે અવસરમાં મને શુંરે હસો છો, પ્રેમી પ્રજાના જનજી;
ખટ માસ વિત્યા ખરે ખર આજે, કયાંથી આવે તનરે. હું તો. ૧
કોમળ કાયા મૂકીછે માયા, જઇને કર્યો વનવાસજી;
આરો સંદેશો જેનો સ્વપ્ને ન સાંભળ્યો, તેની શી ધરવી આશરે. હું તો. ૨
આશ નથી ગળે પાશ હું નાંખુ, બોલાવ્યો નહિ બાળજી;
કાળ ગયો પણુ કહેણી આ રહી ગઇ, આવ્યું છે મુજને આળરે. હું તો. ૩
પડતા ઉપર પાટુ શું મારો, દાઝયા ઉપર ડામજી;
ધ્રુજી બાળક મારો મુજને દેખાડો, આપુ મો માગ્યાં દામરે. હું તો. ૪

નારદ—ધિરજ ધર ! શોચ ન કર; રાજા ઉત્તાનપાદ, સોળ કળાએ સુર્ય તારા ભાગ્યપર ખિલ્યો છે.

મરાઠી સાખી.

ઘણું ઘણું જીવો જુગમાં દીવો, તારા કુળનું તેજ;
સુમતી કેરો પુત્ર એ સાચો, ધ્રુવ બાળક છે એજ;
આવ્યો નગ્રની બહાર, વધાવી લેવા થા તૈયાર. આવ્યો.

(કવિ) કંચન થાળી કરમાં ધારી, અપ્પરમાતા આવી;
ઘણા સ્નેહથી ઘેરી લીધો, ખરાં મોતીએ વધાવી;
ભેટયો ઉત્તમ ભાઇ, ભાઇ સમાન છે કોની સગાઇ. ભેટયો.

કર્તા—ધ્રુવે પ્રથમ અપ્પર માતાને પ્રણામ કર્યા; હે માતા આપના વચનથી મને શ્રીહરીનાં દર્શન થયાં છે માટે હું આપનો સદાનો આભારી થયોછું. માતા કહે વિરા ધન્ય છે તમારી જનેતાની કુખને. તમારા જેવા પુત્ર આ સંસારમાં વિર્લાજ થશે. પિતાને નમી સુમતીને પ્રણામ કર્યા.

(સુમતી) રાગ; અબ ચલે ન મોહન.

તમે કુળ અજવાળ્યું બાળા, આજે ભજીને શ્રી ગોપાળા;
તમે તપ આરંભ્યું તનથી, તમે માયા મૂકી મનથી;
વિરા વહેલા આવ્યા વનથી, કરી રળીયાત, જનેતાની જાત, વળી તમ મત;
મટયાં ઓશિયાળાં. આજે. ૧
તમે ભાવે ભજ્યા ભગવાન, તમે મૂકયુ મોટમ માન;
તમે રઝળ્યા રાનો રાન, ખમા મુજ તન, તને ધન્ય ધન્ય, માન્યુ મૂજ મન;
મટાડી જવાળા. આજે. ૨

મરાઠી સાખી.

અપ્પરમાને પ્રથમે પ્રણુમી, પછીથી પ્રણુમ્યો માત;
હાથ પસારી ધાઇને વળગ્યો, આવો ઉત્તમ ભ્રાત;
કરે આંસુપાત, પાએ નામ્યો દેખી તાત. કરે.

(કવિ) રાગ; રાય બાણાસુરનું બારણું.

રાય ઉત્તાનપાદતો રીઝીઓ, દેખી પુત્રનું મૂખ;
ધન્ય ધન્ય વિરા તુજને, દિપાવી તમે કુખ. ઉત્તાનપાદ. ૧
હુંતો રાજ્ય સોંપુછું ધ્રુવ વીરને, થયું મન મ્હારૂ મગ્ન;
દેવના દેવ ત્યાં આવીઆ, કરવા કન્યાનું લગ્ન. ઉત્તાનપાદ. ૨
એક દિગનંદન નામે દેવતા, આવ્યો ઇંદ્રની સાથ;
પુત્રિનો વિવાહ એણે કર્યો, કર્યો ઉત્તમ નાથ. ઉત્તાનપાદ. ૩

ઇંદ્રની પુત્રિ સાથે ધ્રુવનાં અને દિગનંદનની પુત્રિ સાથે ઉત્તમનાં એમ બંને વિરનાં સ્વર્ગમાં લગ્ન થયાં, રાજા ઉત્તાનપાદે ધ્રુવને રાજ્યાસને બસાર્યો, ધ્રુવે રાજ્યગાદી ઉપર બેસી પોતાની આણુ વરતાવી અને વર્ણાશ્રમના ધર્મ સર્વને બતાવ્યા.

(ધ્રુવજી) રાગ; હું હે રાજાજી.

ચારે વર્ણના ચાર ધર્મ છે, એતો બતાવું આજ. માનો.
પોતપોતાના ધર્મને પાળી, કરવાં ઉત્તમ કાજ. માનો. ૧
ભણે ભણાવે શાસ્ત્ર વેદને, વળી કરે ષટ કર્મ; માનો.
ત્રણે વર્ણને ઉપદેશ આપે, એ બ્રાહ્મણનો ધર્મ. માનો. ૨
શુર થઇને શમશેર બાંધે, કદી પડે નહિ નર્મ; માનો.

ત્રણે વર્ણનું રક્ષણ કરવું, એ ક્ષત્રિનો ધર્મ. માનો. ૩
અતી પ્રયત્ને ઉતપન્ન કરવું, માંહેલો સમજી મર્મ; માનો.
ત્રણે વર્ણનું પોષણ કરવું, એ છે વૈષ્યનો ધર્મ. માનો. ૪
સેવા કરવી સારી રીતે, ગંભિર થાવું ન ગર્મ; માનો.
હાજી હાજી કરી હાજર રહેવું, શુદ્ર તણો એ ધર્મ. માનો. ૫
સત્ય બોલવું સત્ય ચાલવું, જેમાં આનંદ પર્મ; માનો.
શ્રીહરી કેરૂ સમરણ કરવું, ચારે વર્ણનો ધર્મ. માનો. ૬

એક સમયે ઉત્તમભાઇ વગડામાં શિકાર કરવા ગયો, ત્યાં કોઇ યક્ષે તેનો પ્રાણ હરણ કર્યો. તેનું વહેર લેવા ધ્રુવ ચઢયો; અને પોતાના બાહુ બળથી અનેક યક્ષોનો સંહાર કર્યો. પ્રભુભક્તને હાથેં પાપ થાય છે એમ જાણી વડીલ દાદા મનુ ધ્રુવને હિંસા કરતો અટકાવવા ત્યાં દોડતા આવ્યા.

[કવિ] ગિતિ.

અનેક યક્ષને માર્યા, ત્રાહિ ત્રાહિ પોકારે વાણ;
મનુ તરત ત્યાં આવ્યા, ધ્રુવ તણાતો અટકાવ્યાં બાણ.

મનુ કહે અરે શ્રીહરીનો ભક્ત થઇ ક્રોધને કેમ ધારણ કર્યો છે ! ક્રોધ છે એ અતી દુઃખ કરતા છે, એ રાક્ષસથી પણ ખરાબ છે, રાક્ષસ સામાનેજ ભય ઉપજાવે છે અને દુઃખી કરે છે; પણ ક્રોધી માણસ ક્રોધથી બીજાનું તેમ પોતાનું બન્નેનું બુરૂ કરે છે; માટે એનો ત્યાગ કર. જન્મ મરણ પરમાત્માની માયાનો અજ્બ ખેલ છે, માટે એકને અપરાધે અનેક નિર્પરાધીનો નાશ ન કર.

મનુના ઉપદેશથી ધ્રુવજીએ યુદ્ધ કરવું બંધ કર્યું. જ્યારે છત્રિસ હજાર વર્ષ પુરાં થયાં ત્યારે વિમાન આવ્યું, ધ્રુવજીસ્વદેહીએ પ્રભુ દ્વારે જઇ અવિચળ પદવીને પામ્યા.

(કવિ) રાગ; વૃષારૂતુ વહી ગઈરે.

વર્ષે ઘણાં વહી ગયાંરે, કરતાં કરતાં રાજ્યનું કામ;
અવસર આવીઓરે લેતાં લેતાં પ્રભુનું નામ. ૧
વિમાન આવીયુંરે, છોડી ધ્રુવે નગરી જાણ;
અવિચળ પદ મળ્યુંરે, જેણે ભજીઆ સારંગપ્રાણ. ૨
એ પદ પામવારે, ભજવા ભાવે શ્રી ગોપાળ;
શિખ રૂડી કહેરે, આજે સેવક બાપાલાલ. ૩
ભજન આ ભવ વિષેરે, પુરી કરશે મનની કામ;
માટે તજી સર્વનેરે, નિશ્ચે લેવું રામનું નામ. ૪
કળીનાં યુગમાંરે, કોડીલો પુરા પાડે કોડ;
હરીજન બોલજોરે, જય જય જય જય શ્રીરણછોડ. ૫

કમાલ આખ્યાન.

(કવિ)	પદ. પુનમચાંદનીનો રાગ.

દેહ મનુષ્ય ધરી મોહન નવ વિસારશોરે,
જેનું નામ જપ્યાથી અઘ દુઃખ સઘળાં જાય;
દ્રઢ ભક્તિ ધારો ધરણીધર દુઃખ કાપશેરે.
ભક્તિ કરી જે ભકતોએ ધારી દ્રઢ વિશ્વાસ;
અંતરજામિ આવીઆ, પલકે છોડયા પાશ,
સમરણ કરતાંમાં, સૌરંધ્રિને સાચવીરે;
કુકર્મિ કૈયાકિચકને આપ્યો ત્રાસ.	દ્રઢ. ૩
પાશ છોડયા પ્રલ્હાદના બહુવિધ બાંધ્યો બંધ,
ત્રાસ પમાડયો પુત્રને, અસુર હતો મતિમંદ;
ફોડી સ્થંભને નરસિંહરૂપ ધરી આવીઆરે,
હિરણ્યકસ્યપુ સાથે, કરીયું છે યુદ્ધ દ્વંદ.	દ્રઢ. ૨
દામાજી દુઃખીઓ સહી, આવ્યા કમળા કાન્ત,
દર્શન આપ્યું દાસને, શાહને કરીઓ શાન્ત;
વિઠુ મહાર થઇ નાણું ભરીને આવીઆરે,
ભિડ ભક્તની જાણી, ભાગી મનની ભ્રાંત.	દ્રઢ. ૩
કાલો કુંવર કબીરનો, નામે હતો કમાલ;
શિધુ દેતાં સંતને, બાળ થયો બેહાલ,
રૂડા રામ ભકતોએ, અંતર ઓછું આણીયુંરે;
આવ્યા અંતરજામી, આણી અંતર વહાલ.	દ્રઢ. ૪
ગર્ભવાસ રક્ષણ કર્યું, જનમે આપ્યો અહાર;
સંકટ આવે સંતને, વિઠ્ઠલ કરશે વહાર;
એવું જાણીને સદા, ભજોને શામળોરે;
બાપુ બોલે બોલે, સર્વ શાસ્ત્રનો સાર.	દ્રઢ. ૫

(કવિ)	ત્રિતાલ ચોપાઇ.

કબિર પૂત્ર એ નામે કમાલ, જેને ગોવિંદ સાથે ઘણું વહાલ.
બાળપણુથી એ બુદ્ધિશાળી, નાંખ્યા તાપ ત્રિવિધીના ટાળી.
બાળ નિકળ્યો જાત્રા માટ, જોયાં પવિત્ર ધામને ઘાટ.
ફરી દ્વારીકાં ગયો ચિત્રકોટ, "રામ" આગળ થયો લોટપોટ.
નગ લોક રહ્યા છે નિહાળી, પામ્યા વિસ્મય ભક્તને ભાળી.

થયો ભજન વિષે આરૂઢ, પ્રેમીજન થયા દિગમૂંઢ.
બે બોલે છુટે ખાણું નર્ક, નગ્રશેઠ તો થઇ ગયો ગર્ક.
ફરે ફરે આનંદ ઘણો વ્યાપ્યો, એણે ચિંતામણી લાવી આપ્યો.

ચિંતામણીને જોઇ કમાલ ક્રોધાયમાન થયો અને વિનય સહિત ક્રોધથી બોલ્યો.

મરાઠી સાખી.

લઇજા લઇજા આ શું લાવ્યો, પારસ બદલે કોડી,
રામનામની કિમ્મત કીધી, ત્હારી બુદ્ધિ થોડી;
મ્હારે નવ જોઇએ, કિમ્મત આપી ન શકે કોઇએ. મારે.

નગ્રશેઠ કહે ભક્તરાજ આપના મનથી એ તુચ્છ વસ્તુ છે, તોપણ આ દાસને પાવન કરવાને એ વસ્તુ ગ્રહણ કરો ! હું માનું છું કે "રામ નામ"ની બરોબર કોઇ વસ્તુ નહિ હોય તથાપી એ આપની પાસે રાખશો એમ ઇચ્છુછું.

કમાલ—શેઠ; નામનો પ્રતાપ જુદો છે, તેનું વર્ણન કરવાને શેષ મુખે શબ્દ નથી, સાથે સરખાવાને પ્રજાતિની પાસે પદાર્થ નથી, કિમ્મત આપવાને કુબેર ભંડારી પાસે રત્ન નથી, તો તમારી પાસે તો કયાંથીજ હોય.

મરાઠી સાખી.

સુર્ય સાથ સરખાવા શું છે [1]ધરા તોળવા [2]બાંટ,
સ્વર્ગ મૃત્યુ પાતાળની રિદ્ધિ, નહિ નામની કાંટો કાંટ;
સદા જાણો અમૂલ્ય, વસ્તુ નહિ કોઇ એની તુલ્ય. સદા.

મણી ફેંકી દઇ, ભજનની સમાપ્તિ કરી કમાલ નિદ્રાવશ થયો; ત્યારે શેઠ અને બીજા કેટલાક માણસોએ મળી તેજ મણી તેના વસ્ત્રમાં બાંધ્યો. સવારમાં ઉઠી કમાલે રસ્તો ટુંકો કરવા માંડયો, માર્ગમાં શૌચ ક્રિયાના સમયમાં તેને મણીની જાણ પડી, ત્યારે ઘણો પસ્તાવો કરવા લાગ્યો.

ગિતિ.

હાય રહ્યો ગફલતમાં, પિતા જાણશે ત્યારે શું થાશે;
કલ્પતરૂ ફળ જાતાં, કર્મે કૌવચ આવી મુજ પાસે.

પણ ચાલ પિતા પાસે આ મણી લઇ જવો તો ખરોજ. થોડે દિવસે પંથ કાપતાં પગરણ ઘેર થયાં, કબિર પુત્રને જોઇ સાનંદાશ્ચર્ય પામ્યો, વળી તેને છાતી સાથે દબાવી સર્વે સમાચાર પુછયા. કમાલે ઇશ્વર લિલાનું વર્ણન કર્યું તે સાંભળી કબિરને ઘણોજ હર્ષ થયો. તેજ વખતે કમાલે ચિત્રકોટથી મળેલો મણી દેખાડયો. પિતાજી, હરી કિર્તનથી આનંદ પામી એક શેઠીઆએ મને આ વસ્તુ આપી છે, તે શું હશે !

---

૧ ધરા=પૃથ્વિ, ૨ બાંટ=જોખવાનાં કાટલાં.

કબિર—અરે છોકરા હું જાણતો હતો કે તું બરાબર સમજપોખું પણ હજી ઘણી કચાશ.

મલિયાગર ચંદનને મુકી, અંધ હીંગ કયાં લાવ્યો;
અમૃત કોઇને આપી દઇને. ઝેર જરૂર લઇ આવ્યો;
ખુબ ખાખ લીધી, કસ્તુરી આપી દીધી. ખૂબ.

પિતાનાં વચન સાંભળી કમાલ તેજ વખત ચાલી નિકળ્યો, અને ચિત્રકોટ જઇ શેઠના મોં આગળ મણી પછાડયો.

(કમાલ) માલિની છંદ.

અરર મુરખ આ શું, કાજ વિપરીત કીધું;
અગર ચંદન લઇને, લીમતું કાષ્ટ દીધું;
ફટફટ ફટ ભુંડા, ભાવ ભુંડો ભજાવ્યો;
મુજ પિતુ પાસે, મણી ત્હારે લજાવ્યો.

આવાં કઠોર વચન કહી, કમાલના ગયા પછી તુલસીદાસ અતી ઉલ્લાસથી શ્રીરામચંદ્રજીની સમક્ષ સર્વ શિષ્ય વર્ગ તથા સંત મંડળને કહેવા લાગ્યા.

ગિતી.

ભૂતળ ભકતો જોયા, ધન્ય જનેતા ધન્ય *ગંગ તીર;
ધન્ય એ નગરી કાશી, એક કમાલ ને અડધો દાસ કબિર. સિયાવર.
(રામ) કબિર ભક્ત મુજ સાચો, ટેક પોતાનો કહીએ ના મુકે;
દ્રઢભક્તિ અંતરમાં, સંત સાધુની સેવા ના ચુકે. સિયાવર.

શ્રી હરીનાં વચન ઉપર કબિરની પરિક્ષા જોવાને તુલસીદાસ, સંત, સાધુ તથા કેટલાક વિદ્વાન બ્રાહ્મણો લઇ કાશી નગરમાં આવ્યા, અને કબિરને ઘેર આવી કહ્યું હે ભક્તરાજ;

ત્રણ દિવસ અપવાસી, ક્ષુધા તૃષા વળી પ્રયાસથી દુઃખી;
દયા દીલમાં આણો, ભોજન આપી, કરો અમને સુખી. સિયાવર.

તુલસીનાં વાકય સાંભળી કબિર ગભરાયા, કારણ કે પોતાનો નિયમ એવો હતો કે હમેશાં જે મજુરી થાય તેમાંથી અડધુ ઘર ખાતે ખર્ચવું; અને અડધુ પુન્ય કરી દેવું, તેથી તુલસીનાં વાકય સાંભળી ગભરાયા અને પોતાના પુત્ર કમાલને બોલાવી સાધુનુ મન કેમ સંતોષવું, તે સલાહ લેવામાંડી.

(કબિર) મુજ ઉપર ગુજરી. એ રાગ

ભાઇ કમાલ કરવું કેમ ધર્મની આંટી;
કેમ કરી નિકળવું બહાર, મોટી આ ઘાંટી. ૧

* ગંગ=ગંગા નદી.

સાધુની સેવા કીધી તન વળી મનથી;
પણ સેવા આજે કરવાની છે ધનથી. ૨
ધન સંચરીયું નહિ કરીયું ધરમાદા હાથે;
આગળ સુખ કરવા જાણ્યું આવશે સાથે. ૩
પણ ધન વિણુ આજે સિધુ કયાંથી મળશે;
આ સાધુ સંતનાં દુઃખડાં કેઇ પેર ટળશે. ૪

અફસોસમાં; રાગ; મિસરી.

કબિરે માંડી વિનતી, દુઃખનો આવ્યો દીન; ઓ રામજી દુઃખનો આવ્યો દીન.
લાજ રાખો નિજદાસની, આપ તણે આધિન. ઓ રામજી. ૧
સાધુ આવ્યા ઘેર સ્નેહથી, હેતે માગે અન્ન; ઓ રામજી.
અન્ન તણો આધાર નથી, વારો દાસ વિઘન. ઓ રામજી. ૨
પુર્વનું પાપ આડુ પડે, ન મળે સેવા લાગ; ઓ રામજી.
સુપાત્ર માગે સામટું, કયાંથી મારાં ભાગ્ય. ઓ રામજી. ૩
પણ સેવક પાસે શું દીઠું, મોકલ્યા મ્હારે ઘેર; ઓ રામજી.
એકે ઉપાય રહ્યો નહિ, હવે શી કરવી પેર. ઓ રામજી. ૪

સાખી મરાઠી.

પામર જીવ હું પાપી પુરો, ભમીયુ મ્હારૂ ભાગ્ય;
સાધુસંત સુપાત્ર બ્રાહ્મણનો, ન મળ્યો સેવા લાગ;
મ્હારૂ દિલ દાઝે, કેમ કરી સુધરશે કાજે. મ્હારૂં.

પોતાના પિતાને અતી આક્રંદ કરતા જોઇ, કમાલ ગળગળો થઇ ગયો, અને વિચાર કરી બોલ્યો; બાપુ તમારી ધ્યાનમાં આવતું હોય તો મને એક યુક્તિ સુજી છે. તે એક:

(કમાલ) **મરાઠી સાખી.**

પ્રભુ સંભારો પ્રિતે પિતાજી; હામજ રાખો હઇએ;
કહ્યું માનો જો નિજ દાસનું, ચોરી કરવા જઇએ;
નથી અવર ઉપાય, આપણું કારજ કેઇ પેર થાય. નથી.

(કબીર) **દોહરો.**

ધન હરવું ધિક્કાર છે, પર પીડી કરવું કામ;
વગર મુલ્યથી લાવવું, કેમ રાજી રહે રામ. સિયાવર.

કમાલ—હે તાતજી, આપણે ક્યારે દ્રવ્ય ચોરી લાવવું છે? આપણે તો સંતને તૃપ્ત કરવાને શીધુજ લેવું, તેમાં વળી આપણી જાતે તેમાંથી અણું માત્ર પણ ગ્રહણ કરવું નહીં; પછી આપણે પારકાને પીડા કરી કહેવાયજ

નહીં, વળી વણિક અનેક પાપ પ્રપંચ કરી ભેગું કરતો હશે, તેનું અન્ન સાધુ મુખે જશે તો તેનાં પાપ ધોવાઇ જશે.

કબિર—પુત્ર ! વણિકને ભગવાનનો ડર નહિ હોય ?

કમાલ—જગત છેતરવામાં ઇશ્વરની બિક એ ધરતા નથી, પછી વહેપારને અંતે પુન્ય ખાતે પૈસા કાઢે, જાણે કે પાપથી મુક્ત થવાય.ભાવમાં, તોલમાં, બોલમાં, સર્વમાં ભૂલ્ય હોય છે. આખર ભગવાનને છેતરે તો જગત કોણ માત્ર.

દ્રષ્ટાંત—એક વણિકે પોતાની આખી જીંદગીમાં, મરતી વખતે મરતી ગાયનું દાન કર્યું; મુવા પછી ધર્મરાએ તેને પુષ્ટ ગાય આપી કહ્યું કે આ ગાય સવા પહોર સુધી તું કહીશ તેમ કરશે.

વણિક—(પુંછડુ ઝાલીને) ગાય. માર ! ધરમજાને ગોથું ! ગાય શિંગડાં માંડી સામી દોડી ત્યારે ધર્મ નાઠા તે બ્રહ્માને શરણે ગયા. બ્રહ્મા કહે ઉભો રહે દુષ્ટ ધર્મને દુઃખ દેનાર તું કોણ છું ?

વણિક—તું કોણ છું ?

બ્રહ્મા—હું બ્રહ્મા, સૃષ્ટિનો સરજનહાર.

વણિક—માર ગાય બ્રહ્માને ગોથું. ગાય દોડી કે બંને નાઠા, શંકરને શરણે ગયા. શંકર કહે, ખબડદાર પાપી ઉભો રહે કોણ છું ?

વણિક—તું કોણ છું ?

શંકર—હું શંકર સૃષ્ટિનો સંહાર કરતા.

વણિક—ગાય માર શંકરને ગોથું, હુકમ થતાં ગાય દોડી, ત્રણેએ ભગવાનની પાસે જઇ હકિકત કહી. એમને પોતાની પાછળ ઉભા રાખી, આવતા વણિકને ભગવાને પુછ્યું. કોણછું ? તેજ વખત સવાપહોર પુરો થયો, ગાયનું પુંછડું હાથમાંથી છુટી ગયું, અને વાણીઓ ભગવાનને ઓળખી પગે લાગી બોલ્યો. મહારાજ, હું આપનો દાસ.

ભગવાન—ગાયના બળે કરી તેં દેવને દુઃખ દીધું તો તને નર્કની સજા ફરમાવામાં આવે છે.

વણિક—મહારાજ; ન્યાયની રીતે સજા ભોગવવા તૈયારછું પણ આપના ન્યાયશાસ્ત્રમાં એટલું વધારવું જોઇએ કે ચાર ધામ ફરે તેને પણ નરક ખરૂં.

ભગવાને જાણ્યું આવું ન્યાય શાસ્ત્રમાં લખાય નહિ, અને વણિકને સજા થાય પણ નહિ, એમ સમજી પ્રભુએ તેને સદ્દગતિ, આપી. વણિકના દ્રષ્ટાન્ત ઉપર હાસ્ય કરી કબિર ચોરી કરવા તૈયાર થયા.

લાવણી બોડાણાની.

(કવિ) લીધાં ખાતરીઆં હાથ (૨) બંને જણુ ચાલ્યા સાથ;
સમર્યા વૈકુંઠનાથ, મ્હારી વહાર કરો. હાંહાંરે. ૧
બેઉ વાતો કરતા જાય, (૨) હવે શો રચવો ઉપાય;
સિતાવર મુખથી ગાય, મારાં દુઃખ હરો. હાંહાંરે. ૨
(કબિર) હવે ધન હેરવું ક્યાંથી (૨) શીધુ લેવું તેમાંથી;
એમ કબિર કહે મુખમાંથી, બોલ્ય સાચુ સહી. હાંહાંરે. ૩
(કમાલ) ત્યારે કમાલ બોલ્યો વાણી, (૨) તમે હૈએ રાખો જાણી;
શીધુ પકકુ લેવું તાણી, પણ ધન્ય નહિ. હાંહાંરે. ૪
(કબિર) જઇ કરો તેહની પેર, (૨) નહિતો પાછા ચાલો ઘેર;
કંઈથી શોધી લાવો ઝેર, તેથી કામ થશે. હાંહાંરે ૫
(કમાલ) કાં પિતા મનમાં સોચો, (૨) કાં આત્મ હત્યામાં પહોંચો;
આ વણિકનું ઘર કોચો, તેમાં શિધુ હશે. હાંહાંરે ૬

ગિતિ.

કવિ. ખાતરીઆં લઇ હાથે, પિતા પુત્ર બેઉ પછીતમાં બેઠા;
બળથી બાકુ પાડ્યું, ચોરી કરવા બંન્ને જણુ પેઠા. સિયાવર.

સંતને જમાડવાને જોઇતી સાહિત્યની ગાંસડીઓ બાંધી તૈયાર કરી. કબિર બહાર નિકળી, એકે એકે લેછે અને કમાલ આપે છે, છેલ્લી ગાંસડી આપી કમાલે વિચાર કર્યો કે અમારા ગયા પછી, કદાચ કોઇ ચોર આવશે તો બિચારા વણિકનું ધન લેઇ જશે માટે જગાડતો જાઉં. અંગુઠો પકડી જાગ્રત કરી ઝડપથી નીકળવા જાય છે કે તરત વાણીએ પગ પકડી બાંધી દીધા.

(વણિક) ક્ષત્રિકલંક.

અલ્યા ઉભો રહે તું આવ્યો અહીં કોણ; હવે હું તને નહિ છોડુંરે.
નક્કી લેઉ તારા આજે હુંતો પ્રાણ. હવે હું. ૧
કરી ચોરીને તું ચાલ્યો કેમ જાય; હવે હું.
થાવા માંડ્યા આવા અધર્મ અન્યાય. હવે હું. ૨
આતો વહેવારીઓ હોય હઠીચંદ; હવે હું.
કેમ બુદ્ધિ ત્હારી નાઠી મતિ મંદ. હવે હું. ૩
આવ્યો વાણીઓ સાધી શોધીને લાગ; હવે હું.
ઝટ ઝાલ્યા એના નિકળતામાં પાગ. હવે હું. ૪
ઝાલી ઝપાટીને ચપશી બાંધ્યો દોર; હવે હું.
શિક્ષા આપુ તને, થાય પહેલો પહોર. હવે હું. ૫

કમાલ કહે પિતાજી ધર્મ કરતાં ધાડ આવી, વણિકે પગ બાંધ્યા, હવે નિકળાય તેમ નથી.

લલિત.

અરર તાતરે શું હવે થશે, ઉત્તમ કુળની આબરૂ જશે. ૧
નગરરાયને ખબર જો જશે, દશે દિશમાં ઠાર નહિ થશે. ૨
શુળી કેદ કે ફાંશી દે ધણી, આશ તો નથી ઉગરવા તણી. ૩
કરગરી કહું વાર ના કરો, મુસ્તક છેદીને ઘેર સંચરો. ૪

રાગ; ડિંડી.

(કબિર) મારા પુત્ર બોલ્ય વચન તું વિચારી, તુજ પ્રાણુથકી કિરતી નથી પ્યારી;
કેમ ઘાત કરૂ બાપ આજ ત્હારી. મારા પુત્ર. ૧
(કમાલ) મારા તાત કહું વચન મેં વિચારી, વિલંબ કર્યે વિઘન આવે ભારી;
માટે ઝટ કરો ઘાત આજ મ્હારી. મારા તાત. ૨
(કબીર) જો જીવત્હારો આ ઘડીએજાએ, પછી પલક પણ મુજથી ના જીવાએ;
તુજ સાથે પ્રાણ કાઢુ મારો આંએ. મારા પુત્ર. ૩
આ હાથથી ન તુજ ઘાત થાએ, ભલે રાય કરે ચ્હાય તે સજાએ;
રખે રામ રૂઠે, બ્રહ્માંડ તુટી જાએ. મારા પુત્ર.

(કમાલ)

મરાઠી સાખી.

મળમુત્રનો દેહ મલિન આ, સંબંધ તેનો કાચો;
માની માયા મનથી મુકો, સ્નેહ પ્રભુનો સાચો;
માટે હે તાત, હવે કરોને મુજ ઘાત. માટે. ૧
ઘાત કરીને ઘેર પધારો, શીધ્રુ સંતને દેવા;
ધન્ય ભાગ્ય આજે તમ માનો, કરો સ્વહસ્તે સેવા;
જો વહાણું વહાશે, તો વચમાં વિઘન થાશે. જો. ૨

પુજ્ય પિતાજી નિરંતર બળનારી ને આત્માને બાળનારી દેહનો નાશ થતાં મને જરા પણ ખેદ નથી, તો આપ શા માટે ખીન થાઓછો, શરીર સદા સર્વદા રહેતું નથી, નાશવાન છે, જુઠું છે, મલિન છે માટે પુત્રભાવની આશક્તિ છોડી મારો નાશ કરો, અને સંતની સેવા કરી કૃતાર્થ થાઓ !

કબિર કહે હે વિરા ધર્મ સંકટ આવી પડયું, હવે મને એકે તરફની સુજ પડતી નથી. મારે શું કરવું ! હે જગદીશ્વર પુત્રપુત્રાદીક અનેક જન્મમાં પ્રાપ્ત થશે, પણ સદ્દપુરૂષોની સેવા વારંવાર મળવાની નથી, માટે હે મન પુત્રનો નાશ કરવાની દ્રઢતા સ્થાપિત કર !

ગિતિ.

(કવિ) થરથર કંપે કાયા, નેત્રે ચાલી આંસુની ધારા;
(કબિર) સંત સેવાને અર્થે, મુસ્તક ત્હારૂં કાપુ પુત્ર મારા.

શસ્ત્રનો ઘા કરી ધડથી મુસ્તક જુદુ કરી, ડાબે હાથે ચોટલીથી લટકતું ઝાલી, કબિરસાહેબ ઘેર આવતાં વારંવાર મુસ્તક સામુ જોતા જાયછે. અને કઠણ છાતીએ જરા જરા રોતા જાય છે.

(રાગ; ભેખરે ઉતારો રાજા ભરથરી.)

કમાલ કાળા તું ક્યાં ગયો, કરી દુઃખીઓ આ વાર;
માયા કરીને મુકી ગયો, જીવું કોને આધાર. કમાલ ૧
તુજવિણ પ્રાણ આ નહિ ટકે, છોડી જાશે દેહ;
સંત સાધુને સંતોષીને, સાથે સોંપુ તેહ. કમાલ. ૨
પ્રભુનામ મેં વિસારીને, સાધેલો વૈતાળ;
ધર્મનો લોપ કર્યો હશે, હીંસા કરી હશે [1]જાળ. કમાલ. ૩
પુત્ર વિના પડયો હું સુનો સુનો થયો સંસાર;
હાથ પાગને હૈયું ગયું, રામજી કરો વહાર. કમાલ. ૪

દોહરો.

કબિર ચાલી આવીઆ, સાધુ કેરી પાસ;
શીધુ સોંપ્યુ સંતને, નમીઆ તુલશી દાસ. સિયાવર.

કબિરપત્નિ પોતાના પતિના હાથમાં મુસ્તક જોઈ વિસ્મય પામી, અને ધારીને જોતાં પુત્ર કમાલને ઓળખીને.

(કવિ) દોહરો.

ચક્કર ખાઇ પથ્થર પડી, કુંવર કરાવ્યો કલેશ;
હાથે હૈયુ કુટતાં, ખેંચે શિરના કેશ. સિયાવર.

કબિર—હે સ્ત્રિ સાવધ થા, લે તારા પુત્રનું માથુ; આ ફના દુનિયાને છોડી પુત્ર પરલોક પહોંચ્યો.

(ભાનુમતિ) ઢીંઢી.

રહે ભાનુમતી શબ્દ કેમ સાંખી, કેમ જીવું હું તો પુત્ર પ્યારા પાંખી;
શબ્દ શુણતામાં કાયા ભોંય નાંખી. રહે. ૧
ત્હારૂં મુખ જોઇ કાયા મારી મુંજે, રૂડા રામજીને નથી કાંઇ બુજે;
છતે નેત્ર મને કશું નવ સુજે. રહે. ૨
હાલ હાલ જઈ હિમાળે હાડ ગાળુ, દેહ દાવાનળમાંહે જઇ બાળુ;
કુંવર કમાલ ગયો કરી મોંઢુ કાળુ. રહે. ૩

1 જાળ=ઢીમરની જાળ.

અરે ઉધુધું કે હુતો અહીં જાગુ. કુંવર કાલા વિના આમ તેમ ભાગુ;
હરી હાથ જોડી હવે મ્હોત માગુ. રહે. ૪

ગિતિ.

કબિર.—વહાલી કાંઇ વિચારો. સાધુસંત ઘેર ક્લેશ નહિ કરવો;
હરીની માયા અકળિત, પુત્ર ગયાનો શોક નહિ ધરવો.

રાગ; માઢ.

કાન્તા કરો કાં રૂદનરે; માનુની મારો મન.
મન મારો એ માધવી સાધવી છો સુજાણ;
જાણી અજાણી કેમ બની, પાવરધી છો પ્રિય પ્રાણરે. માનુની. ૧
દારા પુત્ર પરિવાર સૌ, પુરવ પુન્ય સંબંધ;
પરવાર્યે પહોચી વળે, કેમ બની તું અંધરે. માનુની. ૨
ભક્ત આવીઆ ભોવનમાં, જગતમાં દુર્લભ સેવ;
સેવા કરવી સંતની, મનથી માની દેવેરે. માનુની. ૩
શોક વિસારો સર્વદા, આણો ઉર ઉમંગ;
પુત્ર મુવો નવ જાણજો, વહાલી છુટયાં વ્યંગરે. માનુની. ૪

કબિરસ્ત્રિના મનતું સમાધાન કરેછે,તે દર્મિયાન તુલસીદાસ આવી કહેવા લાગ્યા.

(તુલસી) ગિતિ.

પુત્ર સહિત સૌ ચાલો, રસોઇ થઇ છે થાળ ધરી હાથે;
પંગત વેળા થઇ છે, ત્વરા કરો તો, જમીએ સૌ સાથે.

(કબિર) રાગ; મંગળ આયુશ આપો.

આજે પાવન કીધુ, ગરીબ ઘર આજે પાવન કીધુ.
નામ મહારૂં તો નિમીત માત્ર, વણિક કેરૂં શીધુ. ગરીબ.
સંતસાધુની સેવા અર્થે, હાથે હેરી લીધુ.
રામ ભક્ત રૂડા જગતમાં કહાવો, દાસને દર્શન દીધુ. ગરીબ.
વિષના પ્યાલા વેગળા મુકી, અમૃત આજે પીધુ. ગરીબ.

હે મહારાજ આપ જમો પછી અમો આપની વધી ઘટી પ્રસાદી લઇશું, આવા કબિરના વચન સાંભળી તુલસીદાસ પ્રસન્ન થયા, અને પોતાની સંત મંડળીને પંગત કરવાની આજ્ઞા આપી. સર્વ જમી રહ્યા ને સવાર થયું ત્યારે વિદાયગિરી માગી. કબિરજી તેમને થોડે સુધી વળાવા ચાલ્યા. અરૂણના દર્શન થતાંજ વણિકે રાજાને ખબર આપી કે મારા ઘરમાં ચોર પેઠો હતો તેને મેં બાંધી રાખ્યો હતો તેનું મુસ્તક કાપીને કોઇ લઇ ગયું છે. તેજ વખત રાજાએ ધડ મંગાવી શુળી ઉપર ચઢાવ્યું.

દોહરો.

કમાલ કાંટે મુકીઓ, કુડુ કરીયું કામ;
સાધુ સંતના સાથને, નમિ નમિ કરે પ્રણામ. સિયાવર.

અસંભવિત બનાવ જોઇ તુલસી આશ્ચર્ય પામ્યા, અને રાજાને પુછ્યું કે આ ધડ કોનું છે ?

રાજા—(નમીને) મહારાજ કોનું ... ... ખબર પડી નથી, પણ એ ધડ એક નેસ્તીના મકાનમાં ... આવ્યું છે, એ માણસ રાત્રે ચોરી કરવા પેઠો હતો અને એણે ચોરી પણ સાધાર્નીજ કરી છે. આવું સાંભળી તુલસીદાસે કબિર સામું જોયું ત્યારે કબિર કહે મહારાજ શું પુછો છો, એ આપનો પુત્ર કમાલ છે.

તુલસી—હેં ! આ બિના કેવી રીતે બની, તે મને સંભળાવ.

કબિર—મહારાજ આપ પધાર્યા અને અમારી પાસે કાંઇ નહિ હોવાથી આપને સંતુષ્ટ કરવાને હું અને કમાલ ચોરી કરવા ગયા ત્યાં છેક્ષી ગાંસડીએ વણિકને જાગ્રત કર્યો કે તે પોતાનુ બાકી રહેલું સંભાળે, અમો અમારે ખપ જેટલું લેઈ રહ્યા હતા; " કૃત્તિનાં ફળ સર્વને મળે છે. "

(તુલસી.) રાગ; રઘુપતી રામ રૂદેમાં રહેજો.

પ્રેમી તારા પુત્રને હુ જીવાડુરે, તારાં સંકટ સર્વે કાઢુ. પ્રેમી તારા૦
માગ્યું મુસ્તક તુળસીદાસેરે, આણી આપ્યું કબિરે આશેરે;
પ્યારો પુત્ર સાવધ હમણાં થાશે. પ્રેમી તારા૦ ૧
તારાં સંકટ સર્વે કાપુરે, હરીદાસ ખરો એને સ્થાપુરે;
મ્હારૂ પુન્ય સકળ એને આપુ. પ્રેમી તારા૦ ૨
રૂડા રામજી વ્હારે ધાજોરે, એના દારીદ્ર સર્વે જાજોરે;
કાલો કમાલ જીવતો થાજો. પ્રેમી તારા૦ ૩
શત્રુ સાથ સરવ એનો બળજોરે, આજે સઘળાં વિધન એનાં ટળજોરે;
મારી ભક્તિનું ફળ એને મળજો. પ્રેમી તારા૦ ૪

તુલશીદાસે પોતાનાં કરેલાં સુકૃત અને પુન્યનું ફળ આપ્યું તોય કમાલ જીવ્યો નહિ અને જયારે ભક્તિનું ફળ આપ્યું ત્યારે, રામ રામ, કરતો ઉભો થયો; માટે " સર્વ સાધન ભક્તિથી હેઠ છે. "

દોહરો.

(કવિ) સજીવન કરીઓ સુતને, કર્યું ભક્તનું કામ;
હરી હરી કરતો ઉઠીઓ, મુખે બોલ્યો રામ. સિયાવર.

કમાલ સજીવન થયો જાણી રાજાએ મનમાં તોલ બાંધ્યો કે આ સંતતો સાક્ષાત ઇશ્વરજ હોવા જોઇએ.

રાજા—હે મહારાજ, રામરૂપ દર્શન ધો, કે રામચંદ્ર ભગવાનનાં દર્શન કરાવો. તુલશીદાસે ધ્યાન કર્યું કે તુરત ચિત્રકોટથી ભગવાન આવી હાજર થયા અને સર્વને દર્શન દીધાં.

(કવિ) રાગ; રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે.

પ્રભુએ પુત્રને જીવ આપ્યોરે; નિજદાસ કરી એને સ્થાપ્યો. પ્રભુએ.
કબિર ભક્તને રામજી મળીઆરે, પુર્વ પુન્યનાં ફળ એને ફળીઆરે;
સૌ સાથે તુલશી વળીઆ. પ્રભુએ. ૧
ભક્ત પુત્ર સહિત ઘેર આવ્યારે, માએ હૃદયની સાથે દબાવ્યારે;
સહુ કુટુંબને મન ઘણા ભાવ્યા. પ્રભુએ. ૨
પુત્ર હરશી જોઇ તુજ મુખરે, આપ્યું અત્યંત આજે સુખરે;
તેંતો દિપાવી મ્હારી કુખ. પ્રભુએ. ૩
પુરી આજે પ્રભુએ હામરે, અનંત ભક્તનાં કરીઆં કામરે;
બોલે બાપુ વેણીરામ. પ્રભુએ. ૪
હું નમન કરૂં કરજોડરે, પ્રભુ પુરા પાડે સૌના કોડરે;
બોલો જયજય શ્રી રણછોડ. પ્રભુએ. ૫

ગોરો કુંભાર.

(રાગ—પ્રિતમ આ પ્રમાણ છે, અહાહાહા.)

ભક્તિ જેણે આદરી; રામા રામા, દિશા દશે પાધરી, રામા રામા.
પ્રભુમાં ચીત છે; રામા રામા, તેને નવનિધ છે; રામા રામા.
હરી ગુણ ગાય છે; રામા રામા; સુખી તે સદાય છે. રામા રામા.
ભક્તિ કરે ભગવંતની, પુરણ પ્રભુમાં પ્રેમ,
અષ્ટસિદ્ધ નવનિદ્ધથી, રાખે કુશળ ક્ષેમ;
નામ સ્મર્ણનો મહિમા ભારી, વદે વેદ પુરાણને શાસ્ત્ર ઉચ્ચારી,
મુખે રામ રામ કહો પ્રેમેથી સૌ. રામા રામા. ૧
રામ નામે પથ્થર તર્યા; જેમ તરવરનાં પાન,
ભાવ કભાવે ઉચરે, માધવ રાખે માન;
રામ ચર્ણથી અહલ્યા ઓધારી, સુગ્રીવ ઉગાર્યો બ્યાળીને મારી;
અંગદને લીધો ઉછંગ ત્યાં. રામા રામા. ૨
દુઃખ હરણ સુખજ કરણ, જાનકી પ્રાણ જીવન;
વિભિષણ ભૂપાળનાં, મળતાં મટયાં વિઘન.
સોનાની લંકાં સહજમાં લીધી, ભક્ત વિભિશણને અર્પણ કીધી;
જાનકીજીને છોડાવી લઇ. રામા રામા. ૩

નામ સમરતાં નાથજી, વિઠ્ઠલ કીધી વહાર;
ઘાટ ઘડયા ગોવિંદજી, કુંભાર કેરે દ્વાર;
બાપુ કહે છે બેઉ કરજોડ, હરી પુરે હરીજન મનકોડ;
જયજય શ્રી રણછોડ. રામા રામા. ૪

(કવિ) ગિતિ.

પંઢરપુરને પાધર, કુંભાર જાતી નામ જપે નિત્યે;
કથા કહું હું તેની, શ્રવણ ધરીને સાંભળજો પ્રિતે.

મરાઠી સાખી.

નિર્મળ મનની નોતમ નારી, ભક્ત તણી ભક્તાણી;
બે વરસનો બાળક સોંપી, ગઇ તે ભરવા પાણી;
થઇ વાર ઘણી; ત્યારે બિના કેવી બની. થઇ.

સ્ત્રિના ગયા પછી વિઠ્ઠલનાથજીનો પ્રેમી ભક્ત ગોરો વિચાર શુન્ય થયો. અરે આ બાળકની સંભાળ મારે લેવી અને ઘર કામ પણ મારેજ કરવાં, જ્યારે હું બધું કરીશ ત્યારે ઇશ્વર સ્મરણ ક્યારે કરીશ.

[ગોરો] ત્રિતાલ ચોપાઇ.

ગોરા કુંભારે વાત વિચારી, પાણી ભરવા ગઇ મુજ નારી.
વળી બાળક મેલ્યો હેએ; આ દુ:ખડાં તે કોને કહીએ.
મારે લેવું પ્રભુનું નામ, અને કરવાં તે ઘરનાં કામ.
ઘાટ ઘડવાને ગારો કરીએ; વિઠ્ઠલ વિઠ્ઠલ મુખ ઉચરીએ.

(કર્તા) સજ્જ થઇ ગારો કરવા માટે માટીના ઢગલા ઉપર ચઢયો. મોઢેથી વિઠ્ઠલ વિઠ્ઠલ કહેતો જાય, અને પગેથી માટી ખુંદતો જાય. કુદરતના નિયમે છોકરૂં પિતાના પગ પાસે આવ્યું, જાણે મને મારા બાપા તેડશે અને રમાડશે, તે વખતે ગોરો વિઠ્ઠલનાથજીમાં મગ્ન હતો, અને આંખો મિચેલી હતી.

દોહરો.

ઘાટ માટે ગારો કરે, પ્રભુથી જોડયો પ્રાણ;
પુત્ર આવીઓ પાગમાં, કરીઓ કચ્ચર ઘાણ. સિયાવર.

ગોવિંદમાં ગિરફતાર થએલા ગોરાના પગથી પુત્રનો નાશ થયો, તેની ઇંદ્રીઓમાંથી હાડકાં નિકળી પડયાં, અને માટી ભેગો માટી થઇ ગયો; એટલામાં તેની સ્ત્રિ પાણી ભરીને આવી અને પુત્રને દીઠો નહિ.

રાગ; રઘુપતી રામ રૂદેમાં રહેજો.

દીઠો નહિ બાળ તેણીએ જ્યારે રે, તર્ત શોધવા ચાલી ત્યારે. દીઠો.
પડી પ્રથમ પેટમાં ફાળરે, રખે થયો પુત્રનો કાળરે;
દીઠો કોઇએ નાનકડો બાળ. દીઠો. ૧

શેરીએ શેરીએ ફરતી નાદરે, તેં તો કોનો લીધો છે વાદરે;
નથી કેમ તું શુણતો સાદ.　　　　દીઠો. ૨
સો કહે થઇ તું તો વહેલીરે, તેં તો વાત વિચારી ન પહેલીરે;
જોને ઘેર જઇને ઘેલી.　　　　દીઠો. ૩
ત્યારે સ્રિ તો થઇ છે ઉદાશરે, રોતી આવી પતિની પાસરે;
કોણે પુત્રનો કરીઓ નાશ.　　　　દીઠો. ૪

(કવિ)　　　　ગિતિ.

સ્પર્શ થતામાં સ્રિનો, આંખ ઉઘાડી ઓચિંતી જયારે;
ધ્યાન માંહેથી જાગ્યા, લોક ઘણાને જોયા તે વારે.

(ગોરો)　　　　મરાઠી સાખી.

કૌતક શું છે લોક ભરાયા, કહે તું મુજને સાચુ;
ભાન નાહ મને જગત વિષેનું, પ્રભુ રંગમાં રાચુ;
બોલ્ય સાચુ સહી, શું છે ? લોકો ભરાયા અહીં.　　　　બોલ્ય.

સ્રિનો સ્પર્શ થતાં ભક્ત જાગ્રત થયા અને મનુષ્ય મેળાનું કારણ પુછ્યું ત્યારે સ્રિ કહે હે સ્વામિ; આપણો બાળક તમને સોંપીને ગઇ હતી તેનો પત્તો નથી.

(ગોરો)　　　　સાખી મરાઠી.

પુત્ર તારાની પેર ન જાણું, મોહનમાં મન મોહ્યું;
(ક) નારી મન નિસ્વાસ મુકીને, નિચે ગારામાં જોયું;
દીઠા કડકા અપાર, આંખે ચાલી આંસુધાર.　　　　દીઠા.

(નારી)　　　　ડિંડી.

મારા પુત્ર ગયો ક્યાં તું મને મુકી, મેલી વન માંહે વેલ જેમ સુકી;
અરે દૈવ દાવ આજ હું તો ચુકી.　　　　મારા પુત્ર. ૧
જોઇ કડકા તારા ભડકા મન મહારે; કરે શોક માતા નહિ મન તહારે;
હાય દેવ રઠયો પ્રભુ ધાઓ વહારે.　　　　મારા પુત્ર. ૨
વહેછે બન્ને આંખે અશ્રુ કેરી ધાર, વિણી છાબ માંહે લીધો તેણીવાર;
આ અભાગીઆને પરણી દુઃખ અપાર.　　　　મારા પુત્ર. ૩

ઇશ્વર સ્મર્ણ કરતાં પુત્રને અધિક જાણી પતિને અભાગીઓ કહ્યો કે તુરત ગોરાને ખોટુ લાગ્યું અને ક્રોધાવેશમાં બોલી ઉઠયો.

(ગોરો)　　　　ક્ષત્રિકલંક.

હવે ! બસ બસ બકવા મુક્ય;　　પ્રભુથી પ્રિતિ કાં ન જોડરે.
હેતે હરી સમરણ શાને ચુકય.　　„　„　„　„　૧
હોય મુવો ત્યાંથી મુવો તારો બાળ;　　„　„　„　„
હમણા આવીને પકડશે કાળ.　　„　„　„　„　૨

અક્કલહિન તું અબળા મતિમંદ; પ્રભુથી પ્રીતિ કાં ન જોડેરે.
આતો સ્વપ્નના જેવા સંસારના ફંદ. „ „ „ „ ૩
એ બાળ કોનો કોની તુંતો માય; „ „ „ „
પુર્વ જનમના રણીઆં કહેવાય. „ „ „ „ ૪
હશે લેણું દેણું પત્યુ જેણીવાર; „ „ „ „
પહોચ્યો પરલોક છોડી આ સંસાર. „ „ „ „ ૫

જેના અંતરમાં માયાનો લેશ માત્ર અંશ નથી એવા ગોરા ભક્તની દ્રઢ ભક્તિ જોઇ પ્રભુ તેની વહારે દોડી આવ્યા.

(કવિ) ગિતી.

જોઇ ભગતની પ્રિતી, અંતરજામિ અંતરમાં હશીઆ;
ગરૂડ થઇ અસ્વારા, વૈકુંઠેથી વહાલોજી ધસીઆ.

(લક્ષ્મિ) (રાગ. વિરા વેશ્યાના યારી.)

મારા સ્વામિ પધારો, કયાં સિધારો, સાચી કહો મુજને વાત;
હમણા હસતા બોલતા બેઠા, ઉઠયા ન લાગી વાર,
ગરૂડ ઉપર અશ્વાર થઇ, શિદ જાઓ જુગદાધારરે;
કહો મુજને સાચુ, રંગમાં રાચું, જાણું હું મારી જાત. મારા. ૧

(ભગ.) અરે હે અલબેલી, થાઓમાં ઘેલી, આવું છું હમણા નાર.
ગોરો કુંભાર જે ભક્તજ મારો, મરીઓ કુંવર તેનો આજ,
નારી મન આક્રંદ કરે છે, જાઉં સજીવન કરવા કાજ;
એને જીવતો કરીને, દુઃખ હરીને, ભક્તની કરીને વહાર. અરે. ૨

જગદીશ્વર જોગિરૂપ ધરી ગોરા દ્વારે આવી ઉભા, આવેલા અતિથીને જમાડયાવિના પાછો ન કાઢવો એવો ગોરાની સ્ત્રિનો નિયમ હતો તેથી, અને વળી સાધુ સેવાથી મનવાંચ્છના સિદ્ધ થાય છે એવા બે પ્રમાણુથી, પોતાનો છોકરો મરેલો છાબમાં ઢાંકયો છે તોપણ સ્ત્રિ જોગીને બેસવા કહી, રસોઇમાં દાખલ થઇ.

ગિતી.

આવી અલક જગાવી, ભિક્ષા આપો કહી બોલ્યા રઘુરાયા;
નારી મન વિચાર્યું, સાધુ સેવીને સફળ કરું કાયા.

રસોઇ તૈયાર થઇ ત્યારે સ્ત્રિયે જોગીને જમવા ઉઠવાની સુચના આપી.

(ભગવાન) દોહરો.

બાળક તારો કયાં ગયો, જમવા લાવો નાર;
ત્યારે અન્ન આરોગીએ પ્રભુ કરે ઉચ્ચાર. સિયાવર.

બાળક, એવો શબ્દ સાંભળી સ્ત્રિ, અંતરશોક કરવા લાગી, અને કહ્યું કે મહારાજ, બાળક રમવા ગયો છે તે ગમે ત્યારે આવે; આપ જમીલ્યો!

અતિથી—તારા પુત્રના આવ્યાવિના હું ભોજન નહિ કરૂં.

સ્ત્રિ—હે પ્રભુ, આપ ખોટી હઠ કરો છો, છોકરો કયારે આવશે તેનું શું પ્રમાણ, એતો એની માશીને ઘેર ગયો છે; એમ કહી રોવા લાગી. ત્યારે ભગવાને ઢાંકેલું વસ્ત્ર દુર કરી છાબ હાથમાં લઇ પુછ્યું, આ શું છે? સ્ત્રિ સ્તબ્ધ થઇ નિચું જોઈ રહી.

[કવિ.] દોહરો.

પતિત પાવન સ્વામિએ, સજીવન કરીઓ બાળ;
અસ્ત્રીને આશીશ દઇ, વળીઆ શ્રી ગોપાળ. સિયાવર.

બાળકને સજીવન જોઇ નારીના હર્ષનો પાર રહ્યો નહિ, અને પોતાના પતિ તરફ વધામણી ખાવા દોડી. નારી કહે હે નાથ તમારા પગ પ્રહારથી મૃત્યુ પામેલો પુત્ર પ્રભુએ સજીવન કર્યો.

[ગોરો.] રાગ; લાવણી, ધન્ય ધન્ય ભદ્રકાળી.

અરે તેં આશું કરીયું નાર, કેમ પ્રભુ પધાર્યા દ્વાર;
બાળકની કીધી વહાર, તેને જીવતો કીધો. હાંહાંરે. ૧
તે તાકયું ત્હારૂ સુખ, વિનંતી કીધી મુખ;
પ્રભુને દીધુ દુઃખ, એમનો અંત લીધો. હાંહાંરે. ૨
અહીં આવ્યા અંતરજામિ, ગિરધારી ગરૂડાગામિ;
એ ચૌદ ભોવનના સ્વામિ, તને રહ્યું નહિ ભાન. હાંહાંરે. ૩
માટે કરજે મન વિચાર, હું કહું તે ઉરમાં ધાર;
હવે તું નહિ મારી નાર, મારે માતા સમાન. હાંહાંરે, ૪

એહ્વા શબ્દ સાંભળ્યા કે નારી બેહોશ થઇ પૃથ્વિમાં પડી; થોડી વારે ભાન આવ્યું ત્યારે પોતે નિરાધાર થઇ છે એમ ભાસ્યું, શોચ કરતાં સુજી આવ્યું કે મારો સંગ સ્વામિ કદી કરવાના નથીજ, એવું જાણ પડી ત્યારે તેના સગા સબંધી ગમેતેમ આગ્રહ કરીને પણ ફરી લગ્ન કરાવ્યા વિના રહેશે નહિ, અને તેથી મારે શોકયનું સાલ થશે. એ ભયંકર દુઃખથી મુકત થવાને મારે કાંઇ ઉપાય રચવો જોઇએ, એમને ફરી લગ્ન કરવાની ઇચ્છા થાયતો હું મારી નાની બેનનો વિવાહ સબંધ મેળવું, તો એ શોક્ય નહિ પણ બેન તરીકેજ વર્તશે. આવો વિચાર કરી પોતાને પિએર જઇ માતપિતાને જણાવ્યું કે તમારા જમાઇની વૃત્તિ ફરી લગ્ન કરવાની થઇ છે. પોતાની મોટી દીકરીને ગોરા તરફનું સુખ છે એમ સમજી આગે નાનીને

પણ તેનેજ વેરે પરણાવવા નિશ્ચય કર્યો. થોડે દહાડે બ્રાહ્મણને શ્રીફળ લઇ મોકલ્યો, ત્યારે પોતાની સ્ત્રિના અતી આગ્રહથી ગોરાએ હા કહી. સમય આવ્યે પરણવા ગયા, પરણી ઉઠી ગોત્રજને નમન કરે છે તે વખતે સાસુએ ગોરાને બે વચન કહ્યાં.

(કવિ.) મરાઠી સાખી.

ભકત પરણીને ઉઠીઆને, ગોત્રજ પ્રણમ્યા જ્યારે;

જામાત્રને શિખામણ દેવા, સાસુ આવ્યાં ત્યારે;

(સાસુ) સ્નેહ સંબંધ તેહ, મારી મોટીની સાથે જેહ. સ્નેહ.

ગોરો— ઠીક બહુ રૂડું, મોટી મા ! તો નાની બેન !

દોહરો.

જોઇતુ હતુ ને વૈદે કહ્યું, સુખમાં રાખ્યો આજ;

સાસુની જીવ્હા પરે, બેઠા ત્રિભોવનરાજ. સિયાવર.

પરણીને આવ્યા પછી ભકતરાજ ઘરકામમાં પ્રવર્ત થયા, ઘણા દિવસ વિત્યા નાની સ્ત્રિએ પોતાના પતી તરફથી કોઇ પ્રકારનો સંસાર સુખનો અનુભવ ન કર્યો, ત્યારે છુપીરીતે પોતાની સરખી સાહેલીઓને દુઃખ સબંધી વાત કરવા માંડી બેન શું કરૂં, મારી બેને મને જાણી જોઇને કુવામાં નાંખી,એ રાંડના કહેવાથી મારી માએ કશું ન જોયું ને "લાકડા સાથે મિઢળ બાંધ્યું." આ બધી બિના ધિમે ધિમે મોટી બેનને કાને ગઇ અને પોતાની બેન પરણીને પસ્તાય છે તે વિષે વિચાર કરવા લાગી. બેનને પુછીજોતાં માલમ પડયું કે પતિની સાથે સંસાર વહેવાર નથી. નાની બેનનું આવું ભયંકર દુઃખ જોઇ પોતે યુકિત શોધી કાઢી ને રાત્રિએ જ્યાં ગોરો નિદ્રાવશ થયો હતો ત્યાં પોતાની બેનને લઇ જઇ પાસે સુવાડી પોતે આવતી રહી. "કામદેવનો બાપ એકાંત" એમ સમજી બંનેને એકાંત કર્યાં; રાત્રિમાં પાસુ બદલતાં સ્ત્રિને પોતાના હાથનો સ્પર્શ થતાં ગોરો જાગી ઉઠયો, અને સ્ત્રિને સ્પર્શ કર્યા બદલ હાથને ધિક્કાર કરવા લાગ્યો. અરે આજ સુધી હું તમને મારા જાણતો હતો, પણ આજ મને નિશ્ચય થયો કે તમે મારા નહિ; મારા હોય તે કદી મારી મરજી વિરૂદ્ધ વરતે નહિ. જેને મેં બેન કહી તેનાજ ઉપર તમારી કુબુદ્ધિ થઇ માટે તમને દુર કરૂં છું.

ગિતી.

ભકત ભડકીને જાગ્યા, નારી દેખી વિચાર શા કીધા;

ધીક ધીક હસ્ત તમને, કાપી કોણીથી દુર કરી દીધા.

આવું ભયંકર કૃત જોઇ સ્ત્રિ ભયભિત થઇ ગઇ અને થોડીવારે ધાડે શબ્દે રોવા લાગી.

લલિત.

અરરર દૈવરે આશુંરે થયું, સ્વામિ સુખમાં દુઃખ થઇ ગયું.
લેખ લલાટમાં શા લખ્યા હશે, હાય શું થયું શું હવે થશે.
પુર્વ પાપથી કુપમાં પડી, મ્હોત ના થયું જન્મિ જે ઘડી.
અળગી તો કરી મારી જાતને, ધીક ધીક છે માત તાતને.
સુપાત્ર ન જોયું શાળ સાંધીયું, કાષ્ટ પુતળે મિંઢળ બાંધીયું.
હાથ કાપીને ઠુંઠીઆં કર્યાં, સુકૃત શાં હશે સ્વામિ આ વર્યાં.

હાય દૈવ! પુર્વના કયા પાપે, આ મુરત મળી હશે, એમ રોતી, નિઃસાસા નાંખતી, પોતે પિયેર ગઈ અને માતાને બનેલી બિનાથી વાકેફ કરી.

રાગ; ચંદ્ર વખતશો આવીઓ.

માજી દૈવે શું ધારીયું, મનમાં તેં કાંઇ ના વિચારીયું.
જોડયો જડ સાથે પ્રાણ, શું મળ્યું તને મ્હાણ;
જય પામ્યાને ભોંયમાં ભારીયું. માજી. ૧
હોય અમૃતફળ, કરે ખાર તેમાં બળ;
ખાર ખાધાથી કહેવાય ખારીયું. માજી. ૨
બળે અગ્નિની ઝાળ, મારા રૂદીએ આકાળ;
માજી ઠીક કરીને શું ઠારીયું. માજી. ૩
પરણી ઉઠયા જેણીવાર કર્યો શો તમે વિચાર;
કર્યું બળ મ્હાર બધુએ હારીયું. માજી. ૪

મા—દિકરી છે શું! છાની રહે બેટા! દુઃખ શું તે તો કહે!

દિકરી—મા, કોઇ દિવસ સ્વામી સંગ નહિ, ને આખર બેનની બુદ્ધિએ ચાલતાં પતિના હાથનું છેદન થયું.

મા—દિકરી, કોઇ વાતે મુઝાવા જેવું નથી, બેટા એ વિઠ્ઠલનાથનો ભક્ત છે તેની ચાકરી કરો ને મરજી પ્રમાણે વરતો, તેમાંજ સાર નિકળવાનો છે; માટે અહીંથી જલદી ચાલી જા!

ગિતી.

વિઠ્ઠલ વ્હારે ચઢશે, સાજા કરશે હાથ હરી એના;
સત્યને માટે કપાયા, ત્રિભોવન નાથા સ્વામિ છે જેના.

જ્યારે ગોરા કુંભારે પોતાના બંને હાથ કાપી નાંખ્યા ત્યારે બે બાઇડીઓથી પુરતો ધંધો થઇ શકયો નહિ, ને નિર્વાહમાં ટોટો પડવા માંડયો. આવી દુઃખી દશા જોઇ, સત્યના સાધકને ત્રિભોવનના નાયકે, ભક્તના ઘર તરફ નજર કરી.

[કવિ] (રાગ. સેખરે ઉતારો રાજા ભરથરી;)

પ્રિતે પ્રભુજી પધારીઆ, ગોરા કેરે દ્વાર;
હાથ કપાયા ભક્તના, પુરો કરી આપુ અહાર. પ્રિતે. ૧
ગરૂડને ગદ્ધો કર્યો, સ્ત્રિ કુંભારણ રૂપ;
કમળાનાથ કુંભાર થઇ, આવ્યા ત્રિભોવન ભૂપ. પ્રિતે. ૨
આવી ઓચીંતા ઉભા રહ્યા, મુખે બોલતા વાણ;
કાળ પડયો મુજ દેશમાં, જાય અંન વિણ પ્રાણ. પ્રિતે. ૩
તે માટે મારી વિનંતી, રાખો અમને આજ;
પેટ ભરીને પામીશું, કરીશું તમ કાજ. પ્રિતે. ૪
ત્યારે ભક્ત પુછે ભગવાનને, સાથે શોરે પગાર;
અન્નવિના બીજું નહિ, શંકા ન ધરો લગાર. પ્રિતે. ૫
ઘાટ ઘડીશું ઘણા સ્નેહથી, કરશું કહેશો તે કામ;
તમે અમારા અન્નદાતા, છીએ તમારે નામ. પ્રિતે. ૬

કુંભાર સ્વરૂપે ભગવાને આવી ગોરા કુંભારને ઘેર ચાકર રહેવાનો અતી આગ્રહ બતાવ્યો ત્યારે ભક્તે પુછયું તું પગાર શો લઇશ ?

ભગવાન—મારે પગાર ન જોઇએ; અમે વખાના માર્યા આવ્યા છીએ, રજા હોય તો કામ કરીએ ને ધાન ખાઇએ ?

આવાં વચન સાંભળી ગોરાને દયા આવી અને વળી પોતે હાથે અચકેલો એટલે વગર આનાકાનીએ રાખી લીધાં.

ભગવાન પુછે ભક્તને, સાચી કહેજો વાત;
શંકા મુજ મનમાં થઇ, કેમ કપાયા હાથ. સિયાવર.

મરાઠી સાખી.

ગોરો કુંભાર વિચારી બોલ્યો, સાંભળ શાણા વાત;
§ઘરમાં †ગધાડો મસ્તાન હતો, તેણે કરડી ખાધા મારા હાથ;
માનો સત્ય સહી, તેમાં શંશય જરીએ નહિ. માનો.

ભક્તનો આવો સાચો અને માર્મિક જવાબ સાંભળી ભગવાન લક્ષ્મિજી સામુ જોઇ હસ્યા.

(કવિ) રાગ; અગરચંદનના ઓરડા.

પ્રેમ કરીને પ્રભુ રહ્યા, ગોરા કુંભાર ઘેરરે;
ઘાટ ઘડે ઘણી જાતના, પ્રભુ જાણીને પેરરે. ૧
ગોળી ગાગરને દેઘડા, ઘડા કુંડાને પારોરે;
ચતુર્ભુજ ચાકે ચઢાવતા, ગોવિંદ કરે ગારોરે. ૨

§ ઘર-દેહરૂપી. † ગધાડો-કામરૂપી.

નળા, નેવાં, ને થેપડા, ઇંટો, કુલ્લડાં છે સારાંરે;
ચપ્પણુ, ચંબુ ને મોટવા, તેના ઘાટ છે ન્યારારે. ૩
ઘાટ ઘડે ઘણી જાતના, લોકો લેવાને આવેરે;
ચિત્રેલાં ચિત્ર સુંદિર સારાં, સૌને મોહ ઉપજાવેરે. ૪
ભક્ત ભજે ભગવાનને, જપે મન માંહે માળારે;
જંગલથી માટી લાવે, પોતે શ્રી ગોપાળારે. ૫

જંગલથી માટી લાવી, પલાળી, ખુંદી, ગાળી, ઘડીને અનેક પ્રકારનાં ચિત્રોથી શોભીતાં કરી ભગવાને વાસણ વેચવા માંડયાં. ઘાટ જોઈ, મોહી ઘણા લેઇ જતા તેથી ગોરાને ઘેર પૈસાની ટંકશાળ શરૂ થઇ. મહોત્સવ પર્વને દિવસે પોતાની મંડળી લઇ **નામદેવજી** ભક્ત વિઠ્ઠલનાથજીના મંદિરમાં દર્શન કરવા ગયા. ધારી નિહાળીને જોતાં ભગવાનનું તેજ ન દીઠું ત્યારે ધ્યાનમાં મુર્તિ લાવવા પ્રયત્ન કર્યો, પણ ન આવી; આખર સમાધીમાં ગોરાકુંભારને ઘેર ઘાટ ઘડતા ભગવાન નિરખ્યા. પ્રભુ દર્શન કરવા નામદેવજી ગોરાના ઘર તરફ આવે છે તે વખતે પ્રભુ માટીખાણમાં સંતાઇ ગયા. નામાએ ગોરાને આવીને પુછ્યું; ભક્તરાજ તમારો ચાકર કયાં ગયો છે?

ગોરો—હે નામદેવજી! આજે મારૂં ઘર પવિત્ર કર્યું. મારા ચાકરની ખબર પુછોછો, તેતો માટીખાણે ગયો છે, એ પેટ માટે ચાકર રહ્યો છે, તે આવે ન આવે તેનું પ્રમાણ નહીં, અને એના ઉપર મારો હક દાવો પણ નહિ. આવી રીતનો જવાબ સાંભળી નામદેવજીએ ફરી ધ્યાનમાં જોયું તો ભગવાન મંદિરમાં પધારી ગયા એમ ભાસ્યું. નામદેવજીએ જાગ્રત થઇ ગોરાને ભગવાન પાસે ચાકરી કરાવ્યા બદલ દપકો દીધો.

(નામદેવ.) રાગ; માર માર તલવાર ઉભો જુવે છે શું.

શું હાથ કપાવીને બેશી રહ્યા. શું.
ચત્રુભુજ ચાકર થઈ આવ્યા, દાસ જાણી તને કરી દયા. શું. ૧
વિઠ્ઠલ વળીઆ પંઢરપુરમાં, માધવતો નિજ મંદિર ગયા. શું. ૨
દ્વારીકાંધીશનાં દર્શ કરાવું, જે બોડાણાની સાથ વહ્યા. શું. ૨
વિઠ્ઠલ વાણીથી વાતો કરાવું, બોલ મેંતો સત્ય કહ્યા. શું. ૪

નામદેવજીનું ભાષણ સાંભળી ગોરાએ અતિશય પશ્ચાતાપ કર્યો. અરે હાય! એજ સત્ય; ભગવાન વિના આવા ઘાટ કોઇથી થાય નહિ. અરેરે હું અભાગીઓ કએ અવતારે મુક્ત થઈશ! પોતાની બંને સ્રીયો તથા પુત્રને લઇ નામદેવજીની સાથે પ્રભુની પાસે જઇ, અતી પ્રાર્થના કરવા લાગ્યો તથા પોતાના હીન કર્મ ઉપર પસ્તાવો કરવા લાગ્યો.

(ગોરો) રાગ; જનુની જીવો ગોપીચંદની.

કર્મહિન હું અભાગીઓ. જાણ્યા નહિ જુગદીસજી;
ખાટ ઘડયા મુજ આંગણે, આવી આપે ઇશજી. કર્મહિન. ૧
ઓળખ્યા નહિ અવિનાશીને, સોંપ્યાં નિચાં કાજજી;
અવળા ઉચ્ચાર કર્યા હશે, રાખી નહિ હોય લાજજી. કર્મહિન. ૨
એમ કરીને કર ઘસે, ઠુંઠીઆં તેણીવારજી;
મન પસ્તાવો પામતાં, થયા હાથ તૈયારજી. કર્મહિન. ૩
શું કરવાને સાજા કર્યા, શ્રમ લીધો શાનેજી;
અવિચળ ભક્તિ અર્પણ કરો, આ દાસ ગોરાનેજી. કર્મહિન. ૪

ગોરો પ્રભુ સ્તુતિ કરે છે, તે દરમિયાનમાં લક્ષ્મિજીએ બેઉ સ્ત્રિયોની હકિકત પુછી જાણી લીધી, અને તે ભગવાનને નિવેદન કરી.

પુરણ પસ્તાવાને પામી ચોધાર આંસુથી ગોરો રોવા લાગ્યો, અને વારંવાર ચર્ણાર્વિંદમાં પડી કરગરવા લાગ્યો.

ભગવાન—ગોરા; સ્ત્રિયોની સાથે તારો સંબંધ કેવો છે !

ગોરો—મહારાજ, તેઓની સાથે સ્ત્રિ સબંધ મેં રાખ્યો નથી, કારણ મારી સાસુનાં વચન.

ભગવાન—ગોરા; તને હું વહાલો કે તારી સાસુ વહાલી !

ગોરો—મહારાજ, આપ સમાન તો કોણુજ હોય !

ભગવાન--તો મારૂ વચન છે કે તારે આજથી ઘર સંસાર માંડવો; વળી પ્રથમની સ્ત્રિને તું ત્યાગ કરે તેનું નિમિત્ત મારે માથે આવે; માટે તારે એમ કરવું ન ઘટે, અને બિજીના સંબંધમાં પણ નિમિત્ત મારે માથે મુકયું છે તેનો વિચાર કર !

ગોરો—પ્રભુ ! એ સઘળી મારી અજ્ઞાનતા, હવેથી આપની આજ્ઞા માન્ય રાખીશ.

ભગવાન--ધન્ય ધન્ય, ત્રિભોવનમાં તારા સમાન ભક્ત નથી.

ગિતી.

દામોદર દર્શન દઇને, ભક્તણીઓનાં ભવનાં દુઃખ ભાગ્યાં;
આપોઆપ ઉઠીને અંતરજામિ, ગોરા ચરણ લાગ્યા. સિયાવર.

આવું પવિત્ર ચરિત્ર સાંભળી નિતીરીતીથી વર્તશે તેનાં ટુટેલાં અંગ શ્રી વિઠુલનાથજી મહારાજ સાજાં કરશે.

સેવક બાપાલાલના, પુર્યા પ્રભુએ કોડ;
હરીજન બોલો હર્ષથી, જય જય શ્રી રણછોડ.

સુદામા ચરિત્ર.

(કવિ) ગિતી.

સંદિપન મુનિને આશ્રમ, વિદ્યા ભણતા બુદ્ધિશાળી બાળ;
સૌમાં સુદામા શાણા, મિત્ર તેહના સમર્થ ગોપાળ. સિયાવર.

સંદિપન મુનિના આશ્રમમાં કૃષ્ણ, બળદેવ, તથા સુદામા ત્રણે સાથે વિદ્યાભ્યાસ કરતા, અને એક એકની સાથે સંપુર્ણ મિત્રતાનો હક ધરાવતા.

મરાઠી સાખી.

ભિક્ષા માગીને અનાજ લાવે, જમતા ત્રણે ભ્રાત;
એક સાથરે સુતા સાથે, કરે સુખ દુઃખની વાત;
રાત ઘડી રહે જ્યારે, વેદ ધુન્ય ઉચ્ચારે ત્યારે. રાત.

એક સમયે ૠષિ કારણસર પરગામ ગયા, ત્યારે પત્નિને કહેતા ગયા કે બાળકને અસુર સવાર એકલા કાંઇ જવા આવવા દેવા નહિ, તે વચન વિસ્રુ કરીને ૠષિપત્નિયે ત્રણેને કાષ્ટના ભારા લેવા મોકલ્યા.

રાગ. પંડિતકે બચન.

લઈ કર કહેવાડા, કાષ્ટ કાપવા જાય;
વળી વાતો કરતા, આવ્યા મહાવનમાંય. ૧
પછી વાદ વધ્યાને, અંતર ઉપજ્યો કાળ;
રૂદે રીસ ચઢાવી, વાઢે વૃક્ષ વિશાળ. ૨
ચિરી કરી ચિતાળો, ભારા બાંધ્યા દોર;
વરસાદ ચઢયોને, થયું અંધારૂ ઘોર, ૩
વાયુ શિતળ વાયો, તાઢે થરથર ધ્રુજે;
અડે હાથ ખભે નહિ, મારગ મુદ્દલ સુજે. ૪
ઘન ગાજે વિજે, વરસે મુશળ ધાર;
વહે સરિતા વેગે, પમાય નહિ તે પાર. ૫

ગાજવિજ અને ઘનઘોરની સાથે વરસાદ તુટી પડયો, એક એકને ખભે હાથ મુકીને આવતાં પણ ત્રણે બાળક વનમાં ભુલાં પડયાં, નદીમાં પુર, પૂર જોસથી ચઢવા માંડયું, અંધકારને લીધે રસ્તો દેખાતો બંધ થયો તે વખતે મુનિ ઘેર આવી સ્ત્રિને ઠપકો દેવા લાગ્યા.

આશું કર્યું અવિચારમાં, બાળક મેલ્યાં વન;
ઘન ગરજી અંધારીઓ, કંપી ઉઠે તન. સિયાવર.

(કવિ) **મરાઠી શાખી**

રાત અંધારી થાય વીજળી, ગુરૂએ વાત વિચારી;
શિષ્ય ત્રણુને શોધવા ચાલ્યા, દિપક કરમાં ધારી;
લાવ્યા ખોળ્ય કરી, ગોવિંદે ગુરૂની સેવા કરી. લાવ્યા.

પ્રભુએ ગુરૂની અતિશય ચાકરી કરી. એક વખતે ગુરૂપત્નિયે ભગવાનની પાસે દોણી માગી ત્યારે પ્રભુએ ઉઠયા વગર જ્યાં બેઠા હતા ત્યાંથી હાથ લાંબો કરીને આપી, તે ઉપરથી ખાત્રી થઇ કે કૃષ્ણ એજ પરમેશ્વરનો અવતાર છે. જ્યારે પ્રભુ પ્રમાણ્યા ત્યારે ગુરૂદક્ષિણામાં પોતાનો મુવેલો પુત્ર પાછો માગ્યો. ભગવાને સાત પાતાળ ચૌદ બ્રહ્માંડ શોધી જમરાજની પાસેથી પુત્ર લાવી ગોરાણીને આપ્યો.

રાગ. રઘુપતી રામ રૂદેમાં રહેજોરે.

જાણ્યું કૃષ્ણ એજ હરી અવતારરે, જેનો કોય ન પામે પાર. જાણ્યું.
માગી દોણી દોવા એકવારેરે, કર્યો સાદ પ્રભુને જ્યારેરે;
કર્યો કર લાંબો હરીએ ત્યારે. જાણ્યું. ૧
જાણ્યા તમને જુગદાધારરે, મૃત્યુ પામ્યો મારો કુમારરે;
થાય સજીવન પામુ આ વાર. જાણ્યું. ૨
શ્યામે શોધ્યા સાત પાતાળરે; દુષ્ટ દૈત્યનો આણ્યો કાળરે;
પંચજન્ય લાવ્યા નંદલાલ. જાણ્યું. ૩
સંજમપુરીમાં ધાયરે, સામા આવ્યા મળ્યા જમરાયરે;
આપ્યો પુત્ર ગોરાણી કરમાંય. જાણ્યું.૪

વિદ્યાભ્યાસ સંપૂર્ણ થયા પછી જ્યારે ભગવાને વિદાયગિરિ માગી ત્યારે સ્નેહના હકમાં સુદામાને પણ કાંઇ માગવા કહ્યું, અતી હર્ષથી સુદામાજીએ ચરણની ભક્તિ માગી.

મરાઠી સાખી.

વિદાયગિરિ લેઉ કૃષ્ણ કહે, માગ્ય મિત્ર આ વારી;
ગદગદ કંઠે કહે સુદામા, માગુ ભક્તિ મોરારી;
મુખ માગુ શુંય, ચરણ કમળને પામુ હુંય. મુખ.
મુકી મથુરાં કૃષ્ણ પધાર્યા, પૂરી દ્વારીકાં વાસી;
સુદામે ગ્રહસ્થાશ્રમ માંડયો, મન તેનું સંન્યાસી;
પતિવ્રતા નારી, જાણે સ્વામિને સધ મોરારી. પતિવ્રતા.
અજાચક વ્રત પાળે સુદામા, હરી વિના હાથ ન જોડે;
આવી મળેતો અશન કરે, નહિતો ભુખ્યા સાથરે પોઢે;

બાળ દશ અવતરીઆં, દુઃખ દારિદ્ર સરવે ભરીઆં. બાળ દશ.

કેવળ ત્રિભોવનપતિ ઉપરજ આધાર રાખી સુદામા કોઇની પાસે યાચના કરતા ન હતા, પણ હરિ કોઇ કોઇના હ્રદયમાં ઉતરી સુદામાનો ઘર સંસાર નિભાવતા અને કોઇવાર ટોટો પણ પડતો. સુદામાને તો સુખ દુઃખ સરખું હતું, પણ તેમની સ્ત્રિ હાથ જોડી સ્તુતિ કરવા લાગી.

(કવિ) રાગ; સુંદિર વેણ વાગે.

ઉભી અબળા સ્વામિની સાથ, હું વિનવું કરજોડી કરજોડી.
ઉચરૂ અરજી તે સાંભળો નાથ. હું વિનવું.
નથી મળતું નગરમાં અન્ન, બાળ ભુખ્યાં કરે છે રૂદન;
જોઇ મુખડાંને થરકે મન. હું વિનવું. ૧
ધાતુપાત્ર નહિ કર રહાવા, સાજુ વસ્ત્ર નથી સમ ખાવા;
કેમ વેઠાય દુઃખ દીન આવા. હું વિનવું. ૨
તાઢ વાએ બાળકડાં રૂવે, ભસ્મ માંહી પેશીને સુવે;
ભુખ્યાં માતાનાં મુખડાં જુવે. હું વિનવું. ૩
ઘર નિચાં ભિંતડીઓ પડી, શ્વાન મંઝાર આવે છે ચઢી;
સુખ દીઠુ નહિ એક ઘડી. હું વિનવું. ૪
ફરી અતિથી નિર્મુખ જાય, ગવાનિક નવ પામે ગાય;
બળે પેટમાંહે લાગે લ્હાય. હું વિનવું. ૫
સારૂ સોળુ એકે નવ મળે, સ્નાન કરોછો શીતળ જળે;
આવા દુઃખના દિવસ કેમ ટળે. હું વિનવું. ૬
હું દરિદ્ર સમુદ્રમાં બુડી, એવાતણુમાં એકજ ચુડી;
આખી દેખુ નહિ કચરાની કુંડી. હું વિનવું. ૭

સુદામાજી કહે હે સ્ત્રિ મારે અને કૃષ્ણ પ્રભુને મિત્રાચારી છે, અમો બાળપણામાં સાથે રહેલા છીએ, આજે હું જાઉં તો દારિદ્ર દુર જાય પણ "માગવું ને મરવું બે બરાબર" છે.

(સ્ત્રિ) રાગ; મોતીસર બંદલારે.

હવે પ્રભુજીની પાસ, સ્વામિજી સિધારોરે;
પુરે અલબેલો આશ, સ્વામિજી સિધારોરે.
માધવ મિત્ર તમારા, (સ્વા) જાઓ ઝટ પ્રભુદ્વારા. (સ્વા.)
કરે જળમાંહિ ક્રિડા, (સ્વા) પ્રાણી કેમ પામે પીડા. (સ્વા.)
સેવે પ્રગટી ઉતાશ, (સ્વા) શિત કેમ આવે પાસ. (સ્વા)
સેવે હરીને સદા, (સ્વા) આવે નહિ આપદા. (સ્વા.)

રાગ; બિસરી.

(સુ) સત્ય કહું તને સાધવિ, જાચવા જાદવરાય; ઓ સાધવિ.
ટેક તોડી હાથ ઓડવો, એ નહિ મુજથી થાય. ઓ સાધવિ.
(સ્ત્રિ) ભાવટ ભાગે ભુધરો, જાચે દળદર જાય; ઓ નાથજી.
મામ મુકીને માગીએ, માગ્યે શું આપણું જાય. ઓ નાથજી.
(સુ) જાદવ સઘળા દેખતાં, ઓડુ જમણો હાથ; ઓ સાધવિ.
મારૂ દુર્બળનું રૂપ દેખીને, લાજે લક્ષ્મિનાથ. ઓ સાધવિ.
(સ્ત્રિ) જગમાં જન સૌ ઉદ્યમિ, કરે પોતાનાં કાજ; ઓ નાથજી.
બ્રાહ્મણુનો કુળ ધર્મ છે, ભિખતાં શાની લાજ. ઓ નાથજી.
(સુ) અંતરજામિનું અજાણ્યુ નથી, કહું હું વારંવાર; ઓ સાધવિ
દસમાસ પ્રાણીની ગર્ભમાં, રક્ષા કરે મોરાર. ઓ સાધવિ.
(સ્ત્રિ) જો જઇએ નહિ જાચવા, કેમ જીવે પરીવાર; ઓ નાથજી.
એકવાર જાઓ હરી કને, નહિ કહું બીજી વાર. ઓ નાથજી.

મરાઠી સાખી.

(સુ) કર જોડીને કાલાવાલા, કરે વપુનો વર્ણ;
ચિન્હ સકળ એ યાચક કેરાં, જાચવાથી ભલું મર્ણ;
નહિ જાઉં હુંય, જાચવું હોય તો જાને તુંય. નહિ.
(સ્ત્રિ) રાજા થઇ વિભીષણુ જાચ્યો, મહાવિર ધિર જગદીશ;
પ્રભુ સામા પગલાં ભરે તો, કાપે કોટી કિલ્મિશ;
ગોમતી ન્હાશો, સર્વ પાપ થકી મુકાશો. ગોમતી.

ગુજરીનો રાગ.

(સુ) પત્નિ પ્રતે કહે સુદામા, સાંભળ મારી વાતરે;
કહો ભામની ભગવંત આગળ, ભેટ શી મુકુ હાથરે. ૧
કાકા કહીને કુંવર આવે, કૃષ્ન સુત સમુદાયરે;
તે ખાવા માગે મુજ કને, ત્યારે શું મેલું કરમાંયરે. ૨
(ક) ત્રિયા તાંદુલ માગી લાવી, જાણ્યું જાશે સ્વામિરે;
કણે કરોડો માગી લાવશે, હર્ષ ઘણું એ પામીરે. ૩
ઉપરા ઉપરી બંધન કીધું, ચિંથરા દશવીશરે,
રત્નની પેરે જત્ન કીધું, જેમ ચઢે છોડતાં રીસરે. ૪
રૂષિ સુદામાને કહે બાળકાં, કરીને રોતાં મુખરે;
પિતાજી એવું લાવજો, જેમ જાય આપણી ભુખરે. ૫

દીન વાયક સાંભળી, મુનિયે મુકયો નિશ્વાસ રે;
સુદામો કહે પુત્રને, પરીબ્રહ્મ પુરશે આશરે. ૬

(કર્તા) દ્વારીકાંની શોભા; કટાવ.

દિઠી સુદામે દ્વારાપુરી, મન મોહ્યું ને લાગી મધુરી, એક્કે વાતે નથી અધુરી, કોટ કાંગરા રહે શિરનામી, આનંદ પામી, ન મળે ખામી, જેના નાથા ગરૂડાગામી, નહિ કોઈ મોટુ નહિ કોઇ દામી, અંતરયામિ, ચૌદ ભોવનના એ છે સ્વામિ.

મણિમય રત્નો મઢીઆં સારાં, ન્યારાં ન્યારાં જડીઆ હિરા ટાંકયા તારા, વિશ્વકરમાનું દીસે દ્વારા, મોતી સેરો ગંગાધારા.

ધ્વજા ફરૂકે ફર ફર ફર ફર દુદંભી ઘંટા ઘણુણુ ગાજે, ભોંગળ ભેરી નોબત વાજે શ્રી સુદર્શન ચક્ર વિરાજે, ગોમતી તિરે, નિર્મળ નિરે કર્યા કઠેરા, રૂપા જાળી, ચતુર પુરૂષનાં ચિત્રોવાળી, આરસ પાળી નહાય ધુવેતે બેસે બાળી, સુંદિર નયનો નિચાં ઢાળી; વિયોગ વેદના, નાંખે ટાળી, ગંભિર નરનાં ગાત્રો ગાળી, સરખી સખીથી લેછે તાળી, દિવ્ય બાગમાં દિસે માળી, પાણી કેરી બાંધે પાળી; કચરો કાદવ ચાળી ચાળી રાખે ખાળી, સુકી સડેલી તોડે ડાળી, ઘેરી ગંગા દીસે કાળી, સાધુ સુદામે નજરે ભાળી, હૈયામાં આવ્યા વનમાળી. સાધુ સુદામા સ્નાન કરીને સમરણ કરતા, પુરમાં ફરતા, આડી અવળી નજરે ઠરતા ને સંચરતા, પુરવાશીની નજરે પડીઆ, વિવિધ વિચારે અણુંવ અડીઆ કોઇ કહે ઇંદ્ર, કોઇ કહે ચંદ્ર કામરૂપ અવતાર ધરીને આવ્યા ધરણી ધન્ય નગ્રને, ધન્ય ધામને, ધન્ય ગામને, ધન્ય વૃતને, ધન્ય જપને, ધન્ય તપને દાન પુન્ય કરીઆં હોય ભારી; સુંદિર, નારી શું કહું વરણી, ધન્ય ધન્ય જે આ વર પરણી. કોઇ કહે અત્રિ, કોઇ કહે ગાલ્લવ, કોઇ કહે ગૌતમ નભથી ગડીઆ, ચોંપે ચડીઆ, ખરખર કરતા હમણાં ખડીઆ, વચમાં વાવાઝોટાં નડીઆં, હાડ પાંસળાં દીસે સડીઆં ઢીંચણુ ઘુંટણુ જાણે મડીઆ.

બાળક દેખી બીકે નાસે, મનમા ત્રાસે, કચરો કાદવ ધુળ ઉછાળે, સાધુ સુદામા નજરે ભાળે, વાંસે છોકરાં તાળી પાડે, મારે મડીઆ, એંઠા જુઠા જો હોય દડીઆ, કાચ કાંકરા જયાંથી જડીઆ, હાસ્ય કરી સુદામા હડીઆ, નહિ કાંઇ લઢીઆ, કે નહિ વઢીઆ કે નહિ રડીઆ. હરી મંદિર દુરથી દેખાએ, ઉભે રસ્તે ચાલ્યા જાએ, જુવે હાટને જુવે ચોકને, નજરે ભાળે છજાં ઝરૂખાં બારી ગોખને જાળી અટાળી કામ કર્યાં છે મિનાકારી, અમરપુરી નાખું ઓવારી, ગાય ગુણિજન ગિત રસાળા, હરતીફરતી દીસે બાળા, કોઇ

હાથી કોઈ ચાલે પાળા, દોડા દોડી કરતા ઘોડા, રૂપા ઝુલો હિમ અછોડા, શોભા સારી નિરખી ન્યારી મોહન મહેલની મોટી બારી, દીસે નારી ભપકો ભારી શુદ્ધ ગંગાજળ નાંખ્યું ઠારી, સ્વચ્છ વસ્ત્રથી કાપી છારી, રત્ને મઢેલી રૂપા ઝારી, વામ હસ્તમાં ઉભી ધારી, સતિ સાધવિ જાએ હારી, ભર ચોટ્ટામાં ભરતી વારી, આવી સ્વર્ગથી લેવા તારી, સુદામો કહે શિ શોભાય દિવ્ય પુરૂષનાં દીલ લોભાય; કર્મગતિ આ છે બહુ ન્યારી કોઇ નવ પામ્યું તેની પારી અંતર હરખ્યું પહોંચ્યા કોડ, બાપુ બોલો શ્રી રણછોડ.

(સુદામા) ચંદ્રાવળા.

એક ગુરૂના વિદ્યાર્થી, આ કેવો કર્મનો વાંક;
થઇ બેઠો પૃથ્વિપતિ, મુને ખાવા ન મળે ટાંક;
ટાંક મળે નહિ ખાવા અન્ન, માંકડાં રમતાં મળિયું ધન;
આજ બેઠો સિંહાસન ચઢી, મારે તુમડી ને લકડી. જોજે પરમદયાળ.

ગિતી.

અરર આ શું વિચાર્યું, અલ્પ જીવ હું એ છે ભગવાન;
જો હું દર્શન પામું, તો હું પામ્યો સકળ દેવસ્થાન. ૧
દોડી દાસી આવી, વધામણી કહું હરી આપો માગ્યું;
મિત્ર તો મળવા માગે, નયણે નિરખી ભવસંકટ ભાગ્યું. ૨

ભગવાન કહે અરે કોણ નારદ, વામદેવ, વશિષ્ટ, વિશ્વામિત્ર, અગસ્ત, અત્રિ, છે કોણ ! બોલ્ય ઝટ !

મરાઠી સાખી.

નહિ નારદ, નહિ વામ, વશિષ્ટ, નહિ દુર્વાસા, કે અગસ્ત;
વિશ્વામિત્ર કે અત્રિ નહિ; મેં જોયાં રૂષિ સમસ્ત;
દારિદ્રી ભાસે, એક તુંબી પાત્ર છે પાસે. દારિદ્રી. ૧
ભસ્મ ભરી છે ભુરી જટામાં, ક્ષુધા ત્રિનો સ્વામિ;
લોક થોક બહુ ભેગા થયા છે, જોઇ હું આશ્ચર્ય પામી;
પુતળુ અહીં આવ્યું, નામ સુદામા ઓળખાવ્યું. પુતળુ. ૨

(કૃષ્ણ) લાવણી.

હા હા ! ખરો એ છે ક્યાંય ? મારો બાળ સ્નેહી કહેવાય;
એમ બોલ્યા રણછોડરાય, પૂરણ પ્રેમ ધરી. હાંહાંરે.
ભલે આવ્યો જાઉં સામો, મુજ મિત્ર ખરો સુદામો;
હું દુઃખીઆનો વિસામો, આવ્યો હેત કરી. હાંહાંરે.
ઉઠી ધાયા જાદવરાય, નવ પહેર્યા મોજાં પાય;

પિતાંમ્બર પાગ ભરાય, વાધ્યો હર્ષ બહુ.　　　　હાંહાંરે.
અતી આનંદે ફુલી કાય, હરિ દોડે શ્વાસ ન માય;
પડે આખડે બેઠા થાય, પામ્યા વિસ્મય સહુ.　　　　હાંહાંરે.
કહે સર્વેને ભગવાન, પુજા થાળ કરો સાવધાન;
હું ભોગવું રાજ્યાસ્થાન, તે એ બ્રાહ્મણનું પુન્ય.　　　　હાંહાંરે.
જે નારી એને નમશે, મને પ્રાણ પ્રમાણે ગમશે;
તેને વિયોગ પીડા દમશે, કરશે સેવામાં ન્યુન.　　　　હાંહાંરે.
લેઇ પુજાના ઉપહાર, આવી ઉભી સોળ હજાર;
કરે મનમાંહે વિચાર, મોટા કેવા હશે.　　　　હાંહાંરે.
સુદામે દીઠા કૃષ્ણદેવ, સામા મળીઆ અહમેવ;
છુટયાં આંસુ આવણનેવ, બેઉનાં હૈયાં હસે.　　　　હાંહાંરે.
હે ! પ્રભુ તમે થાક્યા હશો; લાવો હુ તુંબડુ ઝાલુ.
દાસ થયા દયાળજી, લીધી તુમડી હાથ;
મંદિરમાં પધરાવીને, ઉભા લક્ષ્મિનાથ.　　　　સિયાવર.

બન્ને મિત્ર બાળપણુની વાતો કરી અરસપરસ ખુશી થયા તાંદુલનું પોટકુ સુદામા છુપાવતા જાય છે, અને આઘાપાછા થતા જાય છે; તેમાંથી લાગ તકાસી પ્રભુએ બગલમાંથી ખેંચી લીધું. મહા મહેનતે ગાંઠો છોડી પોતે સ્વાદ ચાખ્યો, ત્યારે સર્વ સ્ત્રિ હસવા લાગી કે, કોઇ દિવસ કણકી-એ દીઠી છે કે નહિ ? આમાં શું ખાતા હશો ! ભગવાને અર્ચત્યિ રસ મુકી, જરા જરા સર્વને વહેંચ્યા; તો તેની વારંવાર માગણી થવા લાગી. બન્ને મિત્ર એકાન્ત થયા ત્યારે સુદામાએ કહ્યું મહારાજ મેં આપને ઘણીવાર કહેલું, અને આપે જવાબ આપેલો કે કોઇવાર બતાવીશું; તે લિલા બતાવો !

ભગવાન—વળી ફરી વખત નહિ આવે બતાવવાનો ?

સુદામા—ના મહારાજ મને લિલા તો બતાવોજ !

ભગવાન—લિલા જોવામાં કાંઇ સાર નથી, છતાં તમારો આગ્રહ છે, તો બતાવીશ.

ભોજન જમ્યા પછી સુદામાજીએ વિદાયગિરી માગી, તે પ્રભુએ ઘણા આનંદની સાથે આપી અને પોતે વળાવવા સાહયા.

(કવિ)　　　　　ગાડી આવી ગુજરાત.

વિદાય કરે દિનોનાથ, હાથે હાથે વિદાય કરે છે.
જોડી ઉભા સુદામાને હાથ.　　　　હાથે હાથે વિદાય કરે છે.
વિપ્ર વિચારે મનસાથ.　　　　હાથે હાથે વિદાય કરે છે.

સતભામા કહે શુણુ જામ્બુવતી, કૃપણુ થયા મહારાજ;
બ્રાહ્મણુ મિત્ર વળાવતાં, નવ આપી કોડી આજ. ઠાલે હાથે. ૧
રૂષિ સુદામા શામળા, ચાલે પાસોપાસ;
સ્ત્રિથી છાનું આપશે, એવી રાખી અંતર આશ. ઠાલે હાથે. ૨
મિત્ર વોળાવી છુટતાં, રોયા શ્રી અવિનાશ;
કરમાં કાંઇ મુક્યું નહિ, રુષિ ચાલ્યા થઇને નિરાશ. ઠાલે હાથે. ૩
મૃત્યુ સેં નવ આવીયું, માગ્યું આવી દાન;
રંડાએ ભુંડુ કર્યું, ખોયુ ખોયુ મહારૂ માન., ઠાલે હાથે. ૪
બાળક ભુખ્યાં જો મરે, દઇએ સુકાંપાન;
ભુખે પ્રાણુને છાંડીએ, નહિ ભુંડુ ભીખ સમાન. ઠાલે હાથે. ૫
કાષ્ટ જળ ઉપાડીએ, પર ઘર ભરીએ પેટ;
પેટે પાળી મારીએ, આથી સારી નિચની વેઠ. ઠાલે હાથે. ૬
આવ ભાવ દેખાડીઓ, ઠીક મચાવ્યો ઠાઠ;
ઠેકાણું ઠગવા તણુ, મારા તાંદુલ લેવા માટ. ઠાલે હાથે. ૭

અરે ! પણુ એ જે કરતા હશે તે સારૂજ કરતા હશે.

દોહરો.

દારીદ્ર હરીયું નહિ હરિ, સમજી કરીયું કામ;
કામ ક્રોધ સુખે ભર્યા, દુઃખમાં કેશવરામ. સિયાવર.

પોતાના ઝુંપડા પાસે આવ્યા તો હીરા માણેક રત્ન જડીત્ર સોનાના મહેલ દીઠા, ત્યારે સુદામા ભ્રમણામાં ભુલા પડયા. પતીને આવતા દેખી સ્ત્રિ સામી આવી. નવયૌવન બાળા જોઈ સુદામા કહે છે.

મરાઠી સાખી.

અમો વૃધ તમો યૌવન નારી, કઠણુ છે લોકાચાર;
સાધ્ય કરો મન, શ્રાપુ હમણાં, નહિ લગાડુ વાર;
રહો દુર તમે, રસ્તે ચાલ્યા જઇએ અમે. રહો દુર.
રખે રખે રીસમાં, સ્વામિ દેતા શ્રાપ;
દારીદ્ર ગયાં નવાં ઘર થયાં, શ્રીકૃષ્ણ ચરણુને પ્રતાપ. સિયાવર.

નિતી, ભક્તિવાન પુરૂષોને ઇશ્વર અથાગ સુખ આપે છે.

લાવણી; રાગ; સુજપર.

બેલડીએ વળગી ચાલ્યાં બન્ને જોડ;
જાણે કૃષ્ણ રૂક્ષ્મણી, ન મળે ખાંપણુ ખોડ. ૧
વૈભવને દેખી, અંતર હર્ષ ન માય;

બધો જુગ બદલાયો, ધન્ય ત્રિભોવનરાય. ૨
કરે રાય રંકને, રાય બનાવે રંક;
સુખ સંખ્યા કહેતા, નવ્ય જડે મને અંક. ૩
સુખ વૈભવ લેતાં, નર નારીની જોડ;
ત્યાં લિલા બતાવા, આવ્યા રાય રણછોડ. ૪

ભગવાન—ભાઇ રસોઇ તૈયાર થવા આવી છે માટે આપણે ગંગા સ્નાન કરી આવીએ, એમ કહી બન્ને જણ ગંગાજી ગયા. ત્યાં એક એકના મનને આનંદ પમાડે એવી પાણીમાં ક્રિડા કરવા માંડી. ભગવાન કહે સુદામા આપણે બેઉ જણ પાણીમાં ડુબકી મારીએ તેમાં કોણ વધારે વખત શ્વાસ રૂંધી શકે છે, અને મોડુ નિકળે છે । સુદામા કહે હા ચાલો તૈયારી કરો.

(કવિ) **મરાઠી સાખી.**

દારિદ્રવેષે ડુબકી ખાધી, પેર પ્રભુએ જાણી;
ધિરે રહી ધકેલી મેલ્યા, ઉઆરો ને ઉડું પાણી,
ક્ષિપ્રાતિરે, મુકયા સુદામા સ્યામ શરીરે. ક્ષિપ્રાતીરે.

ક્ષિપ્રાના કિનારા ઉપર સુદામા નિકળ્યા અને વેરાન જંગલ દેખી વલોપાત કરવા લાગ્યા.

(સુદામા) **માલિની.**

હરિ હરિ હરિ દેખુ, ઘોર જંગલ આંહી;
ફરિ ફરિ ફરિ દેખુ, દ્વારકાંધીશ ક્યાંઇ;
નહિ નહિ નહિ ભુલો, ઘડી એક અમને;
નહિ નહિ નહિ ભુલ્યો, ઘડી એક તમને.

હે ભગવાન આ ચળિત પદાર્થના સમુહમાં અચળ વસ્તુ ક્યાંથી દેખું, દુઃખી સંસારમાં સુખ ક્યાંથી દેખુ, શોક કરતાં સામુ નગર દેખાયું તેમાં પ્રવેશ કર્યો, તો પરદેશી માણસ જોઇ રાજાએ બોલાવી કહ્યું કે અમારા ગામમાં રહેવું હોય તો લગ્ન કરો નહિતો દરિયામાં ડુબાવી દેવા પડશે ।

રાજ્યના ધારાને માન આપીને સુદામાએ લગ્ન કર્યાં. એક વખતે પડોશમાં મર્ણ થવાથી સુદામા સ્મશાનમાં ગયા, ત્યાં જે સ્ત્રિ મરી ગઇ હતી તેના ધણીને લોકોએ પરાણે પકડીને તેની સાથે સળગાવી મુકયો. ત્યારે સુદામાએ કહ્યું આનું શું કારણ ? ત્યારે એકે કહ્યું કે કોઇ દેશમાં સ્ત્રિયો સતિ થાય છે અને અહીં પુરૂષ સતા થાય છે. ન થાય તો પરાણે કરવા પડે; ત્યારથી સુદામાએ તો માળા લીધી કે હે ભગવાન “ એ રાંડે પણ

હું ન રાંકુ, " કાળે કરીને તેજ સ્ત્રિનો કાળ આવ્યો, ત્યારે સુદામા તો કોઠીઓ વચગાળે સંતાયા. તેમને લોકોએ ઘણા શોધ્યા. આખર કોઇની નજર ગઇ, તો અંગનો જરા ભાગ માલમ પડયો; ત્યારે સર્વજણ લાકડીઓ લેઈ દોડતા આવ્યા, શોધીને બહાર કાઢયા, અને બાંધી રૂંધી સ્મશાનમાં લાવ્યા. ભક્તે ડુબી મરવાનો નિશ્ચય કર્યો.

(સુદામા) રાગ; વેળાવળ.

હરી આવું નહોતું જાણીયું, ન સુણ્યું મેં કર્ણ;
લિલા જોઇ મેં લક્ષ્મિપતિ, આવ્યું આવ્યું મર્ણ. હરી.
ઝાલ્યો જમડે જીવતો, મુકે મુખપર આગ;
દશે દિશા નહિ દોડવા, શોધુ હું ક્યાંથી લાગ. હરી.
ક્યાંરે હશો કમળાપતિ, દર્શન દ્યો એકવાર;
અંત આણું આપઘાતથી, ઉતારો ભવપાર. હરી.

હે પ્રભુ આપને શરણ છું. (ડુપકી મારી.)

(પ્રભુ) મરાઠી સાખી.

ધન્ય ધન્ય મુજ મિત્ર સુદામા, ડુપકી મારી મોટી;
તમો ત્રિવેણી તરવું જાણો, કર્યો મુજને ખોટી;
ઉઠો આ વારી, થાય ભોજનની તૈયારી. ઉઠો.

સુદામા કહે મહારાજ તમારી લિલાની તો અવધિ ! એ તો જોઇ જાય તેવી નથી. ઘેર આવી જોયું તો પાશેરનીજ રોટલી વણાઈ છે.

રાગ; પંડિતકે બચન.

ચરિત્ર સુદામાનું, શિખે સાંભળે ગાય;
સુખ શાન્તિ પામે, દુઃખને દારિદ્ર જાય. ૧
હરીજન ગુણ ગાતાં, ઉપજે અંતર વહાલ;
કહે કરજોડીને, સેવક બાપાલાલ. ૨
પાડે પુરા પ્રભુજી, હોય કલ્પના કોડ;
સૌ કહો આનંદે, જયજય શ્રીરણછોડ. ૩

મયુરધ્વજ આખ્યાન.

(કવિ) ગીતી.

હંસધ્વજને હરવી, અર્જુન સંગે અવિનાશી જાય;
સૈન્ય સરવ સંગાથે, મહા બળીઆને શુરા જે રાય.

રાજા ધર્મ અશ્વમેધ યજ્ઞ કરવા બેઠા છે અને અશ્વ રક્ષણને અર્થે સકળ સૈન્ય લઇ અર્જુન નિકળી ચુકયો છે; તે અર્જુન ચંપકપુરથી આગળ વધ્યો.

ત્રિતાલ ચોપાઇ.

સેન્યા આગળ વધતી જાય, અર્જુન હૈએ ઘણું હરખાય. ૧
હરખે ભુલ્યો અંતર ભાન, આવ્યુ અર્જુનને અભિમાન. ૨
નાદ વાજીંત્રના થાય ભારી, પારથ સંગે છે શ્રી મોરારી. ૩
ચાલી આવ્યા મહા વનમાંય, સામો મળીઓ તામ્રધ્વજરાય. ૪
મયુરધ્વજ છે પિતાનું નામ, તેણે અશ્વ રોકયો ધારી હામ. ૫

પાંડવાશ્વમેધના ઘોડાને, મયુરધ્વજનો પુત્ર જે તામ્રધ્વજ પિતાની પાસે યજ્ઞનો આરંભ કરાવી, સૈન્ય વગર એકલો અશ્વની સાથે નિકળ્યો છે, તેણે બાંધ્યો, અને સજ થઇ સંગ્રામની રાહ જોતો ઉભો.

(ભગવાન) **મરાઠી સાખી.**

પારથ પ્રતે કહે પ્રભુજી, જીત્યા ઘણા રાજન;
હવે જીતની આશા મુકો, આવ્યો મયુરધ્વજ તન,
અશ્વ લેઇ જાએ, બળીઆથી બાથ ન ભીડાએ. અશ્વ.

અર્જુન કહે મહારાજ અશ્વ કોણ લઇ ગયું ? હવે જીતની આશા નથી તેનું શું કારણ ?

(કવિ) **દોહરો.**

વૃક્ષ વડુ વડલા તણું, બાંધ્યા બેઉ તોખાર;
તામ્રધ્વજ તવ આવીને, દેવા માંડયો માર. સિયાવર.

તામ્રધ્વજને સૈન્યને સંહારતો જોઇ ભગવાને પોતાના પુત્ર પ્રદ્યુમ્નને આજ્ઞા કરી; તે વખતે પ્રદ્યુમ્ન રથ આગળ કરી તામ્રધ્વજ તરફ જોઇ બોલ્યો.

લાવણી. રાગ; ધન્ય ધન્ય ભદ્રકાળી.

(પ્રદ્યુ) શુણ તામ્રધ્વજ વાણ. આજે મારૂ તુને બાણ;
લેઉ પલકમાં પ્રાણ. ત્હારૂ મોત ભમે. હાંહાંરે.
(તામ્ર) નહિ મોત થકી બિનાર, નહિ વાંસે કોઇની વહાર;
મુને વહાલા વિશ્વાધાર, જેવું હરીને ગમે. હાંહાંરે
(પ્રદ્યુ) એ કૃષ્ણ તણો હું તન, મ્હારૂં નામ પ્રદ્યુમ્ન;
આજે ઉઠયો તારો દન, નહિ જીવતો જાય. હાંહાંરે
(તામ્ર) તું હઇશ કૃષ્ણને વહાલો માટે શોર કરેછે ઠાલો;
ગરજે ગર્વે થઇને કાલો, તુંથી કશુ નવ થાય. હાંહાંરે.

તામ્રધ્વજના મર્મના બોલ સાંભળી પ્રદ્યુમ્ન ક્રોધે ભરાયો, અને બન્ને બળીઆ મદોન્મત્ત હાથીની માફક સામા સામી થયા, પણ જ્યારે તામ્રધ્વજના સામર્થ આગળ ન ફાવ્યો ત્યારે પ્રદ્યુમ્ન પાછો હઠયો. તામ્રધ્વજનું બળ જોઇ અર્જુન ભય પામ્યો અને વિમાસણ કરવા લાગ્યો, ત્યારે કરણ પુત્ર વૃષકેતુએ ધિરજ આપી કે, પિતાજી આપ શોચ ન કરો, હું જાઉછું અને તામ્રધ્વજને અવળે હાથ બાંધી આપની પાસે લાવુંછું. વૃષકેતુને આવતો જોઇ તામ્રધ્વજ તૈયાર થયો.

(કવિ) મરાઠી સાખી.

યુદ્ધ આરંભ્યુ વૃષકેતુથી, કરણ તણો જે કુમાર;
ત્રાહે ત્રાહે પમાડયો તેને, મુખે કરે પોકાર,
નાઠો પામી હાર, ત્યારે આવ્યો કુન્તા કુમાર. નાઠો.

ચોપાઇ ઢાળની.

સામો આવ્યો કુન્તી કુમારજો; તામ્રધ્વજને મ્હારૂ આ ઠારજો.
મારા સારથી શ્રી જુગદીશજો, શત્રુનું ઉતારૂ શિશજો.
(તામ્ર) મેલ્ય મેલ્ય [1]ધનંજય ગર્વજો, ત્હારૂ પુન્ય પરવાર્યું સર્વજો.
ભૂલ્યો ભૂલ્યો નિકળતાં દિશજો, રણમાંહે રઝળશે શિશજો.
(કવિ) બળ્યો બોલે પાંડુનો બાળજો, ખેંચ્યુ ધનુષ કરવા કાળજો.
કરી એણે બાણની વૃષ્ટિજો, તામ્રધ્વજ તવ પામ્યો જરા કષ્ટીજો.
સામા બાણ ફેંકે પ્રચંડજો, જેની હાકે ડોલે બ્રહ્માંડજો.
ત્યારે અર્જુન પામ્યો ત્રાસજો, એણે મુકી જીતની આશજો.

તામ્રધ્વજે અર્જુનને મરણતોલ માર માર્યો, ત્યારે આખરે અર્જુને મોહાસ્ત્ર બાણ મુકી મયુરધ્વજ તનને મુર્છાગત કર્યો. તામ્રધ્વજને હરાવ્યા પછી ભગવાનને કહ્યું કે જ્યાં આગળ આપણો અશ્વ બાંધેલો છે ત્યાં મારો રથ લઇ જાઓ ! ભગવાન રથ હાંકે છે અને અર્જુન વિચાર કરે છે: અહાહા ! મારી કેવી અદ્દભુત શક્તિ, હું કેવો પરાક્રમિ, ગમે તેવો સમર્થ યોદ્ધા આવે છે પણ મારી આગળ તુચ્છબની જાય છે. હું હોઉં નહીં અને રાજા ધર્મ યજ્ઞ કરવા પામે પણ નહીં. બિજા કોઇનું બળ નથી કે અશ્વરક્ષણ કરે. અર્જુનને અભિમાન થયો એ ભુંડો છે એમ અંતરજામિ સમજ્યા. ઘોડાની લગભગ થાય છે એટલામાં તામ્રધ્વજ જાગ્રત થઇ દોડતો આવ્યો.

(કર્તા) કટાવ.

થયો તામ્રધ્વજ રીસે રાતો, અર્જુન હણવા ચિત્તમાં ચહાતો, હરીગુ-

[1] ધનંજય=અર્જુન.

ઝુગાતો, પ્રસંન થાતો, મહા મદમાતો, રક્ત નેત્ર થયો ક્રોધે તાતો, ધર્મ અનુજ ભણી ધસતો જાતો, રથ ઉપરથી કુદી પડીઓ, પારથ પાસે આવી અડીઓ, ઉભો સામો શુદ્ધ વિચારે, ભરીઓ ખારે, વચન વજ્ર અર્જુનને મારે, તજી પ્રાણ જાશો જમદ્વારે, નહિ ઉગરો વનમાં આ વારે, કહે અર્જુન તને કોણ ઉગારે ?

તવ અર્જુન અભિમાને બોલ્યો, અજ્ઞાને અંતરપટ ખોલ્યો તામ્રધ્વજ તુજ મતી ફરી છે, મર્ણ ઘટીકા તુને વરી છે, વાત કહું તે ખરેખરી છે, તું છોકરૂ છોકરવાદ પ્રમાણે, જેમ આવ્યું તેમ બકવા જાણે. અર્જુન હિમ્મત કયાંથી નાણે, અસુર હણ્યા મેં અગણીત બાણે, કુરૂક્ષેત્રમાં કૌરવ માર્યા; દ્રોણ, ભિષ્મને, કરણ શલ્યને, જયદ્રથ દુઃશાસન મહા પાપી, જુગતે જીવન દોરી કાપી ભુરિશ્રવા ભગદત્તવિર, લ્યા એ સર્વેને રણ રગદોળ્યા, ચતુર ઘણા ચાંચણુંવત ચોળ્યા, નામ નિશાની ન જડે ખોળ્યાં, નથી બાપનાં નામજ બોળ્યાં, તું બિચારૂં તુચ્છ મગતરૂ. અર્જુન હણવા હિમ્મત કેવી, દેવ દૈત્ય નવ મારે દેવી, આવ્યો છું લ્યા સદગુરૂ સેવી, માતપિતાની મરજી લેવી ?

વિર પુરૂષ તવ બોલ્યો ગરજી, સકળ શ્રષ્ટિ આ જેણે સરજી, તેને વરજી, અભિમાનમાં બકવા મરજી, હમણાં ઝાલે જમ કિંકરજી, જમના કિંકર ઝાલી જાશે, પલક પાંચમાં મૃત્યુ થાશે, અજાયુથ સમ સેન્યા નાસે, એમ કહીને અંતરજામી ઉચકી લીધા, વામ ખભે બેસાડી દીધા, ચરણ અંગુઠો, અર્જુન કેરો ઝાલી જબ્બર ફરીઓ ફેરો, અર્જુન કહે થયો નાથ નમેરો, ઘાલ્યો આવી મ્હોટે ઘેરો.

તામ્રધ્વજ તવ ઉડયો આકાશે, પુરપાટ નર *નભમાં નાસે, અર્જુન મૂકી જીવવા આશે, હાય હાય હરી શું હવે થાશે યોદ્ધા સરવે હાથ ઘસે છે, ભિમસેનની પાસ ધસે છે, ભિમ ગાભરો ખરર ખસે છે, અંતરમાં અભિમાન વસે છે, અર્જુન ઝિલવા કમર કસે છે, માધવ બેઠા મન હસે છે. અર્જુન આરાધે અવિનાશી, દેવકીનંદન કંસનિકંનદન; ભય ભિડભંજન, ગર્વના ગંજન, અંધનું અંજન, હે મનરંજન કૃપાનિધાન; જાણ્યું કૃષ્ને વિપરીત વરતે, મરવું પડશે અર્જુન મરતે, આવ્યા ઉંચે ફરતે ફરતે જોઇ શકે નહિ એકી સરતે, હાડ ભાગશે અહીંથી ખરતે, એવું જાણી કરૂણા આણી, રીસ કરી તવ સારંગપાણી, વજ્રાકુંશ માર્યું છે તાણી લાત વાગતાં ખરરર ખરીઓ, સરર સરે જેમ તારો સરીઓ, આવી પૃથ્વિ ઉપર પડીઓ; બાપુલાલ કહે મુખ પોકારે, હરી ધાઓને મારી વારે.

નિચે અર્જુન ઉપર હરી, પ્રભુ પડયા છે ફતવા કરી.

---

* નભ=આકાશ.

(કવિ) **મરાઠી સાખી.**

અર્જુન મુર્છા પૃથ્વિ પડીઓ, ઢોંગ કરે રઘુરાય;
તામ્રધ્વજ તૈયાર થઇ ચાલ્યો; નિજ નરગની માંય;
લેતો હરીનામ, આપી અશ્વને કર્યો પ્રણામ. લેતો.

જ્યારે પિતાને પ્રણામ કરી બન્ને ઘોડા સોંપ્યા, ત્યારે મયુરધ્વજ કહે હે ભાઇ આ અશ્વ કોનો છે અને તું કોને જીતીને લાવ્યો ? તામ્રધ્વજ કહે પિતાજી એની સર્વ બિના લલાટે લગાવેલા પત્રમાં લખેલી છે, મયુરધ્વજને જાણુ થયું કે, નર નારાયણને સુર્ચ્છાંગત કરી પુત્ર આવ્યો, ત્યારે બહુ રીસ ચઢી.

(મયુરધ્વજ) **ક્ષત્રિકલંક.**

લાજ્ય લાજ્ય જરા બોલતાં શરમ; અક્કલ ત્હારીમાં આગ ઉઠીરે.
આજે ફુરી વળ્યુ મ્હારૂ કરમ. અક્કલ.
કેમ યુદ્ધમાં ઉપાડયો તેતો હાથ; અક્કલ.
આવ્યો લાવ્યા વિના ત્રિલોકનો નાથ. અક્કલ.
બહુ બળ બતાવ્યું કરવી ઘટે કળ; અક્કલ.
કળ સમજ્યો નહિ તો બળ્યુ ત્હારૂ બળ. અક્કલ.
પ્રભુ પિડા કેરો થાય છે ઉચ્ચાટ; અક્કલ.
હું યજ્ઞ કરૂ, કૃષ્ન દર્શન માટ. અક્કલ.

દોહરો.

યજ્ઞ કરૂં જે પામવા, તે તું પામ્યો તંન;
કુળ અંગારા શું કર્યું, લાવો અહીં ભગવંન. સિયાવર.

તામ્રધ્વજ કહે પિતાજી અપરાધ ક્ષમા કરો. મેં બાળક બુદ્ધિ કરી; પણ હું ઘોડો લઇ આવ્યો છું, માટે એમને અહી આવ્યા વિના સિદ્ધિ નથી અર્જુન શુદ્ધિમાં આવી આશ પાશ જોવા લાગ્યો, પ્રભુને પોકાર કરતા લાગ્યો, અને અતી આક્રંદ કરવા લાગ્યો.

(અર્જુન) (રાગ; પગમાં બેડીઓ પહેરી ટપલા.)

ઉંધે માથે પટકયા, અદ્ધર લટકયા, ભાગ્યાં અભિમાને હાડકાં;
શિર ઉંધે રહ્યા, બહું દુઃખ થયાં, બહુ તાપ સહ્યા, નવ જાય કહ્યાં,
નવ ખબર લહ્યાં, નવ આણી દયા કે આણી મયા. ઉંધે માથે.

કુરૂક્ષેત્રમાં શત્રુનો સંહાર કરી ઉભા હતા તે પણ દિવસ. અને આજે કાળના ભોગ થઇ પડયા છીએ તે પણ દિવસ" અહીં કોણ ઉગારે ઓરે અભિમન્યુ બાળકા. ઉંધે માંથે પટકયા.

(અર્જુન) (રાગ; બ્રહ્માજી શું શું કહીએ,)

શામળીઆ શું શું કહીએ, ક્યાં જઇએ, સુખી થઇએ; શામળીઆ.

[ભગવાન] સત્ય દયા સંતોષ છે, સુખ તણાં મુળ જાણ;
જુઠ ઝેરને તૃષ્ના, તે દાખે દુઃખ નિર્વાણ;
[અર્જુન] દુઃખ સહીએ, મુઝઇએ. શામળીઆ.
અશ્વ ગયો ઝાંખો થયો, શામળીઆનો સાથ;
[ભગવાન] [1]કોશેટાના કીટ તે, ભરે આભથી બાથ;
જ્ઞાન લઇએ, રાખી રહઇએ. શામળીઆ.

[અર્જુન]—મહારાજ તામ્રદ્ધજ અશ્વ લઇ ક્યાં ગયો હશે ?

ભગવાન—હે [2]સવ્યસાચિ એતો ક્યારનોએ એના પિતાની પાસે પહોચી ચુક્યો, હવે આપણે લશ્કરને અહીં રાખી ઝટ જઇએ તો ફતેહમંદ થઇએ, નહિતો મયુરદ્ધજનો યજ્ઞ થશે ને ધર્મનો રહેશે.

અર્જુન—ચાલો મહારાજ, (બંને બ્રાહ્મણનો વેષ લઇ નમ્ર ચર્ચા સાંભળતા ચાલ્યા જાય છે.)

[પુરવાસી.] રાગ; માઢ.

આજે ધન્ય ધરતી ધન્ય ધામ, રે આવે અહીંઆં આત્મારામ;
તામ્રદ્ધજ જે તન રાયનો, લાવ્યો પાંડુ તોખાર;
આવે અર્જુન શોધવા, તેની સાથે શ્રી મોરારરે. આવે. ૧
યજ્ઞ કરે છે રાય આપણો, ઉદય થયું પુન્ય આજ;
હરીનાં દર્શન આપણ કરશું, સહેજે સુધર્યાં કાજરે. આવે. ૨
કૃષ્ન કહે અર્જુનને સાંભળ, પ્રેમી પ્રજા જન;
આકળવિકળ રાય હશે, જોજે મયુરધ્વજનું મનરે. આવે. ૩

પરદેશી બ્રાહ્મણને જોઇ મયુરદ્ધજ ઘણું હરખાયો અને દંડવત્ત પ્રણામ કરી ઉભો રહ્યો. મહારાજ આપનું આવાગમન કહો ? આજે પતિતને પાવન કર્યો!

(ભગવાન) કુમાર મારી વહાલી જોજોને; એ રાગ.

ઉદાર તમો રાજા, દીલે દયાળુ ઉદાર.
ગૌબ્રાહ્મણ પ્રતિપાળક દેખુ, અન્ય જનોના આધાર. આધાર તમો. ૧
પુત્ર પરણાવવા આવ્યો તો આશે, સિંહણે પકડયો કુમાર. કુમાર તમો. ૨
કાલાવાલા કરી પાછો મેં માગ્યો, સરખો મંગાવ્યો છે અહાર. અહાર તમો.

રાજા—સરખો એટલે કેમ ? અને વળી ઇચ્છા હોય તે માગો ?

મરાઠી સાખી.

સોંપ્યો પુત્ર મેં કાળરૂપને, મન થયું મુજ ભંગ;
જાણ્યું રાજા યજ્ઞ કરે છે, દેશે દાનમાં અંગ;
અરધુ વહેરી આપો, આ વિપ્રનાં સંકટ કાપો. અરધું,

૧. રેશમ બનાવનાર કીડો. ૨. અર્જુન.

રાજા--અરે વહેરણીઆ બોલાવો !

ભગવાન--રાજા વહેરણીઆ વહેરે એ અંગ વિપ્રને અર્પણ ન થાય.

રાજા--મહારાજ આપ જેમ આજ્ઞા કરો તેમ વહેરીને આપુ.

ભગવાન--રાજા ! એક તરફ તારી સ્ત્રિ અને એક તરફ તારો પુત્ર.

રાજા--જેવો હુકમ, બોલાવો રાણીને !

રાણી કુમોદવદની આવી હાજર થઇ તેને રાજાએ કહ્યું કે સ્ત્રિ આ મારૂં જમણું અંગ વહેરી આ બ્રાહ્મણને આપો !

રાણી--(સ્તબ્ધ થઇને) પ્રાણનાથ ! અરધું અંગ !

(રાગ વેળાવળ.)

પ્રાણનાથ પ્રાણ આપીને, લેશો ઉત્તમ લ્હાણુ;
પુન્યનો પુંજ આવી અડયો, જીવ્યું જગમાં પ્રમાણ. પ્રાણનાથ. ૧
અર્ધું અંગ તમ વહેરતાં, કાયા થરથર થાય;
અર્ધાંગના હું આપની, મુને સોંપો રાય. પ્રાણનાથ. ૨
પ્રજા પિડા બહુ પામશે, મરશે પુત્ર પછાત;
આગ લાગી આખા વિશ્વમાં, કરૂં હું આપઘાત. પ્રાણનાથ. ૩
નાથ ગએ નવ કાંઇ રહે, દાખે ઉજડ દેશ;
વચન વજ્ર સમ વેઠવાં, વરવો વિધવાનો વેશ. પ્રાણનાથ. ૪

ભગવાન--રાજા ! સ્ત્રિ એ ડાબું અંગ ગણાય છે, અને મેં જમણા અંગની માગણી કરી છે.

(પુત્ર) **ગિતી.**

આજ્ઞા પુત્રને દીજે, જાઉ વનમાં થવા વ્યાઘ્ર ભોગ;
બ્રાહ્મણ સેવા સાચી, થવા કૃતારથ જડશે નહિ જોગ.

રાગ; એવા સત્યના સંગાથી રે, રે, રે હો.

અંગ અર્પણ કરતરિ, રે, રે, હો, રાજા હરખે મન ઘણું રે.

તામ્રધ્વજે કર્વતી મેલી જ્યારે માથે, બીજે છેડો બીજે રાણીએ ઝાલ્યો હાથે;
આ શું માંડયું અરે ત્રિલોકીના નાથે. અંગ. ૧
પુરવાશી કહે બ્રાહ્મણ આવ્યો છે દુરાચારી, પિતા એનો કસાઇને જનેતા હત્યારી;
મહારાજાનું મૃત્યુ એ વિપરીત વાત વિચારી. અંગ. ૨
પ્રસંન મનથી પુત્ર કરે છે કેવું કામ, કુમોદવદની કહેછે મુખેથી રામ રામ;
ત્રાહે ત્રાહે કરતા ઉભેલા તમામ. અંગ. ૩
ધનંજયે ધિરજ છોડી છે મોરાર, પુરવાસી તો દયાનો કરે છે પોકાર;
રાજા વામ નેત્રે આંસુની ચાલી ધાર. અંગ. ૪

(કવિ.) **મરાઠી સાખી.**

બ્રાહ્મણુ કહે એ કુમોદવદની, એ તામ્રધ્વજ તન;
અંગ ન આવે મારે કામે, આંસુ આવ્યું લોચન;
એને ખેદ થયો, મારા કામનો દેહ ન રહ્યો. એને.

તુરત કરવત કાઢી લઇને, પુત્ર પિતાને પુછવા લાગ્યો. હે તાતજી;

(ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ.)

સત્ય વદો મારા તાતજી.
વામ નેત્રથી આંસુ પડયું, કારણુ કાંઇ ના કળાયજી;
ભાગ કર્યા બ્રહ્માંડના, વિપ્ર પાછો પળાયજી. સત્યરે. ૧
સધુર રાજા સુલક્ષણા, ધર્મ કેવો ધસયજી;
અર્થ સરે નહિ આપણો, વણુ મોતે મરાયજી. સત્યરે. ૨
કાયા પડે કયા સ્થાનમાં, લે શ્મશાને લોકજી;
તે હાથે કાપી આપવી, તેમાં શાનો શોકજી. સત્યરે. ૩
જન્મ મરણુ જરા વિષે, દાખ્યા દેહીના ધર્મજી;
દુઃખ મટે દરિયા તણાં, પામો આનંદ પર્મજી. સત્યરે. ૪

(રાજા) **મરાઠી સાખી.**

દુઃખ ન માન્યુ કાયા પડતાં, નહિ અંતર કાંઇ આશ;
જમણું અંગ થાય વિપ્રને અર્પણુ, વામ થયું નિરાશ;
એણે ખેદ ધરી, આંસુ ઢાળ્યાં નયણે કરી. એણે.
વચન સાંભળી પ્રસન્ન થઇને, પ્રગટયા ત્યાં ભગવાન;
શંક, ચક્ર, ગદા, પદ્મ બિરાજે, માગ્ય માગ્ય વરદાન;
રાય માગે તું, સત્ય વચનથી આપુ હું. રાય.

રાજા મયુરધ્વજ સહઃકુટુંબ પ્રણામ કરી ઉભો રહ્યો. હે ! દિનબંધુ દયાળ આપ આ કપટ રૂપ ધરી આવી ઉભા; તેથી આપનો સત્કાર કરવામાં દાસને ઢિલ થઇ છે તે ક્ષમા કરશો. આપ કોટીબ્રહ્માન્ડના નાથ છો ! આ સર્વે વૈભવ આપનીજ પ્રસાદી છે, આ દેહ પણુ આપનીજ છે આ સર્વ અવયવ પણુ આપનેજ આધિન છે. આપ કર્તા છો આપ ભોક્તા છો તો હવે મારે માગવાપણું રહેવાનુંજ કયાં છે. હું કાંઈ માગતો નથી; આપ સઘળુ વગર માગ્યેજ, અને વગર વિલંબેજ આપો છો; તોપણુ એ માગુ છું કે ? આવી પરીક્ષા કોઇની ન લેશો !

ભગવાન—તારી દ્દઢ ભક્તિ જોઇ હું પ્રસન્ન થયોછું, કાંઇ માગ્ય !

(કવિ) લાવણી.

રાય પ્રસન્ન થયો ને, નમ્યો નેહે મનવારી;
ઓ હરી તમારી, અકળકળા છે ન્યારી. ૧
મારૂં અંતે કલ્યાણ, પુરશોક તણું દુઃખ જાય;
હરી ભક્તિ અંકુર, રહે હ્રદયની માંય. ૨
આખ્યાન ભક્તનું શ્રવણ કરે નરનારી;
ભવસાગર પુરમાં, લેશે હરજી તારી. ૩
હરિ ભક્તિ કરતાં, જાશે જમનું સાલ;
કહે કરજોડીને, સેવક બાપાલાલ. ૪
વળી ત્રણ ભોવનમાં, ન મળે જેની જોડ;
હરીજન સો બોલો, જય જય શ્રીરણછોડ. ૫

દામાજી આખ્યાન.

ગિતિ.

પરમારથમાં પ્રિતી, નિતી રીતીની જુક્તિ જરૂર જાણી;
તેને સંકટ પડતાં, પિંચ્છધારી તે પકડી લે પાણી.

(મારા મિત્ર દુખી નવ થાવું, એ રાગ.)

ઉત્તમ ચંદ્રભાગાની તીર, નોતમ શોભાવે નિર્મળ નીર. ૧
ન્હાય ધુવે કરે દર્શન, તેને થાય પ્રભુજી પ્રસંન. ૨
આપે અવિચળ પદ પ્રભુ આપ, નિવારે કોટી જનમનાં પાપ. ૩
વિઠુલ વિઠુલ ભણતા જન, પુજા વિધીએ આરોગે અન્ન. ૪
ભક્ત દામાજી જે કહેવાય, તેને વિઠુલે કીધી સહાય. ૫

ચંદ્રભાગા નદીના કિનારા ઉપર આવેલા **પંઢરપુર** નગરમાં સાક્ષાત પ્રભુ **શ્રી વિઠુલનાથજી** નામે વ્યાપ્તમાન છે, અને નામ લેતાં અનેક પ્રાણીઓનો ઉદ્ધાર કરે છે, તે ગામથી થોડે દુર મંગળવેઢા કરીને ગામ હતું, તે ગામમાં એક દામાજી કરીને બ્રાહ્મણનો છોકરો હતો, જેના માબાપ બાળા અવસ્થામાં મૂકીને મરી ગયાં હતાં, બાળક વિદ્યાર્થીના આશિર્વાદ કરી ભિક્ષા માગી પેટ ભરતો; ને બ્રાહ્મણને ઘેર ભણવા જતો હતો. પોતાના ઉદર પોષણ જેટલુંજ માગતો, ને તેટલું થાય એટલે પાછો ફરી જતો. એનો દરરોજનો નિયમ હતો કે રોજ એકવાર શ્રી વિઠુલનાથ ભગવાનનાં દર્શન કરવાં. એકવાર એક મહંત શ્રી વિઠુલનાથ ભગવાનના મંદિરમાં ધર્મ સબંધિ ઉપદેશ કરતા હતા, તે વખતે **દામાજી**

ત્યાં દર્શન કરવા ગયો હતો. થોડીવાર સાંભળવા ઉભો રહ્યો તેમાં આખરે સાર એ લાગ્યો કે; બ્રાહ્મણને ભોજન કરાવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. એ સાંભળેલું દામાજીના હૃદયમાં ખટકવા માંડયું. મન સાથે નિશ્ચય કર્યો કે કાલે જરૂર ગોરને જમાડવા. સવાર થયું કે પ્રથમ ગોરને ઘેર ગયા, ગોર કહે કેમ અલ્યા દામલા ! દામાજી કહે સારૂ મહારાજ, હું આપને જમવાનું કહેવા આવ્યો છું; આપ આજે મારે ત્યાં જમવા પધારજો ! ગોર કહે અલ્યા, શું જમણ કરીશ દામલા ! દામાજી કહે મહારાજ, હજી વિદ્યાર્થિના આશિર્વાદ કરવા જાઉં છું. બાજરીનો આટો આવશે તો બાજરીના, ઘઉંનો આવશે તો ઘઉંના, જારનો આવશે તો જારના રોટલા કરીશ, મગ, મઠ, તુવેરની જે દાળ આવે તે ખરી, ના આવે તો નહીં, રોકડો પૈસો આવશે તો શાક, ને ચોખા આવે તો ભાત નહિતો દાળ રોટલા તો ખરા ખરા ને ખરા. ગોર હસતા જાય છે ને કહેતા જાય છે. હં હં અલ્યા દામલા એ તે જમવાનું કહેવાય ! દાળ રોટલા તો ઘેર નથી ખાતા !

દામાજી—મહારાજ ઘેર ન ખાશો ને ત્યાં ખાજો. ગોર કહે જા જા, ગાંડીઆ જમવા જઈએ ત્યારે દાળ રોટલા હોય ! દામાજી કહે મહારાજ શું હોય તો જમવા જાઓ ? ગોર કહે, દુધપાક પુરી, બાસુદી પુરી, કનસાર ઘી, લાડુ. મગસ, માલપુડા, અને વળી તેની સાથે શાક ભજીઆં, અથાણાં. દામાજી કહે મહારાજ આજે હું ભિક્ષા માગવા જાઉં છું. તેમાં જે આવે તે ખઈ; તે ઉપર બધો વિચાર. ગોર કહે માંડી વાળ્ય, માંડી વાળ્ય વિચાર; કોઇ જમવા ન આવે, આવે જેના ઘરમાં ખાવા ન હોય તે. ગોરને ઘેરથી રજા મળ્યા પછી દામાજી દશ વીશ ઠેકાણે ફર્યા પણ બધેથી ના ને ના, દાળ રોટલા જમવા તે કોણ આવે ! દામાજી અકળાયા, અરેરે મારો નિર્ધનનો અવતાર, મારે ઘેર બ્રાહ્મણ ન જમે.

(દામાજી)   રાગ. બાનાની પત રાખ ?

નિર્ધનનો અવતાર બળજો નિર્ધનનો અવતાર.
નિર્ધનને નહિ આવ કે આદર, સજ્જનમાં સત્તકાર.   બળજો. ૧
નિર્ધનનો નહિ વહેપારે વક્કર, ભૂપતી આગળ બાર.   બળજો. ૨
નિર્ધનનો બોલ તોલ ન થાએ, ગાંડો ગણે કે ગમાર.   બળજો. ૩
નિર્ધનને નારી નિત્ય વગોવે, ભાગ્યો કયાંથી ભરથાર.   બળજો. ૪
બાપુના બેલી નિર્ધન સરજ્યા, અવનિમાં પામ્યા હાર.   બળજો ૫

દામાજી રોતા કકળતા દર્શન કરવા આવ્યા. શ્રી વિઠ્ઠલનાથ ભગવાનના સન્મુખ ચોધાર આંસુથી રોતા જાય છે, ને વિનંતી કરતા જાય છે.

દામાજીનો સાચો અને નિર્મળ પ્રેમ જોઇ ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. બોલ દામાજી શું ઇચ્છા છે? દામાજી કહે મહારાજ, મારી ઇચ્છા બ્રાહ્મણને ભોજન આપવાની થઇ છે, પણ તે પાર પડતી નથી. ભગવાન કહે દામાજી નિર્ભય રહે એક વખત એવો આવશે કે આખો મુલક તારે હાથે અન્નદાન લેશે, અને જેના ભાગ્યમાં તારો આપેલો દાણો પણ નહિ જાય, તે મૃત્યુને પામશે.

મંગળવેઢયા ગામ ગવાયું, પંઢરપુરની પાસ;
બ્રહ્મપુત્ર વળી ઉત્તમ જાતી, દામાજી હરદાસ;
પુરા પ્રેમીજન, થયા પ્રભુ તેને પ્રસન્ન. પુરા.

મંગળવેઢયાથી આશરે દશેક ગાઉને છેટે બેદરપુર કરીને ગામ હતું; જ્યાં બાદશાની રાજધાની હતી. એકવાર બાદશાહ સ્વારીમાં નિકળ્યા હતા, તેમની સ્વારી મંગળવેઢયા ગામની વચ્ચે થઇને જતી હતી. તે જોવા દામાજી ઉભા હતા. દામાજી સામી બાદશાહની નજર પડી તે વખતે બાદશાહે તેના તેજ મારતા કપાળ ઉપરથી કલ્પના કરી કે, આ છોકરો પુર્ણ પ્રતાપી નિકળે એમ લાગે છે. સિપાઇને હુકમ કર્યો કે પેલો છોકરો ઉભો છે તેને લઇને આપણા ઉતારાપર આવો! બાદશાહનો હુકમ થતાં સિપાઇઓએ તેને ઝાલ્યો. દામાજી જરા ભય તો પામ્યો પણ હિમ્મત ધારી કે આપણે શાહનો કોઇ પ્રકારનો અપરાધ કર્યો નથી તો ઇશ્વર સહાય કરશે. સિપાઇ પકડી પાદશાહની પાસે લાવ્યા જેને ફરીને જોવાને બાદશાહ પણ આતુર થઇ રહ્યા હતા. દામાજીને દેખી શાહે પુછ્યું. છોકરા ત્હારૂં નામ શું? શિ ગ્નાતિ છું, ને તારા પિતા શું ધંધો કરે છે? દામાજી કહે સરકાર, બ્રાહ્મણનો બાળક છું; માતા પિતા બેઉ મને બાળાવસ્થામાં મૂકી મરી ગયાં છે, ભિખ માગી પેટ ભરૂ છું; મારૂ નામ દામલો. બાદશાહ કહે ભાઇ આજથી તારે એ ભીખ માગવી મૂકી દેવી; આપણા દરબારમાં તારી નોકરી, સારી નોકરી કરીશ તો તને સારો દરમાયો આપીશ; હાલ તને વરસ દિવસે સવાસો સિક્કા આપવામાં આવશે. દામાજી પ્રસંન થયા, નોકરી શરૂ કરી. શ્રી વિઠ્ઠલનાથની કરૂણાથી કામમાં આલાકી વધી; ને તેની કામ કરવાની ચાલાકી જોતાં રહેમ નજરથી દરમાયો વધારતાં બાદશાહની મહેરબાનીથી દસે વરસે તેનો દરમાયો દર માસે બસેં સિક્કાનો થયો, દામાજી વહિવટદાર થયા, બાદશાહનો લાખો મણ અનાજનો કોઠાર મંગળવેઢયા ગામમાં હતો તેની હકુમત દામાજીના હાથમાં આવી. દામાજી અમુલ્ય વસ્ત્ર અંગ ઉપર ધારણ કરતા, નિરંતર પ્રભુ સ્મર્ણ કરતા, ને શાહની નિમકહલાલીથી નોકરી કરતા.

ધર્મ સંકટ આવી પડયું, વિઠ્ઠલ કીધી વહાર;
બેદરપુરમાં પાદશા, પોતે વહીવટદાર.　　　　સિયાવર.

વણઝારો.

કરે સંસારનાં સૌ કામ, જપે વિઠ્ઠલ વિઠ્ઠલ નામ.　　ટેક.
બાદશાહની નોકરી કરતા, નિત્ય ધ્યાન હરીનું ધરતા;
જેનું ખર્ચ ન થાએ બદામ.　　　　જપે વિઠ્ઠલ. ૧
શત શહસ્ત્ર સિપાઇ માને ધાક, વાગે પંઢરપુરમાં હાક;
હાં હાં કરતાં ઉઠે તમામ.　　　　જપે વિઠ્ઠલ. ૨
બાદશાહ ન ઉથામે જેનો બોલ, નગ્ર જન સૌ રાખે તોલ;
જેને વહાલા સુંદિરશ્યામ.　　　　જપે વિઠ્ઠલ. ૩
પણ પુરા પ્રેમિ ભક્ત, જેને જાણે બાધુ જગ્ત;
કમળા કાન્તે કરીયું કામ.　　　　જપે વિઠ્ઠલ. ૪

એક લાખ સિપાઇનું લશ્કર તેના તાબામાં હતું, તથા નગ્રના સર્વે મનુષ્ય દામાજીના નામને આધિન હતા. સાત વરસ અતીશય વરસાદ પડવાથી જમિન જળમય થઇ રહી. પ્રદેશ પાણીથી ભરપુર થયો, ઝાડ માત્ર મુળમાંથી ફાહીને ઉખડી પડયાં, નદી નાળાં ઉભરાઇ જવા લાગ્યાં, ત્યારે પ્રાણી માત્રે નાસાનાસ કરી મુકી. અન્ન વિના ત્રાસ પામતાં માણસો બાદશાહની પાસે પોકાર કરવા લાગ્યાં.

(કવિ.)　　　　ગિતિ.

અતિવૃષ્ટી હોવાથી, *લિલાકાળે લિલા હરી લીધી,
રૈયત રહી પોકારી, પાદશાહને અરજ ઘણી કીધી.

રાગ; ચંદ્ર વખતશો આવીઓ.

રાજ અવસર શો આવીઓ, દુકાળે દેશ સપડાવીઓ.　　ટેક.
કંઇનાં કર્યાં કચ્ચર ઘાણ, અન્ન પાખે લીધા પ્રાણ;
એણે સર્વના જીવને ભમાવીઓ.　　　　રાજ અવસર. ૧
કંઇક છોડે ઘરબાર, વેચે પુત્ર પરિવાર;
જાણે જંગલમાં જંગ મચાવીઓ.　　　　રાજ અવસર. ૨
અમે છોડીશું દેશ, તેમાં નહિ મિનમેષ;
કંઇક ચાલ્યા બાવાને બાવીઓ.　　　　રાજ અવસર. ૩
વરૂ વાઘ છોડે વન, તરૂ છાંડે પંખિજન;
કેર કાળો કીડીપર લાવીઓ.　　　　રાજ અવસર. ૪

* લીલોકાળ=ઘાસ, પાણી, વિગેરેની છત, અન્નની નહિ.

જોગી છાંડે જોરંગ, મગરમચ્છ છાંડે ગંગ;
જઇને સમુદ્રમાં વાસ પુરાવીએ. રાજ અવસર. ૫

મહારાજ પ્રાણી માત્રને ત્રાસ ત્રાસ થઇ રહ્યો છે, અમે દેશ છોડીને ચાલ્યા જઇએ છીએ. બાવા કે જેમને પોતાના પંડનીજ ચિંતા છે તે ગયા તો અમે અનેક ઉપાધિવાળા, આશા તૃષ્નાના ભરેલા રહી શકીએ નહિ.

બાદશાહ—તમે સઘળા મનુષ્ય અન્ન માટે પિડાઓછો એવું મેં જાણ્યું. આપણા કોઠારમાં પુસ્કળ અન્ન છે, અને તેનો અધિપતિ દામાજી છે; તે દામાજી પાસે જાઓ એ તમને યોગ્ય રીતે દાણા પુરા પાડશે.

બાદશાહનાં વચન સાંભળી રૈયત સગળી મંગળવેઢયા તરફ ચાલી. ત્યાં જઇ દામાજીને નમસ્કાર કરી, હાથ જોડી સ્તુતિ કરી, મહારાજ, અન્ન સમાન પ્રાણ આ કળિયુગમાં કહેવાય, તેનોજ ટોટો; માટે આપ અધિકારી છો રૈયતને જીવાડશો તો તમારૂ રાજ્ય રૂડુ રહેશે.

દામાજી—ભાઇઓ, તમે કહોછો તે સઘળી બિના મારા અંતઃકરણમાં ઉતરી, પણ તે દાણામાંથી એક કણનો પણ માલીક હું નથી; બાદશાહની રજા વિના મારાથી કાંઇ થાય નહિ.

રૈયત—મહારાજ અમે પાદશાહની પાસે જઇ આવ્યા છીએ, એમણે અમને એવું કહીને અહીં મોકલ્યા છે કે દામાજી તમારે માટે યોગ્ય બંદોબસ્ત કરશે.

દામાજી—(પ્રસન થઇને) અહાહા ! આજે ઉત્તમ દિવસ, મારે હાથે અન્નદાન અપાય તો મારા ભાગ્યનો પાર નહિ.

ગરબી.

દામાજી ડોલેરે, બોલે મન રાજી થઇ;
લાભ લેવો જે જન્મિરે, વેળા તે આવી ગઇ.
ઘણા જન દુઃખ ટળશેરે; મળશે આશિષ મુને;
પ્રભુ અવસર આપ્યોરે, હવે કેમ છોડુ તુને.
કહેવા માત્રજ મુકયોરે, બિજો કોઇ ધાર ધણી;
આ સઘળુ એનુંરે, મારે મન ચિંતા ઘણી.

અરે હું નિર્ભાગી આજે અન્નદાન દેવા સમય આવ્યો છે, તો મારૂ માલિકપણું નથી, પણ ફિકર નહિ; જેવી શ્રી હરીની મરજી; લુંટાવા દે કોઠાર !

(દામાજી) રાગ. ઢિંઢીં.

શુણો સકળ તમે આપુ હું તો અન્ન, છે અન્ન મુજપાસ નથી ધન;
જાઓ ખાઓ તમે થાઓને પ્રસંન. શુણો. ૧

સૌ આવ્યા ચાલી હતો જ્યાં કોઠાર, બાંધે ગાંસડા ને ચાલે તેણીવાર;
જાણે અવનિમાંથી આવી કિડી હાર. શુણો. ૨
નામ શુણી રહ્યા દુર ચોપદાર, સહજ ખાલી કર્યો ભર્યો જે કોઠાર;
મુખે ઓચરતા દામાજીનો જયકાર. શુણો. ૩

ધન્યવાદ આપતા, જયજયનો પોકાર કરતા સર્વ પોતપોતાથી ઉચકાયું એટલું લઇને ચાલ્યા, કોઠાર ખાલી થયો, પણ માણસો કેટલાક અન્ન વિના રહી ગયા, તે નિરાશ થઇ દામાજીને કરગરવા લાગ્યા.

દોહરો.

શેષ રહ્યા કરગરી કહ્યું, આપે થાઓ ઉદાર;
કરજોડી ભક્તજ કહે, લુંટો મુજ ઘરબાર. સિયાવર.

જ્યારે કોઠારમાં કે પોતાના ઘરમાં એક પણ દાણો ન રહેવા દીધો, ત્યારે દામાજી વહીવટદારના હાથ નિચે મજમુદાર હતો તેને ઇર્ષા થઇ. આવો ભારે ગુનો જાણી બાદશાહ દામાજીને બરતરફ કરે; તો તેની જગા મને મળે, એમ વિચારી બાદશાહને છાનો કાગળ લખ્યો.

સ્વસ્ત શ્રી બેદરપુર, પાદશાહ સલામતની ખિજમતમાં તાબેદાર, મજમુદારની દવા સલામ વાંચજો. આપણો દાણાનો ભરપુર કોઠાર દામાજીએ પળમાં ખાલી કર્યો છે, તેની એક પાઇ લીધી નથી.

લી. તાબેદાર ગુલામ. મજમુદાર.

બાદશાહ--(પત્ર વાંચાયા પછી) વજીર; દામાજીને એ કયા જુલ્મ કિયા. કિસકે હુકમસે ઉસને એ કામ કિયા ! મેરે સભાસદો મેરા અનાદર કરનેવાલા એહી દામાજીકા જાન એહિ સમશેરસે જાયગા ! અબ આપકે ગુનાહકી માફી કિસિબિ તરાંહસે ફિર ન પાયગા.

ક્ષત્રિ કલંકનો રાગ.

અરે થાઓ મારા સિપાઇઓ તૈયાર; પકડીને મારી પાસે આણોરે.
મારી મુંઢને સખત ઘણો માર. પકડીને.
મારા હુકમનું કર્યું અપમાન; પકડીને.
એહ ભુલ્યો કેમ હ્રદયનું ભાન. પકડીને.
કર્યો કોઠાર ખાલી ક્ષણવાર; પકડીને.
એને હણવાને આ તલવાર. પકડીને.
કહું હું નક્કિ એના આજે લેઉ પ્રાણ; પકડીને.
કરૂં ઠાર જેથી થાય જગ જાણ. પકડીને.
જાઓ જાઓ એને લાવો બળવંત; પકડીને.
સારી સભા વચ્ચે આણું એનો અંત. પકડીને.

એકદમ મુસ્કેટાટ બાંધી મારી પાસે રજુ કરો; અને પછી તેનું કેવી ઘાતકી રીતે મ્હોત થાય છે તે જુવો.

ગિતી.

હુકમ થતામાં ઉઠયા, પાંચ પચીસ ને પચાસ ત્યાં સ્વાર;
દામાજીને દોર્યા, હાથ કડી વળી દેતા સૌ માર.

(ઈશ્વર સ્તુતિ, રાગ, સ્તવન મંજરી.)

હું શામળીઓ સંભારૂરે; હરિ હરિ.
હું વિઠુલ વર ઉચ્ચારૂરે. હરિ હરિ.
સવળુ કરતાં અવળુ પડીયું, વિઠુલવર શું જાણું;
પરોપકાર પરમારથ જાણી, મેં લીધું નહિ નાણું;
આપ તણો અપરાધ ન કીધો, મળીયું મુજને લહાણુંરે. હરિ હરિ. ૧
કણે કણેથી કોઠાર ભરીઓ, કરીઓ ખાલી પળમાં;
પ્રાણી માત્રને દુઃખ ઉપજાવ્યું, ઝાડ પહાડ વળી જળમાં;
અકળકળા કમળાપતિ તહારી, હું જાણું નહિ કળમારે. હરિ હરિ. ૨
કર્મ હિનને કાને પડતાં, ગમાર એ ગંધાયો;
દામાજી દામોદર સાથે, સ્નેહ સાચો સંધાયો;
પણ તાત થઇ તાર્યાને બદલે, બાળકને બંધાયોરે. હરિ હરિ. ૩
દામાજીને દુઃખજ પડીયું, બળથી ઘાલી બેડી;
હાથ ઉછર્યા સિપાઇ સરખા, મારે ગડદા ગેડી;
કાળરૂપ કૃતધ્નિ પાસે, ચાલ્યા મુજને તેડીરે. હરિ હરિ. ૪

દામાજીનો પોકાર સાંભળી, પ્રભુ શ્રી વિઠુલનાથજી મહારાજ પોતે *માહાર થયા. એક ફાટેલું વસ્ત્ર પહેર્યું એક માથે બાંધ્યું એક કડકો ખભા ઉપર નાંખી માથે ટોપલી અને ટોપલીમાં સુવર્ણની મોહોરોથી ભરેલી કોચળી લઇ હાથમાં માથાપુર ડાંગ ઝાલી બાદશાહના દરબારમાં ગયા.

(કવિ) મરાઠી સાખી.

મહાર રૂપ લીધું મહારાજે, અનગણુ ભરીયું નાણું,
નાણું લઇ નારાયણુ ચાલ્યા, આવ્યા વહાતે વહાણું;
નાણું પરખી લ્યો, એની પહોંચજ અમને દ્યો. નાણું.

બાદશાહ—બોલ્યા કોણછું, અને કયાંથી આવ્યો છું ?
માહાર—માબાપ માહાર છું, દામાજી પાસેથી આવ્યો છું.
બાદશાહ—દામાજીએ તને કેમ મોકલ્યો છે ?

---

* માહાર=ઢેડ; ભંગીઓ.

માહાર—દામાજીએ જે કોઠાર લુટાવ્યો તેના જે નાણાં ઉપજ્યાં તે હું આપવા માટે આવ્યો છું.

બાદશાહ—મને પત્ર મળ્યો છે, કે કોઠારની પાઇ લીધીજ નથી તે શું ખોટો ? અને દામાજીને કાઇ ન મળ્યું તે તારીજ સાથે નાણાં મોકલ્યાં ?

માહાર—માબાપ એ કોઈ ઇર્ષાવાળાએ લખ્યું હશે, આપનો હુકમ થતાં દામાજીને અવળે હાથ બાંધ્યા છે, સિપાઇઓ માર મારે છે, એટલામાં હું નજરે પડયો, તેથી મારી સાથે મોકલ્યાં.

બાદશાહ—તું તે વખતે ત્યાં શું કરવા ગયો હતો ?

માહાર—એમને આંગણે પુંજો કાઢવા સરકાર; માબાપ !

બાદશાહ—નાણાં કયાં છે ?

મહાર—આ માહારી ટોપલીમાં.

બાદશાહ—અરે એવો મોટો મારો કોઠાર, અને આટલી નાની ટોપલીમાં જીજ ઉપજ !

માહાર—રૂપિઆ નથી, મોહોરો છે, તમારો ગુમાસ્તો ગણવા બેસારો. પ્રભુ મુઠીએ મુઠીએ ફેંકતા જાય છે, અને ગુમાસ્તો ગણતો જાય છે, એક ગણતાં થાકયો, એટલે બિજો; બિજો થાકયો એટલે ત્રિજો, એમ કરતાં મોટો ઢગલો થયો. બાદશાહે વિચાર્યું, આ મહાર નથી પણ કોઇ ચમત્કારી પુરૂષ છે.

બાદશાહ—સાચુ બોલ તું કોણ છું ? ત્હારૂ સ્વરૂપ કે ત્હારૂ કૃત માહાર જેવું નથી, ફક્ત તારાં ફાટાં તુટાં લુગડાં માહારની ઉપમાને લાયક છે.

માહાર—માબાપ આપના પૈસા થયા હોયતો પહોંચ આપો, હું કોણ છું તે મેં પહેલાંજ કહ્યું છે.

બાદશાહ—લે હું પહોંચ લખાવી આપું છું.

(ગરૂડ ચઢી આવજોગિરધારી. એ રાગ.)

સુખે કરો સાચવી તમ કામ, અમને પહોંચ્યા અમારા દામ. ટેક.
મહાર મોકલ્યો અહીંઆં આવ્યો, સાથે નાણું તે સાચવી લાવ્યો;
કહ્યો અમને જે ભાવ બતાવ્યો. સુખે કરો. ૧
સઘળુ નાણુ તે પહોચ્યું અમને, તેની પહોંચ લખુછું હું તમને;
પુરા પ્રેમે કહું કરો ગમને. સુખે કરો. ૨
જ્યાં હો ત્યાંથી પાછા જાજો, કામ કાજમાં પ્રવર્ત થાજો;
સ્વામિ સંભારી સુખેથી ખાજો. સુખે કરો. ૩
જરા મનમાં ન ધરશો શોચ, મારો દાસ દામાજી તું ટોચ;
નાણું લીધાની આપી આ પહોંચ. સુખે કરો. ૪

પહોંચ લેઇને પત્ર પઠાવો, તમે ભક્ત પ્રભુ તણા કહાવો;
તમે ગોવિંદના ગુણ ગાઓ. સુખે કરો. ૫

માહાર—ઉંચેથી નાંખજો માબાપ ! (પહોંચ લઇ પ્રભુ ચાલ્યા.)

જેમ કોઈ માણસને ભયંકર સ્વપ્ન થાય અને જાગ્યા પછી થોડી વાર સુધી તેના વિચારમાં રહે, તેમ મહારના ગયા પછી પાદશાહને ગાંડાપણું પ્રાપ્ત થયું, અને સભા વચ્ચે માહાર કહી પોકારે પોકાર કરવા લાગ્યો.

ગિતી.

માહાર જોઇ મહારાજા, વિસ્મય પામ્યો ધારી નહિ ધીર;
ચિત્ત તેહનું ચળીયું, મહાર મહાર કહી બોલ્યો જેમ *કીર.

પ્રભુએ પહોચ દામાજીને નહિ દેખાડતાં, ગિતાજીમાં મુકી કે જેનું ભક્ત નિરંતર ધ્યાન કરતા અને નિત્ય નિયમમાં પાઠ કરતા હતા.

(કવિ) **મરાઠી સાખી.**

પહોંચ લેઇ પાતળીઓ ચાલ્યા, ચતુર તે કેમ ચુકે;
ગિતાના અધ્યાયની માંહે, વહાલ વિચારી મુકે;
આવ્યા આપ ઉઠી, બેડી તડતડતડ તુટી. આવ્યા,
બેડીનો અંકોડો તુટયો; ભક્ત ચમકયા !

(દામાજી.) **કુંવરી કુંવર મારા લાડકા. એ રાગ.**

ચમત્કાર આ શો થયો, તુટી બેડી કેમ;
બહુવિધ બાંધ્યો બાળને, આણ્યો ઓચિંતો પ્રેમ. ચમત્કાર.
કડકા કર્યા મુજ બંધના, પ્રિતેથી છોડયા પાશ;
અવર ઇચ્છા મ્હારે નથી, મહોત માગે આ દાસ. ચમત્કાર.
યવનની આદરી ચાકરી, તેમાં વિઘ્ન અનેક;
ચાહો ચાકર પદરજ તણો, રાખો ત્રિકમ ટેક. ચમત્કાર.
માયાના મારથી હારીઓ, ભમ્યો ભવમાં ભટકી;
ચત્રુભૂજ તમ ચરણમાં, લેશ લાગી ન ચટકી. ચમત્કાર.
ગૌબ્રાહ્મણ પ્રતિપાલ છો, પાલક પૃથ્વિના સ્વામિ;
ખોડ ખાંપણ તમમાં નથી, દાસમાં ઘણી ખામી. ચમત્કાર.
ખામી સ્વામી જોશો નહીં, ન જોશો મુજવંક;
પાપ પ્રજાળો પુર્વનાં, રગડો નહિ રંક. ચમત્કાર.

બેડી તુટેલી જોઇ, સિપાઇઓ ક્રોધે ભરાઇ વધારે માર મારવા લાગ્યા; ત્રાહે ત્રાહે કરી દામાજીએ પોકાર કરવા માંડયો.

---

* કીર=પોપટ.

રાગ; માઢ.

કયાં જઇ બેઠા વિશ્વાધાર; રે મને દુષ્ટો મારે માર.
માર થકી મુકાવજોરે, આવજો મારા નાથ;
સહાય થજો તમે શામળા, જેવા ઝડપીને છોડયા હાથ. રે મને. ૧
દુઃખ દાવાનળ દે ઘણું, આપે ન ખાવા અન્ન;
ભક્તને ભિડ પડી ઘણી, પ્રિતે પધારો પ્રાણજીવન. રે મને. ૨
પાસે નહીં કોઈ વહાલુ મારે, સર્વે શત્રુ સમાન;
મજમુદાર મુજ પાસ ઉછર્યો, તેને ચડીયું ગુમાન. રે મને. ૩
પાદશાહને પત્ર લખ્યો, થઇ વહાલો ને સાંધ્યુ વહેર;
મહા દુઃખમાંથી મુક્ત કરો, મને અંત્રિક્ષ આપી ઝેર. રે મને. ૪

જયારે નિત્ય નિયમનો વખત થયો ત્યારે, નહાવાધોવાને અને સેવા પુજા કરવાને રજા આપી. ભક્ત નહાવા બેઠા ત્યારે ઈશ્વિર સ્તુતિ કરવા લાગ્યા.

(દામાજી)　　મંગળ આયુશ આપો.એ રાગ.

નિર્મળ બુદ્ધિ આપો, અંતરજામિ નિર્મળ બુદ્ધિ આપો.
દુઃખ પડે તો છો મુને પડતુ, દ્રઢ ભક્તિ મ્હારી સ્થાપો. અંતર. ૧
નામ તહારાનો મહિમા મોટો, ઘટ ઘટમાં પ્રભુ વ્યાપો. અંતર. ૨
અનેક ભકતોનાં કષ્ટ નિવાર્યાં, દાસનાં દળદર કાપો. અંતર. ૩
પંચ વિષય પદ પ્રહાર કરીને, જપુ તમારા જાપો. અંતર. ૪

[કવિ]　　　　ગિતી.

નિત્ય નિયમમાં નાહ્યા, ધાયા ધરતા ધરણિધર ધ્યાન;
પહોચ પાઠમાં દીઠી, આશ્ચર્ય પામી ભુલ્યા ત્યાં ભાન.

મરાઠી સાખી.

પહોંચ કયાંથી આ પાઠમાં આવી, મતલબ શો માંહી નાંખ્યો;
દામાજીના દળદર સારૂં, પાતળીએ કરી પાંખો;
નાણું ભરી આવ્યા, વળી પહોંચ લઇને કયારે આવ્યા. નાણું.

જનુની જીવો ગોપીચંદની.

ધિક્ ધિક્ મ્હારૂ જીવવું, ધિક્ ધિક્ મારી જાતજી;
સ્વામિ મારાને શ્રમ પડયો, કરવી કોને આ વાતજી. ધિક્ ધિક્. ૧
સેજ પલંગે પહોડયા હશે, ફરતા ચમ્મર થાયજી;
ભરનિંદ્રામાં સુતા હશે, ધસમસી કેમ ધાયજી. ધિક્ ધિક્. ૨
તેત્રિશ કોટી જેની આજ્ઞામાં, તેવા ઈંદ્રના ઇશજી;
સહસ્ર અઠયાશી રૂષિયો, જેને માને જગદિશજી. ધિક્ ધિક્. ૩

બ્રહ્મા ચાર મુખે ભજે, શેષ ફેંણુ હજારજી;
શિવ સરખા સમરણુ કરે, કોઇ પામે ન પારજી. ધિક્ ધિક્. ૪
રવિ મુનીને આવ્યા નહિ, ધ્યાનમાં ન ધરાયજી;
નીચ કાદવની કાયા સારૂ, કરૂણા આવી કરાયજી. ધિક્ ધિક્. ૫

(દામાજી.) અચકો મચકો કારેલી; એ રાગ;

સેવકની લેજો સલામરે; હુકમ કરો હું હાજરછું.
ગુણિયલછો રાખી હામરે, હુકમ કરો હું હાજરછું. ૧
કોઠાર લુંટાવી દીધોરે; હુકમ. અપરાધ તમારો કીધોરે. હુકમ. ૨
મુખે માગ્યા નહીં દામરે; હુકમ. મેં કુડુ કરીયું કામરે. હુકમ. ૩
હવે શું કરવા જીવાડોરે; હુકમ. ફાંસો દેઈ પ્રાણુજ કાઢોરે. હુકમ. ૪
જીવતો ચિતામાં બાળોરે; હુકમ. મને લોહ ધમણથી ગાળોરે. હુકમ. ૫
વણુ બોલ્યે વિષજ આપોરે; હુકમ. શમશેરે મુસ્તક કાપોરે. હુકમ. ૬

બાદશાહ—દામાજી તમે કોઠારના ઉપજેલા પૈસા મોકલ્યા અને મેં પહોંચ લખી આપી, હવે શાને માટે પશ્ચાતાપ કરો છો ?

દામાજી--પૈસા કોણુ આપી ગયું ?

બાદશાહ--તમારો મોકલેલો માહાર, અને તેનાજ હાથમાં મેં પહોંચ આપી હતી.

(દામાજી બેશુદ્ધિ પામ્યા, હે પ્રભુ ! મારે માટે તમારે મહારનુ રૂપ ધારણુ કરવું પડયું !)

(. કવિ.) **મરાઠી સાખી.**

દોડયો આવ્યો દામાજી પાસે, પુછે વારંવાર;
(બાદ.) માહાર મોકલ્યો કયાં છે તમારો, કરવો મારે જુહાર;
એનું રૂપ જોઇ, મનડું મહારૂ રહ્યું મોહી. એનું રૂપ.

દામાજી બધી વાત જવા દો, જે મહાર નાણાં ભરી ગયો તેનુ મને ફરીથી દર્શન કરાવો ! બાદશાહનો આગ્રહ જોઇ દામાજી તેમને વિઠ્ઠલનાથના મંદિરમાં તેડી ગયા; પછી ભક્તે સ્તુતિ કરવા માંડી.

(દામાજી.) (**હરિભજનથકી છોટા હોય; એ રાગ.**)

ઓ રઘુવરજી, અમથી અંતરધ્યાન થયા શા કારણે;
બોલો બોલો હરજી, સેવક આવી ઉભો સામે બારણે.
તમ દાસ તણો હું દાસ ઠર્યો, મને શાહની સમમુખ લાવી ધર્યો;
શું અધર્મને અન્યાય ભર્યો. ઓ રઘુવરજી. ૧

પુન્ય જાણીને મેં પરમાર્થ કર્યો, પડયું કારણુ દુઃખને દાસ કર્યો;
શામળીઆ શે તમ સ્વાર્થ સર્યો.　　　ઓ રઘુવરજી. ૨
મને શાહે સંતાપ્યો ઝાઝો, મુજ દુઃખે તમે શાના દાઝો;
લંકેશારી લાજો લાજો.　　　ઓ રઘુવરજી. ૩
મને બેડી ઘાલી લોહ તણી, વળી શાહના સેવક કરતા રણી;
તમ શોભા વધી ત્રિભોવન ધણી.　　　ઓ રઘુવરજી. ૪
તમે નરસઇને પાયુ પાણી, મુજ વેળાએ આળસ આણી;
ઉગે ઝાડ તો રહી જાય એધાણી.　　　ઓ રઘુવરજી. ૫

આદશાહ—દામાજી ! ઝટ કરો, મારાથી ઉભુ રહી શકાતું નથી.

ઘોને દર્શન દિનાનાથ, હું વિનવું જોડી હાથ;
આવ્યા સુબા મહારી સાથ, તેને ઇચ્છા થઇ.　　　હાંહાંરે,
જોયું મહાર માધવરૂપ, ધર્યું આપો આપ અનુપ;
કર્યો ગાંડો ઘેલો ભૂપ, તેની મતી ગઇ.　　　હાંહાંરે,
રીઝયા ગુણીકા કેરે ગાન, પાકયું ધના કેરૂ ધાન;
આપ્યું સુદામાંને માન, તેની શુદ્ધ લીધી.　　　હાંહાંરે,
રાખ્યો સુધન્વા બાળ, પાડી પ્રોહિતને ફાળ;
જાણ્યું આવ્યો એનો કાળ, કઢા તાઢી કીધી.　　　હાંહાંરે.
કર્યાં કોટી ભક્તનાં કામ, છો શાણુા સુંદિરસ્યામ;
પહોંચ્યા પારસ્વિને ધામ, તેને દર્શન દેવા.　　　હાંહાંરે.
પ્રેમે પાપી થાએ રાંક, તેનો જોવાએ નહીં વાંક;
આજે વાજ્યો આડો આંક, આવો કરૂં હું સેવા.　　　હાંહાંરે.

દામાજીનો દયાનો પોકર સાંભળી પ્રભુ શંખ ચક્ર ગદા પદ્મ ધારણુ કરી સામા આવી ઉભા રહ્યા.

દામાજી—મહારાજ ! સેવક ઉપર કરૂણુા કરી તો ખરી !

ભગવાન--પરમ ભક્ત દામાજી, તારા જેવી પરોપકાર બુદ્ધિવાળાનેજ સદગતી આપુછુ; તો વળી તું તો ભક્ત !

દામાજી—મહારાજ દ્રવ્ય છતાં ધર્મ પુન્ય ન કરે તેને આપ શું કરો ?

(**ભગવાન.**)　　　**ગિતી.**

જળ, અગ્નિ, લુટારો, ચોર મિત્ર કે હાકેમ થઇ દંડુ;
વૈદની ઝપટ ચુકાવે, તેના ઘરમાં ભુત થઇ મંડુ.

ભક્તે નમસ્કાર કરી બાદશાહને નમવા કહ્યું ત્યારે બાદશાહે પુંઠ ફેરવી કહ્યું, મારે આ પુરૂષનાં દર્શનની જરૂર નથી, હું મહારના દર્શન કરવા માગુછું. દામાજી કહે હે મહારાજ જેવે સ્વરૂપે બાદશાહને ત્યાં જઇ નાણું ભરી આવ્યા તેવાં દર્શન દ્યો ! ભક્તનાં વચન નિકળતામાં પ્રભુ મહાર થયા. (ભક્ત મુર્છા ખાઈ નિચે પડયા.) બાદશાહને જ્ઞાન થયું કે આ સાક્ષાત પ્રભુ દામાજીને તેની ભક્તિના પ્રતાપે કરીને સહાય છે. આસનાવાસના કરી ભક્તને બેઠા કરી શાહે સ્તુતિ કરી; હે ભક્તરાજ મને કંઠી બાંધી ઉપદેશ કરો, અને હું આજથી હમેશાં એક વખત દર્શનનો નિયમ રાખીશ.

ગિતી.

અંતરજામિ આવ્યા, દાસ દામાને દર્શન તો આપ્યું;
સંતોષ આપ્યો શાહને, જન્મ મરણનું સંકટ તો કાપ્યું.

(કવિ.) રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે; એ રાગ.

દયાળે દાસનું દુઃખ કાપ્યુંરે, હેતે આવીને દર્શન આપ્યું. દયાળે.
એવા ભક્ત વચ્છળ ભગવાનરે, જન્મ પહેલાં આપે પય પાનરે;
તેનું ધરો નિરંતર ધ્યાન. દયાળે. ૧
ધ્યાન ધરતાં વિરંચી મહેશરે, સમરણ કરતા સહસ્ત્ર મુખ શેષરે;
તેને વિસરો નહિ લવ લેષ. દયાળે, ૨
સમરણ કરતાં સરજે સુખરે, માધવ ભજવાને મળીયું મુખરે;
જેણે દામાજીનું ટાળ્યું દુઃખ; દયાળે. ૩
એવા હરીને ભજો હરીજનરે, આપો આપ થશે એ પ્રસન્નરે;
મનુશા દેહ ધર્યો થાશે ધન્ય. દયાળે. ૪
સાચે રાચે દિન દયાળરે, રાખે ભક્ત ઉપર ઘણું વહાલરે;
કહેછે સેવક બાપાલાલ. દયાળે. ૫
નમો નેહે બેઉ કરજોડરે, કમળા કાન્ત પુરા પાડે કોડરે;
બોલો જય જય શ્રી રણછોડ. દયાળે. ૬

સતિ સાવિત્રિ.

(રાગ, પુનમચાંદની.)

સાધુ સમજીને સાધન સારૂ સાધવુંરે,
દીધેલું ડગ આધુ પાછુ થાય ન એક;
બ્રહ્માંડભૂપની ભક્તિ લેશ ન ચુકવીરે.
નારાયણના નામનો, એક ન બેસે દામ;

નિર્મળ વૃત્તિ જેહની રૃદીએ રાખે રામ,
ગાંડો ઘેલો પણ, પદ પ્રભુનુ પામશેરે;
હોય હરિવિમુખ, પણ "ડાહ્યો પામે ડામ." બ્રહ્માંડ. ૧
ચાતુર *કલમો ચારમાં, ચૌદે વિદ્યા પાઠ,
સોળ કળા સંપુર્ણને, સાધ્ય ×ચારને સાઠ;
હરિ સહાયવિના તે, સદા ન શોભા પામશેરે,
જેમ +વિત્ત વગરનો, ઠાલો દીપે ઠાઠ. બ્રહ્માંડ. ૨
ભક્તિ ભૂધરજી તણી, નિતી રીતી સાથ,
પ્રતિવ્રતાના ધર્મથી, નિશ્ચે રીઝે નાથ;
સાવિત્રિ સત્યે, સત્યવાન જીવાડીઓરે;
જે જે માગ્યું તે આપ્યું તેની સાથ. બ્રહ્માંડ. ૩
સત્ય, શિયળ, સંતોષને, કદી ન દાખે દુઃખ,
સાધ્ય કર્યો જ્યાં શામળો, ધન્ય જનેતા કુખ;
બાપુ બોલે, એ બેલી સેવક જન તણોરે,
મહારૂ માનો તો મોહન સમરો સુખ. બ્રહ્માંડ. ૪

મરાઠી સાખી.

વૃત્તિ સુધરે વ્રત આચરતાં, ઓપ્યે ઉજ્વળ હોય;
દપાવે દુાનયામાં દેહને, શુભ ગતીને જોય;
સૌ સુખ થશે, દુઃખ દારીદ્ર દુર જશે. સૌ.

ગિતી.

સતિયે વ્રત આચરીયું, સાસુ સ્વસુરની સેવા શુભ રિતી;
સુખ પામી સાવિત્રિ, ફળ પામી કહું કથા તે અથ ઇતી.

રાજા અશ્વપતિયે પુત્રેષ્ટિ યજ્ઞ કરી, સાવિત્રિને પ્રસન્ન કરી; ત્યારે સાવિત્રિયે યજ્ઞમાં પ્રગટ થઇ તેને વરદાન આપ્યું કે તારી પુત્રની ભૂખ ભાગશે. થોડા દિવસ પછી તેની માલિત્ર નામની રાણીને ગર્ભ રહ્યો, તેને પુત્રિ પ્રગટ થઇ તેથી રાજાએ તેણીનું નામ સાવિત્રિ પાડયું.

(ચોપાઇ ત્રિતાલ)

રૂડો ભદ્ર નામે એક દેશ, અશ્વપતિ એ નામે નરેશ. ૧
દિપે દેવ ભોવન સમ ધામ, તેની રાણીનું માલિવ નામ. ૨
દૈવે દેખાડી એકજ પુત્રિ, સતિયે નામ ધરાવ્યું સાવિત્રિ. ૩
વાધ્યો માતા પિતાને હર્ષ, એમ કરતાં વિત્યાં તેર વર્ષ. ૪
તેડયો રાએ પોતાનો પ્રધાન, સાવિત્રિનું દેવું કન્યાદાન. ૫

---

* કલમો—ભાષાઓ. × ચારને સાઠ=ચોસઠ જોગણી, + વિત્ત-પૈસો.

રાજાએ પ્રધાનને તેડી સુચના કરી કે તમે આપણી પુત્રિ સાવિત્રિને માટે સ્વામિની ખોળ કરવા જાઓ, કારણ કે આજ સુધી કોઇ રાજનને ત્યાંથી એને માટે માગુ આવ્યું નહિ, તમે જાઓ અને સાવિત્રિને પણ સાથે લેતા જાઓ !

(રાજા) મરાઠી સાખી.

રાજપુત્ર કોઇ હોય રૂપાળો, ઉત્તમ ગુણનો ધારી;
અસ્ત્રશસ્ત્ર વિદ્યાનો ભોગી, દેવી પુત્રિ મ્હારી,
જઇ શોધ કરો, શુભ શુકને પાય ધરો. જઇ.

રાજાનો હુકમ માન્ય કરી પ્રધાન સાવિત્રિને લઇ દેશાટન કરવા નિકળ્યો, અને યાત્રાને બહાને અનુક્રમે સર્વ રાજાઓને ત્યાં મુકામ કરતો, રાજ્ય કુમારોની ચાલાકી જોતો આગળ વધ્યો. પ્રધાન જોતો એટલુંજ નહિ પણ સાથે સાવિત્રિ અવલોકન કર્યાવિના રહેતી નહિ. કયા પુરૂષની સાથે સંબંધ મળવાથી મારો ઘર સંસાર સુધરશે, એ તેણીનો પ્રથમ વિચાર હતો. ઘણા દેશો જોયા, ઘણાં શહેરો જોયાં, પણ જ્યારે સાવિત્રિ સમ ભરથાર ન મળ્યો ત્યારે પ્રધાન નિરાશ થઇ પાછો વળ્યો, પંથ કાપતાં પરમેશ્વરે સાવિત્રિના નિરાશ થએલા અંતઃકરણને આશાએ ભર્યું. માર્ગમાં મુનીઓના આશ્રમમાં તેમણે મુકામ કર્યો; ત્યાં તેમને પદભ્રષ્ટ થએલા રાજા **દ્યુમસેન.** તેની રાણી શિબીરાજાની પુત્રિ શૈબ્યા, તથા પુત્ર **સત્યવાન**ની મુલાકાત થઇ. સત્યવાન ઘણો પરાક્રમિ ઇંદ્રસમાન શુરો, પૃથ્વિસમાન ક્ષમાવાન, સુર્યસમ તેજવાન યયાતિ સરખો ઉદાર તથા બૃહસ્પતિસમાન બુદ્ધિમાન હતો. તેને જોઇ સાવિત્રિનું મન લલચાયું, પણ પદભ્રષ્ટ થએલા રાજાનો કુમાર તથા એની અતી દુઃખી અવસ્થા જોઇ પ્રધાન નાઉમેદ થયો. સત્યવાન ફળફળાદી લેવા જંગલમાં ગયો ત્યારે સાવિત્રિ તેની સાથે ગઇ અને જ્યારે બંને એકાન્ત થયાં ત્યારે સાવિત્રિયે કહ્યું, હે [1]ચિત્રાશ્વ, હું આપને વરી ચુકીછું.

સાવિત્રિ— રાગ; આશાગોડી.

આપ છબી અતી ન્યારી, રસીલા આપ છબી અતી ન્યારી.
આપ છબી અવલોકન કીધી, હર્ષનો ઉભરો ભારી;
રાજ્ય સકળના જોયા રાજા, મુખ શું કહું હું ઉચ્ચારી. રસીલા. ૧
બુદ્ધિહિણ કોઇ બળ નહિ પુરૂ, કોઇ જુલમી કોઇ જારી;
વડીલ વર્ગની સેવા ન જાણે, નીચ કુકર્મિ જુગારી. રસીલા. ૨
હા કહો વહાલા ના નવ કહેશો, દાસીને ઉરમાં ધારી;
જીવતર મ્હારૂ સફળ કરો સ્વામી, મોહન કહો મને મહારી. રસીલા. ૩

૧ ચિત્રાશ્વ-કાષ્ટ, માટીના ઘોડા પલાણતો માટે.

(સત્યવાન) (મરાઠી સાખી.)

રાજ કુંવર પણ રાજ્યભ્રષ્ટ છું, ભટકુછું રાનો રાન;
પિતા દ્યુમસેન અંધ છે મ્હારો, ખાવા નહિ ખાન પાન;
દુઃખ પામશો બહુ, વર્ણન તેનું શું હું કહું. દુઃખ.

સાવિત્રિ—સ્યાણા સત્યવાન મારે ક્યારે રાજ્ય પાટને વરવું છે, મારે ક્યારે રંગ મહેલને વરવું છે, મારે ક્યારે વૈભોગને વરવું છે, મારેતો ફક્ત આપના અંગને માન આપવું એજ મારો ધર્મ; જંગલના ઝુંપડામાં રહ્યાં તોય શું ને રંગ મહેલમાં રહ્યાં તોય શું; માટે હે સ્વામિ !

રાગ; (કયાંથી આ સંભળાય મધુર સ્વર.)

આપ તણો ઉપકાર હું માનું, આપ તણો ઉપકાર;
આપ પતિ હું નાર. હું માનુ.
થાઓ ઉપકારી મને કહો મ્હારી, આપ તણો આધાર. હું માનુ. ૧
બોલો છબીલા બોલો રંગીલા, આપોને મનનો પાર. હું માનું. ૨
દુઃખને જાણું સુખ પ્રમાણુ, દેખુ હું તમ દેદાર. હું માનુ. ૩
આપ હૃદયથી અળગી ન કરશો, ભોળી તણા ભરથાર. હું માનુ. ૪
બોલ જો મ્હારો બાપ ન માને, મારૂ પેટ કટાર. હું માનુ. ૫

(સત્યવાન.) રાગ; (જાણી જાણી કળા ભાભી તારી;)

વારિવારિ બોલી પર વારિ; વારિ ઉપકારી થયો હું આભારી. વારિવારિ.
વારી તારા બોલને, વારી વચન વિવેક;
નજરે નિરખી નારીઓ, તુજ સરખી નહિ એક;
(સાવિત્રિ.) છાનાજી છાનાજી છાના રહો છાના. વારિવારિ. ૧
શરમાવો શા કારણે, આપો હાથ વચન;
ઉપર બોલ્યુ નવ ગણું, અંતર હોય વિધન;
(સત્યવાન.) નારી તું મ્હારી જા કહુ છું ઉચ્ચારી. વારિવારિ. ૨
અશ્વપતિની દિકરી સાવિત્રિ શરમાળ;
મળે નહિ જો માનુની આણુ મારો કાળ;
(સાવિત્રિ.) નારે ના વહાલા વિચારે ના લાવો. વારિવારિ. ૩
દેખો તમ દેદારની, જન્મ જન્મની દાસ;
સાત જન્મ સાથે રહું, નહિ અંતર કાંઇ આશ;
ઉદાસી ઉપાસી હું ચરણની દાસી. વારિવારિ. ૪

(સત્યવાન.) મરાઠી સાખી.

શાન્તિ વ્યાપી વપુ સકળમાં, હરખાયુ મુજ મન;

સતિ સાવિત્રિ વચને પળજે, અવતારને ધન્ય ધન્ય,
જા દુઃખ જશે, સત્યવાન તુજ સ્વામી થશે. જા દુઃખ.

પ્રધાનની પધરામણી થઇ, એટલે રાજા અશ્વપતિ પ્રસન્ન મનથી પુછવા લાગ્યો કે; હે પ્રધાનજી પુત્રિનો વિવાહ સંબંધ કયા રાજાને ત્યાં મેળવવા નિશ્ચય કર્યો ?

પ્રધાન—મહારાજ મારી વૃત્તિનો કોઇ ઠેકાણે સ્થિર થઇ નહીં.

રાજા—ત્યારે તમારાથી ઝાઝુ રટણ નહિ થયું હોય ! તમે કેટલાંક શહેરો જોયાં તે જરા કહેશો ?

પ્રધાન—હાજી સાંભળો. +

રાજા—આટલાં શહેરો ફરતાં પણ વિવાહ સબંધ ન મળે, તે મારા ભાગ્યનો વાંક, બેટા સાવિત્રિ ! તેં શો વિચાર કર્યો ?

પ્રધાન. ગિતી.

દેશ સકળમાં ફરીયો, રાજ કુંવર કાંઇ જોયા મેં જાતે;
સાવિત્રિ સમ નહિ કોઇ, મન મુઝાયું મહારૂ એ વાતે.

સાવિત્રિ. (થયા છો રે પતિ તેજ પ્યારી તનના, એ રાગ.)

પતિ મહારા પરમાણુ કર્યા મેં, સત્યવાન સરદાર.
સત્યવાન સરદાર "પિતા", એ અંગ તણા આધાર. પતિ.
(રાજા.) સત્યવાન સરદાર એ કયાંનો, કોણ દેશનો ભૂપ,
(સાવિત્રિ) નહિ રાજ્યે, જોયા આજે, સર્યું કાજે,
ભમર ભોગી એ ફરે રાનમાં, રતિ તણો રમનાર. પતિ. ૧
તનમન ધન સોંપ્યું સૌ એને, એ મહારો ભરથાર,
(પ્રધાન) નહિ લાયક, દુઃખ દાયક, સત્ય વાયક,
(રાજા) લાયકવર લેખામાં નહિ, એ બાળા કેમ બનનાર. પતિ. ૨

સાવિત્રિ—પિતાજી, કાષ્ટમાંથી જુદો પડનાર અંશ જે અગ્નિ તે એકજવાર પડે છે, કન્યાદાન એકજવાર અપાય છે. વરદાન પણ એકજવાર અપાય છે.

રાજા—પુત્રિ ખોટી હઠ ન કર ! એવા નિર્ભાગીને વરી શું સુખ દેખવાની.

(પ્રધાન) **મરાઠી શાખી.**

રાજભ્રષ્ટ એ રાજકુંવર છે. ભરે છે પત્રે પેટ;
પિતા દ્યુમસેન અંધ છે એનો, કરે કાષ્ટની વેઠ,
છે જંગલમાં. મનથી માને મંગલમાં. છે.

અચાનક નારદમુનિની પધરામણી થઇ, અર્ધ્યપાદ્ય પૂજા કરી રાજાએ

+ પ્રબંધ પાનું ૧૨ મું જુવો.

દીનવચનથી પુછ્યું; હે મહામુની આ પુત્રિ અવંતીપુરીના પદભ્રષ્ટ થયેલા રાજા દ્રુમસેનના પુત્ર સત્યવાનને વરાવું તો કેમ ?

(નારદ) ગિતિ.

પુત્રિને પરણાવો, સત્યવાનને સોંપો એ બાળ;
બાર માસની અવધે, સત્યવાનનો નિશ્ચે હોય કાળ.

રાજા અશ્વપતિ વગર ઢીલે સાવિત્રિ સત્યવાનનાં લગ્ન કર ! વળી ગણી રાખજે કે લગ્નના દિવસથી બાર માસે સત્યવાનનો કાળ થશે, પણ તારે એ વિચાર મનમાં લેવો નહિ. નારદ અંતરધ્યાન થયા પછી માતા માલ્વિ સાવિત્રિને શિખામણ દેછે.

(માલ્વિ) (કુંવરી કુંવર મારાં લાડકાં. એ રાગ)

સત્યવાન સુંદિર ઘણો, રૂપ એનું રસાળ;
બાર માસે તે બાળનો, નિશ્ચે ખુટશે કાળ. સત્યવાન. ૧
પિતા અંધ છે એહનો, નહિ રાજ્યને પાટ;
ફરે રઝળતો રાનમાં, હરનિશ હોય ઉચાટ. સત્યવાન. ૨
શાણી સુખ નહિ પામશો, દેખો દુઃખનાં ઝાડ;
એની કહ્યું મહારૂ માનીને સુખથી ના પાડય. સત્યવાન. ૩
કાળ થશે બાર માસમાં, દેશે ડંખ એ જન;
અલ્પ સુખ અતી દુઃખ છે, માટે માનો મન. સત્યવાન. ૪

(સાવિત્રી) મરાઠી શાખી.

દુઃખ હશે પણ સુખ હું માનું, અલ્પ હશે તો અધીક;
સત્યવાન એ સ્વામી મારો, બાપ તણી નહિ બીક,
હું વરવાની, નહિતો નક્કી મરવાની. હું.

સાવિત્રિની હઠ, નારદનાં વચન, અને સમયને અનુસરીને રાજા અશ્વપતિ પોતાના કેટલાક માણસો લઇ પ્રધાન સાથે, જ્યાં રાજા દ્યુમસેન રહેતો હતો ત્યાં આવ્યો. ઓળખાણ પડતાં દ્રૂમસેને અશ્વપતિને ઘણું માન આપ્યું, અને આગમન કારણ પુછ્યું, અશ્વપતિયે જણાવ્યું કે । હે સર્વ સદગુણસંપન્ન રાજા. મારી પુત્રિ સાવિત્રિને તમારા પુત્ર સત્યવાન સાથે વરાવવા મારી ઇચ્છા થઇ છે.

દ્રુમસેન--હે રાજા, હું પદભ્રષ્ટછું, અંધછું, પુત્ર જંગલમાં રહી મુનિયોની તથા મારી સેવા કરે છે, એને જીન્દગી પરિયંત રાજ્ય મળે એમ ભાસતું નથી, છતાં હું તારી પુત્રિ સાથે વરાવું તો સ્વાર્થિ, મૂર્ખ, ને ઇશ્વરનો ગુનેગાર ઠરૂં.

અર્ધપતિ—એ સર્વ વાતનો વિચાર મેં પ્રથમથી કરીને પગલું ભર્યું છે, માટે આપ આજ્ઞા કરો કે રૂષિ મંડળ મેળવી લગ્ન થાય.

(સાવિત્રિ સત્યવાનનાં લગ્ન થયાં.)

સાવિત્રિ વલ્કલ પહેરી પતિની સાથે રહી અને પોતાનાં સાસુ સ્વસુરની શુદ્ધ મનથી સેવા કરવા લાગી. મુનિ માત્ર પણ સાવિત્રિની પવિત્રતા જોઇ આનંદ પામ્યા.

સાવિત્રિ (રાગ. અધિકારીરે આશ વિષયની ટાળો.)

અલબેલારે આજ્ઞા મેં ઉરમાં ધારી, હું આપ તણી ઉપકારી.
શિરછત્ર છો, સ્વામિ મારારે, આ અંગતણા આધારારે,
હું ચર્ણસેવુંજી તમારારે, દિસે દારાએ; ઉભી હું આજ્ઞાકારી. હું આપ. ૧
માતપિતા ગણું એતો મારાંરે, અંતરથી નથી એ અકારાંરે;
ભરથાર પામું ભવપારારે, દિનસારારે; આવ્યા આનંદકારી. હું આપ. ૨
કરી સાસુ સ્વસુરની સેવારે, તેને મળશે મિઠા મેવારે;
તેને ત્રુઠે ત્રિભોવન દેવારે; નહિ ગાંઠેરે; નર્કતણી અધિકારી. હુંઆપ.૩
જેના હોય પુર્વનાં ભાગ્યરે, તેને મળે આ રૂડો લાગરે,
ધોઇપિજાઉં એમના પાગરે, પામું તાગરે. ભવસાગર આ ભારી. હુંઆપ.૪

(કવિ) ત્રિતાલ ચોપાઇ.

વટસાવિત્રિ વ્રત આચરતી, સાસુ સ્વસુરની સેવા કરતી. ૧
પતિને જાણે પ્રભુ પ્રમાણ, તેને દુઃખે દુઃખી નિર્વાણ. ૨
મુનિ સર્વનાં માન્યાં મન, છે સાવિત્રિને ધન્ય ધન્ય. ૩
સેવા કરતાં થયા બારમાસ, ત્યારે સાવિત્રિ થઇ છે ઉદાસ. ૪
આવ્યો નારદે કહેલો દન, શોક પામી સાવિત્રિ મન. ૫
આવી અવધ વિઘ્ન કેમ ટળશે, પતિ મારાનો પ્રાણ નિકળશે. ૬

નારદે નિર્માણ કરેલા દિવસને ત્રણ દિવસ રહ્યા ત્યાંથી સતિયે અન્ન જળ મુકયું અને પવિત્ર થઇ ઇષ્ટ પુજન કરવા લાગી. ત્રિજે દિવસે મુનિઓએ ઘણી સમજાવી પણ અન્ન લીધું નહિ, અને પોતાના પતિ સાથે જંગલમાં જવા તૈયાર થઇ.

(સાવિત્રિ) ગિતિ.

આજ લગી અલબેલા, કઠણ કામ કર્યાં કોમળ આ હાથે;
લાવો લેઉં કુહાડી, કાષ્ટ કાપવા હું આવું સાથે.

(સત્યવાન) ગિતિ.

માતપિતાની સેવા, તેમાં અર્પણ અંગ સંગ હાથ;
નાજુક નાગરવેલી, કઠણ કામમાં કયમ રાખુ સાથ.

સાવિત્રિ.　　　　**રાગ. માઢ બંસીવાલાની ઢબ.**

આજે મને સાથે તેડો શ્યામ, જપે જીભ તમારૂં નામ.　　　મને ૧
સાથે તેડો સ્વામિ મારા, આજ ન રાખો ઘેર;
સત્ય માનજો સતિવચન, થયું *વહાલા સાથે વહેર.　　　મને. ૧
નયણાં નિરખે નાથને, તૃપ્તિ ન પામે મન;
માન શુકન મને આજે ભાસે, વાટે મળશે વિઘન.　　　મને. ૨

સત્યવાન.　　　　**ગિતિ,**

વિઘ્ન થશે જે વાટે, મૃત્યું સાટે કબુલ કરૂં આજે,
ઓથે અબળા રાખું, ક્ષત્રિ પુત્રની જનુની જરૂર લાજે.

(સાવિત્રિ)　　**મુજને ભિખ માગતી તેંજ કરી, એ રાગ.**

આજે નવ જાશો નાથ તમે.
જો જાઓ તો જીવ હું આપું, ઘેર રહો ગુણવંત ગમે.　　　આજે. ૧
અબળાનું અલબેલા માનો, શાણા સમજો શોક સમે.　　　આજે. ૨
ભય ઘણો ભરથાર પામશો, દુષ્ટ આવી કોઇ દેહ દમે.　　　આજે. ૩
જો જાઓ તો સાથે તેડો, ભયનો ભરેલો મારો જીવડો ભમે. આજે ૪

સાવિત્રિયે ઘણી હઠ કરી ત્યારે માતપિતાની રજા લઇ સાથે આવવાને સત્યવાને હા કહી, સાવિત્રિયે વિનય વચનથી સાસુ સ્વસુરની આજ્ઞા માગી અને તે મળી. સત્યવાન તથા સાવિત્રિ બંને વાતો કરતાં, અઘોર જંગલમાં આવ્યાં, ત્યાં એક વિશાળ વડનું ઝાડ જોઇ સ્રિને નિચે બેસારી સત્યવાન ઝાડ ઉપર ચડયો, જેવો કુહાડીથી ઘા મારવા જાય છે તેવાજ માથામાં ઝાટકો વાગ્યો.

(કવિ.)　　**(માઢ. રાગ; વીરા વેસ્યાના યારી.)**

ચડયો વડલાની ડાળે, ઘેરીઓ કાળે, મૃત્યુંએ મારી ચોટ.
સબળ યોદ્ધા એ શત્રૂ આવ્યો, જનથી ન જીત્યો જાય;
કાલાવાલાને કોઇ ગણે નહિ, લાંચથી નવ લોભાયરે;
કોઇ ટાણું ન ટાળે, પાછુ ન વાળે, પુરી ન પાડે ખોટ.　　　ચડયો. ૧
કાળ બાણુ જે મોતે માર્યું, આવી કર્યો શિર ઘાય,
સત્યવાનને સૂજ પડી નહિ, પડીઓ પૃથ્વિમાંય;
આવ્યું મૃત્યુ અકાળે, કહો કોણુ ખાળે, મેલે ન મુકયે દોટ. ચડયો. ૨
ચક્ષુ એનાં ઉંચાં ચડીઆં, બંધ થયાં દશ દ્વાર,
સતિ સાવિત્રિયે ખોળામાં લીધો, આંખે આંસુધાર;
મુખ સામુ ભાળે, મનને બાળે, વળગી વહાલાની કોટ.　　　ચડયો. ૩

---

* વહાલા=જમરાજ, ગર્ભવાસમાં જામિન થઇ છોડવનાર.

સત્યવાન. **મરાઠી શાખી.**

સતિ સાવિત્રિ સત્યે પળજે, મળજે પિતા મુજ માત,
સ્વલ્પ કાળમાં સુખ બહુ દીધું, ધન્ય જનેતાની જાત;
છે છેલ્લી ઘડી, પ્રભુ નામની પાડો ઝડી. છે.

સત્યવાન હોઠ ફફડાવીને ઘણા પ્રયાસે રામનામ ઉચ્ચાર કરે છે, સાવિત્રિ તેના સામુ જોઇ રામ, રામ, રામ, રામ, રામ, રામ, કર્યા કરે છે, એટલામાં ધર્મરાજા પંડયે આવી ખડા થયા, ધર્મને જોઇ સાવિત્રિયે કહ્યું હે જમરાજ આપનું આગમન શા કારણથી થયું ?

ધર્મ—હે સતિ તારો પતિ હવે તારો નથી, હું તેનો પ્રાણ હરણ કરવા આવ્યો છું.

સાવિત્રિ—મહારાજ; આપના દાસ આવે છે, અને આજે પંડયે કેમ?

ધર્મ—સતિ ! તારા ખોળામા સુતેલો છે તેથી મારા દુતોથી તેનો પ્રાણ લેવાયો નહિ; અને સત્યવાન જેવા નિતિવાન પુરૂષને દુતો પાસે મંગાવી લેવો એ મને સારૂ પણ લાગ્યું નહિ. હવે તારા ખોળામાંથી એનું મુસ્તક નિચે મુકય !

સાવિત્રિ માંથુ ભોંય ન મુકતાં લાંબા હાથ કરી આડી પડી; ત્યારે ધર્મે કહ્યું.

(ધર્મ) (જનુની જીવો ગોપીચંદની; એ રાગ)

પાલવ ખસેડો જરા પ્રેમદા.
શબ એ થયું સત્યવાનનું, કરવો ન ઘટે સ્પર્ષજી;
સંયોગ રહ્યો તમ સ્વામિનો પુરેપુરો એક વર્ષજી. પાલવ. ૧

(સાવિત્ર) દયારે લાવો દીન ઉપરે.
આધાર એ મુજ અંગનો, આ શરીરનો સ્વામિજી,
ભમી વળી ભર્તખંડમાં, દોહલે વર પામીજી. દયારે. ૨

(ધર્મ)પ્રિતમ પામ્યાં પ્રેમદા, પુરી ઇષ્ટ કૃપાયજી;
ભોગ વિલાસને ભોગવ્યા, વિલપો શાને વૃથાયજી. પાલવ. ૩

(સાવિત્રિ વિલાપ કરૂ વિઘ્ન ઉપન્યુ, વહાલા જનનો વિયોગજી;
દગોરે દેવોતો જ્યારે દેવને, શાને સાંધ્યો સંયોગજી, દયારે ૪

(ધર્મ) ડહાપણુ ન ચાલે દેવનુ, પુર્વ કરણી પ્રમાણુજી;
સબંધ તુટયો તમ સ્વામિનો, મિથ્યા કરો તાણા તાણુજી- પાલ.૫

(સાવિત્રિ)કરણી જુવો હુ કયારે ચુકી, સત્યવાનની સેવાજી.
નહિરે મુકુ મુજનાથને, પાછા વળો ધર્મ દેવાજી. દયારે. ૬

(ધર્મ) સંગ તમારે અંગનો, તેનું નથી મહારે કામજી,
આત્મા અમર એને લેઇશું, જડ મુકો તમામજી. પાલવ. ૭.

(સાવત્રિ) પરણી પ્રભુ હુંતો પ્રાણુને, કાયા કાર્યને કાજજી;
　　　　પ્રાણુ વિના કાયા કેમ રહે. બેઉ સોંપો મહારાજજી. દયારે. ૮

(કર્તા)　　　　　　ચોપાઇ ઢાળની.

આંખે ખાંખ જોડીને ખેંચ્યા પ્રાણજો, સાવિત્રિને પડી નહિ જાણજો,
નજર ચુકાવી જીવ લઇ જાયજો, શબ મુકી સતિ સંગ ધાયજો. ૧
સુક્ષ્મ શરીર સ્વામિનું જોતીજો, પુઠે પોકાર પાડીને રોતીજો;
(ધર્મ) કહે ધર્મ સતિ માગ્ય તુંયજો, આપુ સ્વામિના જીવ વિના હુંયજો. ૨
(સાવિત્રિ) છે અંધ સ્વસુર તે દેખેજો. મારો મેખ કરમતી રેખેજો;
(કર્તા) અસ્તુ કહીને આગળ ધાયજો, સાવિત્રિ તો સંગે જાયજો. ૩
(ધર્મ) બિજીવાર માગો એ બાળીજો, (સા) ગયું રાજ્ય આપો પાછુ વાળીજો;
(કર્તા) અસ્તુ કહીને આગળ પંથ ખેડજો, સાવિત્રિ તો દીઠી કેડે કેડે જો. ૪
(ધર્મ) ત્રિજીવારનુ માગો મુખેજો, સત્યવાનના જીવ વિના સુખેજો;
(સાવિત્રિ) પ્રભુ સાચવવા ઘર સુત્રજો, મારા પિતાને આપો પુત્રજો. ૫
(કવિ) અસ્તુ કહીને ટુંકી કરે ધરતીજો, આલે વાંસે સતિ આંસુ ભરતીજો;
(ધર્મ) તને લોભ દીસે છે અતી જો, છેલ્લુવેલુ માગો હવે સતિજો. ૬
(સાવિત્રિ.) નથી જીવની મારે જરૂર જો, ઘણું પામીને હરખ્યુ ઉરજો;
　　　　ચરણે નામી માગુ ધર્મરાય જો, સત્યવાનથી સો પુત્ર થાય જો. ૭

(ધર્મ)—હે સતિ! તથાસ્તુ. ધર્મરાજા આગળ જાય છે અને સાવિત્રિ વિચાર શુન્ય ઉભી રહી. ધર્મ કહે હે સતિ હવે કેમ ઉભી છુ!

સાવિત્રિ—મહારાજ આપના બોલનો વિચાર કરી આગળ પળો!

(ધર્મ)　　　　　　(હરિગીત.)

　　જા સત્ય સુતા પાળીયું પ્રતાપ પતિ સેવનો;
　　જા મળે માગ્યુ તુજને, ઉપાય નહિ દેવનો.　　　૧
　　જા વચન મ્હારૂ એજ, થાશે સુખ સરવે સાથને;
　　થયું વહાલ. કર ન્યાલ, આપુ જીવ ત્હારા નાથને.　　૨
　　જા ભોગવે તુ સુખ, જાએ દુઃખ આવે નહિ ફરી.
　　જા ચાર સૈકા જીવીને, સત્યવાન તે જાશે મરી.　　૩

સાવિત્રિ—કૃપાનાથ, આપ મને શું કહો છો સત્યવાનને સજીવન કરી દિકરીને દુઃખના દરિયામાંથી મુક્ત ક્યારે કરશો?

ગિતિ.

ધર્મ—પુત્ર તને સો થાશે; આશિષ મારી અંતર તુ ધરજે;
　　ગુણિયલને ગુણ લેવા, સદાય નિતી આવી આચરજે.

ધર્મરાએ સત્યવાનને સજીવન કર્યો, ધ્રુમ્રસેનને આંખો તથા રાજ આ-પ્યું, અશ્વપતિને સો પુત્ર આપ્યા, આવું પવિત્ર સતિ ચરિત્ર સાંભળી જે મનન અને નિદધ્યાસ કરશે તેને પરમાત્મા મનવાંચ્છિત ફળ આપશે.

(કવિ) રાગ; ખટક રહી આ મ્રગનયનીને.

સત્યવાન જીવાડયો ધર્મે, રાજ્ય ભોગવે સૈકા ચાર;
લેશમાત્ર નારી નવ ચુકે, સેવા, પુજા, કુળાચાર. ૧
ઇશ્વરવૃતિ સ્વામિ ચર્ણે, મરણે બોલે નહિ અસત્ય;
સ્વર્ગ ગએલો સ્વામિ લાવી, એ જન જાણે એવી ગત્ય. ૨
સાવિત્રિ સમ સત્યને પાળે, કોકાળે નહિ ગર્ભમાં વાસ;
શત્રુ મિત્ર સરખા થઇ બેસે, દેવ નમે જેમ નમતા દાસ. ૩
સતિ સાવિત્રિ ચરિત્ર અદભુત, પ્રેત, પિશાચ, ન વળગે ભૂત;
શ્રવણ કરે શ્રદ્ધા રાખીને, તેને નાવે જમના દુત. ૪
ભક્ત ભજન ભાવે નવ કરશે, ભુત, પ્રેત, સાધે વૈતાલ;
તે જન પામે દુ:ખ અતીશે, કહે છે સેવક બાપાલાલ. ૫
ગુરૂ પ્રતાપ ગુણ ગાઇ શકુ છું, હર્ષ કરે હૈયામાં દોડ;
શ્રોતા વક્તા સરવે બોલો, જય જય જય જય શ્રી રણછોડ.

નરસિંહમહેતાના બાપનું શ્રાદ્ધ.

(કવિ) ગિતિ.

આરાધુ [1]અજપુત્રિ, [2]શંકરતનને સદાએ શિર નામુ;
ભક્ત તણા ગુણ ગાવા, દિવ્ય ગતિ એ પ્રતાપથી પામુ.

મરાઠી સાખી.

દીન વચનથી દયાળ રીઝે, અરપે માગ્યું મુખ;
આઠ પ્રહર આનંદે જાએ, સદાય સરજે સુખ;
ફળ ભક્તિ તણું, અલ્પ મતીએ આજ ભણું. ફળ.

ગિતિ.

નાગર નરસૈ મહેતા, જુનાગઢમાં ભુધરના ભક્ત;
ભણીઆ નહિ પણ ગણીઆ, નામ નિશાને જાણે છે જગત.

જુનાગઢની નાગરની નાતમાં શ્રેષ્ટ નરસિંહ મહેતા પરમાત્માના પરમ ભક્ત હતા, તે ભણેલા નહિ પણ ગણેલા હતા.

---

૧ અજપુત્રિ સરસ્વતિ. ૨ શંકરતન–ગણપતિ,

દોહરો.

પ્રભુતા ધરપી પંડની, પ્રપંચ ધરવી પહેલ;
ઇશ્વર પદને પામવું, વો કરના મુસ્કેલ. સિયાવર.

પંડની પ્રભુતા એટલે હું ડાહ્યો, શાણો, શેઠ, ગોરો, કુળવાન. મારા જેવો કોઇ નહિ, અને પ્રપંચમાં પહેલ કાઢવી, છળ, કપટ, પ્રપંચનાં બિડાં ઝડપવાં એ સર્વ સહેલું છે; પણ ભક્તિ કરી પરમાત્માના પદને પામવું એ મુસ્કેલ છે.

મોટાભાઇ વણશિધર બે પૈસાની આસ્તાવાળા સદગ્રહસ્થ, ઇજ્જતને આબરૂવાળા, પાંચ સેં માણસમાં માગ મુકાવે તેવા હતા, પણ મહેતાજી એમના તેજમાં તણાઇ જઇ દરકાર કરે તેવા ન હતા.

દોહરો.

ભિખારી ભગવાનનો, મન જગ તરણા તોલ;
મુખ ઉચ્ચારે માધવો, બીજો ગમે ન બોલ. સિયાવર.

મહેતાજીને પ્રભુના નામ શિવાય કાંઇ વહાલું ન હતું, અને વહેવાર પણ ઇશ્વર પરાયણ થતો હોય તેજ કરવો, એમ હતું. દુનિયાદારીનો સઘળો વ્યવહાર મોટાભાઇ કરતા, એક સમયે શ્રાદ્ધ પક્ષમા વણશિધરે વિચાર કર્યો કે, નરસૈંઆને કોઇ પ્રકારની આબરૂ અડતીજ નથી; પણ મારે વટ સાચવવો જોઇએ, એમ વિચારી પોતાના સર્વ સગાંને નોતરી આગલે દિવસે સાયંકાળને સમયે ભાઇને નોતરૂ દેવા જાય છે.

(કવિ) ### ત્રિતાલ ચોપાઇ.

વણશિધર જાય નરસૈં નોતરવા, માંડ્યા મન મનસુબા કરવા;
વાધ્યો અંતર લક્ષ્મિનો ગર્વ, હુંથી હેઠા ન્યાતમાં સર્વ.
(વણ) આજે ત્રિલોકપતિ મને ત્રુઠયો, નરસૈંઓ તો અંગારો ઉઠયો.

વિચાર કરતાં વણશિધર આવે છે. અરે નરસૈંઓ નબળો નિકળ્યો, નામ બોળ્યુ, કુળમાં અંગારો ઉઠ્યો; ને મહેતાજીને મંદિરમાં પગમાં ઘુઘુરા બાંધી હાથમાં કિડતાલ લઇ જયરાધા કુષ્ણરાધા કરતા જોયા.

મહેતાજી તો જપે જદુરાય, વણશિધરનો ક્રોધ ન માય.

વણશિધર—રાખ્ય ! રાખ્ય ? અંગારા છાનો રહે છાનો રહે ! હું સવારે આવું ત્યારે તું ઘુઘરા બાંધીને ઘુમતો ને ઘુમતો; સાંજે આવું તો પણ તું ઘુઘરા બાંધીને ઘુમતો ને ઘુમતો ! બપોરે આવું તોય તું ઘુઘરા બાંધીને ઘુમતો ને ઘુમતો ! અલ્યા દોઢ પૈયાના; અભાગીઆ સાંભળ કાલે પિતાશ્રીનું શ્રાધ છે માટે સવારના પહોરમાં વહેલો આવજે ! જોજે પાછો

ઘુઘરા બાંધી ઘુમવા રહેતો ! અક્કરમિ ! રાત્રિ દિવસની માલમ તો તને કોઇ દિવસ પડીજ નહિ.

> નથી ઉંચો આવ્યો તારા પાપે, નથી થાંપણુ સોંપી મને બાપે;
> તોય ખરચીશ એ કામ મહારૂ, ત્હારે કુટવું છે ભઠીઆરૂ.
> તારી નારી તે ભરશે પાણી, ત્હારૂ માગેલું આપશે આણી;
> મણ ધઉંનો દળી લાવે લોટ, દીઠું કામ કરે ચડીચોટ.

(કર્તા) પુત્ર માતપિતાની, શિષ્ય ગુરૂની; અને સ્ત્રિ પતિની નિંદા સાંભળે અથવા પોતાની સમક્ષ કોઇ તિરસ્કાર કરે અને સામા ઘટતા ઉચ્ચાર ન કરે તો દોષિત થાય; એવાં સત્પુરૂષોનાં વચન ઉપર વિશ્વાસ આણી મહેતીજી ગરજી ઉઠયાં.

(મહેતી) રાગ; ક્ષત્રિકલંક.

> હોઇ ગ્રહસ્થઇ તેતો તમને ગંધાય, મોટાનું માપ નહિ રહેવાનુંરે.
> હાહા ! શ્રાદ્ધ દિવસ ચાલ્યા જાય. મોટાનું ૧
> વેળા વાળે વહાણે વૈકુંઠનો નાથ. મોટાનું
> પિંડ મુકાવીશ હું પતિ કેરે હાથ. મોટાનું ૨
> છતે છાકીને છાકેલા બોલો બોલ; મોટાનું
> મારે બોલે થાશે તરણા સરખો તોલ. મોટાનું ૩

જરા મોટાઇના માપમાં રહી જાઓ તો સારૂ, તમે મને સો ટુંકારા કરશો પણ હું તમને એક ટુંકારો કરીશ તો તમારી સવાગજ ધરતી હેઠી જશે ! તમારે ઘેર તમારા બાપે કંકોત્રિ મોકલી હશે ! અને તમારા ભાઇને તો ખબર પણ નહિ હોય કે બાપ કયારે મુવા !

(વણશિધર) ખટક રહી આ મૃગનયનીને.

> રાંડજાત રાઢયોમાં શુરી, કદી નહિ સમજે કળમાં;
> ચટકુ કરતાં ચટકો લાગ્યો, આભ શુ ઘાલે [1]ઉંડળમાં. ૧
> એળે જાય અવતાર તમારો, દેઉ નોતરૂ દયા ધરી;
> આટા ઉડતા હોય જો ઘરમાં, શ્રાદ્ધ સારજે કાલ કરી. ૨
> જગત ભક્તનો સાંધો ન મળે, અજ્ઞાનીમાં હાંશી થશે;
> નરસૈ નાગો નહિ આવે તો, કહે શું ખાસડું ફાટી જશે. ૩

(કર્તા) જંબુરાની જાણુમાં બાજીગરની બધી રમત હોય છે, તેમ જગ કર્તાના નાટકનો તમાસો જોઇ મહેતા સ્તબ્ધ થઇ ગયા. નિરાંભિમાની, સમદ્રષ્ટિસમાન, અને ધર્મ સમાન અજાતશત્રુપણુ જોઇને, મહેતીએ વિચાર

૧. ઉંડળ—બાથ.

કર્યો કે પરમેશ્વરરૂપ પતિની આજ્ઞાનું ઓલંગન કરવાવાળી સ્ત્રિ રવરવ નર્કની અધિકારી થાય છે, માટે રખે મહેતાજી મોટાભાઇને ત્યાં જમવા જવાનું કહે ને મારે ના પાડવી પડે; માટે હુંજ એમને આજીજી કરી મન ગમતું માગું.

(મહેતી) ગોકુળીએ લઇ ચાલ વહાલા.

તમે સાંભળો મારી વાણુ, સ્વામિ. તમો સુંદિર ચતુર સુજાણુ. સ્વામિ.
તમો સમરો છો સારંગપાણુ, સ્વામિ. તમ ભાઇ કરે ભંગાણુ. સ્વામિ;
તેમાં એ શું પામશે લ્હાણુ, સ્વામિ. તેમાં અંતે થાએ હાણુ. સ્વામિ.
મ્હારૂ બોલ્યુ કરો પરમાણુ, સ્વામિ. તમને ઇષ્ટ દેવની આણુ. સ્વામિ.

ઝાંખા જમવા બેસવું, નિચું ઘાલી નેટ;
એથી રૂડું જો ગણો, પથ્થર ધરવો પેટ. સ્વામિ. ૧
શાણાછો શ્રવણે ધરો, મુજ ગરીબની દાદ;
બળ્યું જમવું એ બોલતું, ઘેર કરોને શ્રાદ્ધ. સ્વામિ. ૨
પણ એ સાચુ કહી ગયા, નથી એમનો વાંક;
અસ્ત ઉદયના કાળમાં રહેવાના તમો રાંક. સ્વામિ. ૩
થનાર હોય તે થાય પણ, આજ ન માનુ વચન;
જેઠને ઘેર જાવું નહિ, ભલે પડે આ તન. સ્વામિ. ૪

મહેતા—ઘેલી ! એ મારા મોટાભાઇ, હું નાનોભાઈ, એ બે બોલ કહેવા લાયક, હું બે બોલ સાંભળવા લાયક, એમણે કહ્યા ને મેં સાંભળ્યા; હવે કદાચ આપણે જમવા જઇએ તો શું નિચા બાપના થઇ જઇએ !

મહેતી. મરાઠી શાખી.

આદર વિના અન્નજ લેવું, એથી સારૂં મરવું;
અમૃત ભોજન અળગાં મુકી, પાષાણથી પેટ ભરવું;
અહીં ખાવાની, જેઠ ઘેર નહિ જાવાની. અહીં.

મહેતા—અરે પણ તમે મારા ભાઇના સામા ઉચ્ચાર કરી કહ્યું કે ઘેર શ્રાદ્ધ કરીશું ! તે શું સમજીને; ઘરમાં શું દીઠું ?

મહેતી—અરેરે સ્વામિ, આપણી આવી દુર્બળ અવસ્થા અને મોટાભાઇની સારી તે ભગવાનને ઘેર કેવો અન્યાય ?

મહેતા——ઇશ્વરને ઘેર અન્યાય છેજ નહિ એને ત્યાં તો અદલ ઇન્સાફ છે. હુ તો એમ માનુંછું કે મારા જેવો સુખીઓ સંસારમાં કોઇ નથી. તું દુઃખ દેખતી હોય તો તે તારી કરણીનાં ફળ છે.

દોહરો.

કર્યું કરારે આપવું, એના ઘરની રીત;
મનવાળોને માનુની, ન હોય દત્ત વિણુ વિત્ત. સિયાવર રામચંદ્રકીજય.

દૃષ્ટાંત--કોઇ એક શહેરમાં એક ધનાઢ્ય સદ્‌ગૃહસ્થ રહેતો હતો. જેને ઘેર રાજા સમાન સાહેબી હતી, પંદર વરસની ઉમ્મરનો તેને પુત્ર હતો, એક વખતે રાત્રિને સમયે આ છોકરાએ તાપ લાગવાથી ન્હાવાની ઇચ્છા જણાવી, ત્યારે ઉત્તમ કુળની અબળા અગાસીમાં બાજઠ ઢાળી, ત્રાંબાકુંડીમાં જળ કાઢી, પતિને તેલ મરદન કરવા લાગી. આ વખતે બાઇના સ્વરૂપનો પાર ન હતો. ચંદ્ર સરખું વદન, અંગ ઉપર હજાર રૂપિયાનું *અમ્મર, અને ચંદ્ર સહિત રાત્રિ;એ ત્રણે એકાકાર થઇ ગયાં હતાં, એવામાં વરસાદના છાંટા થયા. સ્ત્રિયે કહ્યું સ્વામિનાથ તમે ન્હાજો, હું તો જાઉંછું, મારૂ અમ્મર પલળે!

સ્વામિના અંગની સેવાના ફળ કરતાં પોતાના અંગની શોભાને સાચવનાર સ્ત્રિને જોઈ વણિક પુત્ર અજાયબી પામ્યો. તેજ વખત ઉઠી પોતાના પિતાની પાસે ગયો, અને યાત્રાને બહાને દુરદેશાંન્તર જવાની રજા માગી. બાપે કહ્યું કે ભાઇ યાત્રા કરવા જવા મરજી હોય તો સાહેબી સાથે જાઓ! પુત્રે હઠ કરી એકલા જવા ગરજી જણાવી. આ સઘળી રકઝક હયો નામનો બ્રાહ્મણ સામે બારણે રહેતો હતો તે સાંભળતો હતો, તેણે વિચાર કર્યો કે જો હું નગરશેઠના છોકરા સાથે જઇશ તો બે ચાર મહિના ખાઇ પી આનંદ કરી પાંચ પચીસ રૂપિયા લઇ પાછો આવીશ.

આવી લાલચે હયો બ્રાહ્મણ આગ્રહ કરી સાથે જવા તૈયાર થયો. બંને જણ મુસાફરી કરતા ચાલ્યા. ઘણે દિવસે શેઠના પુત્રે હિમગિરિની વાટ ઝાલી. જ્યારે થંડો વાયું આવવા માંડયો ત્યારે હયા મહારાજે શેઠને કહ્યું; હે ભાઇ આમ બરફથી ઢંકાએલા પહાડમાં જવાનું શું પ્રયોજન છે?

શેઠ—અલ્યા હયા, મનવાંચ્છિત ફળની ઇચ્છા હોય તો મારી સાથે ચાલ! હિમગિરિમાં હાડ ગાળી ઇશ્વર પાસે મનગમતો વૈભોગ માગીએ.

હયો--શેઠજી! એ શું બોલ્યા, તમારે કઇ વસ્તુની ખામી છે! અને મારે પણ કઇ વસ્તુની ખામી છે!

શેઠ—મને હજી જોઇએ તેટલું સુખ મળ્યું નથી, માટે પરમાત્માના મુખની વાણી જે વેદનાં વચન તે ઉપર વિશ્વાસ રાખી હિમાલયમાં હાડકાં ગાળીશ.

હયો--તો!!! મને તો રજાજ આપો.

શેઠ—મુરખા! કાંઠે આવેલું વહાણ શા માટે બુડાડેછે! હવે થોડા દિવસમાં દેહ પડશે અને ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થશે.

હયો--શેઠજી! મને આતી ઉતમ વસ્તુની પ્રાપ્તિ છે, માટે જાઉંછું.

---

*અમ્મર=સ્ત્રિયોને પહેરવાનું, અમુલ્ય અને ઉમદા વસ્ત્ર.

શેઠ—તો ભલે તારી જેવી મરજી પણ પછીથી પસ્તાઇશ !

હયો—મારે તો વિમાસણ કરવા જેવું છેજ નહિ. કહો ? ઘેર કાંઈ કહેવુંછે?

શેઠ—હવે આ દેહ એ સમ્બંધિયોનો સંગ છોડે છે, માટે કાંઈ કહેવા જેવું નથી બંને છુટા પડયા અને હયે ઘેર આવી સમાચાર કહ્યા. શેઠ અતીશય કલ્પાંત કરવા લાગ્યા. નારીને નિશ્ચય થયો કે " તમે નહાજો હું જાઉંછું મારૂં અમ્મર પલળે " આ શબ્દો ઉપર જે થયું તે થયું. અરેરે મને શિ ખબર કે " રજનું ગજ થશે " આમ " છિંકતાં છિડાં પડતાં હશે " એવી પ્રકૃતિની મને ખબર નહિ.

આ તરફ શેઠનો છોકરો અતીશય તાઢથી કડકડવા લાગ્યો; અને જ્યારે તેને માલમ પડયું કે હવે ઘડી બે ઘડીમાં આ દેહ છુટશે ત્યારે તે બોલ્યો " હે પરમેશ્વર મારો અવતાર એજ માતાને પેટે ફરી થાય અને મને જે સ્ત્રિ મળે તે પોતાના અંગની શોભાને સાચવવા કરતાં મારા અંગની સેવાનું ફળ વિશેષ ગણે. "

નગ્રશેઠાણીને ગર્ભ રહ્યો અને પુરે માસે પુત્ર થયો. દિન પ્રતિદિન પુત્ર મોટો થવા લાગ્યો નવ વરસની ઉમ્મરે શેઠે ધામધુમની સાથે તેનાં લગ્ન કર્યાં. સોળ વર્ષની ઉમરે જ્યારે સ્ત્રિ સહિત દિવસ ગુજારવા લાગ્યો ત્યારે પ્રથમનો પ્રસંગ વિચારી રૂતુને અનુસરી સ્નાન કરવા ઇચ્છા જણાવી સ્ત્રિ પતિને બાજઠ ઉપર બેસારી પોતે સુગંધમય પદાર્થોનું મર્દન કરવા લાગી; થોડીવારે વૃષ્ટિ થવા લાગી, અને જ્યારે વિશેષ વરસાદ થયો ત્યારે શેઠે કહ્યું તમે જાઓ તમારૂં અમ્મર પલળશે ?

સ્ત્રિ—સ્વામિ આપ એ શું બોલ્યા, અમ્મર પહેરવું એ તો ફક્ત તમારી ગ્રહસ્થાઇને માન આપવાને માટે, નહિતો તે પણ સાધારણ વસ્ત્રનુંજ કામ કરે છે, વળી સઘળી શોભા આપના અંગની પાછળજ છે, આપ અમ્મર પહેરાવો તેવા છો તો પહેરૂં છું. કદાચ આપની સ્થિતિ કંગાલ હોય તો મારે તે વખતને માન આપવું એ મારો ધર્મ છે. પતિને સુખે સુખી ને પતિને દુઃખે દુઃખી એજ સ્ત્રિ.

પ્રથમના અવતારની સ્ત્રિ તો ખેદ કરવા લાગી, અને પોતાનોજ પતિ ફેર અવતાર ધારણ કરીને આવ્યો છે, એમ તેને ભાસ થયો. હવે મારે દેહ છોડી ફરી એજ પતિને વરવું.

બિજે દિવસે સહવારે શેઠનો બાળક પોતાની સ્ત્રિ સહિત સોનાની હીંચોળાખાટે હિંચે છે, હાસ્ય વિનોદની વાતો કરે છે; પાનસોપારી ખાય છે; અને સામેથી હયો બ્રાહ્મણ જોઈ રહ્યો છે. વણિક પુત્રે પિચકારી મારી તે સ્ત્રિ

ના અમ્મર ઉપર પડી તે જોઇ હયાનું હૈયું કંઈ કંઇ વિકલ્પ કરવા લાગ્યું. એકદમ મોટે સાદે બોલી ઉઠયો ! રાંડ ! દોરડું લાવ્ય ! દોરડુ લાવ્ય !

બ્રાહ્મણી—દોરડુ શું કરશો ! ગળે ફાંસો ખાવો છે ?

હયો—લાવ્ય ! લાવ્ય ! દોરડુ લઇ ઘર વચ્ચે મોભારા ઉપર નાંખ્યું. તેના ઉપર ખાટલો મુકયો; અને બાયડીને ઉચકીને બેસારી પોતે પાસે બેઠો પછી છોકરાને કહ્યું લે બચ્ચા બે પૈસાના પાન, પૈસાનો કાથો પઇનો ચુનો, ને પૈસાની સોપારી લઇ આવ્ય ! ઝટ આવ્ય ! ઝટ આવ્ય !

બ્રાહ્મણી—બળ્યાં ! ! આમ શું કરતા હશો, આજ શું સુજયું છે !

છોકરો લઇને આવ્યો કે તુરત દશબાર પાનનું બિડું કરી, બાઇડીનું ડાચુ ફાડીને મોમાં ખોશી ઘાલ્યું, અને કહ્યું જોજે ભોંય થુંકતી ! થુંકવું હોય તો મારા ઉપર થુંકજે ! પોતે પણ આઠ દશ પાનનું બિડુ ચાવી દોઠ કરી બાઇડીના ઉપર કોગળો કર્યો.

આવું ગબડગંડુ આચર્ણ જોઇ સ્ત્રિને ઘણુણાવી રીસ ચઢી; ને તુરત લોટો ઉચકીને કપાળમાં માર્યો. શંકરની જટામાંથી ગંગાજી નિકળ્યાં હતાં તેમ, હયાના કપાળમાંથી લોહીની ધારા ચાલી.

આ સઘળો વૈભવ શેઠીઆનો છોકરો સામેથી આડી નજરે જોયા કરતો હતો તે બોલી ઉઠયો.

હણુ હણાટ ગાં કર હયા, છડ પ્યારા લાડ;
હરી અર્થે કાંઈ ન વાવર્યું, ન ગાળ્યાં હેમાળે હાડ !

અવળા સંસ્કારના હયાનેતો વચને અસર ન કરી. પણ પ્રથમના અવતારની સ્ત્રિયે ગાંઠ વાળી કે પુન્યથી કે હિમાલયમાં હાડ ગાળવાથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે. બિજે દિવસેથી હમેશાં સવારમાં સાતશેર સોનું અને સવાસોમણ અન્નનું દાન કરી ભોજન કરવાનો નિયમ લીધો, અને કાળે કરી દેહ છોડી ફરી અવતાર ધરી, એજ પતિને વરી.

મહેતા—હે સ્ત્રિ કર્મ પ્રમાણે ભાગ્ય, અને ભાગ્ય પ્રમાણે ભોગવવાનું છે.

મહેતી—ભલે ગમે તેવી સ્થિતિ છે, પણ મારી પાસે પાંચ વાલની એક સોનાની વાળી છે તે લ્યો ! અને ઘેર શ્રાદ્ધ કરો !

(**મહેતા**) **દોહરો.**

કયાં વાળી છે કામની, લાવો મારે હાથ,
ભિડ પડે જો ભક્તને, લાજે લક્ષ્મિનાથ. સિયાવર.

ભક્તની લાજ ગઇ તે ભગવાનની લાજ ગઇ, ઇશ્વર જરૂર આપણી લાજ રાખશે, મારે વાળી લાવો !

મહેતી—હવે રાખો તમારી બેડસાઇ ! ભગવાનની લાજે ને લાજે હું તો બળીને અડધી થઇ ગઈ, વાળી ના આપુ તો ખબર પડે, પણ શું કરૂં મારાં વઢાયાં છે તેથી આપવી પડે છે; લ્યો !

કર્તા—મહેતા વાળી વેચી સઘળી સામગ્રી લઇ ઘેર આવ્યા; ફક્ત ઘીના પૈસા ખુટયા; તે ઉધાર લાવવા વિચાર રાખ્યો.

(કવિ)   રાગ, વણઝારો,

લાવ્યા શ્રાદ્ધ સામગ્રિ તાજી, મહેતા મન થયા ઘણું રાજી;
(મહેતી) શિધા સામી નજર જરા કરજો, કરી વિચાર ને નોતરજો;
રખે કાળજુ કરતા કાજી.   મહેતા. ૧
હોય ખપ એ મુખ ઓચરજો, પછી બોલવું તે બંધ કરજો રે;
રખે બોલી બગાડતા બાજી.   મહેતા. ૨

મહેતા—આટલી સામગ્રીમાં કેટલા માણુસ જમશે, તેની મને સમજણ પાડો એટલે હું નોતરાં દઈ આવું.

મહેતી—હું ને તમે બે, ત્રિજો ગોર સરાવવા આવે તે, ચોથો દિક્ષીત અને પાંચમો ગમે તે કોઇ બ્રાહ્મણ. પાંચના છ થયા તો આબરૂ રહેવાની નથી. મહેતીનો બોલ સાંભળી મહેતાજી ગોર તથા દિક્ષીતને નોતરવા જાય છે, એવામાં દિક્ષીત સામા મળ્યા.

દિક્ષીત—મહેતાજી " જય રાધા વલ્લભ ! "

મહેતા—ભાઇ ! " જય રાધા વલ્લભ. "

દિક્ષીત—મહેતાજી આજ તો તમારા બાપનું શ્રાદ્ધ છેને ?

મહેતા—હા ભાઇ ! તમને કયાંથી ખબર ?

દિક્ષીત—અમને ખબર ન હોય એવું હોય કે ! અને પણુશિધરને ઘેરથી નોતરાં પણ આવી ગયાં છે.

મહેતા—દિક્ષીત, જમવાનું આપણે ઘેર રાખજો. હું પણ શ્રાદ્ધ કરૂંછું.

દિક્ષીત—કેટલુંક કરોછો મહેતાજી ? (મનમાં) "પાંચ પૈસા આવ્યા હશે તો ચાર ટીલવાં ખવરાવ્યાં હશે પણ કોઇ દિવસ નાગર બચ્ચો એંઠો કર્યો નથી." આજ ઠીક લાગમાં આવ્યો છે.

મહેતા—અમે ઘરનાં બે, ગોર, તમે, અને ગમે તે એક બ્રાહ્મણ નોતરી આવુંછું.

દિક્ષીત—તમે કહો તેને હું કહી આવું મહેતાજી, મહેતાજી કહે ના હું જઈશ, દિક્ષીત કહે ના હું જાઉંછું, એમ બન્ને હાંહાંતુરા કરતા સટાક ચોરે આવ્યા, જ્યાં અચરતલાલ, ત્રંબકલાલ, ભાઇલાલ, હરસતરાય, પરસ-

તરાય, મોહનરાય, કલ્યાણરાય, અજીતરાય, વજીતરાય, સજીતરાય, માધવરાય, પ્રેમરાય નારાયણરાય, એવા સાતસેં નાગરો વાંકી ટેડી પાઘડીઓ પેરી બેઠા છે.

(કવિ) દિક્ષીત દોરી મહેતાને લાવ્યા, બંને સટાક ચોરે આવ્યા;
સૌએ માંડી મશ્કરીઓ ઝાઝી. મહેતા. ૩

કલ્યાણરાય—મોહનરાય ભાઇ ! નરસૈયો ટીલવો આવ્યો.

દિક્ષીત—ભાઇ આજે મહેતાના બાપનું શ્રાદ્ધ છે, ને એતો નોતરાં દેવા નિકળ્યા છે.

માધવરાય—મહેતાજી ધન્ય ઘડી ધન્ય દહાડો તમારા ઘરનો તુળશી પત્ર ઉપર રહે એટલો પ્રસાદ જો અમારા પેટમાં જાય; તો અમારો મનુષ્યા-દેહ અવતાર ધારણ કર્યો સફળ થાય મહેતાજી ! જો કે વણસિધરનાં નોતરાં આવી ગયાં છે, પણ એતો અમારે વહેવાર ઠર્યો, સમજ્યા; એતો અમારે મન ખાધુ કહેવાય, સમજ્યા ? માટે તમારા નોતરાની આશા રાખીએ છીએ, સમજ્યા ! મહેતાએ જાણ્યું, અહો ! વણશિધર આવો ગ્રહસ્થ તેનું નોતરૂ ના કબુલ કરી મારૂ ગરીબનું નોતરૂ કબુલ કરે છે ! દિક્ષીત ! દઇદે સાતસેં ઘેર સર્વ જણને નોતરાં ! " દ્વારીકાંધિશકીજય. "

પરમોહરાય--હરમોહનરાયભાઇ સાંભળો ! છે કાઇ વિચાર, મારો બેટો ચઢાવ્યો ચઢયો; હવાઇ છે હવાઇ !

વજીતરાય--વાયલ છે વાયલ ! *મૅટ છે. ઘરમાંતો હાંલ્લાં કુસ્તાઇ કરે છે ! કોણ જમવા જાય એવું છે, એનો બાપ !

મહેતા—જે આવી પહોચશે તે જમશે. મને પ્રાણ પ્રમાણે ગમશે;
કયાંથી આવે દેહ નહિ સાજી. મહેતા. ૪

પરસતરાય--મારો બેટો ઇતયડી વળગે એમ વળગ્યો ! કાઢો ગમે તેમ જવાબ દઇને.

નારાયણરાય--જો ભાઇ અમારે તો બંનેના નોતરાં કબુલ; પણ જેને ઘેર વહેલું થશે તેને ઘેર જઇશું.

ઉત્તર સાંભળી મહેતાજી ઉતાવળા ઘેર ગયા અને મહેતીને ખબર આપી કે ઉતાવળ કરો મેંતો સાતસેં ઘેર સર્વેજણને નોતરાં દીધાં.

(મહેતી.) ગિતી.

પાંચજણાને જમતાં, પુરણ થાતાં ઘી પ્રથમ ખુટે;
નાત નોતરી કેવી, સાત સાંધુને તેર કેમ તુટે.

મહેતા--ભુલ્યો ! મને ભાન ન રહ્યું; હવે દીધાં તે ન દીધાં થાય !

* વગર ભણેલા-મૅડ-ને બદલે-મૅટ કહે છે. મૅડ=ગાંડો.

(મહેતી.) રાગ; રેરસિયાજી.

ભુલ્યા ભૂલ્યા તમે તો ભાન રે; વહાલાજી.
કાંઇ નવ રહી શુદ્ધ કે સાન. નાના કાલાજી. ૧
કાંસાં કુટતાં ક્યાંથી રહે છે શુદ્ધરે; વહાલાજી.
વહેવાર વાતમાં બગડેછે તમ બુદ્ધ. નાના કાલાજી. ૨
જો કિર્તનિયાના કરવા હોય કકળાટ રે; વાલાજી.
પણ ઘરને માટે બગડે છે તમ ઘાટ. નાના કાલાજી. ૩
વળી ખાવાપિવા કેર ખાસ્સુ ભાનરે; વહાલાજી.
સાંજ પડે ને જોઇએ અઢીશેર ધાન. નાના કાલાજી. ૪
મેં પ્રથમ કહ્યું છે તેમાં ઘીની ટાંચ રે; વહાલાજી.
કર્યાં ન્યાત જમાડો જમી રહે નહિ પાંચ. નાના કાલાજી. ૫

મહેતા—હવે કલ્પાંત કર્યે શું સાર, વચનને વેગરવું, ને ઇશ્વરનું સ્મર્ણ કરવું.

નમ્ર વાણી સાંભળી મહેતીએ ખ્યાલ કર્યો કે, વાત મહેતા બનાવીને કહેતા હોય એમ લાગે છે, એમ કાંઇ છેક અજ્ઞાન કે અજાણ્યા નથી, પણ મેં એમના ભાઇના સામા ઉચ્ચાર કર્યા, તેથી મને દાઝે બાળવા કહે છે.

પોતાના મનનું સમાધાન કરી, મહેતાને કહ્યું લ્યો આ તપેલીમાં બે રૂપિયાનું ઘી લઇ આવો !

(કવિ.) રાગ; અચકો મચકો કારેલી.

૧ મહેતાએ તપેલી લીધીજો; ધરણિધરનું ધ્યાન ધરી.
ઘી વોહોરવા મરજી કીધીજો. ધરણિધરનું.
૨ ધારી દક્ષિણ કર કિડતાલજો. ધરણિધરનું.
ગાય ગોવિંદને ગોપાળજો. ધરણિધરનું.
૩ “ જયરાધા કૃશ્ન ” ઉચ્ચારેજો; ધરણિધરનું.
જાય ચાલ્યા ઉભે બજારેજો. ધરણિધરનું.

ભજનમાં લિન થઇ ઉભે બજાર જતા જોઇ દુકાનદારે બુમ પાડી. મહેતાજી; “ જય રાધાવલ્લભ ! ”

મહેતા—ભાઇ જય રાધાવલ્લભ; જય રાધાવલ્લભ.

દુકાનદાર—પધારો બાપજી; શું લેવા નિકળ્યા છો ?

મહેતા—(ઘી જોઇને યાદ આવ્યું) ઘી લેવા ભાઈ ?

વણિક—લાવો તપેલી મહેતાજી ? ઘી એવું આપું કે તમે ખાઇને યાદ કરો; કેટલાનું આપું મહેતાજી ?

મહેતા—એ રૂપિઆનું.

વણિક—રૂપિઆ મહેતાજી ?

મહેતા—રૂપિઆ દશ દહાડા રહીને આપીશું.

વાણીઓ—(વોય મોંકાણુ ! ભગતડો રૂપિઆ આપશે ને આપડો દહાડો વળશે. એના અંગનું ભાન રહેતું નથી તે રૂપિયાનું ભાન શી રીતે રાખશે. ફિકર નહિ. મહેતાજી તમે કહોતો ઘી આપુ, ને કહોતો ના આપું, પછી ફરી ઠપકો દેવા આવો એ સારૂ નહીં, ખરૂ પુછાવો તો ઘી તમારા લાયક નથી; મેંતો જાણ્યું બે કિર્તન બોલશો !

મહેતા—બહુ સારૂ, લાવો તપેલી ! (લઇને ચાલ્યા કે તુરત સામી દુકાનવાળાએ સાદ કર્યો.)

બિજો દુકાનદાર—"જય રાધા વલ્લભ !" પધારો પધારો બાપજી ઘી એવું આપું કે તમે ઉમ્મરમાં ન ખાધું હોય. બોલો કેટલું આપું ? (તપેલીનો ધડો કરીને માંહી થોડું ઘી નાંખીને.)

મહેતા—એ રૂપિયાનું, રૂપિઆ પંદર દિવસ પછી આપીશ.

વહેપારી—(હાય ગજબ ! ત્યાંય આનીઆજ રામણુ થઇ હશે ! બેરાગીની પાસેથી શું લેવાનું; ધુળ !) મહેતાજી, ફિકર નહિ તમારા પંદર દિવસ ને મારો મહિનો; અરે નહિ આવે તોય કોણુ પુછે છે. ઘી ઢળ્યું તો ખિચડીમાં છે ને છુટી પડયું તો ગંગામાં છે, પ...ણ ઘીમાં બાપજી.

મહેતા—શું છે ઘીમાં !

વહેપારી—મુવેલી ગરોળી પડી હતી બાપજી.

મહેતા—અરરર ! કાઢી નાંખ્ય ! કહાડી નાંખ્ય ! તપેલી ધોઇ નાંખ્ય !

આ પ્રમાણે અનેક બાનાં કાઠી કોઇ દુકાનદારે મહેતાને ઉધાર ઘી ન આપ્યું પણ એક દુકાનદાર હરીજન હતો; તે મહેતાને જોઇ હર્ષનાં આંસુ લાવી ચર્ણમાં પડયો.

(કવિ) એક વૈશ્નવ જનનું હાટ જો; ધરણિધરનું ધ્યાન ધરી.
હરખ્યા દેખી મહેતાનો ધાટજો. ધરણિધરનું ૧
આજે દુકાન પાવન કીધીજો; ધરણિધરનું.
આપો આપે તસ્તિ લીધીજો. ધરણિધરનું. ૨

(મહેતા) **મરાઠી સાખી.**

શ્રાદ્ધ તિથી છે તાતજ કેરી, નિકળીઆ ઘ્રત માટ;
(સૈ. વૈ.) ઘી તણી શિ ખોટ બળી છે, શાને કરો ઉચાટ,
બે કિર્તન કહો; ઇચ્છા પુરણ ઘી લઇ લ્યો ! બે કિર્તન.

(કવિ)　　　　　　　દોહરો.

જેને જેવું ગોઠતું, તેવું આદરમાન;
ગોવર્ધનધારિ તણું, મહેતે ધરીયું ધ્યાન.　　સિયાવર.

(મહેતાજી)　　　　　　ધુન.

જય જય ગોપિજન વલ્લભ; જય જય ગોવરધનધારિ.
કૃશ્ન કનૈયા ઝુલે નંદલાલા, ભજો ગોવિંદ ગોવિંદ ગોપાળા.

ધુનપરધુન ને કિર્તન પર કિર્તન શરૂ થયાં, બજારમાં હજારો માણસોની ઠઠ્ઠ થઇ રહી, ઘેર મહેતી રાહ જોયા કરે છે, અને નાગરની નાત ચકએ ચઢી.

(કવિ.) રાગ, ઓખાહરણનો; બાણાસુરની નગરીમાં.)

નરસઇઆની નગરીમાં, ખળભળી નાગરી નાતરે,
જમવા માટે ઝગડા લાગ્યા ચાલવારે.　　૧
ફરે નાગર ટોળે ટોળાં, કંઇ કાઢે ગાંઠના ગોળા;
ક્યા નરસઇઆને ઘેર, જમણ સારૂ હશે રે.　　૨
કોઇ કહે કરે પકવાન, કોઈ કહે ખાવા ન મળે ધાન;
આંપે શંખ વગાડી,સુકુ તુળશી પાંદડુ રે.　　૩
શિ એની કરવી વાતો, કરીએ ગફલત ખઇએ લાતોરે;
પણ જમણ જોગવાઇ જોઇને, જમવા બેસવું રે.　　૪

પાંચ પચિસ નાગર ટોળે મળી વણુશિધરને ઘેર આવ્યા તો, દાળ થઇ ગઇ છે, ચોખા પલાળ્યા છે, શાક ચાર પાંચ જાતનાં તૈયાર થઇ ગયાં છે, ભજીઆં તળાય છે.

ત્રંબકલાલ— સારંજનરાયભાઇ ! આપણેતો વહેલું થાય તોય અહિં ને મોડુ થાય તોય અહીં, આ શાકને સાહિત્ય પ્રમાણે લાડુ તો કોણુ જાણે કાલ્યના સાકરના ઠાર્યા હશે; નરસઇઓ બહુ કરશે જુલમ કરશે તો, *કંઠસ.

રમણિકરાય—ચાલો નરસઇઆને ત્યાં તપાસતો કરીએ ! આમ "વડાં પહેલાં તેલ શું પીઓ છો !"

સારંગધર—નરસઇ! હે નરસઇ ભગત !

મહેતી—કોણુ હશે ?

મણિધર મહેતા—છે કે મહેતાજી ?

મહેતી—ના ! એતો બજારે ઘી લેવા ગયા છે.

નવલરાય—સાંભળો સારંગધર ના ખવરાવાની દાનત હોય તો ઘી લેવા જાય ખરા કે !

* કંઠસ=ગોળની રસીમાં વાળેલા ઘી વગરના લાડુ.

સારંગધર—પણ પુછો તો ખરા, કેટલુક લેવા ગયા છે ?

મહેતી—ખપ જેટલું; બે રૂપિયાનું.

સારંગધર—જમો સાતસેં ઘેર સર્વેજણ નોતરાં ને બે રૂપિયાનું ઘી.

ત્ર્યંબકલાલ—મેંતો પ્રથમથીજ જનમોતરી કરી મુકી છે. ચાલો ! ચાલો પાછા ! રાયજી ગયા કે તુરત આઠ દશ ગવરી એકઠી થઇ ઠઠ્ઠા મશ્કરી કરવા આવી.

વિલાસગવરી—શું કરવા માંડ્યું માણેકબાઇ ?

ઉલાસગવરી—વેત પ્રમાણે વેતરતાં તો હશેજ કની ? કયાં ગયા છે ભક્તરાજ ?

મહેતી—આવો પધારો ? એતો ગયા છે ઘી લેવા; ને મેં રસોઇ કરવા માંડી છે.

હિમાલયગવરી—રસોઇ કયાં કરો છો ?

મહેતી—આ ચુલે દાળ ઓરી છે અને હાંલે ભાતનું આધણ મુકયું છે.

કૈલાસગવરી—આ તમે શું બોલો છો ? મહેતાજીએ સાતસેં ઘેર સર્વેજણ નોતરાં કર્યાં છે, ને તમે તો હાંલો ચુલો બતાવો છો ?

મહેતી—જાઓ જાઓ આમ મશ્કરીઓ શું કરવા કરો છો.

સુલોચના—મશ્કરી તમે કરો છો કે અમે કરીએ છીએ નોતરાં દઇ નહિ જમાડો તો, ન્યાત તમારે માટે વિચાર કરશે ? ચાલો બેનો ?

મહેતી—અરેરે શું થશે, હવે લાજ શી રીતે રહેશે ? પણ શું કરૂં વાંક બધો મારોજ છે; મે એમના ભાઇના સામા ઉચ્ચાર ન કર્યા હોત તો આ ફળ ન નિકળત, હે ભગવાન ? સહાય કરજે.

(મહેતી) રાગ; ગરૂડ ચઢી આવજો ગિરધારી.

વેગે વહેલા આવજો જગસ્વામિ.
તમો ગોવિંદ ગરૂડાગામિ, વેગે વહેલા આવજો જગસ્વામિ;
છોજી બળવંતા બહુનામિ, વેગે વહેલા આવજો જગસ્વામિ.
મેંતો ઉચ્ચારીઅવળીરે વાણ, તમ ભક્તના દુભવ્યા પ્રાણ;
તેતો તમને થયું હશે જાણ. વેગે વહેલા, ૧
મેંતો બોલી બગાડી છે બાજી, તમ ભક્ત રહે સદા રાજી;
મારે મરવું પડે હવે લાજી. વેગે વહેલા. ૨
આખી ન્યાત ચઢી ચગડોળે, તમ ભક્ત વધા ભાવે ભોળે;
મુને આવીને રંજાડે રોળે. વેગે વહેલા. ૩
એમાં મુળ વઢાયાં છે મારાં, તમ ભક્તનાં કર્મ છે સારાં;
સુણી શબ્દ પડયાં મને નારાં. વેગે વહેલા. ૪

આજે ભય થયો મુને ભારી, તમ ભક્તની ઓળખ ધારી;
આવ્યું કષ્ટ તે નાંખો નિવારી.　　વેગે વહેલા. ૫

(મહેતી)　　પોળમાં પેઠીરે. એ રાગ.

પ્રભુ પધારોરે પીડ પંડમાં પેઠી;
હવે હું પદ હેઠી બેઠી.　　પ્રભુ.
નાત નાગરી ચઢી ચગડોળે, ભુધરજી ભય પામી;
વેળાસર આવો વાલમજી, સ્વામિ કેરા સ્વામિ.　　પ્રભુ. ૧
હું ભૂલી ચુકી ચત્રુભુજ, વેણે આવી વાજ;
કોડે આવી કરો કૃપાળુ આપ ભક્તનું કાજ;　　પ્રભુ. ૨
બાળક બુદ્ધિ નવ રહી શુદ્ધિ, મતી સુજી મને ઉંધી;
કુળકુળતી મંડી કાગડીઓ, પ્રાણ નાંખીઆ રૂંધી.　　પ્રભુ. ૩
હું અપરાધી વચને વાધી, વાળ્યો ન આડો આંકો;
શું જાણું જે શામળીઆજી, દિવસ આવશે વાંકો.　　પ્રભુ. ૪

(કવિ)　　ગિતિ.

નરસઇ નિત રીતિ, પ્રિતી જાણી પોતાની સાથે;
ગરૂડ ગરૂડ એમ કહીને, કર્યા સામટા સાત સાદ નાથે.

(લક્ષ્મિજી)　　રાગ માઢ.

શે ગરૂડ તણું લ્યો નામ, રે ક્યાં જાવું પુરણકામ.
(કવિ) નરસઇયાના નામને, હરજી ઉભા થાય;
કમળા લાગ્યાં કંપવા, આવી પાલવ સહાય.　　રે ક્યાં. ૧
(કમળા) વત્રાસુર વધ કારણે, કે વૃંદા છળવા કાજ;
ધસમસીને ધાઓછો, રાખો રાખો લાજ.　　રે ક્યાં. ૨
(કૃષ્ન) મેં લીધું ગરૂડનું નામ, રે જાઉં કરવા પુરણકામ.
મુજને સંભારે સદા, હું તેને આધીન;
ભક્ત ગણાયો જગતમાં, કેમ થવા દેઉ દીન.　　રે જાઉં. ૩
નીચુ નરસૈઓ જુવે, તો મારો અપરાધ;
એ ભજન કરે હું જાઉં છું; બાપનું કરવા શ્રાદ્ધ. રે જાઉં. ૪

કમળા—તમે બાપે કેટલા કરશો, ને સરાદે કેટલાં કરશો !

બોલને નહિ ગણુગારીને પ્રભુએ ઉભા થઇ, ઓદ્ધવ અક્રુરને હુકમ કર્યો કે તમારે સર્વ સામગ્રી ભરી વણઝારા બની, પાંચસે જાદવને જોડે લઇ, જુનાગઢમાં નરસઇયાનું નામ પુછતા આવવું ! હું જાઉં છું.

(કવિ) **રાગ; ભેખરે ઉતારો રાજા ભરથરી.**

ભક્તવત્સળ ભગવાન છે.

સેવક કારજ સારવા, આવ્યા ત્રિભોવન ભૂપ;
ભાગોળ આવી ભૂધરે, લીધુ **નરસિંહ**નું રૂપ. ભક્ત. ૧
તપેલી ઘીની હાથમાં, આવ્યા દેવાધીદેવ;
મહેતી માધવને કહે, બળી બળી તમ ટેવ. ભક્ત. ૨

પ્રભુ નરસિંહ રૂપે હાથમાં ઘીની તપેલી લઈ મહેતીને કહે છે લ્યો ઘી!

મહેતી—અત્યાર સુધી ક્યાં ટળ્યાતા ?

મહેતા—એક વાણીએ કહ્યું એ કિર્તન કહેતા જાઓ, તેથી વાર થઇ.

મહેતી—બળ્યાં તમારા કિર્તન ને ફિર્તન સદાય ભપં વગાડતાને વગાડતા રહ્યા! કામ ન જુવો, કાજ ન જુવો, ગયા ત્યાં ગુંદરની ગારે ચોટયા.

મહેતા—હજુ વહી શું ગયું છે ?

મહેતી—(મોં ફેરવીને) હજી ગોર નથી ટળ્યો !

ટુંકારા હુંકારા સાંભળી, પ્રભુ સમજ્યા પેર;
ગોવિંદ ગરીબનિવાજ એ, ગયા ગોરને ઘેર. ભક્ત. ૩

ભગવાન ગોરને તેડવા ચાલ્યા. જ્યારે પ્રભુ પોળના ઢાળે ચઢયા કે તુરત સામી બારીમાં બેઠેલા ગોરે જોયા.

ગોર—છોકરા કમાડ વાસ્ય! કમાડ વાસ્ય! માંહિલી સાંકળ વાસ્ય! નરસઇઓ ટીલવો આવ્યો! ગોરના અંતરની જાણી પ્રભુએ કહ્યું ગોર મહારાજ પધારો ?

ગોર—ક્યાં ! ક્યાં નરસૈયા ? અલ્યા ક્યાં લ્યા ટીલવા ?

મહેતા—મહારાજ મારા બાપનું શ્રાદ્ધ છે, સરાવવા માટે ચાલો !

ગોર—તારો બાપ ને વણુશિધરનો બાપ કાંઇ જુદો છે ?

મહેતા—ના મહારાજ એકજ.

ગોર—ત્યારે વણુશિધર શ્રાદ્ધ કરે છે તે કેવું; અને તું કરે છે તે કેવું ! એક બાપને સો દીકરા હોયતો સો ઠેકાણે ફરતો ફર ! હુંતો વણુશિધરને ઘેર જઈશ, તું મન વાળજે.

મહેતા—મહારાજ, વણુશિધરને ઘેર તો તમે વરસો વરસ જાઓ છો ! પણ હુંતો ઓણુજ શ્રાદ્ધ કરૂં છું, માટે પધારો તો સારૂ !

ગોર—વણુશિધરને ઘેરથી તો બાર મહિને પાંચ પચીસની મતા મળે છે, તેં કોઈ દહાડો રાતો પૈસો આપ્યો છે? રૂપીયા પચીસ આપવાના હોય તો આવું !

મહેતા—પચીસ તો હું ગરીબ માણુસ કયાંથી લાવું, પણ ફુલ નહિ ને ફુલની પાંખડી, મને જે મળશે તે આપીશ!

ગોર—તારી ફુલની પાંખડી ને સોપારીનો કડકો રાખ્ય તારા ઘરમાં; અહિંતો "પઇસાવાળાનો છોકરો ઘુઘરે રમે છે!"

મહેતા—ગોર મહારાજ ! સૌ સૌના ગજા પ્રમાણે સૌ આપે, પણ તમારે તો ગરીબ તવંગર સમાન ગણવા જોઇએ, ગરીબ યજમાન કાળે કરી તાલેવન થાય ને તાલેવન ગરીબ થાય; માટે કાંઇ વિચારો !

ગોર—જા જા ! મોટો ભાગવતનો ભણેલો, ને જાણુમાણુનું છાણુ ! અહીં ઉપદેશ કરવા આવ્યો છે; જા નથી આવતા !

મહેતા—આરે મેં મોં બહાર વાત કાઢી, કે મારા બાપનું શ્રાદ્ધ કરવું, તેનું શું થાય ?

ગોર—તું રસ્તાના જનારને બોલાવીને સરાવી લે !

મહેતા—હું ગમે તેને બોલાવી સરાવું ને પછી તમે કહેશો કે, હું ગોર ! ને મેરા લગતા હે !

ગોર—જા લ્યા ટીલવા તું અત્યારથી મારો યજમાન નહિ; ને હું તારો ગોર નહિ.

મહેતા—મોંઢાનું બોલ્યું ન ચાલે, લખીને આપો !

ગોર—લાવ્ય લ્યા છોકરા કાગળનો કડકો; કયારનો ટેંચ નથી મુકતો! આ નરસઇઓ અત્યારથી મારો યજમાન નહિ ને હું એનો ગોર નહિ. બારીએથી ફેંકયો ને ભગવાને લીધો.

ભગવાન—જીવ શુદ્ધિમાં છે ?

ગોર—હા હા, શુદ્ધિમાં છે.

ભગવાન—લખ્યું છે તે બરાબર છે ?

ગોર—હા ! હા ! બરાબર છે; કાનખજુરાનો એક પગ ભાગ્યો તોય શું ને આખો તોય શું !

ભગવાન કાગળ લઇ ચાલ્યા, અને ગોરે તમાસો જોવા પોતાનાં છોકરાં વાંસે મોકલ્યાં કે, કીયો એના બાપનું શ્રાદ્ધ સરાવે છે! પ્રભુ પોળનો ઢાળ ઉતરે છે ત્યાં એક હળખેડુ ખભા ઉપર હળ લઇ સામો આવ્યો અને હળ નાંખી દઇ ચરણમાં પડયો. અરે આજે સવારમાં કોઇ સજ્જનનું મોં જોયું હશે કે જેથી હે પરમાત્માના ભક્ત મને તમારાં દર્શન થયાં.

મહેતા—ભાઇ તમે બ્રાહ્મણ છો ?

હળખેડુ—(હાથ જોડીને) હા મહારાજ; દાસને કાંઇ આજ્ઞા ?

મહેતા—મારા બાપનું શ્રાદ્ધ છે; મારે ઘેર સરાવા માટે ચાલો !

હળખેડુ--બાપજી, હું અક્ષરે ભણ્યો નથી.

મહેતા—તેની કાંઇ ફિકર નહીં.

હુકમની સાથે હળ નાંખી દઈ ચાલ્યો. પેલા ગોરનાં છોકરાં મનમાં વિચાર કરે છે કે આ હળખેડુ એના બાપનું શરાધ સરાવશે ને એનો દહાડો વળશે ! ભગવાને ઘેર આવી કહ્યું; ગોરને બેસવા પાટલો લાવો !

મહેતી--(માંથુ ખણીને) પાટલા રડયાએ ક્યારે વસાવ્યા છે તે પાટલો માગે છે !

મહેતા--વિચારમાં શું પડયાં, ઉતાવળ કરો. પાટલો લાવો ! આજે ઝડપ રાખવી, કોઇ કામમાં ઢિલ ન કરવી ! (મહેતી જુવે તો ચોક વચ્ચે સોનાનો પાટલો; લાવી બહાર મુકયો.)

ગોવિંદે ગોર પધરાવીઆ, ઢાળીને હેમ પાટ;
રાયજી સરવ ટોળે મળ્યા, જોવા નરસિંહનો ઘાટ. ભક્ત.

નરસિંહને સરાવવા બેઠો જાણી ઉનમત્ત નાગરો હાંશી કરવા આવ્યા.

ધિરજરાય--" મહેતાજી જય રાધાવલ્લભ. " કેમ વિજયશંકરભાઇ ! તમારી નજર પડી ?

વિજયશંકર—હા. મારાબેટાએ ગોરની ગાંડ તળે સોનાનો ધાલ્યો છે !

હરિપ્રસાદ--હં હં ! ! ! ભગત છે ભાઇ ! હજાર ઠેકાણે માયા, કોઇ શેઠીઆને ઘેર પહોચ્યો હશે.

ભગવાન—(એક છે તેથી માગી લાવેલો ઠર્યો.) મહેતી ! બીજા પાટલા કાઢોને આ ન્યાતના ભાયડા ઉભા રહ્યા છે તે સારૂં દેખાય છે !

મહેતી—પાટલા !

મહેતા—હાહા ! પાટલા ! પાટલા પાટલા શું કરો છો, આજ ટાણે સર નહિ કાઢો ત્યારે કયારે કાઢશો !

મહેતી ઘરમાં જઇ જુવે તો સોનાના પાટલાનો ઢગલો મારેલો. એકે એક લાવી બહાર મુકવા માંડયા.

વિજયશંકર—મારો બેટો બહુ માંગી લાવ્યો છે ! પાંચ પચાસ સો માગી લાવ્યા છે !

મહેતા--ગોર મહારાજ હવે આપણું શ્રાદ્ધનું કામ શરૂ કરો !

ગોર—બાપજી મેં પ્રથમથીજ કહ્યું છેને કે હું અક્ષરે ભણ્યો નથી !

ઠાકરચરાય—નરસૈયા ! આવું ઑડુ કયાંથી લાવ્યો છું ઑડુ ! કોઇ સાધુ ભણેલો નથી સાધુ ? સાધુ હોય તોય ચાલે, બ્રાહ્મણુની ગાંડે કાંઇ છાપ મારી છે !

નરસિંહ—ભ-મહારાજ " રાધા કૃષ્ણ ગોવિંદ " કહો !

ગોરે " રાધાકૃષ્ણગોવિંદ ' કહ્યું ને ભગવાને ટચલી આંગળી જીભને ટેરવે અડાડી કે સરસ્વતિ જીવ્હાપર બેઠી તેની સાથેજ ચારવેદ, ખટશાસ્ત્ર, અરાઢ પુરાણ ખડાં થયાં; ને બ્રાહ્મણે ઉચ્ચાર કરવા માંડયો. આ હળખેડુને બોલતો સાંભળી નાગર માત્ર વિસ્મય પામ્યા. ગોરે કહ્યું મહારાજ શ્રાદ્ધના સોળ પિંડ તેના ઉપર દક્ષણા મુકો ! ભગવાને દરેકના ઉપર એક એક, એમ સોળ મોહોરો સોનાની મુકી.

મનુભાઇ—વનુભાઇ ! જો જો સાચી સમજતા, ગિલ્ટ ! ગિલ્ટ !

માગીતાગીને મેળવ્યું, કરીઓ તવંગરનો ડોળ;
મોહોરો મુકેલી દેખાય છે, તેને ચઢાવેલો ઢોળ. ભક્ત.

વનુભાઈ—મોહોરો ગિલ્ટ ને પાટલા માગી લાવેલા, ત્યારે સાચુ શું ?

મનુભાઇ—સાચુ કાંઇ નહિ ! સાતસેં ઘેર સર્વેજણને નોતરાં દીધાં છે તેનો ધુમાડો નિકળતો બતાવો તો સાચુ માનીએ !

(કવિ) વણઝારા આવ્યા પોકારતા, લાવ્યા સામગ્રી સર્વ;
શ્રાદ્ધનું સાધન જોઇને, ઉતર્યો નાગરનો ગર્વ. ભક્ત

વણઝારા—ભાઈ નરસિંહ મહેતાનું કિયું ઘર ?

નાગરો—કિયા નરસિંહમહેતા ! અહિંતો ઘણાય નરસિંહ મહેતા છે.

વણઝારા—ભગવાનના ભક્ત ! દામોદરના દાસ ! ને શ્રષ્ટિના શેઠ.

ચંદ્રશંકર—હાહા ખરા ! મહેતાજી "જયરાધાવલ્લભ ' આ તમારે શિખાં આવ્યાં છે. મારો બેટો જાદુગર ! બડો જાદુગર !

નરસિંહ-ભ—બહુ સારૂ. વગર વિલંબે રસોઇ તૈયાર કરાવો !

પ્રભુનો હુકમ થતાંજ, પાંચસે ચુલા કરી, એકેકે ચુલે એકેકો જાદવ ઉભો રહ્યો અને તરેહતરેહનાં પકવાન, શાક, સામગ્રી તૈયાર થવા માંડી.

સુર્યપ્રસાદ—ભાઈ આપણે તો વહેલુ થાય તોય અહીંઃ શી...મોડુ થાય તોય અહિં. શી...શી.

(નાગરો) અદભુત શક્તિ આપની નહિ કો પ્રકારની ન્યુન્ય;
(મહેતા) માન ઘટે નહિ મુજને, એના નામનું પુન્ય. ભક્ત.

ગોર કહે મહા દક્ષણા, તેજ વખતે ખરા મોતીનો અમૂલ્ય હાર ગોરના ગળામાં પહેરાવ્યો અને પેલા જુના ગોરકા છોકરાંને એક એક મહોર દક્ષણામાં આપી.

છોકરાં—ડોસલાને ઘેર જઇને એવો ટીચીએ કે ફરી કોઇને લખી આપે નહિ કે " હું તારો ગોર નહિ ને તું મારો યજમાન નહિ. '

(કવિ.) વિદ્વતા જોઇને વિપ્રની. હરજી હરખ્યા અપાર;
અંતરજામિયે આરોપીઓ, નવલખ મોતીનો હાર. ભક્ત.
ઓધારી ઇકોતેર પેઢીઓ, દેઈ એકેકનાં નામ;
પિંડ સુધી પ્રભુ ઉઠીઆ, કરી પુરણુ કામ. ભક્ત.

નરસિંહ-ભ—ભાઇઓ હવે પંક્તિની તૈયારી કરો ! શણીઆં લાવ્યા હો તે બદલો, ને ન લાવ્યા હો તે અહિંથી લ્યો !

નાગરો--(નહિ લાવેલા) અમો ઘેરથી લઇને આવીએ છીએ ?

મહેતા-ભ—નાના અહિંથી લ્યો !

નાગરો—(લાવેલા) તમે લેવા જશો તો વિલંબ થશે; ત્યારે મહેતાજી આપે છે તે લ્યોને !

નાગરો--હંસ ભોજનપર દ્વાદશ તિલક; પકવાન જમવાનાં ને સાધુના કામળા પહેરવાના ! પહેરો તમે ! અમે તો આ લઇને આવ્યા !

નરસિંહ--લાવો લ્યા અબોટીઆંના ગાંસડા !

બોલ સાંભળી નાગરોએ પાછું વાળી જોયું, અને ગાંઠ છોડતાં કસબની કિનારો નજરે પડી; ને દોડતા આવ્યા.

નાગરો—(હાથ ઉંચા કરીને) લાવો મહેતાજી ? લાવો મહેતાજી ?

મહેતાજી ફેંકતા જાય છે, ને નાગરો ઝપાઝપ કરી લુંટતા જાય છે.

જેની પાસે હતાં તેણે પણ પોતાનાં સંતાડી નવાં લીધાં. કસબી અબોટીઆં પહેરી તૈયાર થઈ સર્વે બોલ્યા, મહેતાજી આ ભાદરવા મહિનાનો દહાડો ને પાછલું પખવાડીયું વખતે એકાદુ ઝાપટુ આવ્યું તો તહાડ વહાશે માટે ઓઢવાનાંય કાઢો મહેતાજી ? ભગવાને દરેકને એકેકી શાલ આપી.

નાગરો—હવે મહેતાજી......કસબી પિતામ્બર ને કસબી શાલ શોભતાં નથી. એકેકી......કંઠી હોય...તો.....સારૂ.

મહેતાજીએ ઘરાણાના દાબડા કાઢી સર્વને મન ગમતી એકેક જણસ આપવા માંડી, તે વખતે માણેકબાઇનું મોઢું ચઢી રાવણ રૂપ થયું, અને ભગવાને સામું જોયું.

મહેતી—આટલું બધુ ઘરમાં છે, પણ મને કોઇ દહાડો કહ્યું કે વાલની વિંટી પહેર !

મહેતા—લ્યો તમે પણ સોળ શણગાર સજો !

પુરૂષોતો સઘળા હાજર થઇ ગયા હતા, પણ સ્ત્રિયોને હકાર કરવા દિક્ષિત દોડયો. "ચાલજો નરસૈ મહેતાને ઘેર જમવાની વખત થઇ છે ! તેની વાંસેજ નાગરોએ પોતાનાં છોકરાં દોડાવ્યાં" તારી માને કહેજે અ-

બોટીયું ના લાવે ! " તારી માને કહેજે સાલ્લો પહેરીને આવે ! " નામ-રણો માત્ર સુતરાઉં વસ્ત્ર પહેરી હાજર થઇ મહેતીને પુછવા લાગી; કેમ તૈયારી થઇ છે કે !

મહેતી--તૈયારી તો થઇછે ને તમે તો સાલ્લા પહેરીને આવ્યાં છો !

મહેતાજી સ્ત્રિયોને પહેરવાનાંય કાઢો ! (ભગવાને કસબની ભરેલી રેશમની સાડીઓ કાઢીને આપી.) માથાદીઠ અકેકો સોનાનો પાટલો બે-સવાનો, અકેકો આગળ મુકવાનો; તેના ઉનર સોનાની થાળી સોનાના વાડકા, ને સોનાના પાણી વાસણ તૈયાર કરી નાગરી ન્યાત જમવા બેસારીને જાદવ માત્ર પીરસવા રહ્યા.

ભગવાનના ગયા પછી લક્ષ્મિજીને ગોઠયું નહિ, તે ગયાં બ્રહ્માને ત્યાં જ્યાં **સાવિત્રિ ગાયત્રિ** બેઠાં છે; બેન મને તો ગોઠતું નથી.

સાવિત્રિ—કયાં ગયા છે વૈકુંઠનાથ ?

લાક્ષ્મ—એમના બાપનું શ્રાદ્ધ સરાવવા નરસૈઆને ઘેર.

ગાયત્રિ--ચાલો આપણે જઇએ. (બ્રહ્માની રજા લેવા ગયાં ત્યારે બ્રહ્માએ કહ્યું હું પણ આવું છું.)

રસ્તામાં સામા **શંકર પાર્વતી** મળ્યા, તે પણ નરસૈનું નામ સાંભળી સાથે થયાં.ત્રિલોકપત્તિપ્રથમ, પછીથી બ્રહ્માને શંકર"કેવું નરસિંહનું ભાગ્ય."

નરસિંહભગવાન—ઉભા રહો હાલમાં પિરસણ ન કાઢશો. જ્યાં સુધી મારા મોટા ભાઇ વણશિધર આવ્યા નથી, ત્યાં સુધી મહારૂ સઘળુ કર્તવ્ય વ્યર્થ છે; માટે હું એમને બોલાવી લાવું છું. (જઇને)

ગરીબનું ઘર પાવન કરવા, પગલાં આગળ માંડો,
અનુંજ બંધુ હું અપરાધી, રોષ હ્રદયનો છાંડો;
સૌ ખોટી થાય, ચાલો તમને લાગુ પાય.　　　　સૌ.

(વણશિધર)　　　રાગ. બાનાની પત રાખ.

અતિષે કર્યો અપરાધ, નરસૈઆ તારો અતી કર્યો અપરાધ.

જાણી અજાણ બની ધુરકીને બોલ્યો, અતિષે જણાવ્યો મેં નાદ. નરસૈઆ. ૧
ગર્થના ગર્વથી ઘણું ગયો છાકી, રાખી નહિ મર્યાદ.　　　નરસૈઆ. ૨
દુર્બુદ્ધિ હું દુર્ગુણ ભરીઓ, ડહાપણ તારૂ અગાધ.　　　નરસૈઆ. ૩
હરીનો ભક્ત તું હરીને સ્તરૂપે, પુજીએ તારા પાદ.　　　નરસૈઆ. ૪
પુરો પરતાવો હવે મને થાય છે, અતી આવે છે મને યાદ. નરસૈઆ. ૫

(નન્ભ) ગિતિ.

મોટાઇ વિચારો મોટા, ઉઠો ચાલો જમવાને કાજે;
હું જો જમુ તમ પાંખે, જરૂર આપણી જનુની તો લાજે.

(કવિ) મરાઠી સાખી.

શામળીઆનો સહી હાથ ને, વણુશિધર આવે છે;
બેઉ બંધવની જોડી દેખી, બોલે જેમ ફાવે છે;
બોલ્યાં માણુકબાઇ, ભલે પધાર્યા મોટા બાઇ. બોલ્યાં. ૧

(મમતી) લિલા સઘળી લક્ષ્મિવરની, સકળ સુખ અહિં શોભ્યું,
નાત જાતને સગાં સહોદર, તમ આવ્યે સૌ શોભ્યું;
હું માગુ ક્ષમા, મારે તમારી છેજી તમા. હું. ૨

(કર્તા) પ્રબંધની ઢબ.

રૂડા રાયજીએ પંગત કીધી, જાદવે સામગ્રી લિધી.

લઇ સામગ્રી બહાર આવીઆ, તરેહ તરેહના લાડુ લાવીઆ; ખુબિદાર ખાખરીઓ લાડુ, ભભકદાર ભાખરીઓ લાડુ, સારો સોજી કેરો લાડુ, ઘઉં ચણા ઘી ભરપુર લાડુ, વગર વાળેલો છુટો લાડુ, રવા, મગસના રૂડા લાડુ, મગદળ, મોતીચુરના લાડુ, કણુસઇ લાકડસઇ લ્યો લાડુ; માંહિ મસાલા મહેકે લાડુ, શકરપારાનો સુંદર લાડુ, જરૂર જમો સૌ લાડુ લાડુ !

લાલ લોક લઇ આવ્યા લાવશી, ફુલ સરીખી ફાડા લાવશી, આપણીઆં ઘી ઉપર લાવશી, મસમસી રહી મેવા લાવશી, લાંબા હાથ કરે લેવા લાવશી. સંપ કરી સૌ લાવ્યા શિરો, સારૂ ઘી સોજીનો શિરો, રાયજી લે રવાનો શિરો, મુખ માગે મેંદાનો શિરો, ખાંડ ગૉળ સાકરનો શિરો. લાયક દીસે લોચા પુરી, મોળીને મેંદાની પુરી, ખુબ મોયણુની ખારી પૂરી; ફુલ ભાર છે ફુલકા રોટલી, બપડી ઘીમાં બોળી રોટલી. ગજ સવા બે ગોળ રોટલી, ઝાંખી જોવા જેવી રોટલી.

પુરણુપોળી સેવો મોળી; ખાજાં ઘુંજાં, ઘેબર ધારી, સુતરફેણી દિસે સારી, બરફી પેંડા ઠૉર ગલેફાં, મોહનથાર મેસુર મનગમતા, અમ્રતપાક, આનંદે જમતા, ગુલાબ જાંબુ અને જલેબી, જોઇએ જેને, મરકી મુકે માગે તેને; ગુલાબપાકને ગગનગાંઠીઆ, ગુંદવડાં લઇ ફરે લાંઠીઆ, કલાકન કોપરા પાક લ્યો, માલપુડાને દુધપાક લ્યો, શિખંડ સુખડી, દુધ કઢેલું. બરફી ચુરમુ ઘીએ ચઢેલું, બિરંજને બાસુદી લેજો, આંબા રસ જોઇએ તો લેજો.

શાક પિરસતા શોખીન છોરૂ, રસાદાર કાંઇ દીસે કોરૂ, કારેલાં લ્યો કંકોડાં લ્યો ! કોળુ તુરીઆં, પરવર, પંટોળાં, ને આરીઆ, સુરણુ સરગવો

અને શકરીઆં. રિંગણુ રવૈયાં, ટિનસાં રતાળુ; થયો અછક શું નજરે ભાળુ. ભિંડા ગિલોડાં, ગુવારફળીઓ, દુધી ચણાની દાળે મળીઓ, મુળા મોઘરી અગવી મોઘરા; વાડ કારેલાં વાલોળ પાપડી, ગલકાં બટાકા અને કાકડી. ચોળાફળી વંતાક માંહી પણ ઉપડે ઝાઝી, ભાત ભાતની માગો ભાજી.

મેથી તાંદળજાની ભાજી. સવા પોઇ પાલકની ભાજી, ચિલ કડા કુંભિની ભાજી, પુંવાડીઆં ગલજીબી ડોડી, લુણી મોર બેઉ સાથે જોડી; સ્વાદ ઘણો ને કિમ્મત થોડી. પાપડ પકોડા પતરવેલીઆં, વડાં ઇદડાં ખુબ મેલીઆં, ફુલવડી ફફડ ગરગોલા, કઠોર વધારી પિરસ્યા બોહોળા, ચણા વટાણા તીખાં મોળા; તુવર, વાલને મગ મઠ ચોળા, પિરસતાં તો પગ રહે પહોળા, કમ્મર દુઃખે પણ જમનારા જમજો સુખે.

ભાવ હોય તો ખુબ લ્યો ભજીઆં, કેળાં, કોળુ, અને રતાળુ, બટાકા રિંગણુનાં ભજીઆં, ગલકાંને તુરીઆનાં ભજીઆં, અજમાના પાનનાં ભજીઆં પોઇ પાનના કરીઆં ભજીઆં, આદુને મરચાનાં ભજીઆં, તરેહ તરેહનાં તળીઆં તાજાં, નાગર માગે મુકી માઝા કાંઇ રાઇજી તો રઇતાં માગે, શબ્દ સુણીને જાદવ જાગે, કાકડીઓ કેળાંનુ રાયતુ. દ્રાક્ષ રાણ દાડમનું રાયતુ, આદુને મરચાનું રાયતુ, ખમણી કોપરૂ કર્યું રાયતુ. દહિવડાંને મુકે મઠ્ઠા, મારી સબડકા કરતા ઠઠ્ઠા, જાત જાતનો નિકળ્યો મેવો, મુખથી બોલો જેને લેવો, કાજુને કમરખ છે લેજો, અખોડ ને અંજીર છે લેજો, લિલી દ્રાક્ષને બદામ લેજો, મરકતનાં દાડમ મનગમતાં રખે રાયજી થાકો જમતાં ? આદાચિરી, લિંબુચિરી, ચતુર નરો લઇ આવ્યા ચટણી, તમતમિને તીખી ચટણી, માંહિ નિચોવ્યાં લિંબુ પટણી, ચિત્તબ્રહ્મ મટશે ચાખો ચટણી.

તુવરદાળમાં ગરમ મશાલો, રાઇ મેથીના વધાર કરીઆ. મુરબ્બામાં મેવા ઠરીઆ, રૂડુ ટાણું નજરે નાણુ, જાત જાતનું જૂઓ અથાણું, કેરી કેરો કરીઓ છુંદો, અને ખારીઆં, રઇતી, મેથીઆં, બિલિ ડોડી, બોળ કેરીને ગળ્યાં ગોળચાં, ગરમાળો, ગરમર વડગુંદાં, લિંબુ મરચાં, આદા કેર કર્યું અથાણું, જીભ એક શું મુખ વખાણુ.

ખૂબ ઉકાળી, પાણી બાળી, દુધ ઝમાવી, મિઠ્ઠા દહિની કઢી કરી છે, કોકમની પણ કઢી કરી છે, પીઓ પચાડે વાત ખરી છે, જમીઆ ઝાઝુ, જાણી તાજુ કહેતાં લાજુ, ભાત કમોદી ત્રણ પાંખડી, નજરે જોતાં ઠરે આંખડી, કર્યો કેશરી વળી વધારી, ગંગાજળની ફરતી ઝારી, પાન કપુરી ફેળ સોપારી, લવિંગ ઇલાઇચી, બરાસ સાથે, હરજી સૌને આપે હાથે, નાક રાખ્યું બાપુના નાથે.

કાંઇ હશે પુર્વનું લેણું, મહેતાનું ભાગ્યું મહેણું.
ધન્ય નરસૈએ હદ વાળી, જેણે વશ કીધા વનમાળી.

કનકરાય—અકળશંકરભાઇ ! મારે બેટે કાઢ્યું ક્યાંથી ?

અકળશંકર—તમને ક્યાં ખબર છે ! ઇકોતેર પેઢીનું ગાંડતળે ધાલ્યું છે, ઇકોતેર પેઢીનું !

વિકળરાય—પણ મન મોકળુ મેલ્યું તે કહોને !

અકળશંકર—શેનું મોકળુ, આપણને ન ખવરાવે તો કિયો એનો બાપ બીજો ખાનારો છે.

જમ્યા પછી નાગરો કહે મહેતાજી હવે તમારા થાળીઓ વાડકા ગણી લ્યો!

મહેતા—એકઠા કરી ઉપાડી ઉકરડામાં ફેંકી ઘો !

વ્રજરાય—એ શું બોલ્યા મહેતાજી ! એ ક્યાં પતરાળાં દડીઆ છે, સોનાના થાળી વાડકા ઉકરડામાં ફેંકી દેવાય !

મહેતા—ત્યારે તમારા ખાધેલા અમારા મંદિરના કામમાંય લેવાય!

ખંજરલાલ—તમારી રજા હોય તો ઘેર લઇ જઇએ મહેતાજી ?

મહેતા—ભલે લઇ જાઓ !

(એઠાંને એઠાં બગલમાં મારવા માંડયા, રખે ભગતડો ફરી જાય.)

મહેતા—થાળી વાડકાએ લઇ જાઓ, પાટલાએ લઇ જાઓ. પાણી વાસણ પણ લઇ જાઓ, પહેરેલાં અબોટીઆં, ઓઢેલી સાલો ને ઘરેણાંએ લઇ જાઓ ને જાઓ ! લ્યો ઉપર દક્ષણા ! મુઠીએ મુઠીએ મોહોરો આપી.)

નાગરો—વાહ ધન્ય છે મહેતાજી. વાહ ! ધન્ય છે મહેતાજી.

શણગાર સજીને, માણક મહેતી નિકળતાં;
જાણે શિખે ચાલવા, ધિમે પગલે પળતાં.
પછી હશીને બોલ્યાં, દિવસ ઉગ્યો છે સારો;
(માણેક.)—આવતો કાલે છે, વણશિધરનો વારો. ૨
(કવિ.) સૌ નમન કરીને, વળતા વળીઆ ઘેર;
ગોવિંદે ગોઠવી, અગિયારાની* પેર.

ભગવાન—મહેતી મને જરા શ્રમ થયો છે માટે તળાવે સ્નાન કરી આવું છું. (કહી વિદાય થયા.)

ગોરનાં છોકરાં ઘેર જઇ કહેવા લાગ્યાં. ડોસલા તારૂ કાળુ થાય નરસૈએ કાંઇ રૂપિઆ ઉડાવ્યા ! અને તને લખી આપવાની ક્યાં કમતડી થઈ ?

ડોસો—હેં ! હજી કાંઇ ઉપાય ?

છોકરો—એ ભગવાનનો ભક્ત છે, માટે દયા લાવી બોલ રાખશે.

ડોસો દોડતો આવ્યો ને ભગવાન સામા મળ્યા. મહેતાજી પેલુ કાગળીયું ફાડી નાંખો મહેતાજી ! ભગવાને કાગળીયુ કાઢી ફાડી નાંખ્યું.

ગોર--દક્ષણા મહેતાજી ! હું તમારો ગોર કહેવાઉ !

મહેતા—લખી આપ્યું હતું ત્યાં સુધી તમે ગોર નહોતા ને હું યજમાન નહોતો તે વખતમાં શ્રાદ્ધ થઇ ગયું, હવે કાગળીયુ રદ કર્યા પછી તમે ગોર થયા માટે પહોર જીવતો રહું ને શ્રાદ્ધ કરૂ તો આવજો.

ગોર—એમ થાય ભગતજી ! અમેતો તમારી ગાયો કહેવાઇએ ! (ભગવાને વિચાર્યું, નરસૈઆને આટલા કાલાવાલા કરશે તો મને અધવચથી પાછો બોલાવશે. સોનાની એક ક્રોડ મોહોર ગોરને આપી.)

પણ કળાનિધીની કળમાં ખામી નાવે;
મહેતા નરસૈંને શ્રાદ્ધની શુદ્ધિ લાવે. ૪
સૌ પ્રસન થયાને ઉભા નમન કરીને;
ઘી આપ્યું ભકતને પુરી તપેલી ભરીને. ૫
ધસમસીને ધાયા, જાણ્યું કાજ બગડશે;
હું અવસર સુકયો, રાંડ એ બોલી રગડશે. ૬
જોયા જમીને જાતાં, ચાલ્યા નિચું ભાળી;
સૌ નાગર કહે છે, નરસૈએ હદ વાળી. ૭
શુણી બોલ મર્મના મહેતા અંતર દાઝે;
દીધાં ખોટાં નોતરાં, માટે મનથી લાજે. ૮
જોઇ ઘીની તપેલી, મહેતી ગરજી ઉઠી;
શા ઢોંગ મચાવો કહી, મહેતા ઉપર રૂઠી. ૯

મહેતી—હમણાંતો કહી ગયા કે ન્હાવા જાઉછું ને ઘીલઇ કયાંથી આવ્યા?

મહેતા--હું શ્રાદ્ધ માટે લેવા ગયો હતો તે લઇને આવ્યો.

મહેતી—ત્યારે શ્રાદ્ધ સરાવ્યું તે કેવું ! ન્યાત જમાડી તે કેવી !

મહેતા—બધું થઇ ગયું ?

મહેતી—મારા મોં કને કરો છો ને પાછાં અજાણ્યા થાઓ છો !

(**મહેતા**) ગયો કાર્ય કરીને, પડે ત્રિલોકી નાથ;
(**કવિ**)--કર્યા છણકા છાકોટા, મહેતીએ ઘશીઆ હાથ. ૧૦

મહેતા--કયાં ગયા પ્રભુ ?

"જયરાધા કૃષ્ણરાધા" "જયરાધા કૃષ્ણરાધા."

ભગવાન—બ્રહ્મા, ચાલો નરસિંહ પાછા બોલાવે છે.

બ્રહ્મા—ચાલો ઉતાવળ કરો દોડો, ઝટ કરો !

ભગવાન—કેમ એમ ?

બ્રહ્મા—બાપનું શ્રાદ્ધ કર્યું, ને વખતે બડુવાનું આજને આજ હોય !
ભગવાને આવી ધ્યાનમાં આરૂઢ થએલા નરસૈઆને બુમ પાડી. નરસઇઆ ! હે નરસઇઆ !

નરસિંહ—(આંખ ઉઘાડીને) મહારાજ પધાર્યા, શ્રાદ્ધ તમે સાર્યું?

ભગવાન—હા !

નરસિંહ—મારા બાપનું નામ બામ હેતાં શરમાયા હતા ?

ભગવાન—ના !

નરસિંહ—ન્યાતને તમે જમાડી ?

ભગવાન—હા.

નરસિંહ—તમે જમ્યા ?

ભગવાન—ના.

મહેતા—તમે નથી જમ્યા ત્યાં સુધી મારો બાપ શું પામવાનો છે; માટે બેસો !

ભગવાન બ્રહ્મા, શંકર, તેની સાથે નરસિંહ મહેતા, સરસ્વતિ, સાવિત્રિ, ગાયત્રિ, લક્ષ્મિજી, પાર્વતિ, તેની સાથે માણેકબાઈ, દેવની પંક્તિમાં બેસી જમ્યા પછી માણેક કાલાવાલા કરી કરગરવા લાગી.

(મહેતી) માયાની ઘુંચવણીમાં, ભોળી હું ભૂલી ભાન;
અપરાધ ક્ષમા કરો, ઓળખ્યા નહિ ભગવાન. ૧૧

(કવિ.) નરસિંહ જાણ્યે જાય, જન્મ મરણનું સાલ;
કહે કેશવ કૃપાએ, દાસ એ બાપાલાલ. ૧૨
હરી તારે નહિતો, કહો એ હારૂ હોડ;
સજ્જન સૌ બોલો, જય જય શ્રી રણછોડ. ૧૩

ચંદ્રહાસ આખ્યાન.

(કવિ) પદ રાગ; સુંદિર વેણું વાગે.

ભજો ભાવ ધરીને નરનારીરે. નટવર ગિરધારી ગિરધારી.
કંઈ મોહ મમતાને મારીરે, ભજ મન ગિરધારી ગિરધારી.
ભજ મન ગિરધારી ગિરધારી, નટવર ગિરધારી ગિરધારી.
જેણે ભૂધર ભજીઆ ભાવે, તેને ત્રિકમ શાને તાવે;
તેને જમનુ તેડુ નાવે. ભજ મન. ૧
જેની પરમેશ્વરમાં પ્રિતી, જેની રગમાં રૂડી રીતી;
તેણે જગની બાજી જીતી. ભજ મન. ૨

સિતાપત પ્રિતી સાચી, જ્યારે કદી પડે નહિ કાચી;
આવે નટવર નાચી નાચી. ભજ મન. ૩
નથી ભાવથી ભક્તિ કરતા, નથી દામોદરથી ડરતા;
તે તો હામ કદી નવ ઠરતા. ભજ મન. ૪
જન ભાવે ભજનમાં ભળીઆ, વળગણથી પાછા ન વળીઆ;
તેને સ્હાય કરે શામળીઆ. ભજ મન. ૫
ગણિકાને ઉલટ આવી, કર કિરીટને બનીયુ ભાવી;
નારાયણ ડોક નમાવી. ભજ મન. ૬
જેણે અંતજની મતી મારી, ચંદ્રહાસને લીધો ઉગારી;
વિષ બદલે વિષયા નારી. ભજ મન. ૭
જેને બળીના પતનું બાનુ, તેનું ફાટે જમનું પાનું;
બાપુ એને સંકટ શાનું. ભજ મન. ૮

(કવિ) મરાઠી સાખી.

વિનય વચનથી ભક્તિ કરતાં, વનમાળી વશ થાએ;
શત્રુ સાથ રહે સદા બળેલો, આખર પડશે પાએ;
કો નહિ સમોવડી, હરીને સમરે ઘડી ઘડી. કો નહિ. ૧
ભૂમંડળમાં ભૂજ બતાવા, પારથ પંથે પળીઓ;
મકરધ્વજ પદ્માક્ષ રમે છે, અશ્વ આવીને મળીઓ;
ચંદ્રહાસના તન, ચતુર લઇને ચાલ્યા ભોવન. ચંદ્રહાસના ૨

નિલદ્વજ, હંસદ્વજને હરાવી, સુરથ સુધન્વાને મારી, મયુરદ્વજ બભ્રુવાહનને ઓળખાણ આપી, પાંડુ રાજાનો પુત્ર અર્જુન અશ્વ સહિત આગળ વધ્યો. માર્ગમાં એક મોટી નદી આવી તેની પાર ઉતર્યા કે તર્ત બન્ને અશ્વને પદ્માક્ષ અને મકરદ્વજ નામે રાજકુમારો લઇ ગયા. ઘણું ખોળતાં અશ્વ ન મળ્યા; અર્જુન ઉદાસ થયો, એવામાં અંત્રિક્ષેથી નારદ મુનિ ઉતર્યા. નારદને જોઇ અર્જુને પ્રણામ કરી અશ્વની ભાળ પુછી, ત્યારે નારદે કહ્યું હે પારથ તારા અશ્વો, ગાંધર્વ, કિન્નર, દેવ, દહિત, સર્વ ટોળે થઇ હજાર વર્ષ યુદ્ધ કરે તોપણ જીતી ન શકે એવો ચંદ્રહાસ તેના પુત્ર લઇ ગયા છે.

અર્જુન—મહારાજ ! એવો ચંદ્રહાસ બળીઓ કહો, તો તેનો મહિમા યથાર્થ રીતે સંભળાવો.

નારદ—હે સવ્યસાચી, પરમવૈશ્નવ ચંદ્રહાસને ભગવાને ક્યારે ક્યારે સહાયતા કરી તે હું તને સંભળાવું.

(કવિ) **ત્રિતાલ ચોપાઇ.**

એક અંગદ નામે દેશ, સુધાર્મિક નામે નરેશ.
જેને નહિ તનયા કે તન, કરે શંકર કેર ભજન.
થયા પ્રસન કૈલાસનિવાશી, રાજા ટાળુ ત્હારી ઉદાશી.

(શંકર.)—કાંઇ માગ્ય માગ્ય વરદાન;
(રાજા.)—સ્વામિ માગુ એક સંતાન.
(શંકર.)—કદી પુત્ર તને રાય થાય, ત્હારો કાળ દિવસ દેખાય.
(કવિ.)—ગાભિ રાણીએ પ્રસવ્યો બાળ, વામ્યો સકળ દુઃખ ભૂપાળ.

ગિતિ.

દહિતે દેશને લીધો, સુધાર્મિકને માર્યો છે કુટી;
૭ મહિનાનો બાળક, દાસી લઇને તવ નાશી છુટી.

શંકર વચનથી સુધાર્મિકને પુત્ર થયો પણ દહિતોએ તેના નગ્રને લુંટી તેનો કાળ કર્યો. જે દાસી બાળકને ધરાવતી તે તેને લઇને નાશી ગઇ, અને રાતો રાત કૌંતલપુર સુધી પહોંચી. કૌંતલપુરમાં દાસી પુત્ર સહિત રહી, અને લોકોનું દળવું, ખાંડવું, વાસીદુ, અબોટ, પાણી વિગેરે કરીને નિભાવ કરવા લાગી. દિવસે દિવસે પુત્ર મોટો થતો ગયો, પણ કમનસિબે રાત્રિને સમયે દાસીને સાપ કરડયો. પુત્ર પરોઢમાં ઉઠી માતાને બોલાવા લાગ્યો, અને જ્યારે ન બોલી ત્યારે રોવા લાગ્યો.

(કવિ) **ગિતિ.**

નારી ડંખી નાગે, પલક પાંચમાં પ્રાણ હરી લીધો;
નિર્ભાગી બાળકને, નારાયણે નમાયો કીધો.

બાળકનો પોકાર સાંભળી શેરીના લોકો દોડતા આવ્યા, અને દાસીને પોકારવા લાગ્યા. અતીષે ધાંટા કાઢતાં જવાબ ન મળ્યો, ત્યારે બારણું ઉઘાડી અંદર દાખલ થયા; ત્યાં તો દાસી દેવલોક પામી છે.

(કવિ) **રાગ. અલબેલીરે અંબેમાત જોવાને જઇએ.**

પાડે આંસુ પુરના જંન, દશા કેવી બાળ તણી;
તમને આ શું ગમ્યું ગોવિંદ, ચૌદ ભોવન ધણી.
એક કહે અલી જોને જોને, શશી સમુ એનું સુખરે;
કાનુ ઘેલુ બોલે કેવું, હાય શું પડીયુ દુઃખ. દશા. ૧
દુઃખ પડયું પણ મુખ મલકાવે, લેશ મળે નહિ સુખરે;
વદન દેખીને થાય વહાલ અતિષે, ધન્ય જનેતાની કુખ. દશા. ૨
કોઇ નવરાવે, કોઇ ધવરાવે, કોઇ આપે ખાવાનું રે;
કોઇએ બાળ રીઝાવા માટે, શરૂ કર્યું ગાવાનું. દશા. ૩

કોઇ દુધ કોઇ પૌંઆ આપે, કોઇ મમરા કોઈ શેવોરે;
ફૂળ ફળાદિ લાવે લલના, કોઇક મીઠો મેવો.　　　દશા. ૪
વરસ ત્રણુ વિત્યાં જ્યાં સુખનાં, રમતાં ફરતાં ખાતાંરે;
દિન દુઃખના ગયો વિસરી, વળી વિસરી માતા.　　　દશા. ૫

બાળક ઉપર દયા લાવી એક બ્રાહ્મણી પોતાને ઘેર લઇ ગઇ, અને જમવાને માટે દરેક ઘેર વારો નાંખ્યો, દાસીનો બાળક મોહ્લાનાં છોકરાં બેગો રમી દિવશ ગુજારતો, એમ કરતાં શિવરાત્રિનું પર્વ આવ્યું અને સર્વની સાથે તે ગંગાજી સ્નાન કરવા ગયો.

મરાઠી સાખી.

ગલકિ ગંગા સરવે ચાલ્યાં, શિવરાત્રિને દહાડે;
બ્રાહ્મણુ બાળક દાસી સુતને, ઉંડા જળમાં પાડે;
ડુબ્યો બાળક જ્યાં, મુખમાં પ્રવેશ્યા હરજી ત્યાં.　　　ડુબ્યો.

શ્રી વિષ્નુ ભગવાન, શાલિંગ્રામે, બાળકના મુખમાં પ્રવેશ કર્યો, અને પોતે તારીને પાણી ઉપર લાવ્યા, અનેક બ્રાહ્મણોએ પડી તેને બહાર કાઢયો. દાસીપુત્ર વારંવાર શાલિગ્રામ બહાર કાઢે અને જોઇ જોઇ પ્રસન્ન થાય.

છોકરાઓમાં રમવા જાય ત્યાં ખપ પડયે *સખાનો ઉપયોગ કરીલે, સખો કાઢયો કે પોતાની જીત. એક દિવસે એક અનાડી છોકરાએ, પોતાને ઘેર વારો જાણી, તેનો સખો લઇ લેવાની પોતાના માબાપ પાસે હઠ કરી. જમીને જાતાં રોકી રાખી સખો ખુંચાવા માંડયો, અને અનેક રીતે ધમકાવ્યો ત્યારે બાળકે કહ્યું “ મારી નાંખશો તોય હું સખો નહિ આપું. ” એમ ઘણુા પોકાર કર્યા, તે સાંભળી મોહ્લાના લોકો દોડતા આવ્યા, બારણું ઉઘડાવ્યું, પુત્રને છોડાવ્યો અને ઘરધણીને ઠપકો આપ્યો. કેટલેક દિવસે રાજાનો પ્રધાન ધૃષ્ટબુદ્ધિ કે જે મહા અહંકારી, અભિમાની, ક્રોધી. અને નિર્દય હતો તેણે બ્રાહ્મણુ જમાડયા, તેમાં દાસી પુત્ર ગાલવમુનિ સાથે જમવા આવ્યો.

(કવિ)　　　રાગ; ગાડી આવી ગુજરાત.

તેડયોરે બ્રાહ્મણુનો સાથ, રૂષિ તેડયા રાય પ્રધાને;
ધૃષ્ટબુદ્ધિને મન અહંકાર, ખુશી કરૂ ખુબ ખાનપાને.
બ્રાહ્મણુ ભાણાં માંડીઆં, હર્ષ ઉપન્યો મન,
ગાલવમુનિ પધારીઆ, જેની સાથે સુધાર્મિક તન.　　　રૂષિ. ૧
હારે આસન ગોઠવ્યાં, બેઠા ગોળાકાર;
પ્રિતીભાવે પાટલે, વચ્ચે બેસાર્યો રાજકુમાર.　　　રૂષિ. ૨

* સખો=શાલિંગ્રામ રૂપે ભગવાન.

પ્રધાન આવ્યો પુજવા. સામગ્રિ લઇ સર્વ;
ઉપર ડોળ દેખાડવા, જેને અંતર ઝાઝો ગર્વ. રૂષિ. ૩
બ્રાહ્મણુ કેરા બાળકા, સલક્ષણા નહિ કોઇ;
અંતર હસવું આવતું, પ્રધાનને જોઇ જોઇ. રૂષિ. ૪
કોઇ કોઇ મુઠો તાણતા, કોઇ માથાના વાળ;
દાળમાં હાથ ડુબાવીને, ટીલાં તાણે કપાળ. રૂષિ. ૫
ટપલા તાણી મારતા, રીસઇ રંચ ન ખાય;
સુત સુધાર્મિકનો જોઇને, ધૃષ્ટબુદ્ધિ ઘણું હરખાય. રૂષિ. ૬

સુધાર્મિકના બાળક સામુ ઝાઝીવાર સુધી જોઇ પુછ્યું; ગાલવમુનિ મહારાજ ! મારે આ બાળકનું પુજન કરવું કે ન કરવું ? બાળક કોનો છે ? દુર કેમ બેસાર્યો છે ! મારે પૂજન પાત્ર છે કે કેમ ?

(ગાલવ) ક્રોધથી; ભિતી.

પૂજન એનું કરજે, પૂજન મૂર્તિ કારજ તુજ સરશે;
જમાઇ તારો થાશે. તારી પુત્રિ વિષયાને વરશે.

(પ્રધાન) રાગ; જબસે કલંદર બનબન ફિરકે.

બ્રાહ્મણભટ્ટા લાડુ ચટ્ટા, માન્યા મોઢે આવ્યા સમે;
ભાવે એટલું ખાઓ ખરેખર, ફાવે એટલુ બોલો તમે.
તારા બોલથી બળે છે, મારી કંકટ પેરે કાય;
ભિખારણનો પુત્ર પરણશે, જાણી લાગી લહાય !
પ્રધાન પુત્રિ વિષયા જેની દેવ કરે ઇચ્છાય;
પેટ ફોડુ હું પગને પ્રહારે, લંપટ લાડુ ઝાઝા જમે. બ્રાહ્મણ. ૧
જુવો ભિખારી બ્રાહ્મણે, કેવો કાઢયો કડવો બોલ;
ચિપટીના માગનારે, તોડયો મારો તોલ;
હરામનું એ ખાઇ ખાઇને, થયો ઢમઢોલ;
ગાલવિયાની ગળચી ઝાલી, જીભડી ખેંચી નાખુ ખમે. બ્રાહ્મણ. ૨

(કવિ) મરાઠી સાખી.

પાત્ર પછાડયાં કંઇ બ્રાહ્મણનાં, કંઇને મારીઆ ધોલે;
ધક્કા મારી કાઢે સર્વને, કોઇ મુખથી નવ બોલે;
ચાલ્યા સર્વ ખમી, ગાલવિયાની મતિ ભમી. ચાલ્યા.

બ્રાહ્મણો—હે મહામુનિ ગાલવ ! તમારી વિદ્વતા સાચી, પણ સમય સુચકતા કાચી, થવું ભવિષ્ય આધિન છે, પણ હાલતો પિરસેલાં પત્રાળાં ખેંચી લેવરાવ્યાં એ બ્રાહ્મણોની આંતરડી દુખાશે. અરે દક્ષણા પણ ન મળી !

(ગાલવ) મામાએ ક્રોધજ કીધો. એ રાગ.

[1]ધરાઅમર ધર્મ કેમ ચુકો, કેમ ટેક તમારો મુકો, જમવા માટે જઇ ઝુકો,
જુવો આપ, રહે માપ, જુવો કોણ તમારી જાત, બને કેમ વાત, શ્વાન થઇ ઢુકો.

કોણ તમારા પુર્વજો, તે લ્યો મંન વિચાર,
રાજા રિદ્ધિ આપતા, ત્યારે દેતા દ્વાર,
દે દ્વાર કરે તિરસ્કાર, કેટલી વાર. જુવો; ધરા. ૧
[2]તરણિ તોડે દિશને અવની ઝબકે વીજ,
સેવા સોંપિ શુદ્રની કરે ન બ્રાહ્મણ બિજ;
નહિ બિજ હોય જે હિજ કરે પતીજ. જુવો; ધરા. ૨
બળ પ્રાક્રમ કયાં બાળીયું કયાં વિદ્યા કયાં જ્ઞાન,
પિતુ તમારા આપતા ક્ષત્રિ લેતા દાન;
દે દાન ગયું કયાં ભાન, બન્યા હેવાન. જુવો; ધરા. ૩

બ્રાહ્મણ—અરે ગાલવજી મહારાજ! કોઇ બ્રાહ્મણ નહિ જમાડે બ્રાહ્મણ!

(ગાલવ) ગિતિ.

વિષ્ટા માટી સારી, કહે ભિખારી તરછોડી નાંખે;
બોલ ખમે બે બાપો, શુદ્ધ [3]શુક્રનો કદી નહિ સાંખે.

(કર્તા)—બ્રાહ્મણોને પોતાને ઘેર ભોજન, દક્ષણા આપી ગાલવે સંતોષ્યા, ધૃષ્ટબુદ્ધિની રાત પરાણે પડી, રાત્રિ પડી પણ તેને નિંદ્રા ન આવી; મોડી રાત સુધી ગાલવના બોલના વિચાર અંતરમાં ઉઠવા માંડયા; "ભિખારણનો પુત્ર તારો જમાઇ થશે" એ બોલે મારૂં અંતઃકરણ ચિરી નાંખ્યું. હાય! હું ધૃષ્ટબુદ્ધિ પ્રધાન રાજાઓનો પણ રાજા, મારી દેવ કુમારી સમ કન્યાનાં ભિખારી સાથે લગ્ન;" નહિજ બને! એ બાળકનો ચંડાળની પાસે નાશ કરાવું ત્યારે મહારી દાઝ હોલવાય એવા વિચારમાં પ્રધાન રાત્રિમાં ઉઠી ચંડાળને ઘેર ગયો અને ચાર ચંડાળને બોલાવી કહ્યું; કાલે તમે હથિયાર સહિત હાજર થજો! અને જે છોકરો હું બતાવું તેને ગમે તેમ સમજાવી, વગડામાં લઇ જઇ જમરાજાની હાજરીમાં મોકલી દેજો! મારૂં કહેલું કામ બરાબર થશે તો તમથી ઉપડે એટલું દ્રવ્ય હું તમને આપીશ. બિજે દિવસે ચંડાળ હાજર થયા અને પ્રધાને રમતા બાળકને વેગળેથી બતાવ્યો.

ચંડાળ—હે ભાઇ! અમારી સાથે ચાલ! તને સુંદિર ભમરડા, પચરીઓ; લખોટા અને બિજાં ઉત્તમ પ્રકારનાં રમકડાં આપીએ.

૧. ધરાઅમર=ભૂદેવ, બ્રાહ્મણ ૨ તરણિ—સુર્ય. ૩ શુક્ર—વિર્ય.

બાળક—મારે એમાંનું કાંઇ જોઇતું નથી !

બિજો ચંડાળ—તને સારાં ઘરેણાં આપીશું!

બાળક—મારે ઘરેણાં નથી પહેરવાં, ખોવાય તો રોવું પડે !

ત્રિજો ચંડાળ—તને સારાં સારાં વસ્ત્ર પહેરાવીશું !

બાળક--મને ગરીબને ઘટે તેવાં લુગડાં મારા અંગ ઉપર છે, મારે મારે હાલ કાંઇ ઇચ્છા નથી.

ચોથો ચંડાળ--ભાઈ તને ઘોડે બેસારીશું.

બાળક--હા, ચાલો હું આવું આવુંછું ! કયાં છે ઘોડો ?

બાળકને સાથે લઇ ચંડાળ અઘોર જંગલમાં આવ્યા. ઝાડ બિડથી બિહામણું જંગલ જોઇ બાળકને ડર લાગ્યો. અરે નથી ઘોડો પણ છે સંઘોડો.

(બાળક) **મરાઠી સાખી.**

કંટક વનમાં કયાં લઈ ચાલ્યા, કાયા કંપે મારી;
વાઘ વરૂની થાય ગર્જના, ભય લાગે મુને ભારી,
હે મોરારી, સહાય થાજો મને ગિરધારી. હે.

રાગ. ગિરધારીની લાવણી.

બલિહારીરે, ચક્ર ચત્રુભૂજ ધારી, સદા સમર્ દેવ મોરારી;
પ્રભુ પામ્યોરે, સેવક સંકટ ભારી. સદા.
લિધા અવતાર અમરિષ કાજેરે; વિભિષણને બેસાડયો રાજેરે;
રાવણને કરીઓ પ્રાજેરે, દિલ દાઝેરે, માતાને કોઇએ મારી. સદા. ૧
તમે ચાંપ્યો બળિને પાતાળરે, કર્યો કંસ દહિતનો કાળરે;
ચંડાળે ઘેર્યો તમ બાળરે, આવે આળરે વિઠ્ઠલ ચઢજે વારી. સદા. ૨
સમરણ કરતાં ઉગરી હરણીરે, તમે કયારે જુવો છો કરણીરે;
વાતો વેદવેદાંતે વરણીરે, ધ્રુજે ધરણિરે, દિસે અમંગળકારી. સદા. ૩

(ચંડાળ) **હરિગિત છંદ.**

રે બાળ કરશું કાળ, મળશુ મુખ માગ્યા દામને;
જે લખ્યું ત્હારે ભાળ થાશે મુખ બોલો રામને.
આ આવ્યું ત્હારૂ મોત, ઉભો બ્હોત છોડી હામને;
અમો ચાર તો ચંડાળ, બટ્ટો કેમ લાગે નામને.

(બાળક.) **રાગ: જા હવે રાખ્ય મુખ નવ ભાખ્ય.**

રે ચંડાળ સામુ ભાળ્ય, મારે બાળ, લાગી ઝાળ;
આજ ખરેખર ખુટયો કાળ;
રે ભગવાન, આ અવશાન, ભુલ્યો ભાન, જાએ જાન;

સખા સંગનો પ્રેમ, કહો હુ છોડુ કેમ;
રહો ટાંપી, રે પાપી. લે કાપી, મુસ્તક તું. રે ચંડાળ.

(ચંડાળ) **દોહરો.**

બકવા મુકી બાળકા, સમરો શ્રિ ગોપાળ;
પ્રધાન પ્રેર્યા આવીઆ, કરવાને તુજ કાળ. સિયાવર.

(બાળક.) ઈશ્વર સ્તુતિ. રાગ. સ્તવન મંજરીનો.

બાળકના બેલી થાજોરે, રઘુપતિ;
આ અવસર આવી જાજોરે. રઘુપતિ.
મચ્છા રૂપ ધરી મોહનજી, વેદ લિઆવ્યા વાળી;
કચ્છારૂપે સાગર મથીઓ, અમર વેદના ટાળી;
વરાહ રૂપે ધરણિધરજી, ધરા મુકાવી ભાળીરે. રઘુપતિ. ૧
નરસિંહ રૂપ ધરી નારાયણ, હિરણ્યકસ્યપુ હણીઓ;
પ્રલ્હાદ પિડા પળમાં ટાળી, ગુણિયલ એને ગણીઓ;
પાપી હાથે પીડા પામુ, પેલા ભવનો રણીઓરે. રઘુપતિ. ૨
વામન રૂપે જઇને ઉભા, બળી છળીને દ્વારે;
માતાજીનું મુસ્તક છેદ્યું, ફરશુરામ અવતારે;
પિતુ વચન પાળીને પળમાં, તમો વિના કોણ મારેરે. રઘુપતિ ૩
રામ સ્વરૂપે રાવણ રોળ્યો, વાનર કરીઆ મિત્ર;
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ઘણાં કર્યાં ચરિત્ર;
પાંડવ કેરૂ પાલન કીધું, ભક્ત ભલા પવિત્રરે. રઘુપતિ. ૪
અનંત દુઃખ નિવારણ સ્વામિ, ધ્રુવને પદવી આપી;
આપ વિના ઓ અંતરજામિ, કષ્ટ શકે કોણ કાપી;
મહાદુઃખ મુજને એ લાગે છે, સખો હરીલે પાપીરે. રઘુપતિ. ૫

તમે મને મારી નાંખશો તોય હું સખો નહિ આપું !

એક ચંડાળ —સખો શું છે ? અમને બતાવ !

બાળક—હું બતાવું ખરો, પણ તમે મને મારી નાંખશો તોય હું તમને સખો નહિ આપું !

બિજો ચંડાળ—બતાવ તો ખરો ?

ચારે ચંડાળ ચાર તરફ ઉભા રહ્યા અને બાળકે સખો કાઢી દર્શન કરાવ્યાં જે ચંડાળ સન્મુખ હતો તેની દ્રષ્ટિ ચોકસ પડી, તેજ વખત તેની બુદ્ધિ નિર્મળ થઇ, અને પાપ બુદ્ધિનો નાશ થયો; ત્યારે તેણે કહ્યું ભાઇ આપણાથી આ બાળકને મરાય નહિ.

ત્રણ ચંડાળ—તારી મતિ ફરી તો ભલે પણ અમે તો મારીશું, અને અખુટ દ્રવ્ય લઇશું.

પહેલો ચંડાળ—તમને તો અખુટ દ્રવ્ય મળતાં મળશે પણ મને તો મળ્યું, અરે મહામોટા તપસ્વિયોને સ્વપને પણ દર્શન ન થાય એવા પ્રભુનાં મારા સરખા ચંડાળને દર્શન !

ત્રણ—ત્યારે અમને પણ થવાં જોઇએ.

બાળક—દુર ઉભા રહો ! (મોંમાંથી સખો કાઢી બતાવ્યો..)

(**ચંડાળ**) **મરાઠી સાખી.**

પદ્મનાભ સમ પુત્રને હણતાં, પાપી પુરો રીઝે;
ભગવાન કેરો ભક્ત એ સાચો, માટે જાવા દિજે;
માગો સૌ માફી, છઠ્ઠી આંગળી લ્યો કાપી. માગો.

(**કવિ**) **ગિતી.**

છઠ્ઠી આંગળી કાપી, લોહિ નિકળ્યું જેમ વહે વારી;
બાળક મુર્છા પડીઓ, રાજ્ય તણો તે થયો અધિકારી.

વગડામાં હરણનો વધ કરી તેની આંખો કાઢી, આંખો અને આંગળી પ્રધાન પાસે રજુ કર્યાં. બાળકના મુવાની નિશાનીઓ જોઇ દુષ્ટબુદ્ધિ ઘણો હર્ષ પામ્યો. ! " શત્રુ મરાયો અને ગાલવિયાના મોંમાં ધુળ પડી. " અહિ કુલિંદ નામે રાજા શિકારે નિકળેલો તેણે રામકૃષ્ણ ગોવિંદ એવો વારંવાર ઉચ્ચાર સાંભળ્યો, તેથી શબ્દ જ્યોતિયે બાળકને શોધિ કાઢયો અને તેની પાસે આવી પૂછવા લાગ્યો.

(**કુલિંદ**) **રાગ; બોલાવે છે બાળા તું કોને.**

બોલ્ય ખરૂં એ બાળક સાચુ આવ્યો કયાંથી આ સ્થળમાં !
જાણું હું, કહે તું;
(**બાળક**) કહું શું, મુખ હું, કૃષ્ન પ્રભુ કેરી કળમાં.
(**કુલિંદ.**) માત તાત તમ કોણ દેશછે, ઓળખ આપો એહ તણી,
શમે આપ, પરિતાપ;
(**બાળક**) માબાપ, પ્રભુ આપ, રહ્યો હું જેનું નામ ભણી. ૨
અવિનાશી એ જગત નિવાસી; અરજ અમર એ આનંદ રૂપ;
ધારશે, સહાશે;
(**કુલિંદ**) આશે, વાંસે, કયારનો ઉભો કુલિંદ ભૂપ. ૨

રાજા બાળકને લઇ ઘેર આવ્યો; પોતાને પુત્ર નહિ હોવાથી પાંચ વર્ષનો બાળક જોઇ રાણી હર્ષ પામી, અને વળી સ્વરૂપ જોઇને તો વિશેશ. નગ્રમાં

ઘણા માણસોએ રાજાને પુત્ર પ્રાપ્તિ જાણી આનંદ માન્યો, અને કંસાર કરી ભોજન કીધું, મહાનવિદ્વાન પંડિતોને બોલાવી બાળકનું નામ પડાવ્યું.

(પંડિત) **ગિતી.**

સોળ કળા સંપૂર્ણ, સર્વ ભૂપને કરશે એ દાસ;
ચંદ્ર વદન છે હસતું, માટે રાખો નામ **ચંદ્રહાસ.**

દિવસે દિવસે પુત્ર મોટો થતો ગયો, સાત વર્ષની ઉમ્મરે રાજા કુંલિંદે તેને નિશાળે મુકયો, ચંદ્રહાસ **રામકૃષ્ન**નું નામ ભણ્યો. બાર વર્ષની ઉમ્મરે અસ્ત્ર સહસ્ત્ર વિદ્યામાં પ્રવિણ થયો, અને લશ્કર લઇ દિગવિજય કરવા નિકળ્યો. પોતાના બાહુબળથી સર્વ રાજ્ય નમાવ્યાં, અને સઘળે કુલિંદની આણ વર્તાવી. " તુળસીની માળા ને **શાલિગ્રામ**નું પૂજન " નગ્રમાં દેખાવા લાગ્યું, હજારો લોકો વૈસ્નવ સંપ્રદાયમાં ભળ્યા, પાપીએ પાપ કર્મ તજી ભક્તિ ગ્રહણ કરી, દુર્બુદ્ધિવાન પુરૂષો સદબુદ્ધવાન થયા, ચંદ્રહાસે યજ્ઞ કરી, ભાટ ચારણને શાલ દુશાલ્લાનાં દાન આપ્યાં, તે લઇ યાચકો યશ બોલતા ગયા.

(કવિ) **રાગ; લાવણી પંડિતકે બચન.**

ધૃષ્ટબુદ્ધિ પ્રધાને, વિચાર મનમાં લીધો;
પછી રાજા કુલિંદને મળવા મનસુબો કીધો. ૧
(પ્રધાન) લેઇ રાજ્ય પાટને, નાંખુ કેદ મોઝાર;
જો નમે નહિતો, મારૂ એને ઠાર. ૨
અગિયાર વર્ષની ખંડણી એણે રોકી;
જાઉ લશ્કર લઇને, લાવું મારી ઠોકી. ૩
(કવિ) પછી પંથે પળતાં, ઘડયા કરે મન ઘાટ;
જય જય જય ભણતા, મળીઆ બ્રાહ્મણ ભાટ. ૪
શુણી પરની કિર્તિ, ક્રોધ કુબુદ્ધિ કરતો;
(પ્રધાન) તમે સત્ય કહો, મુજરાજ થકી કોણ તરતો. ૫
(યાચક) ભાઇ કુલિંદ કુંવર એ, **ચંદ્રહાસ** છે નામ;
બળ વિદ્યા પુરણ, કાન્તિયે લાજે કામ. ૬
(કવિ.) એ બોલ સાંભળી, હુંપદ હેઠી બેઠી;
પછી ધૃષ્ટબુદ્ધિને, ફિકર અંતરે પેઠી. ૭

ધૃષ્ટબુદ્ધિને આવતો જાણી કુલિંદની કાન્ત કરમાવા લાગી, પણ શાન્તિ રાખી, પુત્રને લઇ સામો આવ્યો. ધૃષ્ટબુદ્ધિને દેખી સાષ્ટાંગ કર્યાં.

ધૃષ્ટબુદ્ધિ—કુલિંદ રાજા તને પુત્ર પ્રાપ્તિ જાણી મને ઘણો હર્ષ થયો છે, પણ તેં ખબર પણ ન મોકલી ! પુત્ર કયારે થયો ?

કુલિંદ—મહારાજ આજે અગિયાર વરસ થયાં મને આનંદનો સુર્ય ઉદય થયો, જંગલમાંથી પુત્ર મળ્યો, તેને કોઈ છઠ્ઠી આંગળી કાપી નાંખી ગયું હતું.

ધૃષ્ટબુદ્ધિ—મનમાં; દાસી પુત્ર તો નહિ હોય ! હા હા ! કાન્તિ તો તેવીજ; શું ચાંડાળોએ જીવતો રાખ્યો હશે ! અરે શું ! ગાલવિયાનાં વચન સાચાં થશે ! કદિ ન થાય ! એ ચાર ચંડાળોએ જીવતો મુકયો; પણ હું ચંડાળનો ચંડાળ તેને કેમ જીવતો રાખું.

કુલિંદ—મહારાજ આપ શું વિચારમાં પડયા છો ?

ધૃષ્ટબુદ્ધિ--હું તમને મળવા માટે આવ્યો છું મારે તમારી સાથે છુપી વાતની ગોષ્ટિ કરવી છે, પણ ફિકર એ પડી છે કે, મારો છાનો કાગળ મદનકુમાર પાસે કાલે સાંજ સુધીમાં કોઇ પોચાડનાર નથી.

કુલિંદ—લાવો પત્ર માણસ મોકલું !

ધૃષ્ટબુદ્ધિ—પત્ર લઇ જનાર કોઈ સાધુ પુરૂપ જોઇએ કે જે માર્ગમાં વાંચે નહિ.

કુલિંદ—મારો પુત્ર ચંદ્રહાસ જાય તો કેમ ?

ધૃષ્ટબુદ્ધિ—તો ઘણું સારૂં, લ્યો લખીને આપું. (લખી આપ્યો,) ચંદ્રહાસ કાગળ અંગરખાની કસે બાંધી ઘોડેસ્વાર થઈ માતાની રજા માગી વિદાય થયો.

માતા—ભાઇ સુકુમાર કન્યાથી લગ્ન કરી વહેલા આવજે !

(કવિ) ૧ગતિ.

હંસલો અશ્વ પલાણી; ચાલી આવ્યો કૌન્તલને બાગ;
સુકુ લિલું બનીયું, પ્રેમિ ભક્તનો પડતામાં પાગ.

અર્જુન—હે મહામુનિ ! ચંદ્રહાસને પગલે સુકી વાડી લિલી થઇ, તેનું શું કારણ ?

નારદ—હે કુન્તિનંદન ! દુર્વાસાને શ્રાપે સઘળું થયું છે ને હું તને સંભળાવું છું.

(કાવ) રાગ; ઢાળ.

અત્રિનંદન આવ્યા એકવાર, કર્યો તપ તણો ત્યાં વિચાર.
બેઠા શાન્તિમાં આસન વાળી, જોયું બાગ તણો જે માળી. ૧
જાણ્યું રક્ષકે આવ્યો ચોર, ઝાલી જટા ને જણુવ્યું જાર;
મુષ્ટિ પ્રહાર કર્યાં તે કાળ, લાગી દુર્વાસાને ઝાળ.
(દુ.) હવે સુખે ભોગવજે વાડી, ઠરી બેસજે મુજને કાઢી.
(ક.) કિધી ક્રોધે કરડી ૧ચષ્મ, બધી વાડી બળી થઇ ભષ્મ. ૩

૧ચશ્મ-આંખ-નજર.

પડયો ઝાંખો જાણ્યા દુર્વાસા. કંપ્યો પ્રાણ તણી છોડી આશા.
કર સંપુટ કરી લાગ્યો પાય, અનુગ્રહ કરો રૂષિરાય. ૪

(દુર્વાસા) ગિતી.

વાડી લિલી બનશે, વચન ફરે નહિ રહે ન કાંઇ ખામી;
જ્યારે અહિંઆં આવે, પ્રધાન પુત્રિ વિષયાનો સ્વામિ.

અર્જુન—મહારાજ મારી શંકા દુર થઇ, હવે આગળ વિસ્તારો! પ્રધાને વિષ લખ્યું હતું ને મદને વિષયા કેમ પરણાવી ?

નારદ—હે **જનાર્દન** ભગવાનના પરમ મિત્ર ! ચંદ્રહાસ આવી બાગમાં સુતો અને પ્રધાનપુત્રિ વિષયા તથા રાજકુમારી **ચંપકમાલિની** કેટલીક સખીઓ સહિત બાગમાં ફુલ વિણવા તથા રમવા હાજર થઇ.

(વિષયા) ગરબો, રાગ. નટવર વસંત.

જુઓ બેની બગિચો, ખુબ ખિલી રહ્યો;
ખિલી રહ્યો આ તન પીલી રહ્યો. જુવો.
તન વાડી આ તાપથી, સુકઈ સુકઇ જાય;
શિતળ જળ આવી મળે, તો નવ પલ્લવ થાય;
રક્ષણહાર વિના રંગ નથી દિપતો;
જોરે ઝોકાર કરી ઝીલી રહ્યો. જુવો ૧
અધિકારી આ અંગનો હજુ ન મળીઓ કોય;
નહિ ઘરના નહિ ઘાટના મારગ ભુલ્યા હોય;
દુર્લભ દેહ ધરી દુષ્ટે ન જાણીઓ;
રામ કૃપાએ રંગ રેલી રહ્યો. જુવો. ૨

ચંપકમાલિની—સર્વ સખીઓને લઇ વિષયાથી છુટી પડી, પણ વિષયાને વિધાત્રિયે ચંદ્રહાસ તરફ મોકલી. કેવી ચંદ્રહાસની શોભા !

(કવિ) મરાઠી સાખી.

નિશાપતિ નક્ષત્રો સાથે, શોભાવે આકાશ;
મણિમાળા સહિત મુખડુ શોભે, પ્રભુ તણો એ દાસ;
એનું રૂપ જોઇ, વિષયા નારી રહી મોહી. એનું. ૧

વિષયા—અહાહાહા ! શિ ચંદ્ર સમાન કાન્તિ; જાણે બિજા કામદેવ ! આ પુરૂષ કોણ હશે ! અને જે સ્રિ આવા પુરૂષને પરણી હશે તે કેવી ભાગ્યશાળિ ગણાય ! પાસે જતાં ઝાંઝર ખખડવા લાગ્યાં.

(કવિ) મરાઠી સાખી.

જેરત ઝાંઝર અણુવટ પગનાં, ડગલું ભરતાં વાગે;

પ્રિતે પહેરીને લાવી પણ, શત્રુ સમ એ લાગે;
એને હાથ ગ્રહી, ચંદ્રહાસ પાસે બેઠી જઈ. એને·
નિંદ્રા લઇને ચંદ્રહાસ જ્યાં, સુખ શાન્તિમાં સુતો;
વિષયા જોઇને વિસ્મય પામી, પાસ ન દિસે દુતો;
જોઈ પત્ર કસે, વાંચું એમાં શુંય હશે. જોઉ. ૧

(પત્ર હાથમા લઇ વાંચે છે.)

રાગ; ખટક રહી આ મૃગનયનીને.

મદનકુંવર મહાબુદ્ધિશાળી, ઘણું લખ્યાનો નથી આ ઘાટ;
ચંદ્રહાસ કાગળ લઇ આવ્યો, ઘડી તણી નવ જોશો વાટ. ૧
પત્ર વાંચી પાવરધા થઇને, મૌરત નવ જોશો બાળા;
ઢિલ કર્યાનું કામ કુંવર નહિ, સર્વ મળ્યા એના ટાળા. ૨
હાથ આવ્યું જો જો ઓળવતા, સૌ વાતે સાધવ રહેજો;
આગત સ્વાગત કરી અતીષે, વગર વિલંબે **વિષ** દેજો. ૩

વિષયા—અરે ! પત્ર તો પિતાના હાથનોજ લખેલો; પણ કેવી મોટી ભૂલ “ વિષ દેજો ! ” જરૂર **યા** અક્ષરની ભુલ. લાવ્ય સુધારૂ. અરે આવું રત્ન માર્યું જાત ! (આંખમાંથી હર્ષનાં આંસુ પડયાં.)

નારદ—હે *ગાંડિવપાણી ! પ્રધાનના લખેલા વિષ શબ્દની સાથે **વિષયાએ**, લિંબડાની સળી લઇ, પડતાં આંસુમાં પલાળી, આંખનું અંજન લઇ **યા** અક્ષર વધાર્યો.

અર્જુન—અહાહાહા ! કેવી **કેશવભગવાન**ની અકળકળા !મુનિરાજ, કેવી આ ભક્તની ભક્તિ અને એને માટે કરૂણાસાગરની કાળજી ! વિષયાને સ્વાસ ભરી આવતી જોઈ, રાજકુમારીએ પૂછ્યું, કેમ ગાભરી છું ? વિષયા કહે મને કંઇ વસ્તુ જડી. રાજકુમારી કહે તને જે જડયું હોય તેમાં મારો બરોબર ભાગ ! વિષયાનારી ચંપકમાલિનીને લઇ ઘેર ગઇ, ત્યાર પછી ચંદ્રહાસે નિદ્રામાંથી જાગ્રત થઇ કસે બાંધેલો પત્ર તપાસી અનુચરોને લઇ પોતાનાં બાળપણની રમત ગમ્મતના ઠેકાણાં બતાવી પ્રધાનને ઘેર આવી **મદનકુમારના** હાથમાં કાગળ આપ્યો. (મદને વાંચ્યો.) પિતાનો લખેલો પત્ર જોઇ મદનકુમારને અતી આનંદ થયો, જ્યાં લગ્ન મૌરતના વિચાર મનમાં ગોઠવાતા જાય છે. એવામાં **ગાલવમુનિ**ની પધરામણી થઇ, ગાલવ ચંદ્રહાસને જોઇ હરખાયા, અને પોતાનું કહેલું વચન પ્રભુ સત્ય કરી દેખાડશે, એમ ધારી ઇશ્વરનું આરાધન કરવા લાગ્યા.

---

* ગાંડિવપાણી (ગાંડિવ–નામનું ધનુષ, પાણી–હાથ) અર્જુન.

મદનકુમાર—મહારાજ ! આ મારા પિતાનો પત્ર આવ્યો છે તેમાં ચંદ્રહાસને વિષયાં દેવી; એમ દર્શાવ્યુ છે, તો શુભ મૂહુર્ત બતાવો.

ગાલવ—મૂહુર્ત આજે મધ્યાન સમય સારૂ છે, માટે તૈયારી કરો ગાલવના કહેવા પ્રમાણે **મદને** મૂહુર્ત સાચવી, પુષ્કળ પૈસા ખરચી, ભારે ધામધુમની સાથે બેન **વિષયાના** લગ્ન **ચંદ્રહાસ**ની સાથે કર્યાં, તેમાં મુખ્ય આચાર્યનો ભાગ ગાલવે હર્ષથી લીધો.

ગુણિજન, બંદિજન, ભાટ, બ્રાહ્મણ; ચારણને મોં માગ્યાં દાન આપ્યાં તે લઈ જશ બોલતા ગયા. ચંદ્રહાસ ગયો એટલે સઘળો ભય ગયોજ, જે જોરથી બિહીવાનું કારણ હતું તે ચંદ્રહાસનુંજ હતું, તે ચંદ્રહાસ તો પોતાના પુત્ર મદનના હાથથી મરાયોજ હશે, એમ જાણી કુલિંદને અવળે હાથ બાંધ્યો; રાણી મેધાવીને પણ જંજીર જડી, રાજ્યપાટ કબ્જ કરી પોતાના નગ્ર ભણી રવાના થયો. (કુલીંદરાજ અને રાણી કુંવરને સંભારી કલ્પાન્ત કરે છે.)

નારદ—હે અર્જુન ધૃષ્ટબુદ્ધિને માર્ગમાં આવતાં ભાટ બ્રાહ્મણોનાં ટોળે ટોળાં મળ્યાં. જેમના મુખમાંથી " જય થાઓ મદન કુમારની જય થાઓ ધૃષ્ટબુદ્ધિની " એવા શબ્દો નિકળ્યા; તેજ વખતે જેમ ઘી હોમવાથી અગ્નિ ભડકારૂપ થાય તેમ પાપી ભડકારૂપ થયો, અને તેમના સન્મુખ ધસ્યો..

(કવિ) રાગ; ઓખાહરણનો કન્યાએ ક્રોધ જણાવીઓ.

કંટકે ક્રોધ જણાવીઓ.

મળ્યા બ્રાહ્મણ ભાટ એ વાટમાં, કર્યો જય જયનો પોકાર;
પાપી પિસી દંતને બોલીઓ બોલો શું બોલ્યા બીજીવાર. કંટકે. ૧

ત્યારે ભિક્ષુક કહે ભુપ સાંભળો, શ્રવણ સમ મદનભાઇ;
એણે બોલ તમારો પાળીઓ, કીધો ચંદ્રહાસ જમાઇ. કંટકે. ૨

ત્યારે કુળહિણુ લાગ્યો કંપવા, શુણ્યા શ્રવણે સમાચાર;
ભયે ભડકાવ્યા બ્રાહ્મણ બાળને. જુદ્રા પડશો તો ખાશો માર. કંટકે. ૩

એવે ગાલવમુનિ આવીઆ, દીધો રાયને આશિર્વાદ;
ધન્ય વિષયા વરી ચંદ્રહાસને, કાઢયો ધુધવાટે ગરજીને નાદ. કંટકે. ૪

એવા બોલ એ બળના સાંભળી, ધરા ધ્રુજાવી પડીઓ ધર્ણ;
પછે રીસ કરીને ઉઠીઓ, આણું ચંદ્ર મદનનું મર્ણ. કંટકે. ૫

એવે ગાંધ્રવ ગાતા આવીઆ, આવી દીધી છે આશીશ;
રહો અખંડ સોહાગ બેન વિષયા, ત્યારે ચઢી રાયને રીસ. કંટકે. ૬

ઉઠી ભેર નફેરી ભાગીઆં, વાજીંત્રોના તોડયા તાર;
તોડયાં તોડયાં તંબુરાનાં તુમડાં, કર્યા કાંશીના કટકા અપાર. કંટકે. ૭

પછી પાદુમારી પખાજીને, કરી મૃગંદને ચકચુર;
ભુંડે ભાટની ઝાલી ડાઢીઓ, કંપે બ્રાહ્મણ ઉભા દુર. કંટકે. ૮
જઇ બ્રાહ્મણને ભૂત બાઝીઓ, ખેંચ્યાં પુસ્તકને પંચપાત્ર;
વળી ધોલો ધક્કા મારીઆ, પછી અગ્નિ મુકયો કુપાત્ર. કંટકે. ૯
સૌને રૂષિ કહે રીસ કાં કરો, આતો દુષ્ટ થયો તુષ્ટમાન;
એની કન્યા વરી ખુબ રીઝીઓ, મુખ માગ્યાં દેછે દાન. કંટકે. ૧૦
ચંદ્રહાસ વર્યો એ બાળકી, માટે મન થયો છે મગ્ન;
એણે ખબર અત્યારે સાંભળી, બાધાનો કરે છે જગ્ન. કંટકે. ૧૧
એને હરખ ચમક થયો આ ઘડી, માટે કરે છે લાતમ લાત;
એને ઘાલવી જોઇએ બેડીઓ, નહિતો હરખે કરે આપઘાત. કંટકે, ૧૨
પાપી પુર વિષે ચાલી આવીઓ, બિજો બકરાક્ષસ બળવાન;
નગ્ર લોકને હર્ષ માતો નથી, દેછે "ધન્ય" શબ્દનાં દાન. કંટકે. ૧૩

(કવિ) મરાઠી સાખી.

સગાં સંબંધી સામુ ન જોયું, વહેમ લોકને પડીઓ;
ખરચ્ચે ખામી રાખી મદને, માટે ક્રોધે ચઢીઓ;
એણે ભૂલ કરી, ટાણું ન આવે ફરી ફરી. એણે.

રાગ. ઓખાહરણનો બાણાસુરની નગરીમાં.

પછી મહેલ પ્રવેશ્યો પાપી, એને રીસ ઘણેરી વ્યાપી;
ત્યારે મદન કુંવર પુજાપો લઇને આવીઓરે. ૧
જોયું વિષયા મિંઢળ હાથ, ત્યારે હરખ્યો સઘળો સાથ;
જ્યારે પુત્રિ પિતાને આવી પડી પાગમારે. ૨
થયો આનંદ સૌને મન, રે પાપીને હુતાશન;
પછી કોપ કરીને, કુંવર મદનપર ગરજીઓરે. ૩
ધિક ધિક જનેતાની જાત, કહીને મારી છાતીમાં લાત;
ત્યારે વિષયા દોડી, ઘરમાં જઇ સંતાઈ રહીરે. ૪
સૌ હડુહુડુ વેરાઇ જાય, રે નહિ મદનથી ઉઠાયરે;
પછી મુર્છા વળીને ધિરે રહી, બેઠો થયોરે.
મદન—અરે પિતાજી, નિર્પરાધિને માર !

(પ્રધાન) ઝુલણા છંદ.

સકળ શિરોમણિ, રાયની બાળકી; હાય શું પરણીઓ રંક બાળો. ૧
સખ્ય એ સુંદરી, શત્રુને આપી તેં; કેર આ કારમો થાય કાળો. ૨
મૂઢ મુરખ મતિમંદ હે પાપીઆ; અંધ તું નિવડયો, આજ આંખે. ૩
બાળ વિધવા કરૂં, નામ મ્હારૂ ખરૂ; શત્રુ જામાત્ર મન, કેમ સાંખે. ૪

મદન—વડિલ, વિવાહમાં વર્શે શા માટે કરો છો, એકવાર પત્ર તો વાંચો પછી ભુલ હશે તેની આગળ આવશે.

(પ્રધાન) રાગ; તાતનો ભરૂસો નથી.

આજે આવી બન્યુંરે, અધર્મિ તારૂ આજે આવી બન્યુંરે.
આવ્યો માફી માગવા, લંપટ જોઇને લાગ;
માંથુ વાઢયું મૂરખા, કાં બંધાવે પાઘ. આજે. ૧
સાગર જળ ભરપૂરમાં, તુમડુ ડુબઇ જાય;
દ્રષ્ટબુદ્ધિના હાથથી, કદી ભુલ્ય નવ થાય. આજે. ૨
કાગળ ક્યાં છે લાવ્યને, કાળા મોના બાળ;
અંગારા આ યોગથી, અંગે ઉઠી ઝાળ. આજે. ૩

(મદન) મરાઠી સાખી.

પ્રેમ ભાવનો પત્ર તમારો, વાંચી કરો વિચાર;
ફરી ફરીને જુવો તપાસી, ફાવે દો ફિટકાર;
ભૂલ્યો ભૂલ્યો બાળ, પિતા ઘટે નહિ કરવો કાળ. ભૂલ્યો.

(પ્રધાન) રાગ: પોળમાં પેઠીરે.

કરીયું કાળુરે, મૂખ બતાવે શાને;
જમી ઝેરને જમપુર જાને. કરીયું. ૧
સકળ રાયમાં શિરોમણી હું, સિંહ સર્વનો જાણુ;
શિયાળ સાથે સંબંધ કીધો, શિ માંડી મોકાણુ. કરીયું. ૨
વિષયા વરવા સ્વર્ગે દેવતા, હરનિશ જપતા માળા;
એજ સુતા શત્રુને આપી, ધસ્યા કપાળે લ્હાળા. કરીયું. ૩
છતી આંખ અંધાપો આવ્યો, હવે શું ઘાલે હેઠુ;
ચંદ્રહાસને ચિરી નાંખુ, દિકરી વિધવા વેઠુ. કરીયું. ૪

(મદન) મરાઠી સાખી.

કરૂણા સાગર કાગળ દેખી, કરવું ઘટે તે કરજો;
લખ્યુ આપનું અવલોકીને, આગળ પગલું ભરજો;
અહા ભુનાપતિ, દાસ તણી એ છે વિનતી. અહા.

પત્ર હાથમાં આવતાં અને વિષયા શબ્દ ઉપર દ્રષ્ટિ પડતાં હાય પછાડી દાંત પિસી ગર્જના કરી બોલ્યો.

(પ્રધાન) ગિતિ.

હાથ વઢાયા મારા, લખ્યો ખરો પણ ફરી નહિ વાંચ્યો;
કાળુ મુખ થયું મ્હારૂ, ગાલવિયાનો, બોલ થયો સાચો.

ધાર્યું ધુળ મળ્યું ને હથિયાર હેઠાં પડયાં પણ ફિકર નહિ હજી મારી દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી ચંદ્રહાસને જીવતો નહિ રાખુ ! પરણ્યો એતો વિધાત્રિની ભુલ ! પણ શું રાજ કુમારીને ભિખારી ભોગવે ! નારદ કહે હે અર્જુન, ચંદ્રહાસ બચ્યો જાણી દૃષ્ટબુદ્ધિયે રાજા કુલિંદ તથા રાણી મેધાવીને છુટાં કરી, પોતાના ગુનાની માફ માગી, રાજ્ય પાછું આપ્યું અને બનેલી બિના ચંદ્રહાસને જાહેર ન થાય એવી આજીજી કરી.

રાગ; આવો કુમકુમને પગલે.

(પ્રધાન) કયા છે એ પુજનિક મ્હારા ?

(મદન) પહેલાં કેમ લાગ્યા અકારા ?

(પ્રધાન) હવે બોલ ન બોલો ઠગારા, મને નિકળે આરંપારા;

મને લાગે અંગારા, મે કર્યા વિચાર નઠારા,
બેટા જઇ તેડી આવો ! મુજ જમાઇને અહિં લાવો !
ફરી મળે સગો કયાં આવો !
હશે આપણા સિદ્ધ સતારા, જો જમાઈ મળીઆ સારા;
એતે કયમ લાગે ખારા, આજે ઉઘડયાં ભાગ્ય હમારાં.

આવી રીતે પિતાએ નમ્ર વચનથી જમાઇ જોવાની આકાંક્ષા જણાવી ત્યારે મદન દોડતો ચંદ્રહાસની પાસે આવ્યો.

(મદન) **મરાઠી સાખી.**

પુજનિક પાત્ર સુપાત્ર છો જાણે, સ્વર્ગમાં હોય [1]સવિતા;
તમ દર્શન વિન પિતા હમારા, પાણી પણ નથી પીતાં;
કેમ વાર કરો ! શ્વસુર સમિપે પાય ધરો. કેમ.

દૃષ્ટબુદ્ધિયે ચંદ્રહાસની મુલાકાત હસ્તે મોઢે લીધી; પછી પોતાની પાસે બેસાડી વાર્તાની ગોષ્ટિ શરૂ કરી, પોતે જાણીતો છતાં, પોનાની બાળકી કોઇ બિજાજ માણસને વરી છે અને ગાલવ જુઠ્ઠા પડયા છે, એવો ડોળ બતાવ્યો.

પ્રધાન—અહો પુજ્ય ચંદ્રહાસજી ! બ્રાહ્મણની વિદ્વતાનો તો બિલકુલ લોપજ થયો; હવે બ્રાહ્મણો સાચા પડતા નથી !

ચંદ્રહાસ—વડિલ; બ્રાહ્મણ કદી ખોટા પડેજ નહિં તમારી સમજમાં ફેર હશે ! કાંઇ દ્રષ્ટાંત ?

પ્રધાન—અરે દ્રષ્ટાંત શું પ્રતક્ષ પ્રમાણ ! આજથી અગિયાર વર્ષ ઉપર એક વિદ્વાન બ્રાહ્મણે મારી સમક્ષ એક જણને કહેલું કે તારી પુત્રિને ભિખારી વરશે; એ વારતા ખોટી પડી અને દિકરીનાં લગ્ન કોઇ રાજકુમારથી થયાં.

પ્રધાન—અરે વિદ્વાનનો ડોળ પણ વિદ્વતા નહિ.

---

૧ સવિતા—સુર્યનારાયણ.

રાગ. ધુમસગાડી ચલાય લિયેજાય રામ.

ભૂદેવ ભૂલ્યો, ખરેખરી ખાય રામ.

કોણ ભણે છે કોણ ગણે છે, ઉપરથી ડાક ડમાળો દેખાય રામ. ભૂદેવ. ૧
પ્રશ્ન પ્રમાણે કદી ન થાએ, વાગ્યું તો તીર નહિતો તક્કો કહેવાય રામ. ભૂદેવ. ૨
પોતે પોતાનું પોત ગુમાવે, ખરની રીતીએ પછી ખત્તા એ ખાય રામ ભૂદેવ. ૩
જુદા પડે એ જેને તે વાતે, ચંદ્રહાસ કહો પછી કોણ તેને ન્હાય રામ. ભૂદેવ. ૪
લંપટને લેશ લાજ ન આવે, કંઇકવાર મોઢે કોયલા ચોળાય રામ. ભૂદેવ. ૫

(ગાલવ) **રાગ. ક્ષત્રિકલંક.**

ચુપ ! ભુદેવ એ, ભગવાન રૂપ; ત્હારે મોઢે તું મેંશ ચોળેરે.
એથી મોટો નથી, ત્રિલોકનો ભૂપ. ત્હારે મોંઢે ૧
જેણે મારી કૃષ્ણ કમ્મરમાં લાત; ત્હારે મોંઢે.
તેની કરવા બેઠો કુબુદ્ધિ તું વાત. ત્હારે મોંઢે. ૨
પાછું ફરે કદી રામ કેરૂં બાણ; ત્હારે મોંઢે.
પણ ફરે નહિ બ્રાહ્મણની વાણ. ત્હારે મોંઢે. ૩
તારા તુટે છુટે રવિ ચંદ્ર શેષ; ત્હારે મોંઢે.
વાણી વિપ્રની ખોટી ન થાય લેશ. ત્હારે મોંઢે. ૪
કદી દિવા વિષે અંધારૂ દેખાય; ત્હારે મોંઢે.
પણ બ્રહ્મ વાકય મિથ્યા નહિ થાય. ત્હારે મોંઢે. ૫
ન હોય કસ્તુરીમાં કદી દુરગંધ; ત્હારે મોંઢે.
વિપ્ર દેવરૂપ જુવે નહિ અંધ. ત્હારે મોંઢે. ૬
શાની સાકર જો લેશ કડવાશ; ત્હારે મોંઢે.
દાનવ, માનવ, દેવ, બ્રાહ્મણના દાસ. ત્હારે મોંઢે. ૭

મૂઢ ! મદાન્ધ ! તારા અંતર ચક્ષુ ઉઘાડી પાસે બેઠેલા પુરૂષને જો, તું કોની સાથે વાત કરછ ! એજ દાસી પુત્રથી ઓળખાતો બાળક, એજ ચંદ્રહાસ એજ ત્હારો જમાઇ ! (વિદાય થયા.)

પ્રધાન—હા ! હા ! હા ! હા ! હા ! પોતાનાં વાકય ફ્હરાણે સાચાં કરવા કેટલું કરાંઝી કરાંઝીને બોલે છે !

ચંદ્રહાસ—વડિલ ! બ્રાહ્મણ તો ક્રોધી હોય છે ! વિચારો ભૃગુ, દુર્વાસા, વિશ્વામિત્ર.

પ્રધાન—સત્ય કહોછો ! બ્રાહ્મણનાં વાકય ઉપર મને કાંઇ રીસ નથી. ચંદ્રહાસ ! અમારા કુળના રીવાજ પ્રમાણે દેવીનું પૂજન કરવા જાઓ !

મરાઠી સાખી.

મંમાયાનું તુજન કરવા, સામગ્રિ લઇ જાઓ;
કાળી કુળની દેવી એ છે. આશિષ માગી આવો;
એ વાત ખરી, મારા કુળ માંહે ઉતરી. એ.

ચંદ્રહાસ—જેવી વડિલની આજ્ઞા ! લાવો સર્વ સામગ્રિ. (ચંદ્રહાસ તૈયારી કરે છે અને પ્રધાન ચંડાળોને ત્યાં ગયો.)

(ચંદ્રહાસ) ઇશ્વર સ્તુતિ.

(રાગ માઢ, શિદ કલ્પાવે જલાવે; એ—ઢબ.)

શાને, ભુલાવો, ડુલાવો, દિનાનાથ, હાથ ઝાલીને ખેંચો ખચિત માયા જાળમાં.
માયામાં કાયાનું કાંઈ ન ચાલે, કાયામાં માયાનું જોર;
માયા ગએ કાયા થાય નકામી, ઉતરે તેનો તોર. શાને. ૧
માયા અકળ જેને સમજે સકળ, પણ કોઇ ન પામે પાર;
શિવ, બ્રહ્મા, શેષ, લેશ ન જાણે, વિતે જો વર્ષ હજાર. શાને. ૨
ડાહ્યા ગાંડા કર્યા, ગમાર ગુણી ઠર્યાં, દેખતને કર્યાં અંધ;
રંક રાણા, રાય રંક બનાવ્યા, માયાએ મચાવ્યો ધંધ. શાને. ૩

---

૧. માયામાં કાયાનું કાંઈ ન ચાલે=કાયા વડે કરીને, માયાને માટે જે જે યત્ન કરીએ તે ફોગટ ફાંફાંજ જાણવાં. હું ધન મેળવું, હું સ્ત્રિ મેળવું, પુત્રાદી મેળવું, હું સુખી થાઉ, પણ એમાંથી કાંઈ બની શકતું નથી, અને થનારૂં તેજ થયા કરે છે.

૨. કાયામાં માયાનું જોર=વળગેલી માયા દેહની સ્થિતિ પલકે પલકે પલટાવે, કેટલીકવાર સ્ત્રિનાં વચન, કેટલીકવાર પુત્રનાં વચન; દુખદાયક થઇ પડે, બેચેની થાય, અનેક પદાર્થો મેળવવાની તૃષ્ના થાય તે ન મળે કે ઉદ્વેગ થાય, એમ માયા અનેક પ્રકારથી કાયાને કનડે.

૩. માયા ગયે કાયા થાય નકામી-વિષય ભોગવી નિવૃત થયેલો પુરૂષ સ્ત્રિને મન તુચ્છ, ધન મેળવવાથી અશક્ત પિતા પુત્રને મન તુચ્છ. હોદ્દેથી ઉતરેલો અમલદાર ગુનેગારને મન તુચ્છ; અને સંસારથી વિરક્ત થએલો નર જગતને મન તુચ્છ.

૪, ડાહ્યા ગાંડા કર્યા, ગમાર ગુણી ઠર્યા, દેખતને કર્યા અંધ-અનેક ડાહ્યા અને વિદ્વાન પુરૂષો સ્ત્રિના ફંદમાં લક્ષ્મિના લોભમાં, ગાંડા થાય છે: અનેક મુર્ખજનો સ્ત્રિ અને લક્ષ્મિના સંગે કરી સારા ગણાય છે, મુર્ખ છતાં સારી સ્વરૂપવાન સ્ત્રિ અને ધન પ્રાપ્ત થયું હોય તો અનેક મનુષ્યો સંગત કરે; લક્ષ્મિ અને સ્ત્રિના લોભમા ખરાબ પણ થાય છે.

સુરા પુરા તેને સમજ પડે નહિ, ભેદુ ન જાણે ભેદ;
પંડિતજી તેનો પાર ન પામે, વિસ્તારી શકે ન વેદ.　　　　શાને. ૪
કરૂણા કરો કરૂણાનિધિ કેશવ, જાણી તમારો દાસ;
માયા તમારીથી મન ડરે મ્હારૂ, માટે ન આવે પાસ.　　　　શાને ૫

પ્રધાન—ક્યાં ગયા ચંડાળો !

ચારે ચંડાળ—(ધ્રુજતા) હુકમ માબાપ !

પ્રધાન—દુષ્ટો ! તમે મને દગો કર્યો, મારા શત્રુનો પ્રાણ તમે બચાવ્યો માટે એની પાસેથી પણ તમે દ્રવ્ય મેળવ્યું હશે. મારી પાસેથી પણ દ્રવ્ય લીધું અને તેની પાસેથી પણ લીધું. "તમે ચંડાળ તે ચંડાળજછો !

એક ચંડાળ—(હિમ્મત ધારીને) અમે તો ઉઘાડા ચંડાળ છીએ તોપણ દયા રાખીએ છીએ. અમને એ બાળક તરફથી પૈસા મળ્યા હશે કે નહિ મળ્યા હોય તે અમારૂં મન જાણે. પણ એને દયા રાખીને જીવતો મુક્યો. જેવા અમે ચંડાળ તેવા ત્તમે ચંડાળજ છો ! ઉજળા ફાંશી આ છો, તમે પણ ફરીયાદી અને ગુનેગાર બંનેની લાંચ લ્યો છો, અને ઘર ભરોછો. તમે એ બાળકને માર્યો નહિ, પણ મારનારને સોંપ્યો એ માર્યા બરાબર છે. અમારા શસ્ત્રથી માણુસ તર્ત પરલોકને પામે છે; પણ તમારી કલમથી અને કુહાડા રૂપી જીભથી માણુસ રીબાઇ રીબાઇને ઘણે કાળે મૃત્યુને પામે છે, માટે અમારા કરતાં તમે ચંડાળ ખોટા ?

પ્રધાન—ઠીક ! આજે તો મારા કાર્યમાં વિલંબ થાય છે માટે જાઉં છું પણ પછીથી તારી ખબર લઇશ ! યાદ રાખજે તારા બોલેલા બોલ ! હવે હું ચંડાળજ છું ! તે તને ખાતરી કરી આપીશ.

ચંડાળ—અમને તો ઘણા વરસથી ખાતરી થઈ છે; પણ તારા ઘોર કર્મનાં ફળ તને ભગવાન થોડા વખતમાં આપશે.

પ્રધાન—અરે કોણ થાય છે ભગવાન ! પાપીઓ કાલે તમારી વાત ! પ્રધાને બિજા મારા તૈયાર કરી દેવી ડેરે મોકલ્યા. (કે જે, ચંદ્રહાસ પુજા કરવા પેસે કે તુરત શિર્છેદ કરે !)

કર્તા—પ્રધાન આવી ખટપટમાં પડયો છે; ચંદ્રહાસ નિકળવાની તૈયારી કરે છે; તે વખત મદનકુવર નગ્રના રાજા કૌંતરાયની સાથે વાત ચિતમાં ગુંથાયો છે.

કૌંતલરાય—મદનકુમાર ! મારે હવે સંસારથી વિરક્ત થઇ, ઇશ્વર પારાયણ થવા વિચાર છે. (ગાલવની પધરામણી થઇ.)

ગાલવ—આયુષ્યમાન રાજા ! શુ વિચારમાં છો ?

કૌંતલરાય—મુનિરાજ ! પુત્રિને લાયક વર મળે તો કન્યાદાન દઇ જમાઇને રાજ્ય આપી વિરક્ત થવા માગુ છુ !

ગાલવ—અહાહાહા ! ઘણોજ ઉતમ વિચાર; પુત્રિ વરાવવાનો વિચાર હોય તો ચંદ્રહાસને દ્યો, હાલ એની બરોબર કોઇ રાજા નથી !

રાજા—હું આપનાં વચન માંથે ચઢાવું છું. મદનકુમાર ! બોલાવી લાવો તમારા બનેવીને !

પુજન કરવા જતાં ચંદ્રહાસને મદનકુમારે રોકયો અને સઘળી બિના જાહેર કરી.

ચંદ્રહાસ—મદનરાજ, તમારા પિતાનાં વચન છે કે અત્યારે મારે દેવી દેહેરે પુજન કરવા જવું !

મદન—પુજનિક ! પુજન કરવા પછીથી જજો, હાલ રાજા પાસે આવી જાઓ, લગ્ન સમય વિતી જાય છે, અને ગાલવ મુનિ ત્યાં બિરાજેછે.

ચંદ્રહાસ—પુજન સામગ્રી લઇને નિકળ્યો માટે પુજા કરીને આવીશ

મદન—લાવો થાળ મારી પાસે હું પુજન કરીને આવુંછું. તમે પધારો ! મદનકુમાર પુજા કરવા ગયો અને ચંદ્રહાસ રાજા પાસે ગયો. ચંદ્રહાસને જોઇ ગાલવ કૌંતલરાય, અને ચંપકમાલિની ત્રણે હર્ષ પામ્યાં. સમય વિચારી ગાલવ આચાર્ય થયાં રાજાએ કન્યાદાન દીધું; અને વળી ચંદ્રહાસને રાજ્યાભિષેકનું તિલક પણ કર્યું.

ચંદ્રહાસ—હાલ જઇ પ્રધાન ધષ્ટબુદ્ધિને મારી પાસે બોલાવી લાવો મારે રાજ્ય સબંધિ હિસાબ પુછવો છે ! વચન સાંભળી ગાલવ મુનિ દોડયા.

મરાઠી સાખી.

(**ગાલવ**) કૌંતલરાયની વર્યો બાળકી, ચંદ્રહાસ થયો રાજા;
હિસાબ દેવા હમણાં ચાલો, નહિતો નહિ રહે માઝા;
(કવિ) ઘણુ ગભરાયો, વિમાસતો વાંસે આવ્યો. ઘણુ.

રાગ ગુજરી

(**પ્રધાન**) પાત્ર પુજાનું કયાં મુકી આવ્યાં, અહિંઆં કયાંથી આવ્યારે ?
(**ચંદ્રહાસ**) કૌંતલરાય જે ભુપ તમારા. એમણે અહીં બોલાવ્યારે.
(**પધાન**)અર્ધ રાત્રિયે તમને તેડી, કરી કયા કાર્યની વિધિરે ?
(**ચંદ્રહાસ**)ચંપકમાલિની ચતુર ચપળા. મુજને અર્પણ કીધીરે.
(**પધાન**) દેવિ દેહરે પુજા ચુકયા, કાર્ય કેઇ પેર સરવારે ?
(ચંદ્રહાસ) પાત્ર પ્હરાણે ખુંચી લઇને મદન ગયા છે કરવારે.

(પ્રધાન) હા......ય ! પુત્રનું મ્હોત થયું શું !
(કવિ) પ્રોહિત પડીઓ ધર્ણરે.
(પ્રધાન) દેવીએ ડાટ જો વાળ્યો હોય તો સાથે મ્હાર મર્ણરે.
(કવિ) હડીએ દોટે આવી પહોચ્યો, બનીઓ જોઇને મ્હોતરે.
કલ્પાન્ત કરીને કેટલી વારે, કર્યું પોતાનું મ્હોત રે.

મદન કુમારને મરેલો જોઇને પ્રધાને બળાત્કારે પોતાનો કાળ કર્યો. વિલંબ થયો કે તરત ગાલવરૂષિને લઇ ચંદ્રહાસ આવી પહોચ્યો; અને વિપરીત જોઇ વિમાસણ કરવા લાગ્યો, પોતાનેજ માટે બન્નેનાં ખુન થયાં છે એવો નિશ્ચય કરી, ઇશ્વર સ્તુતિ કરતો, પોતાનું દરેક અંગ છેદી દેવીની પાસે હોમ કરવા લાગ્યો.

૬ ચંદ્રહાસ　　રાગ; ઓધવજી સંદેશો.

અવિનાશી અળગારે તનથી તમે થયાઃ
સેવક સાટે ખરાં થયાં, બે ખુનજો;
મારે પગલે પ્રોહિત કેરા પ્રાણ ગયા,
હવે જીવુંતો લાજે, મારી જનુંન જો.　　અવિનાશી ૧
(કવિ.) હોમ કર્યો દેવીને, અંગે અંગનો,
મુસ્તક છેધે, મોહન હાથે ઝાલ્યોજો;
જુગદિશ જાણી, દેવી આવ્યાં દોડતાં,
સજીવન કરવા, અમૃત કુંપો આલ્યો જો.　અવિનાશી. ૨

નારદ—હે પાંન્ડુનંદન, મે તને ચંદ્રરાસનો મહિમા સંભળાવ્યો. વિષયાનો પુત્ર પદ્મમાક્ષ અને ચંપકમાલિનીનો પુત્ર મકરધ્વજ એ બન્ને તારા ઘોડાને લઇ ગયા છે, તેને તું જીતી શકવાનો નથી.

અર્જુન ભક્તિપ્રતાપનો અને ભગવત કૃપાનો વિચાર કરે છે એટલામાં ચંદ્રહાસ બન્ને પુત્ર સહિત અશ્વને લઇ ભગવાનના ચર્ણમાં પડયો અને અર્જુનને મળી ઘોડો સોંપ્યો.

પાવન થાવા મહિમા સાલિગ્રામનો,
પુજે સેવે તેના પહોંચે કોડજો;
અલ્પ મતિનો ભક્તજ બાપાલાલ કહે.
હરીજન બોલો જય જય શ્રીરણછોડજો.

વિદુર ભાજી.

જેણે જનુની પેટે જમતી, જાણ્યા જીવણજી જીવણજી;
તેને ગણે નહિ શિવ ગણજી.　　　　જાણ્યા.

જેને વદતી સાચી વાણી, જગમાં જીવણજી જાણી;
પરમેશ્વર પકડે પાણી. જાણ્યા. ૧
જેણે મોહનથી મત માણી, નેહે નારાયણ નાણી;
તેને ત્રિકમ લેશે તાણી. જાણ્યા. ૨
સમરે શામળીઓ સુખમાં, માધવને રાખે મૂખમાં;
દામોદર દોડે દુઃખમાં. જાણ્યા. ૩
જેણે ગોવિંદ ગાયા ગાણે, કરૂણાનિધિ કરૂણા આણે;
જેમ ચુંબક લોહને તાણે. જાણ્યા. ૫
પરથમથી પર ઉપકારી, જેણે સદા દયા દિલધારી;
તેને સંકટ નાવ ભારી. જાણ્યા. ૫
શ્રિદામાનું દળદર કાપ્યું, ધ્રુવને રાજ્ય અવિચળ આપ્યું;
અમરિષ પર હેતજ વાપ્યુ. જાણ્યા. ૬
ખદબદતી ખિચડી મૂકી, કરમાબાઇ ચતુરા ચુકી;
તેતો જમીઆ ફુંકી ફુંકી. જાણ્યા. ૭
તજી સકળ સામગ્રિ તાજી, ગયા વિદુર ભગત ઘર ગાજી;
જમ્યા તાંદળજાની ભાજી. જાણ્યાં. ૮
જેણે પ્રેમે પ્રભુ પદ પુજ્યા, તેને સઘળા રસ્તા સુજ્યા;
બાપુ જમના કિંકર ધ્રુજ્યા. જાણ્યા. ૯

ગિતિ.

વિધિસુતાને વંદુ. **હિમ સુતાસુત** ચરણે શિર નામું;
અખંડ ઇષની સેવા, ભક્તિ પ્રતાપને કહેવા હું પામું.

દોહરો.

ગુરૂ ચરણચિત્ત ધારીને, ભક્તિ કરૂં હરનિશ;
તન માલિક ત્રિભોવન ધણી, હરીજન ચરણે શીશ. સિયાવર.

દુર્યોધન—દરબારમાં, ગુરૂ દ્રોણ, દાદા ભિષ્મ પિતા ધૃતરાષ્ટ, હરિભક્ત કાકા વિદુર, સર્વે મળી દુર્યોધનને શિખામણ દેવા લાગ્યા. ભિષ્મ કહે **હે** કુરૂનંદન ! હે **દુર્યોધન** ! પ્રતાપિ પાન્ડુ રાજાના પુત્ર ધર્મ સાથે સંપ કર ! એમનું લીધેલું રાજ્ય પાછું આપ ! ખરી રીતે જોતાં રાજ્યના માલિક પાન્ડવો છે, માટે ભાઇ જાણી સલાહ કરી રાજ્ય આપીશ તો હાલ જે બળનું અભિમાન તું ધરાવે છે, તેથી વિશેષ બળવાન થઇશ.

દ્રોણ—હે શિષ્ય ! હે સમર્થ, વડિલ દાદાના વચનને અનુસરીને ચાલવું એજ ઉત્તમ છે સંપ ત્યાં જંપ છે, તમો સઘળા ભાઇઓ છો,

હસ્તિનાપુરની ગાદી ઉપર તમારો સર્વનો હક સરખો છે; પણ ખરી રીતે જોતાં રાજ્યનો અધિકાર તો યુધિષ્ઠિરનોજ છે. કારણકે જે રાજા રાજ્ય કરતો હોય તેની પછી તેનોજ પુત્ર ગાદીએ બેસે, એ રાજ્યનિતિનાં વચન છે, માટે મ્હારૂ કહેવું યથાર્થ ગણી પાન્ડવો સાથે સંપ કર, અને અર્ધ રાજ્ય યુધિષ્ટિરને આપ !

વિદુર—હે ભાઇ ! સજ્જન પુરૂષે સગાં સબંધીમાં વહેર ન કરવું; કોઇને ખોટું લાગે એવાં વચન કદી ન કહેવાં; દુ:ખને સહન કરી નિતિને રસ્તે ચાલવું, કાયા ક્ષણભંગુર છે, લક્ષ્મિ વિજળી વેગે ચાલી જશે, રાજ્યમદથી અંધ થઇ ભાઇઓમાં વહેર બાંધ્યું છે, તે તારને તોડી નાંખ્ય ! મહાન પુરૂષોનાં વચન છે કે પલક પછી શું થશે તેની ખબર નથી, માટે મહાપ્રતાપી પાન્ડવોમાં શ્રેષ્ટ, સત્યવાદી, અજાતશત્રુ યુધિષ્ટિરની સાથે સંપ કર ? અને બનેલા ગુનાની માફી માગ્ય !

ધૃતરાષ્ટ્ર—હે દુર્યોધન ! અવળી મતિના દુ:શાસન અને શકુનિની જીભ્હાપર નાચનાર દુર્યોધન, કર્ણના બળની આશા રાખી બળીઆથી બાથ ભિડનાર દુર્યોધન, તું પાંડુ પુત્રને જીતવા સમર્થ નહિ થાય; જરૂર તારો નાશ થશે ! અર્જુનના ગાંડિવ ધનુષનો અને બાહુબળી ભિમસેનની ગદાનો માર તું સહન નહિ કરી શકે ! જેની સહાયતામાં જનાર્દન ભગવાન છે, એવા ધર્મ રાજને તું કદી જીતવાનો નથી, માટે મારા વૃદ્ધનાં વચનમાની યુધિષ્ટિર સાથે કલહ ન કરતાં સંપ કર !

દુર્યોધન—કેવો અવિચાર ! કેવિ અલ્પ બુદ્ધિ ! શું મારે પાંડવોનું લીધેલું રાજ્ય પાછુ આપવું ! શું હું પાંડવોને જીતવા સમર્થ નથી ! મારે પાંડવો સાથે ઠેઠ સુધી રાઢ મચાવવી છે, તલપુર જગા આપવા વિચાર નથી તોપણ તમારાં સર્વનાં વચન મસ્તકે ચઢાવીને એકવાર, યુધિષ્ટિરની મુલાકાત લેવા જાઉં છું; જો મને દેખીને નમ્રતા બતાવશે તો વગર વિલંબે તેમનું અર્ધ રાજ્ય તે ભોગવશે, નહિતો હું તેમને સુંઠનો સ્વાદ ચખાડીશ !(દુર્યોધન ધર્મને મળવા ચાલ્યો; સતીઆ સૌ ઘેર ગયાં.)

પારસ્વિ—હે, સ્વામિ ! મારા મનની ઇચ્છા પૂર્ણ કરો !

વિદુર—વામા ! તમારા મનમાં શિ ઇચ્છા છે તે કહો ?

પારસ્વિ—પતિ મેં જનાર્દન ભગવાનનાં દર્શન દુરથી તો ઘણીવાર કર્યાં છે, પણ પ્રભુ આપણા મંદિરમાં પધારે અને હું પુજી અર્ચી પગેલાગુ.

વિદુર—અરે ગાંડી ! ત્રિભોવનનાથ આપણા ગરીબના ઘર સુધી આવે એમ મને ભાસતું નથી, છતાં હું પ્રાર્થના કરી, તારી શુભ ઇચ્છા પુર્ણ કરવા યત્ન કદીશ.

દુર્યોધનને આવતો જાણી યુધિષ્ટિર હર્ષ પામ્યા, પણ ભિમને ચિંતા થઇ કે રખેને સંપ થાય, સંપ થાય તો મારા બોલેલા બોલ મારા મોમાંજ રહે. હજુ દુઃશાસનનું રૂધિરપાન કરવું છે, દુર્યોધનનો દેહાન્ત કરવો છે, શકુનિને સ્વધામ પહોચાડવો છે, અને દ્રૌપદીને માટે વધેલા વહેરને જ્વાળા રૂપે કરી કૌરવ માત્રને દહન કરવા છે !

(દુર્યોધનના આવતાં પહેલાં ધર્મને મુલાકાત લેવા બેસવાની જગા આગળ ઉંડો ખાડ કરી ઉપર બિછાનું બિછાવી ભિમ ફરવા લાગ્યો.)

ધર્મ—ભાઈ ભિમ, આજે આ જાજમની આસપાસ ફર્યા કરે છે, તેનું શું કારણ છે ?

ભિમ—મોટાભાઇ ! વડિલ મળવા આવનાર છે, તે છત્રપતિ રાજા છે, માટે જેમ બને તેમ સ્વચ્છતા રાખવી અને કચરો ન પડવા દેવો તેને માટે મારી જાળવણી છે.

દુર્યોધનને આવતો દેખી ભિમે વિચાર કર્યો કે, છત્રપતિ કેવળ અભિમાનની મુર્તિ છે, છતાં તે નિચે ઉતરી ચાલીને જશે તો ઇજા ન થાય એવો રસ્તો બતાવીશું, અને અભિમાને કરી હાથી સહિત ધર્મભાઇ પાસે જવા ઇચ્છા કરશે, તો મેં જે ગોઠવણ કરી રાખી છે તે યોગ્ય છે.

દુર્યોધન—અહા ! હા ! કેવી ધર્મની મોટાઇ, પોતાની પાસે પચાસ હાથ લાંબી તો જાજમ બિછાવી મુકી છે કે, મળવા આવનારને પચાસ ડગલાં તો ચાલવાંજ પડે ! પણ હું છત્રપતિ દુર્યોધન હાથી સુદ્ધાં જવાનો !(એક, બે, ને ત્રિજે ડગલે હાથીનો પગ ખાડામાં પડયો, હાથી ઉંધોથયો ને દુર્યોધન અંબાડીમાંથી ઉછળ્યો, તે ધર્મના ખોળામાં આવી પડયો.

ભિમ—હાં હાં હાં ! બસ કરો બસ કરો પગે લાગવાની કાંઇ જરૂર નથી, તમારા બધા ગુના માફ !

દુર્યોધન—પાપી પાંડવો ! અરે અવિચારી ભિમ ! યાદ રાખ્ય તારા અવિચારનાં ફળ થોડા વખતમાં મળશે. ધર્મ, અરે ધર્મ નહિ પણ અધર્મની મુરતિ મને દગો દઇ પગે પાડયો તો વહેલો રાજ્ય કરીશ ! હવે તલપુર જગા આપવાનો નથી; ફરી રાનો રાન રઝળાવું ત્યારે મારૂ નામ દુર્યોધન.

ધર્મ—ભાઇ ભિમ, તારે આમ કેમ કરવું પડયુ હાથ આવ્યો કોળીઓ શા માટે ખોયો ?

ભિમ—મોટાભાઇ; મેં કાંઇ ખાડ કરી મુકયો નથી, તમને યાદ હશે કે મેં આ જગા ઉપર અનેક મલ્લને પછાડી પ્રાણ લીધા હતા તેનો ખાડ તો પડેલોજ હતો, તે પુરાગો હતો પણ હાથીના ભારે ભુવો પડયો, તેમાં મારો શો દોષ ?

યુધિષ્ટિર—દોષ દૈવનો ! પણ કયાં છે જનાર્દન ભગવાન ?
(ધર્મ ભગવાનને વિષ્ટિ માટે દુર્યોધન પાસે મોકલે છે.)

(કવિ.) ગિતી.

હોય અધર્મિ અવળો, સવળો સુધર્મિ બેને ચંદ્ર બાર,
સુધુ કરતાં સવળો, અવળો ઉંધુ કરતાં કરે ન વાર.

(યુધિષ્ટિર.) રાગ, ઓધવજી સંદેસો કહેજો.

કેશવ કરૂણાસાગર, ભક્તની ભિડમાં;
કૃપા કરી કરો શાન્તિ, ને સમાધાનજો;
વહાલા વચને, વિષ્ટિ કરવા સંચરો;
દાસને દેવા અચળ, સુખનું દાનજો. કેશવ. ૧

મોટાભાઇને સમજાવા, સદ્દબોધથી;
વિષ્ટિ કરતાં વિઠ્ઠલ તમને ફાવે જો;
કૃપાનિધી કરગરજો, કહુ મારી વતી;
ભાવી બને તો, અમને આળ ન આવેજો. કેશવ. ૨

રાજ્ય કરે તો રીઝુ, એ મોટા મુજથી,
લઢતાં વઢતાં બંધવ મારી એલ્ય જો;
પાંચ ભુવન રહેવાને માટે માગજો,
સમજી લેજો ખરો ન કથલે લેખજો. કેશવ, ૩

કૃપાનાથ પધારો, જ્યાં સુધી દુર્યોધન રાજ્ય કરે ત્યાં સુધી હું ખુશી છું, અમને રાજ્યની જરૂર નથી, પાંચભાઇને રહેવાને વિશ્રામ માગજો ! ટુંકામાં તમારૂં કહેવું સઘળી રીતે બરબાદ જાય, તો ઇચ્છાપૂર્વક યુદ્ધનું આમંત્રણ દઇ વહેલા વળજો ! (ભગવાન દુર્યોધનના દરબારમાં આવ્યા.)

દુર્યોધન—આવો કૃષ્ન પધારો: જોયાં તમારા ભક્તનાં લક્ષણ, હવે એ ઠરીને બેસવા નહિ પામે ! આપ જે કારણે પધાર્યા હો તે કહો !

(ભગવાન.) મરાઠી સાખી.

અર્જુન સંગે યુદ્ધ આરંભી, મ્હોત તણાં ફળ ચાખે;
મનુષ્ય દેહ આ ઉત્તમ મળીઓ, નર્કમાં શાને નાંખે;
કર સજ્જન સંગ, જન્મ મરણનો થાએ ભંગ. કર.

(દુર્યોધન.) નર્કદ્વાર નિરમ્યુ જે કર્મે, ધર્મ થકી નહિ છુટે;
સ્વર્ગ નર્ક મારે સરખું છે, ફોગટ માથાં કુટે;
છું ક્ષત્રિ તન, પાન્ડવ પાછા કાઢુ વન. છું.

ભગવાન—હે દુર્યોધન ! ચોરાશી હજાર દેશનો તું અધિપતિ તે-

માનો એક કોટનો કાંગરો પણ તારા બાપનો જીતેલો નથી, એ બધા પાંડુ રાજાના એટલે પાંડવના બાપના જીતેલા છે; માટે બેતાળીશ હજાર પાંડવને આપ્ય!

દુર્યોધન—અરે બેતાળી ગાંમડાં તો કહો બેતાળી ગાંમડાં!

ભગવાન—બેતાળી હજાર ન આપે, તો એકવીશ હજાર આપ્ય!

દુર્યોધન—એકવીશ હજારે નહિ ને એક હજારે નહિ.

ભગવાન—પાંચસો આપ!

દુર્યોધન—પાંચસોએ નહિ ને પાંચે નહિ.

ભગવાન—પાંચ આપ! અને પાંચ દેશ ન આપે તો પાંચ ગામ આપ!

શકુનિ—હા કહે, સમુદ્રમાંથી ઘડો ભર્યે કાંઈ ખુટી પડતું નથી.

દુર્યોધન—પાંચ આપવા હું ખુશી છું, તમે માગો તે આપુ!

(ભગવાન લખાવે છે અને કર્ણ લખે છે.)

ભગવાન—પ્રથમ, હસ્તિનાપુર, અયોધ્યા, અલ્લાહાબાદ, અમૃતસર. અને ઉજ્જન. (અવિસ્થળ; વૃકસ્થળ, મકંદી; વારણાવૃત, અને સિંધુ) એ પાંચ૦ કર સહી અને લાવ્ય મારી પાસે!

કર્ણ—અરે દુર્યોધન! આમાં કાંઇ નહિ, પણ કેળવ પ્રપંચ; ફક્ત ત્હારૂ રાજય લેવાનીજ આ યુક્તિ; પુરેપુરૂં કપટ હવે તારે ઉભા રહેવાની પણ જગા નથી, એટલી પૃથ્વિનો સમાવેશ આ પાંચ ગામમાં થાય છે.

દુર્યોધન—નિરંતર કપટનો કરવાવાળો કાળો કૃષ્ન! ચાલ જા! કામિ! કપટી! કાંઇ નહિ મળે, અરે હમણાં તારા પ્રાણની હાની કરૂ એમ થાય છે; પણ શું કરૂં યુધિષ્ટિરને ખબર કહેવા જીવતો જવા દઉં છું.

(ભગવાન.) ગિતિ.

મલિન મનોરથ તારા, તારી સંગે ત્હારા જન મરશે;
કરૂક્ષેત્ર રણુ માંહે, પંડુનંદન કેર ઘણો કરશે.

હું જાઉંછું. સંભાળ રાખજે, પરવારજે!

દુર્યોધન—કેવી ચતુરાઇ સાથે કપટ, અરે હું કૃષ્નના બાપને પણુ પુરો પડુ એવો છું.

(દ્રોણ.) **રાગ-લાવણી; પંડિત કે બચન મુરખકુ.**

રે! રેરે! મુરખ, છેક બન્યો કેમ બ્હોત;
તુજ મર્ણ થવાનું, સગાં સહોદર સોત. ૧
તુને લેશ લાજ નહિ લંપટ શાનો લાજે;
પૃથ્વિ પાલક અપમાન, કર્યું તેં આજે. ૨
ઉત્તમ દેહ પામી, ભજ્યા નહિ ભગવંત;

તેં જન્મ ગુમાવ્યો, જેવા વૃષાના જંત. ૩
માવિત્ર લજાવ્યાં, લાજ્યા ગુરૂ એ પ્રમાદિ;
આચર્ણથી લાજી, હસ્તિનાપુરની ગાદી. ૪
સદગુરૂ શિષ્ય જે, સમજ્યો નહિ સતસાર;
ધિક્કાર જનુની, જીવતરને ધિક્કાર. ૫

(વિદુર.)　　　　મરાઠી સાખી.

ક્રોઇજન સુખીઆ, કોઈજિન દુખીઆ, કોઇજન ઢાળે આંસુ;
પર્મ કૃપાળ દયાળ ભજ્યા નહિ, જન્મ ધર્યો તેં ફાંસુ.
નર અજ્ઞાની, સમજ સમજ જાય જુવાનિ. નર૦

દુર્યોધન—અરે તમે એ સમજ ! શું બોલતા હશો, કપટથી રાજ્ય પડાવનારને મારે કાંઇ ન કહેવું કેમ ?

(ધૃતરાષ્ટ્ર)　　રાગ-ખટક રહી આ મૃગનયનિને.

પૂર્વ શત્રુ આવ્યો એ પેટે, કાળાં કર્મનો કરનારો;
માત તાતને ગતિ શું આપે, નહિ ઠારે નહિ ઠરનારો. ૧
રાહુ સમ અવળો એ ચાલે, પાપે પેટનો ભરનારો;
મુંઢ મતિ ફરતી છે એની, લખચોરાશી ફરનારો. ૨
કુળ અંગારો કયાંથી જનમ્યો, ગંગા તનનું બોળ્યું નામ;
હુનો કરીને દેવો જોઇએ, ગાંધારિની કુખે ડામ. ૩
ધર્મરાજ ધારણ કેમ કરશે. નાંખે નરકની ખાણીમાં;
હરિ ભક્તશું પ્રિતિ ન મળે વર્ષ ગયાં સૌ પાણીમાં. ૪
જીભડી જડથી કાપી નાંખુ, ફેર પડે મુજ વાણીમાં;
પુત્ર વિના જો અન્ય હોય તો, ઘાલુ અવળી ઘાણીમાં. ૫

દુર્યોધન—કેવો મિથ્યા બકવાદ; બિલકુલ લગામજ નહિ; અમારાં વર્ષ પાણીમાં કેમ ?

(ભિષ્મ.)　　　　ઝુલણા છંદ.

ચુપ ચંડાલ તું બાળ એ બાપનો, કાળ તુજ આવીઓ આજ પાસે;
બુદ્ધિ તારી ફરી જાણ ચિત્તે કરી, દેહ તુજ છોડીને પ્રાણ જાશે. ૧
પાપીઆ પૂર્વનું પુન્ય પરવારીયું, સર્વ દેખે તને તને શિખ અવળી;
કાગડા કાળજું કોરીયુ કુતરે, અંધ સુજી તને બુદ્ધિ અવળી. ૨
શેષ, મહેશ, વળી સ્વર્ગના રાજીઆ, ઇંદ્ર આદે કરે સેવ જેની;
મોહથી અંધ, મદ રાજનો આવીઓ, તેથી ઓળખ કેમ હોય તેની. ૩
ચૌદ બ્રહ્માંડ એ નામ આધાર છે, નામ પ્રતાપ પાષાણ તરીઆ;
તેહ શ્રીકૃષ્ણને મુર્ખ તેં મારીઆ. નર્કમાં નાંખીઆ પિત્રિ પરીઆ. ૪

દુઃશાસન—હે દુર્યોધન ! કરવું મન ધાર્યું, પણ વૃદ્ધનાં વચનને માન આપવું એ નિતિનાં વાકય છે.

દુર્યોધન—તું વળી નિતિ કયારે ભણ્યો ? આપણે અનિતિના બાળકને નિતિ ભણવીજ ન જોઈએ; ઓરમાયુ થઇ જાય ! ઓરમાયુ.

દુઃશાસન—અજાણતાં કાને પડી ગયાં છે અને યાદ રહી ગયાં છે; અર્થનાં હોય તો ઉપયોગમાં લ્યો !

દુર્યોધન—લ્યો ત્યારે એનો ઉપયોગતો કરૂંછું, પણ સારાં ફળ નહિ નિવડે.

લાવણી ધન્ય ધન્ય ભદ્રકાળી. એ ઢબ.

છોડો છોડે દાદા ક્રોધ, હવે લાગ્યો મને બોધ;
કેમ કરૂ વિરોધ, મારા ભાઇઓ સાથે. હાંહાંરે. ૧

(શકુનિ.) દાદાની ખુવો રીસ, જઇને ચરણે નામો શિશ;
ગયા કૃષ્ન જુગદીશ. ઝાલી લાવો હાથે. હાંહાંરે. ૨

(દ્રોણ.) જો લાવો સુંદિરશ્યામ, તોતો થાય તમારૂ કામ;
શોક સમે તમામ, કરજે લિવેકે વાત. હાંહાંયે. ૩

(દુર્યોધન.) છું છત્રપતિ હું રાય, ધારૂ પ્રભુ સામા પાય;
લાવું ભોવનની માંય, ક્રોધ સમાવે તાત. હાંહાંરે. ૪

(વિદુર.) **ગિતિ.**

જો સુખ ઇચ્છે ત્હારૂ, માની મ્હારૂ પ્રભુ પ્રસન કરજે;
નિયમ નિતિના પાળી, ધ્યાન હરીનું શુદ્ધ ચિત્તે ધરજે.

દુર્યોધન દોડતો “હે કૃષ્ન ઉભા રહો, હે કૃષ્ન ઉભા રહો” એમ કહેતો ભગવાનની પુંઠળ આવ્યો. પાછું વાળી જોતાં દુર્યોધનને દેખી પ્રભુએ રથ ઉભો રાખ્યો.

દુર્યોધન—મહારાજ પાછા પધારો; મારો ગુનો માફ કરો, હું મારા મામાનો ચઢાવ્યો ચઢયો, અને આપનું અપમાન કર્યું.

ભગવાન—જા હું તારૂં કહેલું કાંઈ મનમાં નહિ રાખુ, પણ હવે પાછા ન અવાય !

(દુર્યોધન)— **રાગ—હરમાન ઘરમાં હડીઓ કરે.**

દયા ધરી પગ પાછા ભરો, પ્રભુ ગુનો ગરીબનો માફ કરો.
શ્યામ આવ્યા મને નવ રહી શુદ્ધિ, મુંઢ મતિ ચાલ્યો મામાની બુદ્ધિ;
ભાઇઓમાં વહેર એ છે મતિ ઉંધી; પુર્વ પાપે દશે દિશાઓ રૂંધી. દયા. ૧
કૃષ્ન તમે કયાંથી આવવા દ્વારે, વહાણ ડુબ્યું મારૂ આવીને આરે;
આપ થકી ચઢયો અવળે વિચારે; વહાલા વિના કોણ વૈતર્ણિ તારે. દયા. ૨

સર્વ સામગ્રિને છપ્પન્ન ભોગ, તમને જમાડીને જાળવું જોગ;
શાન્તિ પામે મુજ મનનો શોગ; ઝેર રૂપી જાય જડમાંથી રોગ. દયા. ૩

ભગવાન—ઠીક ઠીક દુર્યોધન ! ખાતર ઉપર દીવેલ કરવા આવ્યો કેમ ! અપશુકન કરાવવા આવ્યો કેમ :

દુર્યોધન—કેમ મહારાજ ખાતર ઉપર દિવેલ ! અને શાના અપશુકન?

ભગવાન—એક તો તારા દરબારમાં મારો અનાદર; અને વળી " જમતા જાઓ " એ વચનરૂપ અપશુકન. હવે મારાથી તારા નગ્રની બહાર જમ્યા વિના જવાય નહિ, અને તારે ઘેર જમાય નહિ.

દુર્યોધન—ઘણા હર્ષની વાત કે " જમ્યાવિના ન જવાય ! " ભલે મારે ઘેરજ જમીને જાઓ !

ભગવાન—તને યુદ્ધનું આમંત્રણ દીધું, માટે તારે ઘેર અન્ન લેવાય નહિ, પણ તારા નગ્રમાં જમીને જઇશ.

દુર્યોધન—મારે ઘેર નહિ અને મારા નગ્રમાં ! ! !

ભગવાન—હા ! હા ! તારા નગ્રમાં જમીને જઇશ; અને તું જોઇ રહીશ!

(દુર્યોધન)　　　　રાગ, ક્ષત્રિકુલક.

અલ્યા આહીર તણી તું તો જાત; લ્યા કાળા કાળુ કર્મ ત્હારૂ રે.
ક્યાંથી જાણે રાજા રાણા કેરી વાત.　　　　લ્યા કાળા. ૧
કર્યો કપટે મોશાળ કુળ નાશ;　　　　લ્યા કાળા.
બુદ્ધિ નિચી, પીધી ભરવાડાની છાશ.　　　　લ્યા કાળા. ૨
જેવું અન્ન તેવો હોય ઓટકાર;　　　　લ્યા કાળા.
મિથ્યા માતાએ વેંઢાર્યો તારો ભાર.　　　　લ્યા કાળા. ૩
બૈરાં બુદ્ધિ તારી, નટવા પાડે નાચ;　　　　લ્યા કાળા.
ચોર, જુઠ્ઠો, દગાખોર, ને અસાચ.　　　　લ્યા કાળા. ૪
તુજ સંગથી આવે છે મને લાજ;　　　　લ્યા કાળા.
ઠીક કોણ જમાડે જોઉં આજ.　　　　લ્યા કાળા. ૫

(દુર્યોધન દરબારમાં આવ્યો અને કૃષ્ન પ્રભુ આગળ વધ્યા.)

ભિષ્મ—દુર્યોધન, શું કરીને આવ્યો ? તારા મુખની કાન્તિ કહી આપે છે કે જનાર્દન ભગવાનનું સન્માન તારાથી થયું નથી; મને પ્રથમથી ખબર હતી કે તારાથી અમૃતનો પ્યાલો પિવાયજ નહિ, અને પિયે તોપણ નકામું છે; સાપને જેટલું દુધ પાઇએ એટલું ઝેર થાય છે.

દુર્યોધન—સન્માન ! કોનું સન્માન ! ભૂપને ભરવાડનું સન્માન ન ઘટે !

ભિષ્મ—સુખની ઇચ્છા રાખે તો અભિમાન તજી સન્માન કર :

(દુર્યોધન) રાગ; કરીયુ કાળુરે, મુખ બતાવે;

રે જાઓ જાણ્યુંરે ડહાપણુ મુકો ડોસા;
ખસો ખપ વગરના ખોહા. રે જાઓ ટેક.
ડહાપણુ મુકો બોલતાં ચુકો, બળને બુદ્ધિ નાઠી;
ગમ વગરના ગતિ કરોને, વાટ જુવે છે કાઠી. રે જાઓ. ૧
મુંઢ મનાવા મને મોકલ્યો, વાત થઇ વિપરીત;
કહો ભરવાડો ક્યાંથી સમજે, રાજવળાની રીત. રે જાઓ. ૨
અગમ બુદ્ધિયે હું નવ ચાલ્યો, વાદ વધો વાણીમાં;
જાણી જોઇ મેં જઇતે બોળી, કનકજાળ પાણીમાં. રે જાઓ. ૩
ધોળા માંહે ધુળ પડીને, ગુરૂની ગમ ગઇ બુડી;
રણસંગ્રામે શદ્રય ગચાવું, નથી પહેરી મેં ચુડી રે જાઓ. ૪
કાલાવાલા ઘણા કર્યા મેં, મનથી દીધું માન;
છાશ પિનારો પામે ક્યાંથી, શાક પાક પકવાન. રે જાઓ. ૫
કપટીએ કાને નવ ધરીયું, મુખે ના ને નાય;
નગ્ર સકળનો રાજાહું, જોઉ ક્યાં જમીને જાય. રે જાઓ. ૬

જગત નિયંતાની નિંદ્યા સતીઆથી સાંભળી ન ગઇ, તેથી સર્વ ઉઠી ચાલ્યા ગયા, સર્વ અંતરમાં વિચાર કરવા લાગ્યા કે રખેને ભગવાન આપણે ઘેર ગયા હોય.

ભગવાને રથ હાકી વિદુર દ્વારે આવી રથમાંથી ઉતરી બારણાં ઠોક્યાં. ઉધાડજો ? ઉધાડજો ? એ ઉગાડજો ? તે વખતે પારસિવ વસ્ત્ર કોરાણે મુકી સ્નાન કરવા બેઠાં હતાં તેથી એકદમ ચમક્યાં અને કહ્યું; કોણ હશે ?

(ભગવાન.) મરાઠી સાખી.

દોડી આવી દ્વાર ઉઘાડો, પછીથી પુછો પ્રશ્ન;
કાન્તા કામ છે તમો કંથનું, કારણ આવ્યો કૃશ્ન;
(કવિ) નવ લાગી વાર, ઉભી ખુલ્લાં મુકી દ્વાર. નવ.

(ભગવાને નિચું જોયું અને પારસિવ સ્તુતિ કરે છે.)

(પારસિવ.) રાગ. અચકો મચકો કારેલી.

આજે ઉગ્યો કનકનો ભાનુરે, સ્યામ પધાર્યા સદન ભણી.
મારૂ ફાટયું જમનું પાનુંરે, સ્યામ પધાર્યા સદન ભણી. ૧
મારાં પાપ પૂર્વનાં પળીઆંરે, સ્યામ. મારાં જન્મ મરણ ભય ટળીઆંરે સ્યામ. ૨
દામોદર દર્શન દીધાંરે. સ્યામ. મારાં સર્વે કારજ સીધ્યાંરે. સ્યામ૦ ૩
કરૂ ચરણામૃતનું પાનરે, સ્યામ. કરૂં પુજા થાળ સાવધાનરે. સ્યામ૦ ૪
પુજી અરચી પાવનથાવુંરે, સ્યામ. હું દાસી ચરણની કહાવુંરે. સ્યામ૦ ૫

[ભગવાન.]　　　　મરાઠી સાખી.

વિદુર ભક્તનાં પવિત્ર પતિ, પારસ્વિ ધન્ય વાણી;
નગ્ન સ્વરૂપે સનમુખ ઉભાં, પીવું ન ઘટે પાણી,
હું શરમાઉં, માટે ચાલ્યો જાઉં.　　　　હું

[કવિ.]　　ગોકુળીએ લઇ ચાલ વહાલા. એ રાગ.

ઉભા ઉભા વિદુરને દ્વાર, પ્રભુજી. જેવા બળીને દ્વારે છડીદાર. પ્રભુજી.
એતો અખંડને અવિનાશ, પ્રભુજી. થયા પાંડવ કેરા દાસ. પ્રભુજી.
એતો ભક્તવત્સલ ભગવાન, પ્રભુજી. જેને ન્હોય માનઅપમાન. પ્રભુજી.
એતો અંતર આનંદ રૂપ, પ્રભુજી. જાણો જાદવ કુળના ભૂપ. પ્રભુજી.
મહિલા દોડી મહેલમાં, વસ્ત્ર શોધવા કાજ,
ધન્ય વિદુરની નારને, ઉભા ઉમરે ત્રિભોવન રાજ. પ્રભુજી.
પારસ્વિ પ્રેમે બની, ગાંડા સરખી નાર,
અવળુ અમ્બર ઓઢીને, આવી જ્યાં જુગદાધાર. પ્રભુજી.
એણે ઝાલ્યો બાવરી, વિશ્વપતિનો હાથ,
અંગ વસ્ત્રને પાથરી, પધરાવ્યા વૈકુંઠનાથ. પ્રભુજી.
નારી ઉભી જોડી હાથ. પ્રભુજી.

પ્રભુ આજે મને કૃતાર્થ કરી, મારો મનુષ્યા દેહ અવતાર ધારણ કરેલો સફળ થયો. આજે ગરીબનુ આંગણું પાવન કર્યું; પ્રભુ એવે સમયે આવ્યા કે મારાથી તુર્ત સત્કાર ન થયો, આપને ઉભા રહેવું પડયું તેથી અંતરમાં માઠુ તો લાગ્યું હશે, પણ દાસીના દોષ મનમાં ન લાવશો.

[ભગવાન.]　　　　મરાઠી સાખી.

સામા કેરો સમય જુવે નહિ, ગર્જવાન જન જેહ;
માંદા હોય તો મરવા કાઢે, સ્વાર્થ ન ચૂકે તેહ,
મારે ગર્જ પડી, ભક્ત ભોવનમાં આવ્યો ચઢી. મારે.

પારસ્વિ—અરે ત્રિલોકનાપતિ, ચૌદ ભોવનનાનાથ, નોધારાના આધારને ગરીબની ગરજ પડે એ અજાયબી; મારા સમજવામાં કાંઇ આવતુ નથી.

ભગવાન—હે સતિ !

રાગ—પાટણના નૃપ નથી તુજ મહેલે.

દુર્યોધન દરબાર વાર થઇ, લાગી ભગની ભુખ;
ગયો હું ધર્મ વચન પર આજ, માગવા પાંડવ કાજે રાજ,
ત્યારે દુર્યોધન વાળી દાઝ, મને દેવાને ધાર્યું દુઃખ. દુર્યોધન. ૧
આજ ઉજ્જડ હસ્તિનાપુર, "ખર્યા નખ આંગળીએથી દૂર;"
ઘણું જીવો મુજ ભક્ત વિદુર, એહ વિણ સરજે કયાંથી સુખ. દુર્યોધન. ૨

જીવડો આકુળ વ્યાકુળ થાય, પેટમાં દુઃખે પગ ચુંથાય;
આંખમાં આગ, કાળજે લ્હાય, જરા મને જુવો દખાવી ભૂખ. દુર્યોધન. ૩
હશે જો ટાઢુ શિળુ અન્ન, તોય મુજ પ્રાણુ થશે પરસન્ન;
જેવું નિર્ધનને સોંપ્યું ધન, બોલતાં બંધ પડે મુજ મુખ. દુર્યોધન. ૪

પારસ્વિ—ક્ષમા ! અવિનાશી ક્ષમા ! હમણાં ભક્તરાજ આવશે, અને *શિધુ લાવશે એટલે હું રસોઇ કરી જમાડીશ.

ભગવાન—આવે ને શિધુ લાવે ત્યાં સુધી મારાથી નહિ રહેવાય. તાઢુ શિળુ, સુકુપાકુ જે હોય તે આપો હું પાણીનો આધાર કરૂં.

પારસ્વિ—અરે! કેવું શરમ ભરેલું ને પસ્તાવા જેવું, કે ભગવાન સરખા ખાવા માગે ને કાંઇ હાજર નહિ, હાય દૈવ શું થશે !

થોડી વારે વિદુરનાં લાવી મુકેલાં કેળાં યાદ આવ્યાં, તે સાતે કેળાં ભગવાનની પાસે રજુ કર્યા ને કહ્યું લ્યો મહારાજ જમો ! વળી વિચાર આવ્યો કે ભગવાન હાથે છોલશે ને જમશે તો હું અપરાધમાં પડીશ. અરે સાજી ખાલે મારાથી પ્રભુની સેવા ન બની એમ મને પાછળથી પણ પસ્તાવો રહેશે, માટે છોલીને આપું. એક કેળું જમણા હાથમાં લઇ ડીંટેથી ઉભુ પકડયું, તેની છાલ ચારે તરફ હાથ ઉપર ઉતારી વચ્ચેનો ગલ ડાબે હાથે ફેંકી દીધો. કેટલી બધી પ્રેમની ભુલવણી, કેટલી બધી ભગવાનમાં પ્રિતિ, કે બીજી વસ્તુનું ભાનજ નહિ. એવીજ રીતે છ છોતરાં ખવરાવ્યાં અને સાતમું આપ્યું. વળી વિચારમાં નિચું જોયું કે હવે માગશે તો હું શુ આપીશ. તેજ વખતે પેલા પડેલા ગલ નજરે પડયા ને પશ્ચાતાપ થયો. અરે ભગવાન મને ગાંડીને તો ગમ ન રહી, પણ આપે વગર વિચારે છોતરાં ચાવી ગયા !

ભગવાન—તમે જે નાંખી દીધું તેજ નાંખી દેવાનું, અને ખાવા આપ્યું એજ ખાવાનું છે.

પારસ્વિ—અરે મને ગાંડીને ગમાર શા સારૂ બનાવો છો, સ્વાદથી જે ભરેલી વસ્તુ છે તે તો મેં ફેંકી દીધી છે.

ભગવાન—એમ નહિ ! તમારા સમજવામાં ફેર છે, લ્યો ચાખો ! કહીને ભગવાને છોતરાનો કડકો આપ્યો; તેમાં વિશ્વપતિયે ગળપણ મૂકયું. વિદુરપત્નિને ચાખતાં સ્વાદિષ્ટ લાગ્યું, એટલે પોતાનું મન વાળ્યું. ભગવાનનું મુકેલું ગળપણ સદાકાળ રહ્યું. હાલ પણ કેળાનાં છોતરાં ગમે તે શાકના ભેગાં ભળે છે. વાતનો અંત નથી એટલામાં વિદુરની પધરામણી થઇ વૈકુંઠનાથને દેખી ભકતે ઉભા રહી બે હાથ જોડી સ્તુતી કરી.

---

*રજવાડી રીત પ્રમાણે વિદુરને નિત્ય તાજા [illegible] થી મળતું.

[વિદુર]　**સ્તુતિ. રાગ સ્તવન મંજરી.**

કરૂણાળુ કરૂણા કીધીરે. કૃપાનિધાન:
અરે દાસની ખબરો લીધીરે, કૃપાનિધાન.

અણબેલા અંતરની જાણો, ઘડી ઘડી પળપળમાં,
અઘાધ બુદ્ધિ ડહાપણ મોટુ, સ્યાણા સમજો વળમાં;
ભુલા પડયા કાંઇ ભેદ જડયા નહિ, કેશવ ત્હારી કળમાંરે. કૃપાનિધાન. ૧
તુજ કૃપાએ કાળ જાય છે, આધીન સર્વે તારે,
વિશ્વ સકળનો રાજા તું છે અવતારે અવતારે;
કરડી આંખની કોર કરો, જન પહોંચે જમને દ્વારેરે. કૃપાનિધાન. ૨
ઝાડ પહાડ જીવ જંતુ સરવે, ગતિ કરે ગોવિંદા;
ઉદધિ, અવનિ, આકાશ મંડળ, તારા, સુરજ ચંદા;
કૃતિ કરી કોઇ આપ વખાણે; ફોગટ એના ફંદારે. કૃપાનિધાન. ૩
જળ, અગ્નિ, વાયુના કરતા, કરતા સારી જગના,
ધર્મિ અધર્મિ, ગાંડા, ડાહ્યા, ચોર જુગારી ઠગના;
ખાંતે ખેંચી સ્વર્ગે લ્યોછો, હોય તમારી વગનારે. કૃપાનિધાન. ૪
મારૂ તારૂ તમો ઘેર તે, કોઈ નાના કોઈ મોટા,
કોઇ સ્વર્ગે કોઇ નર્કે લ્યોછો, કોઇ સારા કોઇ ખોટા;
જુધ્ધર તમારો ભેદ જડે નહિ, વાળ્યા ગડબડ ગોટારે. કૃપાનિધાન. ૫

ભગવાન—વિદુરજી સ્તુતિયો પછી કરજો, મારા ભુખે પ્રાણ જાય છે, માટે જમવાનો બંદોબસ્ત કરો !

વિદુર—હે વનિતા, તમે અગ્નિ પ્રગટ કરી આધણ મુકો ! હું કોઠારેથી સિધુ લઇ આ આવ્યો ! દુર્યોધન વિચારે છે કે સત્યવાદિ દાદા ભિષ્મ, ગુરૂદ્રોણ, ભક્ત વિદુર, સર્વ ગયા, પિતા અંધ છે, હવે કોઇની બીક નથી. અરે હમણાં જઇ કોઇ ખબર લાવો કે કૃષ્નનો રથ કયાં ઉભો છે ! વિદુરને ઘેર કૃષ્નને જાણી દુર્યોધન ઘોડેસ્વાર થઇ કોઠારે ગયો અને કોઠારીને કહ્યું. ખબડદાર ! આજે એક દાળનો દાણો, એક ચોખાનો દાણો, કે એક પાઇભાર ઘાટ વિદુરજીને આપીશ તો અવળી ઘાણી ઘાલીને પિલી નાખીશ, અને એમનો અતી આગ્રહ થાય તો કહેવું કે તમારે તથા મેમાન સાથે સાથ. સર્વને જમવાનું દુર્યોધનને ઘેર છે. વળી મોદી માત્રને કહું છું કે.

[દુર્યોધન]　　　**મરાઠા સાખી.**

છત્રપતિ હું રાય નગ્રનો, હુકમ કરૂ લ્યો જાણી;
અધોળ અન્ન જે આપે વિદુરને, ઘાલુ અવળી ઘાણી;
હું મુખ ભણું, ભોવન ભિંતમાં ઉભો ચણું. હું,

અરે નગ્રમાં પણ ઢુંડી પિટાવુંછું કે જે કોઇ વાડકી ઉછીની આપશે લેશે, અગર મેમાન પરોણાનો સત્કાર કરશે તેને દેહાન્ત દંડની સજા કરીશ.

દુર્યોધનના ગયા પછી થોડી વારે વિદુરજીએ કોઠારે આવી સામગ્રિની માગણી કરી.

કોઠારી—આજે તમને શિધુ નહિ મળે !

વિદુર—કેમ ન મળે ?

કોઠારી—રાજા દુર્યોધનનો હુકમ છે કે વિદુરને અન્ન આપશે તેને જમપુરીમાં જવું પડશે.

વિદુર—ત્યારે શું અમારે આજે લાંઘણુ કરવી ! એવું તે હોય !

કોઠારી—એ હોય ન હોય રાજાને પુછો, અને ત્યાંથી રજા લાવો ! લાંઘણુ નહિ પણ મેમાન પરોણા સાથે જમવાનું રાજાને ત્યાં છે.

વિદુર—કેટલી બધી દુષ્ટતા, અરે પાપી દુર્યોધન હવે પાપનો ઘડો પુરો ભરાયો છે, તે થોડા વખતમાં ફુટશે, ભાઇ કોઠારી ! કાલે મળશે ?

કોઠારી—કાલે મળશે; સુખેથી લઈ જજો.

વિદુર—કાલે હું અપવાસ કરીશ. કાલને બદલે મને આજે આપ. અરે કાલે શું પાંચ દિવસ અપવાસ કરીશ પણ મને આજ આપ.

કોઠારી—ભલે છ મહિના સુધી અપવાસ કરો, એ તમારી મરજી; પણ તમને આજે નહિ મળે !

કોઠારી અને મોદી કોઇએ સિધુ ન આપ્યું ત્યારે વિદુરજી ઘેર પાછા આવ્યા; બારણામાં પેસતાંજ ભગવાને પુછ્યું શું લાવ્યા ?

વિદુર—ઉતાવળ ન કરશો મહારાજ ? હવે થોડી વાર છે.

એમ કહી, ભગવાનને થાળ ધરાવવાનો ઠાકોર સેવામાં સોનાનો થાળ હતો તે થાળને સંતાડી લઇ જઇ કોઠારીને કહ્યું. ભાઇ આ થાળ રાખ અને શિધુ આપ !

કોઠારી—આ થાળ તો શું પણ દુર્યોધનનું ચક્રવૃદ્ધિ રાજ્ય મળતું હોય તોપણ મારા મુવા પછી શા કામનું ?

થાળથી પણ ઠેકાણુ ન પડયું; વિદુરજી નિરાશ થયા, કલ્પાન્ત કરવા લાગ્યા, અરે ત્રિલોકપતિ બધા વિશ્વનું ભરણ પોષણ કરનાર પ્રભુ માનસિક લિલા કરી મારા ગરીબની પાસે ખાવા માગે છે ત્યારે મારી પાસે કાંઇ નથી. અરે ધિક્કાર મારા અવતારને. જીવવું કેવળ નિરર્થક છે, હવેતો આપઘાત કરવી જોઇએ, અરે દુર્યોધન પાપીએ કેવી ક્રુરતા બતાવી.

(ઝંડીઆ કુવા ઉપર ચઢી તેમાં પડવાની તૈયારી કરે છે.)

[વિદુર] **રાગ, ડરમાં તુ દિલસાથ છોકરા.**

જણુવ્યું ઝાઝું ઝેર, પાપીએ જણુવ્યું ઝાઝું ઝેર.
શત્રુ એ જાગ્યો, વાંસે લાગ્યો,
બંધ કર્યા અન્ન પાણીનાં બારાં, જીવતર સફળ જેને હોય સગાં સારાં;
નર્ક પડી કાંઇ કાળે નિકળશો, સાત જનમ કદી સામા ન મળશો;
ધિક્કાર. દુર્યોધન ધિક્કાર, વાળ્યું ક્રિયા જનમનું વહેર. પાપીએ. ૧
હાય શું થાશે, જીવ મારો જાશે;
દારૂણ દુઃખ આજે દિઠું વિદુરે, અંન વિના અવિનાશી ઝુરે;
લાજ ગઇ લક્ષ્મિવર પાસે, માગ્યું મોહન નવ દીધું આ દાસે;
અરે હરિને આપવા કાંઇ હાજર નથી, સાંધુ સાત ને તુટે તેર પાપીએ. ૧
દેહ હું પાડુ, પ્રાણને કાઢુ;
પાશ બાંધી બળે ખાઉ ગળે ફાંસો, હરિ વિમુખ થયો કેમ કરૂં સાંસો;
ડંખ દિધો દુર્યોધન સાપે, ઝેર તજે નહિ અમૃત આપ્યે;
ચાલ ! અંતકાળે હરિનાં દર્શન કરૂં, તો થાય લિલા લહેર. પાપીએ. ૩

પણ પ્રભુ પુછશે શું લાવ્યા ત્યારે શો ઉતર દઇશ ! એટલામાં કુવાની આસપાસ ભિનાશમાં તાંદળજાની ભાજી ઉગેલી નજરે પડી, તેને મુળ સુદ્ધાં ખિંચી ખિંચી થાળીમાં ઢગલો કર્યો, પછી સંતાડી સદનમાં આવ્યા. લાવેલી ભાજી કોઇને નથીજ ખાવી એમ ધારી વગર સુધાર્યે, વગર ધોએ. ઉકળતા આધણમાં નાંખી વિદુરજી મેડા ઉપર ચઢયા, પારસ્વિ પાછળ પાછળ ગયાં.

પારસ્વિ—કેમ ઉદાસ છો ? કેમ આંખમાંથી આંસુ જાય છે શું લાવ્યા?

[પારસ્વિ] **રાગ; માઢ.**

શું લાવ્યા મારા નાથ, રે શું લાવ્યા મારા નાથ;
કેમ દિસો ખાલી હાથ, રે શું લાવ્યા મારા નાથ.
પ્રભુ પરોણા આપણ ધામે, ઉદય પુર્વનું પુન્ય;
ખાન પાનથી ખુશ કરીને, નાથ ન રાખો ન્યુન. રે શું લાવ્યા. ૧
કણ જાએ કમળાવર મુખે, આનંદ ઉરમાં થાય;
કહો શું લાવ્યા કંથજી મારા, પુછું લાગી પાય. રે શું લાવ્યા. ૨

[વિદુર] લાવ્યો માહિલા મ્હોત; રે હું લાવ્યો મહિલા મ્હોત;
કેમ બની શુણીને બ્હોત, રે હું લાવ્યો મહિલા મ્હોત.
અબળા આવી આડો પડીઓ રાજુ દુર્યોધન;
નગ્ર સકળમાં ડુંડી પીટી, બંધ કર્યું છે અન્ન. રે હું લાવ્યો. ૧
લલના લજ્જા લેશ ન રહેશે, ભૂખ્યા કમળા કાન્ત;
શ્યામ વદન શું જીવવું જગમાં, ઝેરે જીવડો શાન્ત. રે હું લાવ્યો. ૨

પારસિવ—સ્વામિ જરૂર ઝેર પિવાનોજ સમય છે; પણ લાવવું ક્યાંથી!

વિદુર—આપણા ઘરમાં ઠાકોર સેવામાં દિવા કરવાનું ઘી છે, તેમાંથી અદશેર લાવો, તેને સો બસેંવાર ઘુવો એટલે ઝેરરૂપ થશે.

એ પ્રમાણે ઘી પીઇ ખાવાની તૈયારી કરે છે ને અંતરજામિને ફિકર થઇ; સપાટે ઉપર જઇ ઝડપથી બંને વાડકીઓ પાડી નાંખી. અરે હું ભૂખ્યો ભૂખ્યો બુમ પાડુ છું ને તમે... ...

વિદુર—મહારાજ હું તો ઝેર ખાતો હતો.

ભગવાન—ભક્તરાજ શા માટે ઝેર ખાતા હતા ?

વિદુર—આપ પધાર્યાછો ને આપને જમાડવાને માટે એકે ઉપાય નથી. ઘરમાં કાંઈ નથી.

ભગવાન—એવું હતું ત્યારે શા માટે કંકોત્રિ લખી !

વિદુર—કંકોત્રિ શાની !

તેજ વખતે ભગવાને પોતાની પાસેથી કાગળ કાઢી વિદુરને વંચાવ્યો, તો પોતાનાજ અક્ષર, પોતાનીજ કરેલી સહી; અને એવું લખેલું કે—

સ્વસ્તશ્રી દ્વારીકાં બંદરે, મહાશુભસ્થાને પુજારાધે, અનેક સર્વે શુભોપમાને લાયક ગુણના સાગર વૈકુંઠાધિપતિ, કોટિબ્રહ્માન્ડના નાથ. અધમ ઓધારણ, પતિતપાવન કૃષ્નની ચર્ણાનજીવી યુગે યુગ અવિચળ રહો; એતાન શ્રી હસ્તિનાપુરથી લી. આપના ચરણની રજ, સેવક વિદુરના દંડવત્તપ્રણામ વારંવાર અંગિકાર કરશો; લખવાનું કે હાલ મારે વ્રતનું ઉધ્યાપન કરવું છે માટે યાદવ સહઃવર્તમાન વહેલા પધારશો એજ. મિતી અમુક.

લી० દાસાનુદાસ; વિદુર.

વિદુર—(હબકીને) અરે ! ! ! આશો ગજબ તમારે એકને માટે આટલી પીડા પડે છે ને યાદવ માત્ર !

ભગવાન—વિદુરજી ! મને શા સારૂ સમજાવો છો, તમારા ઘરમાં જે જોઇએ તે છે.

વિદુર—હા મહારાજ ! પણ " અન્ન પાણી ને આબરૂ વિના. "

ભગવાન હસી, હાથ પકડી નિચે લાવ્યા અને નિચેનો ઓરડો ઉઘાડ્યો ત્યારે વિદુરે પકવાન ભરેલાં જોયાં.

ભગવાન—આટલું બધુ છે અને ના આપવાનાજ ફંદ કે નહિ ?

વિદુર—(અરે હાય હું કેવો અજ્ઞાન, નારાયણ પધારે ત્યાં શાની નુન્ય.) મહારાજ આ બધુ તમે જાણતા હતા ત્યારે કેમ હાથે લઇને જમ્યા નહિ.

ભગવાન—પારકા ઘરમાં હાથે લેવાય !

વિદુર—આટલો બધો હક ધરાવો છો ને હવે પારકુએ કહેવાય? લ્યો હું પિરસુ!

ભગવાન— તમે મારી સાથે જમવા બેસો!

વિદુર—ઉભા રહો હું દુર્યોધનને ના કહી આવું!

વિદુર અને વિશ્વપતિ વાત કરે છે એટલામાં રથનાં પૈડાં ખડખડવા માંડ્યાં, ઘોડાના મુખના ખોંખારા અને પગના ધબકારા થવા લાગ્યા; ત્યારે દુર્યોધને મામાને પુછયું. આ ખખડાટ શાનો થાય છે?

શકુનિ—તમારા કાકા વિદુરે દ્વારીકાં તેડાવ્યું છે, પણ તમારે ત્યાં નોતરૂં નથી. એવામાં વિદુરજી આવ્યા અને દુર્યોધનને લાંબો હાથ કરી કહ્યું કે તારે ઘેર જમવા નહિ આવું, તેજ વખતે દુર્યોધને હાથ પકડયો. વિદુરે આડી દ્રષ્ટિ કરી.

દુર્યોધન—કાકા આજે તમારે ત્યાં ટાણું છે, ને હું નહિ?

વિદુર— તું આવજે!

દુર્યોધન—મારા નવાણું ભાઈ, પ્રધાન, મામા સ્ત્રિયો વિગેરે?

વિદુર—એમને લાવજે!

દુર્યોધન—સભાસદો, અને લશ્કરના અધિકારીઓ?

વિદુર—એમને પણ લાવજે, અને જેને લાવવા હોય તેને લાવજે; પણ મને જવાદે!

[કવિ] **મરાઠી સાખી.**

દોર વિષે જેવી નટની દ્રષ્ટિ, જુવતિ જારમાં જોડે;
ભક્ત નજર રહે સદા ઠરેલી, કૃષ્ન ચરણમાં કોડે;
નહિ દેહિનું ભાન, ગોવિંદ ગાણે રહે ગુલતાન. નહિ.

વિદુરના ગયા પછી દુર્યોધન કહે મામા કેમ કરીશું, જમવા જવું કે નહિ!

શકુનિ—જરૂર જવું, ખુબ ખાવું ખાતાં ન ખુટે તો, હાથી, ઉંટ. અને ઘોડાના મો આગળ ઢગલા કરવા, અને ખૂટાડી, હે!!! બોલાવી પાછા આવવું. (સોએ ભાઈ મામા શકુનિ સહીત સંપ કરીને આવ્યા.)

દુર્યોધન—બલિહારી મામા બુદ્ધિને!

વિદુર ધસ્યા મસ્યા આવ્યા, ત્યારે ભગવાને પુછયું શું કરી આવ્યા?

વિદુર—(નિસાસો નાંખીને) મહારાજ "નિમાજ પડતાં મસીદ કોટે વળગી" કહેવા ગયો ના અને થઇ ગઇ હા, એકને નહિ પણ અનેકને.

ભગવાન—અરે આટલું તેમ તેટલું, શોચ શાને ... જાદવ જમશે તેમાં કૌરવનો શો હિસાબ.

વિદુર--અરે એવું બોલ્યા, મારી લાજ નહિ રહે !

ભગવાને વિદુરજીને શાન્ત કરવા પછિતની બારી ઉઘાડી સર્વ લિલા બતાવી; હજારો યાદવોને અનેક પ્રકારની સામગ્રિ તૈયાર કરતા જોયા; એટલામાં દુર્યોધન આવ્યો.

દુર્યોધન--કેમ કૃષ્ણ તમે અહિંજ છો કે ?

ભગવાન--હા હું જતો હતો પણ અવસર જાણી તમારા કાકાએ મને રોકયો, દુર્યોધન ! કાકાને ઘેર ટાણું તે તમારેજ ઘેર સમજજો. કાકાને ઘેર જસ તે તમારેજ ઘેર સમજજો; રસોઈ કરનાર રસોઇ ગમે તેવી કરે પણ જસ પિરસનારાના હાથમાં છે, માટે તમે કૈરવ માત્રને પિરસવા રાખી ભંડારની કુંચી તમારી પાસે રાખજો !

દુર્યોધને મામા સામું જોયું; ત્યારે મામાએ સાન કરી. હા કહે ! હા કહે ! આપણું ધાર્યું થશે અને જેમ ફેંકવું હશે એમ ફેંકાશે.

દુર્યોધનના હાથે પદ્મ અને કેશવ ભગવાનની કૃપા એટલે ખુટેતો શાનુંજ. સર્વ જમીને ગયા ત્યારે વિદુરજીએ વિઠ્ઠલની થાળી પિરસી !

ભગવાન--તમે મારી સાથે બેસો !

વિદુર--જેવી આજ્ઞા !

પારસ્વિ--તમે બે ને હું એકલીજ ? તેજ વખતે પ્રભુ પ્રેરણાથી લક્ષ્મિજી આવ્યાં, તે બંને સાથે બેઠાં.

વિદુર--મહારાજ તમે પ્રથમ ગ્રાસ મુખમાં ઘાલો, એટલે અમે બેસીએ.

ભગવાન કોળીઓ લઈ મુખ સુધી લાવી ઉંડા વિચારમાં પડયા હોય એમ સ્તબ્ધ થઇ ગયા.

વિદુર--કેમ મહારાજ આમ ?

ભગવાન--મારા ભાણામાં જે પિરસેલું છે; તેનાથી પણ કાંઈ સારી સુગંધ આવે છે !

વિદુર--બીજું તો કાંઇ નથી, જેછે તે એજ છે.

ભગવાન--જેની સુગંધી આવતી હશે એ પદાર્થ હું ખોળી કાઢીશ, માટે મને જોવા દો અને એ વસ્તુ જમવા દો.

વિદુર--ઉઠો મહારાજ ત્યારે શોધી કાઢો !

ભગવાને તેજ તપેલી લીધી કે જેમાં ભાજી બાફઇતે તૈયાર થઇ છે; પણ નહિ કાંઇ મસાલો કે મિઠું, નહિ ધોએલી કે સુધારેલી; વિદુરજી કહે મહારાજ એતો તાવનો ઉકાળો છે. ભગવાન કહે મને જરા તાવ જેવું છે, માટે હું એ ઉકાળો પીશ.

વિદુર—મહારાજ એતો તાંદળજાની ભાજી છે અને તે તમારે ખાવા લાયક નથી.

ભગવાન—નથી શું ! મારે એજ ખાવી છે.

લક્ષ્મિ—હવે ભાજીમાં શું મોહ્યા ! તમેય " ચિત્ત લગ્યા શંખનિસે તો પદ્મની કયા ચિજહે; " પકવાન મુકી તાંદળજામાં તણાયા !

ભગવાન—પકવાન ગમે તેટલાં પણ આ ભાજીના સ્વાદને નહિ પહોચે.

[લક્ષ્મિ.] રાગ. ગુજરાતની માલણ આવીરે.

લાજો લાજો તમે ભગવાનરે, નથી સાર અસારનું ભાનરે.
ખરે ખોળ તેને ગણો ગોળરે, તમ હૈયે ફરી વળ્યું હોળરે.
મુકી સર્વ સામગ્રિ તાજીરે, ચિત્ત ચોટયું તાંદળજાની ભાજીરે.
રૂડા ગૌરી ઘૃત મિષ્ટ મેવારે, જેને ઇચ્છે દેવાધિ દેવારે.
જાણે દુર્લભ રત્નને મોલેરે, તે શું ન્હોય તાંદળજની તોલેરે.

ભગવાન—નહિ ! નહિ ! એકવાર શું હજાર વાર નહિ !

લક્ષ્મિ—હો હો હો ! ! ! શું ! ભાજીનાં વખાણ ! લાવો મને ચખાડો.

ભગવાન—તમને ચખાડુ તો વિદુર માગે, વળી પારસ્ત્રિ માગે, ત્યારે મારે ભાગ્ય શું રહે !

[કવિ.] રાગ; ગુજરી.

તાંદળજાની ભાજી તાજી, નજર નિર્મળી કીધીરે;
નજર ચુકાવી નંદ કુંવરજી, ઝડપ તપેલી લીધીરે. ૧
થાળી માંહે ઠાલવી લીધી, ઉંચા કરીઆ હાથરે;
અદ્ધરથી આરોગે હરજી, વૈકુંઠ કેરો નાથરે. ૨
રસકસ રૂડો વનસ્પતિનો, મોહન માંહિ મુકેરે;
ચાખંતાં ચિત્ત ચળે મનુષનું, ચતુર જરા કેમ ચુકેરે. ૩
પત્નિ, ભક્ત, પારસ્વિ ત્રણે, પાછળ પાછળ દોડેરે;
ઘણું હળેલું હસ્ત અહિને, મુખમાં મેલે કોડેરે. ૪

ભગવાન આ ખુણેથી પેલે ખુણે દોડતા જાય, ને અદ્ધરથી કોળીઆ મોંમાં નાંખતા જાય; અડધુ મોંમાં પડે ને અડધું નિચે પડે. નિચે પડેલું ત્રણે જણ પાછળ પાછળ દોડતા જાય ને ખાતા જાય, જ્યારથી વિદુર, પારસ્ત્રિયે પડેલો પ્રસાદ વિણી ખાધો, ત્યારથી અદ્યાપિ પરિયંત ભગવાનના મુખમાંથી પૃથ્વિ પડેલો પ્રસાદ નકામો ન જાય, થાળી સાફ થઇ કે ભગવાને નિચે મુકી હાથ ધોયા, અને વિદુર ભક્તની રજા માગી; રથમાં બેઠા.

વિદુર—મહારાજ, શિ ખાવાની ખુબી, તમે તો સંભારણું કરીને જાઓ છો ! પધારો પ્રભુજી, સેવકને ફરી સંભારજો.

પારસ્વિ—પ્રભુજી પધારજો ! મારાથી આપની કાંઇ સેવા ન થઇ.

[કવિ.] **રાગ. ભેખરે ઉતારો રાજા ભરથરી.**

ભક્ત આધિન સદા ભૂધરો.
ભાજી જમ્યા ભલા ભાવથી, ત્યાગ્યા દુષ્ટના મેવા;
રથ જોડાવીને રીઝથી, ચાલ્યા ત્રિભોવન દેવા. ભક્તઆધિન. ૧
દુર્યોધન દરબારમાં, કર્યો મુખે ખોંખાર;
જમીને જાઉં તુજ નગ્રમાં, થાજે લઢવા તૈયાર. ભક્તઆધિન. ૨
આમંત્રણ દેઇ આવીઆં, જ્યાં છે રાજા ધર્મ;
સંક્ષેપમાં સમજાવીઆં, કર્મહિણાના કર્મ. ભક્તઆધિન. ૩
યુદ્ધ આરંભો ઉમંગથી, સદા રહુ તમ પાસ;
રક્ષણ કરૂ રૂડી રીતથી, કરૂ દુષ્ટનો નાશ. ભક્તઆધિન. ૪
એવા હરિ હરનિશ ભજો, આણી અંતર વહાલ;
જન્મ મરણ દુઃખ ટાળશે. કહે છે, "બાપાલાલ." ભક્તઆધિન. ૫
રાખે સદા સુખ ચેનમાં, પુરે મનના કોડ;
હરિજન સૌ કહો ઉમંગથી; જયજય શ્રી રણછોડ. ભક્તઆધિન. ૬

હરિશ્ચંદ્ર આખ્યાન.

[કવિ] **મરાઠી સાખી.**

સુખ ને દુઃખ બેઉ સરખાં જાણી, સંકટને સુખ લહેછે;
વિપત્ત પડે પણ વાંકુ ન બોલે, હરી આધિન થઇ રહેછે;
પાળે સત્ય સહી, દુઃખનો દિવસ તે દેખે નહિ. પાળે.

ગિતિ.

સ્વર્ગ તણા સંગાથી, શ્રૃષ્ટિ સકળમાં જશ આપે જાણી,
દેહને દિવ્ય દિપાવે, દાન દયાને મુખે સત્ય વાણી.

ગરબી. અલબેલીરે અંબેમાત; એ રાહ.

દિપે દેવ તણો મહારાજ, ઇંદ્રાસન ધણી;
શોભે મંડપ ભવ્ય વિશાળ, સભા રૂડી રાયતણી.
ઇંદ્રાસનનો સ્વામિ ઇંદ્ર, એ બેઠો ભરીને સભાયરે;
તેત્રિસ કોટી દેવ બિરાજે, વળી બેઠા રૂષિરાય.. સભારૂડી. ૧
આગળ અપ્સરા નાચ્ય કરંતી, પાડે તાન પર માનરે;
સકળ સભાને રંજન કરવા, ગાંધ્રવ કરતા ગાન. સભારૂડી. ૨
જાદુગર જાદુ બતલાવે, નાટક નાટકકારરે;

રાજ્ય રમકડાં કંઇ કંઇ આવી, કરતા નવિન પ્રકાર. સભારૂડી. ૩
હર્ષ પામતા સૌ અવલોકી, ઇંદ્રને મન ઉચ્ચાટરે;
મહામુનિનાં મારે દર્શન કરવાં, જુવે વશિષ્ટની વાટ. સભારૂડી. ૪

તેત્રિસ ક્રોડ દેવ અને અઠયાશી હજાર રૂષિ સમક્ષ રત્ન જડિત્ર કનકના સિંહાસન ઉપર બિરાજમાન થએલો સ્વર્ગનો રાજા ઇંદ્ર વશિષ્ઠમુનિને વારંવાર યાદ કરવા લાગ્યો. મહામુનિ વશિષ્ઠ હજી કેમ નહિ આવ્યા હોય, એ ક્યાં રોકાયા હશે ! અરે વશિષ્ઠ વિનાતો મારો દરબાર મુર્તિ વગરના મંદિર સમાન શોભે છે. આવાં ઇંદ્રનાં વચન સાંભળી ખાખ વગરનો દેવતા ધિખિ ઉઠે તેમ ગાધિરાજાના પુત્ર **વિશ્વામિત્ર** રૂષિયે અંગારા જેવી આંખ કરી મસ્તક ધુણાવ્યું. અરે શું વશિષ્ટ વિના અંધારૂજ ? શું એ સુર્યવંશી રાજાઓનો પ્રોહિત માટે ! જોઉછું વશિષ્ઠ માન્ય કયાં સુધી પામે છે, હવે આજથી વશિષ્ઠની વદેલી વાણી પસાર થવા દેવી નહિ; જે તે વાતે જુઠો પાડી તેને દેવતાઓની સમક્ષ માન ક્રષ્ટ કરવો.

વિશ્વામિત્ર જાતી સ્વભાવે કરી, અંતરમાં ધિખી ઉઠયા છે; એવામાં વશિષ્ઠમુનિની પધરામણી થઇ, અને રજા ઇંદ્રે અતી માન આપ્યું. જેમ જેમ વશિષ્ઠને ઇંદ્ર નમતો જાય છે, આવકાર દેતો જાય છે; તેમ તેમ વિશ્વામિત્રનો ક્રોધ વધતો જાય છે.

[કવિ] **મરાઠી સાખી.**

આચાર્ય આવ્યા ઇંદ્ર સભામાં, વાસવ જોતો વાટ;
પ્રણામ કરીને પાએ લાગ્યો, ટાળ્યો મુજ ઉચ્ચાટ,
નમે વારંવાર, ભલે પધાર્યા બ્રહ્મકુમાર. નમે. ૧
[વશિષ્ઠ] નમ્રપણું ને નિર્મળ બુદ્ધિ, ધન્ય તુજ વિવેક;
રાજ્યલક્ષ્મિના મદે કરીને, નથી છકયો તું છેક;
આપે આદરમાન, પ્રસન્ન તુને હો ભગવાન. આપે. ૨

ઇંદ્રને વષ્ટિનો સત્કાર કરવો, વશિષ્ટે ઇંદ્રને આશિર્વાદ દેવો, તે જોઇ વિશ્વામિત્રની અમુઝણમાં બાકી રહી નહિ; હા ! હા હા ! કેવી ઇંદ્રની અજ્ઞાનતા, શુ વશિષ્ટ તે સ્વર્ગમાંથી ઉતર્યો છે; શું વશિષ્ટ સર્વગુણ સંપન્ન છે! બસ કયારે પ્રસંગ આવે ને હું વશિષ્ટને ખબર પાડું.

આવા વિચારમાં ક્રોધી વિશ્વામિત્ર અમુઝાય છે. તેવામાં ઇંદ્રે મહાજ્ઞાની વશિષ્ટને પ્રશ્ન કર્યો.

[ઇંદ્ર] **ત્રિતાલ ચોપાઇ.**

નામુ મુસ્તક નાથજી મારા, હું તો ચરણ પુજુરે તમારા,

કર બેઉ જોડી લાગુ પાય, એક પૃશ્ન કરૂં રૂષિરાય. ૧
મુને શંકા થઇ એક મન, તેતો નિવારો સ્વામિન;
સત્ય જગમાં બોળાયુ છેક, કે કાંઇ બાકી રહ્યું અવષેક. ૨
[વશિષ્ટ] વિશ્વાસે ચાલે છે વહાણ, વિશ્વાસે અરપાય પ્રાણ;
વિશ્વાસ વધુનો હમેશ, જ્યાં સુધી હોય સત્યનો લેશ. ૩
[ઇંદ્ર] તમે દેશ ફર્યા હશો ઝાઝા, પૃથ્વિમાં એવો કોઇ રાજા;
જેને પડે ઝાઝી વિપત્ય, તોય ચુકે ન પોતાનું સત્ય. ૪

વિશ્વામિત્ર—(મનમાં) જગતમાં સત્યવાદી રાજા તો હરિશ્ચંદ્ર વિના બીજો નથી, પણ જો વશિષ્ટ હરિશ્ચંદ્રનુંજ નામ દે, તો મારે હરિશ્ચંદ્રનું સત્ય ચુકાવવું. અને વશિષ્ટને દેવ સભામાં ઝાંખો પાડવો.

[વશિષ્ઠ] **મરાઠી સાખી.**

પ્રજન કરીને પ્રતાપિ કીધી, ઇંદ્રાસનની ગાદી;
અવધપતિ મેં એકજ દીઠો, હરિશ્ચંદ્ર સત્યવાદી;
ચાલે સર્વ નમી, સુર્યવંશી સૂર પરાક્રમી. ચાલે.

હે રાજા ઇંદ્ર, ત્રિશંકુનો પુત્ર હરિશ્ચંદ્ર, સુર્ય ચંદ્ર તપે ત્યાં સુધી સત્યવાદી છે !

[વિશ્વામિત્ર] **રાગ; ખટક રહિ આ.**

વશિષ્ટ વદજે વિચાર કરીને, ઇંદ્ર સભા માંહી પેઠા;
બહાર ગમે તેમ ગપ્પાં મારે, જાણુ પુરૂષો અહિં બેઠા. ૧
[વશિષ્ટ] જાણુ હોય ત્યાં વાણુ ઉચરીએ, સોંપે સાખ્ય કે કહે ખામી;
હરિશ્ચંદ્ર રાજા સત્યવાદી, જગત રહ્યું જેને નામી. ૨
[વિશ્વામિત્ર] હરિશ્ચંદ્ર યજમાન એ તારો, બોલ બોલે તું મન ગમતા;
જુઠા અધર્મિ એના જેવા, ભુતળ માંહે બહુ ભમતા. ૩
[વશિષ્ટ] બોલી વધારે બોલ, શાને ઘટાડે તોલ, મન થકી શું મકલાએ;
[1]ઉલુક [2]અર્કનું અવળુ બોલે, સુર્ય કદી ઝાંખો થાએ. ૪
[વિશ્વામિત્ર] સુર્ય સમાન એ રાય છે તારો, ઉલુક કહ્યો મુને અભાગી,
આજ થકી એની કેડ ન મેલું, માથે દુઃખ લીધુ માગી. ૫
[વશિષ્ટ] શહસ્ત્ર રૂષિ તુજ સરખા જાએ, સત્ય મુકાવાને માટે;
સતવાદી એ સત્ય જો ચુકે, હું જમુ કુતરા ચાટે, ૬

તું એક તો શું પણ તારા જેવા હજાર વિશ્વામિત્ર જાય, અને જો હરિશ્ચંદ્ર સત્ય ચુકે તો હું કુતરાના માથાની ખોપરીમાં ભોજન કરૂં !

---

૧ ઉલુક=ઘુવડ, અર્ક-સૂર્ય.

(વિશ્વામિત્ર.)   રાગ, ક્ષત્રિકલં.

હવે મુકચ અલ્યા અહંકારી અહંકાર, સત્ય હું એનું તોડી નાંખુરે;
આ ચાલ્યો હવે પળની ન વાર. સત્ય હું. ૧
આજે પુરૂ જઇને અયોધ્યામાં વાસ; સત્ય હું.
એના રાજ્યનું તો વાળુ સત્યાનાશ. સત્ય હું. ૨
કરૂ રઝળતો એને રાનો રાન; સત્ય હું.
કદી થાય નહિ સત્ય કેરૂ ભાન. સત્ય હું. ૩
દુઃખ દેખી અસત્યનો કરે સંગ, સત્ય હું.
ત્રાહે ત્રાહે પમાડુ એને અંગ. સત્ય હું. ૪
અક્કલ ઓજારથી ઘડવા માંડુ ઘાટ, સત્ય હું.
હોડ હારૂ જમુ કુતરાની ચાટ. સત્ય હું. ૫

[ઇંદ્ર]   રાગ; જા...શો શું રે પ્યારા પ્રિતમ.

રા...ખો શુંરે આવાં વેણુ ઉચ્ચારો છો,
સાંખો નહિરે મિથ્યા મેણુા મારો છો.
આભ તણા આધાર બેઉ છો, ચારે વર્ણના દેવ;
સ્વર્ગ મૃત્યુ પાતાળ ભોવનમાં, થાય તમારી સેવ;
ડા...હ્યા થઇ શું કેવળ ગાંડાં કાઢો છો. રાખો. ૧
જાણુ પુરૂષ જો ઝઘડો કરશે "અજ્ઞ" નો શો અપરાધ;
એક એકથી અધિકા દીસો; બેઉ મુકો બકવાદ,
ફ્રાં...ફ્રાં ફોકટ, કો કોને ફિટકારોછો. રાખો. ૨
રાજ્ય કચેરી રૂડુ પામે, તમ આવેથી માન;
આપ આપનું આપ વિચારી, ભિતર લાવો ભાન,
વ...હા...લા થઇને વહેરીની ગત સારો છો. રાખો. ૩
નરમ ગરમ કયમ થાઓ ન એકે, ક્રોધ નિવારો ક્રુર;
કરડી દ્રષ્ટિ કરો કૃપાળુ, ચૌદ ભોવન હોય ચુર;
બ...ન્ને બળીઆ અરસ પરસ કયાં હારો છો. રાખો. ૪
કરજોડીને કરૂં વિનતી છો વિદ્યા બળપૂર;
પાડા લઢતાં ઝાડાં ઉખડે શાન્તિ પકડો સુરઃ
અ...ધિ...કુ બોલી આશું કરવા ધારોછો. રાખો. ૫

[વિશ્વામિત્ર.]   મરાઠી સાખી.

વિશ્વામિત્ર કહે [1]વાસવ છાનો, હવેરે વંઠી વાત,

[1] વાસવ=ઇંદ્ર.

ગોળો છુટયો ગોફણમાંથી; સહેવું સઘળું જાત;
આજે હું જાઉં, હરિશ્ચંદ્રને રીબાવું. આજે.

હવે જાઉછું. અયોધ્યાને ઉજાડ કરૂં, હરિશ્ચંદ્રને હાલ બેહાલ કરૂ, રાનોરાન ભટડાવું, અન્ન અને દાંતને વહેર કરાવું, ચિંથરે હાલ કરૂ, નિચનો દાસ કરૂ. પણ મ્હારૂ બોલ્યું પ્રમાણ કરૂ !

[વશિષ્ટ.] મરાઠી સાખી.

રીબાય રાણો છે ઘણો શાણો, પણ નહિ મુકે ટેક;
સ્વર્ગ મૃત્યુ પાતાળ ભોવનમાં હરિશ્ચંદ્ર છે એક;
ત્હાર પણ જાશે, વિમાસવું વાંસે થાશે. ત્હાર.

[કવિ] ન સુવે ચાકર ન સુવે ચોર; એ રાગ.

વિશ્વામિત્રે ભમાવ્યું શિશ, ઉઠી ચાલ્યા કરીને રીસ;
ગાધિપુત્ર પરવરીઆ ક્રોધે, સત્ય મુકાવા મારગ શોધે.

[વિશ્વા]હરિશ્ચંદ્ર એ સત્ય ન ચુકે, રૂપિયા જાણીને રમીઓ કુકે;
હવે હું શું દેખાડીશ મોઢુ, ગયો લંકાને લાવ્યો લોઢુ.
પડે બોલ્યું અબોલ્યું જો કરવું, ઇંદ્ર પાસે ગએ પડે મરવું;
યા નસિબ હવે જે થાય, હૈએ લાવું હરિશ્ચંદ્ર રાય.

[**વિશ્વામિત્ર.**] અરે મને કયાં કુબુદ્ધિ સુજી: અરે જ્ઞાનના ભંડાર ને વેદનો અવતાર જે વશિષ્ટ તેમની સાથે કાંઇ જ્ઞાન સંબંધી વાત નહિ, કાયાના કલ્યાણનો રસ્તો નહિં, ઇશ્વર પરાયણનો પંથ નહિ, અને ઝગડોજ ઉભો કર્યો. મેં સાચી વસ્તુને ખોટી અને ખોટીને સાચી કરી માની. હવે શું કરવું. અરે શું કરવું શું, હું તે કોણ; મુળ ક્ષત્રિ, મારો બોલેલો બોલ પાછો મોંમાં પેસે, તો ઝેર ખાઇ મરવું પડે !

(ભૂંડ થઇ બાગને ઉજાડ કર્યો, માળીએ રાજાને ખબર કરી.)

[માળી] રાગ; સિયાનો કિનારો.

રાય રંકને દોષ ન દેશો, યથાર્થ કહેવું ઘટે તે કહેશો. રાય. ૧
આજ અનોપમ બાગ વેરાયો, વરાહ આવી માંહિ ભરાયો. રાય. ૨
વરાહ કરણી વરણી ન જાએ, કાળને દેખી કંપે કાએ. રાય. ૩
જોદ્ધા ન કોઇએ પકડેકે મારે, ચાલે મલપતો બાગ મોઝારે. રાય. ૪
આપ પધારો ભૂંડને મારો, વંન સમાન એ બાગ તમારો. રાય. ૫

[હરિશ્ચંદ્ર] મરાઠી સાખી.

સામંત મારા સજ્જન થઇ ચાલો, લ્યોને બાગને ઘેરી;
વંન બનાવી વરાહ નાસે, મરદ ન સમજુ *મેરી;

* મેરી=સ્ત્રિ.

છો બળીઆ બહુ, હથિયાર ખુલ્લાં રાખો સૌ. છો..

વરાહ રૂપે વિશ્વામિત્ર જે ખાડમાં બેઠા છે, તે ખાડ પોતાના પાંચસો પટાવતો સહિત રાજા હરિશ્ચંદ્રે ઘેર્યો, અને કહ્યું કે સામંતો સંભાળ રાખજો; જેના ઘોડાની પાસે થઇ જાનવર જશે તેનેજ માથે તેને મારી નાંખવાનો, યા જીવતું પકડી લાવવાનો જુમ્મો છે; અને જો તેમ નહિ કરી શકે તો ઘટતી સજાને પાત્ર થશે. આમ હરિશ્ચંદ્ર વિચારે છે, વળી વિશ્વામિત્ર પણ વિચારે છે, કે મારે તો હરિશ્ચંદ્રનુંજ કામ છે: અને વિધાત્રિયે તો વિચારીજ મુકયું છે. (વિશ્વામિત્ર હરીચંદ્રના ઘોડા નિચેથી નિકળી નાઠા.) આગળ વિશ્વામિત્ર ભુંડરૂપે અને પાછળ હરિશ્ચંદ્ર પવન વેગે દોડતા ગંગાના મેદાનમાં આવ્યા, ત્યાં વિશ્વામિત્ર આગળ આવી; ડાભની સળીના, બ્રાહ્મણનાં બાળક અને બાળકી બનાવી વરાવવા બેઠા; અને હરિશ્ચંદ્રે આવી પુછયું મહારાજ, અહિંથી મારો શિકાર કઇ દિશામાં ગયો ?

વિશ્વામિત્ર—અરે સત્યવાદી, પ્રજા પાળક, ધર્મિષ્ટ, અને એક વચની રાજા હરિશ્ચંદ્રના રાજ્યમાં કોણછું તું શિકારની શોધવાળો ?

હરિશ્ચંદ્ર—મહારાજ હુંજ હરિશ્ચંદ્ર.

વિશ્વામિત્ર—હોય નહિ હરિશ્ચંદ્ર ! હરિશ્ચંદ્ર અસત્ય ભાષણ કદી કરેજ નહિ, અને હિંસા પણ કરે નહિ.

હરિશ્ચંદ્ર—મહારાજ હું સત્યજ કહુંછું કે અયોદ્ધાનો રાજા છું, અને હિંસા નહિ પણ મારો બગિચો ઉજ્જડ કરનારને શિક્ષા કરવા નિકળ્યોછું.

વિશ્વામિત્ર—અરે અપસોસ ! હું ધારતો હતો એટલી ઉદારતા તારામાં નથી. નિર્પરાધી પ્રાણીને શિક્ષા ! જો તારામાં શિક્ષા કરવાનું સામર્થ હોય તો પ્રથમ તારો કાયારૂપી બગિચો નાશ કરનાર કાળને શિક્ષા કર ! અરે અવિચારી હરિશ્ચંદ્ર તારો બગડેલો બગિચો થોડે દિવસે અસલ સ્થિતિમાં આવશે; પણ ક્રોધે કરી જે પ્રાણીનો નાશ કરીશ, તે ફરીને સજીવન નહિ થાય ! વિચાર ! વિચાર !

હરિશ્ચંદ્ર—મહારાજ મને ઘોર પાપ કરતો આપે બચાવ્યો ! અને હે મહાન તપસ્વિ રૂષિ વિશ્વામિત્ર આપનાંદર્શન કરી હું પાપી પાવન થયો.

વિશ્વામિત્ર—તને તારા ભાગ્યે અહિં મોકલ્યો છે; અને બ્રાહ્મણ પુત્રિનું કન્યાદાન દેવાય એવો સમય છે, માટે પુન્યમાં ભાગ લઇ કૃતાર્થ થા !

[વિશ્વામિત્ર.] ભલે પધાર્યા રાજકુંવરજી. એ રાગ.

આવો પધારો અવધપતિ તમો, સારા સમાનો કીધો સંગ;
આવા દ્યોને કન્યાદાન, પામો ભૂતળમાં માન,
જેથી મહારાજા ટળે વિઘ્ન. ૧

[હરી]વિઘ્ન ટળ્યાં મુજ તમ દર્શનથી, કર્યો કૃતારથ કૃપાનિધાન,
આવું અઘોર વેરાન, કયાંથી આવ્યા રૂષિમહાન;
કાંઈ કાર્ય વિધિ કહો મુજ સમાન. ૨

[વિશ્વા]વિધિ સિદ્ધિ, કાંઇ નવ જોઇએ, રિદ્ધિ રાખે સઘળે લાજ,
કન્યા દાનમાં મહારાજ, પડે કંચનનું કાજ;
કાંઇ યથા શક્તિયે ઉચરો આજ. ૩

[હરી]સોનું સવામણ મારે દેવું, ઇશ્વર અરપે બેઉને સુખ;
જ્યારે માગો આવી મુખ, મન લગાડુ ન દુઃખ;
કેમ વગોવું માની કૂખ. ૪

વિશ્વામિત્ર—હે રાજા હરિશ્ચંદ્ર, આજનું બોલેલું કાલ ભૂલી જઇશ ! માટે વિચાર કરીજો; સવામણ સોનું જેવી તેવી વાત નથી; જ્યારે તારાથી નહિ અપાય ત્યારે મહા અનર્થ થશે; અને આવા અરણ્યમાં સાક્ષિ પણ કોને રાખુ !

હરિશ્ચંદ્ર—મહારાજ આપ ખોટા વિચાર ન કરો ! " સાકરના હીરા ગળ્યા તે ગળ્યા " " સત્યવાદીને માટે સાક્ષિની જરૂર નથી, "

વિશ્વામિત્ર—(કરત્રિમ બ્રાહ્મણના છોકરા સામું જોઇને) કેમ !હવે તું મને દક્ષણામાં શું આપછ ? આ રાજા હરિશ્ચંદ્ર તો સવામણ સોનાનો સંકલ્પ કરવા તૈયાર થયો છે.

બાળક—મહારાજ; રાજા હરિશ્ચંદ્ર સવામણ સોનું આપવા કબુલ કરે છે તે સઘળુ તમને આપે એજ દક્ષણા, હરિશ્ચંદ્ર કહે બહુ સારૂ વિશ્વામિત્ર હુ તમારો સવામણ સોનાનો દેવાદાર થયો. મંગળ ફેરા ફેરવ્યા. મંગળે મંગળે બ્રાહ્મણ બાળકે રાજા હરિશ્ચંદ્ર પાસે માગણી કરી. પહેલા મંગળમાં (૨૦૦૦૦ વીસ હજાર ઘોડા, બીજા મંગળમાં ૧૦૦૦૦ દશ હજાર હાથી સોનાની અંબાડીવાળા, ૧૦૦૦૦ દશ હજાર રથ સુવર્ણના ભરેલા, અને એક ક્રોડ ગાય સોનાના શિંગડાં વાળી, ત્રિજા મંગળમાં ગોફણનો ગોળો જેટલે ઉંચો જાય એટલો ઉંચો હીરા માણેક, રત્નનો ઢગલો; અને ચોથા મંગળમાં કન્યા.) તેજ પ્રમાણે હરિશ્ચંદ્રે કબુલ કર્યું. એટલું આપવાથી સમુદ્રમાંથી ઘડો ભરીને આપે, એટલું ઓછું થયું.

થોડા દિવસ પછી વિશ્વામિત્ર બ્રાહ્મણના પુત્રને આંગળીએ વળગાડી રોહિત પાસે ગયા; અને કહ્યું ભાઇ રોહિત ! આ પુત્રને જનોઇ દેવી છે અને એણે આડો કર્યો છે કે મને રોહિતનાં વસ્ત્ર ઘરાણાં પહેરાવો તો જનોઇ દેવા દઉં; તેજ વખત પોતાના વસ્ત્ર ઘરાણાં ઉતારી કહ્યું લ્યો મહારાજ લઇ જાઓ.

વિશ્વામિત્ર—(લઇને) કાલે આપી જઇશ.

રોહિત—મહારાજ પાછાં ન જોઇએ, મારે કાંઈ ખોટ નથી; અને બ્રાહ્મણને આપેલુ પાછું લેઉ તો નર્કનો અધીકારી થાઉં.

વિશ્વામિત્ર—તારો જય થાઓ !

પછી ડોશીનું સ્વરૂપ ધારણ કરી એક છોડી આંગળીએ વળગાડી **તારામતિ** પાસે ગયાં, હે તારામતિ માતા; આ બ્રાહ્મણ પુત્રિને કન્યાદાન દેવું છે, એણે આડો કર્યો છે કે મને તારામતિનાં ઘરાણાં પહેરાવો તોજ હું પરણું. બોલ સાંભળી તારાએ ઘરાણાં ઉતારી આપ્યાં.

આવી રીતે બન્નેની પાસેથી ઘરાણાં લઇ લઇ; જ્યાં રાજા હરિશ્ચંદ્ર સેવા કરે છે ત્યાં આવ્યાં. વિશ્વામિત્રને જોઇ હરિશ્ચંદ્ર ચર્ણમાં પડયો.

વિશ્વામિત્ર—ધન્ય રાજા ધન્ય ! રાજા હરિશ્ચંદ્ર જગતમાં રાજા તો ઘણા જોયા પણ તારા સમાન કોઇ નહિ; તારા જેવા સત્યવાદી અને ધર્મિષ્ટ, આ પૃથ્વિના પડ ઉપર થાય એ અસંભવિત છે.

હરિશ્ચંદ્ર—મહારાજ; મને આગીઆ કીડાને અર્કની ઉપમા શા માટે આપોછો ! હું તો પામર પ્રાણી છું. હું તે કોણ માત્ર !

વિશ્વામિત્ર—નહિ ! રાજા; મહાન પુરૂષો પોતાના વખાણ પોતાના મુખથી કહી કરતા નથી; રાજા હરિશ્ચંદ્ર ! જે દાન માગે તે તું આપે ?

હરિશ્ચંદ્ર—હા મહારાજ; આપના ચર્ણના પ્રતાપથી પાછો ન પડું જો લેનાર સુપાત્ર હોય તો !

વિશ્વામિત્ર—રાજા, કોઇ તારૂ રાજ્ય માગે ?

હરિશ્ચંદ્ર—મહારાજ, સુપાત્ર હોય તો તે પણ આપું.

વિશ્વામિત્ર—હુંજ તારા રાજ્યની ઇચ્છા કરૂછું.

હરિશ્ચંદ્ર—અહાહા !!! કેવું મારૂ ધન્ય ભાગ્ય; જો આપ રાજ્યની ઇચ્છા કરતા હો તો ઘણુંજ સારૂં. આજે ઘણા દિવસે મારે માંથેથી બારની ગાંસડી ઉતરી. જેવા બળી પાસે વામન તેવા આપ આ દાસની આગળ દીપશો.

વિશ્વામિત્ર—મુખથી બોલછ પણ તારાથી ન અપાય !

(હરિશ્ચંદ્ર સેવામાંથી, ઝારી લઇ વિશ્વામિત્રના હાથમાં જળ મુકયું.)

વિશ્વામીત્ર—શાહાબાશ રાજા હરિશ્ચંદ્ર ! હવે તારા રાજ્યનો માલિક હું થયો કેમ ?

રાજા—હા મહારાજ, હાથી. ઘોડા, રથ પાલખી, મેના, સુખપાલ મહેલ, બગીચા, નોકર, ચાકર, અસ્ત્ર શસ્ત્ર, અને છત્ર ચામર એ સર્વ આપના અધિકારમાં થયાં.

વિશ્વામીત્ર—રાજા હરિશ્ચંદ્ર; ધન્ય છે તારી જંનેતાને; પુન્ય કરવામાં તારા સમાન રાજા આ મહિતળ ઉપર થોડા થશે.

હરીશ્ચંદ્ર—મહારાજ મેં શું કર્યું છે, અને હું શું કરી શકવાનો હતો; એ અવિનાશિની આપેલી ઈંદ્રિયો છે, અને તે જેમ હલાવે છે તેમ હાલેછે.

વિશ્વામીત્ર—જેવો પુન્યશાળી તેવોજ જ્ઞાની; અને વળી સત્યવાદી. રાજા હરિશ્ચંદ્ર ! પેલું સવામણ સોનું લાવ !

હરીશ્ચંદ્ર—(ચમકીને) મહારાજ આ સકળ રાજ્યમાં સવામણ સોનાનો સમાવેશ થએલોજ છે.

વિશ્વામીત્ર—ભલે એમ તારી મરજી હોય તો પણ હું પ્રસન છું. પણ તેં રાજ્યનો સંકલ્પ કર્યો છે, સોનાનો નથી કર્યો, અને કબુલ કરેલું સોનું તો તારે આપવુંજ પડશે !

હરીશ્ચંદ્ર—અરે કોઇ રોહીતને બોલાવો ! કોઇ તારાને બોલાવો !

એવું સમજીને કે સ્ત્રિ અને પુત્રના અંગ ઉપરના દાગીનાના માલિક કાંઇ વિશ્વામિત્ર થયા નથી, અને એકેકના અંગ ઉપર સવા સવા સોમણ સોનાથી પણ વધારે કિમ્મતના દાગીના છે. રોહિત તથા તારામતિ આવી ઉભાં રહ્યાં અને જ્યારે એક પણ ધરાણું ન જોયું ત્યારે શંકાયુક્ત થઇ હરિશ્ચંદ્રે પુછ્યું, ક્યાં ગયા તમારા બન્નેનાં અંગ ઉપરના દાગીના ?

રોહિત—પિતાજી બ્રાહ્મણ બાળકને જનોઇ દેવામાં આપ્યા.

તારા—બ્રાહ્મણ પુત્રિને કન્યાદાન દેવામાં અર્પણ કર્યા.

શબ્દ સાંભળી હરિશ્ચંદ્ર મુર્છાગત થયો, ત્યારે તારાએ આસના વાસના કરવા માંડી, અને રૂષિને કારણ પુછ્યું.

વિશ્વામીત્ર—અરે શું પુછેછે ! બ્રાહ્મણના પૈસા ડુબાવવાને ઢોંગ કરેછે. એના મનમાં કે હું રોઇશ રતળીશ એટલે રાજ્ય પાછું આપશે, પણ એમાં કાંઇ વળવાનું નથી; અને વળી સવામણ સોનું લેવાનું છે.

તારા—શું મારા પતિયે રાજ્ય અર્પણ કર્યું છે ?

વિશ્વામીત્ર—હા મને રાજ્ય આપ્યું છે; અને હવે કલ્પાંત કર્યે શું વળવાનું વળી એ મારા સવામણ સોનાનો દેવાદાર છે.

તારા—(હરિશ્ચંદ્રને જાગ્રત કરતાં) પતિ જાગ્રત થાઓ, મારી પાસે ત્રણ રત્ન છે; તે વેચો ! વટાવો અને બ્રાહ્મણનું દેવું આપો !

હરીશ્ચંદ્ર—(જાગ્રત થઇને) વહાલી તારા ! ક્યાં છે ત્રણ રત્ન

તારા—એક હું, બિજો મારો રોહિત, અને ત્રિજા તમો ! આપણે ત્રણે કાશી ક્ષેત્રમાં વેચાઇએ અને બ્રાહ્મણનું દેવું આપીએ.

હરીશ્ચંદ્ર—શાબાશ રાણી ! તારા ! સ્ત્રિ હો તો તારા સમાન હજો.

વિશ્વામીત્ર—મને શું કહે છે; મારે કયાં સુધી ઢિલ ખમવી ?

હરીશ્ચંદ્ર--કૃપાનાથ ચાલો મારી સાથે, જયારે હું દેવામાંથી મુક્ત થઇશ ત્યારે અન્ન જળ લઇશ !

વિશ્વામીત્ર--રાજા હરિશ્ચંદ્ર હું તો તારી દ્રઢતા જોતો હતો. લે તારૂં રાજ્ય પાછું; હું બ્રાહ્મણ રાજ્યને શું કરૂ ! અને વળી સોનુ પણ ન જોઇએ.

હરીશ્ચંદ્ર—દયાળુ, વળી મને ઉપાધિમાં ન નાંખો; હવે મારે રાજ્ય પાટ ન જોઇએ, હું તો બોલ્યો એજ પળવાનો અને અવિનાશીને મળવાનો !

વિશ્વામીત્ર—રાજા દુઃખી થઇશ.

હરીશ્ચંદ્ર—જે થશે તે સહન કરીશ, પણ રાજ્ય આપ્યું અને સોનું આપીશ.

રાજા હરિશ્ચંદ્ર, રાણી તારા, રાજકુમાર રોહિત ત્રણે તૈયાર થયાં અને “નળ વાંસે કળીયુગ” વિશ્વામિત્ર પાછળ ચાલ્યા. નગ્ર લોકે ઘણું કલ્પાંત કર્યું.

હરીશ્ચંદ્ર--પુરવાશીઓ કલ્પાંત કરશો નહિ. “ભાવિ પદાર્થ બળવાનછે.

દ્રષ્ટાંત--ભગવાને પ્રસંગોપાત ઉચ્ચાર કર્યો કે ભાવિ બળવાન છે, ત્યારે ગરૂડે કહ્યું મહારાજ ભાવિ એટલે શું અને તે તમારા કરતાં પણ બળવાન ? ગરૂડની શંકા નિવારણ કરવાને શ્રીહરીએ કહ્યું ભાઈ, ભાવિ એટલે થવા કાળ મિથ્યા થાય નહિ અને બ્રહ્માદિક પણ મટાડવાને સમર્થ નહિ ! જે કાળે, જે પળે. જે વસ્તુ બનવાની છે, તેમાં મિનમેષ થાયજ નહિ. વચન સાંભળી ગરૂડે કહ્યું. મહારાજ મારા માન્યામાં નથી આવતું. ન મનાતુ હોય તો નૈમિષારણ્યને વિષે, પવિત્ર ગંગાના ઘાટ ઉપર મહાત્મા વેદ કથન કરે છે, ત્યાં જાઓ ! ભગવાનના કહેવા પ્રમાણે ગરૂડજી તેજ મહાન પુરૂષની કથા શ્રવણ કરવા આવ્યાં. તે વખતે આસપાસના ગામો-માંથી કેટલાક માણુસો ત્યાં આવેલા હતા, કથાની સમાપ્તિયે કહ્યું. ભાઈઓ આજ સુધી મેં તમોને જે કથા સંભળાવી તેનું મનન અને નિદધ્યાસ કરી આત્માનું કલ્યાણ કરજો, અને આવતી કાલથી કથા શ્રવણુ કરવા કોઈ આવશો નહિ, કારણુ કે કાલ બરાબર મધ્યાન સમએ મારી દેહ પડશે, અને આત્મા સ્વર્ગની નિસરણી ચઢશે. આવો બોલ સાંભળી ગરૂડે કહ્યું. મહારાજ કાલે તમારૂં મોત ન થાય તો ? મહારાજ કહે ન કેમ થાય. થા-યજ ! ભાવિ પદાર્થ બળવાન છે.” ગરૂડે મનમાં વિચાર્યું કે ભાવિ તો સઘળે જાહેર જણાય છે; પણ હુંજ ખરો કે ભાવિને ભૂલાવું. ત્યાંથી પાછા આવ્યા ત્યારે ભગવાન પોઢેલા હતા, કયારે વહાણુ વાય અને પ્રભુને અરજ કરી મહંતને મરતો બચાવું, પહોર દિવસ ચઢયો ત્યારે ઠાકોર દ્વાર ઉઘડયાં.

તેજ વખતે ગભરાએલો ગરૂડ, પ્રભુના ચરણમાં પડયો અને મહંતનું મોત ન થાય એવી આજીજી કરી. ભગવાન કહે એ વસ્તુ મારા હાથમાં નથી, હું તો શ્રૃષ્ટિનો પાલન કર્તા છું, ઉત્પન્ન કર્તા બ્રહ્મા છે, તેમની પાસે જાઓ બ્રહ્મા વેદ ધુન કરી રહ્યાં છે, ધ્યાનમાં બેઠા છે, ઘણું ખોટી થયો ત્યારે ગરૂડ વાત કરવા પામ્યો. બ્રહ્મા કહે ભાઇ હું નિપજાવું છું અને શંકર સંહાર કરે છે, માટે શંકર પાસે જાઓ ! ગરૂડ ઉઠી જ્યાં શંકર તપ કરે છે ત્યાં આવ્યાં, અને કહ્યું મહારાજ ! મહંતનું મ્હોત આજે મધ્યાને છે તે ન થાય એવું માગુ છું. શંકર કહે ગરૂડજી મારા માણસોને સામટો સૈકાનો હિસાબ સોંપી હું તપ કરવા બેઠો છું, માટે મારો ઇલાજ નથી; છતાં તમારે અગત્ય હોય તો વિશ્નુ ભગવાન અને બ્રહ્માને બોલાવી લાવો આપણે ચારે મળી ધર્મરાજાને ત્યાં જઇએ કે જેને ત્યાં રોજનો અને ઘડી ઘડીનો હિસાબ રહે છે. ગરૂડ કહેવા પ્રમાણે ભગવાન અને બ્રહ્માને બોલાવી, શંકર સહવર્તમાન ધર્મની પાસે ગયા, ત્યાં બારના ટકોરાની તૈયારી થઈ, ધર્મરાજાએ ઉઠી સર્વનો સત્કાર કર્યો. અહો ! બ્રહ્મા, વિશ્નુ,અને મહેશ્વર ! શું કાર્યને અર્થે પધારવું થયું ? શંકર કહે અમને તો ગરૂડજી તેડી લાવ્યાં છે, અને કાર્ય પણ તેજ કહેશે. ગરૂડ કહે મહારાજ અમુક જગામાં અમુક મહાત્મા કથા કરે છે તેમનું આજે મધ્યાને મૃત્યુ છે તે ન થાય એવું આપની પાસે માગુ છું. ધર્મ કહે અરે આ દેવો કરતાં હું મોટો નથી પણ સમય થવા આવ્યો છે માટે ઉતાવળે જોઇ લેઉં કે મ્હોતનું નિમિત્ત શું છે ! નિમિત જોતા એવું નિકળ્યુ કે ત્રણ દેવને લઈ ગરૂડજી ધર્મરાજાને તેના મ્હોત સંબંધી વાત કરે તોજ તે મરે. (વિમાન બેશી મહંત પધાર્યા.) ધર્મ કહે ગરૂડજી તમે અહિં આવ્યા ન હોત તેમ મને વાત પણ ન કરી હોત તો મરત નહિ. પ્રત્યક્ષ જોઈ પક્ષિપતિયે હાથ ઘસ્યા: અને દાંત પિસ્યા; શું કરૂં " ભાવિપદાર્થ " ને મારા કબજામાં સોંપ્યો હોત તો તેનું ધાર્યું ન થવા દેત.

ભગવાન--ગરૂડજી, તમારાજ અખત્યારની વાત છે કે;

અમુક ગામના અમુક બ્રાહ્મણની પુત્રિનો વિવાહ બે મુરતિયા સાથે થશે, તે બન્ને રઝળતા રહેશે, અને એ કન્યા તમે જાતે! એક રગત કોઢીલાને આપશો; જાઓ ચલાવો ડહાપણ ભગવાનના બતાવ્યા પ્રમાણે ઠામ ઠેકાણું પુછી ગરૂડજી ગયા અને તેજ બ્રાહ્મણની પડોશમાં જઇને રહ્યા. થોડા દિવસના સહવાસમાં ગરૂડજીએ અતિશે માયા કરી દીધી અને ઘર જેવો વ્યવહાર ચલાવા માંડયો. લગ્ન પ્રસંગ નજીક આવ્યો ત્યારે કન્યાના બાપે પોતાના સાળાને એટલે કન્યાના મામાને શ્રિફળ આપી વિવાહ કરવા

મોકલ્યો. મામો ગામ ગયો એણે સારો મુરતિયો જોઇ વિવાહ કર્યો, અહિં પણ કુળવાનનો બાળક પરદેશથી વિદ્યા ભણી ઘેર આવ્યો તેજ વખતે કન્યાના બાપે જઇને શ્રીફળ આપ્યું. ગરૂડે જાણ્યું એ ઠેકાણે વિવાહ તો થયોજ, હવે રગતકોડીલાને કન્યા ન આપવી એટલું આપણે જાળવવાનું છે. વિચારે છે એટલામાં એક પરદેશી બ્રાહ્મણનો બાળક રગતકોડથી લોહિપાચના વ્હેવાથી, અને જીવજંતુથી પિડાતો નજરે પડયો, ત્યારે ગરૂડજી તેની વાંસે ફર્યો અને રાત્રિ પડી ત્યારે પોતાનું સ્વરૂપ ધારણ કરી, ચાંચમાં ઘાલી સમુદ્ર વચ્ચે બેટમાં જઈ મુકી આવ્યો. મુકતાં બ્રાહ્મણ બાળકે કહ્યું મહારાજ મારા ભૂખે પ્રાણ જતા રહેશે. ગરૂડજી કહે હું તને ખાવાનું આપી જઇશ. ગરૂડજી આ કારભારમાં ગુંથાયા છે એવામાં કન્યાનો મામો વિવાહ કરીને ઘેર આવ્યો અને સમાચાર કહ્યા. કન્યાના બાપે મામાની કરેલી વાત નાબુદ કરી. ત્યારે કન્યાનો મામો ઝેર ખાવા ઉભો થયો. શું મારો બોલેલો બોલ જાય! ત્યારે કન્યાના બાપે કહ્યું જાય કે ન જાય દિકરી મારી છે કાંઇ તમારી નથી? મામો કહે તમે સાર નહિ કાઢો અને સુખે લ્હાવો નહિ લ્યો. આવી વાતથી ભય પામી કન્યાને એની માએ રાત્રિયે મિઠાઇના કંડીઆમાં ઘાલી અને પોતાના ભાઇને કહ્યું; તું રાત્રિમાં લઇને ચાલતો થજે! આ સઘળી સંતલસની ગરૂડજીને બિલકુલ ખબર નથી; પણ રગતકોડીઆને ખાવાનું આપવા જવા પાછલી રાતે ઉઠી તૈયાર થયા, અને ચાંચમાં પકડી પકડી સઘળા કંડીઆ ઉચકી જોયા; જે ભારે લાગ્યો તે ઉપાડયો. કંડીઓ લાવી રક્તકોડીઆને આપ્યો, તે લેતાંજ તેને આનંદ થયો. કંડીઓ ઉઘાડયો કે કન્યા નિકળી! ગરૂડજી વિસ્મય પામ્યા, અરે આતો ભાવિ થયું. મારૂ ડહાપણ ન ચાલ્યું. મેં રક્તકોડીઆને કન્યા આપી 'ભાવી પદાર્થ બળવાન છે તેજ સિદ્ધ."

કન્યા કહે ગરૂડજી મને મુકીને જાઓ તો તમને મારા સમ! કોડીલે જાણ્યું આ અવતારમાં મને કન્યા મળવાની નથી. અરે ગરૂડજી, બ્રાહ્મણને આપેલું દાન પાછું લેવાય! અને તમે લઇ જાઓ તો તમને બ્રહ્મહત્યા. ગરૂડજી ગભરાયા અને ભગવાનની પાસે ગયા. મહારાજ! મને બ્રહ્મહત્યા અને સ્ત્રિ હત્યા આટે છે. ભગવાન કહે તમારી ચતુરાઇ હોય એટલી ચલાવો, અને ભાવી પદાર્થના સામી ટક્કર લ્યો. ગરૂડ કહે મહારાજ જ્યાં સુધી ટકોરા નહોતા વાગ્યા ત્યાં સુધી ટક્કર લેવાતી હતી, હવે તો હદ થઇ. ભાવિ પદાર્થ બળવાન છે એ સિદ્ધ ભગવાન કહે તમારી [1]હગાર રક્તકોડ મટાડશે અને કન્યા પરણવાની હા કહેશે. ભગવાનના કહેવા પ્રમાણે રક્તકોડ મટાડી બન્નેને

---

૧ હગાર-પક્ષિની વિષ્ટા.

ઉપાડીને બિજાજ નગરમાં મુકી દીધાં, ત્યાં તે સુખી થયાં, તેમજ હે પ્રધાનજી બનવાનું છે તે બન્યાજ કરે છે, ભગવાનની માયામાં બ્રહ્મા પણ ભૂલ્યા છે તો હું કોણ ! કાલે શું થશે તેની કોને ખબર છે.

પ્રધાન વિગેરે સરવસ્વને ધિરજ આપી, અને તે રીતે ઉપદેશ કરી, સત્ય ઉપર પગલું માંડયું,હરિશ્ચંદ્ર રોહિત અને તારા ત્રણે ત્રણ ત્રણ ખેતરવાને છેટે ચાલતાં હતાં; આગળ જતાં વિશ્વામિત્ર.બ્રાહ્મણનો ડોળ કરી પાણીની પરબ માંડી બેઠા. હરિશ્ચંદ્ર આવ્યો ત્યારે કહ્યું મહારાજ થાકયા હશો, પાણી પીતા જાઓ !

હરિશ્ચંદ્ર—વિશ્વામિત્રનું દેવું આપ્યા વિના મારાથી પાણીનો સ્પર્ષ પણ ન થાય !

બ્રાહ્મણ—મહારાજ તમને તરશ લાગી હશે ! દુઃખી થશો, વળી વિશ્વામિત્ર કયાં જોવા બેશી રહ્યા છે !

હરિશ્ચંદ્ર—અરે એ શું બોલ્યા મહારાજા ! વિશ્વામિત્ર ન જુવે; પણ અંતરસાક્ષિ પરમાત્મા સદા સર્વદા જોયાજ કરે છે.

બ્રાહ્મણ—પૃથ્વિપતિ તમારી દ્રઢતાને ધન્ય, પણ પ્રભુ મારા પગ બળે છે, આટલા જોડા ન આપો ! હરિશ્ચંદ્રે પગરખાં કાઢી આપ્યાં અને એજ રીતે ત્રણેનાં કઢાવ્યાં.) વિશ્વામિત્રે સુર્ય સામી દ્રષ્ટિ કરી. સૂર્ય કહે હુકમ ?

વિશ્વામિત્ર—તાપ એટલો પડે કે પૃથ્વિ ઉપર પગ ન મુકતાં લ્હાય લ્હાય ઉઠે, વિશ્વામિત્રના હુકમ પ્રમાણે સુર્ય તપ્યો અને ત્રણે બળવા લાગ્યાં; રાજા રાણી સહન કરી શક્યાં પણ રોહિત પોકારી ઉઠયો.

(રોહીત.) પેલો ધોળી ધજાવાળો કોણ ? એ રાગ.

હાય હાય અરે વિપરીત થશે; મારી માતારે.
તારો રોહિત રણમાં રોળાઇ જશે. સુખ દાતારે. ૧
પડે ચર્ણ ધર્ણમાં લ્હાય ઉઠે; મારી માતારે
મુજ રંક ઉપર રવી કેમ રુઠે. સુખ દાતારે. ૨
આજે તાપ અમાપ અસહન પડે; મારી માતારે.
કાંતો પુર્વે કરેલાં કર્મ નડે. સુખ દાતારે. ૩
(તારા) છાનો છાનો રોહીત વિરા શાને રડે; મારા વાલારે.
દુઃખ સહન કરો આવી અંગે અડે. નાના કાલારે. ૪
દુઃખ દેહીનાં ભોગવે દેહ ખરે; મારા વહાલારે.
નહિ શિવ બ્રહ્માદિક શાન્તિ કરે. નાના કાલારે. ૫
હોય બાર તો હમણાં ઉપાડ કરૂં; મારા વહાલારે.
મારી શક્તિ વિના શી રીતે હરૂં. નાના કાલારે. ૬

(હરીશ્ચંદ્ર) રજ રોશો નહિ રવી તાપ થકી; મારા બેટારે,
સુર સ્વામિતણા સ્વામિ સમરો નકી. નહિ છેટારે. ૭
જેના તેજ આગળ કોણ જાય ટકી; મારા બેટારે.
દુઃખ કાપે આપે સુખ એવી વકી. નહિ છેટારે. ૮
માત તાતને ઉલટુ આળ છે; મારા બેટારે,
સદા સાહાક શ્રી ગોપાળ છે. નહિ છેટારે ૯
સુખ દાતા વૈકુંઠરાય ખરો; મારા બેટારે.
માટે "રામ" કહી પછી પાય ધરો. નહિ છેટારે. ૧૦

રોહીત—બળુછું ? બળુછું ! માતાપિતા દોડો ! બળુછું.

વિશ્વામીત્ર—હરિશ્ચંદ્ર શા માટે પુત્રને હેરાન કરે છે ! એકવાર કહે કે મેં સોનું આપવાનું કહ્યુંજ નથી; લે તારૂ રાજ્ય પાછું આપું !

હરીશ્ચંદ્ર—મહારાજ મને વારંવાર કાંઈ કહેશો નહિ. મારે રાજ્ય જોઈતુંએ નથી અને અસત્ય ભાષણ કરવુંએ નથી.

રોહિતે "રામનામ" ઉચ્ચારણ કરી ડગલાં દેવા માંડયાં, પ્રભુ નામના પ્રતાપથી જ્યાં ડગલું દે ત્યાં ટાઢું હેમ જ્યાં ડગલું દે ત્યાં ટાઢું હેમ. સુર્ય બરાબર તપ્યો નથી એમ જાણી વિશ્વામિત્રે કરડી નજર કરી.

ભાનુ—શી આજ્ઞા છે ?

વિશ્વામીત્ર—હજી તારા તપવામાં ખામી છે !

ભાનુ--મહાનરુષિ વિશ્વામિત્ર ! ખામી પુરી પાડતાં પૃથ્વિ પ્રલયકાર થશે ! તમારે તો માત્ર જીભ હલાવવી છે, પણ તેનું દુઃખ આખી સૃષ્ટિને સહન કરવું પડશે. તમારે મન હરિશ્ચંદ્ર શત્રુ થઈ પડયો છે, પણ મારા કિર્ણમાંથી નિકળનાર તાપ અને તેજ સર્વ જગાએ સરખાજ પડશે કારણ કે મારી સર્વના ઉપર સમાન દ્રષ્ટિ છે. તમારે હરીશ્ચંદ્રને આથી વિષેશ દુઃખ દેવા મરજી હોય તો બીજી રીતે યોજના કરો. સુર્યના આવા શબ્દ સાંભળી વિશ્વામિત્રે અગ્નિનું આરાધન કર્યું અગ્નિ પ્રગટ થયો. વિશ્વામિત્ર કહે હે અગ્નિદેવ દાવાનળ રૂપે પ્રગટ થા ! વિશ્વામિત્રના વચને અગ્નિ સળગતો સળગતો હરિશ્ચંદ્ર ઉપર ધસ્યો; પણ સત્યના પ્રતાપે હરિશ્ચંદ્રને કાંઈ ઇજા થઈ નહિ, રામનામના પ્રતાપ વડે કરીતે રોહિત પણ અગ્નિની પેલી પારને પામ્યો, પણ જ્યારે તારામતિના સામો આવ્યો ત્યારે અબળાએ બુમ પાડી, હાય ! હવે શું થશે.

(તારા) ગિતી.

દાવાનળ આ દિસે, રીસે આવે રક્ત ધરી રૂપ;
રોહિત રીબા મરશે, હાય શું થાશે અવધપુરી ભુપ.

(યોગિ વેશ લઇને વિશ્વામિત્ર હાજર થયા.)

વિશ્વામીત્ર—અરે કોણુ બુમો પાડે છે હે બાઈ રખે આગળ વધતી હમણાં એક પુરૂષ અને બાળક દાવાનળથી બળીને મરી ગયાં.

(તારા બેશુદ્ધ થઇ, અને વળી સાવધ થઈ સતિ થવા તૈયાર થઇ.)

(વિશ્વામીત્ર) ગીતી

ઉઠો આશ્રમ માહારા, સતિ ન થાશો સાંજ પડી સ્યામા;
વગજ્ને વહાણું વહાતાં, તારા તારા અસ્ત થયા રામા.

યોગી રૂપે વિશ્વામિત્રની રોકી ન રહેતાં તારા બળતા દવમાં ધસી પણ જેમ જેમ તે ધસે તેમ તેમ દવ ખસે આગળ જતાં ત્રણે સંગ થયાં રાજા હરિશ્ચંદ્રને સતાવીશ દિવસના નિર્જળા ઉપવાસ અને એટલીજ રાતના ઉજાગરા થયા. અતી તાપ સહન કરતા જાય છે; એવામાં એક લીલું અને ઘટાબંધ વૃક્ષ આવ્યું, તેની નિચે આરામ લેવા બેઠા, રાજા હરિશ્ચંદ્ર જરા આડો થયો, અને દૈવયોગે નિદ્રાવશ થયો, તારા અને રોહીત પણ નિદ્રાવશ થયાં. સતાવીશ દિવસે સ્વલ્પ સુખનો અનુભવ લેછે એટલામાં વિશ્વામિત્ર આવ્યા. અરે હરિશ્ચંદ્ર સુખશાન્તિમાં સુતો છો “ ચલ ! જલકે ભરમ હો જાઓ ! ” તેજ વખતે ઝાડ બળી ગયું અને ત્રણે જાગી ઉઠયાં.

હરીશ્ચંદ્ર—વાહ ! રાજા હરિશ્ચંદ્ર, બ્રાહ્મણનું દેવું આપ્યા વિના નિદ્રા તો સારી આવે છે.

હરીશ્ચંદ્ર—અપરાધ ક્ષમા ! મહારાજ નિદ્રામાં સ્વપ્ન અને સ્વપ્ન પણ તમારૂં દેવું આપવા સંબંધિનુંજ.

પંથ કાપતાં અને જાપ જાપતાં **કાશી** નગરમાં આવ્યાં ત્યાં **વીશ્વનાથનાં** દર્શન કરી આગળ વધ્યાં; તે વખતના રીવાજ પ્રમાણે ત્રણ ઘાસની પુળીઓ લઈ એક એક માથા ઉપર મુકી બજારમાં ઉભાં રહ્યાં. વેચવાનાં માણુસ દેખી હજારો માણુસો ત્યાં આવી ઉભા, તે વખતે હરિશ્ચંદ્રે પોકાર કર્યો.

(હરીશ્ચંદ્ર) રાગ માઢ, મગનયનિના ઢોલા.

રે તમે હળવે હાલો, ચાલો, ચાલો, કાશીપુરીના જન;
હું વેચુછું વેચુછું, વેચુછું, વહાલી, તારા ને રોહિત તન. રે તમે.
સત્યને માટે સતિ વેચુછું, વેચુછું રોહિત બાળ;
રાજ્ય રૂષિનું રૂણ ચુકાવા, હરિશ્ચંદ્ર ભુપાળ. રે તમે. ૧
આજ્ઞાકારી અંગ એ મારાં, પ્રિય છે પ્રાણ સમાન;
દાંત્ત રહ્યા દિન કેમ ગુજરશે, જીભનું દિધું દાન. રે કમે. ૨

કાશી વાસી જાય ઉદાસી, રોહિત રમકડા રૂપ;
ભાગ્યશાળી જે હોય ભૂતળમાં, પામે પૂત્ર અનુપ. રે તમે. ૩

વિશ્વામિત્ર—હરિશ્ચંદ્ર ! કોઇ ગ્રાહક થનાર નથી, અને તારે વેચવાની જરૂર પણ નથી; એકવાર કહે કે મારે તમારે લેણુદેણુનો સંબંધજ નથી; એટલે બસ! રાજ્ય મળ્યું સમજ !

હરિશ્ચંદ્ર—રૂષિવર! રાજ્યાસન ભોગવ્યા કરતાં, બ્રહ્મરૂણથી મુક્ત થઇ, નારાયણના નામમાં આરૂઢ રહેવું એ હું વિશેષ સુખરૂપ માનુંછું.

(ગુણિકા ઘોડાગાડીમાં આવી.)

ગણિકા—અરે આ સ્ત્રિની શિ કિમ્મત છે ?

વિશ્વામિત્ર—એક હજાર સોના મોહોર.

ગુણિકાએ વિચાર્યું સ્વરૂપના પ્રમાણમાં કિમ્મત જુજ છે. એક હજાર મોહોરો તો એક પલકમાં પેદા કરશે, એનું સ્વરૂપ એવું છે કે. પુરૂષમાં કોઇ એવો પેદા નહિ થયો હોય કે જે તેને આલિંગન આપવા મરજી નહિ કરે. (૧૦૦૦ સોના મોહોરો મંગાવી આપી અને તારાને ગાડીમાં બેસારી ઘેર લઇ ગઇ.) ઘેર ગયા પછી તારાએ કહ્યું હે બેન, મારે કામ શું કરવું તે કહો ? ગુણિકા કહે આ મારી પાસેથી કુંચીઓ લઇ આપણા ભંડાર ઉઘાડો, અને તેમાંથી મનગમતાં વસ્ત્ર ઘરાણાં પહેરો, પલકે પલકે બદલો, મોજ માણો, અને રસ્તે જતા પુરૂષોને મોહ પાસમાં બાંધી ઘરમાં આણો ! કાંઇ છાણુ વાશીદાં કરવાનાં નથી. કાંઇ ઈંઠવાડ પુંજા કરવાના નથી.

(ગણિકા.) **મરાઠી સાખી.**

તારા દિસો તારા જેવાં, અસ્ત થયો દુઃખ દહાડો;
બનિ ઠનિને બેસો છજામાં, પુરૂષને મોહ પમાડો;
મહારૂં ભાગ્ય ભળ્યું, રત્ન આવી આજે મુજને મળ્યું. મહારૂ.

રાગ; ભેખરે ઉતારો રાજા ભરથરી.

(તારા) અધમ કરમ હું એ નહિ કરૂં.
દાસી હરી દીન આજથી, થઇ ગઇ તમારી વેચાણ,
હુકમ કરો હું આધિન છું, આવી ઉચરો ન વાણ. અધમ. ૧

(ગણિ) સમય ભણો હવે સાધવી.
પુંજી આપી પાંચ પેઢીની, વહોરી રત્નની ખાણ;
પેદાશ કરીને પુરી કરો, મહોરો હજાર પ્રમાણ. સમય. ૨

(તારા) અરર સમય આવ્યો કયાં થકી, કયાંથી કરમે આ નાર;
કયાંરે અવધ કયાં કાશીપુરી, હરિશ્ચંદ્ર ભરથાર. અધમ. ૩

(ગણિ) ભરથાર ભૂલ્યો ભામની, દામની પ્રિતી જાણી;
સગપણુ સર્વે વિચારી દ્યો, રંગે રમો રાય રાણી. સમય. ૪
(તારા) રંગ ન જોઇએ આ અંગને, ભંગ થયા સઘળા ભોગ;
રંગ દીપે હવે રામનો, ઇશ્વર આપે એવો યોગ. અધમ. ૫
(ગણિ) રંગ લાગ્યો જેને રામનો, કામનો ન ગણાય;
ખલકમાં ખોટો* રૂપિયો મુખે ભગત ભણાય. સમય. ૬
(તારા) ભગત કહેવાયો ભવ તારવા, મારવા શત્રુનો સાથ;
કળથી જીત્યો કામ ક્રોધને, ઇશ્વર ઝાલે એનો હાથ. અધમ. ૭
(ગણિ) હમણાં હાથે ઝાલશે, આલશે પુષ્પવિમાન;
ઘેલાં મૂકી દ્યો ગોરી જીમનાં, કહ્યું તેહ ધરો કાન. સમય. ૮
(તારા) બાળ કરમ બાળ બુદ્ધિને, બાળ બાળ અવતાર;
નીચ નજર આવી કેમ ઠરી, થાય નરકે ન ઠાર. અધમ. ૯
(ગણિ) કોના કાગળ ઉતર્યા. પાછુ આવી ગયું કોણુ ?
મંન ગમે તેમ મહાલવું, આ જગતમાં જાણુ. સમય. ૧૦
(તારા) નિતિ અનિતિ આ જગતમાં, સુખ દુઃખનાં મૂળ;
રીતી ન જાણી નિતીની, તેનું જીવતર ધુળ. અધમ. ૧૧
(ગણિ) નયન ઠરે તે ન નંદવું. વંદવું સત્ય વાણુ;
સુખ પડે તેમ સંચવું, નિતિ પુન્ય પ્રમાણુ. સમય. ૧૨
(તારા) બુદ્ધિ થોડી બળ કાં કરે, સમજે સત્ય ન અસત્ય;
ખાખરની ખિશકોલીને, ન્હોય સાકરની ગત્ય. અધમ. ૧૩
(ગણિ) સાકર મુકીને શાને આવીલી, ખિશકોલી કહેનાર;
જીભડી કપાવું જડ મુળથી, ફરી કરે ન ઉચ્ચાર.
માન્ય કહ્યું માપ નહિ રહે. ૧૪
(તારા) કાયા ન સુંઘે કુતરાં, ચંચુ ચાંપે ન કાગ;
કુડાં કરમ જેણે આચર્યા, ઉઠી જીવતરમાં આગ્ય. અધમ. ૧૫
(ગણિ) આગ લાગે તારા અંગમાં, વેશ્યા વધતું શું બોલે;
સતિરેશાણી મેં જોઇ તુને, કોઇ નહિ તુજ તોલે. માન્ય. ૧૬

---

* ખોટો રૂપિઓ=ભકત. દિન પ્રતિદિન–અજ્ઞાન માણસો ભકત એ શબ્દનો અર્થ ખોટો રૂપિયો એ મશ્કરી રૂપ માને છે પણ એ અર્થ આગળ કોઇ વિદ્વાનોએ ગોઠવેલો હોય એમ લાગેછે. જેમ ખોટો રૂપિયો ચાલી શકતો નથી એટલે સર્વની દુકાનેથી પાછોજ પડે છે તેવીજ રીતે ખરો ભકત દુનિયાદારીના પ્રપંચના કામમાં ભાગ લેતો નથી માટે એ જગતને મન ખોટા રૂપિયા સમાનછે.)

તારા—ગણિકા ! જે ઇચ્છાએ તું મને અહિં લાવી છું તે ઇચ્છા કોટી પ્રયત્ને પાર પડવાની નથી ? એ નક્કિ સમજ !

ગણિકા—હમણાં ત્હારા યાર આવછે એટલે પાંશરી કરાવું છું ! હજી સમજ ! જો, તું હવે રાણી તારા નથી પણ ગણિકાના ઘરની ગુલામ છું ! માટે મારા કહ્યામાં રહેવુંજ પડશે.

(ગુણિકાના ક્રોધવચન સાંભળી તારાએ ઇશ્વર સ્મરણ કર્યું.)

(તારા)   કટાવ " તારા બચાવ. "

દિન દુઃખ તણા હરનારા, સંકટ કેમ સહેશે તારા.

તારા ત્હારા ચર્ણ નમીને, કરે વિનતી, દુઃખ હરજો, સુખ કરજો સ્વામિ, હે બહુનામિ, ગરૂડગામિ; પ્રભુ પડી શી દાસી ખામી, ગણી નકામી, વામી વેદના, સુખ કયાં મળશે, શાન્તિ વળશે, પૂર્વ જન્મનાં પાપ પ્રજળશે, ત્રિવિધિ તાપ આ કયારે ટળશે.

ગણિકા કહે નકામી શાને સોર કરે છે. મુર્ખ ઠરે છે, મગરૂરીમાં શીદ મરે છે, સમજ સમજ તુજ કાજ સરે છે. વામા વિષ્નુતણી વરે છે, પાછાં પગલાં કેમ ભરે છે ?

તારા કહે એ ઇશ્વર મરજી, ગમાર ગણિકા મરશે કુટી આભામંડળ પડશે ટૂટી; નહિ ડગવાની ! નહિ ફગવાની, જરૂર જાણજે જુદી જુદી.

ગણિકા કહેછે હરજી, મરજી સરજી જાણો, પગ ઉપર શિદ પટકે પહાણો, આવે અમિર કોઇ રાજો રાણો, નજરે નાણો, ઉરમાં આણો, મોજ બલેરી એથી માણો, રીસ કરી તવ રામા બોલી અધમ કરમ તે આપ વખાણો, ગર્વે ગણિકા ગાજી ઉઠી, વેસ્યા વહુ મત ઓછો તાણો !

તારા કહે તું બોલ્ય વિચારી, ચોર ઠગારી, નીચ કરમની તું કરનારી વિત્ત હરનારી, બુદ્ધિ તારી ઠરી નઠારી, સંકટ ભારી. ખમશો નારી અજ વઅ નહિ મળશે વારી.

વાણ સુણીને વેશ્યા બોલી. ચૂપ રહે રંડા પડશે ડંડા !

તવ તારા થરથરવા લાગી, તારા તનમાં હામ લાવવા હરિવાંદરે મેલ્યું પડતું. હુક કરીને હરજી ધિમે ધિમે આવે, દિવ્યરૂપ દાદો દર્શાવે, કરી ગરજના ગુણિકા ઝાલી, ક્રોધ કરી નખ ઘાત કરીને, કર્ણ નાશિકા બેઉ હરીને હરજી ત્યાંથી નિકળ્યા ચાલી.

લોહી લુવ્હાણ કરીને એની કાય, મહેલમાં લગાડી લ્હાય.

વિષ્નુ ભગવાને વાંદરરૂપે ગુણિકાના નાક કાન છેદન કર્યા. લોહીચુતી ગણિકાએ ચિર ફાડી, ચિંદરડી કાઢી પાટા બાંધ્યો, અને ગાડી જોડાવી તારાને લઇ વિશ્વામિત્ર પાસે આવી.

(ગણિકા.) ગિતિ.

“ લ્યો આ લુંડી પાછી. છપરપગી એ છતને છંડાવે;
રંડા રોશન વાળે, મંગળ ટાણે મોકાણ મંડાવે.

(મોહોરો પાછી આપી, તારાને લીધી.)

વિશ્વામિત્ર--જો રાજા હરિશ્ચંદ્ર મેં તને શું કહ્યું હતું કોઇ ગ્રાહક થાય નહિ!

હરિશ્ચંદ્ર—મહારાજ સબુર કરો ! હું આપનું દેવું ગમે તે રીતે આપીશ!

વિશ્વામિત્ર--અરે સબુર સબુર તે કયાં સુધી; દેવાળીઆના જવાબ “ આપીશ આપીશ ને કાંઇ નહિ. ”

રાય રૂષિની રગઝગમાં **અગ્નિસેન** નામનો બ્રાહ્મણ આવ્યો અને તેણે ૧૦૦૦ મહોરો આપીને તારાને આગળ કરી.

વિશ્વામિત્ર—તારા ! જોયો નિર્માલ્ય ધણીનો પ્રતાપ ! આ બેવાર તો તને વેચી. જો ફરી સંગમાં આવીશ તો વળી વેચશે !

તારા--પ્રતાપિ રૂષિવર વિશ્વામિત્ર ! આપ તો ત્રિલોક ધ્રુજાવાને સમર્થ છો; આપના પ્રતાપની સમિપમાં મારા પતિનો પ્રતાપ શું તેજ આપે, આપ તો સુર્ય રૂપ છો ! અને મારો પતિ તો એક તણખો છે, પણ યાદ રાખજો વિશ્વામિત્ર ! જે વખતે એ સત્યનો તણખો અસત્ય રૂપી વનને બાળવા માંડશે તે વખતે એક તો શું પણ તમારા જેવા ક્રોડ સુર્યને ઝાંખા પાડશે, સુર્યદેવની પાસે ખોળો પાથરીને માગુ છું કે જનમો જનમ હરિશ્ચંદ્ર પતિ મળો ! મને વારંવાર વેચો ! અને સત્યનો દિગવિજય કરી, અમર વાવટો સ્વર્ગના શિખ્ખર ઉપર ફરકાવો ! (અગ્નિસેનની પાછળ ચાલી.)

અગ્નિસેન—જો તારા ! મારે સ્ત્રિ નથી; તેમ મારા ઘરમાં સ્ત્રીનો સહવાસ પણ નથી, માટે હું તને ચાહીને લાવ્યો છું.

તારા—(થરથર કંપતી) હાજી પણ લાવ્યાનું પ્રયોજન શું છેતે કહો ?

અગ્નિસેન--તારા કંપતી ના ! તું મારી દિકરી ને હું તારો બાપ, તું મારી બેન ને હું તારો ભાઇ ! તારા નિશ્ચિંત રહે ! બેધડક રહે ?

તારા—મહારાજા મારા મનને શાન્તિ વળી; ભય ટળ્યો; હવે મને જે કામ બતાવશો તે ઉમંગથી કરીશ ? અને ગમે તેવું કઠણ કામ હશે તોપણ પાછી નહિ હઠુ.

અગ્નિસેન--તારા? તારા તું હરિશ્ચંદ્રની રાણી; તેં કયારે કામ કર્યું હોય કે તને ટેવ પડી હોય;જેથી સહેલ થઇ પડે ! માટે હું “ ભિંત જોઇને ભાર મુકીશ!”

તારા--આપ નિતિવાન અને વળી દયાળુ છો, જેથી મને અતી આનંદ થયો છે; હવે કામનું ફરમાન કરો !

અગ્નિસેન—જો તારા, તારે સવારમાં ઉઠી સુર્યોદય પહેલાં દશ શેર દળવું, આખા ઘરમાંથી પુંજો કહાડવો ! વાસણ ઉટકવાં ! દેવસેવાનાં વાસણ માંજવાં, પાણી ભરી લાવવું. માળાને ઘેરથી ફુલ લઇ આવવાં, ઠાકોર થાળની સામગ્રિ તૈયાર કરવી, મારો રસોઇઓ રસોઇ કરે તેને શિધુ કાઢી આપવું અને જોઇતી સાહિત્ય પુરી પાડવી. જો ખાણામાં જીવ જંત કે કાંકરી આવી તો શરીર ઉપર ચામડી નહિ રહેવા દેઉ તારા ! તારા. મારા અને સર્વના જમ્યા પછી એંઠવાડ કહાડવો ! વધ્યું ઘટ્યું ખાઇને સંતોષ માનવો, અને ન હોવ તો અપવાસ ખેંચી લેવો; ગંગાજીએ જઇ વસ્ત્ર ધોઈ લાવવાં, બિજા દિવસની રસોઇને માટે શિધુ તૈયાર કરવું, ઘરમાં ભરેલા દાણા શંભાળવા અને તેને તડકે નાંખવા. જેથી સળવાનો કે ઉબા વળી જીવડાં પડવાનો ભય ન રહે. રાત્રિયે એક ચટાઇ પાથરી બારણા પાસે સુઇ રહેવું અને મને પોકારતું કોઇ આવે તેને ઘટતા જવાબ તારે દેવા ! રાત્રિયે જાગ્રત રહેવું અને ઘરની સંભાળ રાખવી. મારી રજા વિના અને ઘરના અગત્યના કામવિના ઉમરો ઓળંગવો નહિ ! જો મારા કહેવામાં ફેર પડશે તો ઝેર દઇ પ્રાણ કાઢી નાંખીશ !

તારાના વેચાયા પછી થોડીવારે અજસેન નામનો માળી આવ્યો; તે ૮૦૦ મોહોરો આપી રોહિતને લઇ ગયો; અને ઘેર જઈ કામનું ફરમાન કર્યું. **રોહિત** ! ગંગાના કિનારા ઉપર રાજાનો બગીચો છે, તેનો રક્ષપાળ હું છું. મારી અવસ્થાને લીધે હું સઘળું કામ ઉપાડી શકતો નથી માટે તને વેચાણ લાવ્યો છું, તારે એ બગિચામાં રાત્રિ દિવસ રહેવું; સાંજ પડયે સઘળાં ઝાડને તપાસવાં, સુકું અને સડેલું ફળ કે પાંદડુ ઝાડ ઉપર રહેવા દેવું નહિ; જમિનપર પડેલાં પાંદડાં ફુલ વિણી નાંખવાં, સવારના પહોરમાં નાહી ધોઇ ખિલેલાં ફુલ વિણી રાખવાં અને રાજાનો નોકર આવે તેને આપવાં, બાકી રહેલાં બ્રાહ્મણોને લેવા દેવાં. દરેક ઝાડ પાણી પી શકે એવી રીતે કયારા કરવા અને વહેતા પાણીએ નિક વાળવી, વધી ગએલી ઘાસને કાપી નાંખવી, રાત્રિયે જાગ્રત રહી બાગની ચોકી કરવી. મને યાદ રહેશે તો ખાવાનું કરી આપી જઇશ, નહિતો ભૂખ્યા રહેવું. ખબડદાર ! કોઇ વખત ફળફળાદી ખાધાં, તો ચામડી કાઢી નાંખીશ !

રોહિતના વેચાયા પછી ઘણીવારે કાળશેન નામનો ડોમ બજારમાં આવ્યો અને લોકની ભીડ દેખી પુછ્યું. અરે શું છે ? શું વેચાય છે ? તે સાંભળી જોવા ઉભેલા લોકો આઘા પાછા થયા અને કહ્યું; અરે કાળસેન ! અયોદ્ધાનો રાજા હરિશ્ચંદ્ર વેચાય છે.

કાળસેન—અરે શું ! હરસન વેચાયસે હરસન ? મારગ મેલો માબાપ, મને જવાદ્યો ?

વિશ્વામિત્ર—અરે કોઇ ગ્રાહક નહિ પણ ચન્ડાળ ! કેમ અલ્યા *ડોમ તારે આ મનુષ્ય લેવા મરજી છે ?

કાળસેન—હોવે માબાપ મારાં એવાં ભાગ્ય ચાંથી કે, મારે ઘેર હરસન નોકર ! એના પૈસા કહો માબાપ ?

વિશ્વામિત્ર—એની બારસેં સોના મહોર લેવાની છે ! (કાળસેન બારસેં મોહોરો લઇ રજુ થયો; અને હરિશ્ચંદ્રને લઈ વિદાય થાય છે.)

હરિશ્ચંદ્ર—મહારાજ ! હવે હું આપના રૂણમાંથી મુક્ત થયો ?

વિશ્વામિત્ર—હા હવે દેવામાંથી મુક્ત તો થયો; પણ રાજા હરિશ્ચંદ્ર !

હરિશ્ચંદ્ર—મને રાજા ન કહેશો હવે હું ડોમનો દાસ થયો !

વિશ્વામિત્ર—અરે હરિશ્ચંદ્ર દેવું તો પત્યું પણ દિલગીરી એટલીજ કે તું ભંગીઆને ઘેર ગુલામ થઇને જાય છે.

હરિશ્ચંદ્ર—કૃપાસિંધુ વિધાયે નિર્માણ કરેલા અંકનો ટંક ફેરવવા કોઇ સમર્થ નથી.

વિશ્વામિત્ર—હરિશ્ચંદ્ર ! પુત્ર પત્નિને પાછાં મેળવ ! રાજ્ય પાછુ મેળવ ! સદા સર્વદા સુખ ભોગવ, એકવાર કહે કે તમે મારી પાસેથી અધર્મનું સોનું લ્યો છો !

હરિશ્ચંદ્ર—મહાનરૂષિ વિશ્વામિત્ર હવે મારો કેડો મૂકો ! આપના નિરંતર દર્શનનો લાભ ખોઉછું તેથીવિમાસણ થાય છે, પણ આપ મારી પાસે અસત્ય બોલાવા માગો છો તેથી મને રાહુ સમ લાગોછો. આપના બોલવા ઉપરથી મને સ્પષ્ટ જણાય છે કે આપ મારા મુખથી અસત્ય બોલાવા માગો છો પણ જ્યાં સુધી અંગારાના રજકણમાં અગ્નિ છે ત્યાં સુધી હરીશ્ચંદ્રના રૂંવે રૂંવે સત્ય છે તે તમથી કોઈ પણ પ્રયત્ને ફરે તેમ નથી ! આથી વિશેષ દુઃખપડશે તેને પણ હું સત્યને માટે સુખ માનીશ !

કાળસેન—હરીઆ ! અત્યારથી ત્હારૂ નામ ખેમરો મસાણી. તારે મારા ઘરનું પાણી ભરવું; રાત્રિ દિવસ મસાણમાં રહેવું, આપણો કર લીધા વિના એક પણ મડદુ મસાણમાં બાળવા દેવું નહી “ એક પૈસો, સવાગજ કપડુ અને અદશેર ખિચડી લીધા વિના મડદાને અગ્નિસંસ્કાર થવા દેવો નહિ, ” પૈસો અને કપડુ મને પહોચાડવાં અને મડદાની આગળ લાવેલી દોણી ભાગી તેની ઠિબમાં ખિચડી તારે ઓરી ખાવી ! ખિચડીમાં

---

* ડોમ=ભંગીઓ.

મિઠું સાથે આવેલું હોય તો નાંખવું, નહિતો મોળી ખાવી, જે દિવસે એક પણ મડદુ નહિ આવે તે દિવસે તારે અપવાસ કરવો પડશે; મારા કહેવામા ફેરફાર પડશે અને સ્મશાનમાં આવેલા માણસોને કરગરી કાંઇ માગીશ તો હું જીવતો સળગાવી મુકીશ ! જા મશાણમાં ઝાડ નિચે ઝુંપડી બાંધી પડી રહે ! રાતિયે જાગ્રત રહેજે ! કર આપ્યા સિવાય કોઇ મડદુ બાળે નહિ, તેની બરાબર સાવચેતી રાખજે !

(મધ્ય રાત્રિયે સ્મશાનમાં ફરતો હરિશ્ચંદ્ર વિચાર કરે છે.)

(હરિશ્ચંદ્ર) રાગ; પંડિત કે બચન.

કયાં અવધપુરી, કયાં કાશી નગરનો સંગ;
કયાં વિલાસભોવન કયાં સ્મશાન ભોમીનો રંગ. ૧
ગયાં ખાનપાન સૌ. ગયાં પુત્રને તારા;
હાથી ઘોડા વળી, ધણી ખમા કહેનારા. ૨
કયાં સગાં સહોદર, કયાં આ વનમાં ઝાડ;
સુખ સજ્યા છોડી, વસવું પથ્થર પહાડ. ૩
કયાં ઇશ શિશ કયાં, ડોમ દયા નહિ લેશ;
કયાં રાજ્ય ઠાઠ કયાં, ધરવો *અંતજ વેશ. ૪
અધિકાર અવધનો, મશાણની રખવાળી;
પળમાં ફળ મરડે, અકળકળા હરી તારી. ૫

વાહ સર્વેશ્વર તારી કૃતિ ? ત્યાં પણ અધિકારને અહિં પણ અધિકાર! કેટલો બધો અધિકાર કે મારી પરવાનગી સિવાય કોઇ શબને અગ્નિદાહ ન કરી શકે. ફક્ત વિમાસવાનું કારણ એજ કે ત્યાં મારા મસ્તકે આપજ હતા. અને અહિં નિચ જાતી ડોમ છે.

આવી રીતે ત્રણ જણે શાન્તિ વાળી; અને સત્યને માટે અસહ્ય દુઃખ સહન કર્યું. મહાનરૂષિ વિશ્વામિત્ર ફિકરમાં પડયા. અરે અમરની સભામાં લાજ જવા વખત આવ્યો, હવે હું વષિષ્ટની પાસે જઇ ઉભો રહીશ તો કેવો શોભીશ; નહિ નહિ ! વળુ પાછો, અને હજી પણ હરિશ્ચંદ્રના મુખે અસત્ય ભાષણ કરાવવા પ્રયત્ન કરૂં.

(શંકરનું આરાધન કર્યું એટલે શંકર પ્રગટ થયા.)

વિશ્વામિત્ર—હે ભોળાનાથ ! આપને દંડવત્ત પ્રણામ કરૂં છું.

શંભુ—વિશ્વામિત્ર "કોઠી ધોઇને કાદવ કહાડવાનો છે" હવે સત્યવાદી હરિશ્ચંદ્રનો કેડો મૂકો ! મને નિશ્ચય છે કે તમારી ઉમેદ કોઇપણ રીતે પાર નાહ પડે. વશિષ્ટનાં વચન યાદ કરો.

---

* અંતજ=ચંડાળ.

વિશ્વામિત્ર—કૃપાનાથ હવે આપ કૃપા કરો તો હું મનની ઉમેદ પાર પાડી ઉજળુ મુખ લઇ ઇંદ્રસભામાં જાઉ.

શંકર—અરે મહાત્મા વિશ્વામિત્ર; હરિશ્ચંદ્ર કદી સત્ય ચુકે નહિ! અને બળાત્કારે તમે અસત્ય બોલાવો તેથી ઉજળુ મુખ ન થાય પણ... ખેર હુ કાંઇ ઇંદ્રનો તાબેદાર નથી; કે જે ઇંદ્ર સર્વ દેવને તમારે આધિન રાખવા વચનથી બંધાએલો છે; પણ હું આપને આધીન છું. ફરમાવો!

વિશ્વામિત્ર—તાવને ફરમાન કરો કે કાળસેન ડોમને લાગુ થાય!

શંકરની પ્રેરણાથી કાળસેનને તાવ આવ્યો અને વિશ્વામિત્ર ઢેડવાડામાં ગરોડાનો વેશ લઇને ગયા? ગરોડાને જોઇ કાળસેને કહ્યું. મહારાજ, આજ મને અતી તાવ છે તે શું નુકશાન કરશે? વિશ્વામિત્ર અંગુઠા વડે આંગળીઓના વેઢા ગણીને, વિદ્વાન જોશીનો ડોળ કરીને બોલ્યા.

(ગરો) મરાઠી સાખી.

ગભરાશો નહિ ગ્રહ પિડા છે, કલેશ લેશ નવ લાવો;
સવાસો ગાગર જળ ગંગાનું, હુનું કરાવીને ન્હાવો;
તવ રોગ જશે, તન મન બેઉની શાન્તિ થશે. તવ૦

કાળસેને બુમ મારી; હરીઆ! હુકમ અન્નદાતા સલામત દાસ હાજર! હરિશ્ચંદ્ર આવી ઉભો! કાળસેન કહે હરીઆ! સવાસો ગાગરો ગંગાનું પાણી લાવી ઉકાળી મને સ્નાન કરાવ! યોજના પ્રમાણે હરિશ્ચંદ્રે ચુલ ખોદી અગ્નિ સળગાવી તાવડો ચઢાવ્યો, અને પાણી લાવી લાવી રેડવા માંડયું. વિશ્વામિત્રે અગ્નિને બોલાવી કહ્યું કે તારી ઝાળવડે કરીપાણી બળી જાય, અને તાવડો ભરાવા પામે નહિ. વિશ્વામિત્રના વચનને જવાળાનું જોર વધ્યું અને પાણી માત્ર બળી જવા માંડયું. હરિશ્ચંદ્ર અગણિત ગાગરો લાવ્યો પણ તાવડામાં પાણી રહેતુ નથી, આખર થાકયો અને પાસેના બગિચામાં ઝાડ ઉપર રોહિત બેઠો હતો, તેને કહ્યું હે ભાઇ મને આટલી ગાગરો તો ચઢાવ! રોહિત કહે હે પિતાજી તમારો ને મારો સંબંધ બન્નેનાં મન જાણે છે, પણ જો હું તમને સ્પર્ષ કરૂ તો મારે સ્નાન કરવું પડે; કારણ કે તમે ઢેડ અને હું માળી. વળી મને મારો સ્વામિ ઠપકો આપે; માટે એ કાર્ય મારાથી નહિ બને. મને લોક લજ્જા નડે છે, તોપણ દયાને લઇને યુક્તિ બતાવું છું કે છાતી સમા પાણીમાં જઇ ગાગર ભરી ડુપકી મારો એટલે જોર નહિ આવે અને કામ ઝટ થશે, રોહિતના બતાવ્યા પ્રમાણે કામ ત્વરાથી થવા માંડયું, ત્યારે ક્રોધી વીશ્વામીત્રને અતી ક્રોધ થયો; અને નાગનું રૂપ ધારણ કરી બાળકને ડંખ માર્યો. ડંખ વાગતાં રોહીત તરફડી

નિચે પડયો. ઝિણે સ્વરે રૂદન કરવા લાગ્યો. એવામાં ફુલ વીણવા આવેલા બ્રાહ્મણ બાળક દોડતા આવ્યા, અને સમાચાર પુછ્યા. રોહિતે જતો નાગ બતાવીને કહ્યું ભાઇ મને પેલો કાળો નાગ કરડયો. હવે મારા શરીરમાં કેવાં ચીંન થાય છે તેનું વર્ણન જીભથી થાય તેમ નથી. હે મિત્રો હું અયોદ્ધાના રાજા હરીશ્ચંદ્રનો પુત્ર છું; મારો બાપ કાળસેન ડોમને, ઘેર વેચાયો છે, અને મશાણની રખવાળી કરે છે. મારી મા અગ્નિસેન બ્રાહ્મણનું દાસત્વપણું કરે છે. તે મારી માતાને મારા માઠા સમાચાર કહેજો, અને મારા મૃત્યુના સમાચાર સાંભળી મારી મરતી માતાને બચાવજો ! જગદિશ્વર લેજે ખોળે ! રામ રામ,

(રોહિત.) રાગ; ધુમસ ગાડી ચલાયલિયો. "રામ રામ"

નાગ આ કરડયો, જીવ મારો જાય રામ.
નયન બળે છે શરિર કળે છે;
અગ્નિ સમી લાગી અંગમાં લ્હાય રામ. નાગ૦ ૧
અંત સમય હોય માતાજી પાસે;
જન્મ સફળ થવા પડું તેને પાય, રામ. નાગ૦ ૨
માતા પિતાનો વિયોગ સમય આ;
શ્રવણ પડયે રહેશે સંકટ સદાય રામ. નાગ૦ ૩
ફરી જનમ લેઉ તારાને પેટે;
નિતી ભક્તથી કરૂ સેવા સદાય, રામ. નાગ૦ ૪
ગુરૂ મળોતો વિશ્વામિત્રજ મળજો;
તેમના ચરણ માંહિ ચિત મારૂ ચહાય. રામ. નાગ૦ ૪

રોહીતનો વિલાપ જોઇ બ્રાહ્મણ બાળકો રોયા; અને પ્રથમ બાગના માળીને ખબર આપી કે તમે વેચાણ લીધેલો બાળક મરણ પામ્યો, સમાચાર સાંભળી માળી બાગમાં આવ્યો અને જોયું તો રોહિતના અંગમાં પ્રાણ નથી. હાય હાય ! જો જરા જરા જીવ હોત તો બેચાર લાતો મારીને પણ મ્હારૂ વહેર વાળત.

(માળી) ગિતિ.

હાય હાય રૂપિયા મારા, દુષ્ટ ડુબાવી ગયો ઘડી એમાં;
વહેર શી રીતે વાળુ, હાયરે એનો પ્રાણ નથી દેહમાં.

(કવિ) મરાઠી સાખી.

પગ પકડીને ઘસડી નાંખ્યો ઊંડા ખાડની માંય;
સુકાં સડેલાં ઝાડ પાનને, ધુળે ઢાંકી કાય;
પછી ઘેર ગયો, લેશ કલેશ નહિ અંતર થયો. પછી.

બ્રાહ્મણ બાળકોએ અગ્નિસેનને ઘેર જઇ તારાના સમાચાર પુછ્યા; અગ્નિસેને તારાને બોલાવી. અલી તારા! આ બ્રાહ્મણ બાળક શું કહે છે સાંભળ! તારા આવી અગ્નિસેનના સામી હાથ જોડી ઉભી રહી, છોકરા કહે માતાજી રાજના માળીને ત્યાં વેચાએલો રોહિત બાળક તમારો શું સગો થાય?

તારા—ભાઇઓ, એજ મારો બાળક; મારી કુખનું રત્ન.

બાળકો—અરે તેને કાળો નાગ કરડયો અને સ્વર્ગવાસ થયો.

(કવિ) ગીતી.

તારા તન તવ તુટયુ. કુટયું માંથુ પથ્થરની સાથે;
(તારા) ફુટયું નસિબ હવે મ્હારૂ, હાય શું કીધું અરે દિનનાથે.

અગ્નિસેન—અરે ચૂપ! શા ઢોંગ! કેવું ફિતુર!

તારા—મહારાજ! મને એ બાળકને અગ્નિદાહ કરવા જવાને રજા આપો!

અગ્નિસેન—અરે નિર્ભાગી તારા શું બોલી! હવે પછી ઉચ્ચાર કરીશ તો જીભ કાપવી પડશે!

તારા—પ્રભુ, મને શા માટે ક્રોધ વચન કહોછો, હું એ બાળકની માતા છું, અને મારૂ દિલ ન દુભાય?

અગ્નિસે—પણ હવે તારે ને એને છે શું જ્યારે હશો ત્યારે હશો, જા કામે બાઝ નહિતો જોયું છે આ ચૌદમુ રત્ન!

તારા—અરે કંઇ તો દયા લાવો; મને મુવેલા બાળકનું મોં તો જોવાદો.

અગ્નિસેન—અલી તારા, તારે હઠ મુકવી નથી કેમ, મારી પાસેથી ખસચ્છ કે નહિ, કામે લાગચ્છ કે નહિ!

તારા—(થરથર કંપતી) હું કામમાં ભૂલ નહિ પડવા દેઉ, રાત્રિ વેઠીને કરીશ, પણ મને જવા રજા આપો તો સારૂ.

અગ્નિસેન—જા; વહેલી પાછી વળજે! જો જે બાળકના ભેગી બળી; મારા પૈસા ડુબાવતી.

અંધારી રાતે તારા બગિચામાં ફરવા લાગી, અને રોહિતના શબની તપાસ કરવા લાગી. આખો બગિચો ફરતાં ન જડવાથી નીરાશ થઇ આખર કચરો નાંખવાના ખાડામાં ગઇ ત્યાં રોહિત પગે અથડાયો અને નક્ષત્રને અજવાળે તેને ઓળખ્યો. મુસ્તક ખોળામાં લઇ ધાડા સ્વરે રૂદન કરવા લાગી.

[તારા] રાગ; કેરબો. ઢબ; યારકી કોઈ;

કુંવરજી કાલા; (૨) મેલી કયાં જાયરે,
બોલો બાળા; (૨) લાગી લહાયરે. કુંવરજી૦
લાગી લાલો હોલવો, મુખ મલકાવો બાળ;

કર્મે કાળા નાગથી થયો ભાઇ તુજકાળ;
ભોકાયા ભાલા; (૨) હૈઆ માંયરે. કુંવરજી૦ ૨
દુઃખીઆરી માતા તણી, દયા લાવને મંન;
આળસ મરડી અંગની, ઉઠો મારા તન;
ઉઠી છે જવાળા; (૨) શાન્તિ શે થાયરે. કુંવરજી૦ ૩

લાશ ઉપાડી સ્મશાનમાં ગઇ, ત્યાં સુકાં લાકડાં, વિણી લાવી ચિતા ખડકી, અને અગ્નિ સળગાવી બાળકને સુવારતાં પોકાર કરી રડવા લાગી.

(તારા) રાગ. પરજ, ઉજ્જયની રંડાપો; ઢબ;

વોય હાય કેમ સહેવાશે બાળા બળાપો.
રખે દાઝો રોહિત પ્રાણ પ્યારા, અડે અંગારા અંગને તમારા;
તંન દેખીને ત્રાસ પામી તારા. રે વોય. હાય૦ ૧
રાજ રોહિત મુકીને તમે જાશો, અવધપતિ જોવાની હતી આશો;
જોઇ લાલા તમારી લાશો. રે વોય, હાય૦ ૨
આક થોર અને અંઘેડી સોઇએ, બાવળ બોરડી દેખીને ઘણું રોઇએ;
અગરચંદનની ચિતાઓ જોઇએ. રે વોય. હાય૦ ૩
તુજ પિતાને ખબરો ન જાય, તારા મુખનો મેળાવો ન થાય;
અંત આવ્યો લાગી મુને લ્હાય. રે વોય. હાય૦ ૪

લાવ્ય લાવ્ય, કુંવરની ચિતાના સંગમાં મારે માટે પણ ખડકું ! અરે હું બળી મરૂં ! હવે મારે શા સુખને માટે જીવવું રહ્યું. અરે હા અફસોસ હું તો બ્રાહ્મણની દાસી છું, મારાથી એને દગો કેમ દેવાય. દેહ તજી પૈસા કેમ ડુબાવાય. જ્યાંસુધી આ દેહનો અંત આવે ત્યાં સુધી તેનું દાસત્વ પણું કરવા વેચાએલી છું. હવે મારાથી ચિતામાં બળાય નહિ. પણ મારૂં મન રોહિતની ચિતામાં બળવાનું કહે છે, હવે કેમ કરૂં. રોહિત વિના રહેવાતું નથી, અને સ્વધર્મ તજાતો નથી.

[કવિ.] ગિતિ.

ચિત્ત દોડે ચિતામાં, ધર્મ ફેરવે બ્રાહ્મણને ઘેર;
આવા ગમન અથડાતાં, તારા તનમાં ચઢી આવ્યા ફેર.

તારાનો પોકાર સાંભળી હરિશ્ચંદ્ર જાગી ઉઠયો, અને સ્મશાન ભોમીમાં મુડદું બળતું જોયું. તેજ વખતે માથાપુર ડાંગ લઇ દોડયો; અને ચિતાને લાત મારી.

[હરિશ્ચંદ્ર] મરાઠી સાખી.

ઉપાડ રંડા અહિં કયાં આવી, લાવી લુંડી લાશ;

કાળસેનનો કર દે આપી, ખપ કરીને ખાસ;
તવ કાર્ય થશે, લાવ્યલી પૈસા પાશે હશે. તવ.

(તારા) ગિતી.

ખરે બ્રાહ્મણુની લુંડી, હરિશ્ચંદ્રની નારી હું તારા;
રોહિત નાગે કરડયો, ગ્રહ સર્વે કુઠામ પડયા મારા.

રોહિતનું મૃત્યુ સાંભળી હરિશ્ચંદ્ર મુર્છાગત થયો. તારાએ વિચાર્યું અરે મારા પતિનું નામ સાંભળી આ ડોમને પણ દયા આવી. અરે શ્મશાન રક્ષક સાવધ થાઓ સાવધ થાઓ ! ભડકાને અજવાળે જોતાં હરિશ્ચંદ્રના મસ્તકમાં લલાટે રહેલો મહામણી ચળકયો કે જે છત્રપતિનું ચિન્હ છે; તે જોઇ તારાને ઓળખાણ પડી, અરે શું સ્વામિ ચંડાળના દાસ !

અરે રાજને પાટ જતાં, જંગલે જંગલ ભટકતાં, અન્ન ને દાંતને વહેર થતાં પુત્રનું મૃત્યુ સાંભળતાં, અને પુત્રને અગ્નિદાહ કરતાં જેટલું ખોટું નથી લાગ્યું, એટલું આજ માઠું લાગ્યું અરે સ્વામિ નિચના ગુલામ થયા છો ! હરિશ્ચંદ્ર કહે તારા જે કાળે જે પળે ત્રિલોકીનાથ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં રહેવું અને પ્રભુનું ભજન કરવું એજ આપણો ધર્મ છે.

(હરિશ્ચંદ્ર) રાગ; ડરમાં તું દીલસાથ.

તું ધિરજ ધરને નાર. મુખથી સમરો સરજનહાર.
(તારા) મુને લાગે અંગ અંગાર, પુત્રનો છોડાએ કયમ પ્યાર.
પ્યાર ન છુટે, નિર ન ખુટે;
બાળ કાળ બળ લઇ ગયો સારૂ, ધુળ થયું આજે જીવતર મારૂ;
નવ્ય રહ્યું કાંઇ નજરે જોવાનું, શ્રૃષ્ટિ સકળ દેખી દેખી રોવાનું;
રોહિત રણમાં મુકી કયાં ગયો, કાંઇ ઠરાવનો નહિ ઠાર. પુત્રનો. ૧
(હરિ.) રે રે રાણી, ભરશો ન પાણી;
પુત્ર પ્રગટ જાણો દેહિના ડામ, અંત સુધી કોઇ આવે ન કામ;
હાય કરી હશું હૈએ ન ધરવું, સાચા ધણી કેરૂ સમરણ કરવું;
ભવ સાગર તરવો સહજ નથી, સ્યાણી સમજો સાર. મુખથી. ૨
(તારા.) ધિરજ ઘોછો, સાચું તે કહો છો;
ઘાટ ઘડયો કેવો ગોવિંદે ગમતો, બાગ બગિચામાં બાળક રમતો;
નિર્દોષિ બાળને ડંખીઓ નાગે, કહો રાજા મને કેમ ન લાગે;
રે રોહિત હવે હું તને કયાં દેખીશ ! જોઉં નજરે વારંવાર. પુત્રનો. ૩
(હરિ.) સાંભળ તારા બોલ તું મારા;
જગતપતિ બધા જગને સંભાળે, ખોટું કરે નહિ કોઇનું કો કાળે;

સદા સતિ કહો છત કોની છાજી, મિથ્યા જગત સુખ સ્વમાની બાજી;
રોહિત મુકી રામને સમરો, તો પામો ભવપાર. મુખથી. ૪

(તારા)—પ્રભુ ! અરે હાય શું થયું, રોહિતનું મૃત્યું હાય...હાય.

હરિશ્ચંદ્ર—તારા; જેટલી પિડા અંગ ઉપરના ગુમડાની છે તેટલીજ પુત્ર પુત્રાદિકની છે, અને દેહ છે એ ગુમડારૂપજ છે. જો ગુમડુ વધે છે, દેહ પણ વધે છે; ગુમડુ દુઃખે છે તો દેહ પણ અનેક દુઃખોથી ભરેલી છે, ગુમડાને પોટીસ જોઇએ તો દેહને પણ પોટીસ જોઇએ. (ઘઉં બાજરી, ચોખા, દાળ, શાક ભાજી વિગેરે.) ગુમડાને પાટો જોઇએ, તો દેહને પણ ઉઘાડી રખાતી નથી, ગુમડુ અચિંત્યું ફુટે છે તો દેહ પણ અચિંતી પડે છે; ગુમડામાંથી જે પદાર્થો નિકળે છે, તેજ પદાર્થો દેહમાંથી પણ નિકળે છે; માટે હે સ્ત્રિ, પુત્રનો શોક મુકી જગત નિયંતાની ભક્તિ કરી ઉદ્ધાર માગ્ય. અરે પણ આ શું ! મડદુ તો બળી ચાલ્યું. લાવ્ય મારા સ્વામિનો કર !

તારા—પતિ મારી પાસેથી પણ કર !

રાજા—હે સ્ત્રિ, એક પૈસો અને સવાગજ કપડુ મારા ધણીનું તે મારાથી મુકી ન દેવાય; જા મને મળવાની ખિચડી તે મારે ન જોઇએ.

તારા—તેની સાથે વસ્ત્ર પણ પતિ...

હરિશ્ચંદ્ર—વાહ કતિ ! તારી કેવી અલ્પમતિ ! અરે જે સત્યતાને માટે રાજ્ય છોડયું, જે ધર્મને માટે વન વેઠયું, જે ધર્મને માટે પુત્ર વેચ્યો, પત્નિ વેચી, અરે જે ધર્મને માટે નિચનો દાસ થયો; તે ધર્મ જો અડધા ગજ કપડા માટે જાય ! તો તો પૃથ્વિ પ્રલયકાર થાય, સુર્યમાં અંધકાર થાય; અરે તારા, બ્રહ્માના મુખે ઉચ્ચાર થતા વેદની વાણી ઉપર પાણી ફરી વળે.

તારા—પણ હું વસ્ત્ર કયાંથી લાવું ?

હરિશ્ચંદ્ર—ન હોય તો ઉપાડ મુડદુ ! ગંગાજીમાં ઉભી રહી ખોબે ખોબે પાણી છાંટી ચિતા હોલવ !

તારા—અરે હાય ! પતી લ્યો આ વસ્ત્ર. (પહેરેલી સાડી અડધેથી ચિરી નાંખી હરિશ્ચંદ્ર ઉપર ફેંકી, સાડી ચિરાઈ તેની સાથે શ્રી કૃષ્ણચંદ્રનું હૃદય પણ ચિરાયું.)

વિશ્વામિત્ર—હરિશ્ચંદ્ર; અરે નિર્દય હરિશ્ચંદ્ર ! સમજ; વિચાર કર; ઘુવડની માફક આંખ શું મિચછ ! જાગ્ય, જાગ્ય ! જો તારી કેવી બુરી હાલત છે ! તે આ તારી ખોટી હઠને લીધેજ છે.

હરિશ્ચંદ્ર—કૃપાનાથ; રાજા હરિશ્ચંદ્ર વો જુદીજ મુર્તિ છે. ચંદ્ર તો એકજ છે. અરે હું અસત્ય ભાષણ કરૂં તો મારા નામમાં રહેલા હરિ લાજે, અરે હાય ! મારી જનુનિ લાજે.

(વિશ્વામિત્રે ઇંદ્રને વૃષ્ટિ કરવા હુકમ કર્યો.)

કવિ) ગિતી.

ઇંદ્ર તણા હુકમથી, બારે મેઘ તવ પડીઆ છે તુટી;
અર્ધ બળેલો રોહિત, તારા લઇને તવ નાશી છુટી.

ચિતા છંટાઈ ગઇ, હરિશ્ચંદ્ર નાશી ઝુંપડીમાં ભરાયો, તારા શંકરના તુટેલા ડેરામાં પેઠી, અને બળેલા પુત્રને ખોળામાં લઇ બેઠી.

વિશ્વામિત્રે રાત્રે કાશી રાજાનો પુત્ર લઇ જઇ ઝાડીમાં સંતાડયો, અને સવારે જોશી થઇ દરબારમાં ગયા. જોશીને જોઇ કાશી રાજાએ કહ્યું મહારાજ મારો પુત્ર કયાં હશે ?

(વિશ્વામિત્ર.) મરાઠી સાખી.

સુત તારાને શેકી નાંખી, ડાકણ ભક્ષ કરે છે;
ગંગા તિરે શંકર ડેરે, પુત્ર ધણીના હરે છે;
તેં પ્રશ્ન કર્યું, ઇશ્વર કરશે તો પડશે ખરૂં. તેં પ્રશ્ન.

તેજ વખત રાજા અનેક માણસો સહિત સ્મશાન ભોમિમાં આવ્યો, ત્યાં તારાને બેઠેલી દીઠી. જેની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે, અંગ ઉપર અડધું વસ્ત્ર છે, બળેલો પુત્ર ખોળામાં સુવાડયો છે; આવું દેખી રાજાએ પોતાનાં માણસોને હુકમ કર્યો.

(રાજા) મરાઠી સાખી.

મારો કાપો ડાકણ પેલી છુટા પથરા નાંખો;
સુત મારાને શેકી ખાએ, શે સામન્ત ઉભા સાખો;
લાવો ચંડાળ સહી, પ્રાણ તજાવો પલક માંહિ. લાવો.

અવાજ થતાં અબળા ઉપર લોકો તરફથી પથ્થરનો વરસાદ વરસ્યો. અંગમાંથી લોહીની અનેક ધારાઓ નિકળી. કાળસેન ડોમ આવ્યો તેને રાજાએ કહ્યું પેલી ડાકણનું મુસ્તક ધડથી જુદુ કરો !

ડોમ—પૃથ્વિનાથ એ ડાકણ હોય એમ મને ભાસતું નથી, રહો હું પરિક્ષા કરૂં. (પોતાના બન્ને કુતરા છોડી મુકયા તે તારાની પ્રદક્ષણા કરી પગે પડી પાછા વળ્યાં;) મારાથી નહિ મરાય !

રાજા—મારા હુકમનું માન્ય કર ! નહિતો વિપરીત થશે, કુતરાનો સ્વભાવ છે કે ધડીમાં ગેલ કરે ને ઘડીમાં ભસે.

ડોમ—રાજા ધિરાજ, હું તો નહિ મારૂ, પણ મારો નોકર ખેમરો મસાણી મારશે. હરિયા ! હે હરિયા !

હરિશ્ચંદ્ર—હુકમ અન્નદાતા સલામત, દાસ હાજર !

કાળસેન—હરિયા, રાજાધિરાજનો હુકમ છે; આ સ્ત્રિનું માથુ કાપી નાંખ્ય!

હરિશ્ચંદ્ર—જેવો અન્નદાતાનો હુકમ ! તૈયાર છે તલવાર.

(તારા) દોહરો.

અગાધ બુદ્ધિ ઇશની, વિફલ ધન્ય વિવેક;
આખર કીધાં એકઠાં, તેં રાખ્યો તુજ ટેક.

(તારા) રાગ; વણઝારો.

મારો મારો *અસિ પતિ મારા, આજે થાય કૃતારથ તારા.
ધન્ય ભાગ્ય આ શું ઓચરવું, રૂડી રતિ પતિ હાથે મરવું;
જેથી પામુ ભવજળ પારા. આજે. ૧
મારા કંથ ન કરવો કલેશ, પડયું દુઃખ ન ગણુશો લેશ;
સ્વામિ દીસે સદા દિન સારા. આજે. ૨
જગમાંહી સત્યતા ઝામો, પાળી સત્ય સદા સુખ પામો;
સુખે સમરો સરજનહારા. આજે. ૩

(વિશ્વામિત્રની પધરામણી થઇ.)

તારા—(ચર્ણ પડીને) પ્રભુ અંતકાળે આપનાં દર્શન, કેવું ધનભાગ્ય!

વિશ્વામિત્ર—હરિશ્ચંદ્ર સમજ સમજ, હજી તારી ખોટી હઠ છોડતો નથી, પુત્ર ખોયો, પત્નિ ખોઇશ અને આખર બેહાલ થઇને રોઇશ. એકવાર કહે કે મારાં પુત્ર પત્નિ વેચાવી તમે સુવર્ણ લીધું કે કેવળ અનર્થ છે, જો અયોદ્ધાનું રાજ્ય મળે છે કે નહિ નિચની ગુલામગિરી છૂટે છે કે નહિ!

હરિશ્ચંદ્ર—વાહ ! વિશ્વામિત્ર ! તમે મને અસત્ય બોલાવવાને જે પ્રયત્ન કરો છો તે સર્વ ખોટા છે ! પત્નિનો નાશ થાય તોપણ શું એકથી હજાર પુત્રનો નાશ થાય તો પણ શું રાજ્યથી કાંઇ વિશેશ જાય તો પણ શું ! અજાદિક પશુને માટે ૫, ગૌ ને માટે ૧૦, ઘોડાને માટે ૧૦૦, પુરૂશને માટે ૧૦૦૦, અને સુવર્ણને માટે અસત્ય બોલનારની ૧૦૦૦૦ દશ હજાર પેઢી નર્કમાં જાય છે, માટે હે વિશ્વામિત્ર જ્યાં સુધી સુર્ય ચંદ્ર તપે છે ત્યાં સુધી હરિશ્ચંદ્ર અસત્ય ભાસણુ નહિ કરે. વિદાય થાઓ કેડો મુકો, નહિતો વિપરીત થશે !

વિશ્વામિત્ર—જા તારાં લાગ્યાં ભોગવ ! હું જાઉછું.

હરિશ્ચંદ્ર—તારા ! સાવધ થા, ઇષ્ટને યાદ કર ! પ્રભુને દાદ કર. સ્વર્ગમાં વાસ કર ! કુમતિનો નાશ કર, આ ફના દુનિયાને છોડી ઇંદ્રભો-

* અસિ—તલવાર.

વનનું અચળ સુખ લે, સાવધ રહેજે ઘા થાય છે, હબકીશ નહિ, ઝબકીશ નહિ, હવે દુઃખ દરિયા રૂપી સંસારનો અંત આવે છે. (જય જય વૈકુંઠપતિ.)

[કવિ] **મરાઠી સાખી.**

શમશેર લઇને સામો ઉભો, ખેમરો એજ મશાણી;
સત્ય પાળવા સતિને મારે, પ્રભુએ પકડયો *પાણી;
ઉભા સન્મુર કહી, બ્રહ્મા શંકર સાથ લઇ. ઉભા.

પ્રભુએ હરિશ્ચંદ્રનો પાછળથી હાથ પકડયો, તલવાર હાથમાંથી છુટી ગઇ તે ફુલનો હાર થઇ તારાની ડોકમાં પડી. ત્રણ દેવ ઉભા છે, એવે ઇંદ્ર, અગ્નિ, યમરાજ; તથા વશિષ્ટ મુનિ વિમાનમાં બેસી અંત્રિક્ષથી આવ્યા. રોહિત સજીવન થયો, અને સર્વ પ્રભુના ચર્ણમાં પડયા.

[કવિ] **મરાઠી સાખી.**

ચક્ર ચઢાવ્યું ચત્રુભૂજે, વિશ્વામિત્રને માટે;
થરથર ધ્રુજે કાંઇ નવ સુજે, ફુંકે પૃથ્વિ ફાટે;
(વિશ્વા) આવી છેલ્લી ઘડી, પ્રથમ ખબર મુને કાંઇ ન પડી.

વિશ્વામિત્ર—અરે અવદશા આવી, મારા ક્રોધી સ્વભાવે કરી, હાથે દુઃખ હોર્યું અરે ઉકળતી ખેંળ અંગ ઉપર લીધી, દેવની સભામાં ઇજ્જત ગઇ ચક્ર દેખી ભય પામ્યા. વારાફરતી સર્વ દેવનું શરણું માગ્યુ, પણ કોઇ શરણુ રાખી શકયા નહિ, આખર હરિશ્ચંદ્રના ચર્ણમાં મુસ્ત મુકયુ.

રાગ, બેરકાં લગી મેરાબના.

પાપી પુરો રામા રામો પાપી પુરો, રે રે રે રામ.
પાપી હું પુરો, નહિ અધુરો, કહેવાયો બુરો, જગમાંહે રામ. ૧
મુસ્તકનામું, રાજા તારે પાએ નામુ, રે રે રે રામ;
પાએ નામું, કૃપા હું પામુ, ઘણો કર્યો અપરાધ રાજા. ૨
માફ કરીએ; મહારાજાજી માફ કરીએ; રે રે રે રામ;
માફ કરીએ, ચિત્ત ન ધરીએ. ઉચરીએ સત્ય વાણ રાજા. ૩

આવતા ચક્રના સામો હરિશ્ચંદ્રે આડો હાથ ધર્યો, ચક્ર અટકયું અને ભગવાન ક્રોધાયમાન થયા. અરે હરિશ્ચંદ્ર! એ બ્રાહ્મણનો નાશ કરવાદે!

હરિશ્ચંદ્ર—પ્રભુ એમનો અપરાધ શું ?

ભગવાન—હરિશ્ચંદ્ર ! તારો કેડો લઇ અસહ્ય દુઃખ દેનાર, તારે માટે ઇંદ્રના દરબારમાં ઝઘડાનો કરનાર, કપટથી ત્હારૂ રાજ્ય પડાવનાર, ત્હારા પુત્રને નાગ થઇ ડસનાર, તારી સતિ સ્ત્રીને ડાકણ ઠેરવનાર અને સઘળી દુર્દશા કરનાર આ વિશ્વામિત્ર છે.

---

* પાણી—હાથ.

હરિશ્ચંદ્ર—એમાંથી એકે વાતનું દુઃખ હું માનતો નથી. વિશ્વામિત્રને મરાય તો બ્રહ્મહત્યા થાય, પિત્રિ નરકે જાય; મારા કપાળમાં મેંશનો ચાંલો થાય. આપને કરગરીને કહેવાનું એજ કે, એ વિશ્વામિત્ર હોય નહિ અને મને આપનાં દર્શન થાય નહિ!

ભગવાન—તને દર્શન એ તારા સત્યનો પ્રતાપ છે!

હરિશ્ચંદ્ર—સત્યતો સદા હતું; પણ મને કસોટી ઉપર ચઢાવનાર વિશ્વામિત્ર છે. પોતે આ સંસારમાં કૃપાવશ આવેલા છે. મારા જેવા અસંખ્ય પુરૂષો એમના ચરણની રજ છે; માટે હે ભગવાન એમને મારવા પહેલાં આ દાસને મારવા વિચાર કરજો!

ભગવાન—તારા; તું કાંઈ માગ્ય!

તારા—વિશ્વપતિ, માગુ એજ, રાજા હરિશ્ચંદ્ર સરખો પતિ, રોહિત સરખો બાળક અને વિશ્વામિત્ર સરખા ગુરૂ જનમો જનમ મળે.

ભગવાન—અરે આને તો માગતાં ન આવડ્યું, પણ બાળક વિશ્વામિત્રનું મૃત્યું માગશે. બાપ્ય રોહિત તું માગ્ય!

રોહિત—સરવેશ્વર! હરિશ્ચંદ્ર સરીખો પિતા, તારા સરીખી માતા, અને વિશ્વામિત્ર સરીખા ગુરૂ સદા સર્વદા મળે!

જ્યારે એકે તરફથી ઉપાય ન ચાલ્યો ત્યારે ચતુર્ભૂજે ચક્ર પાછું ખેંચી લીધું અને કહ્યું; અરે હરિશ્ચંદ્ર અયોધ્યાની ગાદી સંભાળ!

હરિશ્ચંદ્ર—કૃપાનાથ હું બ્રાહ્મણને આપેલું દાન પાછું નહિ લઉ! કદાચ દાસ તરીકે સેવા બજાવું! પણ હું નિચના સંગથી ભ્રષ્ટ થયો છું.

વચન સાંભળી **યમરાજ** કહે હે હરિશ્ચંદ્ર જેને ઘેર તું વેચાયો તે ઢેડ નહિ પણ હું પોતે. તારા વેચાઇ તે બ્રાહ્મણ નહિ પણ આ ઉભા તેજ અગ્નિદેવ; અને રોહિત વેચાયો તે માળી નહિ પણ બ્રહ્મા. તારા સત્યની કસોટી થવાની છે એમ જાણી અમો પ્રથમથી ત્હારા ધર્મનો બચાવ કરવા આ નગરમાં આવી રહ્યા હતા. વિશ્વામિત્રે રાજ્ય ભોગવવાને ઇરાદે લીધું નથી; ફક્ત તને અસત્ય ભાષણ કરાવવાનેજ માટે! જા, અવધપુરી સુની પડી છે.

વિશ્વામિત્ર તો જાણે " તેલમાં માંખ બુડી. " અરે " ન રહ્યા દેવમાં કે ન રહ્યા દાનવમાં. " સર્ત હાર્યા. હવે કુતરાના માથાની ખોપરીમાં ભોજન નહિ કરીએ, તોય ન્યાતી બહાર રહેવું પડશે, અને કરીશું તોય રહેવું પડશે; માટે અહંકાર નમાવી વશિષ્ટને શરણે જવું તોજ મારો રસ્તો નિકળશે, હે વશિષ્ટમુનિ હું કેવળ અજ્ઞાન અને અવિચારી છું, માટે મારો અપરાધ ક્ષમા કરો!

વશિષ્ટ—હે વિશ્વામિત્ર! કુતરાના માથાની ખોપરી જમીનમાં દટાવી

તેમાંથી સાતવાર તામસી શ્રુષ્ટિ ઉત્પન્ન કરી, પછી એમાં બી રોપાવી તુમડાનો વેલો ચલાવીને તે વેલાના છેલ્લા તુમડામાં ભોજન કરો ! એટલે એક બાદ નહિ આવે.

(હરિશ્ચંદ્રે વશિષ્ટમુનિના ચર્ણમાં મુસ્તક મુક્યું.)

વશિષ્ટ—હે રાજા હરિશ્ચંદ્ર; તારો અવતાર સફળ છે. સોનાનું તોલ કરવા ચણોઠી અને કિમ્મત કરવા શાલિગ્રામ છે. રત્નનું તોલ કરવા પણ ગુંજા* અને કિંમત કરવા દિવ્ય ચક્ષુ છે, પણ ઘણા હર્ષની વાત છે કે રાજા હરિશ્ચંદ્ર તારા સત્યની કિમ્મત કરવા; તપથી ત્રિભોવનને ડોલાવનાર; સર્વમાન્ય, જેની ચરણરજથી પાપી પાવન થાય, એવા પ્રતાપી વિશ્વામિત્ર છે.

(કર્તા) અહાહા ! સત્યતો સત્યજ. સત્યવાન સ્વર્ગ, મૃત્યુ, પાતાળ સર્વ જગાએ માન્ય અને પૂજ્ય છે. જે સત્યનેજ વળગે છે તેજ સ્વર્ગના સુખને સહેજે પામેછે; અને પતિવ્રતા સ્ત્રિનો એ પ્રભાવ છે કે જેની દાસી થવાને દેવાંગનાઓ ચાહના કરે છે. આજ્ઞાકારી પૂત્રની સેવા સ્વર્ગના સુર સહિત શક્ર ઇચ્છે છે. માટે મનુષ્યે સત્ય બોલવું, સત્ય ચાલવું; પૂત્રે માતા પિતાની આજ્ઞા માન્ય કરવી; અને સ્ત્રિયે પતિવ્રત ધર્મ પાળવો.

શ્રી સદગુરૂદેવકી જય.

(કવિ.) ગિતિ

સોનું શ્યામ ન હોયે, અરૂણ ન ધારે કદીએ અંધારૂં;
અગ્નિના અડતામાં, શેષ રહે નાહ સિલીકમાં દારૂ.

લાવણી.

પાળ્યું હરિશ્ચંદ્રે સત્ય, પ્રભુએ રાખી પત્ય;
તેતો અંતે પામ્યો ગત્ય, જેને જગત જાણે. હાંહા રે. ૧
એવા સત્યના બેલી ઇશ, છે સાચા શ્રી જુગદીશ;
કાપે કોટી કોટી કિલ્મિશ, જેને વેદ વખાણે. હાંહાં રે. ૨
પામ્યો અંતે અવિચળ રાજ્ય, સારો વૈભવને સુખસાજ;
લાગી ગાધી પુત્રને લાજ, મુખ ઝાંખુ થયું. હાંહાં રે. ૩
ટાળ્યું દિન જનોનું દુઃખ, શ્રષ્ટિમાં સરજાયું સુખ;
આવ્યા વશિષ્ટ ઉજ્વળ મુખ, જેનું પણ રહ્યુ. હાંહાં રે. ૪
સત્ય પાળે આદી અંત, ધન્ય ધન્ય એહ સંત;
બાપુ ભણે ભગવંત, તેનું કાર્ય થશે. હાંહાં રે. ૫
માટે કહું છું કરજોડ, બીજી મુકી દોડાદોડ;
મુખે સમરો શ્રી રણછોડ, જન સ્વર્ગ જશે. હાંહાં રે. ૬

---

*ગુંજા–ચણોઠી

કુંવરબાઇનું મામેરૂ.

રાગ; પુનમ ચાંદની ખિલી;

શ્રવણુ, કિર્તન, સમરણુ, સેવન, અર્ચન વંદનારે;
દાસત્વ સખા, વળી આત્મનિવેદન જાણુ;
ભક્તિ સાધન સૌથી સાર, અને સુખકાર છે રે.
ધર્મ મરાએ અર્થથી, કામ મોક્ષનો કાળ;
સાધન સાધે મોક્ષનાં, અર્પે શ્રી ગોપાળ:
પણ દુર્લભ દેખું, ભક્તિ ભૂધરજી તણીરે;
જે ઉપર વિંટી, પુર્ણ કૃપણુતા જાળ. ભક્તિ. ૧
પ્રિતિ પ્રભુના ચર્ણમાં, સમરણુ સાસ ઉસાસ;
[૧]નિધિ જાણી જગતને, લેશ કરે નહિ આશ;
જે કંઠે કૃષ્નનું, કિર્તન નિત્ય ગવાયછેરે;
તેના ચર્ણને સેવે, દેવાદિક [૨]ધરી ધાસ. ભક્તિ. ૨
ભક્તિ થી સુખ [૩]સ્યામનું, પામ્યા ભક્ત અનેક;
ગાવામાં ગુણિયલ નહિ, કેમ હું પામુ છેક;
ગાંડો ઘેલો સાચો જુઠો, ને વળી સ્વાર્થિયો રે;
સૌનો બહાનું જાણી, રાખો ત્રિકમ ટેક. ભક્તિ. ૩
ભક્તને આધિન ભૂધરા, તત્પર કરવા કામ;
દિન રજની દેખી નહિ, નરસૈયાને નામ;
પુર્યું કુંવરી કુંવરનું, મામેરૂ મહા મુલનું રે;
કયમ હોય કમીના, રીઝો જ્યારે રામ. ભક્તિ ૪
દાસતણા દુઃખ ફેડવા, અવનિ લ્યો અવતાર;
હરજી ઝાલો હાથને, ઉતારો ભવ પાર;
કહે કરજોડીને બાપુ, બળત્રા હોલવો રે;
આ દુઃખ રૂપી હું, દેખુછું સંસાર. ભક્તિ. ૫

[૪]કૃત, ત્રેંતા અનેદ્વાપર, ત્રણ યુગ પુર્ણ થયા ત્યારે કૃષ્ના અવતારની લીલા કરી શ્રી હરી દયાળુ બુદ્ધા અવતાર ધારણ કરીને બેઠા. કળિયુગનું મંડાણ મંડાયું, યજ્ઞાદિક લોપ થયા, ધર્મનો નાશ થવા લાગ્યો, બ્રાહ્મણોએ આચાર છોડયા; ક્ષત્રિઓએ વિચાર છોડયા; માતા પિતાના વચનનું પુત્ર, અને ગુરૂનાં વચનનું શિષ્ય અપમાન કરવા લાગ્યા, પુરૂષ પુરૂષાર્થ હિન થઇ ઘર જમાઇ

નિધિ-સમુદ્ર; અહિં ખારાશ અર્થ છે, ૨ ધરી-ધારણ કરી. દાંતમાં પકડીને. ૩ સ્યામનું-આત્માનું સુખ પર્માનંદ ૪ કૃત-સત્ય.

રહ્યા; તિર્થાટણુની પ્રિતી ઘટી, હરિ કથાનો પ્રેમ ઓછો થયો, ભજન છોડી ભાંડમાં ભરાયા; ભગવાનનું પુજન તજી મેલા મંત્ર જપવા લાગ્યા; તુળશી રૂદ્રાક્ષ જતાં કાચના મણકાનું માન વધ્યું, યવનથી ગાયોનો સંહાર થવા માંડયો. અસત્ય ભાષણુ થવા માંડયું, સાધુની નિંદા થવા લાગી, જુઠી સાક્ષિયો પુરવા માંડી, ગાયત્રિનો લોપ થયો , યાત્રામાં કર વેરા થયા, મુર્તયો ઉપર યવનના આયુદ્ધના પ્રહાર થયા; કે તર્ત પૃથ્વિ પોકાર કરતી પ્રભુ પાસે ગઇ તે વખત ભગવાને સર્વ દેવને આજ્ઞા કરી કે તમે દેવ માત્ર અવનિમાં અવતાર ધરો; મારા રામાઅવતારનાં અને કૃષ્ના અવતારનાં ચરિત્ર ગાઓ; ડુબતી દુનિયાને ઉપદેશ કરી શિધે રસ્તે ચઢાવો ? તમારા ઉપદેશથી જે સુધરશે તે મારા પદને પામશે, અને બાકીનાને દંડ દેવા યમરાજ તૈયાર છે, જાઓ ? ઉદ્ધવજી તમે પુન્ડરી ક્ષેત્રમાં દરજી થઇને અવતરો અને નામદેવ નામ ધારણુ કરો. શુકદેવજી તમે કાશીમાં કબિર થઇ રહો, હું તમને અયોનિ જન્મ આપીશ. વાલ્મિકજી તમે તુલશીદાસ થઇ અ. અવતરો. હે રાજા મુચકંદ, હે સાક્ષાત શંકરનો અવતાર, તમે જૂનાગઢમાં નરસિંહ મહેતા થઇ અવતરો ! જાઓ ઝટ મારા નામનો પ્રતાપ સંભળાવો, નામ લેવરાવો અને અવિદ્યાનો નાશ કરી જ્ઞાનરૂપી દિવાને તેજ કરો ! એજ દ્રઢ રાખજો કે કળિયુગમાં નામ સાધન શ્રેષ્ટ છે.

(કવિ.) મરાઠી સાખી

ભૂતળ ભાર ઉતારવા માટે. શ્રીહરીએ કર્યો વિચાર;
દેવ સકળને કરી આજ્ઞા, અવનિ લ્યો અવતાર;
કરી ભક્તિ ત્યાંય, સત વરતાવો કળિયુગ માંય. કરી.

જુનાગઢમાં ઉત્તમ નાગરની ન્યાતમાં નરસિંહ મહેતાનો જન્મ થયો. એમના બાપનું નામ કુષ્નદામોદર અને દાદાનું નામ વિષ્નુદાસ હતું. બાલ્યા અવસ્થામાં માબાપ મરી ગયાં હતાં, પણ બાપની માએ નરસિંહને ઉછેરીને મોટો કર્યો હતો. આઠ વરસની ઉમ્મર સુધી બોલવા શિખ્યો ન હતો, એવામાં કોઇ સંત મહાત્મા આવ્યા; તેમની પાસે ડોશી નરસિંહને લઇ ગઇ. મહાત્માએ કહ્યું બચ્ચા "રામકૃષ્ન"[1] કહો. તેજ વખત નરસિંહની વાચા ઉઘડી. પોતાના મોટાભાઇ રાજદ્વારે નોકર હતા ઘેર ગાય ઘોડુ રાખતા તેની ચાકરી નરસિંહને હાથે થતી. વગડામાંથી ભારા લાવવા પડતા,

૧ રામકૃષ્ન= એ પ્રભુનું નામ છે તેજ પહેલ વહેલું મહાત્માએ બોલાવ્યું. સંબંધિયો પ્રભુ નામ લેવરાવતા નથી પણ સગાં ઓળખાવે છે. માટે નરસિંહની વાચા બંધ હતી.

છાણુ વાસીદુ કરવું પડતું અને ભાભિના કઠોર વચન સહન કરવાં પડતાં. કુળવાન માટે મહેતાજીનું લગ્ન બાળપણમાં થયું હતું.

(કવિ) ગિતિ

જુનાગઢમાં જનમ્યા, ઉત્તમ કુળ ને નાગરની ન્યાત;
નામે નરસઈ મહેતા, વણુશિધર છે વડો નિજ ભ્રાત.

લાવણી ઝુલની.

એ ભ્રાત વડાને, ઇર્ષા* નામે નારી;
તે કાંધ દિયરને. ધરે ધુંસરૂ ભારી.
ધરી ધાક ધણીની, સેવા સુખ દુઃખ કરતી;
પણ પછી દિયરના, સુખમાં શલ્યા ધરતી.
ખાધાગજો તો રાખો કેટલો, વરનારાનું ધાન વરે;
હૃદય કાપ મહેતાને મુકયો. પછી શામળો સ્હાય કરે.

એક વખત ખરા મધ્યાને મહેતા ચારનો ભારો લઇને ઘેર આવ્યા; ત્યારે ઠંડુ જળ ન્હાવા અને સુકો રોટલો અને તાડી કઢી ખાવા, ભાભીએ સુચના કરી. જમતાં જરા કઢીમાં મિઠું ઓછું માલમ પડયું ત્યારે સહજ સ્વભાવે મહેતાજી બોલ્યા, ભાભિ આજે કઢીમાં મિઠુ ઓછું છે. તેજ વખત હુનાળાની આગની માફક ભાભિ ભભુકી ઉઠી.

(ભાભિ) મરઠી સાખી.

ખારૂ મોળુ મનમાં સમજો. ન હોય તમારી નારી;
બોલ કહો તે બૈરી સાંખે, શું કરો ફજેતી મારીઃ
મેં ઝખ મારી, હાય હાય; પરણી આવી આ દારી. મેં ઝખ.

(મહેતા) ઓશિયાળા થઇ રોતાં,

રાગ. મારા ભાગ્યતણોનહિ પાર.

મારો ઓશિયાળો અવતાર, કયાંથી પમાય દુઃનો પાર.
માતપિતા સ્વર્ગે જઇ પહોંચ્યાં, મુકી મુજને આંહી;
બંધુ બેલ્યમાં દુઃખી અતીછું. મુને તેડાવો ત્યાંહી. મારો. ૧
બંધુપતિન બડબડતી બોલે, પરઘેર ભરતો પેટ;
છાણુ વાસિદુ સૌ સંભાળુ, તોય કરાવે વેઠ. મારો. ૨
પરાધિન સ્વપ્ને સુખ નાંહિ, દુઃખનો દરિયો દેખુ;
મેણા મારે ભાભિ મારી, નથી કર્યું મેં લેખુ. મારો. ૩
રળવું નહિ ને ખાવા રોટલા, બળી તમારી બુદ્ધ;
આવે નારી ખાજો વધારી, બાજરીઓ ને દૂધ. મારો. ૪

---

*ઇર્ષા=ખરૂ નામ મળ્યુ નથી, માટે ગુણને અનુસરીને મુક્યું છે.

હરામનું ખાવા સરજેલા, ખાવા જોઇએ રૂડું;
લોકો મધ્યે લાજ ઘટાડો, ભાઇનું બોલો ભુંડું. મારો. ૫
દુઃખતણા દરિયામાં નાંખ્યો. મર્મ વચનનો મારો;
પ્રાણ ત્યાગવા બાકી રહ્યા છે. ત્રિકમ આવી તારો. મારો. ૬

મહેતાજીનું આક્રંદ ભાભિયે પોતાના પતિને જુદા રૂપે ઉતાર્યું. સાંભળ્યું સ્વામિનાથ ! ઘરમાં તમારો ભાઇ નહિકે હું નહિ, એને “ મિયાની ભેંશને ડોબુ કહેવાતુ નથી ” શિખામણની વાત કહીએ તો એનાથી સહેવાતું નથી. કામે મોકલીએ છીએ તો વેરાગીના ટોળામાં જતો રહે છે, સત્તર પહોરે આવે છે. અને પુછતાં વાંત ત્રાગાં કરે છે. બોલ સાંભળી વણશિધરનો મિજાજ ગયો, કેમ અલ્આ ગમાર ! તારી બુદ્ધિ કેમ ફરી છે ! ચાલજા ! નિકળ તારૂં કાળુ કર ! જા વેરાગીની સાથે લંગોટી વાળીને માગી ખા ! ખબડદાર જો સવારે ઘરમાં રહ્યો છું તો.

(કવિ) રાગ, અબ ચલે ન મોહન તેરા.

સંકટનાં શુળ ભરાએ, મહેતાજી મન ગભરાએ.
(મહેતા.) અરે દૈવ દેખું દુઃખ અહાવું, સ્વપ્ને નહિ સુખી થાવું;
અરે ઓ બાપ, દુઃખ અમાપ, હ્રદયપર કાપ, લાગી દિલ લ્હાય. મેં. ૧
આવો ભાભિ ભ્રાતનો કેર, જાણે પુર્વ જન્મનું વહેર;
મળીને બે, અતી દુઃખ દે; વચન કુ કહે, ચિત્ત ચિરાય. મે૦ ૨

આખી રાત્રિ વિમાસણમાં કાઢી, સવાર થતાં, ભાઇના મનનો ક્રોધ સમાયો, નાનો ભાઇ છે, અજ્ઞાન છે એમ દર ગુજર કરી દરબારે ગયા. સવારમાં ભાઇએ કાંઇ ન કહ્યું તેથી મહેતાની ચિંતા ઓછી થવા માંડી. પણ ભાભીએ વજ્ર બાણ માર્યાં, ભાભીના કઠોર વચન સાંભળી મહેતાજી રીસાઇ ચાલ્યા. ચાલ્યા તો ખરા પણ પાછુ વાળી જોતા જાય છે કે હમણાં મનાવા આવશે, પોળે જઇ બેઠા. અરેરે કોઇ મનાવા ન આવ્યું, હવે પાછું ઘેર કેમ જવાય ! આટલામાં છું જાણશે તો કહેશે ઘણોય આવશે, લાવ્ય આગળ જાઉં. અરેરે કોઇ મનાવા નથી આવતું; એમ કરતાં મહેતાજી ઘણે દુર ગયા, ગામથી દશેક ગાઉને છેટે ગયા ત્યાં વગડામાં સાંજ પડી, ભયંકર વનમાં મહેતાએ વાસ કર્યો, ત્યાં તપાસ કરતાં અપુજ્ય શિવનું બાણ નજરે પડયું. વાંસે જળાશય પણ જોયું. એક ચિત્તથી પુજન કરી મહેતાએ સાત દિવસ ઉપવાસ કરી તપ કર્યું. શંકર પ્રસન્ન થયા. હે વત્સ માગ્ય માગ્ય શિ ઇચ્છા છે; હું ભોળોનાથ છું. નરસિંહે જાણ્યું જે પોતાને પ્રિય હશે કે કોઇને નહિ આપતા હોય !

મરાઠી સાખી.

(મહેતા) ત્રિભોવનત્રાતા સુખના દાતા, દેખંતાં દુઃખ વામુ;
વહાલી વસ્તુ જે હોય તમારી, તે નિશ્ચે હું પામું;
છે અભિલાષા, મુખ બોલે દાસાનુદાસા. છે

રાગ; લાવણી.

(કવી) શુણી હરખ્યા ભોળોનાથ, સાહ્યો નરસૈઆનો હાથ;
(શંકર)ચાલ ચાલ મારી સાથ, તને આપુ હરિ. હાહાંરે
(નરસિંહ) હવે હરિ શિદને આપો, શાને સેવકને સંતાપો;
આવ્યો શરણે સંકટ કાપો, હું નહિ માગુ ફરી. હાંહાંરે.
(શંકર) અલ્યા કહેવું મ્હારૂ માન્ય, મને વહાલા છે ભગવાન;
તેનું આપુ તુને દાન, તારૂ દળદર જશે. હાંહાંરે.
(કર્તા) (વૈમાનમાં બેસારી નરસિંહને વૈકુંઠ લઇ ગયા.)
(કવિ) બોલ્યા નંદેશને નાણી, મુખે મધુંરી વાણી;
નયણે ભરાયુ પાણી, મને શાન્તિ થશે. હાંહાંરે.
(શંકર) કહે શંકર શુણો શ્યામ, પુરૂષોતમ પુરણકામ;
નરસિંહ મહેતો આનુ નામ, તેના દાસ તમે. હાંહાંરે.
(ભગવાન)તેના દાસતણો હું દાસ. પ્રેમે પુરૂ તેની આશ;
પામે શત્રુ સઘળા ત્રાસ, જેવું જગને ગમે. હાંહાંરે.

શંકરના ગયા પછી ભગવાને પોતાની સોળ શહસ્ત્ર ગોપી એકઠી કરી પોતાનાં પણ તેટલાંજ રૂપ ધરી, છ માસની રાત્રિ નિર્માણ કરી; રાસ કર્યો તે જોતાં નરસિંહનો હર્ષ ઉભરાયો. રાસ પુર્ણ થયો ત્યારે ભગવાને નરસિંહને જુનાગઢ જવા હુકમ કર્યો. નરસિંહ કહે મહારાજ હું આપના ચરણુનો દાસ તેને દુર ન ખસેડો ? ભગવાને કહ્યું હે ભક્ત; જેવી લિલા તેં જોઇ તેવી જગતમાં ગાજે અને અનેક જીવોનો ઉદ્ધાર કરજે, લે તને આ તાલ આપું છું તે જ્યારે વગાડીશ ત્યારે હું હાજર થઇશ. અને તારા મનની ઇચ્છા પુર્ણ કરીશ. નરસિંહને વૈકુંઠ છોડવાનું મનતો નહિ, પણ લાચારીથી હા પાડી. ભગવાને મોરપિંછનો મુગટ માથે ઘાલ્યો, કેશરી પિતાંબર પહેરાવ્યું. અને વિમાને બેસારી વિદાય કર્યો. નરસિંહ ઘેર આવી ભાભિના ચરણુમાં પડયો અને પોતાની વૃદ્ધ માતાને દંડવત્ત પ્રણામ કર્યો.

વડાં માતાજી—એ રોયા ! આ શું ઘાલ્યું છે, કાઢી નાંખ્ય ! આ મોરનાં પિછાં શાં ! કયાંથી લાવ્યો ?

નરસિંહ—માતાજી, હું વૈકુંઠમાં જઇ ભગવાનનાં દર્શન કરી આવ્યો.

માતાજી—છાંનો રહે! છાંનો રહે! નાગરી નાત છે ગાંડાં ન કાઢય; ડાહ્યો થા!

નરસિંહે જાણ્યું આ ઉંધા સંસ્કારના માણસોને ઇશ્વરની બાબતમાં ઇતબાર આવેજ નહિ, પોતાની સ્ત્રિને તેડાવી, મહેતાજી દામોદર ભગવાનનું મંદિર સ્થાપન કરી રહ્યા, અને રાત દિવસ હરિ કિર્તન ચાલતું રાખ્યું. નરસિંહનો વેષ ને વર્તણુક જોઈ નાગરો હસવા લાગ્યા. અરે આ શુ પેલા વણુશિધરનો ભાઇ અલ્યા બાવોજ બની ગયો છે.

કમળાધર—સારંગધર! શું માની કુખે રતન પાક્યું છે!

સારંગધર—એનો જનમ થયો હશે ત્યારે નિભાડા ફુટયા હશે નિભાડા, વાહરે વાહ!

વિધ્યાધર—અરે એનો વેષ જોયો હોય તો, ટીલાંને ટપકાં ને કાંઇકાંઈ ચિન.

એક પુત્રિ અને એક પુત્ર બે સંતાન મહેતીને થયાં, પુત્રિ પરણાવી, પુત્ર પરણાવ્યો અને થોડે દિવસે પુત્રનો અને સ્ત્રિનો કાળ થયો, અરે કુળવધુ વિધવા થઇ પણ મહેતાજીની કેવી દ્રઢતા.

(મહેતા) **ગિતી.**

સહાય કરી શામળીઆ, ભલું થયું ને ભાગી જંજાળ;
પતિન પુત્રના મરતાં, સુખે ભજાશે સદા શ્રી ગોપાળ.

(ફિકરના વધારામાં કુંવરને શ્રિમંત *આવ્યું)

(કવિ) **મરાઠી સાખી.**

ધરતિ ઉપર પગ નવ દેતાં, ધન તણું અભિમાન;
ગરીબ કેરી પુત્રિ જાણી, ન દે કુંવરને માન;
બાળે રોળ કરી, આવો વૈશ્નવની દિકરી. બાળે.
ઓછી વયને અક્કલ ઓછી, કાલો કુંવરનો સ્વામિ;
શ્રીજી કૃપાએ શ્રિમંત આવ્યું, ત્યારે મન દુઃખ પામી;
શી થાશે વલે, મહેતા પુત્રિ ટળવળે. શી. ૨

કુંવરબાઈએ ઓશિયાળું મોં કરી સાસુ પાસે જઇ આજીજી કરી.

ગોર આપણો ખોખલ પંડયો, જુનાગઢમાં જાએ;
કંકોત્રી લખો મુજ પીતાને, લાગુ તમારે પાએ;
સાસુ ગર્વ ભરી, કુંવરબાઇ પર રીસ કરી. સાસુ ૩

(સાસુ) **રાગ; ગર્વથી ગાજે શું ગુલાબ.**

કાલી થઇ બોલે શું કુંવર, રે કાંઇ બોલ્ય વિચારી;

---

૧ શ્રીમંત—અધરણી.

મામેરૂ મંગળ કારી, લાવે એ મહેતો ભારી;
થાશે અહિં શોભા સારી, આશા તેં ઉરમાં ધારી. કાલી.
આશા ધારી ઉરમાં, પણ નહિ પડશે પાર;
આવે મારે આંગણે, લાજ ન રહે લગાર;
ધડિંગો ધંધરે અહિં મચવે ભારી; ના રહે કાંઇ બોલ્યા બારી;
લજ્જા અહિં જાએ મારી, શિખામણ દેઉછું સારી;
રાખોને મનને વારી. કાલી.

રાગ. મારૂં સોનાનું છે બેડું રે.

(કુંવર) નિર્ધન પણ નયણાં ઠરશેરે, વડિલ વધારે બોલો નહિ.
(સાસુ) ચુપ ! ચુપ !
(કુંવર) મામેરૂ રૂડું કરશેરે. વડિલ.
(નણંદ) તાળ, તુળશી ને શંખ. ૧
(કુંવર) છે ભક્ત જગ્ત સૌ જાણે રે; વડિલ.
પણ વટ નવ ચુકે ટાણે રે. વડિલ.
(સાસુ) જોયો જોયો બગ ભગત ! ૨
(કુંવર) ફરે સંગે સાધુ સંતરે; વડિલ.
લાગ્યો ત્રિકમ સાથે +તંતરે. વડિલ.
(નણંદ) ઓય હોય ! શો છક. ૪
(કુંવર) નાચી કુદી રહે છે મગ્ન રે; વડિલ.
કરે નિત્ય કરોડો યજ્ઞરે. વડિલ.
(સાસુ) જાણ્યું, જાણ્યું ? ૪
(કુંવર) લક્ષ્મિ તો એની લુંડી રે.
ચત્રુભૂજની પહેરી ચુડી રે. વડિલ.
(નણંદ) છાની રહે ! છાની રહે ? ૫
(કુંવર) નહિ ખાવા પણ મુજ બાપ રે; વડિલ.
જેને ન્હોય ત્રિવિધી તાપરે. વડિલ.
(નણંદ) બોલ્યે જા ! બોલ્યે જા ! ૬
(કુંવર) નથી વસ્તુ એ મળતી મોલે રે; વડિલ.
તાલેવંત તરણા તોલે રે. વડિલ. ૭

(સાસુ) મરાઠી સાખી.

વિષ્ટા કિડો નર્ક વખાણે, જેને જેમાં ફાવ્યું;

+ તંત–એકતાર, તાંતણો.

પોતે પોતાનું ઉંચુ રાખે, જગમાં ચાલ્યું આવ્યું;
હોય *બાદલુ સહિ, સોનું કહેતાં વાર નહિ. હોય.

કુંવરનો અતી આગ્રહ જોઇ સાસુએ ન છુટકે પોતાના પતિને વાત કરી. વાત સાંભળી દયાળુ શ્રીરંગ મહેતાએ મહેતાને પત્ર લખ્યો.

(શ્રીરંગ) પત્ર. રાગ. પાટણના નૃપ.

પવિત્ર પગથી પાવન કરજો, ગરીબ ઘર ગુણવંત.
ભક્ત છો જગ્ત સકળમાં જાણુ, આપ છો અમૃત રસની ખાણુ;
સૃષ્ટિમાં શોભો જાણે ભાણુ, જરૂર જુદા નહિ છો ભગવંત. પવિત્ર. ૧
સાધુમાં સાધ્ય તમારૂ મન, તત્વમાં તોડયું નિરંતર તન;
જનેતા આપ તણી ધન્ય ધન્ય, સજનમાં સજજન સાચા સંત. પવિત્ર. ૨
અમોપર ત્રુઠયા વિશ્વાધાર, આવીને મુકયા હાથ હજાર;
પુન્ય તમ ભક્તિ તણો નહિ પાર, કુંવરને આવ્યું છે શ્રીમંત. પવિત્ર. ૩
સગાં સ્નેહી મામેરૂ સાથ, કાર્યમાં કરશો ન પાછો હાથ;
તમોને સ્હાય ત્રિલોકી નાથ, અમોપર થશે ઉપકાર અનંત. પવિત્ર. ૪
આપ આવેથી આનંદ હોય, તમો સમ સગુ મળે નહિ કોય;
દર્શને વાસ ગર્ભમાં ન્હોય. ખરેખર આવો રાખી ખંત. પવિત્ર. ૫

પોતાના પિતાને પત્ર લખી વડિલ સસરો મોકલે છે, એમ જાણી કુંવરબાઇ ઘણું હર્ષ પામી, અને તેજ બ્રાહ્મણની સાથે પોતે પણ બે શબ્દ લખી બાપને મોકલ્યા.

(કુંવર) મરાઠી સાખી.

મામેરૂ પુરાએ નહિ ને, થાય લોકમાં હાંશી;
પ્રાણ તજુ હું પલક એકમાં, નાંખી ગળામાં ફાંસી;
હોય સંપત્ત જો, ડગલું આગળ દેજો તો. હોય. ૧
દિયર નણદી મેણાં દે છે, શુળી સમ એ લાગે;
મામેરૂ જો પુરો સારૂ, તો ભવ મેણુ ભાગે;
છો વૈષ્નવ જન, પગલે પગલે પળે ભગવન. છો. ૨

નરસિંહમહેતા—અરે ! સંતો ! ભુગિર, ભાનુગિર, ભયગિર, ભોવનગિર, ભવગિર !

સાધુ—આજ્ઞા ભક્તરાજ !

નરસિંહ—આપણી કુંવરને શ્રીમંત આવ્યું છે; માટે તૈયારી કરો, જાઓ ગામમાંથી કોઇનું ડમણું બમણું માગી લાવો !

---

* બાદલુ=પિતળ.

સાધુને ગામમાં મોકલી મહેતાએ ખોખલા પંડ્યાની આગતા સ્વાગતા કરી, તેને ભોજન આપી વિદાય કર્યો. સંતો ગામમાં જઇ જે જે હરિજન મહેતાને ઘેર કિર્તનમાં આવતા હતા તેમને હકિકતથી વાકેફ કર્યા. કોઇએ કહ્યું મારા ઘરમાં જુની ધુંસરી પડી છે, કોઈ કહે તળાવાં છે, કોઇ કહે પંજણીઓ છે, કોઇ કહે પૈડાં છે, એમ દરેકે દરેક ચીજ જુદે જુદે ઘેરથી એકઠી કરી. પરાણે પરાણે સાલ સંચો મેળવી દોરથી બાંધી મહેતાએ આલતુ ચલણુ કર્યું. એક જણે ઘરડો બળદ આપ્યો અને બીજાએ જવાન આખલો આપ્યો. તૈયારી કરવા માંડી ત્યારે નાગર કહે, હે નરસિંહરામ અલ્યા કયાં જાય છે ? કયાં જાય છે.

મહેતા—કુંવરનું મામેરૂ પુરવા.

સારંગધર—તું શું મામેર પુરીશ જોગટા તારા દેદાર તો જો. એલ્યા ખાવા ધાન નથી ખાવા ધાન ! મામેરૂ પુરવું બાપનો લાડવો હશે કેમ; નથી એ કાંસાં કુટવાનાં!

મહેતા—સારંગધર ! હું શું પુરીશ, દીનોનાથ પુરશે, કૃષ્ણગોપાળ પુરશે ! રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ ! રામ રામ રામ રામ રામ.

સારંગધર—માળો ઢોંગ જોને મચાવે છે ઢોંગ ! એલ્યા નરસૈઆ આ વહેલ કોની છે વહેલ ! આ આખલો કોનો છે ?

(હાથ અડાડવા જાય છે ને ગોથે ચઢાવે છે.) ઓ તારૂ ! ! !

સાધુ—ભક્તરાજ અબ રામઆશરે ચલના ચઇએ.

મહેતા—બહોત અચ્છા ચલો ! જે રઘુવરકી, જે જે વૈકુંઠપતિ.

(કવિ) રાગ—પંડિત કે બચન.

મામેરા માટે મહેતે, તૈયારી કીધી;
સૌ સાધુ સંતની, ટોળી સંગે લીધી. ૧
કોઇ કડકા સાંધી, વહેલ કરી છે આખી;
[1]ઢમ, [2]ધમ, છમ [3]ઝમની, પોટલી બાંધી નાંખી. ૨
તુળશી માળાના ભર્યા, કોથળા કોડે;
ગોપીચંદનના ઠોકયા ગાંસડા જોડે. ૩
ત્રાંબાનો દાબડો, તેમાં લાલની મુર્તિ;
જેના ચર્ણમાં સાંધી, સદાય નરસિંહ સુરતિ. ૪
એક ગળીઓ બળદ, બીજુ આખલીયું તે તાણે;
કાઢે ધાંચ આંચ ને, ગર્જે ગોવિંદ ગાણે. ૫

૧. ઢમ=ઢોલ, ૨. ધમ–ધુધરા, ૩. ઝમ–ઝાંઝ.

જય રઘુવરકી જય, જય જય વૈકુંઠનાથ;
કરી શંખ શબ્દને, ચાલ્યો સાધુ સાથ. ૬
થાય વહેલ વાંકીને, પૈડામાં ચુથવાટ;
જુનાગઢ જન સૌ, હશીઆ જોઇને ધાટ. ૭

હાથમાં કિડતાલ પગમાં ધુધરા ને સંત સાધુની ટોળી જોઈ મહેતાજી ગોવિંદ નામની ગર્જના કરતા વેવાઇના ગામને ગોંદરે આવ્યા. રાધે રાધે રાધે રાધે રાધે રાધે.

મહેતાજીને આવ્યા જાણી સગાં વહાલાં સહિત શ્રિરંગ મહેતો હર્ષભેર મળવા ધસ્યો, અને અતી આનંદે મહેતાને ભેઠયો. નરસિંહ મહેતાને આવ્યા જાણી ગામનાં ઘણાં માણસો ટોળે મળ્યાં, વેવણે મહેતાને જુના ખંડેરમાં ઉતારો આપ્યો.

(કવિ) રાગ—કન્યાએ ક્રોધ જણાવીઓ.

વેવણે વહાલ જણાવીયું, આપ્યુ ઉતરવા ખંડેર;
મોઢુ મંન વિના મલકાવીને, ગુણ ગાતાં વળીઆં ઘેર. વેવણે. ૧
જેની ભિંતો પડુ પડુ થઈ રહી, લુણો લાગેલો નજરે દેખાય;
ભોંય ભેજને ખાડા ટેકરા, દોડે કોળ ને ખરખર થાય. વેવણે. ૨
ઉપર ભમરાના કોચેલાં મોભીઆં, સળી વળી ને કોહ્યું છાજ;
એક નળીયુ નામે છે નહિ, પેસે ચકલાં ને વાંસે બાજ. વેવણે. ૩
ખુણે સાપ વગાડે ડાકલી, વિંછીના દેખાય ડંખ; ૪
દોડે કરોળીઆને કસારીઓ, મહેતાએ ફુંકયો શંખ. વેવણે.
દોડે કાચંડા ને કણા સાપના, કાન ખજુરા ખાવા ધાય;
મોઢે મુતરે માંકડીકુકડી, ઘણી ગરોળીઓ અથડાય. વેવણે. ૫
જોયા જુવાને માંકણ દોડતા, સાધુ ભડકી ઉભા થાય;
ટોળાં મચ્છરને ચાંચણ તણાં, ખાંતેથી ખાલડી ખાય. વેવણે. ૬
વેરાગી પોકારે રામને, નહિ સુખે ઠરવા ઠામ;
મહેતા કહે ઉતારો એશ છે, આઠે પહોર લેવાશે નામ. વેવણે. ૭
સર્વે મહેતાને મળવા ઉલટયા, ત્યાં થઈ રહી ધમાધમ;
મળે મંન વિન મહેતાજીને, મેલે ખભો ધુમાવીને ધમ. વેવણે. ૮

મહેતા એક, ને મળવા આવનાર અનેક; જે આવે તે ખભો મારે, જે આવે એ ખભો મારે, મહેતાને તો અડધા કરી નાંખ્યા. કુંવરનો બાપ કેવો છે તે જોવા નગરની અને વળી ઘણી ખરી ન્યાતની યુવાન સ્ત્રિયો આવી

(કવિ) રાગ; પોળમાં પેઠીરે ત્રણ જણાની ટોળી.

મળવા આવીરે ગર્વ ભરેલી ગોરી;
કંઇ યુવાન બાળાને છોરી. મળવા૦
આવી મળવા લાગી કળવા, મહેતાજીનો રંગ;
માંહો માંહે કરે અણુસારા, જોલી મામેરાના ઢંગ. મળવા. ૧
અન્યોઅન્ય અલબેલી પુછે, કશુ ન બાળે તેમાં;
ઢાલપોલ કિડતાલ ઘુઘરા, મામેરૂ છે એમાં. મળવા. ૨
એક કહે અલી જોને જોને, કુંવર વહુનો બાપ;
દશવિશ તો એને ડામી દીધી, દવારકાની છાપ. મળવા. ૩
હરાયો કહેવાય આખલો, એકવાર ડામેલો;
નરસઇઆને શામાં ગણુવો, અનેક ડામ પામેલો. મળવા. ૪
વગર વિચારે બોલી ઉઠો, તોલ કરો નહિ બાળા;
નાત નાગરી પહેરી લેજો, અકેકી તુળશી માળા. મળવા. ૫
મહેતા દીપે કૃષ્ણ સ્વરૂપે, સાધુ જાણે ગોપી;
શ્રીરંગ મહેતો સમજે નહિતો, હાલ ઘલાવે ટોપી. મળવા. ૬
શંખ ફુંકશે, સાધુ સાથે, ધાંટા કાઢી ગાશે;
તુળશી દળ પધરાવી દેશે, મામેરૂ કહેવાશે. મળવા. ૭
ફજેત થઇને જશે ફાતડો, જોઇ આપું હું જોષ;
સાસરીઆંનો સદાય રહેશે, કુંવર વહુ પર રોષ. મળવા. ૮
મુખ મરડીને મહીલા બોલી, સૌને પાવન કીધાં;
અનેકવાર ઇચ્છા કરી, પણુ આજે દર્શન દીધાં. મળવા. ૯
નાક દાંડીથી ટીલુ તાણ્યું, બ્રહ્માંડ જઇને અડકે;
ખિલેથી વિલી જો મેલો, ભેંસો ગામની ભડકે. મળવા. ૧૦

આવો આવો બેનો સર્વે અહિં, મહેતાજીનું વૈમાન જોઇએ! જુવોને કેવી શોભા! કેટલા કટકા સાંધ્યા છે? આ વૈમાન તે આકાશમાં ઉડીને આવ્યું હશે કે પાતાળમાં પેશીને આવ્યું હસે, વાહવાહ કુંવરનાય ધનભાગ્ય કે આવો હરિજન બાપ! આ બળદ બહુ બરડો છે. (પાસે ગઇ, કે બ-ગાઇઓ ઉડી. હાય હાય દોડો દોડો!) સાધુ કહે મહેતાજી રામ આશરે લુંગાઇયાંકુ બગઇઆં ખા જાતી હય! મહેતાજી કહે હર હર હર નારાયણ; ગાય જાણીને પુંછડે પાણી રેડવા ગઇ કે શું! (બે ચારને આખલે ગોથે ચઢાવી, નાસમનાસા થઇ રહી.)

સાધુ કહે બાપજી રામ આશરે બેલ છુટ ગયા. મહેતા કહે પકડ ઝ-કડ કે બાંધો, ઓર શરૂ કરો; જયરાધા કૃષ્ણરાધા!

નાગરણો અરસપરસ કહે છે આવો અઘીઓ કિડતાલાં ખખડયાં; ભજન ચલવા માંડશે; ભક્તાઈ શરૂ થઇ.

ભગત કરે ભક્તાઇ કે ટીલા સ્યામકા;[1]
ભગત મારે તાન[2] ભરોસા રામકા.

અરે બેનો ધરડાની કહેવત ખરી તો ખરી. કેવાં તાન મહેતાજી મારે છે, કેવો રામ ચરણમાં ભરુસો રાખી બેઠા છે.

અહિં આવી ગડબડ થઇ રહી છે, ઘણું લોક જોવા ટોળે મળ્યું છે, ને કુંવરબાઇ ઘેરથી પિતાને મળવા ઉતાવળી ધશી; તે જોઇ નણદી હશી.

(નણંદ) મરાઠી સાખી.

હળવે હળવે ચાલો કુંવર વહુ, નંદાઇ જાશો પડતાં;
હેત તાતનું નથી અજાણ્યું, સદાય આવ્યાં નડતાં;
લાવ્યો સાધુ સંગ, જોયા મામેરાના ઢંગ. લાવ્યો.
આ શા ! ભાગોળેથી ભડકા.
ઘડિંગો ધુતારા લાવ્યો, કાંકરા કરવા સાર;
લક્ષણ જોઇને લાજી મરીએ, બળે કાળજુ માર;
શું હેત કરો, એવો પિતા હોય ત્યાંથી મરો. શું.

(કુંવર) રૂડો ભૂંડો તાત એ મારો, બીજો નહિ બદલાએ;
સારો જોઇને શોધી લેવો, તમો થકી તે થાએ;
રખે બોલો બહુ ઢાંકયાં રહેજો જાણે સહુ. રખે.

નણદીને બોલ બાણ કહી કુંવર પિતાની પાસે આવી. મામેરાનાં કાંઇ ચિંન દીઠાં નહિ ત્યારે ગભરાઇ. પિતાજી મામેરામાં શું લાવ્યા છો ? હાય હાય પિતાજી લજ્જા શી રીતે રહેશે !

અરે હે પ્રભુ મને નરસિંહ મહેતાને ઘેર અવતાર કયાં આપ્યો, અને અવતાર આપ્યો તો બાળાપણમાં મારી શે ન નાંખી. અરે દુર્બળ માબાપની હિકરીને દાઝવાના દિન સદાય રહ્યા, ઠરવાનો વખત ન આવ્યો. અરે આવી કઠણ સાસરીમાં દહાડા શિ રીતે જશે.

મહેતા—બેટા કુંવર ! કલ્પાંત શા માટે કરેછે ? દિનોનાથ મોસાળુ પુરશે, સુંદિર સ્યામ પુરશે !

(કુંવર) રાગ મારા બાળાતેપણના બેલીરે.

જોયા જોયા તે સુંદિર સ્યામરે, નથી લેતા મોસાળાનું નામરે;

૧. સ્યામકા=પ્રભુ ઓળખાણનું, હરેક પંથનાં તિલક જુદાં હોય છે.
૨. તાન=કિર્તનમાં સુરાવટ.

મને નણદી તે મેણાં દેછે રે, બોલ બાણો દિયરજી કહે છે રે;
નિર્ધન છો; હરિજન છો; રટયા રામરે; આઠુ જામરે,
હોય દામરે, સરે કામરે, નહિ લાજરે, ચઢે દાઝરે. જોયા જોયા.
દુર્બળ તાતની દિકરી, સ્વપ્નામાં સુખ ન્હોય;
દૈવ્ય દેખાડે [1]દિન તો, ચોધારે આંસુ રોયરે. જોયા જોયા. ૧
મા મરતાં મૈયર ગયું, ગયું તાતનુ હેત;
રખડે રાત દિવસ સદા, જેવી રસ્તાની રેતરે. જોયા જોયા. ૨
મામેરામાં મુકજો, શંખ તાળ ને [2]માળ;
કઠણુ સાસરી કારમી. કેવી રીતે ઉતરશે આળરે. જોયા જોયા. ૩
કાયર થઇ કાયા તજી, લ્હાળા લઇ મુજ માત;
સંચ ન દેખુ સુખનો, હવે હુંએ કરૂ આપઘાતરે. જોયા જોયા. ૪
મુજને મ્હોત ન આવીયું, માતા છુટી ઝોડ;
જીવતી માતા હોત તો, પહોચત મનના કોડરે. જોયા જોયા. ૫

(મહેતા) મરાઠી સાખી.

ખમા ખમારે કુંવર બેટી ઓછુ મન નવ લાવો;
સામગ્રિ સાસુની પાસે, હાલ લખાવી આવો;
પ્રભુ પુરે કોડ, તારે મારે શાના તોડ. પ્રભુ૦

મહેતાના વચન ઉપર અપુર્ણ વિશ્વાસ આણતી, વિમાસણ કરતી કુંવર સાસુ પાસે આવી, અને કહેવા લાગી કે; બા ! મારા પિતાએ કહેવડાવ્યું છે કે જે જે સામગ્રી જોઇએ તે તે લખાવી લાવો !

(સાસુ) ગિતિ.

કાગળ શા ચિતરવા, કયાંથી જોગટો મામેરૂ કરશે;
તુળશી ગંજ કરીને, શંખ તાળ લઈ ફેરા એ ફરશે.

શબ્દ સાંભળી કુંવરની આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં. સાસુ કહે શું જોઇને રડવા બેઠી ! રોઇશ નહિ મારે આંગણે આતવાર મંગરવાર ! જાણી તને, ઓળખુછું તારા બાપને, ભાગોળેથી ભડકો લઇને આવ્યો છે તે. ભપં ભપં ! આખી ન્યાતમાં ફજેત ફજેત કરી નાંખ્યા. વડસાસુ કહે અલી મોટી શું બકવા બેઠીછું ! કેમ કુંવરને પેટ પાણી નથી પડવા દેતી ? ખબડદાર વહુને કાંઇ કહ્યું છે તો; તારી વાત તુ જાણી ! આવ બેટા કુંવર હું લખાવું.

(વડસાસુ.) રાગ; ગોકુળીએ લઇ ચાલ વહાલા.

લખો લખો લખાવુ હુંય, કુંવર વહુ, બાપ રાંક ને રાંકડી તુય. કુંવર વહુ.

---

[1] દિન–સારો દિવસ. શ્રીમંત. [2] માળ–માળા.

મારી મોટીને પૈસાનો મદ, કુંવર વહુ. તેની સાથે કરો ! ખદાખદ. કુંવર વહુ.
વિધઇ પણ વિવેક ન્હોય, કુંવર વહુ, એતો સાર અસાર ન જોય. કુંવર વહુ.
એના કુહાડી સરખા બોલ, કુંવર વહુ, હું તો બેઠી કરૂછું તોલ. કુંવર વહુ.
નથી વિવેક કે વિચાર, કુંવર વહુ, બેટા તું મારે હૈયાનો હાર. કુંવર વહુ.
કંકુ સવા પાંચ શેર, ફોફળનો નહિ પાર;
શુકનમાં શું ઓચર, શ્રિફળ સાત હજાર. કુંવર વહુ. ૧
બ્રાહ્મણ સૌને આપવા, પંચ વસ્ત્રનાં દાન;
ચાર ચોકડી તાસનાં, જોઇએ પચાશેક થાન. કુંવર વહુ. ૨
વાઘા વિશો પાંચ ને, ઘાટ નાટ સેં આઠ;
સાતસેં સાડી રેશમી, પહેરી કરે નાગરી ઠાઠ. કુંવર વહુ. ૩
મશરૂ મજીઆણી ઘણી; દરીઆઈ દોઢ હજાર;
હિર ચિરને પોતીઆં સાડી ઝરકશીનો નહિ પાર. કુંવર વહુ. ૪
છિંટ મોરવી, મુગટા, પિછોડી વિશ પચાસ;
છાયલ પટોળાં કાપડાં, તેની સૌને આશ. કુંવર વહુ. ૫
ઘરસાયન ઘર દિપવા, શણીઆં સોળ હજાર;
જમાઇને સોના સાંકળાં, સાથે સોળ શણગાર. કુંવર વહુ. ૬
લોભ ઘટે નહિ મુજને, મોટી વહુને તોર;
છાબ માંહે મુકાવજો, પાંચ હજાર સોનાની મહોર. કુંવર વહુ, ૭

(નણંદ.) ગિતી.

ઘરડાં ગતી ગઇ આથી, તમમાં ન દિસે બુદ્ધિ બે દાણા;
મહેતાજીથી અપાશે, અઢી અઢી મણના મોટા બે પહાણા.

લખો લખો બે મોટા પથ્થર. જે મહેતાજીથી અપાય, (કુંવરે પથ્થર પણ લખ્યા.) કુંવર દોડતી પિતાની પાસે આવી રોવા લાગી; અરે હાય પિતાજી હવે શિ દશા થશે કોઇ તવંગરથી પુરૂ ન પડે એટલું લખાવ્યું છે.

(કુંવર) મરાઠી સાખી.

મિઠા બોલી મનની મેલી, પળ્યાં વરસ પંચાણું;
ભોંય સુધે છે મરવા માટે, કુટે છે ભક્તાણું;
બોલ્યાં રાખી ભાર, મુખ વચનનો માર્યો માર. બોલ્યાં.

ગિતિ.

પિતા પાછા જાઓ, ઇજ્જત રહે નહિ વઢાયાં વડનાં;
પુસ્તકની બલિહારી, વખાણ કરવાં ઘટે નહિ ઘડનાં.

(મહેતા.)   સાખી ભારથની.

શાન્તિ શાન્તિ રાખો મારી બેટી જો; રખ્ખે રહેતી છબિલાથી છેટી જો. ૧
નવ્ય કહીએ બેટા વાળી લેથ્યજો, આપણુ મોટી શામળીઆની ઓથ્યજો. ૨
લખે લાખ ઘણું તોય. સરે અર્થજો ? મારો વહાલોજી આપવા સમર્થજો. ૩
નહિ પળને દે એ પળવાજો; એને કયારે જવું પડે રળવાજો. ૪
જેની લક્ષ્મિ કરે નિત્ય સેવાજો; તેની સેવાથી સુખ સૌ લેવાજો. ૫
એતો નહિ ટળવા દે ટાણું જો; વહાલી બેટી વહાવા ન દે વહાણુજો. ૬

કુંવર—પિતાજી ! શાન્તિ શિ રીતે વળે, ધિરજ કેમ રહે. મામેરૂ પુરવાનું કોઇ પ્રકારનું ચિંન માલમ પડતું નથી, ત્યાં ધિરજ રહેવી મુસ્કેલ છે.

મહેતા—બેટા એ ત્રિલોકના નાથને કોઈ વાતની ન્યુનતા નથી. આપણે જેનો આધાર છે એ શેઠ જેવો શેઠ ! પૃથ્વિના પડ ઉપર પેદા થયો નથી. અખુટ દ્રવ્યનું દાન એજ આપી શકે છે. નિમેષમાં લઇ લેવા પણ એજ સમર્થ છે. બેટા કુંવર ! ત્રિલોકના નાથની નજર થાય છે તે વખતે કોઇ વાતની કમિના રહેતી નથી, સ્વર્ગની રિદ્ધિ સિદ્ધિ પણ નિમેષમાં; " જબ રઘુનાથ કૃપા કરે તબ ખડી ખડી કાન હલાવે ! "

દ્રષ્ટાન્ત—કોઇ એક નગ્રમાં પાંચ લાખની પુજીવાળો વણિક ગ્રહસ્થ હતો. તેને બે દિકરા હતા. મોટો ભાઇ પોતાના પિતાની પાસે રહી વહેપાર રોજગારે પાવરધો થયો હતો અને સઘળો કારભાર કરી શકતો હતો. નાનોભાઇ સ્વતંત્રપણે ફર્યા કરતો હતો, પણ એનું વિષેશ લક્ષ ઇશ્વર તરફ હતું. સદ્દપુરૂષોના વચનથી એનું મન માયા ઉપરથી ખસ્યું હતું; નાની ઉમ્મર છતાં પુર્વના સંસ્કાર કાંઇ સારા પડયા હતા. પુર્ણ અવસ્થાએ પહોચેલો ડોસો મરવા પડયો ત્યારે પોતાના મોટા દિકરાને બોલાવી સઘળી મિલકતની વ્યવસ્થા બે ભાઇ વચ્ચે કરવા માંડી. મિલકતનું વહેંચણ થાય છે એમ જાણી મોટાની સ્ત્રિ દોડતી આવી અને ગર્જના કરી ધણીને ફિટકાર કરવા લાગી. આ તમે શું કરવા બેઠા છો ! ડોસાને સુખે મરવા દેવા છે કે નહિ ? મુવા પછી નહિ વેહેંચાય ! શું વહી જાય છે અત્યારથી ! તમારી દાનત કાળી તો નથી ? (લાજ કાઢીને) સસરાજી; મારી દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી હું નાના ભાઇને દગો નહિ દેઉં, અત્યારે બંધ રાખો તો સારૂ. ડોસાએ વિચાર્યું; જેનો મને ડર હતો તેણેજ છાતી ઠોકી તો હવે મારે ફિકર કરવા જેવું નથી. થોડે દિવસે ડોસાએ દેહ મુકી. ક્રિયા ખર્ચ પરવારી મોટા ભાઇએ સઘળો વહિવટ હાથ લીધો. ત્યારે તેની સ્ત્રિએ કહ્યું કે જોઇએ તો ૧૦૦ નો ગુમારતો રાખજો પણ નાના ભાઇને દુકાનમાં પેસવા દેશો નહિ.

જો પેસવા દેશો તો "કેળવાયલા કણા સાપ થઇ કરડશે." એની બાઇ-ડીને તેડાવીને સામી ગાય બાંધવાની ઓરડીમાં જુદો રાખો ! મોટો કહે હે સ્ત્રિ એમ થાય ! તે આપણો અડધો અડધનો એટલે અઢીલાખનો ભાગીઓ છે. સ્ત્રિ કહે ભાગીઓ કે અભાગીઓ પણ હાલ જુદો કાઢો; પછી થઇ પડશે. ધણી કહે છે, ત્યારે હું નહિ કહું તું કહે જે તું !

(કવિ.) પદ. રાગ; ઓધા જાણે તેનેતો અમો જાણીએ;

એતો જીવતા મુવા અમે જાણીએ. અતિ આબરૂ ધોવાઇ જાય પાણીએરે.
શિદ ફોગટ તરીલાં તાણીએરે. એતો.
જેના ઘરમાંહે રાંડનું રાજ છે, જેને નારી તે શિર તણો તાજ છે;
તેનાં બધાંએ બગડેલાં કાજ છેરે. એતો. ૧
દિલ દંભ અતી ડોળ કરે ડાહ્યલા, પડે પાંચ માંહે કુટવાને ટાયલાં;
બુઢ બાકડીને નિત્ય નમે બાયલારે. એતો. ૨
ભૂલ્ય ભાળીને ભૂત જાય ભાંડવા, ઉઠે હાકીને કહે તારી માંડવા;
રોફ દેખીને રંક થાય રાંડવારે. એતો. ૪
માણે મોજોને માર મારે માતને, તાણે તરૂણીનું ત્યાગ કરે તાતને;
કરો ધિક્કાર એ જંગલીની જાતનેરે. એતો. ૪
જેને નારીનો બોલ બ્રહ્મ તોલ છે, ખરે ખરની સંગાથે એનું મોલ છે;
તેના ઘરમાંહે પોલમ પોલ છેરે. એતો. ૫
ઠાઠમાઠ કરી ઠીક ફરે ઠાકરા, ઘેર અબળાના બોલ સહે આકરા;
ચોરા ચૌટામાં આબરૂના કાંકરારે. એતો. ૭
જ્યારે જૂવતી વખાણુ કરે જારનાં, ત્યારે નામિંચો ગુણુ ગાય નારના;
એતે આદમી કે હિજડાની હારનારે. એતો. ૭
બોલ બાયડીનો રતી સત્રાવાલ છે, ફરે ફક્કડને લોક માંહી લાલ છે;
બોલે બાપુ એમાં તે કશા માલ છેરે. એતો. ૮

ભાઇથી ન કહેવાયું પણ ભોજાઇએ કહ્યું તમારે માટે સામી ગાય બાંધવાની ઓરડી ખાલી કરી છે તેમાં રહો ! બાયડીને બોલાવો, કોઇની ગુમારતી કરો, રળો ને ખાઓ ! નાનો ભાઇ કહે ભાભી જેવો તમારો હુકમ ! તમારા મહેલમાં અને સહવાસમાં રહેવા કરતાં તમારા અંતઃકરણમાંથી જુદી કાઢેલી અને અળખામણી કરેલી ગાયની ઓરડીમાં મને વધારે સુખ મળશે, આવાં વચન કહી ઝુંપડી સંભાળી. ગામમાં ખબર થઇ કે શેઠના નાના દિકરાને એની ભોજાઇએ દુર કર્યો છે, અને મોટો ભાઇ સ્ત્રિના તાપેથી બોલી શકતો નથી; તેમ પોતાના ભાઇની ખબર પણ લઈ શ-

કતો નથી. એમ જાણી એક દયાળુ શેઠે બોલાવી ગુમાસ્તી બેસાર્યો અને કહ્યું ભાઇ તહારૂં વર્ષ દિવસનું જેટલું ખર્ચ ઉપડશે તેટલું હું આપીશ; તું તારી સ્ત્રિ સાથે રહે ! વણિક પુત્ર સંતોષ પામ્યો અને એક દિવસ પણ સંભાળ લીધા વિના નથી રહ્યા, એવા ઇશ્વરનો ઉપકાર માન્યો. બિજે દિવસે સવારમાં પોતાની સ્ત્રિને તેડવા ગયો. પોતાના પતિને જોઇ કુળવાન માબાપની દિકરી માતપિતાની રજા લઇ આગળ થઇ. જેવી મહેલમાં દાખલ થવા જાય છે તેવીજ જેઠાણી અરબસ્તાનની ઘોડીની પેઠે ખોંખારી ઉઠી. ઉતર ! ઉતર ! પગથીઆમાંથી હેઠી ! પેસ સામી ઝુંપડીમાં ! અહિં ત્હારૂં શું લાગે વળગે છે કે ધસીમસી પેસવા જાછ ! દેરાણી સ્તબ્ધ થઈ એટલામાં ! પાછળથી વણિક પુત્રે આવી ગાય બાંધવાની કોટડીમાં જવા સુચના કરી. અહિં નવે નામે ઘર માંડવાનું હતું, પોતાને ઘેરથી ઘટીત અને જોઇતી વસ્તુ લાવી કુળવાનની દિકરીએ ઘર માંડયું અને પોતાનો જે ધર્મ, કે "પતિને સુખે સુખી અને પતિને દુખે દુખી" તે પાળ્યો. જેઠાણી હમેશાં સવારમાં પોતાને ઓટલે નોકર પાસે પાટલો નંખાવીને દાતણ કરવા બેસે; જ્યાં સુધી દેરાણી દાતણ કરે નહિ ત્યાં સુધી રામાટામાં કરે; જ્યારે દેરાણી આવે ને બેસે કે તરત ઝટ દાતણ કરી નોકર પાસે પાણી માગી મોં ધોઇ એવું બોલે કે—+સુખ સંપત દાતા ઘેર બેઠા પાવે. આ બોલ સાંભળી દેરાણીને અંતરમાં લાગે તો ખરૂ, પણ ના ઇલાજ, પોતાના સ્વામિને આ બિનાથી વાકેફ કર્યો ત્યારે તેણે કહ્યું, યથાર્થ છે એજ કહે છે તેમા ખોટું લગાડવાનું કાંઇ કારણ નથી. એક વખત બન્ને ભાઇ બજારમાં સામસામી થયા; ત્યારે નાના ભાઇને જોઇ મોટાને ઓછુ આવ્યું; અરેરેરે મારાથી ભાઇપણુ ન રહ્યું, ઈશ્વરે એકજ માતાને પેટે જન્મ આપ્યો; છતાં મેં જુદાગિરી કરી, બાપની જે મિલકત ઉપર સરખોજ હક ! તે હક મેં ડુબાવ્યો; અરે હા ! બીજુ કાંઇ નહિ પણ નાના ભાઇનો દેદાર અને દયામણુ મોઢું જોઇ મારૂ દીલ દુભાય છે, ભૂલ્ય એજ કે હું સ્ત્રિને વશ છું, સ્ત્રિના મોં આગળ મ્હારૂ કાંઇ ન ચાલ્યું. આવું વિમાસણ જોઇ નાનો ભાઇ બોલ્યો મોટાભાઇ વિમાસણ કરવા જેવુ કાંઇ નથી; મને કોઇ પ્રકારનું દુ:ખ નથી, દિલગિરી નથી, જે જે પુર્વે કરેલાં અને કર્મે લખ્યાં છે તેજ ભોગવવાનાં છે. "રાજાનો દિકરો રાજ્ય ભોગવશે અને બ્રાહ્મણનો છોકરો ભિખજ માગશે" એમ ન સમજવું. ઇશ્વરની અકળલિલા ન્યારી છે. મહારી ચિંતા તમો કરશો નહિ. હું રળુછું ને ખાઉછું મને નિશ્ચય છે કે મહારી ભાભિની પાસે તમારૂ કાંઇ ઉપજતું નથી. રામ રામ.

+ વગર પ્રયાસે સુખ અને સંપત્તિ દેવી મળી છે, હું કેવી સુખી છું.

મોટોભાઇ—ભાઇ સત્ય છે, લે હું રૂપિયા, ૫૦૦ આપુ છુ, કાંઇ વહેપાર કરજે, પણ જોજે આ વાત ત્હારી ભાભીને મોઢે જાય નહિ !

નાનોભાઇ—ભાભિને મોઢે વાતતો નહિ જાય, પણ એટલીએ ફિકરમાં તમારે શા માટે પડવું પડે ! હું મારે સંતોષથી દિવસ ગુજારૂ છુ.

નાનાભાઇએ ના કહી છતાં મોટાએ રૂપિયા પાંચસો આપ્યા; તે લઇ ઘેર આવી વિચાર કર્યો તો ખેતી કરવી એમ ઠર્યું. ખેતર માણુસ અને બળદ રાખી જાર વવરાવી. વાવીને આવ્યા પછી એકે દિવસ ખબર કાઢવા ગયોજ નહિ. તોપણ ઇશ્વર કૃપાએ આખા સિમાડામાં એની જાર સારી થઇ, રસ્તે જનાર લોકો ખબર લાવ્યા, ત્યારે બિજે દિવસે સવારમાં વાઢવા જવા વિચાર કર્યો; તેની આગલી રાત્રિયે બાદશાહના લશ્કરનો પડાવ પડેલો હતો. બંને સ્ત્રિ પુરૂષ આવી જુવેછે તો, જારનો દાણો દેખાય નહિ; પણ લાદના ઢગલા દેખાયા. પુરૂષ કહે સ્ત્રિ આ શું !

સ્ત્રિ—સ્વામિનાથ ! ગભરાવા જેવું નથી ! આટલી લાદ થાપીશુ તોય બે વરસ સુધી લાકડાં નહિ લાવવાં પડે; લાવો ઘેર લઇ જાઉ.

પાંચેક ટોપલા ઘેર નાંખી આવી એટલામાં થાકી ગઇ; તરસ લાગી ત્યારે પોતાના ખેતરમાં જીર્ણ થયેલો કુવો હતો ત્યાં પાણી પીવા ગઇ. એ કુવામાં બાદશાહનું એક માંદુ ઘોડુ પડેલુ, તે બહાર નિકળવા તરફડીઆં મારે, ને કાન હલાવે; બંને જણે મળી વડની વડવાઇઓ બાંધી ઘોડાને બહાર ખેંચી કાઢયું. ઘોડુ પડયું હતુ તો ખરૂ, પણ હીરા માણેક રત્નની ગુણુ સાથે પડ્યું હતું. તેજ ગુણ વણિક પુત્રના પગમાં અથડાઈ; તેને પણ બહાર ખેંચી કાઢી. લાદની ટોપલીમાં થોડે થોડે દબાવી ઘેર લઈ જઇ નાંખી. કર્મના યોગે કરી વણિક પુત્ર રિદ્ધિ સિદ્ધિવાળો થયો. એક એક હીરો અમુલ્ય હતો. પોતાના ભાઇ કરતાં ક્રોડ ધણીથી પણ વધારે મિલકતનો માલિક થયો.

પાંચ પડોશીને મોં માગ્યાં દામ આપી. ઘર લઇ, જબરી હવેલી ઉઠાવી. પોતાના ભાઇ કરતાં એટલો સવાગજ ઊંચો રાખી બે માળ વધારે કરી, ઘોડા ગાડીઓ નોકર ચાકર સર્વ વાતની સગવડતા કરી; ઘરમાં વાસણ માત્ર સોના રૂપાનાં રાખ્યાં. સ્ત્રિ કહે સ્વામિનાથ. તમારી ભાભિ રોજ કહે છે કે—"સુખ સંપત દાતા ઘેર બેઠા પાવે" મારે કાંઇ કહેવુંકે નહિ ? સ્વામિ કહે હે સ્ત્રિ, આપણુને કુવામાંથી લક્ષ્મિ પ્રાપ્ત થઇ છે અને તે પણ ઘોડુ કાન હલાવતું હતુ, એ સુચના; તો આપણે એમજ સમજો કે ઘોડુ નહિ પણ એ લક્ષ્મિજ આપણે ઘેર આવવા કાન હલાવતી હતી; તો તમારે એમ કહેવું કે—" જબ રઘુનાથ કૃપા કરે તબ ખડી ખડી કાન

હલાવે. ” બિજે દિવસે સવારમાં જેઠાણી સામી દેરાણી દાતણ કરવા બેઠી. જેઠાણીનો પાટલો લાકડાનો અને દેરાણીનો રૂપાનો, જેઠાણીનું દાતણ સવા વેંતનું, દેરાણીનું દોઢ વેંતનું, જેઠાણીનો નોકર ત્રાંબાની ગાગર લઇ ઉભો છે અને દેરાણીનો રૂપાની લઇ ઉભો છે. દાતણ કરી જેઠાણી બોલી. **સુખ સંપત દાતા ઘેર બેઠાં પાવે. દેરાણી—જબ રઘુનાથ કૃપા કરે તબ ખડી ખડી કાન હલાવે.**

જેઠાણી—ત્હારી મા હલાવે !

દેરાણી—ત્હારી બેન હલાવે !

જેઠાણી—આવ રાંડ આધી !

બન્ને સામસામી ઓટલેથી ઉતરી અને ચોટલે ચોટલે બાઝી. બેઠા કુંવર, ત્રિલોકિનો નાથ ત્રુઠેછે ત્યારે ગમે ત્યાંથી લક્ષ્મિ આવીને ઉભી રહે છે.

નાગરો—નરસઇ મહેતાજી ! શા માટે દિકરીને દિલગીર કરો છો ! પલાળવા પોતીયુ નહિ ને મહાસાગર ઢાંકવા ડેરા તંબુ તાણવાના વિચાર શા માટે કરો છો.

નરસિંહ—તમને ઇશ્વરની અકળકળામાં ગમ ન પડે, કુબુદ્ધિવાનને કલ્પવૃક્ષનાં ફળ ન મળે ?

નાગર—ભગવાન પોદળો કરી જશે તે ફેંદજે માંહિથી નિકળશે માલ, ને પછી પુરજે મામેરૂ ! નાગો નહિતો ! વેરાગીને મિજાજ કેટલો છે ! ટાબોટા કુટીખા ટાબોટા !

વેરાગી—મહેતાજી. અપને ઉન અધર્મિ લોકુંસે કયા કામ હય ! ઝગડા છોડો ! હાથી કે સામને બહોત કુત્તે ભસ્તે ચલે જાહે હે.

નાગરો—કુતરાજ હશો ! વાટયું ઓસડ ને મુડયો જતી ! જાત જાતના ને ભાત ભાતના ! હાડકાં ન વલ્યાં એટલે આ વેરાગી થયા “થાનક સુનું ને શેખઇ બહુ.

નરસિંહ—બેટા કુંવર લોકના બોલ્યા સામું જોઇશ નહિ ! જે ભગવાને અનેક ભકતોનાં કાર્ય કર્યાં છે, તે આપણું કેમ નહિ કરે ! મનુષ્ય ચાકરીનું ફળ આપે છે, તો ઇશ્વર કેમ નહિ આપે. એજ ઇશ્વર આપણી લાજ રાખશે કે જેણે, દુર્યોધનના દરબારમાં સતિ દ્રૌપદીની લાજ રાખી છે. કુંવર સહિત મહેતાજી વેવાઇને આંગણે આવ્યા. સાધુઓ ભજનની ઝડી પાડી રહ્યા છે ! શામળા ગિરધારીલાલા ગલેમેં ગુંજનકી માલા.

સાસુ—હાય હાયરે લજવી માર્યાં, અરેરે હું વાંઝણી શે ના રહી ? તે આવો વેવાઇ મારે આંગણે આવવા પામ્યો, હાય ગજબ ! બાગોભેથી

ભડકો; ભપંભપં. ભજન બંધ થયું ત્યારે મહેતાને ઉનું પાણી નહાવા આપ્યું. મહેતાજીના ભજનને ફિટકારવા, વખોડવા અને કેવળ ઢોંગ ઠરાવવા ઉકળતું પાણી મુકયું, મહેતાએ તાઢા પાણીનું સમોવણુ માગ્યું; ત્યારે કુંવરની જેઠાણી બોલી ભગતજી! માગ્યા મેહ વરસે છે ને તાઢું પાણી અમારી પાસે શું માગો છો! વરસાવોને વરસાદ!

(મહેતા) ઈશ્વર સ્તુતિ; રાગ–સોરઠ મલ્હાર.

દામોદર દોડોરે, દાસની વહાર, ધિખ્યા હોલવવા અંગારરે. દામોદર.
તન ધિખે મન વ્યાકુળ થાએ, તવ પાડયો પોકાર;
પોકાર સાંભળી પ્રભુજી ન આવો તો, ઘટે તમારો ભારરે. દામોદર. ૧
ભાર ઘટે ભૂમંડળ માંહે, પરવારે પરતાપ;
બહાનું લાજે બળદેવ ભ્રાતા, લાજે લિધેલી છાપરે. દામોદર. ૨
ચતુર નાગરી ચેષ્ટા ન મુકે, ટાયલુ ન મુકે લગાર;
અધમને હરીજનની ઉપર, ખરો દિસે છે ખારરે. દામોદર. ૩
પ્રિત જણાવા પાણી ઉકાળ્યુ, ગોઠવ્યો કેવો ઘાટ;
તેલ કઢા પિતાએ ઉકાળી, સુધન્વાને માટરે. દામોદર. ૪
ત્રિકમ તેને શિતળ કીધી, લેશ ન લાગી વાર;
આજ મેઘને દીજે આજ્ઞા, વરશે મુશળ ધારરે. દામોદર. ૫

સુર્યપ્રસાદ—ચંદ્રરાય ભાઇ! પેલો જુનાગઢવાળો સિદ્ધનો દિકરો નરસઇઓ ભગત વરસાદ વરસાવે છે.

ચંદ્રરાય—જ્યારથી શ્રિરંગ મહેતાએ સંબંધ કર્યો છે. ત્યારથી આ પણે તો નિશ્ચય કરી મુકયો છે કે જાત લજામણો જોયો છે, શાનો વરસાદ વરસાવે છે; પાણી કે પથ્થર? એમ કાળે ઉનાળે વરસાદ વરસે છે!

(કવિ) રાગ, ગુજરાતની માલણ આવીરે.

કર્યો તાળ તણો ઝણકારરે, મુખે ઉચ્ચાર્યો રાગ મલ્હારરે. ૧
શબ્દ સાંભળી ગાજ્યો ઘનરે, ચડી ચોટય ચઢયો એ ગગનરે. ૨
થાય કાટકા કંપે ધરણીરે, થયું અંધારૂ સુજે ન તરણીરે. ૩
આવી વિજળી ઝબુકા લેતીરે, ઉડે પવન સપાટે રેતીરે. ૪
ત્યાં ત્રુઠયા ત્રિભોવન રાયરે, વરસ્યો વરસાદ નેવ ન માયરે. ૫
જાણે આકાશ ગંગા આવીરે, દીધું નગ્ર સકળ હંફાવીરે. ૬
ઘણા સદન સપાટે તુટયાંરે, નાગરના હાંઝા વછુટયારે. ૭
વેવણુતો ઘણી ઘભરાણીરે, આવી ઘર માંહે પેઠુ પાણીરે. ૮

વેવણ—(ઘભરાતી.) ઓ રોયા, ઓ છોકરા! દોડો! દોડો! ઘરમાં આવો! રોયા તણાઇ જશો! તણાઇ જશો.

શ્રિરંગમહેતા—(ચરણમાં મુસ્તક નમાવીને) દયાળુ દયા કરો, બસ કરો, કૃપા કરો ! જેઠાણી પગે લાગીને કહેવા લાગી. અમારો અજ્ઞાનીનો ગુનો માફ કરો અમો તો અપરાધી છીએ આપનો પ્રતાપ ન જાણ્યો. મહેતાજીએ તાળ ખખડાવવી બંધ કરી; વરસાદ અટક્યો.

ભોરિંગ પ્રસાદ—કેમ ડિમાકશંકર, વરસાદ વરસ્યો તો ખરો ?

ડિમાકશંકર--શું એ ભગતડે વરસાવ્યો એમ ! નહિ ! એતો માવઠું થયું માવઠું ! મહેતાજીને મામેરૂ ભરવા સુચના કરી; પોતાનાં ખટકર્મ પરવારી સૌ બિછાનાં બિછાવી બેઠા.

(મહેતાજી,) રાગ, અંબા જોયાનીઆડી નિર.

વિકટ સમય આવ્યો સ્વામિ. દોડો અંતરજામિ.
ચતુર નાગરો કરે ચેષ્ટાળિ, રંચ ન રાખે ખામી. દોડો. ૧
પણ જાશે ભૂધર જો ભક્તનું, જાશે જગમાંથી કિર્તિ જામી. દોડો. ૨
સાક્ષિ સર્વના આપ નિયંતા, પાર શકે કોણ પામી. દોડો. ૩
વિશ્વામિત્ર હરિશ્ચંદ્રને પિડયો, નષ્ટ કર્યો બહુનામિ. દોડો. ૪
સતિ સૌરંધ્રિને સદનમાં રોકી, કુટયો કૈચો કામી. દોડો, ૫
કુળ સહિત [1]કુરવપતિ રોળ્યો, હરીજનથી છકો હરામી. દોડો. ૬
વિલંબ ન કરશો વિઠ્ઠલ મારા, ધાજો વૈકુંઠધામી. દોડો. ૭
પ્રભુ આપના પગરણુ થાએ, સકળ વેદના વામી. દોડો. ૮
નારાયણુ જો નહિ આવો તો, નરસિંહની જોશો [2]નનામી. દોડો. ૯

રાગ—માઢ—શાને કલ્પાવો જલાવો;

શાને તલ્સાવો [3]જલ્સાવો, દિનદયાળ; કાળ કરાવા ધારો, બાળકબુદ્ધિહિણુનો.
શાને સતાવો ઝઘડો પતાવો, દેહીનો આણો અંત;
અકળલિલા અવિનાશી તમારીમાં, ખાંચા ખુંચી અનંત. શાને. ૧
ગલી કુંચીમાં ગમ્ય પડે નહી, ધુંચવણીઓ અપાર;
એક ઓળંગુ ને બીજી આવે. એમ ગોઠવી હારોહાર. શાને. ૨
અજા હરણીઆં કેમ ઉગરે, મારે કેશરી ફાળ;
રંક રીબાવા વિંટી રાધાવર, [4]ઉર્ણુનાભીની જાળ. શાને. ૩
જાળ જીતવા જગા જડે નહિ, તોડી શકુ નહિ તંન;
ગાંડો ઘેલો પ્રભુ દાસ તમારો, નથી હું અક્કલવંત. શાને. ૪
ટાણું ટાળવા નવરાઇ નથી, ત્યારે શાને આપ્યાં મને બાળ;

---

[1] કુરવપતિ-દુર્યોધન [2] નનામિ-ઠાઠડી; ના આવો તો મને મુવો દેખો;આકરા સોગન. [3] જલ્સાવો-બાળો [4] ઉર્ણનાભિ-કરોળિયો.

નરસિંહ સાથે નામ વગોવાશે. વિતી જશે જો કાળ. શાને. ૫
જગત સકળ જીવજંતુ તણી, *નિમેષમાં લ્યો સંભાળ;
કુંવર તમારીનું પુરો મામેરૂં, દોડો દિન દયાળ. શાને, ૬

(કવિ) **ગીતી.**

કમળા કર ગ્રહીને, +વિષપતિઅરીની તર્ત કરી સ્વારી;
જાદવ શિર ગાંસડીઓ, ઓધવ ચાલે ગજ હાથે ધારી.

સાખી મરાઠી

વણિક થઇ વહાલોજી આવ્યા, કમળા શેઠાણી સંગ;
જાદવ ઝુંડ પછાડી ચાલે, નરસિંહને વાધ્યો ઉમંગ;
ઘણું હરખાયો, મળવાને સામો ધાયો. ઘણું.

ગિતિ.

શેઠ શેઠાણી જોઇને, વિસ્મય પામ્યા નગ્ર તણા જન;
સ્વરૂપની બલિહારી, જાણે ઝબકી વિજળી ગગન.

રાગ. ડરમાં તું દિલસાથ છોકરા.

(**નરસિંહ**) તમો વાર કરો દિનાનાથ, ભક્તનું હૈયું રહે નહિ હાથ.
(**ભગવાન**) નવ લેશો મારૂ નામ, ચલાવો તમો કામથી કામ.
ભક્તજ મારા, આંખના તારા.
શબ્દ શુણી આસનથી ખસ્યોછું, મંન પવન વેગે આજ ધસ્યોછું;
કોડ ઘણું કહો કાર્ય ન ચુકુ, મારો કહ્યો તેને મનથી ન મુકુ;
નરસિંહ ! શાન્તિ શાન્તિ ! ધિરજ ! હૈએ રાખો હામ. ચલાવો.
(**નરસિંહ**) સ્વામિ મારા. વિશ્વાધારા;
દિનપણે આવી અહીઆં ડોલો છે., મોઢે ચઢી મિઠું મિઠું બોલો છો;
ગરજી ગરજી મારો બેઠો છે ધાંટો, પાકયા પછી આવ્યા કાઢવા કાંટો;
આવ્યા તો ભલે આવ્યા કૃપાનાથ, કહો શું લાવ્યા સંગાથ ! ભક્તનું.
(**ભગવાન**) વાત ન ચરચો, જોઇએ તે ખરચો;
વહેનો આવ્યો નહિ વાંક એ મારો, ક્ષમા હું માગુ સેવક તારો;
મર્મ વચનનો નવ મારો માર, વહાલો મને જેવો હૈઆનો હાર;
ખર્ચતાં ખામી ન રાખશો, લાવ્યો ચીજ તમામ. ચલાવો.
(**નરસિંહ**) ઉચ્ચાર આવો, અતી શરમાવો;
કાયર શાએ આવી વાણી વદનમાં, જાણ્યું સુતા હશો સ્યામ સદનમાં;
આપ વદન આવો બોલ ન શોભે, નેવ તણા પાણી કેમ જાએ મોભે;
આંખને તાળ શિવાય દેખાડયું છે શું ! કેમ ભિડું ભારે બાથ. ભક્તનું.

---

*નિમેષ–આંખનો પલકારો, મિચાઇને ઉઘડે એટલો વખત. + ગરૂડ.

ભગવાન—નરસિંહ! હું તને ઑદ્ધવ અને અર્જુન સમાન ગણું છું, તારા કામમાં કેમ વિલંબ કરૂં; વિલંબ થયો હોય તો મારી ભૂલ છે, પરવારવા રહ્યા માટે વાર થઇ. ચાલો તૈયારી કરો! કમળાને માથે સુવર્ણની કુંડી ચઢાવો, સાતે હજાર જાદવો સામગ્રિ લઇ ચાલો!

(કવિ.) **રાગ; ગરૂડ ચઢી આવજો ગિરધારી.**

માધવજીએ મોકલ્યુંરે મામેરૂ;
આવ્યા [1]અનંત ટળ્યું અંધેરૂં. માધવજીએ.
સર્વે નાગર કરતા રે ટોળ, જોઈ નરસિંહ ભગતનો ડોળ;
દિસે કમળા ઝાકમ ઝોળ. માધવજીએ. ૧
આગળ ચાલે છે ઑદ્ધવ ભક્ત, આવ્યા નાથ નમે જેને જગ્ત;
જોઇ ત્રિભોવન હોય આશક્ત. માધવજીએ. ૨
જોડે જાદવ સાત હજાર, સાથે સામગ્રિનો નહિ પાર;
વાઘા વસ્ત્ર અને શણગાર. માધવજીએ. ૩
આવ્યું મામેરૂ લાડે કોડે, કમળા આગળ કિંકર દોડે;
ચાલે નરસિંહને નારાયણ જોડે. માધવજીએ. ૪
ઘોડા ગળે ઘુઘરમાળો ઘમકી, ત્યાંતો ઢોલ રહ્યાં છે ઢમકી;
વેવણુતો વૈભવ જોઇને ચમકી. માધવજીએ. ૫
થાએ શંખ તણા ઘણા નાદ, પડે શ્રવણુ શરણાઇઓના સાદ;
કરે કોણુ એ નરસિંહનો વાદ. માધવજીએ. ૬
આવ્યું મામેરૂ મુખ શુ ભાખુ, રિદ્ધિ સિદ્ધિ ઑવારી નાંખુ;
વેવણુતું મોઢું થયું ઝાંખુ. માધવજીએ.૦૭

[કવિ.] **રાગ. પ્રબંધ.**

માધવ મંડપમાં પેઠા, જાદવ જોડે લઇ બેઠા.

બેઠા જાદવ વસ્ત્ર ગાંસડા ઘણાં ઘરેણાં લેઇ સંગમાં, મહેતા ગ્રીઝે હરી રંગમાં; નહિ ગંગમાં સંત સાધુનું મનડુ ચોટયું શંખ તાલ કિડતાલ ચંગમાં. કુંવર બેનનાં સાસુ સસરા દિયર જેઠ જેઠાણી થાણી, ગર્વે ભરાણી દેરાણીને સાથે આણી નરસિંહને નારાયણ જાણી. જોડી પાણી આવી બેઠાં ઘુંઘટ તાણી વાંસે દીસે ગોર ગોરાણી.

કૃષ્ન કહે છે કુંવરબેન લ્યો! પામરી જઇ સસરાને આપો, હેમ સાંકળી ગ્રહી હાથ, જઇ આપો નાથને, રમે લજાઓ, સાસુને શણગાર સજાઓ. દિવ્ય વસ્ત્ર આ જેઠ જેઠાણી પહેરી ફરશે, અમુલ્ય વસ્ત્ર તે ગોર

૧ અનંત=ભગવાન: અનંત કોટિ સૂર્યનું જેનામાં તેજ છે એવા;

ગોરાણી હસ્ત અહીં આશિશ ઓચરશે; જન્મ મરણનાં સંકટ હરશે, ખુસ ટીઓ બે તોલા સોનું માંઠે કરશે, તોલા પાંચ નણદીને આપો, રત્ન રાખડી બાંધી એણે માટે ઠરશે.

ગોવિંદ કહે ગાંસડીઓ છોડો! સિલકરેલી [1]સંદુક તોડો કહો લોકને દેવા દોડો! કદ કસુંબા, કમચુર કિનખાપ ખંડને કોરો કસબી ગુચ્છ ગાજ ગજીઆણી સાડી, ચંદ્રકળા ચંદેરી સાડી, ગજી ગવન ગાળા ઘરસાડી, જગજગી રહી જરીની સાડી, ખુરાનપુરી બાલ્લાની સાડી, સરસ રંગ સુરતની સાડી; બની બેશ બુટ્ટીની સાડી, પહેરે લાડી ભ્રાત તાત દિપાવે માડી; ઘુંઘટ કાઢી. ઘાટપોત કલગર ઘરચોળું; નાટ બાંટને પાટ પટોળું, નિમા ચલોઠા, છાયલ છિંટ, પિતાંમર સારાં, લાલ ગુલાબી લિલાં પિળાં જાંબુડાં જંગાલ રંગમાં ન્યારા ન્યારા; ધુંસા શાલ દુશાલા શેલાં. સાળુ લેશ જંજીરા મેલ્યા, જંગનાથી જીન જામદાનીના જોઇલ્યો જામા વળી વળી મોકલજો વામા રખે કરો તમે રામા ટામા, નાગર માહો માંહે જોઇ રહ્યા સામા, નરસિંહ કહે છે રામા રામા...રામા; ભજ રામા.

પટકા પટ્ટુ પાયજામાને પાલવ વિછોવઇ, પેચ પાઘડી પામરી તોરા અતલસ અંબર દિસે કોરાં, અશાનજી પહેરે કોઇ અબળા પડે ગાલ ગુલાબી દોરા. દોરીઆ, દરીઆઇ, ધોતી હિરની, વાત વખાણું શું હું ચિરની; બનુસ બનાત બંગાળી રેજા, બોર જાળીના [2]બળતા રેજા, ફુલભાત ફુલેવર રેજા, ધારી જુઓ ધારીઆના રેજા; ચરણાચોળી ઘણા ઘાઘરા અને ફલાલી સુંદિર શ્યામા લેવા ચાલી, બાદરેપાટ મલમલને મુખમલ રંગરંગની દેખી મોહીએ, મંડિલ મોરવી સુંદિર મોળીઆં સાથે સોહીએ, મગીઆં મશરૂ મુગટા સારા રૂસાલ રેશમાં લેજો જોઇએ.

વિધવાનારી જોખમકારી, ભૂમિભારી સાદાં સોળાં ને ચોકડીઆં લેઇ થાઓ ન્યારી; પહેરી ફરજો સત્યવચન મુખથી ઓચરજો, શામળીઆનું સમરણ કરજો.

કૃષ્ન કહે છે કાઢો ઘરેણાં, રાખો ન મણા, કનક કાંશકી કલ્લાં કાંબી કંગણ કંકણ, કાતરીઆં કુંદનની કોરો, કલાફુલને કમરપટા વળી કડીઓ કાંઠલી, કોટી કનકશી, હિરા કંઠી. ફાળકા કંઠી, જાળીના મણકાની કંઠી રખે પહેરીને જાતાં વંઠી, બાઢબદીયુને ખિલી ખજુરી અમુલ્ય ખરચી હશે મજુરી; ગુજરી ગુઘરાં ગલુબંધને ગલુ ટુંપીઓ; ઘુઘરમાળા ઘાલ્યા ગોફણા સુંદિરબાળા, ચાક ચઢયા તે દિસે રૂપાળા, છલાં છવિટિયાં, છાપ છલૈયાં

---

૧ સંદુક–પેટી, મજુસ ૨ બળતા–અગ્નિજ્વાળાની માફક ચળકતા.

જેરન ઝાંઝર, ઝાલ ઝુમણાં, લુંબક ઝુંબક, જડાવ ચુડો, ચંદન ચુડી, આડ [1]લલાટે દીસે રૂડી, આંબળીઆં અવલંબી ખાપ, અંગુઠી આરસી રાખે માપ વળી પાએ પેંગડાં પાનપાશ પાયલને પોંચિ, પોખરાજ જડીઆ છે સોચી, પોટલીઆ પિરોજા પાટીઆં, મોતીમાળા, બોરમાળા પરવાળાની માળા, મણીનીમાળા, અલએતી લે અમ્મરમાળી, હાર હિમના હિરે મઢેલા. ચંદનહાર લ્યો ચુની જડેલા, હિમેલ હારડી હળાં હાંસડી, સોના સાંકળી અને સાંકળાં વેઢવિંટિયો વાળી વેલા; જાણે વરસ્યો મેઘ કાટકે રેલમછેલા; વળી વિંછવા લધરી લંધર, લોલક લાખનાં અકોટી અણુવટ, નગુવા તિલક પહેરી લ્યો ઝટ; દુગદુગિ દામણી કુંદન દોરી, બેઊ બાજુબંધ પહેરે છોરી; તરસતિયું તોરણીયુ તુશી, તનમનિયુ તક્તિ કરે ખુશી; ફરફરીઆં તો હિસે ફરતાં, માદળીઆં લઈ અંગે ધરતા, વાહવાહ વાહવાહ મુખ ઓચરતા; બોર મોર મોરીને મોળીઆં, મોરડે માણેક મેલ્યાં જાળીઆં, બલૈઆં બજોઠાં અને બેરખા પહેર્યા હાથે, સર્વે સાથે, શતસહસ્ત્ર મોહોર સોનાની મુકી સૌને માથે, બાપુ નવેનિદ્ધ પ્રગટી નાથે. મેલ્યા કુંદન પથરા અમોલ; જેનું પાંચ સવામણ તોલ.

ભગવાન—માગ્ય માગ્ય નરસિંહ વળી શું જોઇએ !

નરસિંહ—મહારાજ આપો તો એજ આપો કે નાગર કોઇ નાગો ભુખ્યો ન રહે, અને રાજદ્વારે શોભા પામે.

ભગવાન—અસ્તુ; નરસિંહ ધન્ય છે ત્હારી પરોપકાર વૃત્તિને.

સિંધુપ્રસાદ—કેમ ગંગાપ્રસાદ ? મારા બેટાની પાસે કાંઇક છે ખરૂં.

ગંગાપ્રસાદ—હા મને પણ એજ વહેમ છે કે આગીઓ વેતાળ સાધેલો, કાંતો હરમાનની સાધના, ને કાંતો ભેરવ.

(ભગવાન વિદાયગિરી માગે છે.)

રાગ; રાખો શુરે આવાં વણ ઉચ્ચારો છો.

[ભગવાન] મા...ગુ વિદાય વહાલા સેવક નરસિંહરામ.

[નરસિંહ] લા...ગુ પાએ, પુરી કામના પુરણ કામ.

સ્વલ્પ સુખ નાહિ શામળીઆ, આ ધરા ચક્રમાં જાણ;
મહારૂં ત્હારૂં આશા તૃષ્ના, પીડે છે આ પ્રાણ;
ઠા...ગુ મળીઆ કામ ક્રોધને લોભ તમામ. લાગુ૦ ૧

[ભગવાન] એ સર્વે સરજેલા મહારા, મહારા જન મન તુચ્છ;
એને જીતી મુને મેળવે, જાણું ઉગી મુછ;
ભા...ગુ સંકટ સોંપુ એને સુખનું ધામ. માગુ૦ ૨

---

૧ લલાટ—કપાળ.

[નરસિંહ] મ્હારૂ બોલ્યું મનમાં ન લેશો, અકળાયો તો આજ;
દોડી આવી દામોદરજી, રાખી ભક્તની લાજ;
ત્રા—ગુ કરતાં અંતરજામિ આપી હામ. લાગુ૦ ૩
[ભગવાન] અરરર આતમા એ શું બોલ્યો, ન કર્યું સપાડે કામ,
તન મન ધન સરવે અર્પણ છે, નરસિંહ તારે નામ;
જા...ગુ જગમા નરસિંહ નામે આઠુ જામ. માગુ૦ ૪

પહેરામણી પતી, પ્રભુ પધાર્યા, સૌ વેરાયાં, મહેતાએ કુંવરને લઇ ચાલવાની તૈયારી કરી; નણંદ જેવી ઘરમાં ગઇ તેવીજ પોતાની છ મહિનાની છોકરીને રોતી સાંભળીને ફુંફવાડા મારતી ધસી; જોયો જોયો ભગત ! શાનો ભગત ! બગ ભગત ! ઠગ ભગત !

(કવિ.) ગિતિ

નણુદી નાગેણુ દોડી, ફેણુ માંડીને જવાળા વિષ નાંખી,
કુંવર કંપી ઉઠી, રે કેમ આવી સર્વ ફર્યા પાંખી.

નાગરના છોકરા—ભગત ભૂં......ગળી ! ભગત ભૂં......ગળી !

કુંવરબાઈ—બાપા બાપા આ તમને ભૂંગળી કહે છે.

નરસિંહ—ભૂંગળી સારી બેટા; એ ઠીક કહે છે. એમને ભગવાન બોલાવે છે. ભૂંગળીમાં જેમ ફુંકેલો પવન રહેતો નથી, તેમ સંસારનો ઉપાધી રૂપ વાયરો ભગતના હૈયામાં રહેતો નથી પણ એક કાનથી બીજે કાન નિયળી જાય છે, માટે ભૂંગળીજ કહેવાય !

નાગરો—મહેતાજી ખોટું લગાડશો નહિ, છોકરાંતો કમ અક્કલ છે. (છોકરાને) વાંઝણીનાઓ શું બોલો છો તમારા બાપે ન્યાલ તો કરી નાંખ્યા; તોય ભૂંગળી કહો છો. કેવો હરીજન, કેવો નિર્મળ ભગત ! વાહ વા !

[નણંદ] ગજલ, તાલ કલાવી દાદરો.

જોયો જોયો ભગત, બોળે બાધુ જગત, બહુ બગલા ભમે છે આ ભોમિ વિષેં;
ખોયો ખોયો વકર ખાય ઘી ને સકર. બહુ.
ધરે ધ્યાન તેમાં નહિ લેશ મણા, મારે લાગ તકાસીને મચ્છ ઘણા;
એવાં છાંનાં છુપાં કરે પાપ અતીષે. બહુ. ૧
ઘણા જાદુગરો જાણે જાદુ અતી, કરે રતિની મોહોરને મોહોર +રતિ;
પણ સંકટ ગાંસડો હોય શિશે. બહુ. ૨
બાજીગરના બનાવેલા મહેલ મોટા, પળ પાંચ પછી તેતો થાય ખોટા;
એવી જુઠી ભાજી બધા જગની દિસે. બહુ. ૩

+ રતિ–ચણોઠી.

લેઇ પેરામણી ચાલ્યા સૌકો સહી, મારી ફુલ ફુલી નાની રોતી રહી;
એને કોઇએ ન સંભારી મિષે મિષે.　　　બહુ. ૪

કુંવરબાઈ—અરે પિતાજી ! આતો સદાની સાયડી રહી; આને કાંઇ અપાયતો સારૂં.

[નરસિંહ]　　　રાગ, વેરાવળ

સમરો સારંગપાણને, સરવા સઘળાં કાજ;
રાવણુ જેણે રોળીઓ, બાંધી પથ્થર પાજ.　　　સમરો. ૧
લાજ રાખી લવ માત્રમાં પુર્યાં દ્રૌપદીનાં ચિર;
તાર ન નિપજે મુજથી, નથી મહારામાં નીર.　　　સમરો. ૨
માધવ માગ્યુ આપશે, જેણે આપ્યું સર્વ;
માટે ભજો મોરારને, મુકી મનનો ગર્વ.　　　સમરો. ૪
અંતરજામિ આ ટાણે, મેણું નણદીનું ટાળ;
રત્ન જડિત્ર એક કાપડુ, પડયુ ત્યાં ત્રતકાળ.　　　સમરો. ૪

[કવિ.]　　　રાગ, ગુજરી..

કૃષ્ન વોળાવી કુંવરને તેડી. મહેતે જોડી વહેલરે;
કોઇ કહે ધન્ય છે કોઇ કહે રૂડુ. કોઇ કહે છે ફેલરે.　　　૧
સાધું સંતની ટોળી ચાલી, થાય શંખના નાદરે;
જય રઘુવરકી શ્યામ સુંદરકી, મુખે કરતા સાદરે.　　　૨
લોક લજ્જાને છાંડી વેગળી, નરસિંહ કિર્તન ગાયરે;
અગણિત જન આવી આળોટયા. ભક્ત ચરણુ રજ માંયરે.　　　૩
ધન્ય કમાઇને ધન્ય જીવતર, ધન્ય ધન્ય જનેતાની કુખરે;
આરાધનથી અઘ બળે ને, દર્શનથી જાય દુઃખરે.　　　૪
રજ ચરણુની શિશ ચઢાવું, ગુણુલા ગાઇ થાઉ ન્યાલરે;
કલમ ચલાવી થયો કૃતારથ, સેવક બાપાલાલરે.　　　૫
આવા ભક્તનાં ચરિત્ર ગાવાં, કયાંથી મહારૂં કર્મરે;
કરૂણાસિંધુ કૃપા કરી, જેથી સચવાયો કુળ ધર્મરે.　　　૬
એ હરિજનના ગુણ મેં ગાયા, ખરે ન જેમાં ખોડરે;
એકવાર મારા હરીજન બોલો, જય જય શ્રી રણછોડરે.　　　૭

સતિ સૈરંધ્રિ.

[કવિ]　　　રાગ. તો તેને વશ થાયથાય થાય ?

પર દારાથી દૂર દૂર દૂર, રહેવું પરદારાથી દૂર.

સુખ પામે સંસારે પ્રાણી, પરનારીની પેર ન જાણી;
કામ કૃપાના ઉભરા નાવે ઉર. ઉર ઉર. રહેવું. ૧
અરે આ એણે જાય જવાની, ભસ્માંગદ કહે ભોગુ ભવાની;
પણ ભગવાને ભસ્મ કર્યો, તે ભૂર ભૂર ભુર. રહેવું. ૨
કિશકિન્દામાં વાનર વ્હાળી, અનુંજ પતિથી દ્રષ્ટિ કાળી;
અવધપતિયે ચતુર કર્યો તે, ચૂર ચૂર ચૂર. રહેવું. ૩
લંકાપતિ રાવણ અહંકારી, ચોરી ચાલ્યો સિતા નારી;
કુળ ખેંચાયું પાણી સરિતા, પૂર પૂર પૂર. રહેવું. ૪
પતિ પાંચ પંચાળી પામી, દુઃખ દીધું દુર્યોધન કામી;
કૃષ્ણ કૃપાએ કાઢયા કૌરવ, કૂર કૂર કૂર. રહેવું. ૫
સતિ સૈરંધ્રિ પાંડવ રાણી, કામી કૈએ ઉરમાં આણી;
સૌ ભાઇ સાથે ઉડયા આકના, તૂર તૂર તૂર. રહેવું. ૭
ચઢયો કાટ જેમ લોહને ખાએ, કાયા તદવત્ જીરણ થાએ;
સંગ કર્યાથી નિશ્ચે ન રહે, નૂર નૂર નૂર. રહેવુ. ૭
રહે રંડવા વિષયની વાતે, બાપુ કહે બળશે તે જાતે;
ઉગરે વિરલા હોય હરિજન, શૂર શૂર શૂર. રહેવું. ૮

[કવિ] મરાઠી સાખી.

ગુરૂ ચરણમાં મુસ્તક નામ્યું, જનમેજય રાજન;
કૈયા કિચકનો વધ કેમ કીધો, શત્રુ પાન્ડુ તન;
કહો કથા તે, સાંભળવાની ઇચ્છા એ. કહો.

જનમેજય રાજા વૈશંપાયન રૂષિના ચરણમાં મુસ્તક મુકી બોલ્યા. હે પ્રભુ હે રૂષિવર મારા વડિલ દાદા ભિમસેને વિરાટના સાળા કૈચાકિચકને શા સારૂ માર્યો, તે કથાનું યથાસ્થિત વર્ણન કરો !

[વૈશંપાયન] મરાઠી સાખી.

*દુત રમ્યા દુર્યોધન સાથે, ધર્મ તણો અવતાર;
રાજ્યપાટ રિદ્ધિ સૌ હાર્યા, પંચાળી જે નાર,
વર્ષ દ્વાદશ વન, ગુપ્ત તેરમે રહે રાજન. વર્ષ.

[કવિ] રાગ. મુખડાની માયા લાગીરે;

કુસંગને ટાળો તનથીરે, સજ્જન સરવે.
વિચાર ન કરો મનથીરે, સજ્જન સરવે.
કુસંગ કાયામાં અડે. અતીષ સંકટ પડે,
રણમાંહે રડવડેરે. સજ્જન. ૧

---

*દુત–જુગાર, સરતની બાજી.

જે નરે કુસંગ કીધા, અવની અવજશ લીધા;
તેના દહાડા ન્હોય સીધારે. સજ્જન. ૨
નળને કળીએ પિડયો, નરપતિ નગ્ન હિંડયો;
દમયંતિયે પાડી રીડયોરે. સજજન. ૩
પાન્ડવોએ વેઠયાં વન, નવ મળ્યા જળ અન્ન;
સતિ ત્રાસ પામી તનરે. સજજન. ૪
નેહ જો નિચાથી કરીએ, નરમાંહી નીચ ઠરીએ;
માટે દામોદરથી ડરીએરે. સજજન. ૫
તંબાકુ અફિણુ ગાંજો, શરિરે ન રાખે સાજો;
મધુપાને ન રહે માઝોરે. સજજન. ૬
જગમાંથી જશ જાય, આબરૂથી હિણુ થાય;
નરકમાં પડે કાયરે. સજજન. ૭
ઝેર જો અજાણે ચાખે, તોય પ્રાણુ કાઢી નાંખે;
રૂટી [1]રતિ રામ રાખેરે. સજજન. ૮
કદી ન કરો કુસંગ, સમરો સદા શ્રિરંગ;
બાપુ ગર્ભવાસ ભંગરે. સજજન. ૯

ગિતિ.

મહા દુઃખ માથે આવે, સ્વલ્પ કરે કોઈ કુસંગનો સંગ;
સ્વપ્ને સુખ ન પામે, સદા પચે જો તેહ તણે રંગ. સિયાવર.

જુગારથી હારી વનવાસ પામેલા પાંચે પાંડવો દ્રૌપદિ સહિત બાર વર્ષ વન વેઠી નદી નાળાં ઓળંગી, ઝાડ પહાડ ફરી વિરાટ નગ્રની ભાગોળે આવ્યાં. ત્યાં સર્વ મળી કરેલી સરત પ્રમાણે છુપા રહેવાની તૈયારી કરી. સર્વના હથિયાર એકત્ર કરી શમિના ઝાડે લટકાવ્યાં અને ત્યાં નાગ્નની ચોકી મુકી. રાજા યુધિષ્ટિર બ્રાહ્મણુના સ્વરૂપે જવા તૈયાર થયા અને નગ્રમાં પ્રવેશ કર્યાં પહેલાં દેવીનું આરાધન કર્યું.

(યુધિષ્ટિર) દેવિ સ્તુતિ.

હે દેવિ. હે મહમાયા, હે કુમારી, બ્રહ્મચારીણી, ઉગતા સુર્યના તેજવાળી, ચંદ્ર સરખા મુખવાળી, હે ચાર ભુજાવાળી, હે ચાર મુખવાળી, હે મયુર પિંચ્છના કંકણુવાળી, હે બાજુબંધ અને મુગટ ધારીણી; હે કૃષ્ણના અંગમાં રહી કંસને મારનારી શક્તિ, ખડગ ઢાલને ધારણુ કરનારી, દુઃખને ટાળનારી, વરદાઇની, અભયદાઇની, કમળ ઘંટા, પાશ ધનુષ, ચક્ર, ત્રિશુળ

---

૧ રતિ=ભાગ્ય.

અને બિજાં અનેક આયુધ ધારણ કરનારી, હે માતાકુમારીકા, હે સ્વર્ગની રક્ષા કરનારી. હે દેવની પુજ્યમાન, હે ત્રિલોકની રક્ષા માટે મહિસાસુરને મારનારી, હે સંગ્રામમાં જયદેવાવાળી હે વિંધ્યાચળ વસનારી, હે કાળી, હે દુર્ગા, હે અંબા, હે મહાકાળી, હે બ્રહ્માદિક દેવતાઓની અધિષ્ટાતા, હે મહાસંકટથી મુક્ત કરવાવાળી, હે કિર્તિ, લક્ષ્મિ, ધૃતિ, સિદ્ધિ, લજ્જા, વિદ્યા, સંતતિ, મતિ, સંધ્યા, રાત્રિ, પ્રભા, નિંદ્રા, જ્યોત્સ્ના, ક્ષમા, દયા એવા સર્વ સ્વરૂપવાન, હે બંધનમુક્ત કરનારી; પુત્ર તથા ધન આપનારી, હે સુરેશ્વરી, હે સત્યરૂપ માતા હું તને વારંવાર પ્રણામ કરૂં છું. તારા પવિત્ર ચર્ણમાં મારૂ મુસ્તક નમાવું છું. હે ભક્તનો ભય મટાડનારી મહાદેવી મને સહાય થા !

(દેવીએ સિંહ ઉપર સ્વાર થઇ દર્શન દીધાં.)

દેવિ—હે ! યુધિષ્ટિર ! ભય ન ધર ! મારી કૃપાથી તમને વિરાટ નગ્રમાં કોઇ ઓળખશે નહિ. તમારા દિવસ આનંદમાં જશે. થોડા સમયમાં તારે કૌરવો સાથે સંગ્રામ થશે; તેમાં મારી કરૂણાદ્રષ્ટિવડે તારો જય થશે. તારા ભાઇઓ સહિત તું નિર્ભય રહીશ.વળી તારી માફક જેકોઇ મારૂ સ્મર્ણ કરશે તેને ગમે તેવા સંકટથી હું મુક્ત કરીશ, પુત્ર, ધન, રાજ્યપાટ સર્વ હું પુરૂ પાડીશ.

યુધિષ્ટિર, હારેલી બાજી નિશાની તરીખે હાથમાં ધારણ કરતા હતા, તેને બગલમાં મારી બ્રાહ્મણ વેશે રાજાના દરબારમાં દાખલ થયા. રાજા વિરાટે ધર્મને જોઇ ઘણું માન આપ્યું; અને વળી વિચાર કર્યો કે આ કોઇ પ્રતાપિ પુરૂષ છે, કોઈ ચક્રવર્તિ રાજા હોય એમ લાગે છે. હે મહાબાહુ આપ કોણ છો ? ધર્મ કહે હે રાજા હું પાંચ પાન્ડવમાં સૌથી વડિલ જે ધર્મ "તે ધર્મને ધર્મનો ઉપદેશ કરનાર હું ધર્મ" અને નાશવંત દેહ કંક નામથી ઓળખાય છે. આવું સાંભળી રાજાએ તેમને પોતાની પાસે ઘણા હર્ષથી રાખ્યા. ધર્મ કહે વિરાટ, જ્યારે જ્યારે મારી ઇચ્છા થાય ત્યારે ત્યારે સત્યનો નથી જેમાં ગંધ એવી સોગટાબાજી રમવી પડશે,અને મારી આજ્ઞા વિના તારાથી રાજ્ય સંબંધિતું.કોઇ પણ કાર્ય થસે નહિ ! એ કબુલાત રાજાએ ઘણા હર્ષની સાથે કરી. થોડી વારે બ્યંઢળ વેષે અર્જુન આવ્યો તેને જોઇ રાજા અતી આશ્ચર્ય પામ્યો. હે પ્રતાપી પુરૂષ આપ કોણ છો અને પાવૈયાને વેશે કેમ પધાર્યા છો ! અર્જુન કહે હે રાજા હું પાન્ડવ પુત્રોને અસ્ત્ર શસ્ત્ર વિદ્યા શિખવનાર બ્યંઢળ મહેતા છું. વિરાટ રાજા કહે ભલે મારા પુત્ર પુત્રાદિકને પણ તે વિદ્યા શિખવોં ? હું તમને વિદ્યાશાળા સ્થાપન કરી આપીશ. વળી જરા વિલંબે સહદેવ આવ્યા તેમને પુછતાં, પાન્ડવનો ગોવાળ છું, ગાયોની ચાકરી સારી રીતે કરી જાણું છું, નામ પંથિજી

છે, જ્યાં સુધી પાન્ડવ પ્રગટ ન થાય ત્યાં સુધી એટલે એક સંવત્સરને માટે દિવસ ગુજારવા અગત્ય છે. રાજા વિરાટ કહે ભલે અહિં રહો. તે પછી થોડાજ વખતમાં નિકુળજી આવ્યા, રાજાએ પુછ્યું આપ કોણ છો ? હું પાન્ડવનો અશ્વપાળ છુ અને ઘોડાની પરિક્ષા બરાબર કરી જાણું છું. રાજા કહે ભલે તમે પણ રહો !

હવે ભિમ અને દ્રૌપદી એ રહ્યાં. ભિમ કહે સતિ તમે જાઓ ! સંભાળથી રહેજો ! દ્રૌપદી કહે એવી શંકા આપ ન કરો ! ધરણીને ધ્રુજાવનાર આપ સરખા ભરથારની પત્નિને ત્રિભોવનમાં કોઇનો ડર નથી. આપ નિશ્ચિત રહો, રાજા વિરાટના રાણી સુદેષ્ણાની દાસી થઇને રહીશ, અને સૈરંધ્રિ નામ ધારણ કરીશ.

જેના અંગ ઉપર એકજ વસ્ત્ર છે, દુષ્ટ દુઃશાસનથી જેના કેશ વિખરાઇ ગયા છે, કંકર કંટમાં ચાલી જેના કોમળ પગને ચિરા પડી ગયા છે; એવી દ્રૌપદી ઉભી બજાર ચાલી. હજારો મનુષ્યો તેના શરીરના સામુ જોઇ રહ્યા છે. પોત પોતાની બુદ્ધિ પ્રમાણે અનેક તર્ક કરી રહ્યા છે, રાજા વિરાટની રાણી સુદેષ્ણા મહેલની બારીમાં બેઠી હતી તેણે તેણીને જોઇ, અને દાસી સાથે ઉપર બોલાવી. હે કલ્યાણી તું કોણ છે? અને આવે વેશે આ ગામમાં શા સારૂ ફરે છે? દ્રૌપદી કહે હે દેવી હું પાંચ પાન્ડવની રાણી દ્રૌપદીની દાસી છું અને કેશ ગુંથવાનું કામ સારી રીતે કરી જાણું છું. રાણી એમના પતિની સાથે વનવાસ ગયાં છે માટે હું તે કામ કરવા તમારી પાસે આવી છું. સુદેષ્ણા કહે હે સાધવી કુર્કટી નામનો કીડો ગર્ભ ધારણ કરે છે અને તેજ તેનો બરડો ચિરીને બાહેર નિકળે છે; માટે હું પણ જો તને રાખું તો મારો નાશ થાય, કારણકે ત્હારૂ સ્વરૂપ એવું છે કે, અમો સ્ત્રિયો મોહ પામી ગઇ, તો પુરૂષ મોહ પામે તેમાં શું આશ્ચર્ય. દ્રૌપદી કહે એવી શંકા આપ કરોમાં, સ્વર્ગ મૃત્યુ પાતાળમાં કોઇ પણ પુરૂષથી હું જીતાઉં તેમ નથી, છતાં મને જીતવાને જે બળાત્કાર કરશે તેને મારા છુપા ગાંધર્વો એકજ રાત્રિમાં જમ પુરી દેખાડશે, અને મારી પાસે વિષ્ટા ઉપડાવશે, મોજડીઓ ઉપડાવશે અને પગ ધોવરાવશે તેને પણ ! સુદેષ્ણાએ દ્રૌપદીને શાન્ત પાડી એટલામાં રાજાની સ્વારી આવી, તેણે પ્રશ્ન કરતાં, દ્રૌપદીની કહેલી સઘળી હકીકત કહી. રાજા પ્રસન્ન થયા અને કહ્યું; હે રાણી આજ આપણું સુભાગ્ય સમજ કે દ્રૌપદિ નહિ પણ દ્રૌપદીની દાસી આવી તેને પણ આપણે દ્રૌપદી તુલ્ય ગણવી અને દ્રૌપદીની જે નિતી રિતી તને સંભળાવે તે તારે હૈયામાં ધારણ કરવી.

સર્વના ગયા પછી ભિમસેન તૈયાર થયો, તેણે એક ઝાડના થડને કડછો બનાવી ખભા ઉપર મુક્યો અને કુદકા ભરતો ગામ લોકોને ડરાવતો વિરાટના દરબારમાં આવ્યો. વિરાટ કહે આપ કોણ છો ? ભિમ કહે મને ન ઓળખ્યો ત્યારે તેં ઓળખ્યું શું ? અમે પાંડવના રસોઇઆ; વિરવાલવા એક વાર મહારા હાથ ચાખે, તો ફરી બિજાના ન માગે. કડછો નિચે મુકી કિંકરૂષિને પગે લાગ્યો. વિરાટ કહે હે વાલવાજી તમે મારા દરબારમા રહો રસોડે રસોઇ કરો અને ઇચ્છિત ભોજન આરોગો.

આ રીતે સરવસ્વ ત્યાં રહ્યા- રાણી સુદેષ્ણાના મહેલના ઝરૂખામાંથી રાજા વિરાટના દરબારનો સઘળો દેખાવ નજરે પડતો હતો. સવારમાં જ્યારે કિંકરૂષિ સ્નાન સંધ્યાદિ પરવારી દરબારમાં આવતા ત્યારે સૈરંધ્રિ ઝરૂખે આવી તેમનાં દર્શન કરતી. એજ પ્રમાણે જ્યારે ભિમ અર્જુન નિકુળ સહદેવ આદી ધર્મરાજાનાં દર્શન કરવા આવતા ત્યારે તેમના પણ દર્શન પતિભાવે સતિ કરતી હતી; એમ આખા દિવસમાં પાંચજ વખત ઝરૂખામાં આવી પાતની મનાસ્વ પુજા કરી જતી. થોડા દિવસ વિત્યાબાદ એક વખતે રાજા વિરાટના સો સાળામાંથી સૌથી શ્રેષ્ટ કૈયોકિચક જે મહાપરાક્રમિ બુદ્ધિશાળી હતો તેની નજર દ્રૌપદી ઉપર પડી. જે વખતે નજર પડી તેજ વખતે જેમ ચુંબક લોઢાને ખિંચે તેમ સુંદરીના સ્વરૂપે કિચકના મનને ખિંચ્યું. તેના અંગમાં વ્યાકુળતા થઇ તેની જ્ઞાન ઇંદ્રિયો ચમકી, કર્મ ઇંદ્રિયો બેહોશ થઇ; અરે આ વિજળીસમાન વેગવાળી રતિકા જેવી રૂપાળી રંભા કોણ હશે ! હાય !

દરબારમાંથી ધશી પોતાની બેનના મહેલમાં પ્રવેશ કર્યો. બેની આ સુકન્યા જે વિરાટના દરબારમાં મેં કદી નહિ જોએલી, એ લાક્ષ્મ સાવત્રિ કે ગિરીજા છે ? આવું સાંભળી સુદેષ્ણા જે શુદ્ધ અંતઃકરણ વાળી સાધવી હતી તે કૈયાનો દુષ્ટ વિચાર સમજી નહિ ને બોલી. હે ભાઇ, એ આપણા અંતઃપુરની દાસી છે અને થોડા વખતમાં અહિં આવી છે. દાસી શબ્દ સાંભળી કૌયો સૈરંધ્રિ તરફ દોડયો. હે કલ્યાણી તમો દાસીપણું કરવાને લાયક નથી; તમો મહારા મહેલને શોભાવો !

[સૈરંધ્રિ] ગિતિ.

મણિ મણિધર લેતાં, પલક પાંચમા પ્રાણ જરૂર ખોશે;
પા પલકે પરવારે, મારા સામુ કુદ્રષ્ટિ જોશે.

(કિચક) મરાઠી સાખી.

ઉડગણમાંહે ઇંદુ શોભે, તેવાં શોભો નારી;
લાયક નર લલચાવા આવ્યાં મતિ ફેરવી મારી;

કેમ હાંસી કરો. મહારા મહેલે પાય ધરો.　　　કેમ.

ઘણીવાર થઇ કીચક શું કરે છે તે જોવા સુદેષ્ણા આવી ત્યારે બ્હેનને જોઇ કિચક રવાના થયો.

કિચક વારંવાર ગમે તે ગમે તે બહાના કાઢી સુદેષ્ણાના મહેલમાં પ્રવેશ કરતો, અને સૈરંધ્રિને પોતાની સ્ત્રિ થવા કાલાવાલા કરતો. એક વખતે કીચો રાત્રિયે સ્ત્રિનો પોશાગ પહેરી મહેલમાં દાખલ થયો, અને જ્યાં ઘણી દાસીઓના સમુહમાં સૈરંધ્રિ સુતી હતી ત્યાં આવીને સુતો.

જેનું સરવસ્વ ગયુ છે, જેને પતિનો વિયોગ છે એવી સતિને નિદ્રા તો શાનીજ આવે, વળી આજની રાત્રિ ભયંકર લાગી, તેથી સૈરંધ્રિ સુતી નહિ પણ બેઠી બેઠી કૃષ્ન નામનો ઉચ્ચાર કરવા લાગી.

કીચોકિચક સનમુખ આવી કહેવા લાગ્યો; હે ! સુંદરી, હે બાળા ઉત્તમ કુસુંમની નહિ ધારણ કરાએલી માળા સમાન ઓછી શોભાને આપ નારી અલબેલી આ વિચારમાં છું ? સૈરંધ્રિ કહે અરે અભાગી મ્હોતની ઇચ્છા કરનાર ત્હારો કાળ તને ભમાવે છે એ કેમ સુજતું નથી.

કિચક રીસ કરીને બોલ્યો; અરે મારે આધીન થાય છે કે નહિ ! એટલામાં એક પછી એક એમ સઘળી દાસીઓ જાગી ઉઠી. અલી બેન જોતો ખરી, મૂછાળી બાઇડી. અલી ઉઠ ! જો જો મૂછાળી બાઇડી, બાઇડી ને આવડી મોટી મૂછો શી ! કીચાથી ડરી સ્તબ્ધ થઇ ગઇ; ત્યાંથી ખસવા પામી નહિ; એમ રકઝક કરતાં પ્રહર ચઢયો. રાજા વિરાટની કચેરી ભરાઇછે કિચકની રાહ જોવાય છે, ત્યાં કિચકથી ભય પામેલી સૈરંધ્રિ દોડતી આવી, પાછળથી આવી કીચે ચોટલો ઝાલી ત્રણ લાતો મારી, અને દોડી પોતાના મહેલમાં દાખલ થયો. સૈરંધ્રિ પોકાર કરી રડવા લાગી વિરાટે તેની આસનાવાસના કરી મહેલમાં મોકલાવી પણ કીચાના બાહુબળથી રાજા ભય પામેલો હતો, તેથી કાંઇ કહી શકયો નહિ. કંક રૂષિયે કહ્યું "સિંહની સ્ત્રિને પોતાની કરવા ઇચ્છનાર શિયાળ જલ્દી ત્મૃયુને પ્રાપ્ત થશે."

પાંડવોને છાના રહે ચાર માસ થયા ત્યારે શ્રી વિષ્ણુ ભગવાન દ્વારકાનાથે નારદને બોલાવી દુર્યોધનને યાદ દેવરાવવા કહ્યું; કારણ કે જે કાળે જે ઠેકાણે જે નિમિત્તે જેનું મ્હોત હોય તે પ્રમાણે ચોકસ કરવું એ પ્રભુનું કામ છે. દુર્યોધનના દરબારમાં જિમુત નામના મલ્લનું મ્હોત ભિમસેનને હાથે અને વિરાટ નગરની ભાગોળે હતું. નારદે આવી દુર્યોધનને ખબર આપી ત્યારે દુર્યોધને કહ્યું આપ કૃપા કરી આવ્યા તેથી દાસ ઉપકારી થયો છે પણ હું એ વાત વિસરી ગયો નથી. તેજ વખતે શકુનીએ કહ્યું

તથા દુઃશાસનની સલાહ લઇ બિડુ ફેરવ્યું, “ જે પાંડવની ખોળ કરી લાવશે તેને રાજ્યમાંથી એ આની ભાગ મળશે. ” આ શબ્દ સાંભળી જિમુતમલ્લ જેનાં નવાણું ભાઇ ભિમને હાથે નાશ પામ્યા છે તેણે વિચાર્યું કે પાંડવો પકડાશે તો ભાઇઓનું વહેર વળશે. વળી ભિમને હાથે નાશ થશે તો અધર્મિની નોકરી છુટશે, અને ભક્તને હાથે દેહ પડશે તેથી મુક્તિ થશે; બેઉ તરફથી લાભ છે. બિડુ ઝડપ્યુ કે તરત દુર્યોધને સોનાના પત્રમાં લેખ કોતરાવી તેની છાતીમાં ચોઢયો અને સોનાની સાંકળ તેની કમરે બાંધી.

હસ્તિનાપુરથી છુટેલો જિમુત દેશે દેશમાં પુતળાં બંધાવતો બંધાવતો સવા સવા મણનાં બોતેર પુતળાં લઈ દ્વારિકામાં આવ્યો, જ્યાં શ્રીકૃષ્ન તથા બળભદ્ર બિરાજમાન થયા છે. બળભદ્ર કહે લ્યા કોણ છું ? જિમુત કહે લેખ વાંચો ! બળિભદ્ર કહે લેખ વાંચો; પણ તું છે કોણ ! જિમુત કહે લેખ વાંચો ! બળદેવ કોપ્યા, અને અનુચરને લેખ વાંચવા ફરમાવ્યું.

રાગ; ખટક રહી આ મૃગનયનીને.

છત્રપતિ દુર્યોધન રાજા, હુકમ કરૂં છું આજ ખરે;
સકળ રાજ્યમાં સત્તા મારી, રખે કોઇ અપમાન કરે. ૧
અપમાન કરશે જિમુતમલનું, અપમાન તે કીધું મ્હારૂં.
અગિયાર ક્ષોણી લશ્કર લાવી, પલક પાંચમાં સંહારૂં. ૨
માટે મંન વિચાર કરીને, પાન્ડવ ખોળ કરી કહેજો;
યુદ્ધ કરવા કોઇ મલ્લ ન હોય તો, સુવર્ણનું પુતળુ દેજો. ૩
વૈભવ સર્વ વહાલો હોય જેને, પાન્ડવ પક્ષની ખબર પડી;
રાજ્ય પાટ સૌ કબ્જ કરીને; અવળી ઘાલુ હાથ કડી. ૪

અનુચર કહે પૃથ્વિનાથ આ દુર્યોધનના દરબારમાંથી જિમુત નામનો મલ્લ પાન્ડવની ખોળ કરવા આવ્યો છે. બળીભદ્ર કહે જા ! અમારા રાજ્યમાં પાન્ડવ નથી. જીમુત કહે પાન્ડવ ન હોય તો યુદ્ધ કરો ! બળિભદ્ર કહે તું કોણ યુદ્ધ કરનાર ! જા દુર્યોધનને મોકલજે અમે તૈયાર છીએ. મલ્લ કહે યુદ્ધ ન કરો તો પુતળુ આપો ! અતિ ક્રોધાયમાન થઇ બળિભદ્ર હળમુસળ લઈ ઉઠયા. લે તને પુતળું આપુ ! કૃષ્ણે સાન કરી, મોટાભાઇ જવાદો એનું મ્હોત ભિમના હાથે છે. તોપણ તમે ઉઠાવેલા હથિયારનો ઉપયોગ કરો ! બળદેવજીએ હળમુશળની અણીથી જિમુતને ઉછાળ્યો, તેજ વખત ભગવાને વંટોળીઓ મુકી આકાશમાં ફેંકયો. દ્વારીકાંથી ઉડેલો જીમુત ચકરીઓ ખાતો ખાતો આવી વિરાટ નગરની ભાગોળે પડયો. પુતળાં સરીરમાં પેંશી ગયાં ! લોહી નિકળ્યું તોપણ સાવધ થઇ વિરાટના દરબારમાં આવી ગર્જના કરી.

રાજા વિરાટ લેખ વાંચો ! જે વખતે મલ્લનો શબ્દ થયો તેજ વખતે બધી સભા સ્તબ્ધ થઇ ગઇ, અને રાણી સુદેષ્ણા, દાસી સૈરંધ્રિ તથા બાકીના સર્વ મહેલના માણસો ઝરૂખામાં આવી ઉભાં. અનુચરે, લખેલું પત્ર વાંચી રાજાને પ્રતિણુ કર્યો. રાજાએ કહ્યું હે કિંકરૃષિ મહારાજ આને શું ઉત્તર આપું ? કિંક કહે પાન્ડવ ત્હારી નજરે પડતા હોય તો હા કહે નહિતો ના કહે વિરાટ કહે પાંડવ નથી. યુદ્ધ કરવાનું કહે છે તે મારી સત્તા નથી. તો પુતળુ માગે છે આજ્ઞા હોય તો આપું ? કિંકરૃષી કહે જ્યાં સુધી હું ત્હારી ગાદીનો ગુરૂ થઇ બેઠો છું ત્યાં સુધી પુતળુ નહિ અપાય ! સર્વની નજર જીમુતના સામી પણ એકલા કિચકની નજર સૈરંધ્રિ સામી હતી " બધા ગ્રહ સવળા ફરે તો રાહુ અવળો ફરે " તે વખતે સતિયે અંતરથી પ્રભુની સ્તુતિ કરી. હે ત્રિલોકીનાથ આ દુષ્ટ કિચકથી મને ક્યારે મુક્ત કરીશ !

(કવિ)　　　મરાઠી સાખી.

શત્રુ સાનથી થઇ સતિ કાયર, સમર્યા દિનાનાથ;
બહુનામીએ બુદ્ધિ સુજાડી, કુટયો કર્મે હાથ;
તવ રીસ કરી, જિમુત કોટે બાથ ભરી.　　　તવ.

સૈરંધ્રિયે કપાળે હાથ દઇ તિરસ્કાર કરી જિમુતના સામી સાન બતાવી. કૈએ જાણ્યું અરેહા ! આજ મારા ભાગ્યનો ઉદય થયો; પણ આ જિમુતને બાઝુ તો ! નહિતો નામર્દમાં ગણાઇશ, આસનપરથી ઉભો થઇ ઘડીમાં સતિ સામી કુદ્રષ્ટિ કરતો જાય અને ઘડીમાં જીમુત સામું જોતો જાય. જાઉ કે નથી જતો ? જાઉ કે નથી જતો ! જીમુત કહે હું રાજા સાથે વાત કરૂં છું, ને તમે કોણ છો ? કિચક કહે હું રાજ્યનો પ્રધાન અને ત્હારો કાળ ! વિરાટ કહે કૈયાજી તમો બેસો હું બંદોબસ્ત કરૂંછું. કૈયે ફરી સતિ સામુ જોયું, ત્યારે વળી કપાળે હાથ દઇ તિરસ્કાર બતાવ્યો; તેજ વખતે કિચક ઉછળી જીમુતની કોટે વળગ્યો.

(કવિ.)　　　ગિતિ.

ચર્ણને ચપસી ઝાલી, ઉચો ફેંકયો અદ્ધર એક તાડ;
બળથી બગલમાં ધાલ્યો, કચ્ચર કીધાં કામીનાં હાડ.

કૈયાને દબાવ્યો કે હાડકાં તુટી ગયા અને લોહિના કોગળા મોમાંથી નિકળી પડયા; તેજ વખત રાણી સુદેષ્ણાએ બાધા રાખી કે મારા ભાઇને સાજો તાજો દેખીશ ત્યારે હું ધાન ખાઇશ. સૈરંધ્રિયે વિચાર્યું થોડા દિવસ તો સુખના જશે. કૈયાને ઉચકી મહેલમાં લઇ ગયા ત્યાં રાજવૈદ્ય ગયા. અહિં જિમુતને રાજાએ કહ્યું તમો નગરના બહાર બગિચામાં મુકામ કરો,

હું કાલે સવારે પુતળુ લઇને હાજર થઇશ. વિરાટે કિંકરૂષિના ચર્ણમાં મુસ્તક મુકી કહ્યું હે મહારાજ પુતળુ આપવા દ્યો, નહિતો વિપરીત થશે. કંક કહે હે રાજા તારા રસોઇઆ વિરવાલવાને બોલાવ ! રાજાએ કિંકના નામથી વિરવાલવાને તેડવા મોકલ્યું, કે તુર્ત આવી હાજર થયો અને કંકના ચર્ણમાં પડયો. કંક કહે હે વાલવાજી આ વિરાટ કહે તે સાંભળો ! વિરાટ કહે દુર્યોધનના દરબારમાંથી જિમુતમલ્લ પાન્ડવની ખોળ કરવા આવ્યો છે અને બ્હોતેર દેશ ફરી નેવુ મણુ સોનું લટકતું લાવ્યો છે, વાલવો કહે ક્યાં ગયો અને પુતળાં કેમ છોડી ન લીધાં ! વિરાટ કહે એટલી અમારી સત્તા નહિ, પાછળ સમર્થ દુર્યોધન છે, હવે આપણે પુતળુ આપવું કે કેમ ? ભિમ કહે પુતળુ આપવું હોય તો હું તૈયારછું; મને બતાવો ક્યાં છે મલ્લ ? વિરાટ કહે ગામ બહાર ઉતર્યો છે; અને કાલે પુતળુ આપવા કબુલાત કરી છે. ભિમ કહે રાજા વિરાટ ચાર પાંચ માસ થયા હું [1]ભૂખે હેરાન થાઉછું માટે આજે ત્રણસેં મણુ લોટ, ત્રણસેં મણુ ખાંડ અને ત્રણસેં મણુ ઘી મોકલે તો ધાર્યું કામ પાર ઉતરે. તે પ્રમાણે કરી જમી પરવારીને સવારે નગરના બહાર ગયા. જિમુત અને ભિમનું યુદ્ધ થયું, નગરના લોકો તથા રાજા વિરાટે જાણ્યું કે આ રસોઇઆનું ગજુ નથી કે મલ્લની જોડે યુદ્ધ કરે; હમણા મરાશે. ઘણીવાર સુધી મલ્લકુસ્તિ કરતાં યુધિષ્ટિરે સાન કરી કે બળ કળી જશે તો ફરી વન જવું પડશે. તેજ વખતે ભિમે ધોલધો દબાવી મલ્લના પ્રાણુ લીધા. મરતી વખતે મલ્લ બોલ્યો; ભી......બે અઢી મહિના ગયા કૈચકિચક સાજો થયો ત્યારે સુદેષ્ણાએ જમાડવા તેડયો. જ્યારે કૈચો આવી મહેલમાં બેઠો ત્યારે સૈરંધ્રિ કંઇ કામમાં ભરાઇ હતી; તેણે વિચાર્યું કે જોઉં "પાપની સજા થયે પાપી સુધર્યો છે કે નહિ !" બારણું ઉઘાડી નજર કરી તો જેવી હતી તેવીજ કુડિ દ્રષ્ટિ દીઠી. અરે કુબુદ્ધિવાન પુરૂષને ગમે તેટલાં સંકટ આવી પડે છે પણ પોતાનું કુબુદ્ધિપણું મુક્તા નથી; " કુત્તરાની પુંછડી ભોંયમાં ઘાલે તોય વાંકીને વાંકી. " ઘણીવાર થઇ દ્રૌપદીને ન દીઠી ત્યારે કૈચે બેનને કહ્યું; હે બેની !

[કિચક] રાગ; બનઝારો.

બેની સાચી સગાઇ મુને તમારી, હરીએ લીધો આજ ઉગારી.
આશા નહોતી મુને થાઉં સારો, ઉગર્યો આજે એ પાડ તમારો;
વહાલાને લાગ્યો ઘા કારી. હરીએ. ૧

---

[1] ભિમનો અહાર વિશેષ; તે વાયુનો પુત્ર હતો તેથી સંભવિત છે. વાયુ શું ન ખાયે ? વાયુ શુ નાશ ન કરી શકે ?

દુઃખ પડવામાં ન રહી નુન્ય, આજે ઉગર્યો એ ત્હારૂં પુન્ય;
સાચી સ્વામિ ભક્તિ તમારી. હરીએ૦ ૨
બેની લળી લળી પાએ લાગુ, વસ્તુ ત્હારી પાસે એક માગુ;
આપી ભાઇની થા ઉપકારી. હરીએ૦ ૩
વસ્તુ વિના ન લેઉં અંન, મેં અરપ્યું તન મન ધન;
સૈરંધ્રિ જે દાસી તારી. હરીએ૦ ૪

કૈયાનો બોલ સાંભળી સુદેષ્ણા ઠંડા પાણીના ભરેલા ધડામાં દેવતામાં તપાવેલો લોઢાનો ગોળો નાંખે ને પાણી તપી જાય તેમ ધિખી ઉઠી.

[સુદેષ્ણા] **મરાઠી સાખી.**

વચન શુણી આ વજ્ર સમાને, કાયા મ્હારી કંપે;
સપુતનો તન કપુત કયાંથી, જીવ જરા નવ જંપે;
જા કાળુ કર ! ઝેર જમીને જીવ શાન્તિ કર. જા.

અરે જા ! ઝેર ખાઇ મરી જા ! કુવે પડ ! ગળે ફાંસો ખા ! શસ્ત્રથી તારા દેહની ધાત કર ! અરે અભાગી અગ્નિમાં બળી જા ! પણ અપસોસ ત્હારા સ્પર્શથી અગ્નિ પણ અપવિત્ર થશે. સુપાત્ર માતાપિતાને પેટે આવો કપુત કયાંથી પેદા થયો. કેળના ઝાડને કૌવચનાં અને આંબાના ઝાડને આકડાનાં ફળ કેમ આવ્યાં.

પદ; લાગ્યોરે મને નટવરશું નેડો. એ રાગ.

પ્રથમ તજો પામર પરનારી, જેનો ભય ભવ સાગર ભારી. પ્રથમ.
જનમતામાં જેણે પચાવ્યું છે ઝેર, વહાલ કરી વરતાવે કાળો કેર;
ડંખી તેને સદા રહે વિષ લેહેર. પ્રથમ. ૧
[1]મુષક પેરે ફુંકી ફુંકીને ખાય, કુચો કરી નાંખી દે મારગ માંય;
ઉધઇ કરે લુણો કનકની કાય. પ્રથમ. ૨
હરે તેજ બળ ચિત્તને [2]વિત્ત, વાર નહિ કરતામાં વિપરીત;
અધમમતિ કોઇનું કરે નહિ હિત. પ્રથમ. ૩
કર્યાં કોટી તિર્થને ગંગા તિર, નિહાળે જો પરરે નારીનું શરીર;
સુક્રત ઉપર તર્ત ફરી વળે નીર. પ્રથમ. ૪
નાગણ ડંખી તર્ત તજાવે પ્રાણ, નારી ડંખા દેહીમાં પેસે ધાણ;
રિબિ રીબી અંતે કરે એતો હાણ. પ્રથમ. ૫
શરતો વાગે જેવું શુરાનું બાણ, પ્રાણ હરી પોચાડે નર્કની ખાણ;
નારી સંગે કોઇન પામ્યા લ્હાણ. પ્રથમ. ૬

૧. મુષક=ઉંદર, ૨. વિત્ત=પૈસા.

સંગ કરી સંચરે જમને દ્વાર, તપાવીને આપે લોહની નાર;
હાય બળ્યો બળ્યો કરે પોકાર. પ્રથમ. ૭
નારી નેહમાં કોએ ન જોયું હિર; ફરંદીતો ફોલીને કરશે ફકીર;
મુવા કેડે જમડા જડે જંજીર. પ્રથમ. ૮
હરાયાંતો ફરતાં ફરે બારે વાટ, ઘુમી વળે ગંગા કેરા બધા ઘાટ;
મોઢાં ઘાલે ઓલી ને પેલી ચાટ. પ્રથમ. ૯
જનમ હાર્યા સંગત જો કરશો, મુરખ જન વગર માર્યા મરશો;
બાપુ તેના ગર્ભમાં અવતરશો. પ્રથમ. ૧૦

[કિચક.] રાગ. ડરમાં તું દિલસાથ.

સાંભળ મારી બેન શાન્તિથી સાંભળ મારી બેન;
ચિત્ત જરા પડે નહિ ચેન. શાન્તિથી.
મન મુઝાએ, વ્યાકુળ થાએ;
રાત્રે રસિલી એ સ્વપનામાં આવે, આવ ભાવ કરી મુજને બોલાવે;
લાડ કરે લટકે લટકાળી, નાજુક સુંદિર નખરાં વાળી;
એનું મુખ, કરે સુખ, ન રહે ભૂખ, અલબેલાં મૃગ સમ નેન. શાન્તિથી. ૧
કેસર વરણી, હાય ન પરણી;
વૃથા ખોયો મેં જન્મ આ મારો. સૈરંધ્રી ન થયો દાસ તમારો;
મળે માનિતી તો ભોગવું ભોગ, સારે નસિબે જો થાય સંજોગ;
હૃદય આપ, કર્યો કાપ, એનો જાપ; જાપુ દિવસ ને રેન. શાન્તિથી. ૨
પુચ્છે સારૂ, બેની જો મહારૂ;
તો અલબેલીને આજે કહેવું, એક નિશા મહારા મહેલમાં રહેવું;
આજ સરત એની જુક્તિ મેં જાણી, ત્રણ નારી ચોથી એ પટરાણી;
એને નહિ દેખું તો મારા પ્રાણ જશે, સૈરંધ્રી એ સુખ દેન. શાન્તિથી. ૩

(સુદેષ્ણા.) રાગ બ્રહ્માજી શું શું કહીએ;

ઝાઝુ શું જીભે કહીએ. લજવઇએ, શરમઇએ. ઝાઝુ શું૦
[1]ટેકા કરવો નવ ઘટે, ચઢે ચતુર કોઇ તાડ;

---

૧. તાડના ચઢનારને ટેકા કરવો ઘટતો નથી—મતલબ કે દુર્બુધિવાળા મનુષને મદદ કરવી ઘટતી નથી. કોઇને પરસ્રિયાદીનો સંયોગ કરાવવો; યા કોઇને મધુપાનાદી વ્યસન પ્રાપ્ત કરાવવું; યા કોઇને માંસાદી પદાર્થનું લાવી આપવું; વિગેરે જે જે પાપ કર્મ છે; તે કરનારને જેટલી સજા છે તેના કરતાં પાપમાં સ્હાય થનારને હજાર ઘણી સજા છે.

સરસ સુગંધી ²બાગને, કરી થોરની ³વાડ;
દુઃખી થઇએ, જ્યાં જઇએ.　　　ઝાઝું શું૦ ૧
મનુષ દેહ મળ્યો મુરખા, ઓળખજે અવિનાશ;
⁴વિષએ સુખ નવ ઉપજે, પાણીમાં નહિ છાશ;
મળે નહિ એ, ફરી કંઇએ.　　　ઝાઝું શું૦ ૨
⁵વચન વજ્ર ⁵પરનારનાં, ગમતાં ગણવાં ઝેર;
સ્વપ્ને ઇચ્છી સુંદરી, તો વનમાળીથી વહેર;
હરી હઇએ, સત્ય કહીએ.　　　ઝાઝું શું૦ ૩

હે અંધકિચક ! પરસ્ત્રિનો સંગ કરીકોઇ સુખી થયા નથી ને થવાના પણ નથી.

પ્રિતી ભાવે આવે પાસે, મોહ ઉપજાવે મનથી;
સુંદિર તનને શુળી રાખે, ખાલી કરશે ધનથી;
નહિ ઇચ્છે ફરી, ફેંકી દેશે કૂચો કરી.　　　નહિ૦

દ્રષ્ટાન્તઃ—કોઇ એક નગ્રમાં ઉડાઉલાલ નામનો સોની રહેતો હતો, તેની વિશ વર્ષની ઉમ્મર થઈ ત્યારે તેનો બાપ સવા લાખ રૂપિયાની ઇરકામત મુરીને મરી ગયો. ઉડાઉલાલ ઘણો કારીગર હતો પણ દુનિયાદારીનો અનુભવી ન હતો. તેને ત્યાં દ્રવ્યની લાલચે બે લાલસોદાગર આવ્યા. એક વિંટી ઘડવા આપીને સોનીને અનેક રીતે સમજાવા લાગ્યા. "તમે તો સવા લાખની આશામી છો શા સારૂ હથોડા ટીપવા પડે ! " સોનીએ બોલને ન ગણકાર્યો ને કહ્યું કે બાપદાદાનો ધંધો તો કરવોજ પડેકની ! બે ત્રણ વખત આવજાવ કરવાથી મિત્રતા થઇ. જ્યારે ભાઇબંધોની ઉજાણી નિકળી ત્યારે સોનીને જમવાનુ કહ્યું. સોનીએ ના કહ્યા છતાં અતિ આગ્રહ જોયો ત્યારે મરજી જણાવી. જમવા ગયા ત્યાં જમી રહ્યા પછી ગણિકાનો નાચ શરૂ થયો. આવી ઘણી ઉજાણીઓ થઇ તેમાં સોનીની પણ થઇ. એમ કરતાં સોનીને ગણિકા સાથે માયા થઇ, તેથી તેણે પોતાના મિત્રથી છાના ગણિકાને ઘેર જવાનું શરૂ રાખ્યું. ગણિકાને ઘેર જાય છે એવી અફવા ગામમાં ઉડવાથી ઘરાગી માત્ર બંધ થઇ ગઇ; ત્યારે તો સોનીએ રાત્રિ

૨. બગિચો-મનુષ્યદેહરૂપી. ૩. વાડ-કામ ક્રોધાદી કાંટાનાં ઝાડ. ૪ જેમ પાણી વલોવ્યે માંખણ યા છાશ નિકળતાં નથી તેમ પંચ વિષયમાંથી કદી સુખ પ્રાપ્ત થતું નથી. વિષયના પદાર્થ ભોગવે તેમ તેની તૃપ્તિ થતી નથી પણ તૃષ્ના વધે છે. વિષય ભોગવે કોક અને વિકાર પામે કોક. કોક આંખલી ખાય ને આપણા મોમાં પાણી આવે. ૫. પર સ્ત્રિનાં વચન કાનને મધુરાં લાગે પણ તેને ઝેર અને વજ્રના પ્રહાર સમાન સમજી લેવાં.

દિવસની પથારી ત્યાંજ રાખી; ફક્ત ઘેર બે વખત જમવા આવે, ને જે જણસ હાથ લાગે તે લેતો જાય. એમ કરતાં બરાબર પાંચ વર્ષે બધાં ઘરાણાં, રોકડ નાણું, ઘરના વેચાણના પૈસા, વાસણ કુસણના પૈસા, લુગડાં લત્તાના પૈસા, સર્વ ગણિકાના ઘરમાં પહોંચી ચુકયાં. સોની હાંલ્લે રાંધતો અને ચઈડવે પાણી પિતો થયો. ઘરમાં સુવાને ગોદડી નહિ. પાણી પિવાને પાત્ર નહિ, ખાવાને થાળી નહી, રહેવાને ઘર નહી, અને પહેરવાને આખુ વસ્ત્ર પણ નહિ. એ દશા થઇ ત્યારે સ્ત્રિ તથા બે નાનાં બાળકને રોતાં મેલી પરદેશ ચાલી નિકળ્યો. પરદેશમાં જઇ કારીગિરીની દુકાન કાઢી, એકજ ગામમાં એક વરસ રહ્યો અને ખાતાં પિતાં પાંચસે રૂપિયા બચાવ્યા. સોનીની પડોશમાં એક વાણીઓ રહેતો હતો તે બન્નેને મિત્રતા થઇ પણ સોનીએ પોતાની અથ ઇતિ બિના કહેલી નહી. વણિકના મિત્રને ત્યાં લગ્ન પ્રસંગ ઠર્યો તે પણ સોનીનાજ ગામમાં. જ્યારે વણિક તૈયાર થયો ત્યારે સોનીને કહ્યું. તારે ઘેર કાંઈ કહેવું છે ?

સોની પાંચસે રૂપીઆ આપી બોલ્યો; લ્યો મિત્ર આ રૂપીઆ બજારમાં સ્વાર્થકુંવર નામની ગણિકા છે તેને આપજો.

વણિક કહે ગણિકાને રૂપિયા ! આ શું બોલછ ! સોની કહે એજ મારે તન મન ને ધન છે. જેને માટે જીવ ખુરબાન છે. તમે જોજો તો ખરા એનો મારી તરફનો પ્રેમ ! ભલુ હશે તો મારા વિયોગથી મરીએ ગઇ હશે. વણિક આવી લગ્ન પરવારી અમુલ્ય પોશાક પહેરી ગણિકાને ત્યાં ગયો. કાંઇ કાંઇ વચનથી ભોળવી રિદ્ધીની લાલચ બતાવી પુછ્યું. તમને વહાલામાં વહાલા કોણ?

ગણિકા—ત્રણ, ફલાણા ફલાણા વિગેરે ૩.

વણિક—વળી બીજા કેટલા છે ?

ગણિકા—તેર; અમુક અમુક વિગેરે ૧૩.

વણિક—વળી બીજા છે ?

ગણિકા—હા બીજા ચાળીસ છે, ફલાણા ફલાણા વિગેરે ૫૬.

વણિક વિચારે છે; અરે હાય ! ત્રણને તેર સોળ, ને ચાળીસ છપ્પન નામ થયાં પણ એ અભાગિયાનું નામ નથી; એણે પાંચસેં રૂપિયા શું જોઇને મોકલ્યા હશે. અરે ધિક્કાર પડયો એના અવતારને અરે જે પુરૂષો ઘાંચીના ઘરના બેલની માફક પાટા બાંધીને પર સ્ત્રિને પગલે પગલે ચાલે છે, તેનું સરવસ્વ જાય છે; ડગલે ડગલે દુઃખી થાય છે અને આખર જમપુરીમાં અપાર માર ખાય છે.

પછી વણિક પુત્ર રૂપિયા લઇ સોનીનું ઘર પુછતો આવ્યો, ત્યાં છો.

કરાં બે રડે છે અને એની સ્ત્રી રેંટીઓ કાંતે છે. વણીકે કહ્યું: હ્યો આ-રૂપીઆ પાંચસે તમારા સ્વામીએ મોકલ્યા છે, એ અમારો મિત્ર છે અને મારી પાસેજ રહે છે.

સોનારણ—અરે મારે રૂપીઆ શું કરવા છે! મારે તો આજે બાર મહિને એમના સમાચાર આવ્યા તે પાંચસેં તો શું પણ પાંચ હજાર રૂ-પિયા આવ્યા બરાબર છે. મારે રૂપીઆનું કામ નથી એમનું કામ છે; એ અહીં આવે, સુખ દુઃખની વાત કરીએ; છોકરાં બાપને મળે બાપ છોકરાંને મળે માટે ગમે તેમ કરો પણ એમને અહિં લાવો! આ ગામમાં એમણે ગાડી ઘોડા દોડાવ્યા છે ને કામ કરતાં શરમાશે તો હું પૈસાનુ વધારે કાંતીને એમનું પેટ ભરીશ, પણ હુંતો એમને સુખે સુખી અને એમને દુઃખે દુઃખીછું.

પરમ પતિવ્રતા સ્ત્રિનાં વચન સાંભળી ગદગદ થઇ ગએલો વણિક જઇ સોનીને મળ્યો, ત્યારે સોનીએ હર્ષથી સમાચાર પુછ્યા. કેમ આવ્યા? વણિકે કહ્યું હા ભાઇ આવ્યા તો ખરા.

સોની—રૂપિયા આપ્યા?

વણિક—હા ભાઇ આપ્યા તો ખરા,

સોની—કાંઇ બોલી?

વણિક—બોલી એ કે મારે રૂપિયા શું કરવા હતા એમની પાસેજ રહેવા દેવા હતા. મારે તો રૂપિયા નહિ પણ એમની જરૂર છે.

સોની—જો ભાઇ હું શું કહેતો હતો. બિજા કાંઇ સમાચાર?

વણિક—બીજુંતો એ કે ત્હારા વિયોગે છોકરાં દુઃખી થાય છે.

સોની—હેં શું બોલ્યા; છોકરાં કોનાં, રૂપિયા કોને આપ્યા?

વણિક—છોકરાં ત્હારાં, અને રૂપીઆ આપ્યા ત્હારી સ્ત્રિને.

સોની—અભાગી છે કે શું! મુર્ખ છે કે શું.

વણિક—(કાગળ કાઢીને) અભાગી તું છું કે હું, તે આ કાગળ ઉપરથી જણાશે. જો આ તારી માએ છપ્પન નામ લખાવ્યાં છે તેમાં ત્હારૂ નામ નથી અભાગિયા શું જોઇને રૂપિયા મોકલ્યા હશે!

નહિ ત્રણમાં; નહિ તેરમાં; ને નહિ છપ્પનના મેળમાં!

સોની—ન માનુ! આ ત્હારૂ કરેલું તુત છે.

વણિક—ન માને તો ચાલ મ્હારી સાથે તૈયાર થા! એનેજ હાથે જ્યારે કપાળમાં ખાસડાં પડશે ત્યારે માનીશ.

સોની તથા વણિક બન્ને ત્યાંથી નિકળ્યા. વણિક પહેલો ગણિકાના મકાનમાં દાખલ થયો. ગણિકાએ વણિકને જોઇ સત્કાર કર્યો, અને સમા-

ચાર પુછ્યા. વણિક કહે મ્હારૂ સઘળુ કામ પાર ઉતર્યું છે. સમુદ્ર મારફતે સઘળો માલ સહિસલામત કિનારે આવેલો છે; પણ પેલું તમારૂં લખાવેલું કાગળીયું ક્યાંક પડી ગયું જેમાં લખેલું છે કે **સ્વાર્થકુંવરના** વહાલમાં વહાલા માણુસો. ગણિકા કહે કાંઇ ફિકર નહિ ! એટલામાં સોની આવ્યો ત્યારે ગણિકા જાણે ઓળખતીજ નથી એવો ડોળ કરીને બેઠી.

સોની—(વણિકના સામી આંગળી અને ગણિકા સામી નજર કરીને ક્રોધથી) કોણ છે આ ! !

ગણિકા—તારે શિ પરડ ! તું કોણછું ? !

સોની—ઠીક ! હું કોણછું. (કાગળ બતાવીને.)

આ કાગળ તેં લખાવ્યો છે ? વણિક વચમાં બોલી ઉઠયો. હો જુવો પેલો કાગળ હું કહુંછું કે પડી ગયો તેજ. ભાઈ તમને જડયો ?

સોની—હા મને જડયો છે હમણાં બંનેને બતાવુંછું. બોલ !

ગણિકા—હા મેં લખાવ્યો છે, કેમ છે !

સોની—તને વહાલામાં વહાલા આ ત્રણ ?

ગણિકા—હા એ ત્રણ; ત્હારે રસ્તાના જનારને શિ પંચાત !

સોની—પંચાત કે ના પંચાત પણ પછી આ તેર ?

ગણિકા—હા હા એ તેર, જા નહિતો માર ખાઇશ.

સોની—બીજા આ ચાળીસ ?

ગણિકા—હા હા એ ચાળીસ.

કહિને લાત મારી કે સોની પાંચમા માળથી રગડતો રગડતો નિચે આવ્યો; તેજ વખત વણિક દોડતો નિચે ઉતર્યો અને મિત્રને ઝાલ્યો.

સોની—હે શેઠીઆ ! આજથી છ વરસ ઉપર હું સવાલાખની આ શામી હતો તે આ ગણિકાના પાસમાં ફસાઇ " અલ્લા એક બદામ " થઇ ગયો, છેવટ ઉપરથી લાત.

ગણિકા—શેઠજી, કોઇ પાગલ માણસ છે; એની ડાગળી છટ છે તમે ચાલો ઉપર. અરે હૈયા ફુટા, આને કાઢો ધક્કા મારીને બહાર.

સોનીને કાઢયો, પાછળ વણિક પણ ગયો. આગળ જઇ બંને સંગ થયા. સોની કહે ભાઇ ત્હારા જેવો સંગ મને પ્રથમ થયો હોત તો મારી આ દશા ન થાત. અરે હજારો રૂપિયા ખાય પણ રાંડજાત કોઇની નહી નહિ તે નહિ. અરે હાય ! હું આપઘાત કરીશ.

વણિક—ભાઇ હજી કાંઇ " વડીપાપડ વંકી ગયા નથી " કારિગરનો પુત્રછું હિમ્મત રાખી ધંધો કરીશ તો સુખી થઇશ.

સુદેષ્ણા—માટે હે ભાઇ; કાંઇક સમજ ! કાંઇક સમજ !

[કિચક.] મરાઠી સાખી.

વચન વદો તે શ્રવણે આવે, બિજે થઇને જાય;
હરી વદનીનો હર્ષ ઘણેરો, અંતર મુજ ઉભરાય;
પામું નારી એહ, તો હું પામ્યો મનુષ્યા દેહ.

રાગ. લાવણીનો.

[સુદેષ્ણા.] અરે અલ્પમતિ ઓ નિચ, કુકર્મે કેયા કિચ;
સપડાયો સાણુસ વિચ, હવે મૃત્યુ થશે. હાંહાંરે ૧
[કિચક.] ભલે મૃત્યુ હોએ હાલ, રખ્ખે નવ થાએ કાલ;
વહાલીને કરવું વહાલ, જેથી અંતર હસે. હાંહાંરે ૨
[સુદેષ્ણા.] જીવ જશે નર્કની ખાણુ, કરશે વૈતરણીમાં તાણુ;
ગધે રૂંધાશે પ્રાણુ, ત્યારે આવશે યાદ. હાંહાંરે. ૩
[કિચક.] વૈતરણી મુજને વહાલી, શું સોર કરે છે ઠાલી;
જો ચતુરા આવે ચાલી, એની મુકો બકવાદ. હાંહાંરે. ૪
[સુદેષ્ણા.] ઉઠયો કુળ તણો અંગાર, જાત ત્હારી છે ધિક્કાર;
વહાલો કર્યો વ્યભિચાર, બોળ્યું બાપનું નામ. હાંહાંરે. ૫
[કિચક.] પારાશરને મચ્છગંધાય, ઇંદ્ર અહલ્યાને ચ્હાય;
ચંદ્રે કીધી આછી છાંય, સુરે કર્યાં શુભ કામ. હાંહાંરે. ૬
[સુદેષ્ણા.] એ સૌ કહેવાયા મોટા, જેના જગમાં ન મળે જોટા;
આપણુ પાણીના પરપોટા, ફુલ્યા જઇએ ફુટી. હાંહાંરે. ૭
[કિચક.] સાથે સૈરંધ્રિને રહીએ, જન્મ ધર્યાનો લ્હાવો લઇએ;
નહિતો અસહ ગર્તાએ જઇએ, મરૂ માંથાં કુટી. હાંહાંરે. ૮

સુદેષ્ણા—અરે નિરંતર નર્કની ઇચ્છા કરનાર ભુંડા! તારી આવી બુદ્ધિ કેમ થઈ! ત્હારી સદ બુદ્ધિનો લોપ કેમ થયો ? મારે મુખે તને આવાં વચન કહેતાં શરમ કેમ લાગતી નથી!

કિચક—એની તારો તો ફક્ત આડો પડદોજ છે, પણ મારેને એને તો ઘણીવાર વાતચિત્ત થઇ ગઇ છે, તારી પાસે રહે છે માટે તારા "આંખ આડા કાન કર્યા" વગર આ કામ થાય તેમ નથી.

[સુદેષ્ણા] હરમાન ઘરમાં હડીઓ કરે; રાગ.

એછે સતિ એની ન્યારી ગતિ, વળી કયાંથી કુબુદ્ધિ આ સુજી તને;
શુદ્ધ હતી થઇ અધમ મતિ, માટે મૃત્યુ આવ્યુ એવું ભાસે મને. ટેક.
[કિચક] નારી પામ્યા પછી થાવાનું થાએ, દારા દીઠા વિના દીન ન જાએ;

લલના વિયોગની લાગી છે લ્હાયે;
[સુદેષ્ણા] સિંહ હણે તેને કો કરે સાહે. એછે સતિ૦ ૧
[કિચક] બેની શુણે હવે વાતતું મ્હારી,વિખ સમાન આ શિખ છે તારી;
અળગી કરૂં કેમ અંતર ધારી;
[સુદેષ્ણા] જીવ જરૂર જશે વ્યભિચારી. એછે સતિ૦ ૨
કળી શકે કોણ કમળાપતિને, ભસ્માંગદની ભૂંડી ગતિને;
લંગુરે લુંટયો લંકાપતિને;
[કિચક] ભલે સહાય થશે એ સૈરંધ્રિ સતિને. એછે સતિ૦ ૩

સુદેષ્ણા—અરે જા ! આટલું કહ્યા છતાં તું ત્હારી હઠ છોડતો નથી તો ગમે તે પ્રયત્ને તારી દેહનો નાશ કર ! ત્હારૂં કાળુ મુખ મને દેખાડીશ નહિ, અરે દૈવે તને જીવતો શા સારૂ રાખ્યો !

કિચક—લે ! તારે આ કટારથી કરૂં છું આપઘાત અને આપુછું હત્યા !

કટાર દેખી સુદેષ્ણાને વિચાર આવ્યો. અરે મારી ખોટી હઠને લીધે ભાઇ ખોઇ બેશીશ. મારા સો ભાઇની જોડયમાં ખોડય પડશે. જ્યારે એણે મૃત્યુની ઇચ્છા કરી ત્યારે જરૂર એ રંડા વચનથી બંધાઈ હશે, એ કાંઇ દ્રાૈપદી નથી. રખડતી રઝળતી દાસી આવી છે, “કોણ એનો નાયડો વઘેરવા ગયું છે” થવા દો થાય તેમ. ભાઇ જા આજ સંધ્યાકાળને સમયે તારા મહેલે એને દૂધનો પ્યાલો લઇ મોકલીશ. નિર્ધનને કુબેર ભંડારીનો ભંડાર લુંટવાની આજ્ઞા મળે ને જેટલો હર્ષ થાય એટલો હર્ષ કિચકને થયો. ઘેર આવી પોતાના સર્વ નોકર ચાકરને બીજે બારણે રહેવા હુકમ કર્યો, અને બિજે દિવસે સવાર સુધી કોઇ આ તરફ ન આવે એવું ફરમાન કર્યું. એક નાનું સિંહાસન લઇ પાંચમા માળને ઝરૂખે ચઢી હાથમાં માળા લઇ બેઠો. સૈરંધ્રિ, સૈરંધ્રિ, સૈરંધ્રિ, સૈરંધ્રિ, સૈરંધ્રિ.

[સુદેષ્ણા] **મરાઠી સાખી.**

શુણ સૈરંધ્રિ દાસી મારી, સદય કરો તૈયારી;
પય પ્યાલી આ હસ્ત ગ્રહી જાઓ, કૈચા મહેલ આ વારી;
હાથોહાથ દેજો, કેણ કહે તે મુને કહેજો. હાથો હાથ.

સૈરંધ્રિ—માતાજી મોકલો છો પણ કૈચાથી મને અતિ ભય થશે, અને કોઇ સજ્જન પુરૂષે કહ્યું છે કેઃ

રાગ; રાતલડી કોની સંગે જાગ્યા.

રે લલના પરરે પુરૂષ સંગ તજીએ,
નિશ્ચય કરી ભાવે પ્રભુજીને ભજીએ. રે લલના.

પ્રિતિ બાંધી પરરે પુરૂષની સાથે, અંતર દેવા ૧વચન આપ્યું જેણે હાથે;
ભોમિ કેરો ભાર ચઢયો તેને માથે.　　　　　　　　　　રે લલના. ૧
નારી જેણે નાથ કર્યા નિજ પાંખી, વડિલ કેરી કિર્તિ કરી તેણે ઝાંખી;
ઇકોતેર પેઢી નરકમાં નાંખી.　　　　　　　　　　રે લલના. ૨
નાથ વેચી નારી રહે જે ફરતી, સ્વાન પેરે જયાં ત્યાં લોત્રાં ભરતી;
૨મુવા કેડે સંગ કરે નહિ ધરતિ.　　　　　　　　　　રે લલના. ૩
સતિ માટે સ્વર્ગ કર્યું નિરમાણ, કુલટા કેરો પડે પડછાયો અજાણ;
૩સાડા ત્રણ પ્રહર નરકની ખાણ.　　　　　　　　　　રે લલના. ૪
વૈભવ માણે વિધવા પહેરીને ચૂડી, પુરૂપ પરમાં દ્રષ્ટિ કરી જેણે કુડી;
કરે જમ ઇંટાળી અડધી ગુડી.　　　　　　　　　　રે લલના. ૫
કંથ વિના કામની રાખે જે કેશ, બની ઠની બેસે લાજ નહિ લેશ;
કેશ ઝાલી જમડા મારે પગ ઠેશ.　　　　　　　　　　રે લલના. ૬
સ્વામિ માટે સુરપંનખા આવી ચાલી, લક્ષ્મણ વરવા મનમાંહે ઘણું મહાલી;
નાક કાન કાપ્યાં ચોટલો ઝાલી.　　　　　　　　　　રે લલના. ૭
અજાણેથી અહલ્યાએ કરીઓ સંગ, તેણે સમે સુખ થયાં સૌ ભંગ;
વર્ષ ઘણાં વેઠયું શલ્યા અંગ.　　　　　　　　　　રે લલના. ૮
૪ભાનુ ભણે વશ કરૂ મુજ સ્વામિ, કવસ થયો પ્યાલો પડયો એજ ખામી;
ઘણું દુઃખ નારી નાગથી પામી.　　　　　　　　　　રે લલના. ૯
માટે નારી નેહ કરો નિજ નરથી, પ્રિતિ નવ બાંધો કદાપી પરથી;
સ્વર્ગ સુખ મળશે બાપુ બોલે ઘરથી.　　　　　　　　　　રે લલના. ૧૦

સુદેષ્ણા—ત્હારી લાયરી જવા દે ! રસ્તો પકડ ઝટ !

[સૈરંધ્રિ]　　　　　　　　ગીતી.

સતિ સુદેષ્ણા માતા, આજ્ઞા કરો તે શિર ઉપર ધારી;
કૈયા ઘર નહિ જાઉં, દુરમતિ એ દુષ્ટ વ્યભિચારી.

રાગ; પાટણના નૃપ.

[સુદેષ્ણા] ચિત્તના ચાળા જાણું સરવે, રહે ચતુરા ચુપ;
ભાઇ મુજ વડો વિવેકી એહ, છેતરી કોને ન દેતો છેહ;
તુચ્છ દિસે તુજ નજરે તેહ; ભાર રાખે છે જેનો ભૂપ. ચિત્તના.૧

૧ જે વખતે વચન આપ્યું તે વખતે જેટલું પાપ પૃથ્વિ ઉપર થાય તેટલું તેને માથે ચઢી ચુકે, ૨ વ્યભિચારણીનો મુવા પછી ધરતિ પણ સંગ કરતી નથી. ૩ સુપાત્ર સ્ત્રિના મુવા પછી ફુલનું વિમાન હાજર થાય છે પણ તેના શબને વ્યભિચારણીનો પડછાયો પડે તો તે સાડા ત્રણ પહોર નરક ભોગવી પછી વિમાનની અધિકારી થાય છે. ભાનુ=સાનુ મતિ; દુર્યોધનની સ્ત્રિ.

[સૈરંધ્રિ] ભલે ગણે બાર ભૂપાળ, કઠેરો કર્યો ઝાકઝમાળ;
ઓપતી આરસ કેરી પાળ; ભલે અમૃત ભરીયું પણ કૂપ. ચિત્તના.૨

[સુદેષ્ણા] જીભપર દેવો પડશે ડામ, કમાચણ જાણું તારા કામ;
પાપણી પગલાં તારાં સ્યામ, રાંડ તુજ પાતર જેવું રૂપ. ચિતના.૩

[સૈરંધ્રિ] ભલે બાઈ કરો જીભપર કાપ, છુટે નહિ પડી પટોળે છાપ;
વિષ દઈ મારે તોય માબાપ, શિખ દે ઉત્તમ એજ અનૂપ. ચિતના.૪

[સુદેષ્ણા] સ્વામિની શિખ ન માની ઉપર, ભામની ભટકોછો ભરપૂર;
ચાલ આ દ્રષ્ટિયેથી દુર, તેલથી તર્ત બગડશે ૧તુપ. ચિતના. ૫

ક્રોધથી; મરાઠી સાખી.

અન્નદાતાનો હુકમ ન માને, ઝટ જા જ્યાંથી આવી;
ભૂંડી રાંડ ભટકાવા નિસરી, સતિનું નામ લજાવી;
જાગોઝારી; અભાગણી તું હત્યારી. જા.

સૈરંધ્રિ—અરે હાય ! અસહ્ય સંકટ પ્રાપ્ત થયું, હવે શું થશે ! મારા સ્વામિ જાણશે તો કહેશે એનાથી બાર મહિનાએ રહેવાયું નહિ ! સર્વની લાજ રાખનાર સર્વેશ્વર છે. શ્રીકૃષ્ન શ્રીકૃષ્ન શ્રીકૃષ્ન.

[સૈરંધ્રિ] ગિતિ.

લાવો પ્યાલી પયની, આજ્ઞા અનદાતાની ઉર ધારૂ;
શિયળ મુજ સાચવશે, રાત્રિ દિવસ જ્યાં રમેછે મન મહારૂ.

(પ્યાલી લઈ મહેલથી નિકળી કેચકના મહેલ તરફ જતાં ઇશ્વર સ્તુતિ.)

રાગ; અધિકારીરે આશ વિષયની ટાળો.

જાણોછોરે સઘળુ અંતરજામિ, દાસી જે દુઃખને પામી;
દાખ્યો દુર્યોધનને દાવરે, દુઃશાસન ચિડયો તાવરે;
અંતરનો લાગ્યો ઘાવરે, ત્યારે આવ્યારે, ગોવિંદ ગરૂડાગામી. દાસી. ૧
હરી ચાલ્યો તો જયદ્રથ પાપીરે, મુને છોડાવી શિક્ષા આપીરે;
કેચે બેનીની મરજી ઉથાપીરે, સમજાવીરે ચાલ્યો એ ચોર હરામી. દાસી. ૨
જો શિયળ ભંગ મુજ કરશેરે, વણ મોતે મરવું પડશેરે;
દેહ દહન જગા નહિ જડશેરે; આપવિનારે, સહાય કરે કોણ સ્વામી. દાસી. ૩
ગૌતમ નારીનો એ શણગારરે, સહોદરમાં સહે સૌ ભારરે;
ઇશ્વર પદનો એ આધારરે, ધિક જીવ્યુરે, ખોટી આવી ખામી. દાસી. ૪
કેચો કિચક રાયનો સાળોરે, કામી દુષ્ટ હરામીનો ચાળોરે;
દેશે ડંખ એ ઝેરી કાળોરે, લજ્જા લેશેરે, બેલી થજો બહુનામી. દાસી. ૫

૧ તુપ=ઘી.

એણે સુદ્રષ્ણા સમજાવીરે, ભોળી બેનીને ભાઇએ ભમાવીરે;
આ આફ્ત મુજપર આવીરે, સહાય થાજોરે, કલંક ચોટાડે કામી. દાસી. ૬

અહાહાહા એતો શુળીએ ચઢીને બેઠો છે ને શું !

[સૈરંધ્રિ] રાગ; બંસીબાલા આજો મારા દેશ.

કૈચાજી લ્યોને પયની પ્યાલી હાથ,
હું લાવીછું મમ સાથ. કૈયાજી.
હેઠે આવી પ્યાલી લ્યોને, ઉતાવળી છું આજ;
મંદિર દીપક કરવો મારે, હમણાં પડશે સાંજ. કૈયાજી. ૧
મહેલ વિષે મુજ પગ નવ પેસે, સામી સંધ્યાકાળ;
એકાન્ત આવી તમને મળુ તો, આવે ખોટી આળ. કૈયાજી. ૨
પ્રધાન પદવી આપ તણી, હું તુચ્છ દાસી રંક;
પતિત પગલાં મારાં થાએ, તમ કુળમાં લાગે કલંક. કૈયાજી. ૩

[કવિ] મરાઠી સાખી.

કપટી કામી મુખ ન બોલ્યો, સતિને સાન બતાવી;
સ્નાન કરી હું સેવામાં બેઠો, આપો ઉપર આવી;
લીધી કર માળા, હરીને ઠગવા એ ચાળા. લીધી.

સતિયે વિચાર્યું, એ એની પ્રપંચની પુજામાંથી ઉઠવો નથી અને મારે પ્યાલી પહોંચાડયા વિના સિદ્ધિ નથી, લાવ્ય ફોડીને આવતી રહું. એક બે ત્રણુ ને ચાર દાદર ચઢી પ્યાલી મુકવા જાય છે, ત્યારે કૈચે હું હું હું કરી સાનથી હાટીયું બતાવ્યું. ઉપર ચઢી હાટીયું ઉઘાડે છે એટલામાં કૈચો ઉભો થઇ દાદર બંધ કરી, તાળાથી કબજ કરી કુંચી ઠેકાણે કરી ઉભો. દાદરનો અવાજ થયો કે તર્ત પ્યાલી પડી અને દ્રૌપદી કંપવા લાગી.

રાગ. જનુની જીવો ગોપીચંદની.

[કિચક]પ્રાણુથી અધિક વહાલાં છો તમે, આવો સૈરંધ્રિ નારજી;
આંખથી અળગાં નવ કરૂ, જાણું જીવન આધારજી;
સેવક તમારો હું સુંદરી. ૧
ખાનપાન રસ ભોગવો, બીજા વિવિધ વિલાસજી;
સેવામાં સનમુખ રહે, દિન રજની આ દાસજી. સેવક. ૨
જેરે દિવસથી મેં જાણીઆં, રામા રૂપ રતનજી;
ચેન ચતુરા નવ પડે, દિસે મહેલ આ વનજી. સેવક. ૩
સગાંને સહોદર સર્વ તે, લાગે આંખના પાટા;
ચિત્ત ચોટયું તમ ચરણમાં, માનો મોતનાં સાટાં. સેવક. ૪

ત્રણ સ્ત્રિયો દાસી થઈ ફરે, મુખ્ય તમો પટરાણીજી;
હજાર સેવક માને આગના, બોલું સત્ય આ વાણીજી. સેવક. ૫

સૈરંધ્રિ—કૈયાજી મારે બે વચન કહેવાં છે, કહો તો કહું ?

કિચક—એ શું બોલ્યાં ! તમે તો ચાર ગાળો ભાંડશો તોય મને તો સાર લાગશે. બલિહારી ! બલિહારી ! બલિહારી બોલને.

સૈરંધ્રિ—સાર ન દીસે જારમાં, એળે જાય અવતારજી.
સુખ ઇચ્છો જો સંસારમાં, ભજો જગ કરતારજી;
ડગલાં ભરો રે ડરી ડરી. ૬
લાજ ઘટે સૌ લોકમાં શત્રુતા શિર થાયજી;
અકાળ મૃત્યુ ઉપજે, ક્રિયા પામે ન કાયજી. ડગલાં ૭
માણસમાં ઉજળે મુખે, બોલી ન શકે બોલજી;
વ્યભિચારીનો આ વિશ્વમાં; તરણાવત્ત હોય તોલજી. ડગલાં. ૮
સજ્જન સોબત નવ કરે, ઘાલે ઘરમાં ન કોયજી;
લંપટને તો લજ્જા નહિ, તરછોડે તોયજી. ડગલાં. ૯
વંઝા રહી હોત માવડી, સદભાગી કહેવાતજી;
કયાંથી કુબુદ્ધિ આ ઉપજી, ધિક્ ધિક્ તુજ જાતજી. ડગલાં. ૧૦

[કિચક] શિખ સરવ તારી સાંભળી, આદર્યો એ અભ્યાસજી;
પંખી પારધિ જાળમાં, નહિ છુટવા આશજી. સેવક. ૧૧

[સૈરંધ્રિ] જાળ નથી મુજ ઉપરે, ફસો ફાંદામાં આપજી;
દિપક લઇ કુપ કાં પડો, જમને દેવો જવાબજી. ડગલાં. ૧૨

[કિચક] જીતું હું જમને જુક્તિથી, મુકાવું તેનું માનજી;
પણ આ રસિલીના રૂપમાં, થયો જીવ કુરબાનજી. સેવક. ૧૩

[સૈરંધ્રિ] હાડ ચામ લોહી માંસને, પરૂ પાચ દેખાયજી;
ભાર ભર્યો વિટ વિષ્ટાનો, સુખ કયાં સંતાયજી. ડગલાં. ૧૪

[કિચક] વર્ણવ્યો તે દેહ માહરો, અભાગી આ સંસારજી;
કામની ચંચન કોટડી, સ્યાણી છો શણગારજી. સેવક. ૧૫

[સૈરંધ્રિ] કામ ક્રોધ મદ મોહના, ઉભરા આવે જ્યાં ઉરજી;
સુખરે ઉડે સંસારનાં, જેવાં આકનાં તુરજી. ડગલાં. ૧૬

[કિચક] કોટી કાલાવાલા મેં કર્યા, અલબેલી ઉર આણોજી;
હેત કરી વહાલી અહિં રહો, પ્રાણજીવન જાણોજી. સેવક. ૧૭

[સૈરંધ્રિ] મનુષ્ય દેહ આ મોઘો મણિ. શોધ્યો ન મળે સંસારજી;
પુર્ણ પદારથ પામવા, જેથી થાય ઉદ્ધારજી. ડગલાં. ૧૮

[કિચક] પુરણ પદારથ પામીઓ, પામુ તારી કૃપાયજી;
આજ લગી મુને નવ મળી, ગયો જન્મ વૃથાયજી. સેવક. ૧૯
[સૈરંધ્રિ] કુળ અજવાળાને કારણે, માગે છે સૌ પુત્રજી;
જારી પુત્ર જ્યાં જનમીઓ, સળગ્યું તે ઘરસુત્રજી. ડમલાં. ૨૦
[કિચક] ચુપ કર ચતુરાઇ ચાંપલી, ડાકણ ડહાપણને ડાટ;
વિનયને વન કદી નવ થશે, હવે ઘડુ તારો ઘાટ;
[કવિ] જો રે ઝાલી પછી સુંદરી.

કૈચે હાથ પકડયો કે સતિને રોમરોમ ઝાળ લાગી. અરે પાપી હાથે કરી અગ્નિમાં પડતું શા સારૂ મુકે છે ?

[સૈરંધ્રિ] રાગ. ક્ષત્રિકલંક

અરે અધર્મિ પાપી તું ચંડાળ, એ ભાવિયે ભૂલાવ્યો તનેરે;
પક્ષિ વ્યોમ તજી બેઠા નિચી ડાળ. એ ભાવિયે. ૧
મૃગ [1]મધુકર પતંગને મિન; એ ભાવિયે.
[2]કરી વિષયથી મ્હોતને આધિન. એ ભાવિયે. ૨
છતે નેત્રે અંધાપો આવ્યો આજ; એ ભાવિયે.
મૃત્યુ થાશે બેની કેરી લેતાં લાજ. એ ભાવિયે. ૩
માટે માન મહારૂ કર્યું કર્મહિન; એ ભાવિયે.
થાવું સતિ હાથે મ્હોતને આધિન. એ ભાવિયે. ૪

[કિચક] મરાઠી સાખી.

સતિપણું હું જાણુ સઘળું, મુકય તું મુખ લવારી;
હઠ મુકીને આધિન થાને, નહિતો થાશે ખ્વારી;
માટે વિચારી, થા તું મ્હારી નારી. માટે.

સૈરંધ્રિ રાગ. પામ્યો પ્યારી મનમાની.

હરજી અરજી ઉર ધારો, પાપીથી પ્રાણ ઉગારો;
કૈચે લીધો મુજ કેડો, જુલમીને જમપુર તેડો,
નાહતો નડશે એ ઝાઝુ, જીભ કહેતાં હું લાજુ,
થાશે પતિવ્રત મુજ ભંગ, શરમાશો શ્યામ સુરંગ;
દાસી હું દીન તમારી, મેં ઓથ્ય ઘણી ઉર ધારી,
અબળાને મોટી આશ, નારાયણ ન કરશો નિરાશ;
હું જન્મ જન્મની દાસ;
સેવું હું સંગ તમારો, હવે જીવાડો કે મારો. હરજી.

૧ મધુકર=ભમરો. ૨ કરી–હાથી.

સતિનો પોકાર સાંભળી મધ્યરાત્રિયે ભરનિદ્રામાં સુતેલા વૈકુંઠાધિશ ઝબકીને જાગ્યા, અને ગરૂડને તૈયાર કરી, સ્વાર થઇ પવનવેગે દોડતા આવ્યા. મહેલ પાસ આવી પ્રભુએ વાંદરનું રૂપ લઇ છલંગ મારી છાપરા ઉપર ધબાકો કર્યો. છાપરા ઉપર અવાજ થયો કે કૈયો ચમકયો અને ઉંચું જોયું તો નેવાં ખસેડી વળીઓ ઝાલી હનુમાનથી પણ અધિક ઉપમાને લાયક વાંદરાને ડોકીઆ કરતો દીઠો. ભય પામ્યો, સતિને મૂકી દૂર ખસ્યો; પ્રભૂએ વિલંબ નહિ કરતાં વળીઓ તોડી ધિબાકો કર્યો. કૈયાને કમરમાંથી પકડી મહેલની વચલી બારીમાંથી ફેંકી દીધો; તાળુ તોડી દાદર ઉઘાડી પાલવ મુખમાં ઘાલી સતિને બહાર કાઢી; અંતર ધ્યાન થયા.

કૈયો પથ્થરની સાથે જઇ થયો અને સતિ નિર્ભય થઇ રસ્તા ઉપર ચાલી. અરે સર્વેશ્વરે મ્હારી સહાય કરી, મ્હારી વજ્રની બેડી તોડી મને મુક્ત કરી. હવે આટલી રાત્રિયે હું જઇશ તોપણ સુદેષ્ણા કહેશે કે મ્હારા ભાઇના મહેલમાં રહી આવી, અને સવારમાં જઇશ તોપણ તેજ. માટે લાવ્ય મારા પતિને આ વાતથી જાણ કરતી જાઉં.

સતિ બારોબાર સભામંડપમાં આવી અને યુધિષ્ટિરના પગનો અંગુઠો પકડયો. સત્યવાદી, અજાશત્રુ, ધર્મ મુર્તિ હબકી બેઠા થઇ પુછે છે, કોણ છે ? સતિયે બનેલી સર્વ બિના કહી. કિંકરૂપિ કહે જયારે આપણે હસ્તિનાપુર જઇશું ને ઇંદ્રપસ્થનું રાજ્ય લઇશું ત્યારે વાત. સતિ કહે સ્વામિ ત્યાં સુધી ! ધર્મ કહે સતિ તમારો મ્હારો પતિ પત્નિનો સબંધ એક સંવત્સરને માટે નથી, હવે જાઓ નહિતો શ્રાપ આપીશ. દુઃખ સહન કરો અને શિયળનું રક્ષણ કરો ! ત્યાંથી નિરાશ થએલી સતિ વ્યંઢળ (બ્રહનલા) મહેતાની નિશાળે આવી. સતિયે પોકાર કર્યો તે સાંભળી દ્વાર ઉઘાડયાં. સતિ કહે પતિ હું કિચકથી અથાગ દુઃખ પામુછું, મ્હારૂ રક્ષણ કરો ! ગાંડિવપાણી ટાબોટા પાડીને બોલ્યો. જેવી તું એવો હું, તારે ચુડો ચાંલ્લોને ચોટલો ને મ્હારે ચુડો ચાંલ્લોને ચોટલો, અંબામા સહાય કરે, બેચરામા રક્ષણ કરે; કાળ, ભૈરવ, બટુક ભૈરવ, નારશંગવિર ચોકી કરે; જા સતિ જા ! દ્રોપદી જા ! કેમ જતી નથી જા ! નિશાળ બંધ કરી. સતિ ચાલી. અરેરે ગાંડિવ ધનુસ્યનો ધારણ કરનાર સ્વામિ હિજડો થઇ ઉભો તો હવે કોણ સહાય કરનાર છે. આ ગૌશાળા આવી, પંથિજી હે પંથિજી ! પંથિજી કહે તમે આવ્યાં એ મેં જાણ્યું. હું નહિ પણ અમારા પાંચમાંથી ગમે તે એક તમારી સહાય કરશે. ત્યાંથી અશ્વશાળામાં આવી બહાદુરજીને પોકાર કર્યો. જાગ્રત કરી સર્વ બિના કહી. નિકુળ કહે આજ સુધી મને આ બિનાથી કેમ અજાણ્યો રાખ્યો ? હવે

કાલે કૈચો નથી એમ સમજજો ! કાલે હું વિરાટમાં હાહાકાર વરતાવીશ અને કૈકય દેશના અધિપતિને મારીશ ! પણ મારા મોટા ભાઇઓને જાહેર કર્યા પછી આવજો ! કારણ હું નાનોછું. ત્યાંથી ભિમસેનને રસોડે આવી પોકાર કરી દ્વાર ઉઘડાવ્યાં. ભિમ કહે આટલી રાતે આવવાનું શું પ્રયોજન સતિ કહે પતિ પ્રયોજન ? શું પુછો છો :

(સૈરંધ્રિ) રાગ, કેમ ભરીએ રે કેમ ભરીએ.

કેમ કરીએ રે કેમ કરીએ, કહોને કોમળ કંથ;
કૈચો કિચક કેડે પડયો કેમ કરીએ.
પ્રથમ આવીને મહેલમાં મુને નિરખી;
મુને નિરખી રે; (૨) પાપી હરખ્યો ચંત. કૈચો. ૧
પાપીએ પગલાં માંડીઆં, આડા અવળાં;
આડાં અવળાં રે; (૨) મ્હારો મુકે ન તંત. કૈચો. ૨
સંકેત સાંધ્યો એનીથી મન ગમતો;
મન ગમતો રે, (૨) પ્રાણ ત્યાગવા પંથ. કૈચો. ૩

(કવિ) મરાઠી સાખી.

મેલે મસોતે આંસુ લોહયાં, રોતી રાખી નાથે;
(ભિમ) કાલ રાત્રિયે મૃત્યું થાશે, નિશ્ચે મ્હારે હાથે;
એનું મ્હોત ભમે, અગ્નિ દેવને ગમતું રમે. એનું.

અરે જે દિવસે તને ચોટલો ઝાલી સભામાં લાતો મારી તેજ દિવસથી મારાં રૂંવાટાં ઉભાં થઇ ગયાં હતાં. મેં તો કયારનોય એને જમપુરીમાં પહોચાડયો હોત પણ મને વડિલે રોકયો. હવે ઠીક લાગ આવ્યો છે. લાખા ગ્રહમાંથી અગ્નિયે આપણને બચાવ્યા માટે આ સોએ ભાઇનો ભોગ હું અગ્નિદેવને આપીશ ! સતિ કહે સોનો દોષ નથી એકનો છે: ભિમ કહે સતિ એક તને નડે છે તો નવાણું બિજી નવાણુને નડતા હશે, એ બધાં એકજ ઝાડના ફળ; બધી એકજ વેલાની તુમડીઓ.

(ભિમ) ગિતિ

ધિરજ ધર્મ વિચારો, નિશ્ચે થાશે સો વાતે સારૂ;
અપરાધી એ હરીનો, સો કૈચાને સંગાથે મારૂ.

કહો તમે કયાં કયાં જઇ આવ્યાં ! સતિયે બનેલી સઘળી બિના કહી. વ્યંઢળના કહેલા શબ્દ સાંભળી ભિમને ક્રોધ થયો; ઠીક કાલે વ્યંઢળની પણ વાત ! સતિ તમે જાઓ કિચકની પાસે; હવે સવાર થવામાં થોડી વાર છે, માટે જલદી જાઓ, અને કહો કે કાલે મારા છુપા ગાંધર્વો

જોતા હતા તેથી હું તમને આનાકાની કરતી હતી, આજ મારા ગાંધર્વો સ્વર્ગે ગયા છે, માટે આજ આપણે મેળાપ કરો ! મેળાપ કરવાને લલચાય ત્યારે રાત્રિયે વ્યંઢળ મહેતાની નિશાળમાં મુકામ રખાવજો ! જાઓ વિલંબ થાય છે ! જો હા થાય તો સાત સાડીઓ માગી લેજો; પછી હું સૈરંધ્રિ અને એ મારો સૈરંધ્રો; હું છું ને એ છે.

સતિ ચાલી. કેચાના માણુસો પાછલી રાત્રિયે આગલા દ્વાર તરફ આવ્યાં ત્યારે કૈચો પગમાં અથડાયો, દીવો કરીને જોતાં પ્રધાનજી ઓળખાયા સધડીઓ સળગાવી હળધર ને મિઠાના આંગળ આંગળના થર કરી રૂના ડુચા લઇ શેકવા માંડયું. થોડીવારે જ્યારે જાગ્રતી આવી ત્યારે કૈચે કહ્યું, મને હા......ત......ણુ કરવા બેસારો, ઓટલા ઉપર ગાદી બિછાવી બેસાર્યો. બે તરફથી બબે નોકર શેકે છે ને સામેથી કોઇ સ્ત્રિનો પડઘા માલમ પડયો. પાસે આવતાં દ્રૌપદી ઓળખાઇ. કૈચે હાથ તરછોડી નોકરને કહ્યું. ખસી જાઓ ! ખસી જાઓ ! ખસી જાઓ !

કિચક—અરે સૈરંધ્રિ, અત્યારે તમે......કયાંથી ?

સૈરંધ્રિ—કૈચાજી કોણ આખી રાત ઉંઘ્યું છે. ને વળી તમને વાંદરે ફેંકી દીધા ત્યારનું તો મહારૂ કાળજુ ફટકી ગયું છે.

કિચક—હં એમાં શું ! એતો હું ગફલતમાં રહ્યો. મારી સુરત તમારા સામી હતી; નહિતો વાંદર મને શું ફેંકી દેતો હતો, અને ઘણીવાર છાપરેથી ભૂસકા નથી મારતા ! ક્ષત્રિને કાંઇ નહિ !

સૈરંધ્રિ—અરે તમે ખરવાન છો તેથી ઉઠીને બેઠા થયા, બીજાનું ગજુ નથી કે આટલે ઉંચેથી પડે ને વળી હોંશિયારીથી વાત કરે. આ હળધર મિંઠુ ચોપડયું છે; એ વાગ્યા વિના ?

કિચક—(ખંખેરતો જાય છે.) અરે એ તો નોકરોએ મારા ના કહેવા ઉપર ભર્યું છે. વળી કહો તો છાપરે ચડીને ફરી પડુ !...તમે ?

સૈરંધ્રિ—કાલે મારા ગાંધર્વો જોતા હતા તેથી હું તમને આનાકાની કરતી હતી; જે વાંદરે તમને ફેંકી દીધા તે મારા ગાંધર્વોનો મિત્ર હતો.

કિચક—હાં ! તેથી નહિતો વાંદરાના ભાર નથી કે મને ફેંકીદે. આજે ?

સૈરંધ્રિ—આજે મારા ગાંધર્વો સ્વર્ગે ગયા છે. માટે આજે સંયોગ થાય તો સારૂ.

કિચક—સારૂ ! હા સારૂ ! વારી જાઉ બોલને ! મરી જાઉ લટકાને ! ચાલો મહેલમાં. વાહ ! નશિબ વાહ ! ફરી ગયું.

સૈરંધ્રિ—હાય મૂકો આ મહેલમાં ! અરરર જે મહેલમાં તમે પ-

છડાયાં તેમાં પગ મુકાય ! પણ તમારાથી બને તો વ્યંઢળ મહેતાની નિશાળ ખાલી કરાવી આજનો મેળાપ ત્યાં રાખો.

કિચક—એમાં તે શું ખાલી કરવાનું છે હમણાં એનો પડો ચટાઇ ને ચઇડવો બહાર મુકાવરાવું છું ! મારા દાસને મોકલું છું ધોળાવી રંગાવી છાત જડાવી, હાંડીઓ, તકતા, ઝુમરથી શોભાવરાવું છું. છત્રપલંગ વિગેરે જાઇતી સાહિત્ય મોકલાવુ છું.

સૈરંધ્રિ—જો જો હો ફેર ન પડે; ભુલી ન જાઓ.

કિચક—ભૂલી તે જાઉં મારા હૈયામાં તો તમારા નામની માળા ફરે છે. લ્યો આ કુંચી, બિજી મારી પાસે રાખુંછું સાંજે વહેલાં આવજો!

સૈરંધ્રિ—નક્કી હોય તો મને સાત સાડીઓ આપો.

કિચક—હજી નક્કિ નક્કિ શું કરો છો ! હું તો આવવાનોજ. અનુચરો સાત સાડીઓ લાવો ! લ્યો ! એક રાત્રિમાં બધી સાત સાડીઓ શું કરશો ! કાલથી તો સર્વ વસ્તુ સહિત આ રંગ મહેલ તમારો છે.

સૈરંધ્રિ—ત્યારે તમે તો મારા સ્વભાવથી અજાણ્યાજ છો. હું તો કલાકે કલાકે નવી નવી સાડી બદલી નવાં નવાં રૂપ ધરી તમને દેખાડીશ.

કિચક—વાય વાય ચતુરાઈ ! વાય વાય ચતુરાઇ ! વાય વાય ચતુરાઇ ! ધરાણાં પણ લ્યો.

સૈરંધ્રિ—હું જાઉંછું. નિશાળમાં ત્રણસેં મણ મિઠાઇ ભરાવજો, ને વળી થંડા પાણીનાં માટલાં.

કિચક—ત્રણસેં મણ મિઠાઈ શું કરશો ?

સૈરંધ્રિ—અરે તમને દુનિયાદારીની કયાં ગમ છે ? નિશાળના છોકરાં શું જાણશે કે કૈયાજી રાત રહ્યા હતા. સવારમાં બએ ચચાર ઢેફાં છોકરાને વહેંચીશું.

કૈંચો—વાય વાય ડાહાપણ, વાય વાય ડાહાપણ, હવે હું કાંઇક દુનિયાદારીમાં આવીશ. આજ મારે સોનાનો સુરજ ઉગ્યો, કરમનું પાંદડું ફર્યું.

(કિચક) રાગ ગઝલ તાલ કવાલી.

અનેક વખત જ્યારે યત્ન કર્યું, ત્યારે આજે કરમનું પત્ર ફર્યું;
વાહરે વાહ ! આજે કરમનું પત્ર ફર્યું.
મહારૂં કોમળ કાળજું આજ ઠર્યું. ત્યારે આજે.
કિચક પર વરતાયો કેર અતી, નાંખી વિષ તણી મને લહેર રતી;
પ્રિયા મુખમાંથી અમૃત આજ ઝર્યું. ત્યારે આજે ૧
મુને વહાલી લાગે તારી વાણુ અરે, ઉગ્યો આજે કનકનો ભાણુ ખરે;
મહારૂં હૈયું અતિ આનંદ ભર્યું. ત્યારે આજે. ૨

જાણે પામ્યો હું રાજ ત્રિલોકતણું, મારો જન્મ સફળ થયો આજ ગણું,
મ્હારૂં ઝાઝ બુડેલું ટોચ તર્યું. ત્યારે આજે. ૩
પ્યારી મનમાં ન લેશો રીસ કસી, મેંતો વાળ્યો છે આંડો આંક બસી;
મ્હારૂં તન મન ધન તેંતો સહજ હર્યું. ત્યારે આજે. ૪
હું તો આનંદ હેલીમાં નાહીશ પ્રિયા, હું તો હર્ષે તારા ગુણુ ગાઇશ કિયા;
સૈરંધ્રિ—તારે માથે મ્હોતનું છત્ર ધર્યું. ત્યારે આજે ૫

સતિ દોડી ભિમ પાસે આવી. વસ્ત્ર ધરેણાં મુકી કહે લ્યો આ કુંચી ભિમ કહે મારે કુંચીની જરૂર નથી મ્હારે તો હાથ કુંચી છે. જાઓ નિર્ભય રહો, હવે તમારે એની ફિકર ન રાખવી; કાલે સવારે સુદ્રશ્નાને કીચકનું સ્નાન કરાવીશ !

સૈરંધ્રિ સુદેશ્ણાના મહેલમાં ગઇ ત્યારે રાણીનો જે અંતરનો *પ્રેમ અને ઉમળકો હતો તે ઓછો થયો. મહારા મેં કને સતિપણું દાખવતી હતી ને આખી રાત રહી. અહિં ભિમસેન પણ [1]મેરના મણકા મુકે છે. કિચકે સઘળી તૈયારી કરી વળી વિચાર કર્યો કે ઘણા દિવસથી દરબારમાં ગયો નથી ને નિશાળમાં રાત રહિશ તો રાજા કહેશે આ વખત દુઃખ ક્યાં ગયું, માટે કચેરીમાં જાઉં. દરબારમાં દાખલ થતાં યુધિષ્ટિરે જોયો. એના ડોળ ઉપરથી અને સૈરંધ્રિ રાતે ઇસારો કરી ગઇ હતી તે ઉપરથી વિચાર કર્યો કે આજે કૈયાનું મ્હોત છે ! કાંતો અર્જુને અને કાંતો ભીમે માંથે રાખ્યું હશે, પણ હું [2]અજાતશત્રુ ધર્મરાજા કયારે કે એને મ્હોતથી બચાવું ત્યારે. અરે કચેરી બરખાસ છે; અને રાજા તથા પ્રધાનને જવાનો હુકમ નથી. સર્વ ગયા પછી કીચક ગભરાયો. સુર્ય અસ્ત થવા તૈયારી થઇ, ત્યારે ધર્મ કહે હું એક હીસાબ પુછું તે કરીને જાઓ ! ધર્મે હીસાબ પુછયો પણ મન સ્થિર વિના હિસાબ કેમ થાય ! " ચિત્ત ચતુરામાં ને ચોખા ચરમાં. "

કિચક—કકકક કાલે કરીશું કાલે.

કંક—નહિ ! આજે કરો નહિતો જવાનું નથી.

કિચક—(અરેરેરે શુકન જોયા વિના આવ્યા.) મમમ મ્હારૂં શરીર સસસારૂં નથી.

કંક—સારૂં ન હોય તો સુતા સુતાં કરો.

કિચક—પપપ પડીકુ નથી ખાધુ પડીકુ.

---

*ધર્મની મુરતી ઉપર સાધારણ પ્રેમ અને અધર્મની મુરતી ઉપર સાધારણ દ્વેશ થાયછે. ૧ મેર=સુર્ય અસ્ત. ૨ અજાતશત્રુ=દુનિયામાં જેનો શત્રુ જનમ્યોજ નથી.

કુંક—અહીં મંગાવી આપુછું.

કિચકે આડુ અવળુ જોઇ મોમાં આંગળાં ઘાલી બકારી ખાધી. ધર્મે જાણ્યું, જેનુ મ્હોત નજીક આવ્યું હોય તેને કોણ બચાવનાર છે; જાઓ કૈચાજી. કૈચો દોડયો અને વિલંબ થઇ ગયો જાણી ઉતાવળે મહેલમાં દાખલ થઇ વસ્ત્ર ફેંદવા લાગ્યો. આ પહેરીશતો સારો દેખાઇશ કે પેલું પહેરીશ તો સારો દેખાઇશ. ટીલાં ટપકાં છિનાળભંગી અને પટીઆં પાડી તૈયાર થયો. ભિમસેન પણ સાતે સાડીઓની ગાંઠો વાળી ઘરાણાની ગાંઠો વાળી, પહેરી ઓઢી તાળુ તોડી નિશાળમાં દાખલ થયો. અહાહાહા ! જાણે લ્હાય લાગી હોય એવું છે ને શું ! ફરતાં ફરતાં મિઠાઇ દીઠી, વાહ આ કામ ચોકસ છે. જમી જરા થંડુ પાણી પી, છત્ર પલંગની ખબર લીધી. ડાબો પગ મુક્તાં ઇસ ભાગી, બીજી ખેંચી કાઢી અને સર્વ તક્તા ફોડી નાંખ્યા, પછી ઝુમ્મર હાંડીઓ હાંડા, ગ્લાસ દિવાલગીરીઓ સર્વનો નાશ કરી ઝીણા ઝીણા કડકા કરી બધે પાથર્યા. ફક્ત ચાર ખુણામાં જરા જરા જગા અને પોતાને આડું થવા જરા જગા રાખી બારણા પાસે કાચની ઢગલી કરી, એક દીવો ઝાંખી હાંડી નિચે ઢાંકી બારણાં બંધ કરી આડો પગ રાખીને સુતો. કૈચો આવ્યો. ઉઘાડજો ! સૈરંધ્રિ હે સૈરંધ્રિ.

ભિમ—(હળવેથી) ઉઘાડોને ઠાલું છે.

કૈચો—(જોરથી હડસેલીને) નથી ઉઘડતું, વાસ્યું હશે જુવો !

ભિમ—હાય હાય ઠાલું છે ને શું ! બારણું હવાયું છે જરાજોરતોકરો.

કૈચો—(જોરથી ધકેલીને) અરે તમે જુવો તો ખરા !

ભિમ—મેં તો જોઈ મુકયું છે કે તમારામાં પાણી નથી. હાયહાય.

કૈચે જાણ્યું વાત બગડશે; જોરથી આંચકો મારતાં ભિમે પગ લઇ લીધો. બંને બારણાં ઉઘડયાં અને કિચક ઉંધે મોઢે પડયો. કાચ મોંમાં પેસી ગયા; ત્યારે પોકાર કરી ઉઠયો.

(કવિ)   કટાવ; કૈચાવધ.

કૈચા કિચકે કર્યો આંચકો, ખાઇ ખાંચકો, જોર કર્યાથી દ્વાર ઉઘડતાં ધરણી ઢળીઓ, કાચ વાગતા કૈચો કંપે, ત્રાય ત્રાયરે જીવ નવ જંપે; અરરર હાય હાય ! હાય ગજબ આ પ્રાણ જવાના થઇ તૈયારી, ઓ નારી ઓ પ્યારી મહારી, શું સંતાયાં છો અંધારે, જીવ પહોંચશે જમને દ્વારે, [1]વાયસ હસતાં [2]મેડક મારે, કરો હાંસી તો સમ છે મહારા, હે મુજ દારા. સેવક તહારાને સંભાળો. તવ ખમા ખમા ! કહી ભિમ ઘસરડે, કાયા કાચથી ભરી ઉઝરડે

૧ વાયસ=કાગડો ૨ મેડક=દેડકો.

કેચો છોડી દ્વાર ભીડીને જઇ બેઠો ખુણાની મધ્યે. કેચો કહે ક્યાં ગયાં કામનિ; દિવ્ય દામની, ભોળી ભામની? ભિમ કહે હું આ રહી અહિંયાં. શબ્દ આવતાં ચાલ્યો [1]દિશે, મનડું હિસે, ભચોભચ જ્યાં કાચ વાગીઆ સેવક ઉપર ભરીઓ રીસે, ગયો ખુણામાં દારા ન દિસે. આમ તેમ નવ ફાંફાં મારે, મુખ ઉચ્ચારે, શાણી સૈરંધ્રિ કહી પોકારે, ભિમ કહે હું અહિં અંધારે. આ ખુણેથી પેલે બિજે ત્રીજે ચોથે કેચો ફરતો, શાણી સૈરંધ્રિ મુખ ઓચરતો, કાચ વાગતાં પોકાર કરતો, હાય હાય! હાય બાપરે આ અંધારું કરીયું કેવું? ભિમ કહે તારા મોં જેવું.

કેચો કહે કોઇ અન્ય પુરૂષ! નહિ નવલયૌવના! બુમ પાડવા બળથી જાએ, ભિમ ધોધળો ઝાલી સાહે. દીવો ધરીને મુખના સામા, ભવ્ય દ્રષ્ટિયે ક્રોધ યુક્ત થઈ ભિમ ઉચરતો, દૈવ્ય તણે પંજેથી જામાં, ઘેલો થામા, સતિ સૈરંધ્રિ, સુંદિર સ્યામા, રતી સમી એ રૂડી રામા ને તેં રોકી અર્ધ રાત્રિય મધ્ય મહેલમાં મહારા મામા!

કેચો કહે ઓ વિરવાલવા! મેં જાણ્યું કે મળે માનુની મંન મહાલવા [2]શિશુ જાએ સાપ ઝાલવા, પણ નવ સુજ્યું સાર આવશે ચાર દીનમાં ચટ્ટ ચાલવા.

ભિમ કહે સાંભળ રાયસાળા સાર કરી વિચાર, જારી નરનાર, ઠરે નહિ ઠાર, ધિખે અંગાર, હૃદય મોઝાર, કરે સૌ ખાર, કોઇ નહિ વહાર, જંનમાં ભાર; ઘટે દરબાર, મોતનો માર, કોપ કરતાર, કરે કામીના શિરે; એમ કરીને કેચો પકડી જોરે ઝકડી, બગલે ઘાલ્યો જરા દાબતાં જીવડો ચાલ્યો બાપુ કહે તે ફરી ન હાલ્યો.

દુર્ગુણ આવે સૌ સાથે, જેને મ્હોત ભમે છે માથે.

પ્રાણ ગયો કે તર્ત ફેંકી દીધો, અને તેનાજ વસ્ત્રમાં ગાંસડી બાંધી પથ્થરના પાટડા નિચે ખોસી ઘાલ્યો. ધડ માત્ર પાટડા તળે દબાઈ રહ્યું પણ ડોકુ લટક્યું. ભિમ કહે હાય અધર્મિ મુવા પછી પણ સૈરંધ્રિને જોવા માટે ડોકુ બહાર કાઢે છે, ઘસવાદે એના મોં ઉપર મેંશ, ચોપડવાદે ચુનો; મોંઢે મેંસ ઘસી, ચુનાનું ટીલું કરી, પડેલા લોહીથી "પરનારીશું પ્રિત કરતાં ખેલ કરંતાં હાર્યો, રાજાનો સાળો કેચો કિચક મેં માર્યો મેં માર્યો" પાટડા ઉપર લખી, રસોડે જઇ સાડીઓ તથા ઘરેણાં સળગતી ચુલમાં નાંખી, સુખે નિંદ્રા કરી.

સવાર થતાં નિશાળીઆ આવી મહેતાજીને કહેવા ગયા. ગુરૂજી શાળાનો વખત નથી થયો? મહેતાજી કહે વખતતો થઇ ગયો છે. ઉઘાડો નિશાળ! નિશાળ ઉઘાડી છોકરાં પેઠાં. ઓ તારી......કાચ કાચ કાચ! અરે આતો ભૂત! વિરાટકુમારે આવી મહેતાજીને જાહેર કર્યું. મહેતાજી કહે જાઓ વિરાટ રાજાને ખબર કરો!

૧ દિશે=અવાજ આવ્યો તે દિસાએ ૨ શિશુ=બાળક.

ખબર થતાં વિરાટ તથા કંકરૂષિ આવી ઉભા રહ્યા. અરે આ શું ! શાળામાં ખુન ! મહેતાજીના ઘડામાંથી પાણી મંગાવી મોં ધોતાં કૈયાજી ઓળખાયા. ભિમ નિશાળીઆ ગુરૂ પાસે ગયા. કેમ આજે નિશાળ ભણાવવાની કે ? મહેતા કહે ના. છોકરાં માત્ર અવાજ કરતાં દોડયાં. " છુટીબાઇ છોડદો ! રૂપૈઆ ઉછાળદો ! " બોલ સાંભળી ગામના માણસોએ પુછ્યું, અલ્યા શાની છુટી મેલી ? છોકરાં કહે કૈયાજી મરી ગયા નિશાળમાં કાળુ મોં કરીને પાટડા તળે ખોસ્યા છે. શબ્દ સાંભળી હજારો લોકો દોડયા. નવાણું ભાઇ તથા સુદેષ્ણા બેન પણ દોડતાં આવ્યાં, રડાપીટ થઇ રહી. રાજાએ મડદુ કાઢવાને અખાડાના ઘણા મલ્લ બોલાવ્યા પણ ન નિકળ્યું, ત્યારે વિરવાલવાને બોલાવવા મોકલ્યું. વાલવે આવી અતી કલ્પાંત કર્યું. અરે મારા મિત્રને મારનાર કોણ ! બસ એનો પ્રાણ લેઉ, અરેરે મિત્ર ક્યાં ગયો; કાલે રાત્રિયેતો આપણે ભેગા હતા. સુદેષ્ણા કહે ભાઇ મારા ઘરમાં પેલી ! રાંડ ! છે, એના ગાંધ્રવે માર્યો. ભિમ કહે બસ એ દુષ્ટાને ભેગી બાળુ ત્યારે મ્હારી દાઝ હોલાય ! વિરાટ કહે વાલવાજી આ મડદુ કાઢો. પહેલાં પોતે યત્ન કર્યું પણ જોર ન કર્યું. (હું કાઢીશ તો મેં માર્યું હશે એમ વહેમાશે.) પછી ઘણા મલ્લની મદદ લઇ ભિમે મડદૂ કાઢયું. નિશાળમાં એમના ચોકા થયા. ભિમ જઇ સૈરંધ્રિને ઉચકી લાવ્યો. જ્યારે મડદુ બંધાઇ તઇયાર થયું ત્યારે ભિમ કહે એક હાથમાં ઠાઠડી અને બીજા હાથમાં આ સ્ત્રિને ઝાલી હું જઇને બાળી આવું છું; જો તમે કોઇ આવશો તો એ સ્ત્રિના ગાંધર્વોથી બળીને નાશ થશો. વચન સાંભળી નગ્રના લોકો ચટોચટ ખસી ગયા; પણ નવાણું ભાઇ તઇયાર થયા. ત્યારે સુદેશ્ણા કહે ભાઇ એમને તો લઇજા; સંભાળીને લાવજે. ભિમ કહે ઠીક ! પણ એ શિવાય બીજુ કોઇ ન આવે. રાજા વિરાટ તમારે શહેરના દરવાજા બંધ કરી કોટ ઉપર ઉભા રહેવું. કોઇ ગાંધ્રવ મારા ત્રાસથી ગામમાં આવે તો પેસવા દેવો નહિ, કૈયાનું રૂપ લઇને આવે તોપણ નહિ ! વિરાટ કહે આરૂ તમે નિશ્ચિત રહો.

શ્મશાનમાં આવી ચિતા ખડકી કિચકને સુવારી સળગાવી, નવાણું ભાઇને લાકડાં લેવા મોકલ્યા, ત્રણ દિશામાં પચીશ પચીશ અને ચોથી દિશામાં ચોવીસ ગયા. એક પચીસનું ટોળું આવ્યું. અરે આ રંડાને હજી નથી નાંખી કે શુ ! ભિમ કહે લાકડાં નથી. લાકડાં નાખવા જાય છે કે ભિમે પછાડીથી બાથ મારી પચીસને ચિતામાં નાંખ્યાં. ઉછળવા ગયા તેમને સંકોરી ઠેકાણે કર્યા. બિજુ ટોળુ આવ્યું. હજી એકે ટોળુ આવ્યું નથી ?

ભિમ કહે એક ટોળાવાળા આવી ગયા અને ગયા કાઠી ભરવા. પોણોસોને પુરા કર્યા પછી ચોથા ચોવીસ આવ્યા, તેમને બાથમાં ઘાલતાં એક છટકયો. એકને જવા દઇ તેવીસને ઠેકાણે કર્યા. છટકયો એ સૈરંધ્રિને શરણે ગયો. સતિયે એને પોતાની પાછળ સંતાડયો. ભિમ વિરાટનગર સુધી દોડયો; હે રાજા વિરાટ હે રાજા વિરાટ ! એક ગાંધ્રવ દોડયો છે કેચાનું રૂપ લઇને ! રાજા કહે અહીં નથી આવ્યો, અને આવશે તો શહેરમાં દાખલ થવા નહિ દેઉં. ચારે તરફ દોડમદોડ કરી થાકી, સતિ પાસે આવીને બેઠો. અરે સતિ હવે આપણને અતિ દુઃખ પ્રાપ્ત થશે. નાસી ગયેલો કૈચો સર્વ બિના જાહેર કરશે અને ફરી વન નિકળવું પડશે. " આરે આવેલું વહાણ બુડે છે." નિચુ જોતાં ચાર પગ દીઠા, વોય ચાર પગી ! ઉભો થઇ પાલવ ખસેડી નાંખ્યો, ત્યારે કૈચો સનમુખ આવીને ઉભો રહ્યો. વાલવાજી તમારે શરણુ છું.

ભિમ—અગ્નિદેવને શરણ થા અગ્નિદેવને ! એ મહારાથી મોટા છે.

સતિ—પતી એને મારશો નહીં.

ભિમે જીભ ખેંચી કાઢી દેવતામાં નાંખી, હાથ તથા પગનાં કાંડાં તોડી નાંખી દેવતામાં નાંખ્યાં, પછી સતીને લઇ ગામમાં આવ્યો. સુદેશ્ણાએ ખબર પુછી, ત્યારે ભિમ કહે એકને ઝાલુ ને ચાર ચિતામાં પડે ને ચારને ઝાલુ ને બાર ચિતામાં પડે. અતી પ્રયાસે ગાંડ ઘસતો કૈચો આવ્યો તેને પણ હાથ પગ નથી. બેને પુછયું, ભાઇ તારા હાથ પગ કયાં ગયા ?

કૈચો—(ભિમના સામા હાથ કરીને) બ.........હ............

સુદેષ્ણા—અરેરેરે એને જીભ નથી. વાલવા આ શું કહે છે !

વાલવો—વાલવાજી હોયે નહિ, ને હું જીવતો આવુંએ નહિ.

કૈચો—હં.........હં.........અ............અ...........એમ કરતાં પ્રાણ નિકળી ગયા, ભિમ ઉચકી ચિતામાં ફેંકી આવ્યો.

(કવિ) રાગ. આગળ નળ પુંઠળ પ્રેમદા

વૈશંપાયન કહે રાજન, કથા કહી મેં પરમ પાવન. ૧
ભિમે કિચકની કીધી ઘાત, સુખે ન બેસે *શુકરની જાત. ૨
ભક્તને આધિન છે ભગવાન, બાપુનો બેલી મોડે માન. ૩
કમળાનો સ્વામિ પૂરે કોડ, બોલો જય જય શ્રીરણછોડ. ૪

---

* શુકર=ભુંડ.

સુધન્વા આખ્યાન.

(કવિ)　　રાગ. કિર્તિયો શ્રી રઘુનાથની કરીએ.

જેને સાહ્યક શ્રીગોપાળ, તેનાથી થર થર કંપે કાળ.　　જેને.
ભક્ત ભરથ એ વિપ્રનો બાળ, કોહોળીએ પકડયો કરવાને કાળ;
કાળીએ કાપ્યા લઈ +કરવાળ.　　જેને. ૧
હિરણાકસ્યપુએ પ્રલ્હાદ પિડયો, ભૂપાળ ભગવાન સાથે ભિડયો;
પણ હરી હાથે આચળ હિંડયો.　　જેને. ૨
હરિશ્ચંદ્ર કર્યો ડોમનો દાસ, વરતાવ્યો વિશ્વામિત્રે ત્રાસ;
ચક્ર ધર્યું પ્રભુ કરવાને નાશ.　　જેને. ૩
દુષ્ટે પિડયો ચંદ્રહાસને ભારી, ઉલટ સુલટ કર્યું શ્રી મોરારી;
વિષ ને બદલે વિષયા નારી.　　જેને. ૪
દુર્યોધનને પિડયા પાંડવ સંત, જેને સાહ્યક શ્રી ભગવંત;
કુરવ કુળનો આણ્યો અંત.　　જેને. ૫
શંખ લખિત સુધન્વાના અરી, મોત તણી મતિ મનમાં ધરી;
તેલ કઢા તેની શિતળ કરી.　　જેને. ૬
માટે રામને રાખવા રાજી, ગોવિંદ ગાવા ગર્વથી ગાજી;
શર્મ ધરી તેની જનુની લાજી.　　જેને. ૭
વિષય તણા વિકાર તજીને, બાપુ સેવક સર્વ સજીને;
પામ્યો અચળ સુખ તમને ભજીને.　　જેને.૮

દોહરો.

ગણુપતિ ચર્ણો પુજતાં, માગુ અઢળક જ્ઞાન;
સરસ્વતિ માતા મુને, દેજો વિદ્યા દાન.　　સિયાવર.

ગિતિ.

સ્વયંજ્યોતિની સેવા, મેવા ને મનવાંચ્છિત ફળ આપે;
દૃઢ ભક્તિ ભૂધરની, અસહ્ય સંકટ નિમેષમાં કાપે.

કુરૂક્ષેત્રના મેદાનમાં અગિયાર ક્ષૌહણી સેનાનો સંહાર કરી મહા બાણાવળી અર્જુન હજી વિરામ પામ્યો નથી; પ્રતાપિ અતિ બળવાન ગદાધારી ભિમસેન હજી પણ લઢવાથી કાયર થયો નથી, નિકુળ તથા સહદેવ બન્ને વિર દિગ્વિજય કરી ઉભા છે, તે સાંભળી ધૃતરાષ્ટ્રના અંતરમાં લ્હાય ઉઠી.

+ તલવાર.

*મહાસતિ ગાંધારી પણ આક્રંદ કરવા લાગી; અને પોતાના સો ભાઇઓની સ્રિયોનું રૂદન ધર્મરાજાથી તો સહનજ ન થયું.

(કવિ) રાગ. ત્રિતાલ ચોપાઇ.

હસ્તિનાપુર યુધિષ્ટિર રાય, સત્યવાદી સુધર્મિ કહેવાય. ૧
અજાતશત્રુ અવતરીઆ જગમાં, જેને પદ્મ શોભી રહ્યાં પગમાં. ૨
કર્યો કૌરવ કેરો કાળ, જેને સ્હાય છે શ્રી ગોપાળ. ૩
નારી વિલપે દેઈ કર કરમે, તે તો સહન થયું નહિ ધરમે. ૪
અરે હાય કર્યાં ક્રુર કર્મ, હવે શાને ધરૂં નામ ધર્મ. ૫
નથી ભોગવવા રાજ્ય ભોગ, હું તો સાધીશ સમાધિ ને યોગ. ૬
મેંતો ભાઇઓને નાંખ્યા ભરડી, કેમ ઇચ્છું ગાદી લોહી ખરડી. ૭
જાણ્યું હોત થશે આવો કેર, તો તો વનથી ન આવત ઘેર. ૮
માર્યા પુત્ર ગુરૂ શિરછત્ર, માર્યા મામા બનેવી સરવત્ર. ૯
માર્યા ભાઈ સગાઈ જે સાચી, કેવળ બુદ્ધિ ગણાઈ મારી કાચી. ૧૦

અતી આક્રંદથી તિવ્રવૈરાગ્યને પામેલા ધર્મરાજાને ભિમ, અર્જુન, નિકુળ, સહદેવ, અનેક રીતે સમજાવવા લાગ્યા. અરે આપણું કર્યું કારવ્યું વ્યર્થ જાય છે, મોટાભાઈ ! આરે આવેલું વહાણુ ડુબે છે. મહા મહેનતે મેળવેલું રાજ્ય રોળાશે; માટે આપ ગાદીની ઇચ્છા કરો. અતી કહ્યા છતાં ધર્મરાજાએ ન માન્યું, એટલામાં શ્રી વ્યાસમુનિની પધરામણી થઈ.

ઉદ્વેગ જાણી હરીદાસનો, આવ્યા પારાશર તન;
અર્ઘ્ય પાદ્ય કરી પુજા કીધી, પાંચે જોડયું મન;
ટળ્યો સઘળો શોક, નારાયણને નમાવી ડોક. ટળ્યો.

વ્યાસમુનિ કહે છે હે ધર્મ તું આ રાજ્ય ઉપર અપ્રિતિ શા માટે કરે છે ? ધર્મ કહે મહારાજ જગતમાં જીવવું થોડું ને જંજાળ વધારે શા માટે જોઇએ. અરે એજ રાજ્ય ઉપર હું બેસુ કે જેને માટે મેં મારા ભાઇઓનાં નિકંદન કાઢી નાંખ્યાં ! એ અનિત્ય છે, નાશવંત છે, આખર દુઃખ દેનાર છે, માટે હું ઇચ્છા કરતો નથી.

(ધર્મ) રાગ. વશિષ્ટ વદજે વિચાર કરીને.

રાજ્યપાટ મારે નવ જોઇએ, નવ જોઇએ વૈભવ કે ભોગ;
વિષય તણી વૃદ્ધિ નવ જોઈએ, વાધે વાસના રૂપી રોગ. ૧
ધરતિ ધામ કે દામ ન જોઇએ, જેણે કર્યો નહિ કોઇનો સંગ;
એ નરની સાથે નવ ચાલી, જેણે મચાવ્યા ઝાઝા જંગ. ૨

* વિવાહ થતાંજ જાણ્યું કે પતિ આંધળો છે. ત્યારથી પોતાની આંખે પાટા બાંધ્યા.

સુહોત્ર શિબી ભરત. ભગિરથ, પૃથુ, યયાતિ, પરશુરામ;
રંતિદેવ ને દીપીલ, અમરિષ, માંધાતા ને [1]પુરણક્રમ. ૩
ગય, શશબીંદુ, નહુષ પ્રતાપી, પાણી પુર સમ ગયા વહી;
ધણીપણું ધારણ કરીયું પણ ધરતિ કોઈની સાથ ન ગઈ. ૪
સ્વપ્ન સમયનો ખેલ ખલકનો, જાગી જોતાં જુઠું જાણું;
સારૂ ખોટુ નાનુ મોટુ, મિથ્યા મનની તાણાતાણું. ૫

(વ્યાસ)　　　　ગિતિ.

તારો શોક શમાવા, હોંશે ચાલી આવ્યો છું અત્ર;
શામળિયાની સાહે, કરો યુધિષ્ટિર અશ્વમેધ [2]સત્ર.

ધર્મ રાજાએ બોલનો વિચાર કરી યજ્ઞનો નિશ્ચય કર્યો, તેમાં એમણે કૃષ્ણ પરમાત્માની સંપુર્ણ સહાય માગી. પ્રભુએ હા ભણી ત્યારે ધર્મરાજા દિક્ષા લઈ બેઠા અને અર્જુન સેનાપતિ થઈ, યૌવનાશ્વ રાજા પાસેથી અશ્વમેધનો ઘોડો લાવી, તે ઘોડાના કપાળમાં તામ્ર લેખ ચોઢી આગળ કરી પોતે લશ્કર સહિત પાછળ ચાલ્યો. લેખમાં એવું લખેલું હતું કે આ ઘોડો હસ્તિનાપુરના મહારાજાધિરાજ શ્રી ધર્મરાજાનો છે તેને જે બાંધશે તે પ્રાણની અને રાજ્યની આશા ત્યાગ કરશે, વળી ઘોડાના રક્ષણને માટે અર્જુન, ભિમ, નિકુળ, સહદેવ, પ્રદુમ્ન, અણિરૂદ્ધ, મેઘવર્ણ, વૃષકેતુ આદી સમર્થ યોદ્ધાઓ છે; માટે જેને મૃત્યુજ પાસે આવ્યું હશે તેજ તેના સામી નજર કરશે.

(કવિ)　　　　રાગ; પંડિતકે બચન.

જાય ઘોડો અશ્વનો પાછળ પાન્ડુ તન;
અનુશાલવ નિલદૂજ યોવનાશ્વ પ્રદુમ્ન; ૨
વળી વૃષકેતુ ને, મેઘવર્ણ મહાવીર;
જાય કૃષ્ણ પૌત્ર એ, અણિરૂદ્ધ રણધીર. ૨
વાગી હાક અવનિમાં, હરખ્યો અર્જુન શુર;
વળી અશ્વ આવીઓ, નગ્ર જયાં ચંપકપુર. ૩
અશ્વ જોઇ હરખાયો, હંસધ્વજ ભૂપાળ;
કાં પામુ કૃષ્ણ, વા કરૂં સર્વનો કાળ. ૪

ચંપકપુરનો પરમ વૈશ્નવ રાજા હંસધ્વજ પોતાની સભામાં બેઠા છે, અનેક પંડિતોના મુખેથી શાસ્ત્રાર્થ થઈ રહ્યા છે, એક તરફ હરિકીર્તન પણ થઈ રહ્યું છે, તે વખતે અનુચરો ખબર લાવ્યા કે ધર્મરાજાનો અશ્વમેધનો ઘોડો આપણા નગરની પાધર થઇને જાય છે. શબ્દ સાંભળી રાજા સિં-

૧ રામ. ૨ યજ્ઞ

હાસન ઉપરથી ઉછળ્યો. મારા બહાદુરો એ ઘોડાને આપણી હદમાંથી જવા દેશો નહિ. જાઓ લાવીને આપણી ઘોડારમાં બાંધો ! જો કે ધર્મ રાજાને યજ્ઞથી અટકાવવા હું સમર્થ નથી, અર્જુનને જીતવા જેટલું મારૂ બળ નથી તોપણ બાથ ભિડવાથી મને ભગવાનના દર્શન થશે. અરે કયાં ગયા મારા પાંચ પુત્રો સુરથ, સમ સુદર્શન, સુબલ, સુધન્વા ? અરે કયાં ગયા મારા ત્રણ પ્રધાન ચંદ્રકેતુ ચંદ્રાધ્રમાન ચંદ્રદેવ આદી ! કાલે સવારમાં આપણું સઘળુ લશ્કર લઈ નગ્રની બહાર અર્જુનની સામે હાજર રહો !

શંખ અને લિખિત નામના બે રૂપિવર રાજાના પ્રોહિત હતા. રાજા એમના વચન ઉપર વધારે વિશ્વાસ લાવતો, તે એટલે સુધી કે એ બન્ને જે કરે તેજ થાય. ઘણી વખતે તેઓ રાજાને તર્ક શાસ્રથી અવળા સિદ્ધાંત પણ આપતા; એ બંને મહાજ્ઞાની પણ દંભી હતા એટલો મોટો દુર્ગુણ હતો. સુધન્વા રાજાનો સૌથી નાનો એટલે પાંચમો પુત્ર હતો. જે પરમ ભક્ત અને અહરનિશ હરી સેવામાં આરૂઢ રહેતો, એને એવો નિયમ હતો કે સવારના પહોરમાં એક પહોર સેવામાંજ ગુજારવો, પછી બીજું કાર્ય કરવું. તે પોતાના નિયમ પ્રમાણે સવારમાં ઉઠી સ્નાન વિધી કરી સેવામાં બેઠો; અને લશ્કર નગ્રની બહાર રવાના થયું. સુધન્વા નમતો ન હતો એટલા માટે અને વળી રાજાના બગિચા આગળ પાટીયું માર્યું હતું અને એમાં એવી જાહેરખબર આપી હતી કે “ આ બગિચામાંથી જે ફુલ તોડશે તેનાં હાથનાં કાંડાં કાપી નાંખવામાં આવશે ” ! તે બગીચામાથી શંખ લિખીતના પુત્રોએ ફુલ તોડયાં; તે એવા અભીમાનથી કે હંસદ્દજનું રાજ આપણા પિતાની વડેજ ચાલે છે, માટે આપણને કોણ પુછનાર છે. આવી ગેરવર્તણુકથાં પેરેગીરો બંને પુત્રને પકડીને રાજ કચેરીમાં લઇ ગયા. પુરોહીતના પુત્ર જાણી રાજા કાંઈ ઇનસાફ કરી શકયો નહિ; વિશેષમાં સિપાઇઓને ઠપકો આપ્યો કે આ બાળકોને કેમ પકડી લાવ્યા ? સિપાઇઓએ કહ્યું સરકાર આપે જાહેરખબરમાં લખ્યું હોત કે આ કાયદો પુરોહિતના પૂત્રોને લાગુ પડતો નથી, તો અમે ન પકડત. રાજા કહે જાઓ અને બાળકોને જવા દયો ! તે વખતે ભરી કચેરીમાં સુધન્વા ઉભો થઈ બોલ્યો કે એવો ગેરવ્યાજબી ઇનસાફ થશે તો રાજ્યની પાયમાલી નજીક આવશે. એ પુરોહિતના પૂત્રો માટે શું થયું, એમના હાથનાં કાંડાં કાપી નાંખવાંજ જોઇએ. તે વખતે સઘળી સભા બોલી ઉઠી, શાહબાશ ! ધન્ય જનુનીને. તેજ વખતે રાજા હંસદ્દજે બન્ને પૂત્રોના હાથ કાપી નંખાવ્યા. (પુરોહિતના પૂત્રોએ કહ્યું, દેવયાનિનો અપરાધ કરીને શરમિષ્ટાએ શુ સાર

કાઢયો હતો;) તે ઉપરથી શંખ અને લીખીતને તેના ઉપર સ્વાભાવીક વહેર હતું, તેઓ એવો લાગ શોધતા હતા કે કયારે પંજામાં આવે ને આપણું ફાવે. અરે અત્યારે સવાર છે; સુધન્વા જરૂર સેવામાંજ બેઠા હશે. ચાલો ચાલો રાજા પાસે જઈ "પણ" કરાવીએ કે જેથી સુધન્વાનો કાંટો નિકળી જાય. એમ વિચાર કરતા બન્ને ભાઇઓ રાજા પાસે ગયા. અરે હંસધ્વજ! રાજા કહે હાં મહારાજ! શંખ કહે અલ્યા વિચાર! કોની સાથે બાથ ભીડે છે? કૃસ્ન પરમાત્માના સખા સવ્યસાચિને તું શી રીતે પહોંચી શકીશ? છતાં તેં તઇયારી બરાબર કરી હશે; તારો કોઇ પણ યોદ્ધા ગેરહાજર ન હોય તો તું જીતવાને સમર્થ થાય ખરો! હંસધ્વજ કહે મારો કોઇ યોદ્ધો ઘેર રહેતો નથી અને હું આપના ચર્ણના પ્રતાપે કરીને જીતવા સમર્થ થઈશ. શંખ કહે એકવાર ફરીને નગ્રમાં ડુંડી ફેરવ! એવું સખ્ત "પણ" કર કે જે શબ્દ સાંભળી કોઇ યોદ્ધા એક પહોર દિવસ ચઢતામાં આવી હાજર ન થાય તેને "સોમણ તેલની કળકળતી કઢામાં નાંખવો." રાજા કહે મહારાજ હું હાથમાં જળ લઈ કહું છું કે, કોઈપણ યુવાન યોદ્ધા મારા નગ્રમાં એક પહોર પછી રહેશે તેને સોમણ તેલની ઉકળતી તાવડીમાં નાંખીશ; કદાચ મારો પુત્ર હશે તોપણ હું પક્ષ કરીશ નહિ. (સુધન્વાની રીતિથી રાજા વિસ્મૃત થઇ ગયો.)

હશી હશી તાળી લેછે, શંખ લખિત બેઉ અંતર હરખાય;
હંસધ્વજ ', પણ " રાખે, સુધન્વાનો જીવ જરૂર જાય.

નગ્રમાં ડુંડી—રાગ; હરીગીત છંદ.

સૌ સાંભળો ક્ષત્રિ જનો, સુરા પુરા જે પુરના;
હું કહું તે લેજો લક્ષમાં, વિચાર રાજા ઉરના; ૧
સ્વપનું નથી આ સત્ય છે, બાજી નથી આ ખેલની;
ઉકાળી રાએ આપણે, કઢા તે સોમણ તેલની. ૨
ક્ષત્રિ થઇ રોકાય ઘર, યુદ્ધે ન આવે પહોરમાં;
વળી માન કે ગુમાનમાં, તણાય વળતે તોરમાં. ૩
તેને શુળી કે ફાંસી નહિ, નાંખે નહિ વળી જેલમાં;
વળી શસ્ત્રની શિક્ષા નહિ, પણ તર્ત તાતા તેલમાં. ૪
નારી ન રોકે નાથને, નિશ્ચય રાજા મનનો;
રંડાપો આવે રોકડો, ઉધારો એવાતનનો. ૫

કર્ણ ઇંદ્રિયે પોતાના સ્વભાવે કરી સુધન્વાને વિચારમાં નાંખ્યો. સુધન્વા વિચારે છે કે દેહનો ખપ કરૂંછું તો ભગવાનની સેવા ચુકુછું અને

સેવાનો ખપ કરશું તો દેહ જાય છે. અરે મન દેહ જાય તો જવા દે પણ અમુલ્ય મણિરૂપ મનુષાદેહ અવતાર ફરી ફરી નહિ આવે. દેહ તો અનેક થઇ અને અનેક થશે પણ ઈશ્વર ચર્ણમાં વૃત્તિ પ્રોરવવાનેતો મનુષાદેહજ બસ છે.

(સુધન્વા) રાગ, વેળાવળ.

સેવા ન ચુકુ શ્યામની, જેના નામની માયા;
ખપ કરૂ શાને ખોટાનો, જુઠી જુઠી આ કાયા. સેવા. ૧
અનેક જનમ આવી ગયા, લીધા વિધ વિધ વેષ;
પંચ વિષયમાં પચી રહ્યા, નામ લીધું ન લેષ. સેવા. ૨
ભોગ વિલાસને ભોગવ્યા, લીધું ઈંદ્રિય સુખ;
બહુ બહુ બાળ રમાડીઆ, શાને માનું દુઃખ. સેવા. ૩
અમુલ્ય મણિ હાથ આવીઓ, નર દુર્લભ દેહ;
ચિતે ચિદાનંદ નવ ભજુ, જાય એળે એહ, સેવા. ૪
આનંદ સાગર ઝીલવું, તેડે મુકી તમામ;
સાચા ગુરૂના પ્રતાપથી, બાપુ લે રામ નામ. સેવા. ૫

સેવામાંથી ઉઠી સુધન્વાએ વસ્ત્ર આયુદ્ધ ધારણ કરતાં; માતાની આજ્ઞા માગી. માતા કહે દિકરા અત્યાર સુધી સેવામાં હતા એ તમારા પિતાનું અજાણ્યું નથી માટે કુંડીનો બાધ નહિ આવે. દિકરા તારા પિતાએ અનેકવાર યુદ્ધ કર્યા છે પણ હજુ કૃશ્ન સખાની સાથે યુદ્ધ કર્યું નથી. આજે અર્જુન વિરની સાથે યુદ્ધ કરવાનું છે. હે દિકરા કૃશ્ન પ્રભુ તેના સખા છે માટે અર્જુનને હરાવી કૃશ્નને તેડી લાવજે, નહિતો તારા મુવાના સમાચાર મોકલજે! મારી કુખે ઉત્પન થયો હોય તો પ્રભુ વિના નગ્રમાં પગ મુકીશ નહિ!

મરાઠી સાખી.

હરી ભક્ત મુજ બાળ સુધન્વા, ધર્મ યુદ્ધ તમે કરજો;
અર્જુન હરવી કૃશ્નને તેડી, નગ્ર વિષે પગ ધરજો;
હરી નવ દેખુ દ્વાર, હર્ષ મુવાને સમાચાર. હરી.

(સુધન્વા) ગિતિ.

ભાવી હશે તે બનશે, જરણુ મરણુ તે નથી હાથ કોને;
દર્શન હરીનું થાશે, ચિંતા રૂપી અંતર દુઃખ ખોને.

માતાની આજ્ઞા લઈ આગળ જતાં બેન કુવલા સામી મળી.

(બેન) રાગ. સિતાજીના મહિનાનો.

જાય યુદ્ધે મારા વિર, ધનંજય સંગમાં;
એ છે સમર્થ યોદ્ધો શુર, ચિંતા મારા અંગમાં. ૧

નવ દેખાડશો વિરા પિઠ, *અદિઠે ન આવશો;
મારા સ્વસુર પક્ષની માંય, મુને ન લજાવશો. ૨
તેને સ્હાય છે જુગદાધાર, દર્શન કદી પામીએ,
મળે સ્વર્ગનું અહિયાં સુખ, સકળ દુઃખ વામીએ. ૩
માટે રાખો નિરંતર ચોટય, હરીના નામમાં;
થાય મૃત્યુ કદી તો પહોચાય, અક્ષર ધામમાં. ૪

સુધન્વા કહે ઇશ્વરની મરજી હશે તેમ થશે પણ હું પાછી પાની નહિ કરૂં.

(કવિ)　　　　મરાઠી સાખી.

માતા બેની બેઉ સંતોષી, પગલાં આગળ ભરતો;
જીવને ખોવા કે પ્રભુ જોવા, વિચાર અંતર કરતો;
આવી નારી પાસ, મંદ મંદ તે કરતી હાસ્ય. આવી.

નારી પ્રભાવતિ ઘોડાની લગામ ઝાલી ઉભી રહી.

(રાણી)　　રાગ. મુખડાની માયા લાગીરે.

માથાના મુગટ મારારે, મહિલાનું માનો.
જો જાઓ તો પ્રાણ પાડુ, કહેશો કે બોલે છે આડુ;
નથી બાપે દાટયો લાડુ રે. મહિલાનું૦ ૧
રણમાં ન જવું રાખો, પોશાક ઉતારી નાંખો;
લઢવૈઆ ઘુમેછે લાખો રે. મહિલાનું૦ ૨
દિનતો દેખુ ન સારા. સ્વપ્નાં આવે નઠારાં;
રે શું ધાર્યું વિશ્વાધારારે. મહિલાનું૦ ૩
દિન સોળ દુઃખાકારી, રતુ નવ પામી નારી;
સંતતિની આશા ધારીરે. મહિલાનું૦ ૪
નર જે ઉવેખે નારી, રતુ ધર્મ ન વિચારી;
નર્કનો આધકારીરે. મહિલાનું૦ ૫
નરથી નારીનું માન, શોભી ઉઠે તે સમાન;
વિધવા વળેલુ ધાનરે. મહિલાનું૦ ૬

(સુધન્વા)હઠીલી હઠ છોડો મનથીરે, ઓ શાણી રાણી.
ચુકીને શું બોલો નારી, બુદ્ધિ તમે કાં વિસારી;
ભય જેથી થાય ભારીરે. ઓ શાણી. ૧
દિવસે દે રતુદાન, હોય જે અતી હેવાન;
પામે રક્ત શુક્ર પાનરે. ઓ શાણી. ૨

\+ અદિઠે=અદિઠ કરીને, કાયર થઇને.

દાતણુ જે કરે સહી, રવી સનમુખ રહી;
નર્કમાં જાય વહીરે. એ શાણી. ૩
નરનારી નગ્ન ન્હાય, અંગમાંથી ટળે આય;
કુંભિપાકે પડે કાયરે. એ શાણી. ૪
માનુની મારાને મન, થાય છે માન શુકન;
સાંપડશે સુખ દન રે. એ શાણી, ૫
અર્જુન હરાવી આવું, કૃષ્ણજીને તેડી લાવું:
સર્વને દર્શાવું રે. એ શાણી. ૬

સ્ત્રિની હઠ આગળ સુધન્વાનું કાંઈ ન ચાલ્યું. સુલોચના સ્વામિને બળાત્કારે મહેલમાં લઈ ગઈ અને પોતાની ધારેલી ધારણા પાર પાડી. અહીં સવા પહોર થયો ત્યારે શંખ લિખિતે રાજાને સુચના કરી કે, તારા લશ્કરમાં તપાસ કર! કોઈ યોદ્ધા રહ્યો છે? તપાસ કરતાં માલમ પડયું કે હજી સુધન્વા નથી. રાજાને ક્રોધ થયો.

[રાજા] રાગ. મામાએ ક્રોધજ કીધો.

બાળકે બુદ્ધિ બગાડી, અંતરમાં આગ લગાડી;
એણે મુકયો સિંહ જગાડી, બન્યો બ્હોત થયું મ્હોત;
એ નિશ્ચે મરશે આંય, પેણાની માંય, શકે કોણ કહાડી. બાળકે.
બાંધી આણો બાળને, પુછો સઘળી પેર;
પડો સાંભળી પુરમાં, કેમ રોકાયો ઘેર;
રહ્યો ઘેર વિચારી ન પેર, કર્યુ સૌ ઝેર. બન્યો–બાળકે. ૧
વેષ ધરે વૈષ્નવ તણો, તિલક છાપને માળ;
આજ્ઞા લોપી તાતની, ધિક ધિક છેરે બાળ;
રે બાળ આવ્યો તુજ કાળ, તેલની ઝાળ. બન્યો–બાળકે. ૨

અહિંથી સિપાઈઓ છુટયા અને નારી સુધન્વાને રજા આપે છે.

[નારી] રાગ; લાલજી ચાકડિયેથી.

સ્વામિ યુદ્ધે ચઢતાં પાછો પગ નવ જાય, એ અંતર લ્હાય.
વહેલા આવજો હો રાજ. વહેલા. ૧
સ્વામિ નારાયણને નર નિશ્ચે જીતાય, એ અંતર લ્હાય. વહેલા. ૨
સ્વામિ ગાંડિવધારી સંગે ધિર ધરાય, એ અંતર લ્હાય. લહેલા. ૩
સ્વામિ રખે રખે આ એવાતન ખંડાય, એ અંતર લ્હાય. વહેલા. ૪
સ્વામિ રખે સુખનો છેલ્લો મેળો થાય, એ અંતર લ્હાય. વહેલા. ૫

આખા લશ્કરમાં વાયકા ચાલી કે રાજા હંસધ્વજે કપરા સોગન ખા-

ધા છે અને તે કડકડતી વિજ સુધન્વા ઉપર પડી છે. અર્જુનને કાને વાત જતાં પોતાના કેટલાક છુપા માણુસો જોવા મોકલ્યા કે રાજા પોતાનું "પણ" કેવી રીતે રાખે છે.

(કવિ)　　　　　　　મરાઠી સાખી.

આશ્ચર્ય પામ્યો કુંતાકુંવરને, મનની માંહી વિચારે;
સત્ય પાળવા સતિકુંવરને, પિતા કેઇ પેર મારે;
મેલ્યા સેવક ત્યાંય, ચર્ચા જોઇને આવો આંય.　　　　મેલ્યા.

રાજાના હુકમથી અનુચરો દોડતા આવ્યા અને સામા આવતા સુધન્વાને વિપરીત સમાચાર કહ્યા. સુધન્વા ઉતાવળે આવી પિતાના ચર્ણમાં પડયો. રાજા કહે કયાં હતો અત્યાર સુધી ? સુધન્વા કહે આપની કુળ વધુ પાસે રોકાયો. પિતાજી અપરાધ ક્ષમા !

(રાજા)　　　　　　　રાગ; ક્ષત્રિ કલંક.

ધાર્યો ધર્મ તજી ધરણિધરનું ધ્યાન, પાપી તું પાપ માંહી પચ્યોરે;
માથે માર ને સુજે છે તને તાન.　　　　પાપી તું. ૧
નારી વિલાસમાં વહે તારો કાળ;　　　　પાપી તું.
કુળે અંગારો ઉઠયોછું તું તો બાળ.　　　　પાપી તું. ૨
નિશ્ચે નાણી જોયું નર્ક તણું દ્વાર;　　　　પાપી તું.
એહ યોનિમાં થશે અવતાર.　　　　પાપી તું. ૩
પુરા પુન્યથી પામ્યોછું મનુ તન;　　　　પાપી તું.
ગયો વૃથા નવ જાણ્યા ભગવંન.　　　　પાપી તું. ૪
અહાર નિંદ્રા ભોગ સર્વ યોની માંય;　　　　પાપી તું.
પણ મનુષ્ય માધવ ગુણ ગાય.　　　　પાપી તું. ૫

શુરા સામંતો જાઓ ! એ પાપીને મારા મોંકનેથી લઇ જાઓ ! અને તેલ કઢા પાસે ઉભો કરો, અને પ્રધાનજી શંખ લિખિતને પુછી જુવો કે એને કયારે નાંખવો ? રાજાના કહેવા પ્રમાણે સુધન્વાને તેલકઢા પાસે ઉભો કર્યો અને એક પ્રધાન શંખ લખિતને પુછવા ગયો, કે એને હાલ નાંખવો કે યુદ્ધ થયા બાદ ?

(શંખલિખિત) પામ્યો પામ્યો પદમણી આવી હો.

રે જારે જાજા ! પુછે શું વારે વારે; રે ધર્મ આપનો આપ વિચારે.
ધર્મજ ધાર્યો કેવો હરિશ્ચંદ્ર રાએ, અંતજ ઘેરે વેચી છે કાએ;
વત્સ દહનનું લિધું વસ્ત્ર રે.　　　　ધર્મ. ૧
બાજે ઘેરી હતી બગલાની કાએ, સત્ય ધરમ ધાર્યો શિબીરાએ;

કાયા કાપીને દીધું દાનરે. ધર્મ. ૨
પિતુ વચન પાળ્યું પરશુરામે, જશ ધર્યો જેથી જગતમાં ઝામે;
મુસ્તક માતાનુ જેણે છેદયું રે. ધર્મ. ૩
રૂખ્માંગદે રોળ્યું સુતનું શિશ, વચન વળુંદે પામ્યો અવનિમાં ઇશ;
એમ સફળ સર્વના કાજ રે. ધર્મ. ૪

શંખ લખિતનાં કહેલાં વચન પ્રધાને આવી રાજાને કહ્યાં, ત્યારે રાજાએ જાતે જઇ સુધન્વાને તેલમાં પડવાનો હુકમ કર્યો. જે વખતે હુકમ કર્યો તે વખતે અગ્નિની જવાળા ચારે પાસે ઘુમી રહી હતી અને તેલ સવા સવા હાથ ઉંચું ઉછળતું હતું.

(સધન્વા) મરાઠી સાખી.

તાતા તેલમાં તન આ તળતાં, શંખાદી સંતોશાય;
વચન પળે છે પિતુ તમારૂ, પણ દિલ મુજ દુભાય;
આશા અંતર રહી, હરી આનનની ઝાંખી ન થઇ. આશા.

સુધન્વાના શબ્દ હંસદ્વજને અસરકારક થયા, અને વળી સહજ દયા ઉત્પન્ન થઇ કે ભલે હું અર્જુનને હરાવી કૃષ્નને મેળવી એને દર્શન કરાવું પછી તેલમાં નાંખુ. આવી વાત ઉડતી શંખાલખિતને કાને ગઇ કે તરત એમણે પ્રયાણુ કરવા માંડયું, શંખલિખિત રીસાઇ જાય છે જાણી રાજા દોડતો આવી ચર્ણુમાં પડયો; અને પાછા વાળવાને કાલાવાલા કર્યા.

(શંખલિખિત) રાગ. આશાગોડી.

રહેવું ઘટે નહિ અમારે, આ અવસર રહેવું ઘટે નહિ અમારે;
હવે તાણુ ન કરવી તમારે. આ અવસર.
"પણુ" પર પાણી પોતે ફેરવ્યુ, લક્ષે ન લીધું લગારે;
સ્નેહ સાંકળીએ સજડ કરેલો, છુટે ન કોઇ પ્રકારે. આ અવસર. ૧
સત્ય ગયું પણુ સુત સચવાયો, કોક દિવસ જાણે ઠારે;
હંસદ્વજ કેમ હૈયું ન ઉઘડે, દોહેલું દેવ દરબારે. આ અવસર. ૨
સત્ય ધર્મના સંગી અમેતો, ખરીએ જુઠને ખારે;
નારીના નેહથી નર્કને શોધ્યું, વહાણુ ડુબ્યું આવી આરે. આ અવસર. ૩
માયાના મારથી જેહ મરાયો, ખરે ન લેશ ખુંખારે;
સંત ચરણુની સેવથી છુટયો, તરે ન કોઇને ન તારે. આ અવસર. ૪

(રાજા) રાગ; મારૂ સોનાનું છે બેડુરે.

મુકી મુકી મનની રીસ રે, નજર કરો નિજ દાસ ભણી.
સેવક નામે છે શિશ રે. નજર. ૧

કદી છોરૂ કછોરૂ થાય રે, નજર. માવિત્ર નહિ બદલાયરે. નજર. ૨
કરે મા ખોળે મળ મુત્ર રે, નજર. તોય સરજાવે ઘરસુત્ર રે. નજર. ૩
કદી લાવે ઠપકો ઠેશ રે; નજર. પણ મન નવ આણે લેષ રે. નજર. ૪
કદી કરે અઘટતું કાજ રે; નજર. માબાપ રખાવે લાજ રે. નજર. ૫
અંજાણે અવળું થાય રે; નજર. માતાનું દીલ દઝાય રે. નજર. ૬
બાળકમાં બુદ્ધિ થોડી રે; નજર. હું શિરનામું કર જોડી રે. નજર. ૭
હવે શિઘ્ર સુધવાને નાંખુ રે, નજર. નવ નિમેષ માત્ર હું રાખુ રે. નજર. ૮

હૈયામાં હાશહાશ ને મોઢે નાના. રાજાના સમજાવ્યાથી બન્ને પુરોહિત પાછા ફર્યા. અરે રાજા હંસદ્ધજ; સત્ય પ્રથમ અને પછી પુત્ર. શંખ કહે છે રાજા; આ લિખિતે એક વખતે મારાથી ચોરીને એક બદ્રીફળ ખાધું હતું તો મેં રાજા પાસે એનો હાથ કપાવી નંખાવ્યો હતો; પણ આખર પરમાત્માએ સારો કર્યો, અંતે સત્ય હશે તો તરશે.

અહિં ડગલે ડગલે શંખ લિખિતના કાળજાં ઠરતાં જાય છે; પણ સકળ સૈન્યામાં કોળાહળ થઇ રહ્યો છે. લોકો ચોધાર આંસુથી રૂવે છે; અને નગ્રમાં ખબર જતાં નગ્ર નિવાસીએ રાંધ્યાં ધાન મુકી દોડમ દોડ કરી મુકી છે, સર્વને સુધન્વાં ઉપર અથાગ પ્રિતિ છે. ઘેર ઘેર લાલજી-ની સેવા અને તુળસીનાં વન, તે બધો પ્રતાપ સુધન્વાનો છે.

(કવિ.) મરાઠી સાખી.

કાંઇ પ્રજા કરે પોકાર, રે થયો નગ્રમાં આહાકાર.
નગ્ર લોક કોલાહલ કરતું, નાસે બારેવાટ;
હાય સુધન્વા મરી જશે શું, રૂવે છાતી ફાટરે- થયો. ૧
વાત સાંભળી વૈષ્નવની ને, પડી પેટમાં ફાળ;
નગ્ર તણી સૌ નારી નાઠી, રોતાં મુકી બાળરે. થયા. ૨
શંખ લિખિત છે સાચા શત્રુ, વચમાં આણ્યું વિઘન;
સુધન્વાને સાટે નાંખુ, તેલ વિષે મૂજ તનરે. થયો. ૩
બિજી કહે બેની શું બોલ્યાં, લાગી લમણે ઝાળ;
રાજ બિજાને રાજા રાખે, સૌકો નાંખે બાળરે. થયો. ૪
ભક્ત વગરની ભોમી થાએ, ક્યાંથી સરજે સુખ;
સ્મશાન ભોમી જેવી શોભે, સદાય દાખે દુઃખરે. થયો. ૫

(માતા.) મરાઠી સાખી.

શબ્દ સાંભળી રૂવે સાધવી, શું દુઃખ આવ્યું બાળા;
સત્ય હશે ત્યાં શામળીઓ છે, સ્હાય થશે ગોપાળા;

પ્રભુ એનું દઃખ હરશે, તાતુ તેલ તે શું કરશે.

(બેન) રાગ. સખિ સંધ્યાએ સંચર્યાં જમુનાં જળ ભરવા.

અરજ કરૂં હું અલબેલા, તે શ્રવણે ધરજો; હાંહાં રે તે શ્રવણે ધરજો.
તેલ કઢામાં ત્રિકમ, આવી સ્હાયજ કરજો. ,, ,, ૧
સ્હાય કરી કિચક સદન, સૈરંધ્રિ સતિની; ,, ,,
ગણિકા ઘરમાં લજ્જા, રાખી તારામતિની. ,, ,, ૨
પ્રલ્હાદ પિડા ટાળી, ત્રિકમ દર્શાવી કીડી; ,, ,,
નારાયણ તુજ નામે ઉભો, એ સ્થંભને ભિડી. ,, ,, ૩
લાખા ભોવનમાં લેશ, બળ્યા નહિ પાન્ડવ ભક્ત; ,, ,,
સ્હાય સુધન્વાની એવી કરો, અવિનાશી અવ્યક્ત. ,, ,, ૪
સર્વાંતર્યામિ શામળીઆ, ભક્ત તમારો; ,, ,,
આપ અંકમાં આવ્યો છે, જીવાડો મારો. ,, ,, ૫

નગ્રની સ્ત્રિયો આદી સર્વ શ્વાસ ભર્યાં દોડતાં આવ્યાં. એક કહે અરે સુધન્વા જેવા હરી ભકતને બદલે રાજા માગે તો મારા બાળકને તેલ કઢામાં નાખુ; બિજી કહે રાજા નિર્દય થયો હવે એના રાજ્યમાં ઉભુ રહેવાનો ધર્મ નથી; એમ સર્વને આક્રંદ કરતાં જોઈ સુધન્વા ધિરજ આપે છે. અરે ભાઇઓ વિધિના લખેલા લેખ કદી મિથ્યા થતા નથી; જેનું જે નિમિત્તે મૃત્યુ હોય છે તેજ નિમિત્તે થાય છે, તેમાં આપણે શોચ કરવા જેવું કાંઈ નથી. અરે મહાન પ્રતાપિ પુરૂષો થઇ ગયા, કે જે અંકની ટંક ફેરવી શકયા નથી, અને દુઃખ સહન કર્યાં છે; તો આપણે કોણુ માત્ર !

(સુધન્વા) રાગ. પદમણી નીરખીરે સોરઠની હદમાંય.

વિધિના અંકનીરે, કદી ટંક ફરી નવ જાય.
લખ્યું હોય લેલાટ કદાપી, મિથ્યા ન થાએરી;
માંથે આવ્યું મર્ણ ન ચાલે, કંઇ ઉપાએરી;
પોલાણ શોધે પહાડનાં પૃથ્વિ પેસી જાય;
આકાશ ઉડતો ફરે સદા, મ્હોતનું ધાર્યું થાય. વિધિના. ૧
ઇંદ્રજીત આકાશ મરાયો, લક્ષ્મણ હાથેરી;
પાતાળે અહિ મહિરાવણ. એ બન્ને સાથેરી;
ઇંદ્રાસન આરોપતાં, નહુષ થયો છે નાગ;
બળથી બળીની છાતીમાં, પ્રભુએ દીધો પાગ. વિધિના. ૨
હરિશ્ચંદ્ર જે રાય અવધનો, મહાદુઃખ પામ્યોરી,
મુડદાપર રખવાળ થઇ, શ્મશાન વિરામ્યોરી;

નિચ ઘેર પાણી ભર્યાં; થઇ ડોમનો દાસ,
તારામતિ સતિ વેચાણી, ગણિકાને આવાસ.　　વિધિના. ૩
નભ ધરતિમાં નર નહિ બીજો, અર્જુન પાંખીરી,
દુઃખ પડયું તે સાવધ થઇને, લીધું સાંખીરી;
ચુડો ચાંદલો ચોટલો, બ્યંઢળજીનો વેષ,
માન્ય સમયને આપતાં, લાજ ન માની લેશ.　　વિધિના. ૪
માયાનું મંડાણ જોગણી, પાન્ડવ નારીરી,
કુરૂનંદને કેશ ખિંચિયા, રહી પોકારીરી;
કિચક કેરા કર્મથી, મહાદુઃખ પામ્યાં માત,
સમજો છો સૌ સર્વદા, ન કરો આંસુપાત.　　વિધિના. ૫

માતાનું રૂદન બેનીનું રૂદન અને નગ્રનો કોલાહલ સાંભળી સુધન્વાની સ્ત્રિ અતી આક્રંદની સાથે પશ્ચાતાપ કરવા લાગી.

(પ્રભાવતિ)　　　રાગ. પરજીઓ.

કર્મ ફરી વળ્યાં કારમાં, હાંરે સિતારામરે સિતારામરે.
પુર્વ જનમની હું પાપણી રે, ભર્યા પાપના ભંડારરે;
સ્વામિને સાલ આજ થઈ પડી, મારો નર્કે ન હારરે.　　કર્મ. ૧
રાઢય કરી રૂતુદાનનીરે, હઠ કરી ઝાલ્યો હાથરે;
માન સુકન થયા માહરા, હાય મૃત્યુ પામે નાથરે.　　કર્મ. ૨
કોમળ કાયા કળી ફુલની રે, જાણ્યો નથી જેણે તાપરે;
તેલ તાતામાં પ્રાણ કાઢતાં, દુઃખ સહેશે અમાપરે.　　કર્મ, ૩
શંખલિખિત સાચા વહેરવીરે, વળી સાસરાજી સંગરે;
રાહુ કેતુ ને વળી કશ્યપુ, તળે તેલ માંહે અંગરે.　　કર્મ. ૪
વહેરે તું આવી વિધાત્રિ રે, લખ્યા અવળા તે આંકરે;
દારા દેખું જો તને દ્રષ્ટિયે, કાપી નાંખુ તારૂ નાકરે.　　કર્મ. ૫
નાથ ગયે ગયું હાથથી રે, સુખ સ્વપ્ને ન હોયરે;
મારી મારી ફરે માતુની, તેનુ સગુ નહિ કોયરે.　　કર્મ. ૬
દાસીની દાઝય જરા જાણજોરે, એ જુગના જીવનરે;
ચુકી નથી કદી ચિત્તથી, મારૂં રાખો એવાતનરે.　　કર્મ. ૭

અરે દાસીજનો દોડો દોડો ખબર લાવો પતિની શી દશા છે. આમથી દાસીઓ દોડે છે, નગ્રના લોક પણ દોડમદોડ કરી રહ્યા છે, સર્વની આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં જાય છે; તે જોઈ સુધન્વા સર્વને ધિરજ આપે છે.

(સુધન્વા)　　રાગ; માઢ. મૃગ નયનિના ઢોલા;

અરે નગ્ર નિવાસી, ટાળો ઉદાસી, સમરો પ્રકાસી, સારિંગધારી શ્યામ;

હા હું બાળુંછુ બાળુંછુ બાળુંછુ આજે, કાચી આ કાયા તમામ. અરે,
કાચી ન સાચી દેહી આ દાઝે, કળેવર કલેશનું સ્થાન;
વહેલી મોડી પણ એ છે વિનાશી, કેમ ભૂલો તમે ભાન. અરે. ૧
આજ મરે કોઇ કાલ મરે, કોઇ ત્રિસ પચાસ કે સાઠ;
અમર નથી કોઇ અવનિમાં રહેતા, ઠાકર મારે ઠાઠ- અરે. ૨
અમર થયા જેણે જાપ્યા હરીને, ભક્તિ કરી ભરપુર;
રાત્રિ દિવસ જેણે રટયા રામને, અવરે ન ધડકે ઉર. અરે. ૩
આત્મા અસંગ ને છે અવિનાશી, છોડી દેછે આ વેશ;
અચ્છેદ ને વળી અગ્નિ ન લાગે, માટે ન કરવો કલેશ. અરે. ૪
જીર્ણ થએ જન સર્વ તજે, જેમ તજે કંચુકી સાપ;
આધિ વ્યાધિ અને ભરી ઉપાધી, અકારી લાગે અમાપ. અરે. ૫
વંટાળિયામાં વેળુ ઉડે, જેથી પવન મલિન ન થાય;
આત્મા અમર તેને બાદ ન આવે, હજાર બળે આવી કાય. અરે. ૬
સૅાગન આપુ સર્વને મારા, રખે કરો આંસુપાત;
નિચ નરોનો સંગ ન કરશો, સેવજો સંત સુજાત. અરે. ૭

સુધન્વા નાહી ધોઇ સ્વચ્છ વસ્ત્ર પહેરી તિલક ધારણ કરી પગથી નૃત્ય કરતો અને હાથે તાળોટા પાડતો પેણામાં પડવા તૈયાર થયો; એટલામાં મોટાભાઇ સુરથે આવી કહ્યું વિરા ! તારાથી આ તેલની જવાળા શી રીતે સહન થશે ! વિરા શંખ લિખિતે સારૂ ન કર્યું, અને તને તેલની પેણામાં પડતો દેખી મારૂ હૃદય કંપાયમાન થશે. સુધન્વા કહે છે વડિલ બંધુ, પુર્વની કરણી ભોગવવાની છે, એમાં એ મહંતોનો દોષ નથી; પણ એ ટહુંતો નક્કિ કે તેલમાં ત્રિલોકીનાથ પડે સ્હાય કરશે, જ્યારે ભક્તને દુઃખ પડે છે ત્યારે ભગવાન જાતે આવી તેમાથી મુક્ત કરે છે. (દ્રષ્ટાંત) એક વખતે વજીરે રાજાને કહ્યું કે, રાજાધિરાજ ભક્તને દુઃખ પડતાં ભગવાન પડે દોડી આવે છે. રાજા કહે હું એ વાતમાં શંકાયુક્ત છું. કારણ કે, હું એક રાજા છું; જેથી મને કાંઇ કાર્ય હાથે કરવું પડતુ નથી તો એ ત્રિલોકીનાથને જાતે આવવું પડે એ માનવાનું કારણ નથી.

આ વાતને થોડો કાળ વિત્યાબાદ પ્રધાને દાસીને પોતાના પક્ષમાં લીધી અને તની સાથે સંકેત કર્યો (શ્રી રામચંદ્ર ભગવાનને વનમાં મોકલતી વખત પણ દેવે મંથરા દાસીથી કામ લીધું હતું.)

રાજાનાજ છોકરા જેવો છોકરો મિણનો બનાવી રાખી જ્યારે રાજા મોટા સરોવરમાં હોડી ઝુકાવી હવા ખાવા નિકળ્યા ત્યારે પ્રધાન સંકેત પ્રમાણે કેટલાક માણસો સહિત સાથે બેઠા, અને મિણના છોકરાને ખોળામાં

આપી દાસીને એક કોરાણે બેસારી જ્યારે મધ્યે હોડી ગઇ ત્યારે પ્રધાને કહ્યું. રાજાધિરાજ વૈદરાજના ના કહ્યા છતાં, આ લુંડી પુછી હવામાં કુમારને લેઇને આવી છે. તેજ વખતે લુંડી સામી રાજાની કરડી દ્રષ્ટિ થઇ. દ્રષ્ટિ થતાં લુંડીએ છોકરો તળાવમાં ફેંકી દીધો. તેની સાથે રાજા પોશાક તથા આયુદ્ધ સહિત કુદી પડયો અને છોકરાને બહાર કાઢયો. બહાર કાઢતાં કપટ જાહેર થયું, ત્યારે રાજા અતિ ક્રોધાયમાન થયો. હે રંડા! તારે આમ કરવાનું કારણ શું! પ્રધાન કહે હજુર એ વાત પછી પણ પ્રથમ એ કહો કે આપના હુકમને માન્ય આપનારા પચાસ માણુસો બેઠેલા છતાં આપ કેમ તળાવમાં પડયા? રાજા કહે એ છોકરાને માટે મારી જેટલી કાળજી અને મારો જેટલો પ્રેમ એટલો બિજાનો નહિ, હું બીજાને હુકમ કરૂં તે માન્ય થાય તે પહેલાં હું મારૂં કામ પાર કરૂં; નહિતો વિપરિત થાય. પ્રધાન કહે તે દિવસે આપની સાથે જે વાત થઇ હતી તેનો આ જવાબ છે કે, " ભગવાન ભક્તને માટે દોડતા આવે છે. "

હે મોટાભાઇ હજી મારૂં મૃત્યુ પાસે આવ્યું હોય એમ મને ભાસતું નથી. અરૂંધતિનો અને ધ્રુવનો તારો જેની દ્રષ્ટિયે પડે નહિ, અથવા જેને દિવો અને આખો ચંદ્ર જમણે પાસેથી ખંડિત દેખાય; તેનું એક વરસમાં મૃત્યુ થાય. વળી સામાની આંખની કિકિમાં પોતાનુ પ્રતિબિંબ ન દેખાય તો એક વરસમાં મૃત્યુ થાય. માણુસ કાન્તિહિન અને બુદ્ધિહિન થાય તો ૭ માસમાં મૃત્યુ થાય. દેવની અને બ્રાહ્મણુની અવગણુના કર્યેથી કાયા સ્યામ પડી જાય તો ૭ માસમાં મૃત્યુ થાય. ચંદ્ર સુર્યમાં કરોળિયાની જાળ માફક ચક્ર દેખે તો સાત દિવસમાં મૃત્યુ થાય. દેવાલયના સુગંધિદાર ફુલને શબની વાસના સમજે તો સાત રાત્રિમાં મૃત્યુ પામે. કાન કે નાક વળી જાય, નેત્રનો કે દાંતનો રંગ બદલાઇ જાય, અથવા જે બેભાન થાય તે તત્કાળ મૃત્યુ પામે. ડાબી આંખ ઝરે અને માથામાંથી ધુમાડો નિકળે તે તરત મૃત્યુ પામે.

હંસદ્વજ કહે અરે સુધન્વા ઝટ કર! અમને વિલંબ થાય છે. પિતાનું વાક્ય સાંભળી સુધન્વા તૈયાર થયો અને લોકને ધિરજ આપવા લાગ્યો.

(સુધન્વા)   રાગ; સ્તવન મંજરી.

કૌ શામળિયાને સમરોરે; હરી હરિ.
કાંઇ કસીને બાંધો કમરોરે. હરી હરિ.
સમરણુ કરતાં શ્વાસો શ્વાસે, વિઠ્ઠલ વેળા વાળે;
ક્રોડ કલ્પનાં કિલ્મિશ પ્રભુજી, પલક પાંચમાં ટાળે;

કોટી ઉપાએ કાળ ઘેરે પણ, ખરે ખગપતિ પતિ ખાળેરે. હરીહરિ.૧
અનેક ભક્તનાં કાર્ય કર્યાં છે, છત્રરૂપ છોગાળે;
અમિ દ્રષ્ટિયે અવલોકેલો એ, ભક્તની સનમુખ ભાળે;
સુધન્વાની શાન્તિ જોઇ, જન ઢગલે આંસુ ઢાળેરે. હરીહરિ. ૨
કેવી કાન્તિ કેવી શાન્તિ, અંતર હરી વિશ્વાસ;
કેવી કરણી કુળ અજવાળ્યાં, ધન્ય હરીના દાસ;
તેલ કઢા તાતીને દેખી, તનમાં ઉપજે ત્રાસરે. હરીહરિ. ૩
કહે સુધન્વા કલેશ ન કરશો, વેઠો છે જે વેળા;
સંપી જંપી સમરણ કરજો, સર્વ મળીને ભેળા;
કાળ કૃતિ રતિ આપતણી કે, દુર્લભ મુખના મેળારે. હરીહરિ. ૪
થયું ખરૂં ને થવું એ ખોટું, રહે ન ભરૂસો પળનો;
વેદ વાણીથી અંત ન આવ્યો, કેશવજીની કળનો;
હરીભક્તને હરનિશ ઇચ્છે, સત્ય સખો વ્યંઢળનોરે. હરીહરિ. ૫
પરીક્ષત કેરા પ્રાણ બચાવ્યા, ઉતરા ગર્ભે જાણું;
ભક્ત ઉગાર્યો જયદ્રથ માર્યો, સખ્ય સાચવ્યું ટાણું;
ચિર ચિર તંતુને બદલે, નવસેં ને નવાણુંરે. હરીહરિ. ૬
ગ્રાહ ઝપટથી ગજ મુકાવ્યો, વિજળી વેગે આવી;
જ્ઞાન દેવનું જ્ઞાન દિપાવા, માટી ભિંત ચલાવી,
આજ દાસન દુઃખ પડે છે, આળસ તમને આવીરે. હરીહરિ. ૭
ચત્રુભૂજ ચંદ્રહાસ ઉગાર્યો, ચંડાળ ચિત્તમાં પેસી;
વિષને બદલે વિષયા દીધી, નાર વાસુકી કેશી;
ભક્તની ભિડે દોડો દયાળુ, આજ રહ્યા શું બેસીરે. હરીહરિ. ૮
સ્નાન કર્યું શિતળ જળ લઇને, સ્વચ્છ વસ્ત્રને ધારી;
તિલક કેશરી તુલશી માળા, પહેર્યાં હર્ષ વધારી;
નાચ કરે થન થન થન થન, ગાય ગોવિંદને ગિરધારીરે. હરીહરિ. ૯
કંઇક લોક તો કરે કિકિયારી, તેલ કઢે છે કેવું;
શંખ લિખિત શત્રુ પર ભવના; રખે! બોલતા એવું;
હરી ઇચ્છાએ તેલ થયું, એ હિમ ગંગજળ જેવુંરે. હરીહરિ. ૧૦

(કવિ.) મરાઠી સાખી

જવાળા લાગે ખળકા વાગે, ઉડે ધુમ્રના ગોટા;
સુધન્વા શામળીઓ સમરે, કર પાડે તાબોટા;
[1]ઉછળ્યો ઉમંગે, શિત ચઢી ગયું સર્વાંગે. ઉછળ્યો.

---

૧ કુદી પડયો.

દેવાંગ્નાઓ દોડી આવી, કુસુમની વૃષ્ટિ કરતી;
ચંદ્ર તેજને કરમાં ન્હાવા, સમુદ્ર પામે ભરતી;
સૌ લાગ્યા નમવા, જે જે ભક્ત સુધન્વા. સૌ.

[સુધન્વા]　　　　ઇશ્વર સ્તુતિ.

રાગ, કવાલી, તાલ દાદરો.

જગ [૧]જ્યોતિ સ્વરૂપ દિખાય દિયો, તારા રૂપમાં વારી શામળીઆ. હારિહાં.
અતિ આનંદ રૂપ સઃવાસ કિયો, તારા રૂપમાં વારી શામળીઆ. હારિહાં.
શોભે શ્રષ્ટિ સકળમાં ઉજાશ અતી, તારો મહિમા ન જાણે મુઢ મતિ;
તારૂ કથન કરી ન શકે કવિયો. તારા રૂપમાં. ૧
ન્યારો રહીને નચાવેછે નાચ સહી, વળી બદલાવે વેશ તું બાજુ રહી;
ખર ખગ મનુષ કિડી કપીઓ. તારા રૂપમાં. ૨
સારી શ્રૃષ્ટિ નિભાવાને વૃષ્ટિ કરી, આંખે દેખુ તે ઉપયોગી જરીએ જરી;
કાઢ્યાં રત્ન અમુલ્ય દધિ મથીઓ. તારા રૂપમાં. ૩
તુને નાથ અનાથોનો જાણ્યો નકી, તારી પતિત પાવન કૃતિ થકી;
ભવસિંધુ તર્યો જો તુને ભજીયો. તારા રૂપમાં. ૪
ખરે ભક્તને આધિન ભૂધરજી, આવ્યા શિઘ્ર સકળ તજીને હરજી;
મુને માધવજી ધરનો ગણીઓ. તારા રૂપમાં. ૫
હુંતો દાસ તમારાનો દાસ ખરો, પદરજથી ન કરશો અણું પરો;
બાપુ બેલી વિના હુ સદા બનિયો. તારા રૂપમાં. ૬

[કવિ.]　　　　મરાઠી સાખી.

ડુપકી ખાએ ઉંચો થાએ, તેલ ઉછાળે મુખે;
શંખ લિખીત રહ્યા સામુ ભાળી, ન્હાય સુધન્વા સુખે;
શિઘ્રે કીધી સ્નાન, ન્હાવા આવો શ્રી ભગવાન. શિઘ્રે.

સુધન્વાને તેલમાં ન્હાતો જોઈ સર્વને હર્ષ થયો, હંસદ્વજ વિસ્મય

જ્યોતિ સ્વરૂપ ભગવાન=આપણી આંખોમાં તેજ છે પણ જ્યોતિ[સુર્ય] વિના એટલે અંધારે કાંઈ સુજતું નથી. માટે સુર્ય છે એજ જ્યોતિ છે. સઘળુ દર્શાવનાર છે. સુર્ય ન હોય તો ચંદ્ર જ્યોતિ, ચંદ્ર ન હોય તો નક્ષત્ર તારા દિવો દેવતા મણિ વિગેરે, તે ન હોય તો શબ્દ સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ, જ્યોતિ. પણ જ્યાં જાગ્રતના વ્યવહાર બંધ થાય છે, અને ઘોરનિદ્રામાં સ્વપ્ન આવે છે તેનું જાગ્રતમાં ભાન કરાવનાર આત્મજ્યોતિ ભગવાન દિવા રૂપ છે, અને જેનું તેજ સુર્યનારાયણ કરતાં પણ અધિક છે. તે જગજ્યોતિ છે; મન બુદ્ધિ ને પ્રકાશ કરનાર તેજ છે.

થઈ ગયો. દેવાંગ્નાઓએ પુષ્પથી વધાવ્યો, પણ શંખ લિખિતે હઠ મુકી નહિ. જ્યારે સુધન્વાએ સાન કરી બોલાવ્યા; ત્યારે હંસદ્વજે કહ્યું મહારાજ આપને સ્નાન કરવા બોલાવે છે.

શંખ કહે અરે રાજા શું વિચાર કરેછે! હજી તેલ હુનું થયુંજ નથી. રાજા કહે શું બોલો છો! આ દશ વાંસપુર દુર છેટા ઉભા રહેતાં તાપ સહન થતો નથી, તે તેલ તાઢુ કહો છો એ કેમ મનાય! શંખ કહે લાવો પરીક્ષા કરીએ; મંગાવો શ્રિફળ! શંખ કહે જો આ શ્રિફળ તેલમાં પડતાં તેના કડકા થાય તો જાણવું કે તેલ હુનું નહિતો શિતળ છે. તેલની જવાળાને અડતાંજ બે ભાગ થયા; એક કાચલુ શંખના કપાળમાં અને બિજું લિખીતના કપાળમાં વાગ્યું તેજ વખત લોહીની ધારાઓ ચાલી.

(કવિ) મરાઠી સાખી.

તેલ જવાળાએ શ્રિફળ ફાટયું, શંશય સર્વના ભાગ્યા;
શંખ લીખીતના કપાળ મધ્યે, ઉડી કાચલાં વાગ્યાં;
ચાલી લોહીની ધાર, સૈન્ય સકળમાં જય જયકાર. ચાલી.

શંખ લિખિત શરમિંદા થઇ ગયા, અરે આપણે પ્રભુ ભક્તનો દ્વેશ કર્યો. હવે આપણે જીવીને શું કાર્ય કરવાનું છે. અરે સુધન્વાની દ્રઢ ભક્તિ અને ઇશ્વરની અકળ લિલાને આપણે ન જાણી. એમ વિચારી બન્ને તાવડામાં કુદી પડયા; સુધન્વાની સાથે એ પણ ઉગર્યો. "કેળ વળુદો એરંડો પાણી પીએ" એમ નહિ; કારણકે હરીની લીલા તો એવી છે કે ફુલની જેટલી પાંખડી એટલા રંગ, પણ બન્ને જણે દીનતા પદ ધારણ કર્યું માટે ઉગર્યા.

તાતા તેલમાં નાહી સુધન્વા બહાર નિકળ્યો, અને પિતાની આજ્ઞા લઇ રથે ચઢી યુદ્ધમાં પ્રથમ જઇ ઉભો. સુધન્વા આવ્યો જાણી *ગુડાકેશ ગભરાયો અને પોતાની સેનાના યોદ્ધા સામુ જોવા લાગ્યો. અર્જુનના મનના વિચાર સમજી વૃષકેતુ તૈયાર થયો. અને સુધન્વાની સનમુખ ગયો. બન્ને સામસામી દિપવા લાગ્યા.

વૃષકેતુ કહે અરે સુધન્વા ત્હારી બુદ્ધિ કયાં ગુમ થઈ ગઇ! જે પિતાએ તને તેલમાં તળ્યો; એજ પિતાનું હિત કરવા અને રાજ્ય અપાવવા રણસંગ્રામમાં હાજર થયોછું? શરમ છે શરમ? સુધન્વા કહે વૃષકેતુ તારે મુખે આવું ભાષણ ઘટીત નથી, એમાં તારો દોષ નથી. પણ તારા બાળપણનો દોષ છે; હજી તારી અણસમજણ છે. અરે વૃષકેતુ એ પીતા અને હું પુત્ર; એ જે જે ફરમાવે તે તે આજ્ઞા ઉઠાવવી એ મારો ધર્મ છે, માતા પિતાની આજ્ઞાનું ઓલંઘન કરનાર પુત્ર રવરવ નર્કનો અધિકારી

* ગુડા=નિંદ્રા. નિદ્રાને જીતેલો, એટલે અર્જુન.

થાય છે; મારો અપરાધ થયો અને મને સજા થઇ. વગર કારણે મને તેલમાં નાંખ્યો નથી: કે મને પિતાના ઉપર વહેર ઉત્પન્ન થાય. પણ ધિક્કાર છે તારી જાતને કે તેં અર્જુનની પક્ષ કરી, કે જે અર્જુને તારા બાપ કરણને કુરૂક્ષેત્રના મેદાનમાં રથના પૈડા પાસે મારી નાંખ્યો.

આ પ્રમાણે બંને હાંહાંતુસ કરતા હથિયારે આવ્યા અને ઘોર યુદ્ધ થતાં વૃષકેતુ હાર પામ્યો. વૃષકેતુ હાર્યો જોઈ અર્જુન પંડે યુદ્ધે ચઢયો. અર્જુનને દેખી સુધન્વાના સૈન્યમાં ઉલ્કાપાત થયો, સર્વે ત્રાસ પામી ગયા.

(સુધન્વા) મરાઠી સાખી

કુન્તિ કુંવરને કહે સુધન્વા; સમરો અખિલ નીવાસ;
સવ્યસાચિ તને સત્ય કહું છું, જાણજે સ્વર્ગમાં વાસ;
હોય જીવવા મન, રથપર લાવો જુગજીવન. હોય.

હે અર્જુન ? જ્યાં સુધી તારા રથ ઉપર ભગવાન નથી ત્યાં સુધી તારો કાળ નજીક છે એમ સમજી રાખજે. અર્જુન ? કૃશ્નની સ્હાય વિના મને જીતવા તું સમર્થ નહિ થાય. અર્જુન કહે સુધન્વા બોલવું બંધ કર ? અર્જુનનું પ્રાક્રમ તેં કાને સાંભળ્યું નથી.

(અર્જુન) રાગ, ક્ષત્રિકલંક

જ્યારે મુકાવી મેં વિરાટની ગાય, કૃષ્ન શું મારી સાથે હતારે ?
જીતી ભિષ્મ દ્રોણ કર્ણ અને [1]રાય. ,, ૧
હરી દ્વારીકાથી સુભદ્રા રૂડી નાર; ,,
નહિહો સાહે મારી યાદવ અપાર. ,, ૨
રાખ્યા ઇંદ્ર [2]આદિ અગ્નિ અને સોમ; ,,
માર્યા નિવાતકવચ ને પૌલોમ. ,, ૩
હાર્યા શંકર શરયાયા થઈ કિરાત; ,,
કરી નાખી હોત ઘડી માંહે ઘાત. ,, ૪
ત્રાણ ત્રાણ પામ્યો ગાંધ્રવ ગગન; ,,
ઘોષ યાત્રામાં બચાવ્યો દુર્યોધન. ,, ૫

(સુધન્વા) રાગ, ડરમાં તું દીલ સાથ.

છાજે નહિ અભિમાન, ભક્તને છાજે નહિ અભિમાન;
કેમ ભૂલ્યા ભક્ત થઈ ભાન. ભક્તને.
છો અહંકારી, ભય થાશે ભારી;
અહંકારીથી હરી અળગા રહે છે. વેદ પુરાણને શાસ્ત્ર કહે છે;

---

૧ રાય=દુર્યોધન. ૨ આદી=સુર્ય.

આપ મુખે આવો બોલ ન છાજે, ત્રિલોકી નાથ તમો થકી લાજે;
ભગવાનના સખાભક્ત થઇ શું બેઠા છો, શું બની ગયા હેવાન. ભક્તને. ૧
હું હું ને મારૂં, લાગે અહારૂં;
કર્તુ અકર્તુ અન્યથા કર્તુ, તમથી ન વૃક્ષનું પત્રજ ખરતું;
ખર્યું ખરે પાછું કહો કોણ ચોઢે, ઠાલુ શું થુંક ઉડાડવું મોડે;
આત્મતત્વને નથી જાણતા એજ અફસોસ, ગર્વમાં રહો ગુલતાન. ભક્તને. ૨
હરીથી અળગા, વૃક્ષને વળગ્યા;
વૃક્ષે ઉંધી જેવી વાગોળો લબડે, આભને ધરતિની વચમાંહી હબડે;
હરીની સ્હાય વિના ઉકલે ન આંટી, જન્મ મરણ તણી જબરી આ ઘાંટી;
રથ ઉપર ભગવાનને વિરાજમાન નહિ કરે, તો જાશે તુજ જાન. ભક્તને ૩

અર્જુન કહે સુધન્વા મિથ્યા ભાષણ કર્યે શું વળવાનું હતું જેટલું શુરાતન હોય એટલું બતાવ ! પછી હુંપદ કર. વૃષકેતુ તો ગમે તેટલું પણ છોકરૂ. હવે તું છોકરાની સનમુખ નથી નરની સનમુખ છું ! અર્જુનના શબ્દ સાંભળી સુધન્વા પુરા શુરાતનમાં લઢવા લાગ્યો; બન્ને વિરના બાણના સનનાટા, ગેડીને ગુરંજના પ્રહારના ભયંકર અવાજ થવા લાગ્યા બેઉ શુરાનું યુદ્ધ જોઇ બીજા શુરવિરોએ માન મુકી દીધાં.

રાગ, મારો મારો સંભળાય.

મારો મારો સંભળાય, ધરણી લાગી ધ્રુજવાને ઉથલ પાથલ થાય.
હાસ્ય કરી હંસધ્વજનો તન, સામાં પગલાં ભરતો;
સિંહની માફક કરે ગર્જના, દીલમાં જરા ન ડરતો. મારો મારો. ૧
પુંછે અડતાં ફ્નંગ ઉછળે, વદને વિષ ઉછાળે;
સુધન્વા સેન્યામાં ઘુમે, ગરજે શસ્ત્ર ઉઘાડે. મારો મારો. ૨
ગુરંજ ગેડી ગોફણ ગુપ્તિ, ઉછળે શસ્ત્ર અનંત;
છરા પટા તલવાર ત્રિશુળ બાણ. ખેંચે રાખી ખંત. મારો મારો. ૩
મુગદર મોટા હળ કુહાડા, અંકુષ ભાલા ફરશી;
કર્વત કોદાળી પથ્થર પડતા, દંડ રહ્યા છે વરસી. મારો મારો, ૪
શસ્ત્ર પ્રહાર સુધન્વા કરતો, સિંહ સર્વને ભાસ્યો,
અંત આણવો બાકી રાખ્યો, અર્જુન અંતર ત્રાસ્યો. મારો મારો. ૫

અર્જુન—હે અનાથના નાથ ! હે અશર્ણાશર્ણ હે ત્રિભોવનપતિ દોડો દોડો ! સ્તવન થતામાં શ્રી શામળીઆ ભગવાન ગોવર્ધનધારી ગરૂડ ઉપર સ્વાર થઈ દોડતા આવી અર્જુનના રથ ઉપર હાજર થયા; અને ઘોડાની લગામ પકડીને બેઠા.

સ્યામસુંદિરને દેખી સુધન્વા હથિયાર ફેંકી દઇ દંડવત્ત પ્રણામ કરી ઉભો રહ્યો, અરે હે જગદિશ્વર મારો મનુષા દેહ અવતાર સફળ થયો.

અર્જુન કહે સુધન્વા હથિયાર પકડ હથિયાર પકડ ! સતિનો પુત્ર થઇ કાયર ન થા ! ક્ષત્રાણીનો પુત્ર થઇ પાછી પીઠ ન કર ! અરે શૂરો થઇ મરવાથી ન ડર ! સુધન્વા કહે હે સમર્થ, હે ગાંડિવપાણી ! હું કાયર નથી પણ હવે યુદ્ધથી પ્રયોજન શું ? જેને માટે યુદ્ધ કરવાનું હતું તે ત્રિલોકીનાથનાં દર્શન થયાં; અને જે માટે જન્મ ધારણ કર્યો તે અનાથના નાથનાં દર્શન થયાં; હવે હું હથિયાર ઝાલવાનો નથી. અર્જુન કહે અરે સુધન્વા પ્રથમના ઉચ્ચાર કેવા ગર્વના થતા હતા અને હવે કાયરના કેમ થાય છે ? નિશ્ચય છે કે હવે તું જીતી શકવાનો નથી. સુધન્વા કહે હા નથીજ ! આપતો સમર્થ છો અને હું તો બાળકછું. અરે સમર્થ નહિ પણ અતી સમર્થ છો. મારી જીંદગીમાં આજજ હું હરી દર્શન કરૂંછું; અને આપે તો પોતાનાજ કરી રાખ્યા છે, તેથી હું આપને મહાસમર્થ સમજુંછું. અર્જુન કહે જો ખરો ક્ષત્રિનો બાળ હોય તો હવે લાયરી મુકી દઇ હથિયાર પકડ ! અર્જુનનાં વચન સાંભળી સુધન્વાએ હથિયાર ઝાલ્યાં. અરે હવે મૃત્યુ થશે તો પણ શું ! હવે શું કરવું બાકી રહ્યું છે, જન્મનું સાર્થક તો થઇ ચુકયું. સુધન્વાના હાથમાં હથિયાર જોઇ અર્જુન બોલ્યો. હે વિરવર, હું પ્રતિજ્ઞા કરીને કહુંછું કે ત્રણ બાણમાં તારા ધડ ઉપરથી મુસ્તક જુદુ ન પાડુ તો મારો ચંદ્રવંશ નર્કે જાય ! પ્રતિજ્ઞા સાંભળી પ્રભુએ અર્જુન સામુ જોયું. અરે અર્જુન તેં સારૂં ન કર્યું. સુધન્વા તો મને પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છે. સુધન્વા કહે હે અર્જુન, જે ત્રણ બાણથી તુ મને સ્વર્ગે પહોંચાડવા પ્રતિજ્ઞા કરે છે તેજ ત્રણ બાણના કડકા ન કરી નાંખું તો મારો સુર્યવંશ નર્કે જાય, અર્જુન કહે અરે અવિચારી ! સુર્યવંશ નર્કે જવાનો છે.

સ્વર્ગમાં ચંદ્ર અને સુર્યવંશના સ્વર્ગવાસી રાજાઓ કોણ નર્કે જાયછે, તેની રાહ જોતા ઉભા; વળી સુંર્ય ચંદ્ર પણ સન્મુખ જોઇ રહ્યા. અર્જુને કાળચંદ્ર બાણ સાંધ્યું અને તેમાં કૃષ્ણાઅવતારનું પુન્ય મુકયું. બાણ છુટતાં સર્વ જણને એમ ભાસ્યું કે હમણાં સુધન્વા મરાશે; પણ સુધન્વાના સામા આવતા બાણથી અર્જુનના બાણના બે કડકા થયા. શ્રી કૃષ્નના કહેવાથી અર્જુને બીજુ બાણ સાંધ્યું અને તેમાં ફરશુરામ અવતારનું પુન્ય મુકયું. તેના પણ સુંધન્વાએ બે ભાગ કર્યા. અર્જુન ગભરાયો અને ચંદ્રવંશ નર્કે જશે એવી ભિતિ પેઠી. ભગવાને પાછુ વાળી જોયું અને અર્જુન

પાસે બાણ માગ્યું અને બાણ લઇ રામા અવતારનું પુન્ય મુકયું; ત્રણે ભાગમાં બ્રહ્મા વિશ્નુ અને મહેશ્વરની સ્થાપના કરી, વચ્ચે સુધન્વાનો કાળ નિર્માણ કરી અર્જુનના હાથમાં આપ્યું. અર્જુન કહે સુધન્વા આ બાણથી નિશ્ચય તારો કાળ થવાનો છે. સુધન્વા કહે જેણે આંકયુ તેણે ટાંકયું એમાં તમે શું પ્રાક્રમ કર્યું ? પણ યાદ રાખજે અર્જુન ! એ બાણ જો ન છેદુ તો સુર્ય ચંદ્રની સાક્ષિમાં પૃથ્વિ ઉપર થતાં સઘળાં પાપનો ભાગિદાર હું થાઊં.

અર્જુન—અરે ત્હારાથી બાણ છેદાવાનું નથી અને મિથ્યા પાપની ગાંસડી ઉઠાવવાની છે, કાર્ય કરી શકાય તો બોલવું નહિતો મૌન રહેવું એ મોટાઇનું લક્ષણ છે.

(સુધન્વા.) રાગ; ક્ષત્રિ કલંક.

કદી તોડુ નહિ તારૂ આવ્યુ બાણ: એ પાપ મારે શીર લેઉ રે.
જે કો જનમીને જુઠી બોલે વાણ. એ પાપ ૧
મિત્રદ્રોહ સ્વામિ ગુરૂદ્રોહ કેરૂં, એ પાપ.
ઘાત વિશ્વાસનું પાપ ઘણું ઘેરૂ. એ પાપ. ૨
બ્રહ્મહત્યા અસ્ત્રિહત્યા હત્યા બાળ; એ પાપ.
ગૌની હત્યા અને આત્માનો કાળ. એ પાપ. ૩
કરે સાધવી નારીનો કોઇ ત્યાગ; એ પાપ.
વિના અપરાધે લગાડે જઇ આગ. એ પાપ. ૪
કન્યા પૃથ્વિ અને વેચે કોઇ ગાય; એ પાપ.
અસ્ત્રિ પુરૂષ નગ્ન થઇ ન્હાય. એ પાપ. ૫
દાન દેઇને વખાણ કરે આપ; એ પાપ.
પૂત્રિ વેચ્યાનું છે અતી ઘણું પાપ. એ પાપ. ૬
માણે મોજ કરે નારી વ્યભિચાર; એ પાપ.
શિરે સ્યામ ખોટી સાખ્ય પુરનાર. એ પાપ. ૭
નાંખે ગંગા માંહે મળ અને મૂત્ર; એ પાપ.
વ્યભિચારીણી માતાનો મુવો પૂત્ર. એ પાપ. ૮
થયો સંન્યાસી ને વૃત્તિ કરે કામ; એ પાપ.
દોષ માર્ગમાં ખરચાય દામ. એ પાપ. ૯
ચોરી ચાડી કરી પરને આપે દુઃખ; એ પાપ.
શુરા સમજી લેજે બોલુ મારે મુખ. એ પાપ. ૧૦

અર્જુન કહે આજે પ્રાશ્ચિત ભોગવવાનું છે અને નર્કે જતા સુર્ય વંશને નજરે જોવાનું છે. સુધનવા કહે કહી દેખાડયા કરતાં કરી દેખાડવું એજ ઉત્તમ; અર્જુન કહે જોજે આ બાણ આવેછે, સાવધ રહેજે !

(કવિ)　　　　મરાઠી સાખી.

દિશા ડુલાવે ભાન ભૂલાવે, જેવી ઉઠે આગ;
સુધન્વાએ સન્મુખ નાંખી, કરીઆ છે બે ભાગ;
જુક્તિ કીધી જુગદીશ, સુધન્વાનું છેદયું શિશ.　　　　જુક્તિ.

સુધન્વાના બાણુથી અર્જુનનું બાણુ છેદાયું તો ખરૂં. પણ એક ભાગ પૃથ્વિ ઉપર પડયો અને બિજા ભાગે સુધન્વાનુ મુસ્તક ઉડાડયું; તે જઇ હંસદ્દૂજના ખોળામાં પડયું.

(રાજા)　　　　રાગ. વેરાવળ.

શુંરે થયુ અરે શામળા.
સુત મરાયો સર્વદા, મારો વૈશ્નવ જન;
વિયોગ થયો મુજ વહાલાનો, કેમ વાળુ મન.　　　　શુંરે. ૧

(પ્રધાન) શોક ઘટે નહિ સંતને.
વિયોગ જનક બાધુ વિશ્વ છે, ક્રમે સર્વનો કાળ;
વારે ફેરે સૌ જાય છે, એવી છે ઘટમાળ.　　　　શોક. ૨

(રાજા) સાધુ પુરૂષ એ સુધન્વા, મારા કુળનું તેજ;
હું ન મુવો હિનભાગીઓ, પામ્યો મૃત્યુ એજ.　　　　શુંરે. ૩

(પ્રધાન) સુત સમરે શ્રી કૃશ્નને, લજજા છાંડીને લોક;
પ્રભુ પદરજને પામીઓ, તેમાં શાનો શોક.　　　　શોક. ૪

(રાજા) દિલ દાઝે દિન રાતમાં, દારૂણ કરીઓ છે દોષ;
પુત્રને પેણુામાં નાંખીઓ, તોએ નથી એને રોષ.　　　　શુંરે. ૫

(પ્રધાન) પુત્ર જે પાપ કરી અતી, જાય જમપુર માંય;
દુઃખ મનાએ મનાં, કાંઇ સમજો રાય.　　　　શોક. ૬

રાજા હંસદ્દૂજના ખોળામાંથી રામ કૃશ્ન ગોવિંદ ઉચ્ચાર કરતું મુસ્તક કૃશ્ન પરમાત્માના ખોળામાં જઇ પડયું, સુધન્વાનું મુસ્તક જોઇ પ્રભુની આંખમાંથી આંસુ આવ્યાં. ભગવાને મુસ્તક ગરૂડની સાથે ગયા કુંડ મોકલાવ્યું. ત્યાર પછી સુરથની સાથે સંગ્રામ કર્યો. મહા પ્રયત્ને એક વખત અર્જુને સુરથનો રથ ચાર ગાઉ ઉડાડયો; અને સુરથે અર્જુનનો રથ ચાર આંગળ હઠાવ્યો, ત્યારે ભગવાને સુરથને શાબાશી આપી. અર્જુન પુછેછે મહારાજ એને વાહ કેમ; અને મને નહિ ? ભગવાન કહે અર્જુન તારા રથ ઉપર હું ચૌદ બ્રહ્માંડનો ભાર લઇને બેઠોછું નહિતો સમુદ્રના પાર જઇને તું પડત. સુધન્વા કરતાં સુરથ અતિ પ્રાક્રમિ છે, તેના બળને સ્વર્ગના દેવતા વખાણે છે જો આ વખતે હું તારા રથ ઉપર હાજર ન

હોઉ તો, ભાગ્યેજ તું સજીવન ઘેર જાય. પ્રભુ અર્જુનને સુરથના બળથી માહિતગાર કરે છે. એટલામાં સુરથ અતી પ્રહાર કરવા લાગ્યો, પ્રચંડ બાણો ફેંકવા લાગ્યો; પણ જેને શ્રી હરી સ્હાય છે તેને કોણ જીતનાર છે. અર્જુને સુરથનું મુસ્તક છેદી નાંખ્યું. તે વખતે ધડ ઉછળીને અર્જુનની છાતીમાં પછડાયું અને તેને એક પહોર મુર્છામાં નાંખ્યો.

ઇશ્વર કૃપાથી અર્જુને સુરથને યુદ્ધમાં માર્યો; તેનું મુસ્તક પણ ગયા કુન્ડમાં નાંખવા મોકલ્યું. એ બેઉ મુસ્તક શંકરે નંદી પાસે મગાવી પોતાની ડોકમાં ધારણ કર્યાં હંસદ્વજ ઘોડો આપી નમ્યો. પ્રભુને નગ્રમાં લઇ જઈ સર્વને દર્શન કરાવી પોતે સેવા કરી કૃતાર્થ થયો. શ્રી કૃષ્ને હંસદ્વજની આસના વાસના કરી ધિરજ આપી, પૂત્રના શોકથી મુક્ત કર્યો.

(કવિ) ગીતી.

પ્રભુએ પણ તો રાખ્યાં, બેઉ ભક્તના પુર્યા છે કોડ;
એવા હરીને જોવા, ઝટ સૌ બોલો જયજય રણછોડ.

રાગ; ગુજરી.

ભક્તને માર્યો સ્વહસ્થે તાર્યો, ચૌદ ભોવનના ભૂપરે;
સુરથે યુદ્ધ કર્યું સનમુખ રહી, કરીઓ આપ સ્વરૂપરે. ૨
મુસ્તક લેઈ મહાદેવે નાંખ્યાં, ગળે રૂંઢની માળરે;
સતિ નામની ધ્વજા ઉડાડે, શશિને ધારે કપાળરે. ૨
ભક્ત સુધન્વા ચરિત્ર અદભૂત, શ્રવણ ધરે કે ગાયરે;
કહેણી તેવી રહેણીથી, પુરૂષોતમ લાગે પાયરે. ૩
સેજે મળે જો શામળીઓ તો, કદી ન છોડુ છાલરે;
પણ એવી કૃતિ તો કયાંથી આપણી. કહેછે બાપાલાલરે. ૪
પણ ધિરજનાં ફળ છે મિઠાં, પ્રભુ પુરશે કોડરે;
એકવાર હરિજન સૌ બોલો; જય જય શ્રી રણછોડરે.

શામળશાનો વિવાહ.

રાગ. પરદારાથી દૂર દૂર દૂર.

રટો નિરંતર રામ રામ રામ, રસના રટો નિરંતર રામ.
રામ રટણ રસના જો રાખે, તાપ ત્રિવિધિ કાપી નાંખે;
શાન્તિ પામે શત્રુ આદિ, કામ કામ કામ. રસના. ૧
કળિયુગમાં કિર્તન તરવાને, અંગ મળ્યું શુભ આચરવાને;
જપો જીભથી એક ન બેસે, દામ દામ દામ. રસના. ૨

સાધુ સંત હાકેમ અધિકારી, ૠષિ મુનિને ભક્તાચારી;
નથી ઈજારે નિરમ્યું કોઇએ, નામ નામ નામ.　　　　રસના. ૩
સ્વતંત્રતા જોઇએ નહિ તનની, થેલી નવ જોઇએ વળી ધનની;
કેદી કેદમાં સમરે, આઠુ જામ જામ જામ.　　　　રસના. ૪
હરિભક્ત જનમ્યો જે કુખે, કોટ કલ્પ વામા રહે સુખે;
ઈંદ્રાદિ દેવો ઇચ્છે, એ ઠામ ઠામ ઠામ.　　　　રસના. ૫
રહી જગ્તમાં મિથ્યા જાણે, નારાયણ વિન નજરે નાણે;
એવા નરને આધિન. સુંદિર સ્યામ સ્યામ સ્યામ.　　　　રસના. ૬
નાત નાગરી નરસિંહ મહેતા, સાઠ ઘડી સમરણમાં રહેતા;
શામળશા પરણાવ્યો, પુરી હામ હામ હામ.　　　　રસના. ૭
ચોરાશીના ચાક ફરીને, બાપુ ન બેઠો ઠામ ઠરીને;
દયા કરીને રાખો ઠરાવી, ગુલામ, લામ, લામ.　　　　રસના. ૮

(કર્તા)　　　　દોહરો.

શ્રિ ગુરૂ ગણપતિ સારદા, એકલશ્રંગિ ઇશ.
દાસ દીન થઇ મુકતો, ચરણ કમળમાં શિશ.　　　　સિયાવર.

(કવિ)　　　　ગિતિ.

વડનગરના રહેવાશી, સુખ વિલાષી મદન મહેતા નામ;
રાજ્ય સભામાં શાણા, હરીએ અરપ્યા હામ ઠામ દામ.

મદન મહેતા વડનગર દરબારના કારભારી નાગર બ્રાહ્મણ સદગ્રહસ્થ સાત લાખની પુંજીવાળા હતા. તેમને એક દિકરી નામે જુઠી જ્યારે ઉમ્મર લાયક અને પરણાવા લાયક થઇ ત્યારે મહેતીએ મહેતાને આજીજી કરી કે સ્વામિનાથ આ પુત્રિ પરણાવીને પારકી કરો.

(કવિ)　　　　મરાઠી સાખી.

કમળકળી સમ કંન્યા કુંવારી, જુઠી જેનું નામ;
રાત્રિ દિવસ હ્રદયામાં ચિંતા, નવ સુજે કાંઈ કામ;
નારી શિરનામી, કરો પુત્રિ પરની સ્વામિ.　　　　નારી.

ઉત્તમ કુળના રીવાજ પ્રમાણે અને ગ્રહસ્થાઇના લક્ષણ પ્રમાણે મદન મહેતાએ પોતાના કુટુંબના, મોશાળ પક્ષના અને સસરાના પક્ષના વૃદ્ધોને એકઠા કરી સલાહ પુછી. આ દિકરીને ક્યાં પરણાવીશું ?

(કવિ)　　　　રાગ. ત્રિતાળ ચોપાઈ.

મહેતા મદન વિવેક વિચારે, પુત્રિ પારકી કરવાનું ધારે.　　　　૧
થયા વૃદ્ધ વડિલ સૌ એક, તુચ્છ લક્ષ્મિને તારણ ટેક;

પૂછ્યો—નાતી મોટી ને નાગર સારા, મળશે મુરતિયા કંઇક કુંવારા. ૩
જુનાગઢમાં આપણી ન્યાતના ઘણાં ઘરછે, ત્યાં જેવા જોઇશે એવા વર મળશે.
મહેતી મઇડ કરી મુખ બોલે, નહિ કોઇ નાગર આપણી તોલે. ૪
નહિ કોઇ ક્રોડપતિ કે લાખ, રાજદ્વારી કે સારી સાખ. ૫
સ્વામિ શોધો તમારા સરખો, નાણું નાણાવટી થઇ પરખો. ૬
કાચા કુંદને જડવો હીરો, પાડયા પેલ સરાણીંઓ ધિરો. ૭
૨૫ ગુણમાં ન જોઇએ ખામી, કુળવાન કન્યાનો સ્વામિ. ૮

મદન મહેતાએ પોતાના દિક્ષિતને બોલાવી કહ્યું, તમે જુનાગઢમાં જાઓ; ત્યાં આપણી ન્યાતનાં સાતસેં ઘર છે; માટે સારો વર અને સારૂ ઘર જોઇ વિવાહ કરીને આવો: હું તમને મારા મિત્ર સારંગધર મહેતા ઉ-પર ભલામણનો કાગળ લખી આપું છું.

(મદન) મરાઠી સાખી. પત્ર.

સારંગધર મુજ મિત્રજ શાણા, વાત વિચારે સેજો;
દિક્ષિત આવ્યો પત્રજ લાવ્યો, મદદ માગે તે દેજો;
બેટી તમ તણી, બુદ્ધિશાળી જો જો બાળા ભણી. બેટી.

(કવિ) રાગ; પંડિતકે બચન.

મહેતા મદન પાસથી, કાગળ ઝડપ્યો હાથે;
વળી કમર કસીને; મંદિલ બાંધી માથે. ૧.
પહેરી પોશાક સારો, બેઠો રથ મોઝાર;
સાથે બે ગખ્યા, શોભિતા અશ્વાર. ૨.
જોઉં સારા શુકન તો, વિકટ દુઃખને વામું;
જાઉં જુનાગઢમાં, સારાં જમણ હું પામુ. ૩.

જુનાગઢની ભાગોળમાં જઇ વસ્ત્ર બદલી ચાલાકીથી રથમાં બેસી ઘોડેસ્વારને આગળ કરી ગામમાં પેઠા. ગામની વચ્ચે નાગરોનો સટાક ચોરોહતો, જ્યાં બેઠેલા નાગરો અરસપરસ વિચારવા લાગ્યા. અલ્યા આ કોણ હશે ? કોઇ દરબારતો નહિ હોય ! અહો હોહોહો ! કિયાં ગામ ? કેણી પારથી આવવું થયું ? ક્યાં જશો? અને અમારા ગામની ભાગોળે ધર્મશાળા છે એ તમારી નજરે પડી કે ન પડી ? ગામ વચ્ચે હુશેટ ક્યાં હેંડયા જાઓ છો ? ધર્મશાળા તો પાછળ રહી પાછળ ! દિક્ષત કહે ભાઇ અમારે કામ છે ગામમાં, તો ધર્મશાળામાં રહે કેમ ફાવે ! આ કામે આવ્યા છો, જરા ઑચરો તો ખરા ?

(દિક્ષિત) રાગ; બનઝારો.

આવ્યો વિવાહની વાત વિચારી, સુ લક્ષણ પુત્રિ સારી.

ભાનુપ્રસાદ—વાસુદેવપ્રસાદ ! સાંભળો ! વેવિશાળિયો આવ્યો છે. અલ્યા શિ ન્યાતની કન્યા છે ?

(દિક્ષિત) વડનગરમાં મદન મહેતા, જેને ભાગ્યશાળી સૌ કહેતા;
　　છે રાજ્ય તણા કારભારી.　　　સુ લક્ષણુ. ૧

અનળશંકર—હા હા ખરા મદન મહેતા, અમે જાણીએ છીએ, અમે ઓળખીએ છીએ.

(દિક્ષિત) હું વિપ્રજ તેનો કહાવું, ચાલ્યો વડનગરથી આવું;
　　સ્થિર થાય જો વૃત્તિ મહારી.　　　સુ લક્ષણુ. ૨

જો વર અને ઘર મહારી નજરમાં આવે તો મારે મદન મહેતાને પાછુ પુછવા જવાનું નથી; કુલ અખ્તિયાર મને મળેલો છે.

અનંગરાય—તમારે કેવું જોવું છે ! બસેની પહેરામણી વાળો ? પાંચસેની પેરામણીવાળો, હજારની પેરામણીવાળો; પાંચ હજારની પેરામણી વાળો, કે ઉલટા તમને હજાર બે હજાર આપે એવો જોવો છે ? ભરતિયો જોવો છે કે ચાંલિયો જોવો છે ? તમારે જેવું જોઇસે તેવું મળશે; તમે કન્યા લાવ્યા છો એક, અને અહીં કુંવારા છે ત્રણુસો.

(દિક્ષિત) કોઈ વિદ્યાવંત કુળવાન, તેને દેવું કન્યાદાન;
　　હોય મુર્તિયો આનંદકારી.　　　સુ લક્ષણુ. ૩

મુરતિયો આનંદકારી, એટલે જેને સદા સર્વદા આનંદજ ગમતો હોય; પોતે આનંદ કરતો હોય, અને બિજાને આનંદ કરાવતો હોય. એવો ન જોઇએ કે વ્યસન પાણી કરી મોડી રાત્રિયે ઘેર આવે ! બાઇડી રાહ જોઇ બેઠી હોય તે કહેવા જાય તો, કેમ બોલી ! કરીને બે ચાર લાતો મારે.

ભુજંગરાય—તમે મુકામ કયાં કરશો ?

દિક્ષિત—તમે નાગર શુણોને સરવત્ર, હું લાવ્યો બલામણુ પત્ર
　　સારંગધર કર દેવા ધારી.　　　સુ લક્ષણુ. ૪

સારંગધર મહેતા ઝડપ ઉભા થયા. અહાહાહા! મદન મહેતા મારા બાળપણુનો સ્નેહી, મદનમહેતા ને અમે ભેગા ભણેલા, મદનમહેતા ને અમે સાથે રમેલા.

(કવિ)　ટોળે મળીઆ તે સમે, સારંગપર ચોપાસ;
　　કન્યા કર લેવા તણી, સૌને અંતર આશ.　　　સિયાવર.

મારા બે બોલ વધારે બોલજો હું તમને પચીસની પાઘડી આપીશ, જોજો હોં હું તમને રાજી કરીશ, જે નાગરો દિક્ષિતને પ્રથમ ધર્મશાળા બતાવતા હતા; તે શું કહે છે.

(નાગરો.) રાગ; ડરમાં તું દીલ સાથ છોકરા;

અમો ઘરે મેમાન, પધારો અમો ઘરે મેમાન;
અહિં હાજર છે ખાંનપાત, પધારો અમો ઘરે મેમાન.
ભલે પધાર્યા, સહજે સધાર્યા;
મન ભાવે તેવાં ભોજન લેજો, કામકાજ અમ સરખાં કહેજો;
હૈયે અમુઝણુ કાંઇ ન ધરજો, સગુ સારૂ જોઇને સબંધ કરજો;
વર જો જો, શંશય ખોજો, મન મોહોજો;
જેમ રહે તમારૂં માન. પધારો. ૧

કોઇ વખતે અમુઝાશો નહિ । શરમાશો નહિ, કામકાજ બેલાશક કહેજો ઘરબાર તમારાં છે, અમે પણ તમારા છીએ, આપણો ભાણીઓ, સુબા-સાહેબનો શિરસ્તેદાર છે, બિજો કહે આપણો ભાઇ સુપરીન્ટેન્ડનો શિરસ્તે-દાર છે. ત્રિજો કહે મારો ભાઇ મોટો દાક્તર છે. (એલ એમ એન્ડ એસછે.) સારંગપરને ઘેર તમને જમવાનું સુખ નહિ પડે. આપણે ઘેર તો રોજ જમણુ. મારો છોકરો અઢાર વરસનો થયો પણ મને કાલેજ પુછતો હતો, કે બાપા રોટલો શેને કહેતા હશે રોટલો ।

પોતાના વખાણને સામાની નિંદા કરવા લાગ્યા. જો જો હાં. આ રે-વતિપ્રસાદને ઘેર પુત્ર છે તે તમારી નજરમાં આવશે, અત્યારે બે અક્ષર ભણેલો છે, સ્વરૂપવાન છે. પણ કુટુંબમાં કાગડો એટલો એ, આસપાસ "મ-રઘાચંદર કે માધવા" અને અમારે દશમાને દિવસે સવામણનો લાડુ વરે છે, સવાશેર તો મુંછોના વાળ ઉતરે છે, મુરતિયો એવો જો જો કે.

હોય ભણેલો વળી ગણેલો;
વિદ્યાવંતને રૂપ રસાળ, કામરૂપ કોડીલો બાળ;
ગુણ ગંભિર ને ડહાપણ ડાહ્યો;, વણજ વહેપારી ને પાસે માયો;
ચતુર, શાણો, સુઘડ, હોય અસલ અમિર કુળવાન. પધારો. ૨

વિદ્યા સંપાદન કરી, જે જાણવાની વસ્તુ જાણી તે ગણેલો, સરસ્વતિ-નો સદ ઉપયોગ કરવા વાળો તે ગણેલો. જે સવસ્વતિ સોનાના સિંહાસન ઉ-પર બેસારે છે તેજ સરસ્વતિ લોઢાની બેડીઓ જડાવે છે. સાચી સહીનો કરનારો સજા ફરમાવનાર છે, અને જુઠી સહીનો કરનારો સજા ભોગવનારછે.

કુળવાન એવો જો જો કે અસલ હોય, કાળે કરી ગરીબી સ્થિતિમાં આ-વેલા કુળવાનનું જે ઉમદાપણું હોય છે, તે તાજા તાલેવન થએલાનું હોતું નથી

(કવિ) સૌકો વળગ્યા, થાય ન અળગા;

એક કહે તમે આમ પધારો, બીજો કહે મારી સાથે સધારો;

તાણુ કરૂં હું રખે તક ખોતા, હંસ મુકી રખે હાડીઓ જોતા;
ચાલો મારી સાથે, બીજો કહે મારી સાથે, ખસી જાઓ મારી માથે;
એમ થઇ રહીં ખેંચમતાણુ. પધારો. ૩

દિક્ષિત--હું સારંગધરને ઘેર મુકામ કરૂંછું, તમારે જેને જેને દિકરા બતાવાના હોય તેણે સારંગધરની મારફત પેરવી કરવી.

એજ સાંજરે એક માણુસ સારંગધરને ઘેર ગયો. સારંગધર મહેતાજી ! સારંગધર કહે આવો અખંડરાયભાઈ, તમે ક્યાંથી ?

અખંડરાય—કાલે જમવાનું આપણે ઘેર રાખજો.

સારંગધર—બહુ સારૂં, શું છે તમારે ત્યાં ?

અખંડરાય—આ ! બહુ દિવસથી માતાજીનું નિવેદ માન્યું હતું, ને કર્યું નહોતું તે જાણે કાલે સારો વાર છે માટે કરીએ. જરૂર પધારજો ! અને જો જો હો એકલા આવતા; બધા ઘરનાં ને વળી મેમાન પરોણા સાથે આવજો. અરે એકલા સારંગધરથી કાંઈ બનવાનું નથી, પેલા ચાર હાડીઆ લઢવાડીઆ જેની પક્ષ કરશે તેનુંજ કામ થશે; માટે લાવ્ય એમને છાંટતો જાઉં. અગમરાય કાકા ! એ અગમરાય કાકા ? અગમરાય કહે હાં ભાઈ, કોણ હશે ! અરે એ તો હું અખંડરાય.

અગમરાય—બહુ સારૂ, આવ્ય ભાઇ, તું અત્યારે ક્યાંથી ? સત્ય કહેજે, હું સમજ્યોછું તો ખરો.

અખંડરાય—કાકા કાલે બધાં ઘરનાં આપણે ત્યાં જમવા આવજો. તમારે મોઢે જુઠી વાત નહિ કહું, કારણ કે મારે તો તમારો આશરો છે. પેલો જે દિક્ષિત આજે આવ્યો છે તેને મારો છોકરો બતાવવો છે.

અગમરાય—મહારા મનમાં હતું એજ. કેમ નિગમરાય ?

નિગમરાય—હા એજ એજ. આપણે હમણાં શ્રિવાત કરતા હતા દિક્ષિતનીજ કની ! તેમાં વળી અખંડરાયને પણ સંભાર્યો હતો. મનોમન સાક્ષિ-

અગમરાય—જા ! તારો દિકરો અને મદન મહેતાની દિકરી એ એનો વિવાહ થયો સમજ !

અખંડરાય—એ તો શ્રિ રામચંદ્રજીના હાથમાં બાજી છે.

અગમરાય—રામના હાથમાં છે રખિયા તે ચોળજે. હું. નિગમરાય, આશાપ્રસાદ, ને તૃષ્નાપ્રસાદ એ ચાર મળ્યા એટલે તહારૂ કામ પાર ! પણ જોજે હોં બધાને કહેજે ભૂલીશ નહિ; એ કામપ્રસાદને ભૂલીશ નહિ ! અભિમાનરાયને ભૂલીશ નહિ !

આશાભેર ધણે ઘેર નોતરાં દીધાં, જમણુ પણ ઉત્તમ કર્યું, રૂપિયા

સો ખરચ માંડ્યા. ચાર વાગ્યા પંગત થઈ, દિક્ષિત કહે સારંગધર જમણ ઘણું સારૂં કર્યુ છે. સારંગધર કહે એના ઘરની શિ વાત થાય, એ તો મહસ્થ ઘર છે, અમારી ન્યાતમાં કોઇને ઘેર પાણી નથી વર્યું એટલું એમને ઘેર ઘી વર્યું છે, એટલામાં અખંડરાયની સ્ત્રિ રેલાગવરી બોલ્યાં.

રેલાગવરી—સારંગધર કાકાજી! અમારે વેવિશાળતો ઘણુંય આવે છે પણ જાણી જોઇને કરતાં નથી; હમણાં શું વહી જાય છે, વળી પ્રવાહ શાળામાં અભ્યાસ કરે છે; છતાં સારાં માણુસ મળે તો વિવાહ કરીએ પણ ખરાં!

સારંગધર—તમારે કન્યાની શી ખોટ!

ઉર્મિપ્રસાદ—ઉપરાચાપરી ઉપરાચાપરી, લોકો આંગણું તોડી નાંખે છે. જમી ઉઠી પાન સોપારી ખાવા બેઠા ત્યારે દિક્ષિતે કહ્યું એમનો દિકરો બતાવો તો ખરા! તેજ વખતે એની માએ બાવળીઆનું થડીયુ શણુગારીને કમાડ પાછળ બેસાર્યું હતું તે લાવીને ઉભુ કર્યું. તેને જોઇનેજ દિક્ષિતે ડોકુ ધુણાવ્યું; નહિ નહિ નહિ? આ કાળીકાપ્રસાદ કાંઇ કામના નહિ. અખંડરાયે વિચાર્યું તારૂં સત્યાનાશ જાય! મારે તો સોને માથે બેઠી; ને આણે તો ડોકુ ધુણાવ્યું! એજ સાંજરે. બીજો માણુસ. સારંગધર મહેતાજી! કાલે જમવાનું આપણે ઘેર રાખજો. સારંગધર કહે બહુ સારૂં પાવકપ્રસાદ ત્યાંથી ચાલી અગમરાય કાકાને ત્યાં ગયો. કાકા કહે ભાઇ પૈનું કંકુ લેતો જજે અને કનકાવટીમાં પલાળી મુકજે, તારે ત્યાં નો ચાંલ્લા કરીને ઉઠવું છે.

પાવકપ્રસાદ—અરે એ કાંઇ આપણું ધાર્યું થાય છે? એતો ઠાકોરજીના હાથમાં દોરી છે.

તૃષ્ણાપ્રસાદ—ઠાકોરજીના હાથમાં છે ઠીકરૂ. એ તો અગમરાય કરે એજ થવાનું; અલ્યા એક રાયતુ વધારે કરજે રાયતુ!

પાવકપ્રસાદ—તમે તો આજ વાળાને પણ એમજ કહેતા હતા?

તૃષ્ણાપ્રસાદ—અલ્યા ગાંડા એતો કહીએ; કોઇને મોઢે ખોટું મનવીએ? પણ ત્હારૂ ઘર કયાં એનું ઘર કયાં, તારો દિકરો કયાં એનો દિકરો કયાં, તારી ગ્રહસ્થાઈ કયાં એની ગ્રહસ્થાઈ ક્યાં, તુ ક્યાં, એ ક્યાં; વિચાર કર!

પાવકપ્રસાદે પણ સર્વને ઘેર નોતરાં દીધાં, જમણ પણ સારૂ કર્યું. પંગત થઇ. જમી પરવારી પાનસોપારી મુખવાસ કરવા બેઠા ત્યારે દિક્ષિતે કહ્યું, આમને દિકરો હોય તો બોલાવો! સારંગધરે *પાંચે આંગળીઓ ઊંચી કરીને કહ્યું પાવકપ્રસાદ બોલાવો તમારા અંગારારાયને; પુત્રને લાવી બેસાર્યો. જરા સ્વરૂપવાન જોઈ દિક્ષિતનું મન લલચાયું, કેમ સારંગધર આ ઘર

*વિવાહ થશે તો રૂપિયા પાંચસો લઇશ.

કેવું ? સારંગધર કહે ઘર સારૂ કુળવાન; એમાં ફેર નહિ, દિક્ષિત કહે જરા મુરતિયાને તપાસી જોઉ પછી ચાંલા કરીએ. તમે શું ભણોછો ? બોલ્યો નહિ. બિજીવાર કહ્યું તોય બોલ્યો નહિ. એની મા કહે છે છોકરો શરમાય છે; ભાઇ ભાઇ શરમાઇએ નહિ ! દિક્ષિત કહે તમે શું ભણોછો છોકરો કહે હેં ! ત્યારે દિક્ષિતે ધારો કાઢીને કહ્યું; તમે ભણો છો શું ! છોકરો કહે હેં ! કાંઇ સંભળાતું નથી. દિક્ષિત કહે નહિ નહિ નહિ ! પાવકપ્રસાદ કહે અરે છોકરો બહેરો કયાંથી થયો. ત્રિજે દિવસે ત્રિજો માણુસ સારંગધર મહેતાજી કાલે જમવાનું આપણે ઘેર રાખજો ! સારંગધર કહે બહુ સારૂ; ત્યાંથી કાકાને ઘેર. વિશ્રામશંકર કાકા કાલે જમવાનું આપણે ઘેર રાખજો ! વિશ્રામશંકર કહે અલ્યા અકુળશંકર તારે ગફલતમાં રહેવાનું કામ નથી. સઘળી સાહિત્ય તૈયાર રાખજે. કેમ અગમરાય ? અગમરાય કહે દિક્ષિત આવ્યો ત્યારથીજ આપણે તો વિચાર કર્યો છે કે આ ચોકઠું ગમે તેમ કરીને અકળશંકરને ઘેર બેસારવું.

અકળશંકર—એ તો હરીના હાથમાં છે.

આશાપ્રસાદ—હરીના હાથમાં છે, " હેંગોનાં બી " તે ખાજે શેકી શેકીને; નાગો નહિતો ! કહીએ છીએ એમ કરને, જા છાનો માનો !

અકળશંકરે પણ સઘળી તૈયારી કરી. જમ્યાબાદ દિક્ષીતે કહ્યું, એમનો દીકરો હોય તો રજુ કરો ! સારંગધર કહે બોલાવો તમારા વિકળશંકરને, એની મા કહે મારા છોકરામાંતો કાંઇએ જોવાનું નથી. " મોરનાં ઈંડાનાં ચિત્ર શાં જોવાં " બધો એના બાપ જેવો વેણ્યો ને ચુંટયો ! છોકરો આવીને બેઠો એટલે દિક્ષિતતો પ્રસન્ન થયો. મુરતિયો શું રૂંકડો છે ! કેમ સારંગધર ! સારંગધર કહે ધુંચવાશો તો ગોદા ખાશો; આવું ઘર ફરી મળવું નથી.

દિક્ષિત—શું ભણો છો ?

વિકળ—ગુજરાતી ચોથી ચોપડી ! આંકમાં હરીઆં.

દિક્ષિત—નહિ નહિ નહિ. આતો બોબડો છે.

ચોથે દિવસે આસાપ્રસાદે સર્વને જમવાનું આમંત્રણ કર્યું. આશાપ્રસાદ ઘણા ચતુર હતા તે સમજતા હતા કે દિક્ષિત જે તે બાળકને શું ભણો છો એમ પુછે છે; તો આપણે એવી ગોઠવણી કરવી કે, એવું પુછવાપણું રહેજ નહિ. પોતાના પુત્ર શુન્યશંકરને મકાનના એક ભાગમાં બેસારી તેના મોં આગળ સાતસેં પાનાનો રોકડનો ચોપડો મૂકયો, અને બાળકને સુચના કરી કે દિક્ષિત અહીં તારી પાસે આવે એટલે આ ચોપડાના પાનાં ફેરવવા માંડજે, અને ફેરવ્યાજ કરજે, કોઇના સામુ જોઇશજ

નહિ. આ પ્રમાણે ગોઠવણુ કરી મૂકયા પછી જે વખતે પંક્તિ જમી રહી, સર્વ જમીને આસન બિછાવી પાન સોપારી કરવા બેઠા ત્યારે દિક્ષિતે કહ્યું. કેમ સારંગધર ! આમને કાંઇ પૂત્ર છે કે નહિ ? સારંગધર કહે હા છેને ! બોલાવો તમારા દિકરાને ! આશાપ્રસાદ કહે એતો દુકાનનો હિસાબ મેળવે છે એટલે હાલ નવરો નથી, માટે નહિ આવે. એને તો એ ને એના ચોપડા ! દિક્ષિત કહે ચાલો ત્યાં જઇએ; એમ કહી દશ વીસ માણુસ ઉઠીને આવ્યા કે તરત બાળક બોલી ઉઠયો. બાપા ! કોરાં ફેરવું કે લખેલાં ? કોરાં ફેરવું કે લખેલાં ? કોરાં ફેરવું કે લખેલાં ?

દિક્ષિત—હેં છટ ! આને તો ફક્ત પાનાંજ ફેરવવાનું શિખવી મુકયું હોય એમ લાગે છે, માંહીતો પોલમપોલ છે.

નાગર બાળકો બધા સારા સ્વરૂપવાન, ગુણના ભરેલા. પણ ભગવાને અકળકળા એવી કરી કે દિક્ષિતની આંખે એકે સારો દેખાય નહિ; અને દેખાય તો ગુણે કરી પસંદ આવે નહિ. એવા એવા સો દિવસ થયા, સો ઘર ને સો વર જોયા. સો ઘેર સો સો રૂપિયા ખર્ચ મંડાવ્યા ત્યારે નાગરોએ મળી વિચાર કર્યો.

અનુભાઇ—જનુભાઇ ! આ કાંઇ વિવાહ કરવા આવ્યો નથી. આતો માલ ઝાપટવા આવ્યો છે, આપણે સ્વાર્થિયા આંખે પાટા બાંધી ચવરાવીએ છીએ, અને એ ચાવે છે. "લોભિયાના ગામમાં ધુતારા ભુખે નમરે !

વિષયપ્રસાદ—દિક્ષિત હવેતો અંગરખાં થતાં નથી ! આવ્યા ત્યારે તો ફુંક મારેને ઉડી જાઓ એવા હતા, અને હવે તો થયા ! બિજો કહે ભાઇ કેમ ન થાય, રોજ ઘી સાકર ને દુધના મસાલા ઉડે છે. ત્રિજો કહે જઇ આવો જઇ આવો બે ચાર મહિના વડનગર, વળી ઘેંશ છાશ રોટલે ચઢો અને નરમ થાઓ એટલે આવજો ! ચોથો કહે હવે તો અંગરખાની કસો ટપોટપ તુટે છે. દિક્ષિતે વિચાર્યું હવે અહીં રહેવામાં માલ નથી. હવે ગમે તેમ કરીને જવું જોઇએ. લાવ્ય મદન મહેતાના નામનો જુઠો કાગળ બનાવી નાગરોને બતાવી ચાલ્યો જાઉ.

કાગળ. જુનાગઢમાં દિક્ષિતને માલમ થાયજે તમો સાડાત્રણ ચાર મહિનાથી ગયા છો, વાળીવાટ જોતા નથી પાછાં ઘેર આવતા નથી; માટે આ કાગળ વાંચીને તુરત આવજો. દિકરીનો વિવાહ કર્યો હોય તો ભલે: ન કર્યો હોય તોય ભલ, પછી ઘણુંએ થશે; પણ પાણી પીવા રહેશો નહિ; તમારી મા આખરસાલ માંદાં છે, મેં જોવું હોય તો આવજો.

વડનગરથી. લી. મદન મહેતા.

દિક્ષિત સટાક ચોરે આવ્યા. નાગર માત્ર ટોળ મશ્કરી કરી રહ્યા છે, ત્યાં કોઇ બ્રાહ્મણ કાગળ લઇને આવ્યો. ભાઇ વડનગરથી દિક્ષિત આવ્યા છે ને ? ચમકિને રહેલા દિક્ષિત ઉભા થયા. કેમ ભાઇ શું કામ છે ! હ્યો આ કાગળ મદન મહેતાએ મોકલ્યો છે.

દિક્ષિતે વાંચ્યો, સારંગધરે વાંચ્યો, બીજા પાંચ સાત જણે વાંચ્યો; સર્વે જણે જાણ્યું કે એને જવાનું છે, શુભ સમાચારને અનુસરી સૌ રાજી થયા. સારંગધર કહે સો વર જોયા ને હજી બસેં બાકી રહ્યા છે, માટે જવાશે નહિ ! દિક્ષિત કહે બસેંને બોલાવી મારા મોં કને હારબંધ ઉભા કરો ! હારબંધ ઉભેલા બસેને જોઈ દિક્ષિતે કહ્યું આ બધા એક બિબાના પાડેલા મારે કશા કામના નથી; હું "કાગ જોડે હંસણીનો" સબંધ કરવા ચહાતો નથી, પોતાનો રથ તઈયાર કરી, રથમાં બેસી ઘોડેસ્વારને આગળ કરી સારંગધરની રજા માગી.

(દિક્ષિત) રાગ; લાવણી

શુણો શાણા સારંગધર, મેં જોયાં બધાં ઘર;
નિરખ્યા નાગર નાતી વર, હવે માગુ રજા. હાંહાંરે. ૧

(નાગર) વેવિશાળિયા વિદાય થાઓ, વહેલા વડનગરે જાઓ;
જ્યારે શરીરે સુકાઓ, આવજો પડશે મઝા. હાંહાંરે. ૨

(દિક્ષિત) ભાઇઓ ભલે કરો મજાગ, નવ મળીઓ જોઇતો લાગ;
જોયો જાંબુડાનો બાગ, ક્યાંથી અખોટ આશા. હાંહાંરે. ૩

કૈલાશપ્રસાદ—આશાપ્રસાદ ! બાંધો પાઘડીઓ ! બંધાવે છે સો સો રૂપયાની. એને સો સો રૂપિયા ખરચીને જમાડયો ત્યારે જાંબુડાના વનની ઉપમા આપે છે. પહોંચાડો ઠેઠ !

(સત્યપ્રસાદ) અલ્યા હજી રહ્યું એક ઘર, સુર્યનારાયણ સરખો વર;
નામે નરસિંહ નાગર, પડશે સવળા પાસા. હાંહાંરે ૪

(દિક્ષિત) હવે અહીંથી વહેલો થાઉં, નરસિંહ નાગર પુછી જાઉં;
ગુણ ગોવિંદના ગાઉં, મળે ફેરાનું ફળ. હાંહાંરે ૫

(સારંગધર) આ વાત લક્ષમાં લેજો, રસ્તે સંભાળીને રહેજો;
સૌને નમસ્કાર કહેજો, કહેજો લખે કાગળ. હાંહાંરે. ૬

રથ થોડે છેટે ગયો કે કેટલાક નાગરના છોકરા સામા મળ્યા. નનુ-ભાઇ ! દિક્ષિત આવ્યા. કેમ દિક્ષિત કેણીપાર તૈયારી ! ક્યાં વિવાહ કર્યો !

દિક્ષિત—વિવાહ કર્યો નથી, અને વડનગર જાઉંછું. શું વિવાહ કરે "આકડાની કેરીમાં આંબાનો રસ ક્યાંથી હોય !"

હાંશિપ્રસાદ—તમે નરસિંહ મહેતાનું ઘર જોયું ! ત્યાં તમારૂં કામ

પાર થશે. અમારી નાતનો શેઠ પટેલ છે.

દિક્ષિત—ના ભાઇ એ ઘર નથી જોયું, કેણી તરફ છે ?

હુંશિપ્રસાદ—પેલી ધોળી ધજા દેખાય !

દિક્ષિતે વિચાર્યું હું ગામમાને ગામમાં છું ને મને નરસિંહની ભલામણ કરનારા મળે છે, માટે જોવુંજ જોઇએ. નહિતો મારે એંશી ગાઉથી પાછા આવવું પડશે.

નરસિંહના મંદિરમાં ઘંટના નાદ થઈ રહ્યા છે, ઘડીયાળો ઘણુઘણાટ કરી રહી છે. ઢોલક ઢમઢમ વાગી રહ્યું છે, તાલને કિડતાલ પણ ખખડી રહ્યાં છે, શંખને ભેરીના નાદ ઘણા જોરથી સાધુ ગજાવે છે, એવા પચાસ સાધુ બેઠા છે. તે વચ્ચે નરસિંહ મહેતો હાથમાં કિડતાલ લઈ ઢિંચણુ સુધી ઘુઘરા બાંધી થેઇકાર કરી રહ્યાં છે; આ શોભા જોઇ દિક્ષિતને અતિ હર્ષ થયો. અહાહાહા ! શી લીલા, વાહ ભગવાન ઠરીને બેસવાનું ઠેકાણું તો આજેજ જોયું. આ ડમરાનાં વન, આ તુળશીનાં વન, અનેક પ્રકારના ફુલ ઝાડનાં વન, આ માળાઓના થોકે થોક ખિંટીઓએ લટકી રહ્યા છે, આ ગોપીચંદનના ઢગલા, આ ગેરૂના ઢગલા, વાહ પ્રભુ અહિં માયાનો લેશ માત્ર અંશ નથી, મદન મહેતાની દીકરીનો વિવાહ અહિં થાય તો પુર્ણ ભાગ્યશાળી ગણાય, આ સતુસંગના સંગે કરી જુઠીબાઈ તે સાચીબાઇ થાય ને ફરી માતાના ગર્ભમાં ન જાય. ધન્ય છે નરસિંહ મહેતાને, ધન્ય છે મને ઘર બતાવનારને, અહાહાહા કેવી ગર્જના થઇ રહી છે, જે રાધા કૃષ્ણ રાધા.

(કવિ) રાગ, ગુજરી.

મંદિર નિરખ્યું ને અંતર હરખ્યું, ઉલટ અંગ ન માયરે;
મન હરખાતો ને હરીગુણ ગાતો, પેઠો મંદિર માંયરે. ૧
તાલ મૃદંગ ને વાગે ચંગ, વળી વન તુળશીનાં લહેકેરે.
જાઇ જુઇ ચંપો ચંબેલી, ગુલાબ પુષ્પો મહેકેરે. ૨
ગોપીચંદનને ગેર નિરખ્યા, ખિંટીએ લટકે માળા રે;
આનંદ પામ્યો જોઇ રહ્યો સામો, ઢિલા પડયા એના ગાળારે. ૩
કયાં છે મહેતા કયાં છે મહેતા, પુછે ને મન રાચેરે;
પાએ ઘુઘરા કર કિડતાલાં, શ્રી હરી સનમુખ નાચેરે. ૪
કુહેતાં [illegible] વાંકો વળીઓ, કરીઓ નમસ્કારરે;
મહેતે ધ્યાનમાં ધુન મચાવી, થઈ રહ્યો થેઇકારરે. ૫

માણેક મહેતી કે જે રસોડામાં રસોઈ કરતાં હતાં, અને જેના વિચા-

રમાં દિક્ષિત રમી રહ્યો હતો; " અરે આ લોકો સો સો રૂપિયા ખર્ચિને દિક્ષિતને બોલાવે છે, ને છોકરા બતાવે છે, આપણે સો રૂપિયા કયાંથી ખર્ચવાના હોય કે આપણે બારણે દિક્ષિત આવે. " તેણે નરસિંહ મહેતા કિયા એ શબ્દ સાંભળ્યો. રખે દિક્ષિતતો નહિ હોય ! ઝટ ઉભી થઇ ભંડારમાં થઈ સેવામાં આવી; દિક્ષિતને દીઠો. ઓ ગાંડા ભાયડારે ખડખડીઆં રાખો ! મહેતા બંધ રહ્યા ત્યારે દિક્ષિત હાથ જોડી ઉભો.

(દિક્ષિત)　　　મરાઠી સાખી.

દ્વારાપુરી મેં નજરે નિરખી, સફળ થયો જનમારો;
હરી [1]ભક્ત તમે હરીરૂપ છો, આશ્રય હોય તમારો;
આ ઠામે ઠર, ભવસાગર હું સહજ તર.　　　આ ઠામે.

(નરસિંહ.)　　　રાગ, હરિગિત છંદ.

કહો કોણ કયાંથી આવીઆ ! ને શું તમારે કામ છે !
ધનમાલ જોઇએ જાઓ બિજે, અહિં હરીનું નામ છે.　　　૧
બોલો બોલો જે હોય મુખથી, મન હું મુંઝાઉ છું;
તમો તાગ લાવો તમ તણો, હું ખાસ ખોટી થાઉછું.　　　૨

(દિક્ષિત)　　　રાગ; મરાઠી સાખી.

જાુઠી તનયા મદન મહેતાની, વિવાહ કરવા મન;
પંડયો તેનો હું પ્રેર્યો આવ્યો, કયાં છે તમારો તન ?
આપું શ્રિફળ નાણા, તમો, વહેંચાવો ગોળ ને ધાણા.　　　આપુ.

નરસિંહ—અરરર એ શું બોલ્યા ! કાંઇ વિચાર છે કે નહિ ? ઘર ભૂલ્યા, ગામ ભૂલ્યા, દિશા ભૂલ્યા !

દિક્ષિત—કેમ કૃપાનાથ એમ કહો છો ! મારો અપરાધ શું ?

નરસિંહ—દિક્ષિત અમારી નાતમાં ત્રણ ત્રણ લાખની આશામી જેના દીકરા કસબી પિતામ્બર પહેરીને ન્યાતમાં જમવા જાય; અને પચાસ પચાસ હજારનાં ઘરાણાં પહેરનાર તથા મોતીની માળાઓના ધારણ કરનાર તમારી નજરમાં ન આવ્યા, તો આ લંગોટીનો વાળનાર, બાવાટોપી પહેરનાર, ગોપીચંદનનું ટીલું કરનાર અને તુળશીની માળા ઘાલનાર તમારી નજરમાં શું આવશે ?

---

૧ હરીભક્ત હરીરૂપ=અજ્ઞાની પુરૂષો હરી ભક્તને પોતાના સમાન ગણે છે. પણ ગુલાબ અને કરેણના ફુલની સુગંધીમાં ફેર છે, દેવ અને દહિતમાં ફેર છે, રત્ન અને કોડીમાં ફેર છે, વિષ અને અમૃતમાં ફેર છે, વિદ્વાન અને મુર્ખમાં ફેર છે, એટલો ભક્તમાં ને જગતમાં ફેર છે.

દિક્ષિત—મહેતાજી ! મારે તો એજ તુળશીની માળાને કન્યા દેવીછે.

નરસિંહ—કોઇ પૈસાવાળો જુવો, પૈસાવાળો !

(દિક્ષિત) રાગ, ધિરાની કાફીનો.

નામ જેણે લીધું રે, તેની તો રિદ્ધિ સિદ્ધિ ઘણી;
[1]ત્રિવિધીના તાપ રે, હરી એના નાંખે હણી.
હું મારૂ ને ત્હારૂ એવી, સ્વપને ન આવે લહેર;
કામ ક્રોધ મદ મોહ ને મત્સર, કદી કરે નહિ કેર;
આશા તૃષ્ના અળગીરે, જેને માથે ત્રિલોકી ધણી. નામ. ૧
લોભ, કપટ, ને ઇર્ષા ન પિડે, દંભ ન દાખે દુઃખ;
માનાપમાન કદી નવ મારે, સદાય સરજે સુખ;
નિર્ભય રહે નિત્યે રે, બીક નહીં કાળ તણી. નામ. ૨
પહાડ એ સમજે પાષાણુ કેરો, [2]ભંડારીનો ભંડાર;
મન કૃમ વચને માતા સમજે, આવે રંભા નાર;
ત્રિલોકનું રાજ્ય રે. માને એતો મુળાપાણી. નામ. ૩
તન મન ધન સૌ ભજનમાં અર્પે, અર્પે પોતાનો પ્રાણ;
સુરીવર મુનિવર સર્વ મળીને, વાણીએ કરે વખાણ;
વખાણ કરે શંભુ રે, શેષ કરે શહસ્ત્ર ફણી. નામ. ૪
સાચા ગુરૂની જેણે સહાય લેઇને, સેવ્યા પ્રભુના ચર્ણ;
એવા નરની છાયામાં જાતાં, નાવે જરણુ ને મર્ણ;
બાપુ બોલે સાચું રે, હરી એની સાચવે અણી. નામ. ૫

નરસિંહ—ભલે મને તાલેવન સમજીને તમે દ્યો, પણ એ મદન મહેતાની દિકરી મારે ઘેર આવીને ખાશે શું ખાશે ?

દિક્ષિત—મહેતાજી;મઠ બાજરીનો રોટલો જે તમે ખાશો તે એ ખાશે.

નરસિંહ—અરે મઠનોય કયાં છે, ને બાજરીનોય કયાં છે ! અમારે તો કોઈ સેવકનું શિધુ આવે તો લાડવાય કરીને ખઇયે; નહિતો ત્રણ દિવસના કડાકાય કરીએ.

દિક્ષિત—તમે ત્રણ દિવસના કડાકા કરશો તો અમારી દિકરી ચાર દિવસના કડાકા કરશે.

નરસિંહ—અરેરે દિક્ષિત ! હાથેકરીને કુવામાં નાંખીને શું કારણ છે?

દિક્ષિત—હું કુવામાં નથી નાંખતો પણ સંસારરૂપી સમુદ્રમાંથી બહાર કાઢવા ઇચ્છું છું. જે જગા ઉપર તમારા જેવા મહાત્મા નિરંતર થેઈ

---

૧ અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ્ય. ૨ કુબેર ભંડારી.

કાર કરી રહ્યા છે. તે જગા ઉપર મદન મહેતાની દીકરી એક પળવાર ઉભી રહેશે. તો એનાં કોટાનકોટી જન્મના કરેલાં પ્રાયશ્ચિત પ્રલય થશે. ફરી એને અવતાર ધારણ નહિ કરવો પડે !

નરસિંહ—શિતળદાસ, અરે સાધુ શિતળદાસ ! જાઓ શામળીએકુ બુલાવ ! શિતળદાસ નામનો સાધુ શામળીઆને તેડવા ગયો. નિશાળે જઇ મહેતાજીને કહ્યું, શામળીઆકુ ભેજો ! ઉસકા બિહા કરના હે. બડનગરસે કોઈ દિક્ષિત આયા હે. મહેતાજીએ વિચાર્યું હાય ગજબ; શિ હિમ્મત ભિડી છે ભગતડે ! ત્રણ ત્રણ લાખની આશામીને ઘેર વિવાહ ન થયા ને આ ભિખારીને ઘેર વિવાહ થશે ! જગતમાં કોઈની તૃષ્ના તુટતી નથી તૃષ્ના ! ઠીક જા શામળિયા, જો વિવાહ થશે તો હું મારી પોતાની હોંશથી છુટી મેલીશ.

પાટી ઉપર સવાશેર ધુળ નાંખીને બેઠેલો શામળિયો, રજા મળતાં એકદમ ઉભો થયો કે બધી ધુળ તેના ઉપર પડી. આખુ શરીર ધુળધુળ થયું છે, ટુંકડું પોતિયું પહેર્યું છે, સત્તર થિગડાંની બંડી પહેરી છે, બાવા ટોપી કાન ઢંકાય એવી પહેરી છે. ગોપીચંદનનું ટીલું કર્યું છે, તુળશીની માળાનો થોકડો ગળામાં ઘાલ્યો છે, ઉપરના તાપથી પરસેવાના રેલા ઉતરે છે, લાળ ને લિંટ દરડતું જાય છે, શામળિયો સડક સડક લોતો જાય છે, અને શિતળદાસની પછાડી. પછાડી દોડતો જાય છે. શિતળદાસ પાછુવાળી જોતો જાય છે, અરે આનો શું વિવાહ થવાનો છે, આ શું દિક્ષિતની નજરમાં આવવાનો છે !

ભગવાને વિચાર્યું, જેવું શિતળદાસના મનમાં છે તેવુંજ થશે અને મારા ભક્તની લાજ જશે. તેજ વખતે પ્રભુએ દોડતા આવી શામળિયાને સુંદર વસ્ત્ર પહેરાવ્યાં અને સુર્યનારાયણને હુકમ કર્યો કે તમારી સોળ કળામાંથી એક કળાનું તેજ શામળિયામાં આવે. તેજનો ઝંઝકાર અને દિવ્ય વસ્ત્ર જોઇ શિતળદાસ ભૂલો પડયો, અને વિચાર કર્યો કે નક્કિ ભગવાને એનું સ્વરૂપ ફેરવી નાખ્યું. નરસિંહ મહેતાના ઉપર ભગવાનના હજાર હાથ છે એમાં ફેર નહિ.

અગાડી શિતળદાસ ને પછાડી શામળિયો બન્ને આવ્યા; જેવો શામળિયાને જોયો તેવોજ દિક્ષિત તો આભો થઇ ગયો, અહાહાહા ! શું સ્વરૂપ કેવી કાન્તિ, આ વર ને આ ઘર ભગવાને મને પ્રથમ દેખાડયાં હોત તો મારે સાડાત્રણ ચારમહિના સુધી અભાગીઆનાં મોઢાં શા માટે ઉઘડાવવાં પડત. મહેતી કહે ભલે બધે ફરીને આવ્યા તો સારા નરતાનો મુકાબલો થયો. બધી નાત ફર્યા પણ આ ઘર જેવું ઘર...અરે મારા વડસસરાનીજ ન્યાતમાં શેડાઇ; એતો આમણે ભક્તિના લક્ષમાં ભળીને બધુ કાઢી નાંખ્યું નહિતો હજીએ *આ ન્યાતમાં જાય તો કોઇથી ચું ન થાય ચું !

*નરસિંહ મહેતા.

દિક્ષિતે કંકુનો ચાંલ્લો કરી રૂપિયો ને નાળિયેર મોં આગળ મુકયું. મહેતાજી ! હવે ગોળ ધાણા સોપારીઓ ખારેકો પતાસાં મંગાવો; પાંચ બૈરાં બોલાવો આણુંદ મંગળનાં ગિત ગવરાવો અને વહેંચો. મહેતા એક હાથે માથુ ખણુતા જાય છે, ગોળને ધાણા ને સોપારીઓ ને ખારેકો ને પતાસાં ને બધુ...(ઘરમાં પૈ નહિ તેનું માથું ખણાય.) માણેકબાઇ કહે રોજ રોજ ઢોલકાં વગાડતા હતા, ભેડો લાવતા હતા, સાધુવાના ભંડારા કરતા હતા, આજ પૈસા હોય તો કામમાં આવે કે ન આવે !

મહેતા કહે ભગવાન કોઇનું અડયું રાખતો નથી, ગાંડી સંતને મોંઢે ગયું એ કયાં કમજરે ગયું છે ? દિક્ષિતે વિચાર્યું, ઘર સારૂ વર સારો, પણ પૈસા નથી. પોતાની પાસેથી પચાસ રૂપિયા કાઢિને આપ્યા. લ્યો મહેતાજી, જે જોઇએ તે મંગાવો. મહેતાજી હાથમાં રૂપિયા લઇ આ હાથમાંથી પેલા હાથમાં ને પેલા હાથમાંથી આ હાથમાં ઉછાળે છે, રામદાસ ! ઘોકનદાસ, ચેતનદાસ, તુલસીદાસ ! સાધુ હાથ જોડીને કહે મહારાજ ! મહારાજ ! મહારાજ ! મહેતા કહે એ શામળીઓ પરણવાનો હશે તો પરણશે નહિતો ધુળ નાંખી; માલપુવાને દુધપાકનો ભંડારો કરી ઠાકોરકું ભોગ લગાઓ; ઠાકોરકું ભોગ લગાઓ ! મહેતી કહે થોડી ખારેકો થોડી સોપારીઓ, થોડાં પતાસાં બધુ લાવજો ! મહેતા કહે બધું આવશે બધુ આવસે. દિક્ષિત કહે માતાજી તમારે જોઇએ તો હું પાંચ રૂપિઆ બીજા આપું પણ એ રૂપિયાનુ તો મહેતાજી જેમ કરે તેમ કરવા ધ્યો; મારૂં એવું ભાગ્ય કયાંથી કે જેવા રૂપિયા આપ્યા એવા સંતોને મોંઢે જાય. મહેતી કહે જેટલા આવે છે એટલા એનાજ થાય છે. કોણ જાણે કે શિ ભભુતી નાંખે છે. મહેતાજી સાધુ લઇ સટાકચોરે આવ્યા નાગરો કહે કયાં હેંડયો ટીલવા; અલ્યા કયાં હેંડયો નરસઇઆ ? મહેતાજી કહે જઇશું ગોળ ને ધાણા ને સોપારીઓ ને ખારેકો ને પતાસાં બધું લેવા. નાગરો કહે શું કરીશ ! મહેતાજી કહે કેમ શું કરીશ; આપણા શામળીઆનો વિવાહ કર્યો ને ! નાગરો કહે કયાં કર્યો ? મહેતાજી કહે મદન મહેતાને ઘેર. નાગર કહે તારા બાપનું કપાળ કર્યું ! જુઠો, જનમારો જુઠો. કેમ શંકાધર આ નરસઇઓ કહે છે એ વાત સાચાં ?

શંકાધર—ઓલ નોનસન્સ, હમબગ, એસ છે એસ; ડોંકી છે.

સત્યપ્રસાદ--ભાઇઓ તમે ગમે તેમ કહો પણ નરસઇઓ કોઈ દહાડો જુઠું બોલે નહિ જુવાનિયા કહે, હાં...તમને પરસાદ વધારે આપતો હશે પરસાદ, તમે તો પરસાદીઆ ભગત છો. બાઇ હું પરસાદીઓ ભગતનથી પણ હું જે કહુછું તે સતજ છે કે બ્રહ્માંડ ફરે પણ નરસિંહ જુઠુ બોલે નહિ.

એ ચાર જણુ દર્શનને બાને મંદિરમાં જોવા ગયા; શામળીઆના કપાળમાં કંકુનો ચાંલ્લો ખોળામાં રૂપિયોને નાળિયેર અને સામો દિક્ષીતને બેઠેલો જોઇ તેમનાં મોઢાં ફિકાં પડી ગયાં, સટાક ચોરે આવી કહ્યું, સારંગધર ? આ સાતસેં ઘરનું નાક વઢાઇ ગયું, તમારા ભાઇબંધે સારૂ ન કર્યું. સારંગધર કહે એમાં મારા મિત્રને શું. એ બામણે વિવાહ કર્યો છે તો હું મારા મિત્રને કાગળ લખુછું કે તરત વિવાહ ભાગશે. વિપ્રસંતોષરાય કહે એમ થાય તો સારૂ નહિતો આ મદન મહેતાને જગતમાં મ્હોં કાઢીને બોલવા બારી નહીં રહે. એ બામણે તો ગમે તેમ ઓળો ગોળો વાળ્યો હશે; પણ આ ભિખારીને ઘેર, અરે નાત બારીઆને ઘેર મદન મહેતાની દીકરીનું વેવિશાળ ! ઘરઓળ ઘાલ્યુ. ઘરઓળ ઘાલ્યું. શંકાપ્રસાદ કહે ભાઇ એમાં બ્રાહ્મણ શું કરે; એવા એ ટીલવા પાસેજ કાંઇ મોહની છે કે જે ગયો તે આંધળો ભિંત ! જે ગયો કે આંધળો ભિંત !

(પત્ર) વડનગરમાં મદન મહેતાને માલમ થાય જે તમારો મોકલેલો દિક્ષિત અમારે અહિં આવેલો; તમારી ભલામણ પ્રમાણે અમોએ એને સારાં સારાં ઘર સારા સારા વર દરશાવ્યા પણ એકે ઠેકાણે વિવાહ ન કરતાં, વળતાં અમારી ન્યાતે ન્યાત બહાર મુકેલો ઢેડવાડામાં ઓચ્છવ કરનારો ન્યાત જેનો છાંટો ન લે, એક દહાડાની જેના ઘરમાં ખાવા નહિ, કાળો કદ્રુપો કોળી જેવો જેનો છોકરો, એવાને ઘેર વિવાહ કર્યો છે; માટે વિચાર કરીને વિવાહ રાખજો, કાંઇક ભેદ છે, ભેદ છે; ભેદ છે.

આ પ્રમાણે પત્ર લખી સારંગધરે સહી કરી. બિજો કહે લાવો હું સહી કરૂં, ત્રિજો કહે લાવો હું કરૂં, એમ કરતાં ત્રણસો સહીઓ થઇ.

પત્ર હાથમાં લઇ બ્રાહ્મણ મદન મહેતાને આપવા જાયછે. જતાંજતાં વડનગર પાંચ ગાઉ છેટું રહ્યું કે ચકરી ખાઇ પડયો.

(કવિ) મરાઠી સાખી.

લઇ પત્રિકા પંડયો દોડયો, ઝટપટ દેવા માટ;
ત્રિલોકીનાથે તાવ મોકલ્યો, પડીઓ ચિતા પાટ;
આવ્યું મ્હોત અહીં, શુદ્ધિ બુદ્ધિ એની સઘળી ગઇ. આવ્યું.

મહેતાજી સરસામાન લેઇ આવ્યા. રસોઇ કરી ઠાકોરને થાળ ધરી પ્રસાદ લઇ પરવારી રાત્રિયે કિર્તન કરી નિંદ્રા લીધી. સવારમાં દિક્ષિતે રજા માગી.

મહેતાજી મારે તમારી પાસે કાંઇ માગવું છે. મહેતા કહે માગો ? શું જોઇએ બોલો ? દિક્ષિત કહે બાપજી હું માગુ ને કદાચ આપ ના કહો ત્યારે ? મહેતા કહે એ શું બોલ્યા. તમારાથી શું વિશેષ છે. કહો શું

જોઈએ। ગોપીચંદન જોઇએ ? આપો અલ્યા બે મણ ત્રણ મણ ગોપીચંદન. દિક્ષિત કહે મારે ગોપીચંદન ન જોઇએ. ત્યારે શું ગેરૂ જોઇએ ? આપો લ્યા દશ શેર પંદર શેર ગેરૂ. મહેતાના ઘરમાં બેય હાજર " ભાગ્યાના ભેરૂ ગોપીચંદનને ગેરૂ. " દિક્ષિત કહે મારે એ પણ ન જોઇએ. મહેતા કહે ત્યારે શું જોઇએ ? તાળ કિડતાળ ઘુઘરા, તંબુર, ઢોલક, ઝાંઝ, પખાજ ? દિક્ષિત કહે તે પણ ન જોઇએ ? મહેતા કહે ત્યારે તો કહો તોજ સમજાય નહિતો હું કાંઇ પરમેશ્વર નથી, દિક્ષિત કહે બાપજી તમે ભગવાન નથી. પણ ભગવાન તમને મળ્યા છે અને તમારે આધિન છે. મહેતા કહે અરેરેરે એ શું બોલ્યા, મહા મુનિયોના સ્વપ્નાંમાં ન આવે એ પ્રભુ મારા સ્વાધિન !...દિક્ષિત કહે અસત્ય બોલો તો ભલે પણ મારૂ અંતઃકરણ એમ સાક્ષિ પુરે છે કે તમને ભગવાન મળ્યા છે. મહેતા કહે મળ્યા છે લ્યો કેમ કરવા છે ? દિક્ષિત કહે પ્રભુ વાડ વિના વેલો ચઢતો નથી, દર્પણ વિના આપ દર્શાતુ નથી, સુર્યના કિરણમાં રૂને બાળવાની શક્તિ છે પણ આડો કાચ રાખવાથીજ બળે છે; તેમજ હે મહેતાજી આજ અવતારમાં મૃત્યુ પહેલાં મારે એકવાર શ્રીકૃષ્ન ભગવાનનાં દર્શનની ઇચ્છિા છે, તે આપનાથી પાર પડશે. મહેતા કહે ઓ હો ! એજ કે બીજું. જાઓ વચન આપું છું કે જ્યારે હું શામળિયાને પરણાવા આવીશ ત્યારે તમને ભગવાનનાં દર્શન કરાવીશ. (દિક્ષિતે વડનગરની વાટ ઝાલી.)

દિક્ષિતને દેખી મદન મહેતા હરખાયા. ભાઇ નમસ્કાર નમસ્કાર નમસ્કાર. દિકરીનો વિવાહ કર્યો ? દિક્ષિત કહે હા કર્યો. મહેતા કહે કયાં કર્યો ? દિક્ષિત કહે નરસિંહ મહેતાને ઘેર, એ ન્યાતનો શેઠ પટેલ છે, હરીજન છે, પ્રેમી છે, પરમાત્માનો પરમ ભક્ત છે, એનો દિકરો સુર્ય સમાન કાન્તિદાર છે, પણ પૈસા નથી. મદન મહેતા કહે થોડા ઘણાય ? બે ચાર હજાર ? દિક્ષિત કહે બે ચાર હજાર શું બે ચાર પૈઓએ નહિ. મદન મહેતા કહે છેક ગરીબ ! દિક્ષીત કહે છેકા છેક ગરીબ; ત્રણ ત્રણ દિવસના કડાકા કરે એવો. મહેતા કહે અરેરેરે ત્યારે એવું શા માટે જોયું ? દિક્ષિત કહે એવું ન જોયું હોત તો ઘરે સારૂ ન મળત, અને વરે સારો ન મળત મહેતાની સ્ત્રિ કહે ભલે જોયું, મુરતિયો સારો છે તો વરમાંથી ઘર થશે આપણે જમાઇને ઘરજમાઇ કરીને રાખીશું; કે વેવાઇને બે લાખ રૂપિઆ આપીને આપણી બરોબર કરીશું.

વાતનું સમાધાન કરી દિક્ષિત પોતાને ઘેર ગયો. બિજે દિવસે સવારમાં મદન મહેતા ઓટલે બેઠા બેઠા દાતણ કરે છે તે વખત પેલો બ્રાહ્મણ

કાગળ લઇને આવ્યો. ભાઈ મદન મહેતાનું ઘર કીયું? મહેતા કહે તમારે શું કામ છે? બ્રાહ્મણ કહે મારે કામ છે તમે મને મદન મહેતાનું ઘર બતાવો ને? મહેતા કહે તમે આવ્યા કયાંથી? બ્રાહ્મણ કહે હું જુનાંગઢમાં સારંગધર મહેતા પાસેથી આવુ છું કે જે એક લાકડીએ આખુ ગામ હાંકે છે. મદન મહેતા કહે અરે સારંગધરની પાસેથી મારો દિક્ષીત કાલેજ આવ્યો અને તમને આજે મોકલ્યા તેનું શું કારણ? બ્રાહ્મણ કહે. લ્યો વાંચશો એટલે જાણશો! ક્રોધના આવેશમાં આપેલો કાગળ મદન મહેતાએ તર્ત વાંચ્યો. અને વાંચતાં અંગેઅંગમાં જવાળા લાગી. અરરર આવો કૃતઘ્નિ બ્રાહ્મણ! લાવ્ય જઇને સખ્ત સજા કરૂ.

મદન મહેતા—(અતિ ક્રોધથી) ના કહાવ ના કહાવ! નરસિંહને ઘેર મારે વિવાહ નથી રાખવો ના કહાવ! દિક્ષીત કહે છે શું!

(મદન મહેતા.) રાગ; ક્ષત્રિ કલંક.

ના કહે ના કહે! મ્હારે નહિ ચાલ આ વાર; અભાગીઆ તેં ઉંધુ માર્યું રે.

કર્યું ધુળધાણી ધિરેલું ધિક્કાર. અભાગીઆ. ૧
બોલ્યો જુઠુ જૂઠા બોલા નહિ સાચ; અભાગીઆ.
આપી અબળાને લેઇ આવ્યો લાંચ. અભાગીઆ. ૨

દિક્ષિત—ખોટી વાત; તમને કહેનાર કોણ?

મેહેતા—આ લખ્યું છે શું ફોઢ તારી આંખ; અભાગીઆ.
ગયો પરદેશ ને ખોઈ આવ્યો સાખ. અભાગીઆ. ૩
જેના ઘરમાં ખાવા ન મળે અન્ન; અભાગીઆ.
કાળો કદ્રુપો ને કોળી જેવો તંન. અભાગીઆ. ૪
ઢેડવાડામાં ઓચ્છવ કરવા જાય; અભાગીઆ.
તેને ઘેર મારી દિકરી દેવાય. અભાગીઆ. ૫
સોંપ્યું કામ તને બુદ્ધિ જોઇને પાક; અભાગીઆ.
આજે ઘસીને તેં વાઢયું મારૂ નાક. અભાગીઆ. ૬

કેટલો અવિચાર! શું ઢેડવાડામાં ઢોલકાં કુટનારને ઘેર રાજ્યના કારભારી મદન મહેતાનો સબંધ! શું કાળો કદ્રુપો, કોળી જેવો જેનો વર્ણ એવા નરની સાથે દેવકન્યાનાં લગ્ન!

(દિક્ષિત.) મરાઠી સાખી.

જુઠુ જુઠુ સરવે જુઠુ, જુઠો એ લખનારો;
સાથે કરેલી સહીઓ જુઠી, જુઠો કર દેનારો;
જુઠુ બોલો તમે, અણઘટતું કેમ કરીએ અમે. જુઠુ.

(મહેતા) સાખી ભવાઇની.

જુઠુરે જુઠુ જરૂર એ, પત્ર આ રહ્યો કરમાંય;
પણ ન્યાતે ન્યાત બહાર મુકીઓ, તેને કન્યા કેમ દેવાયરે;
હાંની હાં હાં રે તેને કન્યા કેમ દેવાયરે. હાંની હાંહાંરે.
આપણી હાંશી જગતમાં થાયરે. કરે ઓચ્છવ ઢેડને ત્યાંય રે;
લખ્યું દેખીને લાગી લ્હાય રે. હાંની હાંહાંરે.

દિક્ષિત—મહેતાજી શોચ ન કરશો, સહીઓના કરનાર સર્વને હું ઓળખું છુ. બધા નરસિંહ ઉપર સ્વાભાવિક વહેર ઝેર કરે છે, એ બધા જગત છે અને નરસઇઓ ભગત છે. જગત ભગતને અનાદી કાળથી આખ્ય વહેર ચાલતું આવે છે. વળી એમને ઘેર સંબંધ ન થયો અને નરસિંહને ઘેર થયો એટલે તો ઝેરમાં બાકીજ શી રહે.

મહેતા—દિક્ષિત આ કાગળ ઇર્ષા ભાવથી લખાયો છે એવી મારા દિલની ખાત્રી નહિ થાય; ત્યાં સુધી હું વિવાહ રાખવા ચહાતો નથી.

દિક્ષિત—તો ભલે હજી આપણે અહિંથી લગનીઓ મોકલવાનો છે તે કોઇ હોંશિયાર માણસને મોકલો; જે નરસિંહને ઘેર બે ચાર દિવસ રહે અને સઘળી બિનાથી ખબર લાવેઃ નરસિંહના ઘરમાં ખાવા નથી એ સિવાય બીજી કાંઈ ખોડ ખાંપણ આવે તો વિવાહ ભાગવો.

મદન મહેતાએ ચિઠ્ઠીમાં બે અક્ષર લખી બ્રાહ્મણને આપ્યા; સારંગધર મહેતાને માલમ થાય જે તમારા કાગળનો વિચાર કર્યો છે.

બ્રાહ્મણને વિદાય કરી લગનીઓ તૈયાર કર્યો. ભાઈ તારે જુનાગઢ જવું. નરસિંહ મહેતાને ઘેર બે ત્રણ દિવસ રહેવું, અને લખેલો કાગળ સત્ય છે કે અસત્ય તેની બરાબર તપાસ કરીને આવવુ.

સ્ત્રિ જાતીના સ્વભાવ પ્રમાણે મહેતીને નિરંતર વિવાહનીજ વાત ઘરમાં થતી હોયતો સારૂં એમ રહેલું, અને મહેતાને તો સંત સાધુની ટોળી મહેતાજીની રીતભાત દેખી એક વખત મનમાં બળી રહેલી મહેતી ગભરાઈ.

(મહેતી) રાગ. રે રસીઆજી.

જાણ્યા જાણ્યા તમારા ઢંગરે; વાલાજી.
પળે પળે વગાડો તાલ ચંગ. કાના કાલાજી. ૧
નવ દેખુ વિવાહના ઉમંગરે; વાલાજી.
ફર્યા જોગી વેરાગીના સંગ. નાના કાલાજી. ૨

ઓ ! મહેતા; આ સંત સાધુની ટોળીઓને ને આપણે કેમ ફાવે; આ પણે નાત જાત ઇજ્જત આબરૂ ઘર બાર પુત્ર પરિવાર, એમને તો "બાવા

ઉઠયા બગલમાં હાથ. ”

મહેતા--ખબડદાર ખબડદાર ! તારે મારા સાધુ સંતની ટોળીની કે તાલ કિડતાલની વાતજ ન કરવી.

મહેતી--હું તો ન કરૂં, પણ જો આવામાં લગનિયો આવે તો જરૂર વિવાહ ભાગે. દુનિયામાં ઇજ્જત તો ખોઈ.

રહે દુનિયાદારીમાં લાજરે; વહાલાજી.
આચર્યાં એથી ઉલટાં કાજ. નાના કાલાજી. ૩
આજે આવે લગનિયો ઘેરરે; વહાલાજી.
જુવે મહેતા તમારી પેર. નાના કાલાજી. ૪

મહેતા--અરે મદન મહેતાને ઘેરથી વિવાહ ભાગશે તો મારો શામળીઓલાલ કરશે ને કંઇકથી આવશે ગડતુ ગડતુ. મદન મહેતાને ઘેર કોણ કહેવા ગયું હતું.

મહેતી--પણુ તમારે ભજન નથી મુકવું કેમ ! ભજનની રીત્યે હશે કે નહિ હોય ! આખું ગામ ભજન કરે છે; કોણુ નથી કરતું; પણુ તમારાથીતો પ્રભુ તોબાહ ! જે ઝીણા ઝીણા મણુકાની તુળશીની કંઠી પહેરતાં હશે તેને ભગવાન નહિ મળતા હોય તે ભારા ને ભારા ગળામાં નાંખો છો ! હાય હાય ! લજવીતો માર્યાં.

જાણે વેડાયું તુળશીનું વંનરે; વહાલાજી.
નાંખી માળાઓ ઢાંકયું તન. નાના કાલાજી. ૫

મહેતા--બસ તારે મારી તુળશીની માળાની નિંદા ન કરવી !

મહુતી--ઓય હોય હોય હોય હોય હોય ! વળી મઈડ કેટલો છે. મિયાની ભેંસને ડોબુ ન કહેવાય ! એકલી માળાઓ બાળતા હો તોતો ધુળ નાંખી પણુ પાછા પગમાં ઘુઘરાને થન થન થન થન; થન થન થન થન; થન થન થન થન.

બાંધી ઘુઘરા ને નાચો પાગરે; વહાલાજી.
ગોપીચંદને ચિતર્યો વાઘ. નાના કાલાજી. ૬

આ મોટું ગાલ્લાના ચિલા જેવડું ટીલું ખેંચો છો, તે ઝિણી ઝિણી સળિયે ચાંહ્લો કરતા હશે એને ભગવાન નહિ મળતા હોય ?

મહેતા—ખબડદાર તને સો વખત સમજાવી પણ શરમ નથી ! તારે મારી માળાની કે ટીલાં ટપકાંની કે કશાની વાત ન કરવી.

(કવિ) મરાઠી સાખી.

આવ્યો લગનિયો લગન લેઇને, પુછે મહેતાજીનો ધામ;

દામોદરનું મંદિર ક્યાં છે ! ભક્ત નરસૈંઓ નામ;
ક્યાં છે માણેકબાઇ, જેને ઘેર કરી છે સગાઇ ? ક્યાં છે.

પરદેશી અને અજાણ્યા માણસનો અવાજ સાંભળી મહેતી બહાર આવ્યાં અને લગનીઆને દેખી પાછાં મંદિરમાં ધસ્યાં. ઓ ગાંડા ભાયડારે ખડખડીઆં રાખો ! મહેતા ચટ બંધ રહ્યા. શું છે ? મહેતી કહે લગનિયો આવ્યો. મહેતા કહે લગનિયો આવ્યો એટલે મારૂં ભજનજ બંધ રહે ! મહેતી કહે ઘડી તો બંધ રાખો પછી કુટજોને જનમારો. (લગનિયો આવી ઉમરા બહાર ઉભો રહ્યો.) મહેતી કહે ઉભા રહો હું ચાર બઇરાં બોલાવી લાવું; કારણ કે લગનિયાને વધાવવો પડશે. મહેતા કહે લગનિયાને વધાવવો પડશે ત્યારે ગાવું પડશે. મહેતા કહે તું વધાવે તો હું ગાઉ ને હું વધાવું તો તું ગાય; એમાં બઇરાનું શું કામ !

મહેતી કહે લાજો લાજો, અમારી બૈરાની વાતમાં અતિષે ડહાપણ ન કરવું, એમાં સાર નહિ કાઢો. (મહેતી બૈરાં તેડવા ગયાં.) મહેતાએ વિચાર્યું બિચારો દુર દેશાવરથી આવેલો થાકયો પાકયો ક્યાં સુધી ઉભો રહેશે. લાવ્ય આ ઠાકોરજીની આગળ ચોખા પડયા છે તેથી વધાવી લેઉ.

સવાશેર દોઢશેર ચોખાનો ખોબો ભરી લગનિયા ઉપર નાંખ્યો, અને હાથખેંચી ઘરમાં બેસાર્યો. કહો દિક્ષિત શું કરે છે, મદન મહેતા શું કરે છે !

તે વખત મહેતી પાંચ સ્ત્રિયો લઈ આવ્યાં. સ્ત્રિયો કહે તમે તો લગનિયો વધાવવાનો કહેતાં હતાં ને લગનીયો તો ઘરમાં બેઠો છે; કોને વધાવશો ?

મહેતી કહે બળ્યું બેન ! આ ભાયડાને પરણીને ઠરીને ઠેકાણે એકે દહાડો હું બેઠી નથી મેં તમને કહ્યું હતું શું ! ને તમે કર્યું શુ ?

તું નાંખત નવટાંક ચોખા ને મેં નાખ્યાં દોઢશેર ચોખા; હવે ગાવું હોય તો ગાઈ લ્યો મહેતી કહે ગાઇ મુકયું છે. અઢારે ઓરીઆ વિતિ ચુકયા છે તમને પરણી ત્યારના ! બળ્યું લાવ્ય હવે રસોઇ કરવા માંડુ, એમને છે જરાએ આબરૂ દાળ ચોખા લોટ તો ઘરમાં હાજર હતાં પણ ઘી ગોળના વાંધા હતા. ઘી ગોળ મહેતી પાડોશીને ઘેર ઉધાર લેવા ગયાં. બેન હાલમાં અમને થોડાં ઘી ગોળ ઉધાર આપો અમે કોઇ સેવકનું શીધું આવશે ત્યારે આપીશું. પડોશણ કહે લઇ જાઓ અમારે પાછું નથી જોઇતું. ક્યાં કુમાર્ગે જાય છે !

મહેતી રસોઇ કરવા લાગ્યાં અને લગનિયે રજા માગી. મહેતાજી રજા આપો તો ગામ જોઇ આવું ? મહેતા કહે હા જાઓ ગામ ઘણું સારૂ ને જોવા

લાયક છે. (ક્યારે અહિંથી જાય ને મારૂ ઢોલકું ચાલતું થાય.) લગનિયો ગયો ને મહેતાએ ઢોલ' ખખડાવ્યું. મહેતીએ ડોકીયું કર્યું; અરે પેલો ગયો કે આણે વેષ કાઢયો !

લગનિયો પડોશમાં પુછે છે. ભાઇ નરસિંહ મહેતાનું ઘર કેવું ? પડોશી કહે ઘર જ્ઞાતીમાં શ્રેષ્ટ, નાતનો શેઠ પટેલ. લગનિયો કહે વર ? પડોશી કહે વરમાં કાંઇ કહેવત નથી. લગનિયો કહે, કહેછે ને મહેતાને જ્ઞાતી બહાર મુકયા છે; સાચી વાત ? પડોશી કહે ખોટી વાત એ જ્ઞાતીના માણુસો ગમે તેમ ગપાટા મારે પણ મહેતાજી જ્ઞાતીની પરવાજ રાખતા નથી. શેઠાઇ નહિ પટલાઇ નહિ આધી નહિ પાછી નહિ, કાંઇ નહિ. લગનિયો કહે કહે છે ને ઢેડવાડામાં ઓચ્છવ કરે છે; એ ખોટી વાત ? પડોશી કહે ઢેડવાડામાં ઓચ્છવ તો નથી કરતા, પણ અમારા ગામમાં એક ઢેડ એવો વૈશ્નવ આવ્યો હતો; એટલો બધો આચાર વિચાર પાળનારો હતો, કે જેની બરોબરી એક વખત બ્રાહ્મણ પણ ન કરી શકે; એના કહેવાથી અને અતી આગ્રહથી ઢેડવાડાની નજીક સ્વચ્છ જગા કરાવી તુળશીનાં વન વવરાવી મહેતાએ કિર્તન કર્યું હતું; તે ઉપરથી નાગરોએ મહેતાને જ્ઞાતી બહારની સુચના કરી હતી. મહેતાજી જમવા ન ગયા પણ તે દિવસે જ્ઞાતિમાં એક એક નાગરને એક એક ઢેડ ને ઢેડના હાથમાં હાડકાં. આ બનાવ જોઇ નાગરો ચમકયા; અને આખરે મહેતાજીને માન્યની સાથે બોલાવ્યા, ત્યારે ઢેડ દેખાતા બંધ થયા. એવી પરમાત્માની એના ઉપર કૃપા છે. લગનિયો કહે એની પાસે પૈસા ખરા કેમ ? પડોશી કહે પૈસા નથી, તારે માટે લાવશી કરવા સારૂ એની બાયડી મારે ઘેરથી ઘી ગોળ ઉધાર લઇ ગઇ ત્યારે.

આ પ્રમાણે ઘણે ઠેકાણે પુછી ખાતરી કરી; બિજે દિવસે સવારમાં લગનિયે રજા માગી. મહેતાજી રજા લેઉછું ? મહેતા કહે હા આવજો પધારજો ! જ્યારે લગનિયાને વિદાયગિરીમાં કાંઇ ન આપ્યું ત્યારે નિરાશ થયો. મહેતીના કહેવાથી મહેતા ગામની ભાગોળ સુધી લગનિયાને વળાવા આવ્યા. મહેતી પણ સાથે આવી. લગનિયે જાણ્યું કંઇક આપશે ખરા. લ્યો મહેતાજી ઉભા રહો ! મહેતા કહે હા આવજો પધારજો ! મહેતી કહે આજે આબરૂના કાંકરા થયા, વેવાઇ પુછશે શું દક્ષણા આપી તે વખત કહેશે કાંઇ નહિ, ત્યારે વેવાઇને ખ્યાલ થશે કે નરસિંહના ઘરમાં ખાવા નથી.

મહેતા કહે આપવું પડે તો આપું પણ તું મને પેલી તાળી ખખડાવવાની ના કહે છે એમાં જે છે તે છે, મહેતી કહે જાઓ ખખડાવો !

રજા મળતાંજ મહેતાજી ઉછાળા મારતા દોડયા અને દોઢમાથોડુ ઉંચેથી તાળલઇ ખખડાવા મંડયા. તાળના રણકાની સાથે લક્ષ્મિજીને ખખડીને દાંત આવ્યા કે મોંમાંથી રત્ન નીકળી ચોક વચ્ચે આવીને પડયું. મહેતા હાથમાં લઇ દોડયા. લગનિયા ભાઇ ઉભા રહો ? લગનિયા ભાઈ ઉભા રહો ! લ્યો. લગનિયાના હાથમાં રત્ન મુકયું. ન લગનિયો પારખે કે ન મહેતા પારખે. લગનિયો વિચારે છે અરેરેરે ! રૂપા મોહોર પણ નહિ. આ કાચનો કકડો છોકરાને રમવાનો લકટો. કાછીઓ; અરેરે ફેરો ફોગટ ગયો. ફિકર નહિ આપણે તો મદન મહેતાની પાસેથી બમણી દક્ષણા લેઈશું, પણ આ શોભા વેવાઇને બતાવવી તો ખરી, ચિંથરે બાંધી પાઘડીમાં ખોસ્યું.

વડનગરમાં આવી પહોંચ્યો, મદન મહેતા કહે નમસ્કાર ! ભાઈ મસ્કાર, કેમ વિવાહ રાખવો કે ભાગવો ! લગનિયો કહે ઘર સારૂ, વર સારો અને જે કાગળ લખ્યો હતો તે તુત, મેં પેરવી બરાબર કરી છે. કાગળની સહીઓવાળા બધા મિજાજના ફરેલા છે અને બિચારા હરીજન મહેતાને કશા લેખામાં ગણુતા નથી. ફકત એટલુંજ કે પૈસા નથી; એવો ગરીબ છે કે મારે માટે લાવશી કરવા ઘી ગોળ પાડોશીને ત્યાંથી માગી લાવવાં પડયાં; પાસે પાઈનું ઠેકાણું નથી.

મદન મહેતા કહે અરેરેરે આવો છેક નિર્ધન માણુસ મારૂં આંગણું શું દીપાવશે. અરેરેરે મારે ઘેર રાજા આવશે વેવાઇની મુલાકાત લેવા માગશે તો હું શું જવાબ આપીશ; અરેરેરે હરીજન છે એટલે વ્યહેવારીક બુદ્ધિ તો કયાંથીજ હશે ! તમને કાંઇ દક્ષણા આપી ! લગનીઓ (ગાંઠ છોડતો જાય છે.) કહે હા આપ્યો છે એક કાચનો કકડો ! મદન મહેતા કહે અરે હાય ! મને કયાં કુબુદ્ધિ સુજી કે મેં પેલા દિક્ષિતને મોકલ્યો ! લગનિએ રત્ન હાથમાં આપ્યું.

મદન મહેતા કે જેના હાથમાં હજારો રત્ન આવી ગયાં છે ! અરે તમો બંને આંધળા છો કાંઇ જોતા નથી. ઝવેરીને બોલાવો ! ચાર ઝવેરી આવી હાજર થયા, જેમને પેલું રત્ન કિમ્મત કરવા આપ્યું.

(ઝવેરી) દોહરો.

તોલ ઉચકયું કાંટે ઘાલી, સત્ય કહું આ વાર;
જો હોય તમારે વેચવું, આપુ ચૌદ હજાર. સિયાવર.

મદન મહેતા વિચારે છે, અરેરેરે આ શો ગજબ. લગનિયાને ચૌદ હજાર રૂપિયા દક્ષણા ! અરે જેટલા રૂપિયા ત્યાંથી આપ્યા હોય એટલાજ બિજા ઉમેરીને મારે આપવા પડે; અને વેવિશાળના કરમાં એક રૂપિઆથી પગલું મંડાય; વળી ગ્રહસ્થ હોય તો બેથી પગલું માંડે; પણ જેણે ચૌદ

હજાર રૂપિયાથી પગલું માંડયું, એ મારા છાપરાના નળિયાં શી રીતે રાખશે ! દિક્ષિત ! ના કહાવ ! ના કહાવ ! મારે વિવાહ નથી રાખવો; હું નિર્ધન માણસ આવા ધનવાનને પુરો નહિ પડું. અરે લગનિયાને ચૌદ હજાર રૂપિયા દક્ષણા, તો એને ઘેરથી કોઈ કન્યા જોવા આવે તો મારે અઠાવીસ હજાર રૂપિયા આપવા પડે.

(મદન) રાગ; ક્ષત્રિકલંક.

ના કહે ના કહે ! મારે વિવા કરવો ફોક, પુર શી રીતે એનું પડશેરે ?
જોઈએ બમણું દેવા જોવા આવે કોક. પુરૂ. ૧
*આના પ્રમાણે એ લાવશે સાજન; પુર.
મેલી ઘર ગામ જાવું પડશે વન. પુર ૨
જોયો નિર્ધન પણ હશે એ શ્રિમંત; પુર.
કરો રદ વિવાહ ખરી રાખી ખંત. પુર. ૩
હું તો અલ્પ પ્રાણી એ છે ધનવાન; પુર.
મોંઘા થાય ઘર દેઉં કન્યાદાન. પુર. ૪
માટે વિલંબ ન કરશો જરાય; પુર.
મુજ પામરથી પુરૂં નહિ થાય. પુર. ૫

લગનિયો—મહેતાજી અવળા વિચાર કર્યા કરો છો ! નરસિંહ જેવો વેવાઈ શોધ્યો મળવાનો નથી.

ગિતિ

દાસ હરિનો એ છે, પ્રભુ આવશે જાન માંહી જોડે;
કરશે ખર્ચ મન માન્યું, હરી નિરખો ને કન્યા દો કોડે.

(દિક્ષિત) રાગ, પામ્યો પ્યારી મનમાની.

મહેતો નરસઇઓ નામી, છે ઉત્તમ ગુણનો સ્વામિ,
નહિ લોભી કપટી કામી, હરનિષ જપે બહુનામી,
સંસારી પણ એ ભક્ત, જેને જાણે બાધુ જગ્ત.
ઘરમાં નહિ ખાવા કાંય, જેને વશ ત્રિભોવનરાય;
જુગજીવન આવે જાને, જેને ખોટ નહિ ખજાને,
બળવંતો રીઝે બહાને,
માટે મન ચિંતા છાંડો, જુઠીનો વિવાહ માંડો. મહેતો.

મદન મહેતા કહે દિક્ષિત મારી પાસે સાત લાખ રૂપિયા છે તે ખર્ચતાં મારી આબરૂ રહે એમ મને લાગતું નથી. દિક્ષિત કહે મહેતાજી, ત-

* રતનની કિમ્મતના પ્રમાણમાં.

મને સાત લાખ શું સાત હજારે ખર્ચ નહિ થાય, ધિરજ રાખો.

જ્યારે લગનના થોડા દિવસ બાકી રહ્યા ત્યારે મહેતાએ ભગવાનને કંકોત્રી પહોંચાડવા દ્વારીકાં જવાની તૈયારી કરી. મહેતી કહે કેણી પાર તૈયારીઓ કરી ! કયાં જાઓ છો ? મહેતા કહે જઇશું ભગવાનને કંકોત્રિ આપવા દ્વારીકાં. મહેતાને જોઇ સટાક ચોરાના નાગરો બોલ્યા. પ્રલયશંકરભાઇ નરસઇઓ ટીલવો આવ્યો. કેમ નરસિંહ; કયાં ? નરસિંહ કહે જઇશું કંકોત્રિ આપવા તારાપ્રસાદ કહે શાની કંકોત્રિયો ? મહેતા કહે શાની કેમ આ શામળિયાનું લગન થડમાં આવ્યું તેની. તારાપ્રસાદ કહે હં શામળિયાનુંએ થડમાં આવ્યું ને તહારૂએ થડમાં આવ્યું. મહેતાજી ગણુગાર્યા વિના ચાલ્યા ગયા.

જુનાગઢ બહાર જઇ મહેતાજી વિચાર કરે છે. દ્વારીકાં જઇશું. ગોમતિમાં નાહિશું; ગોવિંદ ગુણ ગાઇશું, હરી કિર્તન કરીશું; મંદિરે મંદિર ફરીશું, અને ભગવાન દેખશે કે તર્ત કહેશે મારો નરસઇઓ ! મને બાઝશે એટલે હું એમને એવો બાઝીશ કે છોડીશજ નહિ. (ખાલી બાથ મારીને આંખ મિચિ.)

સવારથી સાંજ પડી ત્યારે ભગવાને કહ્યું ગરૂડ ! જુનાગઢની ભાગોળમાં નરસઇઓ મને બાથ મારીને ઉભો છે; તેને લાવી ગોમતિને તિરે હાજર કરો ? ગરૂડે આવી ચાંચમાં પકડી પાંખ ઉપર બેસારી ગોમતીને તિરે હાજર કર્યો. સવાર થતાં જ્યારે નરસિંહની આંખ ઉઘડી ત્યારે ગોમતિનો કિનારો દીઠો. અહોહોહો, હું તો ઉભો હતો જુનાગઢમાં અને મને લાવીને અહિં મુકયો, ત્યારે એમને આવવાની દાનત ખરી; મારે આગ્રહ નહિ કરવો પડે.

મહેતાજી નાહીધોઈ પરવારી હરી કિર્તન કરતા ચાલ્યા. દેવ દર્શન કરે છે, મંદિરે મંદિર ફરે છે, એમ કરતાં પંદર દિવસ થયા પણ કંકોત્રી સાંભરતી નથી. એક વખત પ્રભુ બહાર સિંહાસન નાંખી બિરાજ્યા છે. અને નરસિંહ પાંચસે માણસ પાછળ લઇ પગમાં ઘુઘરા બાંધી થૈઇકાર કરતો આવે છે.

(નરસિંહ) રાગ, જબરી જાદુગિરિ.

ભજો રાધે રાધે ભજો રાધે, ભજ મન રાધે ગોવિંદ રાધે ગોવિંદ;
નાહ જીવ જાય અમૃત ખાધ્યે, ભજ મન રાધે ગોવિંદ રાધે ગોવિંદ.
રામ ગોવિંદા રટો નિરંતર, જો ચાહો કલ્યાણ;
સર્વ વૃત્તિયો સ્થિર કરીને, ભજી લ્યોને સારંગપાણરે. ભજ મન૦
કામ ક્રોધ મદ લોભ ગર્વ છજી, સઘળા પામે શાન્ત;
માયાની ધ્રુમણા ભાગે, જો ભાગે મનની ભ્રાન્તરે. ભજ મન૦

શ્રિકૃષ્ણ—નરસિંહ આમ આવ ?

નરસિંહ—(હાથ જોડીને) આવ્યો કૃપાનાથ.

ભગવાન—અલ્યા ક્યારનો આવ્યો છું ?

નરસિંહ—આપજી પંદર દિવસથી આવ્યો છું ને !

ભગવાન—પંદર દિવસથી આવ્યો છું ને મને તો આજેજ દેખા દીધી.

નરસિંહ—મને શી ખબર કે નહિ દીઠો હોય ? રોજ દર્શનમાં આવું છું ને!

ભગવાન—હજારો માણસના ભેગો આવતો હઈશ ને જતો હઈશ એમાં હું તને શું દેખું.

નરસિંહ—સત્ય છે, તમે સર્વને દર્શન દેવા બેઠા છો એટલે સર્વ તમને દેખે; તમે કાંઈ દર્શન કરવા બેઠા છો કે બધાને દેખો ?

ભગવાન—ઘેર સૌ સારૂ છે ?

નરસિંહ—હા ! આપની કૃપા છે ત્યાં સુધી.

ભગવાન—બાયડી *સધરી ?

નરસિંહ—ચાલ્યાં જાય છે.

ભગવાન—અલ્યા કુંવરને પરણાવીને શામળિયાનું કાંઈ ધાર્યું.

નરસિંહ—લ્યો લ્યો લ્યો ! ઘડીમાં માથાના ફાળીઆમાં, ઘડીમાં કેડમાં, ઘુંજામાં હાથ ઘાલતો જાય છે. હું તો કંકોતરી આપવા આવ્યો છું ને. (લગ્ન પત્રિકા કાઢી ભગવાનના ચર્ણમાં મુકી.)

ભગવાન—(વાંચીને) અલ્યા નરસઇઆ હવે દિવસ થોડા રહ્યા.

નરસિંહ—આડી રાત રહી હોય તોય મારે શો ઉજાગરો છે. તમે જાણો તમારો છોકરો જાણે ને તમારો વેવાઇ જાણે. મેં તો આ લીધી કિડતાલ.

રાધે રાધે ગોકુળમાં ગોવિંદ રાધે,
રાધે રાધે ગોકુળમાં ગોવિંદ રાધે;
રાધે રાધે ગોકુળમાં ગોવિંદ રાધે,

નાના નટવર રાધાકૃષ્ન, ઓ મારા નાથ રાધાકૃષ્ન;
ઓ મારા નાથ પકડો હાથ, અહલ્યાના ઓધારણ નાથ.
પાતત કેરા પાવન નાથ, અનાથોના છોજી નાથ.

રાધે રાધે ગોકુળમાં ગોવિંદ રાધે.
રાધે રાધે ગોકુળમાં ગોવિંદ રાધે.

ભગવાન—નરસિંહ તું જા ! જુનાગઢ

નરસિંહ—તમે કયારે આવશો ?

---

*તારા નામ સ્મર્ણમાં કાંઈ વિક્ષેપ કરતી બંધ થઈ?

ભગવાન--હું પછીથી આવીશ.

નરસિંહ—તમારૂં ડગલું આગળ ને મારૂં ડગલું પાછળ.

ભગવાન--એમ ન બને, હાલ તું જા, તારી સાથે ઓધવ અક્રુરને મોકલુંછું વળી દશ ઘોડેસ્વાર જાદવ મોકલુંછું. જે જે સાહિત્ય જોઇશે તે ભક્ત ઓધવ અક્રુર મારૂં નામ દઇ તૈયાર કરશે, અને જ્યારે તું વરઘોડો ચઢાવીને ગામ બહાર આવે ત્યારે મને યાદ કરજે, હું હાજર થઇશ.

લે પહેર આ કસબી કોરનું કેશરી પિતામ્બર. ધાલ્ય માથે હીરારત્ન જડિત્ર સોનાનો મોરપિંછવાળો મુગટ, અને ધારણ કર આ મોતીની માળાઓ.

નરસિંહને ગમતી વાત નહિ પણ ભગવાનની પાસે બોલાયું નહિ અને પ્રભુ પ્રસાદી જાણી સઘળું ધારણ કર્યું. મોતીની માળાઓ ઉપર થોડી તુળશીની પણ ઘાલી અને ગોપીચંદનનાં ટીલાં તાણ્યાં. મહેતાજી રથમાં બેઠા, ઓદ્ધવનું મોઢું ઉત્તર તરફ અને અક્રુરનું દક્ષિણ તરફ, મહેતાજી આગળ. હાંકનાર ધુંસરા ઉપર અને આગળ દશ ઘોડેસ્વાર.

વિરંચીપ્રસાદ કહે સારંગધર કોઇ દરબાર આવતો લાગે છે. (ઘોડેસ્વારને;) ભાઇ કોણ છે તમારા રથમાં ? (મહેતા સામી નજર પડી.) અલ્યા નરસઇઓ ટીલવો ! મારા બેટાને લોક ગાડીમાંય બેસારે છે તો !

(કર્તા.) રાગ; ગુજરી.

મોર મુગટ પિતાંબર પહેરી, બેઠો રથની માયરે;
સ્વાર શોભિતા ને રથને દેખી, નાગર ચમક્યા ત્યાંયરે. ૧.
મૂર્ખ જનોએ કરી મશ્કરીઓ, જોગી તું ક્યાં જઇ આવ્યોરે.
ભોળા જનને નાંખી ભભુતિ, પોશાગ પહેરી લાવ્યોરે. ૨.
મોંઢું વિલુ ને તેંતો તાણીચું ટીલું, અલ્યા ભોળવવા બેઠો જગતરે;
હાથમાં માળાને તારા પેટમાં લ્હાળા, અલ્યા જાણ્યો નરસઇઆ ભક્તરે. ૩.
નરસિંહ મહેતા નામ ન બોલે, સાંભળે સઘળું કાનરે;
નગ્ર લોક કેમ અવળું બોલે, કહોને શ્રી ભગવાનરે. ૪.
મનુષ્યનું બોલ્યું મનમાં ન લઇએ, વિઠ્ઠલ સાથે વહાલરે;
ભક્ત જગતને શત્રુતા સાચી, આદી અનાદીનો ચાલરે. ૫.

નાગર—ભગત જગતકુ ઠગતહે, જગત રેહત જખમાર;
નરસિંહ—જગત ઠગે જે ભક્ત જન, તે પામે ભવપાર.

ઓધવ કહે ભક્ત શિરોમણી નરસિંહ મહેતાજી ! ગામમાં આબરૂ તો સારી દેખાય છે ! મહેતાજી કહે અરે આપ જ્ઞાની થઈ અજ્ઞાની કેમ થાઓછો ! જ્યાં આબરૂનો ખપ છે ત્યાં કેટલી છે તે તો વિચારો ! આ

નિર્ભાગિના મોં આમળ આગરૂ હોય તોય શું ને ન હોય તોય શું ? એ-
દ્ધવ કહે પણ મહેતાજી તમને તિરસ્કાર કરતાં એમની જીભ કેમ ઉપડે છે !

(નરસિંહ) પદ; રાગ; જે દુઃખ થાય તે થાજો.

બુદ્ધિ વિનાના છો બળતારે,. હું નહિ છોડુ હરીને.
સેવા દેવા વિના સાતે ઉછાળો; બુદ્ધિ દેખાડે છે ખળતારે. હું નહિ. ૧
પૂન્યને મારગ પગલુ ન માંડે; પાપના પોટલા રળતારે. હું નહિ. ૨
સાધુ સંતનો સાથ ગમે નહિ; ભૂવાની ટોળીમાં ભળતારે. હું નહિ. ૩
મહાજન દેખીને મૌન્ય રહે નહિ; અંધા એ હાથ ઉછળતારે. હું નહિ. ૪
કાચા પોચાને તો જાએ કરડવા; લાંઠને દેખીને લળતારે. હું નહિ. ૫
અસલની વાતમાં શ્રવણ ધરે નહિ; આમની ચોરીમાં ચળતારે. હું નહિ. ૬
એમિમાં બળશે એ ભૂંડે હવાલે; બાપુ કહે કળકળતારે હું નહિ. ૭

(ઓદ્ધવના મનનું સમાધાન કરતા મહેતાજી ઘેર આવ્યા.)

મહેતાજીની સંગે તેર માણુસ જોઇ મહેતીજી ઉકળ્યાં. મહેતી કહે આટલા બધા ભાયડા ક્યાંથી લાવ્યા ? મહેતા કહે છાની રહે ! છાની રહે સાંભળશે ! મહેતી કહે સાંભળશે તો શું થઇ જશે; કાંઇ એશિયાળ એ-શિયાળ છે કે શું ? કાંઇ પોટલા ઓટલા પછાડે છે કે શું ! મહેતા કહે તું ઓળખતી નથી ! મહેતી કહે મારે ઓળખીને શું કામ છે, હશે ત-મારા જેવા વેરાગીને વેરાગી. મહેતા કહે છાની રહે એતો વેવાઇનાય વેવા-ઇના ઘરના. વેવાઇનું નામ સાંભળી મહેતી ખુશી થયાં અને જોઇતી સઘ-ળી સાહિત્ય હાજર કરવા માંડી. બિજે દિવસે મહેતાએ મહેતીને પુછ્યું શું શું જોઇએ ? મહેતી કહે વડીઓ પાપડ ને શેવો પ્રથમ જોઇએ. મહેતા કહે તૈયાર જોઇએ ? મહેતી કહે ના ના અમે પાંચ બાઈડીઓ બેસી મુ-કીએ એવું જોઇએ. મહેતા કહે ઓદ્ધવજી મહેતીનું મન વરતો ને જોઈતી ચિજ હાજર કરો ! ઓદ્ધવે ઇશ્વરસ્મર્ણ કર્યું કે અંત્રિક્ષથી ચોળાના પિઠાનાં તૈયાર તપેલાં ઉતર્યા; મહેતી મેલ્લાની સ્ત્રીઓ એકઠી કરી વડીઓ મુકવા બેઠાં.

(કવિ) ગિતિ.

+પહેલો કાગળ પહેલો કાગળ. પુષ્કર મધ્યે મોકલ્યોરે,
પુષ્કર મધ્યે પુષ્કર મધ્યે, બ્રહ્માજીને નોતરીરે;
આપણ ઘેર આપણ ઘેર, શામળશાના લગ્ન,

+ બીજો કાશીમાં વિશ્વનાથને, ત્રિજો મેવાડમાં શ્રીનાથજીને, ચોથો ગયાજીમાં ગદાધર ભગવાનને; પાંચમો પાવાગઢમાં માતાજીને, છઠ્ઠો દ્વારીકા-માં દ્વારકાધિશને અને સાતમો ડાકોરમાં રણછોડરાયને લખવો.

તેની વરઘોડામાં વહેલા પધારજોરે.
તમ આવ્યે તમ આવ્યે રૂડાં વાનાં નિપજેરે;
તમ આવ્યે તમ આવ્યે પડે પકવાન. તેની, ૧
તમ આવ્યે તમ આવ્યે તાળાં કુંચી ઉઘડેરે;
તમ આવ્યે તમ આવ્યે ખુલે ભંડાર. તેની. ૨

તિજે દિવસે મહેતાજી કહે ઓદ્ધવજી આજે તો વરઘોડો ચઢાવાનો દિવસ છે. ઓધવ કહે શું શું જોઇએ ? મહેતા કહે શું શું જોઇએ એ તો દૈવ જાણે. ઓધવ કહે શું શું જોઇએ એ અમો જાણુંએ છીએ પણ કેટલું કેટલું જોઇએ ? મહેતા કહે શું શું જોઇએ તે તમો કહો ! ઓધવ કહે ગાડીઓ, ઘોડા, બગીઓ, પાલખીઓ...મહેતા કહે બસેં પાંચસેં ઘોડા કરો ? બસેં પાંચસેં હાથી કરો ! બસેં પાંચસેં પાલખી કરો !......મહેતાજીના કહેવા પ્રમાણે રત્ન જડિત્ર સોનાની અંબાડિયોના હાથી, સોનેરી માંજરવાળા જરીની કલગિના ઘોડા; ખરાં મોતિની લટકતી સોનેરી પાલખીઓ વિગેરે સર્વ સાહિત્ય ઓધવજીએ તૈયાર કરી.

નરસિંહ મહેતાને આંગણે ધામધુમ જોઇ સાતસેં નાગર સટાક ચોરે ભેગા થયા. મણિધરપ્રસાદ કહે સારંગધર ! આ મારા બેટાએતો ઠેઠ સુધી વેષ ભજવ્યો ઠેઠ સુધી, સારંગધર કહે ભજવવા દો ભજવવા દો તોરણેથી વર પાછો આવવાનો છે, તોરણેથી ! તમે કેમ ઉંચા નિચા થાઓછો મારો મદન મહેતા ઉપરનો લખેલો કાગળ મિથ્યા જાય કે ? તૃષ્નાપ્રસાદ કહે સારંગધર કદાચ નરસિંહ આપણુને નોતરે તો આપણે કેમ કરવું ? સારંગધર કહે જે વખત શામળિયાનો વરઘોડો સટાક ચોરાની પાસે થઇને જાય તે વખત આપણે અવળાં મોઢાં રાખી ઉભા રહેવુ; વરઘોડા સામું પણ જોવું નહિ. સટાક ચોરેથી નિચે ઉતરે એ જ્ઞાતિ બહાર રહે, કરો એકડા ! કાગળ મંગાવી ઠરાવ લખ્યો કે નરસિંહના દિકરા શામળશાના વરઘોડામાં જોવા પણ જાય ! તે જ્ઞાતિ બહાર રહે ! ઠરાવ લખી નિચે સહીઓ કરી; કુલ સાતસેં સહીઓ થઇ, સહીઓના કરનાર તો સટાક ચોરે બેઠા છે તેજ; વૃદ્ધ અને જુવાન બાળકો કાંઈ સહીઓ કરવા આવ્યા નથી. પંદરથી પચીસની ઉમ્મરના બસેં જવાનિયા છોકરાનું ટોળું નરસિંહને ઘેર જઈ ચઢયું. નરસિંહ કાકા નરસિંહ કાકા, આ હાથી ને પાલખીને એ બધું કોને માટે ? નરસિંહ કહે જે બેસે એને માટે, તમે બેસો તો તમારે માટે ! નાગર બાળકો કહે મહેતાજી શુ કરીએ અમારા બાપે તો એકડા બાંધ્યા છે ! મહેતા કહે શેમાં ? અરે શેમાં શું સટાક ચોરે ઠરાવ થયો કે શામળશાના વરઘોડામાં જનારને જ્ઞાતિ

બહાર મુકવા. નરસિંહ કહે એકડા કર્યા હશે તો ઘોઇને પીશે, તમે બગડાવાળા હેંડો મારી જોડે. નાગર બાળક કહે નરસિંહ કાકા આવીએ તો ખરા પણ...કુંચી કૃષ્ણજીને હાથ કની ? અરે વસ્ત્ર અને ઘરાણાં બાપના કબજામાં કની ! નરસિંહ કહે જેવાં જોઇએ એવાં વસ્ત્ર ઘરાણાં અહિંથી લ્યો, ને ચાલો ! જો એમ થતું હોય તો બાપનો ભાવ પુછીએ એવા નથી. નરસિંહ કહે ઓધવજી ! આ નાગર ગ્રહસ્થના બાળકો પહેરે એવાં વસ્ત્ર ઘરાંણાં તૈયાર કરો ! મહેતાજીના કહેવા પ્રમાણે સર્વને મન ગમતાં વસ્ત્ર ઘરાણાં આપી પ્રસન્ન કર્યા. સર્વે તૈયાર થઈ ઘોડેસ્વાર થયા. એકાદો ગયો સટાકચોરે. સારંગધર કહે ઉતર ગઘેડીના હેઠો ! તામસરાય કહે સંભાળીને બોલો ! નથી ઉતરતા શું કરશો ? સારંગધર કહે શું કરશો ! બચ્ચા જ્ઞાતીબહાર રહેશો ! જો તારા બાપનો કરેલો એકડો. મારા બાપે એકડો કર્યો છે કંઇ મેં કર્યો છે ? પાવકપ્રસાદ કહે તારા બાપે કર્યો, એ તારી સાત પેઢીએ કર્યો. તામસરાય કહે મને એકલાને ન્યાત બહાર મુકશે ! મારી જોડે બીજા બસેં છે. સારંગધર કહે કયાં છે બસેં ? એટલામાં વારાફરતી સર્વે ત્યાં આવ્યા. સારંગધર કહે ખબરદાર બધા હેઠા ઉતરોછો કે નહિ ? ચાર મોંમાર બોલ્યા, નથી ઉતરતા ! સારંગધર કહે પછી પસ્તાશો ! આ ન્યાત તમને નાત બહાર મુકશે. રસિકલાલ કહે જ્ઞાતિબહાર મુકશે તો અમે બસેં નું તડ નોખું કરીશું; પણ શામળની જાનમાં જઇશું, દુધ સાકરનાં મિષ્ટાન ને ઘીનાં પકવાન ખાઇશું, સરખા સરખા મિત્રો સાથે રહીશું; ઇચ્છાપુર્વક વાહન ઉપર ફરીશું; દેશ પ્રદેશના માણસોની મુલાકાત કરીશું, અતી લ્હાવો લેઇ આનંદમાં ફરીશુ, તરેહ તરેહની રમતો રમીશુ ને ભૂખ લાગશે ત્યારે જમીશુ. તમે અહીં બેઠા બેઠા શામળના વરઘોડાની ધુળ ઉડે એ નવટાંક પાસેર તમારા ભાગ્યમાં આવે એ ફાકો !

સર્વેના ગયા પછી મોહનરાય કહે સારંગધર ! છોકરાંતો જશે; અને કંઇ બસેં છોકરાને જ્ઞાતિ બાહેર મુકાશે ? સારંગધર કહે રામ રામ કરો બસેંને જ્ઞાતિ બહાર મુકયા પછી ન્યાતમાં રહ્યું એ શુ ? ઉર્મિપ્રસાદ કહે કેમ આશાપ્રસાદ આપણે કેમ કરીશું ? આશાપ્રસાદ કહે આપણેય ચાલો. હરીરાય કહે આપણે તો એકડા કર્યા છે ને ? સારંગધર કહે " હાથે સ્થાપવું ને હાથે ઉથાપવું. " એકડાનું કાગળીયુ ફાડી નાંખો.

સારંગધરે કાગળિયું ફાડી નાંખ્યું. ઠરાવ રદ છે ઠરાવ રદ છે. સૌ નરસિંહને ઘેર *સગા થતા ગયા. નરસૈયા મને ઓળખ્યો ? નરસિંહ કહે

*સગપણનો નિયમ એવો છે કે-આપણી સારી સ્થિતિ હોયતો દુરનો સગો થડમાં સગાઈ બતાવે; અને નબળી સ્થિતિ હોય તો થડમાંનો સગો દુર સગાઈ બતાવે.

હા તમારૂ નામ મૉજીલાલભાઇ. મૉજીલાલ કહે અરે મૉજીલાલભાઇ તો ખરા ! પણ સગાઇ જાણુંછ ? મહેતા કહે સગાઇ......મૉજીલાલ કહે ભૂલ્યો ખરો ? અલ્યા તારા વડવાની ફુઇ એ મારા વડવાની કાકી. કોઈ ફુઇનો કોઈ માશીનો કોઇ મામાનો કોઇ સસરાનો એમ સર્વે સગા થતા આવ્યા. જાનમાં જમવાનું સુખ પડશે જાણીને ઘરમાંથી ઘરડા આવ્યા; નરસિંહ નાત જાત તો તજ્યા છીએ પણ અમારે ઘડપણમાં ભગવાનની ભક્તિ કરવાનો વખત અને તું ભગવાનનો ભક્ત માટે તારા છોકરાની જાનમાં આવીશું. ત્યાર પછી ગ્નાતીની સર્વ અને પરજ્ઞાતીની અનેક સ્રીઓ આવી. વરઘોડો ચઢયો.

વરઘોડો.

શામળ વર ઘોડે ચઢીઆ; દંદુભિ ગગન ગડગડિયાં.

શામળશાવર ઘોડે ચઢીઆ, દેવ દંદુભિ ગગને ગડીઆં આનંદના અર્ણવ ત્યાં અડીઆ, નરસિંહ દ્વારે, નગ્ર લોક સૌ દોડમદોડા કરે બજારે, જોવા બેસવા જગાઓ ખોળે, ચકલે ચૌટે શેરી પોળે, ઓળા ઓળે ઝાકમ ઝોળે, ફરે ફંદમાં કંઈક છંદમાં, વળી કંઈક ઉભા વનિતા વૃંદમાં.

જુવો ઝાડ આ દિસે ધ્વજાનું, પ્રૌઢ પતાકા નિશાન ડંકો, ગાજે ગગનમાં, વગાડનારો બેઠો મગનમાં, ચઢી સાંઢય પર અક્કડ થઇને નિશાન છડી બેઉ ખભે લેઇને પોકાર કરતા ધિમે પગલેથી સંચરતા, ચારટ બગીઓ ઘોડા ગાડી, રોઝ બળદ બકરાંની ગાડી, રાવત દોરી ચાલે અગાડી, પાછળ આવે મનહર મેના, જોઇ શોભાને હરખે નેના.

મદ ઝરતા સંચરતા હાથી, અમુલ્ય ઓપી રહી અંબાડી, દોડે છોકરાં તાળી પાડી, ભસે કુતરાં મોહુ ફાડી, ગળે ઘંટ લટકયા છે ભારી માવત બેઠો અંકુશ ધારી, ઉપર બે બાળાની સ્વારી. શત પંચ પાલખી ઉચકી પાળા કરતા ચાળા ને કાંઇ ટાળા, માંહી બેસારી સુંદિર બાળા, રાજકુંવર સમ રાય રૂપાળા ચાલે હજારો પંખાવાળા, ખરાં મોતીની ઝુલો ઝળકે લોલક લળકે ચંદ્રબિંબ ચારેગમ ચળકે.

સુત નાગરો સખણા રહે નહિ, કોઇ કંઇ કહે નહિ, મારી ઉછાળા મોતી તોડે, બેસે કોડે પટકે પૃથ્વિ આવે પગમાં, નરસિંહ કિર્તિ ચાલી જગમાં, તાસાં નગારાં ઢોલો ઢમકે નાદ સુણીને ઘોડા ચમકે, પગે બાંધેલા ઘુઘર ઘમકે, હેમ કટારી હાથ લેઇને આરબ ઘુમે, છરા પટા લઇ મલ્લ ઝઝુમે, ખરે પછી ખોંખારે ઘોડા, કુંદન ઝુલ્યો હિમ અછોડા, લક્ષ ટકાની લગામ ખિંચી, હાકે જોરમાં આંખો મિચી. અબલખ અરબસ્તાની ઘોડા;

ભૂરા કાબરા કાબુલ ઘોડા, સોરઠના છે સુંદિર ઘોડા, જગમાં જેના ન મળે જોડા, નાગર બાળો સાબેલા થઇ કરે ઉમંગે દોડમદોડા.

ક્રોડ મહોરની નિરખી વાડી, ઝાડી ધાડી, ઘણા પુષ્પની આડયો કાઢી ચંપા ચંબેલી ગુલાબ ગોટા, કમળ કેવડો દીસે ન ખોટા, જુઈ જાઈ માલતી મલીઆગર ને ખિલ્યો મોગરો ન મળે ટોટા, મણી માણેક પરવાળા મોતી, હીરા જડયા જેમ દીપે જ્યોતિ; ઉડે ફુવારા અસંખ્ય ધારા, ચોમેર ચાલે રક્ષણ હારા, હટો હટો કહી આઘા કાઢે, ગરજી ધાડે શબ્દે ત્રાડે, ગોલા ઘાંચી રાવત દરજી ડબઘર મોચી, ખવાસ ખરાદી તઈ તંબોળી, રાવળીઆ કડીઆ ને કોળી, વાડી લુંટવા ફરતી ટોળી.

દારૂણ ઉડતું દારૂખાનું. થાય ભડાકા કેમ રહે છાનું, ઉડે હવાઈ, આકાશ જાઇ; ત્યાંથી ટુટે; રંગરંગના તારા છુટે, ઉડે અસંખ્યો કેમ ન ખુટે: ફુલકણીએ સળગાવે કોઠી, હાર હેમની ઉડતી ધારા, હીરાકણી સમ તણખા ન્યારા; ક્રોડ મસાલો ઘીની સળગી. સાથે હાથે રહે નહિ અળગી, ટેટા પટારા ભાત્ય ભાત્યના અક્ષર કરીઆ, વાઘ નાગ દારૂના ખરીઆ, કરી રીંછના સામા ધરીઆ, બપોરીઆં બે પહોર બતાવે, ઉડે કાતરા લોક સતાવે.

વરઘોડો ગેટે અટકાવ્યો, જમાદાર જાણીતો આવ્યો, રાઢય નાંખીને રોફ બજાવ્યો, રજા ચીઠી કોઈ છે કે લાવ્યો? કરીમ બક્ષ કપ્તાન જઇને બતાવી આવ્યા ચિઠી લઇને જમાદાર કહે ભલે પધારો રાજ્ય તણો આ નિકળ્યો ધારો; ઉપાય નહિ મુજ, મન વિચારો. છટાબંધ છત્રિજન વાજુ પાવા પુટ પેટીનું વાજુ, પરઘમ સરઘમ શરણાઇ વાજુ, તાન માનમાં વાગે વાજુ; તાલસુર સરખાવે વાજુ પાછળ દીસે સાજન ઝાઝુ.

અકળ અનળ ને અનંગરાયજી અજર અમરને અજીતરાયજી, અગમ નિગમ ને અર્કરાયજી, આનંદશંકર ઉમગશંકર વિજય વિનય ને વિનોદશંકર પાવકપ્રસાદ ને પ્રલયશંકર, કુરંગશંકર, કામ ક્રોધ કંદર્પરાયજી, આશા તૃષ્ના અશોકરાયજી, કોટવાળ કલ્યાણરાયજી, વડા વજીર તે વાસવ રાયજી, કેદારનાથભાઇ ભોળાનાથભાઈ, કૈસ્તુભરાય તે કૃષ્ણશંકરને ઝાલી હાથે ચાલે સાથે, અતિલાલ વતિલાલ વનુભાઇ ધનુભાઈ નનુભાઇ મનુભાઇ; સનુભાઈ શણગારે ભરીઆ, અનુપ ભૂપના માન ઉતરીઆં, ગ્રહી હાથ સાથે સંચરીઆ. મોહનરાય માધવરાય મહેતા, સારંગધરની સાથે રહેતા, હરમોહન ને હરસદ ચાલે, પ્રેમરાય ને પરસદ મહાલે, ઉર્મિપ્રસાદ તે રસિકલાલને જમણે હાથે તાળી આલે.

ભૂપતલાલ ને ભવાનીશંકર ભાનુપ્રસાદ ને ભુજંગશંકર, પૃથ્વિપ્રસાદ, તારાપ્રસાદ, વમન વિરંચી વિષધર પ્રસાદ, ગંગાપ્રસાદ ગિરજાપ્રસાદ, વાસુકી પ્રસાદ ને સત્યપ્રસાદ છે.

મહિધર મણિધર મહેન્દ્ર મૃગેન્દ્ર મન મહાલતા, હળવે હળવે પાએ ચાલતા, અન્ય જન તે છડી આલતા. અન્ય જ્ઞાતીના અગણીત જન ત્યાં આવી મળીઆ, મારી રોફને ભેગા ભળીઆ, નરસિંહના ચર્ણોમાં લળીઆ.

શામળવરનો આવ્યો ઘોડો, શોધ્યે જુગમાં ન મળે જોડો, કેડે પિતાંબર કંકુ વરણું, મન વિચારે કયારે પરણુ, તિલક કેશરી માળા ધારી, હેમ ઘરાણે શોભા ભારી, ખુંપ ઘાલીએ સુગંધ સારી.

રામણદીવો હાથ ગ્રહીને માણેક મહેતી, ઘોડા પુંઠળ હરખે રહેતી, સજી સોળ શણગાર અંગપર કુંવર બેનને લ્હાવો લેવા છાની કહેતી. કુંવર બેન લે હરખે લ્હાવો, ઘોડો પકડી ચુકવે દાવો, અગણિત મોહોરો લીધી અંકમાં. તોય ફરી કહે લાવો લાવો.

સ્ત્રિ મંડળ વરઘોડા પાછળ ચાલે ઉમંગે, હાટક રંગે, ચંપક વરણી સારી કરણી હોય નરોની તેજ પામીઆ, અગનગવરી અંકુરગવરી, અંગારગવરી. અચળ અમલબા અંટસગવરી ઇર્ષાગવરી ઇંદુ ઉર્મિ ઉલાસગવરી ઉર્વિ ઉમંગબા. કંચનગવરી કપિલાગવરી, કિરણી કમિતા સરિતા સવિતા કસ્તુરગવરી કૈલાસગવરી કુમુદ, કિર્તિ, કુંદન કાયર કિરમજબાને કોવચબા ખંજનગવરી ખલકલક્ષ્મિ, ગિરજા ગોપીકા ગુમાનબા ગુણવંતી ગંગા, ગગન ગિરદને ગંધારગવરી, ચિંતાગવરી, ચંદા ચંદન ચિન્તનગવરી, ચંદ્રમણીને છબિલાગવરી છનુબા જસુમતિ જયંતિબા ત્યાં તુરંગને તરણીબા ચાલે, તન મનબાની સરખી જોડી સાથે મ્હાલે, ઉમંગથી આંગળીઓ ઝાલે દમનકુમારી દિનમણી દીનુબા દધીજા દુર્ગા, નવિનતારા નવનિધબા નાનુબા નાગણી, પિશંગગવરી પ્રવિણગવરી, પ્રલયગવરી, પ્રમોદગવરી પ્રમાદગવરી પ્રસુતાગવરી, ફણિગવરીને ફિંકરકુમારી ભાનુમતિને ભ્રાન્તિલક્ષ્મિ ભુજંગકુમારી મહિમનગવરી મુદિતગવરી, મૃગાંકલક્ષ્મિ મહેન્દ્ર મૃગેન્દ્ર મણીગવરીને મહાવિદ્યાબા, રેલાગવરી, રસનાગવરી, રોહિણી, રેણુકા, વનિતા વમલા, વસંતકુમારી, વૈકુંઠગવરી, વિનયકુમારી વિલાસગવરી વિરલ ત્રિષમબા, સહન સિંધુજા, સગુણ, સંયુક્તા. સુલોચના, શિવ સંન્તગવરી સરસ્વતિ, શાણી, સાયરબા. અતિબા યતિબા મતીબા સતીબા સંગે ચાલે ઉમંગે. સિપાઈ રાજના દોરે વિંટીને સંચરતા હૈએ અંધા લોક હાંકવા ચલો ચલો કરી પોકાર કરતા, બાપુ બોલે શોભા ભારી નરસિંહ નામપર જાઉ બલિહારી.

ત્રિકમ સહાયક શો ટોટો, પરતાપ ભક્તિનો મોટો.

આ પ્રમાણે વરઘોડો ચઢયો. સવારથી તૈયારી કરતાં મધ્ય રાત્રિયે શામળીઓ ઘોડે બેસવા પામ્યો. શામળ ઘોડે બેઠો ત્યારે નિશાન ડંકા પંદર ગાઉ પહોચ્યો. ઘોડાની પાછળ મણી માણેક જડિત્ર મોઢ મુકી સોનાનો દીવડો હાથમાં પકડી માણેકબાઈ, વળી તેની પછાડી મધુરાં ગીત ગાતી દશ હજાર સ્ત્રિયો ચાલે છે.

વૈકુંઠથી માલણ આવી રે, વિસ ક્રોડની વાડી રોપાવી રે. ૧
રોપ્યરોપ્ય માલણ અમો લઈશું રે, શામળશાના ખુંપ ભરીશુ રે. ૨
એમના ખુંપે તે જડીઆ હીરારે, વહેલા આવે અનિરૂદ્ધ વીરારે. ૩
ખુંપે અવળાને સવળા આંકારે, હમણાં આવે પ્રદુમન કાકારે. ૪
ખુંપ દીસે શોભિતાને સાદારે, ત્રિલોકપતિ જેના દાદારે. ૫
જુવે ગવરી બને બધી આભીરે, જેને ઓખા સરીખી ભાભીરે. ૬

મહેતાજી કહે ઓધવજી હવે અમારે માટે તૈયારી કરો ! ઓધવજી કહે તમારે માટે શુ શુ જોઇએ ? મહેતા કહે દસ પંદર ગાડાં તૈયાર કરો એક ગાડામાં ઢોલકાં, એકમાં પખાજો, એકમાં તંબુરા; કિડતાલ, કાંશી ગુઘરા, ઘડિયાળો, તુળશીની માળાઓ, મંજીરા, શંખ, ખંજરીઓ ગોપીચંદન ગેરૂ, ને એકમાં છાપાં. સાધુ કહે મહેતાજી રામ આશરે બજાનેવાલે પાંચ પચાસ ઓર ગાડે ગાડા કયા કરોગે ? મહેતો કહે જ્યાંથી સાધુ દેખીશું ત્યાંથી લઇશું. સવાસો સાધુના પગમાં ઢિંચણ સુધી ગુઘરા બંધાવી હાથમાં કિડતાલો આપી, મહેતાજી જયરાધા કૃષ્ણરાધા ઉચ્ચારતા ચાલ્યા પાછલી પહોર રાત્રિ રહી ત્યારે મહેતાજી નગરની બહાર આવ્યા; અને કૃષ્ણને પોકારવા લાગ્યા.

(મહેતા) રાગ; હરી ભજન થકી છોટા હોય તે.

ઓ ભુધરજી; વચન આપીને વિલંબ કરો શા કારણે ?
દોડો દોડો; હરજી, સેવક આવી ઉભો નગરની બારણે.
તમ કૃપા વડે કૃતિ આ સરજી, પગ ઠેલી રહો છો પાછા હરજી;
મારી લેશ માત્ર નહોતી મરજી. ઓ ભુધરજી.
મિઠા બોલ ભર્યા છે તમ મુખમાં, મને નાંખ્યો દાવાનળ દુઃખમાં;
શે સુતા છો સ્વામિ સુખમાં. ઓ ભુધરજી, ૨
જાગો જાગો જાદવ સ્વામિ, તમ પંડ તણી રહી છે ખામી;
હું વિનવું તમને શિર નામી. ઓ ભુધરજી. ૩
તમ ચર્ણે રહ્યું મુજ ચિત ચોટી, પણ તમને મુજ જેવાં કોટી;
માટે કર્યો મને અધવચ ખોટી. ઓ ભુધરજી. ૪
નથી ત્રિભોવન માંહી તમ જોડો, હું સેવકમાં અગણિત ખોડયો;

ઉપર રહીને કરાવ્યો મારો વરઘોડો. ઓ ભુધરજી. ૫
મને અન્ન ઉદક નવ ભાવે છે, મને ભવિષ્ય કાળ હંફાવે છે;
તમને નિદ્રા કેઇ પેર આવે છે ? ઓ ભુધરજી ૬
હરી આવો નહિતો થાય હાની, વળી કયારે થયા આવડા માની;
બાપુ તમને ચિંતા હોય શાની. ઓ ભુધરજી. ૭

(કવિ) **મરાઠી સાખી.**

તાળ લેઈ ખડખડ ખખડાવી, મુખે કર્યો પોકાર;
આવો હરી, આવો પ્રભુજી, તમે કેમ લગાડો વાર;
હું અહીંથી ચાલુ; જ્યારે નેત્રે તમને નિહાળુ. હું.

નરસિંહ મહેતાની તાળનો રણુકારો થતાં ભગવાન ઝબકીને જાગ્યા. ઉઠો લક્ષ્મી ઉઠો, કમળા ઉઠો, સતભામા ઉઠો, રૂક્ષમણી ઉઠો, જાંબુવતી ઉઠો ! ગરૂડ ગરૂડ કહી પટરાણીઓ સહિત ગરૂડ ઉપર સ્વાર થઇ ભગવાન દોડયા, ભગવાન ગયા કે તર્ત બળભદ્રની સ્ત્રી જાગ્રત થયાં. સ્વામીનાથ જાગ્રત થાઓ ! શ્રી કૃષ્ણજી નાશી ગયા; કોઈ દહીત આવ્યો હોય એમ ભાસે છે. બળીભદ્ર કહે દહિત નથી આવ્યો પણ ભક્ત નરસિંહનો પુત્ર શામળીઓ પરણે છે તેની જાનમાં ગયા હશે. રતુમતિ કહે સ્વામિ, ભગવાન જાય છે ને આપણે નહિ ! બળીભદ્ર છપ્પન ક્રોડ યાદવને લઇ વિમાનમાં બેસી આકાશ માર્ગે આવ્યા. ઇંદ્રાણી જાગ્રત થઇ ઇંદ્રને સુચવવા લાગી. ઇંદ્ર કહે કૃષ્ન પ્રભુનો ભક્ત નરસિંહનો પુત્ર શામળ પરણે છે તેની જાનમાં સૌ ગયા. ઇંદ્રાણી કહે આપણે મૃત્યુ લોકના વિવાહ કયારે જોઈશું ? તેત્રિસક્રોડ દેવ લઈ ઐરાવત હાથી ઉપર બેસી ઇંદ્ર દેવ આકાશમાં આવ્યા. સાવિત્રિની સુચવણીથી બ્રહ્મા હંસ ઉપર બેસી અઠયાશી હજાર રૂષિ લઇ આકાશમાં આવ્યા. પાછળથી શંકર નંદી ઉપર બેસી ભુતને ભૈરવ, વિર. ગણ, વૈતાળ ડાકણ, શાકણ, ચૂડેલ, રોગદોગ, લઇ આકાશમાં આવ્યા. ત્રિલોકીનો નાથ ગરૂડ ઉપરથી ઉતરી નરસિંહની સનમુખ ઉભો રહી પોકાર કરવા લાગ્યા. નરસિંહા નરસિંહ કહે પધાર્યા પ્રભુ ! ચાલો ચાલો જાનમાં ભગવાન કહે હું એકલો નથી. નરસિંહ કહે ત્યારે કોણ કોણ છો તે તો કહો ! ભગવાન કહે મારી પાછળ છપ્પન કોટી જાદવ સાથે વડિલ બંધુ બળભદ્ર; તેની પાછળ તેત્રિસકરોડ દેવ સાથે ઇંદ્ર; તેની પાછળ અઠયાસી હજાર રૂષિ સાથે બ્રહ્મા; તેની પાછળ સર્વ સૈન્ય સાથે શંકર. નરસિંહ કહે બધાને હેઠા ઉતારો બધાને હેઠા ઉતારો ! ભગવાન કહે આ તારૂં પંદર ગાઉ પહોંચ્યું છે ને સર્વ નિચે આવે તો મદન મહેતાને ઝાંપે વાગતાંય રસ્તામાં ન સમાય;

માટે તમે નિચે ચાલો, અમો ઉપર ચાલીશું ખપ જેટલા નિચે ઉતરી નાગરનાં રૂપ લઈ તારૂ કાર્ય કરીશું; તું નિર્ભય રહે ! પ્રભુ પધાર્યા ને મહેતાજી આગળ ચાલ્યા. ગાઉએ ગાઉએ મુકામ કરતાં ગાઉએ ગાઉએ કુવા ને વાવો ખોદાવતા ખોદાવતા આગળ ચાલ્યા. હવઇયોના તડાકાને ભડાકા ભાગી રાતે ઘણા ગાઉ સુધી સંભળાયા અને ગામે ગામના લોકો રસ્તામાં આવી જોવા બેઠા. આખો વરઘોડો જોઈ વખાણ કરતા જાય છે, કે અહાહા કેવો સરસ વરઘોડો ! નરસિંહ કહે જોયે શો દહાડો વળ્યો, જોયે શો દહાડો વળ્યો, હેંઢો જાનમાં જોડે, ખાજો પીજો ને આણંદ કરજો ! લોકો કહે કોઇ નથી કહેતું કે હેંડો જાનમાં જોડે પણ વેરાગી કહે છે હેંડો જાનમાં જોડે, સાધુ કહે વેરાગી નથી પણ વરનો બાપ છે નરસિંહને ઓળખી હજારો માણસો પાછળ ચાલ્યાં.

(કવિ) રાગ; વેરાવળ.

મદનએ મન વિચારીયુ, નથી હાથમાં બાજી;
અગણિત જન અહિં આવીઆ, કેમ રાખવા રાજી. મદનએ. ૧
વાવ કુવા કે નદી કેરૂ, પુરૂ નહિ પડે પાણી;
કાષ્ટ વાસણ હમણાં માગશે, આપીશ હું કયાંથી આણી. મદનએ. ૨
દિક્ષિતે દાટ આ વાળીઓ, લીધી લીધી મારી લાજ;
પ્રાણ ત્યાગુ હું માહરો, કાયા સોંપુ જમરાજ. મદનએ. ૩
કુવે પડુ કે કંઠે મહુ, ખેંચુ સુતરના તંત;
ઝેર ગોળી ગોળી હું પીઉં, નક્કિ આણું મારો અંત. મદનએ. ૪

મદન મહેતા અતી વિમાસણ કરે છે. અરેરે આટલા માણુસને માટે રસોઈ કરવાને લાકડાં કયાંથી લાવીશ, વાસણ કયાંથી લાવીશ, ઓઢવા પાથરવા ગોદડાં કયાંથી લાવીશ, સંભાળ લેવા માણુસ કયાંથી લાવીશ ને શુ કરીશ. લાવ્ય ! વાવમાં જઈ પડતું મુકું.

દિક્ષિતે જાણ્યું લાવ્ય ખબર કાઢુ, આટલુ માણસ દેખી મદન મહેતાનું હૈયું હાથ રહે એમ નથી. મદન મહેતા વાવના કુવામાં પડવાની તૈયારી કરે છે ને દિક્ષિત આવી પહોચ્યો. દિક્ષિત કહે મહેતાજી શુ કરો છો ? મહેતાજી કહે બાઇ કુવે પડુ છું. દિક્ષિત કહે શા સારૂ કુવે પડો છો ? મદન મહેતા કહે એતો તમારૂ શું અજાણ્યું છે, અરે આટલા મનુષ્ને મારા ગામનું પાણી પુરૂ ન પડે તો હું પામર પ્રાણી શી રીતે પુરો પડુ ? એમ છતાં મારી સર્વ મિલકત તમને સોંપુછું તમે દિકરીને પરણાવજો, ને તમે ન પહોંચો તો તમેય કાલે કુવામાં પડજો ! દિક્ષિત કહે અવળા વિચાર ન કરો, સમજુછો.

(દિક્ષિત.) રાગ; માઢ, બંસી બાલાની ઢબ.

સમજુ શાણા આણો આણો શર્મ, કાંઇ સમજો ઉંડો મર્મ. સમજુ.
સમજુને શું સમજાવવું, નિરખો એજ નાઇ;
ધન્ય ભાગ્ય ધન્ય ધામને, આવ્યા હરજી થઈ વેવાઇ. સમજુ. ૧
નજરે નિરખો નેહથી, પ્રાર્યશ્ચિત જાએ દુર;
હરી દર્શનને પામીએ, જાતાં નરસિંહ હજુર. સમજુ. ૨

નરસિંહ મહેતાના દર્શન કરતાં તમને ભગવાનનાં દર્શન થશે. મદન મહેતા કહે મારેતો "દીઠાદેવને પહોચી જાત્રા" મારા સાતલાખ રૂપિયાની પૈયો કરી નાંખું તોએ એકેક માથાદીઠ આવે એમ નથી તો જાનને જમાડુ શું?

દારૂખાનાના અવાજ સાંભળી નગ્રનો રાજા ચમકયો, અરે લશ્કર કોનું આવ્યું? સભાસદો કહે લશ્કર નહિ પણ મદન મહેતાને ઘેર જાન આવી. રાજા કહે કોના ઘરની જાન? કયા રાજાના ઘરની જાન? સભાસદો કહે રાજાના ઘરની નહિ પણ પરમાત્માના પરંમ ભક્ત જુનાગઢ નિવાશી નરસિંહ મહેતાના ઘરની જાન. રાજા કહે ધન ભાગ્ય! ભક્તના ઘરની આવી જાન તો જરૂર જાનમા ભગવાન; લાવ્ય દર્શન કરી કૃતાર્થ થાઉં!

મદન મહેતાના મહેલ તરફ જતાં વાવ ઉપર મહેતાનો મેળાપ થયો. રાજા કહે કેમ અહિં આવવું થયું છે? મહેતા કહે સેજ તાપ લાગવાથી જરા હવામાં આવ્યો. (અંતર સમજી) રાજા કહે મદન મહેતા ગભરાશો નહિ, ઇકોતેર પેઢીથી આપણા ખજાના હિરા માણેક રત્નથી ઉભરાઈ જાય છે; તે સર્વ ખજાના ખાલી થાય, ઉપર પાંચ પચાસ ક્રોડનુ દેવું થાય ત્યાં સુધી ગભરાશો નહિ. મદન મહેતાએ વિચાર્યું કે મરતાતો બચ્યા!

અતી માણસની મેદનીમાં કોણ કયાં પડયું છે તેની કોઈ કોઇને ખબર પડતી નથી; પણ માંડવાની પાસે જરિયાનના તંબુ ઠોકીને અને કિનખાપનાં બિછાનાં બિછાવીને ભગવાન બ્રહ્મા, શંકર, ઇંદ્ર, ચંદ્ર, અગ્નિ, વરૂણ, સુર્ય એવા પાંચસે દેવ નાગરનારૂપ લઈ પડયા છે, અને દેવાંગનાઓ લક્ષ્મિ, કમળા, જાંબુવતિ, સત્યભામા, રૂક્ષ્મણી, પાર્વતિ, સાવિત્રી, શચી, [1]સુવર્ચલા, [2]રોહિણી [3]ગૌરી, [4]સ્હાવા, સર્વ નાગરણો થઇ ઉભી રહી છે; ત્યાં રાજા, દિક્ષિત ને મદન મહેતા ત્રણે આવ્યા. ભાઇ અમારા વેવાઇ કિયા? સર્વે મળી ભગવાનને દર્શાવ્યા. પ્રભુ સમમુખ રહી દિક્ષિત કહે મહારાજ આ તમારા વેવાઇ, મદન મહેતા, ભગવાન કહે ધન્ય ભાગ્ય અને ધન્ય કમાઇ મદન મહેતા કે તમે નરસિંહ મહેતા જેવો વેવાઇ શોધ્યો. મદન મહેતા

---

૧ સુર્યનાં પત્નિ. ૨ ચંદ્રના પત્નિ. ૩ વરૂણની સ્ત્રી. ૪ અગ્નિની સ્ત્રી.

કહે દયાળુ, શોધ્યો છે તો ખરો પણ મારે કાળજે કરાર નથી. ભગવાન કહે કેમ એમ ? મદન મહેતા કહે મહારાજ મારા ઘરમાં સાત લાખ રૂપિયા છે, તે ખર્ચતાં મારી આબરૂ રહે એવું કરજો.

(વચન સાંભળી નાગરણોના સ્વરૂપમાં દેવાંગનાઓ બોલી.)

ઘરમાં નહોતું નાણું, ત્યારે શિદ માંડયું'તું ટાણું મારા નવલા વેવઈ. ૧
ખાવા નહોતું ધાન, ત્યારે શિદ તેડાવી જાન. મારા૦ ૨
કોઈ કહેનાર નહોતું ખંમા, ત્યારે શિદ તેડાવ્યા બ્રહ્મા. મારા૦ ૩
નજરે જોયો નહોતો કંકર, ત્યારે શિદ તેડાવ્યા શંકર. મારા૦ ૪
તમારૂ મન લાગ્યુ ડગમગવા, ત્યારે શિદ તેડાવ્યા [1]મઘવા. મારા૦ ૫
હતી અડધી પડધી મરજી, ત્યારે શિદ તેડાવ્યા હરજી. મારા૦ ૬
હતી પુર્વની આવી કરણી, ત્યારે શિદ તેડાવ્યા [2]તરણી. મારા૦ ૭
નથી સુજતી ભોમ, ત્યારે કેમ બોલાવ્યા સોમ. મારા૦ ૮
નિતિ રીતી નથી સારી, ત્યારે શિદ તેડાવ્યા [3]વારી. મારા૦ ૯
નથી લેષ લાગતી લગની, ત્યારે શિદ તેડાવ્યા અગનિ. મારા૦ ૧૦
દળ દેખી દિલ ગભરાયું, ત્યારે શિદ તેડાવ્યા વાયુ. મારા૦ ૧૧
આવી ભુંડી હતી ટેવ, ત્યારે કેમ બોલાવ્યા દેવ. મારા૦ ૧૨
કેમ જાય વિચારો વહેતા, આંગણુ આવ્યા નરસિંહ મહેતા. મારા૦ ૧૩

મદન મહેતા કહે દિક્ષિત ! આ બધાં તારાં વહાંયાં. દિક્ષિત કહે એમાં મારો શું દોષ ? ભગવાન કહે મહેતાજી સ્ત્રિયોના બોલ્યા ઉપર સમજુ પુરૂષે વિચાર કરવાનો નથી; એમનો સ્વભાવ છે કે ગાય, પણ વિચાર વગરનું. એક ઘોડો હોય તોપણ વરની મા કહેશે " મારા સોય ઘોડા ને બસેં હાથીઆ " શિયાળામાં છોકરો પરણ્યો હોય તોપણ વરની મા કહેશે " આછા ઉનાળાના દહાડા કે વહુવર વિંઝણો શે ન લાવી ! " પણ કોઈ સઘડી મંગાવતું નથી. મદન મહેતા કહે મહારાજ અમારા વેવાઈ નરસિંહમહેતા કિયા ? ભગવાન કહે ખબર કાઢો ગામ બહાર પાંચ સાત ગાઉમાં હોય તો । ત્રણે જણ મહેતાજીને શોધતા ચાલ્યા; ગામની બહાર પાંચ ગાઉને છેટે ખેતરમાં બિજા ભક્તો સહિત પાંચ હજાર સાધુની ઝુંડી ફરે છે; કોઇના હાથમાં તાલ ને કોઇના હાથમાં કિડતાલ આવી રહી છે, જય રાધા કૃષ્ણરાધા, રાધે રાધે રાધે ઉચ્ચાર થઇ રહ્યો છે, તેની વચમાં નરસિંહ મહેતા માંથોડુ માથોડુ કુદે છે, આખું શરીર પાણીપાણી થઇ ગયું છે; ત્યાં ત્રણે આવ્યા. દિક્ષિત કહે મહેતાજી । હે મહેતાજી ।

૧ મઘવા=ઇંદ્ર. ૨ તરણી=સુર્ય. ૩ વારી=વરૂણદેવ. જળ.

મહેતા ઝબકીને બોલ્યા; હાં હાં અહો હો દિક્ષત ! દિક્ષત કહે હા બાપજી અને આ તમારા વેવાઈ, શ્યામળિયાના સસરા. મહેતા કહે બહુ સારૂ બહુ સારૂ ! કુંડે પડો કુંડે પડો ! રાધે રાધે રાધે રાધે ! મદન મહેતા કહે કૃપાનાથ કુંડાળાંતો તમે દીઠાં છે, ધન્ય છે તમારી ભક્તિને કે દીકરો પરણાવા આવ્યા છો ત્યાં પણ ઘડી રામ વિસારતા નથી; તમારા જેવા ભક્તનાં દર્શનથી પાપી પાવન થાય. નરસિંહ કહે વાતો મુકો વાતો મુકો કુંડે પડો કુંડે પડો ! રાધે રાધે રાધે રાધે ! મદનમહેતા કહે દયાળુ દયા કરી ત્યાં પધારો ! નરસિંહ કહે કયાં, કયાં ? મદન મહેતા કહે માંડવે. તમારા જરીયાનના તંબુએ. નરસિંહ કહે મારૂં ત્યાં શું કામ છે ? મદન મહેતા કહે તમે આવો તો સુજ પડે. મહેતા કહે સુજના પાડનાર, પૈસાના ખર્ચનાર. કારભારના કરનાર, હિસાબ કિતાબના રાખનાર, ને સૌની સંભાળ લેનાર ગુમાસ્તા ત્યાં બેસાર્યા છે, રાધે રાધે રાધે રાધે રાધે રાધે. મદનમહેતા કહે ગુમાસ્તે ગુમાસ્તા ને શેઠ તે શેઠ. દિક્ષત કહે આગ્રહ છે ત્યારે વેવાઈનું માન્ય રાખો મહેતાજી. મહેતાજી ભજન જારી રાખવા સૌને સુચવી ત્રણે જણની જોડે ચાલ્યા- મહેતાને દેખી હજારો લોકો બે હાથ જોડી ઉભા રહ્યા, અને દંડવત્ત પ્રણામ કરવા લાગ્યા. જરીના તંબુએ આવતાં સર્વે ઉભા થયા અને મહેતાજી બેઠા ત્યારે બેઠા. મદનમહેતા વિચારે છે અરે નરસિંહ મહેતાની સાહેબી તે કેટલી હશે, આ કરોડાધિપતિ જેવા, કે જેના પગના પગરખામાં હીરા જડયા છે, અને અજવાળે ધરતી ચળકી રહી છે; અરે લાખ લાખ રૂપિયાનું જેના પગમાં પગરખુ છે. આવા આધિન છે તો મહેતાજીની અકળકળાની શી ખબર પડે. (ઈંદ્રને પુછયું.) દિક્ષત કહે મહેતાજી અમારા ગામના લોકો કહે છે કે—" ભગત જગતકુ ઠગત હે. જગત રહે ઝખ માર. " એ શું ? નરસિંહ મહેતા કહે ભાઇ, સંસારી જાણે છે કે સંપુર્ણ સંસારમાં પચ્યો છે, કયાં જવાનો છે ! પણ પોતાની લગની કૈવલ્ય સ્વરૂપની સાથે લાગી રહી છે ને આખર સૌને હાથ તાળી આપી સંસારપાર જાય છે તે ભગત જગતને ઠગે છે એમ સમજવું; પણ એવા તો વીરલા. મદન મહેતા કહે તમારે ને નરસિંહ મહેતાને શી સગાઇ ! ઇંદ્ર કહે મહેતાજીના સગા તો બીજા તંબુમાં છે; પણ અમે કોણ છીએ તે જાણો. અમે આટલા અને બીજા અતીઘણા, કોઇ હીરાના, માણેકના, મોતીના, સોનાના, કસ્તુરીના અને બીજી અનેક અમુલ્ય વસ્તુઓના વહેપારી છીએ વળી કેટલાક વહાણો ચલાવીએ છીએ; કરોડો રૂપીઆ રળીએ છીએ અને કરોડો રૂપીઆ ખોઇએ છીએ; જયારે ખોઇએ છીએ ત્યારે નરસિંહ મહેતાને ઘેરથી લેઇએ

છીએ; નરસિંહ મહેતા અમારે અંનદાતા છે, અમારા છોકરાને જીવાડનાર છે. મદન મહેતા વિચારે છે અરે આટલી સાહેબીએ મહેતાને અભિમાન નથી ને હું તો સાત લાખ રૂપીઆ ઉપર હું પૈસાવાળો ! હું પુંજીવાળો થઇ રહ્યો છું ! (નરસિંહને નમન કરીને) મહેતાજી સાત લાખ રૂપિયા ખર્ચતાં મારી આબરૂ રહે એમ કરજો. નરસિંહ મહેતા કહે મદન મહેતા જ્યારથી મેં શામળીઆનો વિવાહ કર્યો ત્યારથી હું જાણતો હતો કે મદન મહેતાના ઘરમાં ખાવા નથી. અને તેજ વખતથી ઘેર કંદોઇ બેસાર્યા હતા; તેના પાડેલા પકવાનનાં ગાડે ગાડાં ભરીને લાવ્યો છું, તે મારી જાનનાં માણુસો જમે છે ને તારા ગામનાનેય જમવું હોય તો મોકલજે ! વળી અનેક વાવો ને કુવા ખોદાવ્યા છે તેમાંથી પાણી પીએ છે,તમારે તો ફક્ત મોંહેરામાં કન્યા પધરાવવી એજ તમારૂ કામ છે. ભગવાને લક્ષ્મિના સામાં સાન કરી. જુવો આ કંદોઇ બેસારીને આવ્યા છે ! લક્ષ્મિ કહે નહિ બેસાર્યા હોય તો તમારે જાતે કંદોઇ થઇ શેકવું પડશે, પણ એનો બોલ રાખવો પડશે. પોતાથી બન્યું એટલું ખર્ચ કરી મદન મહેતાએ જુઠીબાઇ ને શણુગારી મોંહેરામાં પધરાવી.

(વિવાહ મંગળ અને ઉતમ દાન.)

હાંરે હાંરે ત્યાંતો સમે વરતે સાવધાનરે,
હાં હાંરે મહેતા મદન દેછે કન્યાદાનરે;
હાંરે હાંરે પુત્ર પરણાવે ભગવાનરે,
હાંરે હાંરે મહેતા નરસિંહને પ્રભુજીનું ધ્યાનરે.
પલે મંગળ સવતિસ ગાયોનાં દાન: બીજે પૃથ્વિનાં દાન;
ત્રિજે સુવર્ણનાં દાન; ચોથે કન્યાનાં દાન;
ત્યાંતો મંગળ વરત્યાં ચાર, ત્યાંતો આરોગ્યા કનસાર.
મહેતી માણેકને હર્ષ ન માય. પુષ્પે વધાવે દેવતાય.
દળ દેખાને દિક્ષિત હરખાય, મહેતા મદનની દાઢીએ પિળાય.

ઘણો ખરો કારભાર રૂક્ષ્મણી લક્ષ્મીજીને હાથે થયો તેથી માણેકબાઇનું મોઢું ચડયું. ભગવાન કહે નરસિંહ, તારી બાયડીનું મોં ચઢયું છે ? નરસિંહ કહે અલી કેમ તારૂં મોં ચઢયું છે ? હેં કેમ તારો તોબરો ચઢયો છે ? માણેક કહે છોકરો મારો ને કારભાર કરે લોક ! એ કેમ ખમાય ! મહેતા કહે લોક કોણુ ! ભગવાન કરે એવું આપણું ભાગ્ય કયાંથી ! મહેતી કહે ભગવાનનું નામ દેઇને મને રોજ છેતરો છો.

નરસિંહે પ્રભુને કહ્યું એને દર્શન દયો તોં એ નહિ રીસાય, કારણકે

એ તમને ઓળખતાં નથી તે ઓળખે. ભગવાન કહે બીજા કોને ? મહેંતા કહે વેવાઇને દિક્ષતને અને રાજાને. ભગવાન કહે એ ચારને અને પાંચમી એક રતુકાર નામની દાસી છે તેને મેં પુર્વે વચન આપ્યું છે એ મદન મહેતાના ઘરમાં છે; એ પાંચને બોલાવો. (ભગવાને પાંચેને દર્શન દીધાં)

ભગવાન કહે નરસિંહ તારે કાંઇ માગવું હોય તો માગ્ય !

નરસિંહ વિચાર કરે છે કે મારે શું માગવું, જે જે વસ્તુ અમૂલ્ય છે તે તે મને શ્રી હરીએ વગર માગ્યેજ આપી છે. સદાસર્વદા શ્રી હરીનું ધ્યાન, નિષ્કામ ભક્તિ, સર્વ પ્રાણી ઉપર દયા, સર્વનું યોગ્ય રીતે સમાનપણું, સત્ય બોલવું, સત્ય ચાલવું, સદપુરૂષોનું સન્માન, એ બધું કે જેમાં નીતિ રીતી ભરપૂર રહેલી છે, તેતો ત્રિભુવનનાથે મને વગર વિલંબે અર્પણ કર્યું છે; હવે એક આ પ્રજારૂપ ઉપાધી વિશેષમાં સહજ ફિકર કરવા જેવી છે, સંતનીમાં એકે વાતે સુખ નથી. ગર્ભવાસથી માંડીને મર્ણપર્યંત ચિંતા કરાવનાર આ સંતતી છે. એ અનેક ઉપાધી રૂપ છે, તેમાં વળી દુઃખ ભોગવી ઉછેરતાં આખર મૃત્યુ પામે તો પણ દુઃખ, ગેરવર્તણુંક વર્તે તોપણ દુઃખ અને છેવટ એમ કહેવાય કે નરસિંહ ભગતનો છોકરો આવો એમ કહી લોક આંગળી દેખાડે, તેનાં કરતાં બાળકનું જીવન ટુંકુ કરવું એ વધારે સારૂ. " દિવા પાછળ અંધારૂં " ન કહેવાય તેમ કરવું યોગ્ય છે. બસ ઠીક ! લાવ્ય મારો તો નિર્વંશ માગી લેઉં. પ્રભુ એજ માગુણું કે આ શામળીઓ મારા મોં કને શાન્તી......પામે.

(નરસિંહ) રાગ; ગોકુળીએ લેઈ ચાલ વહાલા.

માગુ માગુ હું મુખથી આજ, વહાલા. ત્યાગુ ભવ દુઃખ આજ; વહાલા.
મિથ્યા માયાની જાળ, વહાલા, સગાં સહોદર આળ પંપાળ; વહાલા.
અલ્પ અલ્પ જગતનું સુખ, વહાલા, સુખ્ય અલ્પ અતિશે દુઃખ વહાલા.
નાખે રિદ્ધી નરકે નિદાન, વહાલા. માગુ સેવા સમરણ ધ્યાન; વહાલા.
નહિં એર નહી વહેર કે. નાવે દીલમાં ડંસ;
હરી માગુ હું એટલું, જાય મારો નિર્વંશ. વહાલા. १
કંપ્યા ત્યાં કમળાપતી, લ્યા વાંકી બોલ્યો વાણ;
(ન) ડાહ્યો ઉઠે તો દીકરો, છો વાળે છોકરો જાણ. વહાલા. २
(કૃ) માગ્યું હરીએ આપીયું, કન્યા કરી વિદાય;
જાન વળાવી જુગતીથી, મહેતી માણેક મન હરખાય. વહાલા. ३
નાગર નરસૈયા તણા, ગુણુના કર્યા વખાણ;
ભાવ કભાવે મુખથી, બોલુ જોડી પાણ. વહાલા. ४

રિદ્ધિ છે પણુ રંક છું, વહાલા છે ગોપાળ;
ચરણુરજને ચાહુ છું, સેવક બાપાલાલ.　　　વહાલા. ૫
ફિકર વિના ફકીરછું, શિરનામુ કરજોડ;
હરીજન બોલો હર્ષથી; જય જય શ્રી રણુછોડ.　　　વહાલા. ૬

મદાલશા આખ્યાન.

(કવિ)　　　ગિતિ.

શુભ નિતિ હરી ભક્તિમાં, સ્થિર થાવા મુજ મંન;
બ્રહ્મપુત્રિ ઉમાપુત્રને, વાર વાર વંદન.　　　વિશાવર.

(ધર્મ)　　　મરાઠી સાખી.

સગાં સહોદર સૌ સંહાર્યા, તુચ્છ રાજને માટે;
વૈંજોગીને પણુ વળવું છે, ગામ ગયાની વાટે;
મારૂં સર્વ ગયું, પ્રથમ પ્રમાણુ મેં મન ન લહ્યું.　　　મારૂં.
પતંગ રંગ આ પાર થવાનો, ઝાકળના જળ પેરે;
બાળ યૌવન વૃદ્ધ થઇને, મરશે વારે ફેરે;
છે કાળ ગતી, મર્મ ન જાણે મુંઢમતી.　　　છે. ૧

નારદ—શોચ ન કરે ! શોચ ન કર ! શોચ ક કર ! શ્રી હરીની સાથે શત્રુનો સંહાર કરી નિર્ભય થએલા ધર્મરાજ, શોચ ન કર !

યુધિષ્ટિર—હે વેણુપાણી ! સંતાપ કેમ ન થાય ! દુર્યોધન દુઃશાસનાદી પિત્રાઇ ભાઇઓ. ભિષ્મ જેવા પિતામહ, દ્રોણુ સરખા ગુરૂ, સર્વનો સંહાર થઇ ગયો. બાળક અભિમન્યુ પણુ મરાયો; અરે બીજુ મને કાંઈ નથી સાલતુ પણુ મારો ભાઇ કરણુ કે જેના બાહુ બળને ઇંદ્રાદી દેવતા વખાણે તે અર્જુનને હાથે નાશ પામ્યો. અરે હું પ્રથમથી જાણુતો હોત કે કર્ણુ મારો ભાઇ થાય છે તો સ્વર્ગ મૃત્યુ પાતાળના રાજ્ય માટે પણુ નાશ ન કરત. અરે મહામુનિ ! મુવા પછી સ્વર્ગથી પાછુ કોઇ આવતુ હશે ખરૂં !

(નારદ)　　　ગિતિ.

નારદ વાણી બોલ્યા, ધર્મ સાંભળો ધિરજ દ્રઢ ધારી;
સ્વર્ગથી પાછા આવી, મૃદાલશા એક શુદ્ધ સતિ નારી.

હે ધર્મ મહા સતિ અને મહા પતિવૃતા મદાલશા મરી, બળી ભષ્મ થઇને સજીવન થઈ. ધર્મ કહે મહા મુનિ, એ સતિ મૃદાલશાની કથા મને સંભળાવો. નારદ કહે હા એ મારકંન્ડેય મુનિયે સર્વ મૂનિને સંભળાવી છે, તે હું તને સંભળાવું છું.

ત્રિતાલ ચોપાઈ.

એક ગાલ્વ નામે મુની ધિર, યજ્ઞ આરંભ્યો ગંગાની તીર. ૧
રૂષી સર્વને પહોંચી કંકોત્રિ, આવ્યા [1]કૃતુ [2]અંગિરા ને [3]અત્રિ.૨
[4]પુલહ [5]પુલત્સ્ય [6]વશિષ્ટ [7]મરિચી, આવ્યા સપ્તને શોભા રચી.૩
વળી આવ્યા સહસ્ત્ર અઠયાશી, બ્રહ્મચારી સાધુને સંન્યાસી. ૪
થઇ ગંગાતટ શોભા સારી, રહ્યા વેદની ધુની ઉચ્ચારી. ૫
પ્રથમ ગણેશનું કરીયું સ્થાપન, હરખ્યું ગાલ્વ મુનિનું મન. ૬
નવ દીસે કશી વાતે ટોટા, ઉઠે ગગને ધુમાડાના ગોટા. ૭

હે ધર્મ, અઠાશી હજાર રૂશિને આમંત્રણ કર્યું પણ મને નહિ, તેથી મને અતી રીસ ચઢી.

(કર્તા) **ગિતિ.**

મુનિ મંડળથી ટાળ્યો, ભાવી પદારથ મિથ્યા કેમ થાએ;
યજ્ઞ કરૂં હું ભંગ, અઢી ઘડીનાં છઠ્ઠા ભાગ માંહે.

નારદ રીસ કરી પાતાળમાં જ્યાં દ્વિજકેતુના બે પુત્ર નામે તાલકેતુ પાતાલકેતુ દહિત રહેતા હત્તા ત્યાં ગયા નારદને દેખી હર્ષે વધાવ્યા અને સમાચાર પુછ્યા.

(નારદ) **મરાઠી સાખી.**

વિર પુરૂષ શું બેશી રહ્યા છો, ગાલ્વને ઘેર જાગ;
અભિમાનથી હલકા ગણીને, કાઢયો તમારો ભાગ;
સંખ્યા દેવ સહી, દાઝય એ મારા મનમાં રહી. સંખ્યા. ૧

(દહિત) **રાગ; મંગળ આયુશ આપો.**

ખબર ભલે તમે આપી, ઓ મુનિવર ખબર ભલે તમે આપી;
તાલકેતુને પાતાલકેતુ અમો, શ્રષ્ટિ સકળ સંતાપી. ઓ મુનિવર. ૧
ગાલ્વ કેરો ગર્વ ઉતારૂ, ચાર ઘડીમાં નાંખુ ચાંપી. ઓ મુનિવર. ૨
સુણી વારતા વપુ આ કંપે, રીસ રૂંવે રૂંવે વ્યાપી. ઓ મુનિવર. ૩
જાણો મુનિવર ઝપટ એકમાં, યજ્ઞને નાંખુ ઉથાપી. ઓ મુનિવર. ૪
શંકરનો વર પામ્યા અમે તો, કહો શકે કોણ શ્રાપી. ઓ મુનિવર. ૫

(કર્તા) નારદજીનાં વચન સાંભળી દ્વિજકેતુના પુત્ર, ઝાડ પ્હાડ પથ્થર ધુળ કાંકરા માંસ રૂધીર અને હાડકાંના વર્શાદ વરસાવતા આકાશ માર્ગે આવ્યા, તે જોઇ મુની માત્ર ચમકયા.

ગિતિ.

મુની મંડળ ખળભળીયું. તતક્ષણ નાઠા મુકીને સત્ર;
બન્ને દહીત ઉછળીઆ, કમર કસીને લીધું સર્વત્ર.

---

૧. ૨. ૩. ૪. ૫ ૬. ૭. સપ્તરૂષી.

યુધિષ્ઠિર—હે મહામુનિ; ગાલવના યજ્ઞમાં મુખ્ય મુખ્ય મુનિયો કયા કયા હતા, તે સર્વના નામ મને સંભળાવો; અને યજ્ઞ ભંગ થયા પછી ગાલવે શું કર્યું તે કહો !

નારદ—હે ધર્મ ! અત્રિ, અગત્સ્ય, અંગિરા, અંગિરસ. અથર્વ, અગ્નિમાંડય, અસિત, ઉદ્દાલક, ઉતંગ, કસ્યપ, કપિલ, કૃતુ, કર્દમ કૃષિબસ, કાલ, કાલક, ગૌતમ, ગર્ગાચાર્ય, ગૌરશિરા, ગરીષ્ટ, ગાલવ, ચ્યવંન જમદગ્નિ જયમુનિ, તાંડય, તુંબરૂ, તાક્ષ્ર્ય, સ્થાણું, દક્ષ, દુર્વાસા, દેવળ, વિર્ઘત્તમા, દેવહવ્ય, ધૌમ્ય, પ્રચેતા, પુલહ, પુલત્સ્ય. પ્રલ્હાદ, પારાશર, પર્વત, પિપ્લાદ, બ્રહસ્પતિ, બ્રહદશ્વ, ભ્રગુ, ભાર્ગવ, ભારદ્વાજ, ભાલુકી' ભાંડાયનિ, મરિચિ, માર્કંડેય, મણિ, મરૂત, મંકકણુ, મિત્ર, મૈત્રિશ, યાજ્ઞવલ્ક, ઋષ્યશ્રંગ, ઋષભ, રૂરૂ, લિખિત, લોમશ, વશિષ્ટ, વૈખાનસ, વાલખિલ્ય, વ્યાસજી, વાતસુંધ, વિશાખ, વિધાતા, વાલ્મિક, વામદેવ, વાયુ, વૈશંમપાયન, વૈશ્વાનર, વૃક્ષિય, વિશ્વામિત્ર, વિભાંડક, શુક, સંવર્ત, સનત્કુમાર, સાવર્ણિ, શંખ, સુધન્વા, સહદેવ, હવિષ્માન અને હિરણ્યમય, એ સર્વે મહામુનિયો હતા. જ્યારે સર્વ નાઠા, સામગ્રિ લુંટાઇ ગઈ ત્યારે ગાલવ પોકાર કરી રોવા લાગ્યા. અરે હું રાંક યજ્ઞ શિ રીતે કરી શકુ ! અરે ટિંટોડી સમુદ્ર કોરો કરવા ધારે તે કેમ બને ! અરે *પિપિલીકા પહાડ ઉઠાવવા ધારે તે કેમ ઉઠાવી શકે ! અરે મુનિ સર્વ નાશી ગયા, અરે હાય ! મારા ભાઇઓ ભૂખ્યા ગયા, મારો નિર્ભાગિનો અવતાર શાને થયો ! લાવ્ય ચિતા સળગાવી બળી મરૂ.

(ગાલવ) રાગ; શું દઈશ તને જાવા, દુઃખી થાવા.

થઇ હાય દહિતથી હાણુ, તજુ પ્રાણ;
મુને વાગ્યાં લજ્જાના બાણ. તજુ.
કંઇ કર્યો રંગમાં ભંગ, વળી ઝાઝો મચાવ્યો જંગ;
મુનિયોનો ટાળ્યો ઉમંગ, કરી રેવણી દાણાદાણ. તજુ. ૧
લુંટી લિધી સામગ્રી સર્વ, મારો ઉતર્યો અંતર ગર્વ;
સધ્ય સચવાયુ નહિ પર્વ, કર્યો યજ્ઞ સકળ ભંગાણ. તજુ. ૨
હવે ઝડપુ અગ્નિ જવાળ, જાણે કરૂ દેહનો કાળ;
એવે આવ્યા શ્રી ગોપાળ, તમને ઇષ્ટ દેવની આણ. તજુ. ૩

શ્રી વિશ્નું ભગવાન કહે છે મહામુનિ જે ઇચ્છા હોય તે કહો ! આપઘાત ન કરો. ગાલવ કહે મહારાજ મને યજ્ઞ કરવા દ્રવ્ય આપો. પ્રભુ કહે જાઓ તમને પૃથ્વિમાંથી અખુટ દ્રવ્યની પ્રાપ્તિ થશે. ભગવાનના વચ-

* પિપિલીકા—કિડી.

નથી ગાલ્લવને અખુટ દ્રવ્યની પ્રાપ્તી થઇ, ત્યારે ગર્વ થયો અને ફરી યજ્ઞ આરંભ્યો.

(ગાલ્લવ) ગિતિ.

હુથી સર્વે હેઠા, ગાલ્લવ મનમાં ગર્વ થયો જ્યારે;
પાતાળેથી આવ્યા, તાળકેતુ ને પાતાળકેતુ ત્યારે.

(કર્તા) બિજીવાર પણ યજ્ઞ ભંગ થયો ત્યારે જેમ તેમ ધન ભેગુ કરી ત્રિજીવાર યજ્ઞ આરંભ્યો; અને મુનિ મંડળે વિચાર કર્યો કે હવે દહિત આવે તો શ્રાપ દેવો. વશિષ્ટ કહે એમને શંકરનું વરદાન છે કે શ્રાપ લાગેજ નહિ. બન્નેપાપીએઆવીત્રિજીવારયજ્ઞભંગની તૈયારી કરીત્યારેગાલ્લવ અતિક્રોધાયમાન થયા; હાથમાં અંજળી લઇ ઉંચી નજર કરી બોલ્યા કે આજે તેત્રિસક્રોડ દેવને બાળીને ભષ્મ કરી નાંખુ ! ગાલ્લવનો ક્રોધ જોઈ ઈંદ્રાદિક દેવતા આવી ચર્ણમાં પડયા. અહો મહારાજ અમારો શો અપરાધ છે ! રૂષિ કહે હું તમને તૃપ્ત કરવા યજ્ઞ કરૂંછું તેનું તમે રક્ષણ કેમ નથી કરતા ! વચન સાંભળી ઈંદ્ર સ્વર્ગે ગયો અને સર્વ વાતથી વાકેફ કરી નારદજીને ઘોડો લેઈ મોકલ્યા. નારદ કહે હે ગાલ્લવ મુનિ આ ઇંદ્રનો આપેલો અશ્વ લઇ અયોધ્યામાં જાઓ; અને રાજા શત્રુજીતના પુત્ર ઋતુધ્વજને યજ્ઞનું રક્ષણ કરવા માટે તેડી લાવો; તેમ કરવાથી યજ્ઞ પરીપુર્ણ થશે. નારદજીનાં વચન સાંભળી ગાલ્લવમુનિ ઘોડો લઈઅયોધ્યામાં આવ્યા. મુનિને જોઇ શત્રુજીત રાજાએ સારો સત્કાર કરી આવવાનું કારણ પુછયું. ગાલ્લવ કહે પૃથ્વિપતિ મેં ત્રણવાર યજ્ઞ આરંભ્યો પણ તાલકેતુ પાતાલકેતુ ભંગ કરી ગયા. માટે યાચના છે કેઃ—

(ગાલ્લવ) રાગ, ખટક રહી.

સત્ય રૂપ શત્રુજીત રાજા, રૂષિ મુનિનાં કાર્ય કરો;
ક્ષત્રિ પુત્ર છો શુરા પુરા, દીન જનોનાં દુઃખ હરો. ૧
યજ્ઞ ભંગ મુજ કરે પાપીઓ, નાંખી મળ મુત્રાદિક રક્ત;
તાલકેતુ ને પાતાલકેતુ એ, છે બહુ બળીઆ જાણે જક્ત. ૨
રાય રૂતુદ્ધ્વજ પુત્ર જે તારો, મહિપ મોકલો મારી સંગ;
ઇંદ્ર અશ્વપર સ્વાર થઇને; મારી દહિતને રાખે રંગ. ૩

રાજા તારા કુંવરને માગ્યો આપ. એ મારો યજ્ઞ સંપુર્ણ કરાવશે, હું એનું રક્ષણ કરીશ અને ક્ષેમ કુશળ પાછો તને સોંપીશ. ગાલ્લવનાં વચન સાંભળી રાજાએ પુત્ર સામુ જોયું. ઋતુદ્ધ્વજ કહે પિતાજી શું જુઓ છો ! આ ઉત્તમ મનુષાદેહ બ્રાહ્મણની સેવામાં અર્પણ થાય એ તક તો હું શોધું છું. આપના પ્રતાપથી, પ્રભુની ઇચ્છાથી, અને આવા મુનિયોના આશિર્વાદથી હું દહિતનો નિમેષમાં નાશ કરીશ.

ચાલો મુનિવર ચાલો રૂષિવર, દાનવ બેઉનો કાદુ ધાણ્;
તન મન ધન સર્વે અર્પણ છે, બ્રાહ્મણની સેવામાં જાણ. ૪

(રાજા) ગિતિ

સાચવજો સુત મારો, રક્ષણ કરજો મહામુનિ જન;
રૂડી શિક્ષા દેજો. જેથી થાએ વરવાનું મન.

મહારાજ અનેક માગાં આવ્યાં પણ બાળકે કોઇ કન્યા પસંદ કરી નહિ,, એ લહાય મારા અંતરમાં વસી રહીછે; તો વરવાની ઇચ્છા કરે એમ શીખ દેજો.

(કવિ) રાગ; વણુઝારો.

શુણી સ્વાહા શબ્દનો સોર, દહિતે કીધી ગર્જના ઘોર.
ગરજ્યા દહિત પ્રતાપી જ્યારે, નાઠા બ્રાહ્મણ ભડકી ત્યારે;
મુખે કરતા સોર બકોર. દહિતે. ૧
શત્રુજીત તન સમજાવે, નમી નમિને પાછા બોલાવે;
સૌ આવ્યા યજ્ઞની ઠોર. દહિતે. ૨
શર પિંજર કરીયું સજ્જ, જેને ભય નહિ કોઇનો રજ્જ;
તેના તનમાં ઝાઝો તોર. દહિતે. ૩

રાગ, ગુજરી,

તાલકેતુ તવ પડીઓ તુટી, મુખે પાડતો ચીસરે;
પથ્થર પ્રૌઢા શરપિંજર પર, ફેંકે ચઢાવી રીસરે. ૧
ઋતુધ્વજના બાણે ભંગ થઇ, આકાશ મંડળ ચઢતારે;
આછા બાણની હોય જ્યાં જાળી, ત્યાંથી અંદર પડતારે. ૨
અરે ગાલવીઆને ગતિ મળે નહિ, છોકર ક્યાંથી આણ્યુંરે;
પાણી પીવાની પડે આપદા, થાય તુમકુ કાણુંરે. ૩
મુનિ કહે ભાઇ દહિત મરાશે, ચાલો ઝટપટ ચેતીરે;
છાપરા માંહે છિદ્ર ઘણાં છે, પડે આંખમાં રેતીરે. ૪
મુનિ મરાશે કોક માંહીથી, અતિ લાગશે પાપરે;
જોખમ થાશે જીવનું તો, તુને દેઇશુ શ્રાપરે. ૫
મહામુનિના વચન શુણિને, કાંઇ પડી નહિ કળરે;
ઇંદ્ર અશ્વ પર સ્વાર થયો, ત્યારે આવ્યું ઇંદ્રનું બળરે. ૬
સાધુનો સંતાપ જોઇને, સાંધ્યું અર્ધ ચંદ્રનું બાણરે;
રૂષિ કૃપાએ રણમાં લીધા, તાલકેતુના પ્રાણરે.

તાલકેતુ પડયો જોઇ પાતાલકેતુ નાઠો, ઋતુધ્વજે ઘોડો વાંસે દોડાવ્યો. ઘણે દુર જતાં પાતાલકેતુ અંતરધ્યાન થયો, ત્યારે ઋતુધ્વજ પાછો ફર્યો. ગાલવ કહે બીજાનો પણ પ્રાણ હરણ કરીને આવ્યો ? બાળક કહે ના

મહારાજ એતો કંઇ ગુમ થઇ ગયો. ગાલ્વ કહે તારા અશ્વની ગતિ ત્રિ-લોકમાં જવાની છે; તો તું પાછો ફર્યો એ સારૂ ન કર્યું. ઋતુધ્વજ કહે મહારાજ આપ કામ ચાલતુ રાખો, દહિત આવશે તો હું ઉભો છું.

ઋતુધ્વજના પંઝામાંથી છુટી પાતાળકેતુ ભાઇનો શોક કરતો હિમાચળ પર્વત વિષે આવ્યો, ત્યાં તેણે સ્ત્રિનો સાદ સાંભળ્યો. તે શબ્દ વિશ્વસુધા ગાંધર્વની દિકરી મૃદાલક્ષાનો હતો કે જે સખીઓ સહિત ગીત ગાતી હતી.

(મદાલશા) રાગ. અલબેલીરે અંબેમાત.

કરે કરૂણા જગકરતાર, પતી મળે મન ગમતો;
પાણી પકડી ઉતારે પાર, દરિયો દીન દમતો.
જન્મ જન્મની ગાંઠો છોડે, દોરા કંકણુ સાથરે;
પ્રિત કરી પ્રિતમજી પ્રિતે, દર્શાવે જગનાથ. પતિ. ૧
રૂપે રૂડો અક્કલે ઉંડો, મહા ગુણમય ગંભિરરે;
ગૌ બ્રાહ્મણનો રક્ષક રાજા, ધનુર વિધાનો ધિર. પતિ. ૨
સેવ્યા હોય સવિતા શંભુ કે, શુદ્ધિ બુદ્ધિનો સ્વામિરે;
વિશ્નુ [1]વામા પ્રેમે પુજ્યાં, તે નારી વર પામી. પતિ. ૩
જપ તપ વૃત જેણે આદરીઆં, અવીનાશી ઉપવાસરે;
સર્વ ગુણુ સંપન્ન હોય, સ્વામિ, કાપે જમના પાશ. પતિ. ૪

કોયલ સમો કંઠ, વાસુકી નાગ સમી વેણી, હરણના જેવી આંખ; કમળ જેવી હથેળી, ચંદ્ર સમુ વદન જોઇ દહિત ભાઇને ભૂલી ગયો, અને મહિલામાં મોહ પામ્યો. અહાહાહા ! જેણે પર્વત સેવ્યા હશે, જેણે સકળ તીર્થ કર્યા હશે, જેણે વિસ્નુ આરાધ્યા હશે; તેજ આવી અલૌકીક પ્રેમદાને પરણશે. અરે મેં કાંઇ પુર્વે પ્રાયશ્ચિત કર્યા હશે કે મારે આ રત્નને જોઇ નેજ રાજી થવાનું; નહિ નહિ ! એનું હરણુ કરવું.:(ભ્રમરનું રૂપ લઇ ઉપર ભમવા લાગ્યો.)

(મદાલશા) રાગ; અબ ચલે ન મોહન તેરા.

આ ભ્રમર ન મૂકે ખ્યા...લ, મુને કરી હાલ બેહાલ.
સુવા આવ્યો કયાંથી ભમતો, મુજ દેહ સકળને દમતો,
મુને જરા નથી એ ગમતો, અરે કોઇ આઓ, સમિપે ધાઓ,
સાચવી સાહો, છોડવો છા...લ. મુને૦ ૧
મુવો વસ્ત્ર વિંધિને પેસે, ઇચ્છાએ અંગ પર બેસે,
અરે તિવ્ર ડંખ એ દેશે, સુરા સરદાર, સાહી હથીઆર.
કરો સંહાર, શત્રુનું સા...લ. મુને૦ ૨

[1] શક્તિ,

(કવી) **મરાઠી સાખી.**

પ્રૌઢ સ્વરૂપે પાતાળકેતુ, કૃત્ય તેહનાં કાળાં,
શહસ્ત્ર નારની ચોકીમાંથી, ઉચકી લીધી બાળા,
નારી ઝુરે ઘણું, જોર ન ચાલે અબળા તણું. નારી૦ ૧

પાપી દહિત કન્યાને ખભા ઉપર લઇ પાતાળમા નાઠો જાય છે, દાસીઓ વાંસે દોડતી જાય છે, અને મદાલશા રૂદન કરે છે.

રાગ; ભેખરે ઉતારો રાજા ભરથરી;

રૂદન કરે રે મદાલશા.
કામની કામના કામની, જાણે ઇંદ્રની બાળ,
રતિ સતિ એ તારામતિ, હાથ ફેરવે ભાળ. રૂદન૦ ૧
પોકાર કરતી પ્રેમદા, નયણે આંસુ નિર,
કંપ થયો કાયા વિષે, લાગે ઉનો સમીર. રૂદન૦ ૨
કર્મે લખ્યા તે કયમ મટે, કરે કોટી ઉપાય,
માતાને ધિરજ આપજો, રખે જમપુર જાય. રૂદન૦ ૩
દહન કરીશ આ દેહને, પડુ પાપીને હાથ,
જીભ્હા દબાવું દંતમાં, સેવું સ્વર્ગનો સાથ. રૂદન૦ ૪

(પાર્વતિ) **ગિતિ.**

રામા રખે રોતી, ઇષ્ટ સ્મર્ણ કર જન્મ સફળ કરશે;
કામદેવ સમ કંથો, દહિતને મારી સધ્ય તને વરશે.

રામાને રોતી મુકી સકળ સ્ત્રિયો પાછી વળી અને વિશ્વસુધાની પાસે જઇ મદાલશાના સમાચાર કહ્યા. માતા અતી રૂદન કરવા લાગી અને પિતાએ પુત્રિની ખોળ્ય કરવા માંડી.

(કવિ) **મરાઠી સાખી**

વિશ્વસુધા વિમાસણ કરતો, શોધ્ય કરી સ્રષ્ટિમાં,
ઝાડ પહાડ ગિરી તરવર શોધ્યા, નવ આવી દ્રષ્ટિમાં,
થઇ વિપરીત વાત, દુઃખી થયાં ઘણું માત ને તાત. થઇ૦ ૧

(કર્તા) બાજ પક્ષિ જેમ ચકલાને, સિંહ જેમ શિયાળને, અને બિલાડો જેમ ઉંદરને મોમા લેઇ નાસે તેમ નાસતો દહિત પાંચમા પાતાળમાં લઇ ગયો. પોકાર કરતી બાળાને પાપી સમજાવવા લાગ્યો. સુંદરી રોશો નહિ, હવે તમને મૃત્યુનો પણ ભય નથી. મહિતલમાં મારા જેવા નર નથી. તમારાં સુકૃત આગળ આવ્યાં હશે જેથી મારો તમારો મેળાપ થયો પ્રેમદા મુને વરી નાગરસ પાન કરો જેથી અજર અને અમર રહેશો. મદાલશાએ

મનમાં વિચાર્યું કે રખે પાર્વતિમાતાનાં વચન સાચાં થાય ને દહિત મરાય. મહિલા મુખ મલકાવીને બોલી. ભલે તમારે લગ્ન કરવુ હોય ; તો તમારા સગાં સબંધીને તેડાવી લ્યો ! સગાં સબંધીનું નામ દેતાંજ પાતાળકેતુને ગભરાટ થયો, કાળજું ધડકવા લાગ્યું અને પોતાનો ભાઇ યાદ આવ્યો. અરે હજી મેં ભાઇનું વહેર વાળ્યું નથી, હજી મેં ભાઇના શબને સંસ્કારતો કર્યો નથી, તે પહેલાં લગ્નની શિ વાત ! તેજ વખતે કુંડલધારની દિકરી વિકુંડલાને બોલાવી, તેને મદાલશા સોંપી પોતે ભાઇનું વહેર લેવા ગાલવમુનિના યજ્ઞમાં ગયો. જ્યાં દહિતનો ભય મટવાથી બ્રાહ્મણો નિર્ભય પણે જમવાને બેઠા છે, ગાલવમુનિ હરખાય છે, દેવતાઓ અંત્રિક્ષમાં આનંદ કરી રહ્યા છે, નારદમુનિ પાતાળકેતુના મોતની રાહ જોઇ રહ્યા છે, અને ઋતુદ્ધજ બાણ ચઢાવીને ઉભો છે, ત્યાં પાતાળકેતુ વિષ્ટા અને રૂધિર વરસાવતો આવ્યો. બ્રાહ્મણો નાઠા, અને ઋતુદ્ધજ બ્રહ્મ મંડળને વારી રાક્ષસ સાથે રણસંગ્રામ કરવા લાગ્યો. ઋતુદ્ધજનાં બાણથી રાક્ષસ ત્રાશી ગયો અને રણસંગ્રામ મુકી નાઠો. રાજકુમારે ઘોડો વાંસે દોડાવ્યો. ઘણે દુર જતાં દહિત પૃથ્વિ ભેદી પાતાળમાં પેઠો. ઘોડાની ગતિ સર્વ સ્થાનમાં જવાની હતી, તેથી ઘોડો પણ વાંસે ચાલ્યો. આગળ જતાં દહિત પાણીમાં પડયો, ઘોડો વાંસે જળમાં ઝંપલાવ્યો. દહિતે વિચાર કર્યો કે જો હું ઘેર જઇશ તો મુને મારી, રાજપુત્ર કન્યા હરણ કરી જશે. દહિત સાતમે પાતાળ ગયો, અને ઘોડો મદાલશા તરફ દોડયો. ઘોડાને અવળે માર્ગે જતો જાણી ધણે ખેંચ્યો પણ ન અટક્યો, ત્યારે ઇચ્છા પ્રમાણે જવા દીધો.

(કવિ) મરાઠી સાખી.

રાય ઋતુદ્ધજથી ભય પામી, પેઠો રસાતળ માંય,
અગમ્ય વાટે અશ્વ આવીઓ, દહિત મહેલ છે જયાંય,
દેખી સ્વર્ગ ભોવન, રાય પામીઓ આનંદ મન. દેખી૦ ૧
વાસવ વિશ્નુ વિધી વસિયરપતિ, કે ભાસ્કરનાં ભોવન,
પશુ પક્ષિ નહિ જીવ કે જંતુ, વસનારાને ધન્ય,
રખે માયા કરી, પ્રાણ પાપીઓ લેશે હરી. રખે૦ ૨

આગળ વધતાં રાજકુંવરને દુર્ગંધ આવવા લાગી. અરે આ કોઇ રાક્ષસનું સ્થાન હશે કે શું, આ હાડકાં, ચામડાં, માંસ આદી કેવાં ગંધાય છે. અરે આગળતો રમ્ય જગા છે. ન હોય ન હોય દહિતનું સ્થાન, આતો શેષ નાગનો સભા મંડપ દિસે છે. આ મંડપ આગળ ઇંદ્ર, વરૂણ, યમ, કુબેર અને બ્રહ્માની સભાઓ પણ ઝાંખી પડી જાય તેમ છે. અહાહાહાહા !

મણિના અજવાળાં ઠેર ઠેર થઇ રહયાં છે, પૃથ્વિ કનકથી લિંપેલી લાગે છે, ભિંતોએ હિરા રત્ન જડયા છે અહિં વસનારને ધન્ય છે. અરે અહિંતો કોઇ નહિ વસતુ હોય; અહીં કોઇ પશુ પક્ષિ કે જીવ જંતુ માલમ પડતું નથી. અરે આ કોઇ સ્ત્રિ દીસે છે. ઋતુદ્વજને દેખી વિકુંન્ડલાદાસીએ મદાલશાને ખબર આપી; અરે બાઈ કોઈ રાજકુમાર ઘોડેસ્વાર થઈ આવે છે. મદાલશા કહે વાહ ભગવાન પાર્વતી માતાનાં વાકય સત્ય થયાં કે શું; લાવ્ય દહિતનો દેહાંત કરવા પેરવી કરૂં, વિકુંડલાને સામી આવતી જોઇ ઋતુદ્વજે પુછ્યું તમે કોણ છો; આ ભોવન કોનાં છે અને તે સુન્યકાર કેમ દિસે છે ? વિંકુંડલા કહે મહારાજ, મહેલ વિશ્વકર્માના નિર્માણ કરેલા છે; અહીં પ્રથમ વિશ્વદેવ વસતા હતા પછી ઇંદ્રે કંઠલધાર નામના રાક્ષસને ભોવન સોંપ્યાં અને દેવ સ્વર્ગમાં ગયા. એ કંઠલધારની હું પુત્રિ છું; કાળે કરી દ્વિજકેતુ રાક્ષસના બે પુત્ર નામે તાલકેતુ પાતાલકેતુએ આવી મારા પિતાને માર્યા અને મને દાસી કરી રાખી ! મહારાજ અહીં મારા દુઃખની સિમા રહી નહિ. હાલ એ પાપીઓ અહીંઆં વસે છે. બન્ને દુષ્ટોએ ગાલવમુનિનો યજ્ઞ ત્રણવાર ભંગ કર્યો. તેમાં અયોધ્યાના શત્રુજીત રાજાના કુમાર ઋતુદ્વજે તાલકેતુને માર્યો. પાપી પાતાલકેતુ વિશ્વાવસુ ગાંધર્વની દીકરી મદાલશાને હરણ કરી લાવ્યો છે, અને ભાઇનુંવહેર લેવા ગયો છે. તે હમણાં આવશે તો વિપરીત થશે માટે આપ ત્વરાથી મારી બાઇની મુલાકાત લેઇને ઝટ જાઓ !

ઋતુદ્વજ વિચારે છે, અરે જેની દાસી આવી સ્વરૂપવાળી છે તો તે કુંવરી કેવી હશે ! અરે વિકુંડલા મને જેમ બને તેમ જલદી તારી બાઇની મુલાકાત કરાવ ! હુંજ તાળકેતુનો પ્રાણ હરણ કરનાર રાજકુમાર ઋતુદ્વજ છું. શબ્દ થતાં રાણીની આગળનો પડદો ચિરાઇ ગયો, અને જેમ આકાશમાંથી વિજળી ઝબુકે તેમ રાણી દીપી ઉઠી. મદાલશાને જોઇ રાજા મોહના દરિયામાં ડુબી ગયો. બન્ને સામસામી ચિત્રની માફક જોઇ રહ્યાં.

(ઋતુદ્વજ)   રાગ; બોલાવે છે બાળા તુ કોને.

સંભારે છે સ્યામા તું કોને, શાશા મનમાં સુજે વિચાર ?

(મદા.) વાહ વાન ! ભુલી ભાન;

(ઋતુ.) મુકો તાન, રાખો માન, નયન બાણનો મારો ન માર. ૧

(મદા.) ચપળ ઇંદ્રિયો ચમકી ઉઠે, નથી કર્યું મેં કાંઇ નવિન;

પળમાં, તળમાં,

(ઋતુ.) ચળમાં, છળમાં ! શરણે આવ્યો દાસ હું દીન. ૨

(મુદા.) ઉમિયા ઇચ્છા પુરણ થઇ શું? આવી મળીઆ જીવન પ્રાણુ:
સ્વામિ, પામિ.

(ઋતુ.) ખામી; વામી, ઉગ્યો કનકનો આજે ભાણુ. ૩
ઈશ ઇચ્છાએ તમોજ મળીઆં, ઘડયાં વિધિએ પુરણ ભાગ્ય;
રાણી, નાણી.

(મુદા.) શાણી, વાણી, હૈયાની હોલાશે આગ્ય. ૪

(કર્તા) ઋતુધ્વજને મોહ પામેલો જાણી મદાલશા ઘુંઘટ કાઢી કાયાને કંપાવે એવા આવભાવ કરવા લાગી. ચપળાની ચાલ, રૂપ, રંગ અને અંગ જોઇ અયોદ્ધાપતિ કુમારતો આંધળોજ બની ગયો. વળી માનુનીનુ મુખ જોવા, પાસે જઈ પાછળથી અંબર તાણવા લાગ્યો.

(ઋતુધ્વજ) રાગ; પામ્યો પ્યારી મન માની.

મહિલા; માગો છો માન, જોતામાં જાએ જાન:
તરૂણી; સુજે છે તાન, હું બની ગયો હેરાન;
ઘુંઘટમાં; કીધો ઘેલો, કામાગ્નિ તાપ તપેલો;
રાણી; બનીઓ હું રામો, જોઇ રૂપ થયો છું આમો;
નાગણુ; થઇ ડંખ્યાં નારી. હવે જીવ જવા તૈયારી;
તરૂણી; ઢંકાગો તેજે, આ દાસ પાસમાં લેજે;
અંબરને; અળગુ કરજો, ઇચ્છાવર વહાલી વરજો!
સેવકને; શિદ સતાવો; મારા સમ મુખ બતાવો. મહિલા.

(કર્તા,) મહિપાળને મહેલમાં ઘુમાવી ઘુંઘટ દુર કરી. હાથ જોડી આગળ ઉભી રહી. સ્વામિ હું તમારી જનમોજનમની દાસી છું.

મરાઠી સાખી.

શાલ દુશાલે વાયુ ઢાળે, ખાંતે રજ ખંખેરે;
મુખ ઉપરથી માંખો ઉડાડે, મનમાં માળા ફેરે;
જુવે ચંદ્ર ચકોર, નજર ન ચુકે ચારે પહોર. જુવે.

બને અશ્વે સ્વાર થઇ,જવા વિચાર કરે છે, તે વખતે વિકુંડલાએ કહ્યું મહારાજ આપ ગાંધર્વ વિવાહ કરીનેજ અહીંથી ગયા હોત તો મારા મનને આનંદ થાત. ઋતુધ્વજ કહે આચાર્ય વિના એ વાત કેમ બને, લગ્ન કરવું સહજ નથી, તેમાંતો અગ્નિ બ્રાહ્મણુ અને સુર્યની સાક્ષિ જોઇએ છીએ. એટલામાં બ્રહ્માના પુત્ર સર્વ સદગુણુ સંપન્ન નારદ મુનિની સ્વારી આવી. ઋતુધ્વજે ચર્ણમાં પડી આગમન કારણુ પુછ્યું. મહારાજ કહે હું મદાલશા સાથે તારો સંબંધ જોડવા આવ્યો છું. નારદજી આચાર્ય થયા

અને વિકુંડલાએ કન્યાદાન દીધું. બેઉ જણને લેઇ ઘોડો પવન વેગે ઉડયો, અને જોતજોતામાં પૃથ્વિ ઉપર આવ્યો. ત્યાં અતી વાર થવાથી ફિકરમાં પડી શોધવા નિકળેલા ગાલવમુનિ મળ્યા. રૂષિને જોઇ ઋતુધ્વજ કન્યા સહિત દંડવત્ત પ્રણામ કરી ઉભો રહ્યો. રામાનું રૂપ જોઇ મુનિને મન અતિ હર્ષ થયો. અરે ઇશ્વરે મારી ધારેલી ધારણા પાર ઉતારી. અહા ! આગળ યજ્ઞ માં મહાન તપસ્વિ વિશ્વામિત્ર શ્રીરામચંદ્રજીને દશરથ રાજા પાસેથી યાચના કરી લાવ્યા હતા અને જાનકી વરાવી. તેમ મારે પણ થયું; હવે શત્રુજીત ને શાંતિ વળશે. ઋતુધ્વજ મદાલશા મુનિની આજ્ઞાથી ઘોડે બેસી અયોધ્યા વિદાય થયાં. રૂષિ પાવડી ઉપર ચઢીને, ચલ ! અવાજ કરતાંજ પાવડી ઉડી, રૂષિ તેમની પહેલાં રાજા પાસે આવ્યા. રાજાએ સત્કાર કરી પુત્રની ખબર પુછી. રૂષીએ રાજાને તૈયાર થઇ નગરની બહાર ઋતુધ્વજના સામા જવા સુચવ્યું. ગામ બહાર ગયા ત્યાં ઘોડો સામેથી દોડતો આવે છે. પિતાને દુરથી દેખીબન્ને ઉતરી પડયાં. ચાલતાં આવેછે. રાજા કહે મહારાજ સાથે સ્ત્રિ કોણછે?

(ગાલવ) **રાગ, માઢ; વિરા વેસ્યાના યારી.**

આ જો ગૌતમ નારી, કુળવધુ તારી, અવધપુરીના રાય;

(શત્રુજીત) પ્રભુ કૃપા તમારી સ્હાય મોરારી પડુ તમારે પાય.
નિર્ધનીયો જેવો ધનને પામે, અંધજ પામે આંખ;
દાસ હરીના અવલોકતામાં, સોમપાતી પામ્યો પાંખ;
સ્વામિ સદ્ય પધારી, હર્ષ વધારી, સફળ કરી મમ કાય. આજો ૧

(ગાલવ) સકળ મનોરથ પુર્ણ થશે તારા, એ મારૂં વરદાન;
ગાંધ્રવ કન્યાનો કરજે વિવાહ, વાધશે જગમાં માન;

(શત્રુજીત)થયા છો ઉપકારી, દુખ વિદારી, સંકટે કીધી સ્હાય. આજો. ૨
પુત્રને પામ્યો દુખને વામ્યો, કુળવધુ ઉચ્ચની બાળ,
મનના મનોરથ પુર્ણ થયા. પ્રભુ સ્હાય થયા ગોપાળ;
ગાંધર્વ કુમારી, સ્વરૂપે સારી, કંચન વરણી કાય. આજો. ૩

(રૂતુધ્વજ) પુર્ણ પ્રતાપ એ બ્રાહ્મણ સેવા, દૈત્યનો પામ્યો તોખાર;
રૂષિકૃપાએ ઋતુધ્વજે, રણ શત્રુનો કીધો સંહાર;

(ગાલવ)ગતિ ગોવીંદના ન્યારી.લેજો વિચારી, શોક તે સર્વ સમાય. આજો૪

(કર્તા) શત્રુજીત રાજાને સંતોષ પમાડી ગાલવમુનિ વિદાય થયા. રાજા શત્રુજીત મદાલશાને પુછી તેના માતા પિતા અને સગા સબંધીનો જાણીતો થયો. એક દૂત કે જેને શંકરનું વર્દાન હતું, તેની સાથે પત્ર લખી વિશ્વસુ-ધ્ધાને મોકલ્યો. તમારી પાતાળકેતુ દહિતથી હરણ કરાએલી દિકરી નામે

મદાલશા મારા પુત્ર ઋતુધ્વજ સાથે ગાંધર્વ વિવાહથી વરી છે, અને આચાર્ય નારદમુનિ હતા, હવે મારે પુત્રનું લગ્ન ધામધુમથી ફરી કરવા વિચાર છે તો આપ જોયતી સાહિત્ય લઇ અત્રે વહેલા પધારશો એવી ઉમેદ છે. વિશ્વાવસુ ગાંધર્વ સર્વ સાહીત્ય લઇ હર્ષથી હાજર થયો, અને મદાલશાનું કન્યાદાન દીધું. પિતા કન્યાદાન દેઇ વિદાય થયા, પછી મદાલશાએ પતિવ્રતાનો ધર્મ પાળી સાસુ સસરાની સેવા કીધી.

(મદાલસા) મરાઠી સાખી

પાતાળકેતુ ફરે નિરંતર, શત્રુ છે મહા પાપી,
છળ પ્રપંચે છેતરી નાંખે, જીવન દોરી કાપી,
વાણી મેં જે ભખી, હૈયામાંહે રાખો લખી. વાણી.

રૂતુધ્વજ કહે હે પ્રિયે એ દહિત મારા સામો આવી મને મારે તેમ નથી, પણ પાપી જાત. એટલે તમારૂં કહેવું સત્ય છે, મદાલશા કહે સ્વામી લ્યો આ મારે હાથે મણી છે તે તમારે હાથે બાંધો. ઋતુધ્વજ કહે લાવો.

(મૃદાલશા) ગીતિ.

મણી વિખુટો થાશે, આપ હસ્તથી સ્વામી જો જાણુ,
ચક્ષુ દ્વારે જોતાં. દેહ તજીને તર્ત જાય પ્રાણુ.

પાતાળમાં વસતા અર્જક નાગના બે પુત્ર ચંદ્રમણિ અને ચુડામણિ નામના જે સરોવરમાં જળ ક્રીડા કરવા આવ્યા હતા, ત્યાં મ્રગયા કરવા ગએલો ઋતુધ્વજ જળ પીવા ગયો, ઋતુધ્વજને હાથે બાંધેલો મણી જોઇ બંને દોડતા દોડતા આવ્યા. ઋતુધ્વજ નાગના ડરથી બહાર નિસરી ગયો, નાગપુત્ર બહાર આવી, મનુષ્યના રૂપમાં થયા. અને રૂતુધ્વજને કહેવા લાગ્યા, અરે ભાઇ તું કોણ છું ? ભાઇ તારી પાસે આ મણી છે તે ઉપરથી તું અમારી મિત્રતાને લાયક છું ? ભાઇ તમારી પાસે આ કયાંથી આવ્યો ? અને તમે કોના પુત્ર છો તે કહો ? ઋતુધ્વજે કહ્યું ભાઈ હું અયોદ્યાના રાજા શતરૂજીતનો પુત્ર ઋતુધ્વજ છું. મેં ઇશ્વર કૃપાએ મારા બાહુબળથી ગાલ્લવનો યજ્ઞ કરાવ્યો. તે પુન્યના પ્રતાપથી તાળકેતુનો નાશ કરી વિશ્વાવસુ ગાંધર્વની પુત્રિ મદાલશાને પરણ્યો. તેણે આ મણી મારે હાથે બાંધ્યો છે. નાગ કહે ભાઇ આ ક્ષણથી તું અમારો પરમમિત્ર થયો. તારે હર હમેશ અહીં હાજર રહેવું, આપણે એકઠા થઇ હાસ્ય વિનોદ કરીશું. અહીં પાતાળકેતુ ઘેર આવ્યો. મદાલશાની ખબર પુછી. દાસીએ કહ્યું અરે હાય ! એમને તો કોઇ ઉચકીને લઇ ગયું, અને મને પણ માર માર્યો.

(પાતાળકેતુ)　　રાગ, પાટણના નૃપ નથી તુજ.

મહાયત્ને મને મળી માનુની; કોણ હરણ કરનાર !
હોય જો શક્ર સુર્ય કે શેષ, ઉડાડુ મારી પગની ઠેષ;
જમિનપર ઝીકુ ઝાલી કેશ, એહથી લેશ નહિ ડરનાર. મહાયત્ને. ૧
મેળવ્યું મહારી સાથે મન, આપીયુ વરવા માટ વચન;
વહેરીએ વચમાં આણ્યું વિધન, અધર્મિ હરણ કરી મુજ નાર મહા. ૨
હશે એ રોતી રાત ને દન, અરે એ નહિ ખાતી હોય અન્ન;
ગાળશે મુજ વિયોગે તન, ધર્મથી ધ્યાન મુજ ધરનાર. મહાયત્ને. ૩
(નારદ) શત્રુજીતરાય અયોધ્યાભૂપ, ઋતુદ્ધજ તન એ કામ સ્વરૂપ;
સંગ્રામે શુર ને ગુણ અનુપ, તેહ તુજ નાર તણો ભરથાર. મહા. ૪
(દહીત) શુણી કંપેછે મહારી કાય, ઋતુદ્ધજ મુજથી નવ જીતાય;
માર્યો મુજ બંધુ યજ્ઞની માંય, અરે મુજ અંગ થયો અંગાર. મ. ૫
અરે કંઇ કરૂ સાચવી પેર, પછીથી લાવું પ્રેમદા ઘેર;
વાળવું મુજ બંધુનું વહેર, ચહિપને મારી નાંખુ ઠાર. મહાયત્ને. ૬

નારદનાં વચન સાંભળી પાતાળકેતુ ભિક્ષુક વેષે અયોધ્યામાં ગયો. ઋતુદ્ધજના મહેલ પાસે ભિક્ષાનદેહિ કરી ઉભો રહ્યો. ઘણા દિવસ પ્રયાસ કરતાં એક વખતે મહેલની અગાશીમાં મૃદાલશા નજરે પડી; એને દેખતાંજ રીસ ચઢી.

(દહિત)　　　　મરાઠી સાખી.

પ્રૌઢ પ્રપંચથી પેર કરીને, મહિલા પમાડુ મર્ણ;
અમૃત અધિકુ પિવાય નહિ તો, ઢાળી દેવું ધર્ણ;
એ વાત ખરી; મારા મન માંહે ઉતરી.　　　　એ વાત.

ગિતિ.

નારી મૃત્યુ પામે, શુણી રાયના પ્રાણુજ નીકળશે;
શાલ શત્રુનું ટળશે, ભાઇ તણું તો વહેર જરૂર વળશે.

(કર્તા) મૃદાલશાના મહેલના સામો દહિત જોગીરૂપ ધરી, જટાધારી, મોટું છત્ર ધરી, ચાર ચિપીઆ અને ચૌદ ચલમો લઈ, ધુણી ધિખાવી બેઠો. ઋતુદ્ધજને જતો જોઇ પુછવા લાગ્યો અરે રાજ કુમાર ! આપ પુરૂષ થઇ સ્ત્રિનો વેશ કેમ રાખ્યો છે ? આ મણી તો સ્ત્રિયોને શોભે, પુરૂષને નહિ. ઋતુદ્ધજ કહે મહારાજ આ મણિ મૃદાલશાએ મારે હાથે બાંધ્યો છે, તે એવી સરતે કે આ મણિ મારાથી વિખુટો દેખે તો મૃદાલશા મૃત્યુ પામે. વારતા સાંભળી વેષ બદલી થોડા દહાડા ચર્ચા જોઈ કે ઋતુદ્ધજ કયાં જાય છે. (જોગીને જોઇ, દાસી મૃદાલશા પાસે વખાણ કરવા લાગી.)

(હાસી) રાગ. કોઇ ભિક્ષાફકિરેંકી લાવના.

બાવા બાવા બાવારે, બેની બેઠા દિધંબર બાવા;
જુવો લાગ્યા ગોવિંદ ગુણ ગાવારે. બેની.
ધુણી ધિખાવી ધ્યાન ધરે કેવું, મંન નથી અન્ન ખાવારે. બેની. ૧
છત્ર ધરાયુ શિરે જટા વધારી; તુંબી પાત્ર કર સ્હાવારે. બેની. ૨
અવતાર લઇને જાણે આવ્યા પ્રભુજી; સરજ્યા છે પિવા પાવારે. બેની. ૩
અમાર લોકની ગરજ ન રાખે, દેવ સંગાથે જેના દાવારે. બેની. ૪
જાણું જરૂર જાળંધર જનમ્યા, પ્રેમથી પાદ પુજાવારે. બેની. ૫
(મૂદા) જોયા જોયા દિગંબર બાવા.
ઢોંગી ફરે છે બહુ ધર્મિને બાને; ધરણિમાં ધુમ મચાવારે. જોયા. ૬
ન હોય મછંદર ન હોય ગોરખ; આવા બાવા વાવારે. જોયા. ૭
ધ્યાન ધરે ધામ, દામને ચામનું; દારાના દાસજ થાવારે; જોયા. ૮
બાપુ કહે બાઇ ભાઈ ભરમાવી; યુક્તયે ધન ઓંકાવારે. જોયા. ૯

એક સમયે પાતાળકેતુ પાપી જે સરોવર ઉપર ઋતુદ્ધજ ક્રિડા કરવા જતો હતો, તે સરોવર ઉપર બ્રાહ્મણનો વેશ લઇ પોકાર કરવા લાગ્યો. પોકાર સાંભળી ઋતુદ્ધજે પુછયું; મહારાજ કોણ છો ? અને કેમ નિસાસા નાંખો છો ? બ્રાહ્મણ કહે મહારાજ હું બ્રાહ્મણ છું. વરૂણ લોકમાં રહું છું, અને મારૂં નામ અતિતેજી છે. એક બ્રાહ્મણ પુત્રિ સાથે મારાં પુત્રનો વિવાહ સંબંધ મેળવ્યો છે, તે પુત્રિને એવું "પણ" છે કે મૃદાલશાહનો મણિ જુવે તોજ પરણે. ભાઇ તે મૃદાલશા ગાંધર્વની દિકરી છે અને અયોધ્યામાં શત્રુજીત રાજાના પુત્ર ઋતુદ્ધજ સાથે પરણી છે. તે ઋતુદ્ધજ દયાળુ છે, માટે મૃદાલશા પાસેથી મને મણિ અપાવશે. મહારાજ તમે જોયો હોય તો અયોધ્યાનો રસ્તો મને બતાવો ? ઋતુદ્ધજ કહે મહારાજ હુંજ તે મૃદાલશાનો સ્વામિ અને આ રહ્યો મણિ મારે હાથે; પણ તે આપતાં વિપરિત થાય ! બ્રાહ્મણ કહે આ શું બોલ્યા મહારાજ; અરે તમે તો ગૈ બ્રાહ્મણ પ્રતિપાળ કહેવાઓ અને આ બ્રાહ્મણનું કાર્ય કરતાં આટલા પાછા કેમ પડો છો ? આપ અહિં ઉભા રહો તો હું સપાટે દેખાડીને પાછો લાવું. ઋતુદ્ધજે મણી આપ્યો. બ્રાહ્મણ કહે મહારાજ અહિં બે નાગના પુત્ર આવ્યા હતા તે એમ કહી ગયા છે કે ઋતુદ્ધજ આવે તો સંધ્યાકાળ સુધી બેસવા કહેજો અમો આજે એને માટે અનુપમ વસ્તુ લાવવાના છીએ; એમ કહી હર્ષિત પાતાળમાં જઇ નાગને મળ્યો. આજે ઋતુદ્ધજે મૃગયા રમવા આવવા ના પાડી છે માટે આવશો નહિ. પાપી શત્રુજીત રાજાની

સભામાં આવી પોકાર કરવા લાગ્યો. ઓ મારા ભાઇરે! ઓ મારા પરમ-મિત્રરે ! રાજા વિસ્મય થઇ પુછેછે. છે શું ! ! !

દહિત—અરે છે શું શું ! ઋતુદ્વજને મગર ગળી ગયો.

(કવી)   મરાઠી સાખી.

પિતા પડિયો પૃથ્વિ ઉપર, માથાં કુટે માત;
અરે અચાનક આ શું સાંભળ્યું, પ્રિય પુત્રની ઘાત;
આવ્યો નારી પાસ, તેને આવ્યો નહિ વિશ્વાસ.   આવ્યો.

(મદાલશા.)   રાગ; રાજીઓ.

સાચુ માને કેમ સાધવી;   રામ રામ રામા.
સાધવી સાધવી સાધવી.   રામ રામ રામા.
કેમ માને મદાલશા માધવી;   રામ રામ રામા.
માધવી માધવી માધવી.   રામ રામ રામા.

મુને વર્યો જે મહિપતિરે, તેનું મર્ણ જો હોયરે;
તર્ત જણાય મુને તાળવે, સત્ય ચઢી જાય સ્હોય રે.   સાચુ. રામ.
અવધપુરીના રાજીઆરે, કરે કોટી જેની આશરે;
મણિ બાંધ્યો છે મેં તો હાથમાં, મ્હોત આવે ન પાસરે.   સાચુ. રામ.
સરજ્યો નથી કોઈ શ્રૃષ્ટિમાંરે. કરે ગૈર વર્ણ ઘાતરે;
મણિ આવે જો મારા હાથમાં, તોતો માનું સાચી વાતરે.   સાચુ. રામ.

(દહિત)   ગીતિ

સતિ પતિ હોય પાસે, પાછળ કાપે કરમાં લેઇ કાતુ;
જો ! આ મણિ મુજ પાસે, ફોડય માથુ ને કાઢય હવે રાતુ.   ૧

(કવિ) તર્ત તાળવું ફાટયું, મદાલશા મુઈ સ્વર્ગ વળી જ્યારે,
સગાં સહોદર આવ્યાં, પાતાળકેતુ પંથ પળ્યો ત્યારે.

મદાલશાના શબને અગ્નિદાહ કરી ઘેર આવી શત્રુજીત રાજા પુત્ર અને પુત્રવધુ બંનેનો શોક કરવા લાગ્યો (ઋતુદ્વજ ઘેર આવ્યો.)

નગ્ર સકળમાં કલેશ છવાયો, પ્રજા કરે છે પોકાર;
વિપરીત જોઇને વિસ્મય પામ્યો, શત્રુજીત કુમાર;
આવ્યો ડગ ભરતો, વિચાર અંતર બહુ કરતો.   આવ્યો.

ઋતુદ્વજ—અરે પિતાજી આક્રંદ શા સારૂ કરો છો ? રાજા કહે ભાઇ, કોઇ બ્રાહ્મણ આવી તારા માઠા સમાચાર આપી ગયો. અરે પ્રભુ મારો પુત્ર તેં સજીવન કરી મને હર્ષિત કર્યો પણ કામદેવની ભાર્યા સમ-સ્વરૂપ વાળી મારી સુકુળવધુ મદાલશાનો ડાઘ મહારા હૈયેથી નહિ જાય. ઋતુદ્વજ કહે પિતાજી તમારી કુળવધું શિરસ્થિતિમાંછે? રાજા કહે ભાઈ એ બ્રાહ્મણ

મણિ લાવ્યો હતો તે જોતાંજ મદાલશાના પ્રાણ તાળવું તોડી ચાલી ગયાછે.

(કવિ) ગિતિ.

રાજા ધરણિ ઢળીઓ, અશ્વ ઉડીને ગયો ઇંદ્ર દ્વારે;
ઉઠયો મુર્છા વળતાં, મદાલશા કહી મુખે પોકારે.

મદાલશાનું મત્યુ સાંભળી ઋતુદ્ધજ ધરણિમાં ઢળ્યો, અને શુદ્ધિ આવતાં મહેલ તરફ વળ્યો. અરે હે પ્રેમદા ! મને મુકી કયાં ચાલી ગઈ, અરે હે વિશ્વસુધાકુમારી, તારા જેવી પ્રેમદાને આમ ન ઘટે, અરે હે દારા આવો દિવસ તેં મને કયાં દેખાડયો.

(ૠતુદ્ધજ) રાગ; મને મુકી ગયો મારો છેલડો જો.

મને મુકી ગઈ તું મદાલશા જો;
ખોટી ખોટી છે પ્રેમદાની પ્રિત. રામ રામ; મને.
તેં તો તોડી નાંખી સ્નેહ સાંકળી જો;
કોડી કોટી ઉપાયે કુડી રીત. રામ રામ; મને
ખોટી પ્રિતિ ખલકમાં, કરીએ કોટી ઉપાયજી;
ઠરવા માટે ઠામ નહિ, સઘળે લાગી લ્હાયજી.
માંહી ભડકા ઉઠે છે ભલા ભોગનાજો;
જ્યાન માંહિ ધુમાડાના ગોટ. રામ રામ; મને.
ધિરજ રહેતી નથી, રહ્યો ધ્રુજતો જો;
ખરી ખરી; ખાંતિલી તારી ખોટય. રામ રામ; મને.

(કર્તા.) હે મદાલશા હે મદાલશા કરતો સર્વ વસ્તુને બાઝવા લાગ્યો. ઘરની દાસીને પણ મદાલશા કહી પોકારવા લાગ્યો.

(કવિ) ગિતિ.

જડ ચૈતન્ય સર્વેને, મદાલશા કહી મળવાને ધાએ;
ભૂત ફરે જેમ ભમતું, ભમતો ફરતો ૠતુધ્વજ રાએ.

રાજાને અતી ગભરાયો જોઈ સર્વે સગાં આસનાવાસના કરવા લાગ્યાં. પુત્રને પિતા ધિરજ આપે છે, ભાઈ છાનો રહે ! એક મદાલશા ગઈ તો બીજી આવશે. ૠતુદ્ધજ કહે અરે કયાં છે મદાલશા ? તમે મદાલશા ! સર્વને મદાલશા કહેવા લાગ્યો; ત્યારે દાસીએ કહ્યું આમ ગાંડા શુ કાઢોનો; મદાલશા તો મશાણમાં રાખનો ઢગલો થઈ પડી છે. એવા શબ્દો સાંભળી ૠતુદ્ધજ ગાંડા માણસની માફક મશાણમાં નાઠો; બળેલી મદાલશાની રાખ સંકોરી ઢગલી વાળી બાથ મારીને બેઠો અરે રાણી બોલો ! અરે મારા પ્રાણના આધાર બોલો !

(ઋતુધ્વજ) રાગ; માઢ. કેયાજી હયોને પયની પ્યાલી હાથ.

માનિતિ મહેલે ચાલો મારા સમ, હું ગાંડાને પાડો ગમ. માનિતી.
મહિલા મોંઘા થાઓ તો મારા સમ, રસીલી રીસાઓ તો મારા સમ;
હું ઘેલો થયો ગઇ ગમ. માનિતી.
ભષ્મ થયાં શું ભામનિ, જામનિ જોતા વાટ;
સાથે બળતો સુંદરી. ટળતો તન ઉચાટ. માનિતી. ૧
મશાણુ વાસ્યુ માનુનિ, મુકી મહેલ સુરંગ;
એકલ શાને આવીઆં, શાણી કરતાં સંગ. માનિતી. ૨
સતિ રતિ સમ રાજવણુ, રઢીઆળો હું રાય,
ઘેલાં મુકો ગોરડી, પ્રિતે લાગુ પાય. માનિતી. ૩
કંથો ઝુરે કામના, ઉરે આગ જવળાય;
ચંદ્ર વદન નિહાળતાં, શિતળ થાશે કાય. માનિતી. ૪

કર્તા—પામરીના પટકામાં રાખોડીની ગાંસડી બાંધી માથે લીધી. ઘડીમાં નિચે ઉતારી હાથ જોડી પ્રદક્ષણા કરે અને ઘડીમાં મુસ્તકે ચઢાવી ફરે. અરે મદાલશા મને મુકી તુ કયાં ગઈ!

(ઋતુધ્વજ) ગરબો; રાગ, નટવર વસંત.

મુને મુકી મદાલશા તો ચાલી ગઈ;
ચાલી ગઇ, ધાવ ઘાલી ગઇ. મુને૦
જો હું પહેલાં જાણુતો, મિથ્યા માયા રંગ;
સુખ સાથે દુઃખ આપશે, કરત ન નારી સંગ;
સ્વપ્ના સમાન સુખ, રંગ છે પતંગનો;
વિયોગે વિશેષ દુઃખ આલી ગઇ. મુને૦ ૧
સગું નહિ કોઈ કોઇનું, નિત્ય ન રહે આનંદ;
પરથમ પાડે પાશમાં, વિષય તણા જે છંદ;
દાઢયથી દબાણુ કરે, લલચાવે લોભમાં,
સાંધે સલુણી સખ્ય સાલી ગઇ. મુને૦ ૨
જુઠું ભાસે જગત આ, જુઠું જીવન જાણુ;
ચર્મ ચક્ષુનો ભાસ તે, જુઠો છે નિર્વાણુ;
જુઠાને સત્ય લહ્યું, અજ્ઞાને અંધ થઈ;
જુઠો જરૂર હાથ ઝાલી ગઇ. મુને૦ ૩

ઋતુધ્વજ મસ્તક ઉપર રાખની ગાંસડી લેઇ જંગલમાં ચાલી નિકળ્યો; અને ગંગા કિનારે મુકામ કરી કરગરવા લાગ્યો; હે મદાલસા ભોજન

ક્યારે આપશો ? જળ ક્યારે આપશો ? અરે સ્વામિને શાન્તિ ક્યારે પમાડશો ? અરે બોલો તો ખરા ? (માતા પિતા દોડતાં આવ્યાં.)

(કુતુહ્વજ) રાગ; માઢ. મૃગ નયનિના ઢોલા.

વિશ્વસુધાની બાળા, બોલો ઘેલી, બોલો વહેલી. બોલોને મારી સાથ;
પ્રિયા અંતર પડદા ખોલો, ખોલો, ખોલોને ઝુરે નાથ.
નાથ ઝુરે થયો ઘાવ ઉરે, લાગ્યું દારાનું દિલમાં દુઃખ;
હાય ઉઠી અલબેલી દેખાડો, મંદ એ મલકાતુ મુખ. વિશ્વસુધાની. ૧
ચંદ્ર બદન મૃગ લોચન લલના, સહ્યો હુતાશન સંગ;
રીસ કરી રંક મેલ્યો રખડતો, જોયા મેં તારા ઢંગ. વિશ્વસુધાની. ૨
રાય રૂવે જન સર્વ જુવે, માઢે મહિલા ઉઘાડોને આંખ;
હાંશી મુકી અલબેલી આ રંકને, ઝિણી નજરેથી ઝાંખ. વિશ્વસુધાની. ૩
ખાવા તું આપે પિવા તું આપે, શયા તુ આપે આપ;
અવરથી ભોગને જો હું ભોગવું, બ્રહ્મ હત્યાદિક પાપ. વિશ્વસુધાની, ૪

(પિતા) રાગ; લાવણી; હાંહાંરે;

શત્રુજીત કરે પોકાર, લાગ્યો અંગ વિષે અંગાર;
આંખે ચાલી અશ્રુધાર, બાળ બોલો વાણી.

(પુત્ર)ના ના ના ! મહારી મૃદાલશા રાણી.
રાણી એક હજાર, આણી આપું આણી વાર;
તને પરણાવું નિરધાર, લેને જરૂર જાણી. ના ના ના. ૧
લાવું એથી સુંદિર નાર, રૂપે રંભાનો અવતાર;
ઉર અખંડિત હાર, ગુણે ગંભિર શાણી. ના ના ના. ૨
નાગ કન્યા લાવું ક્રોડ, જેમાં ન મળે ખાંપણ ખોડય;
બેટા પુર તારા કોડ, રખે ભરો પાણી. ના ના ના. ૩
લાવું કન્યા એક લક્ષ, દેવ ગાંધર્વને યક્ષ;
નવ કરશો કોઈની પક્ષ, વરજો નાણી નાણી. ના ના ના. ૪

(માતા) રાગ; મરાઠી સાખી.

નારી મરતાં નર થાય જોગી; કોના ધરની રીત્ય;
સ્નેહ સમાંનો તજીને બેઠો, આતો વાત વિપરીત;
સુત સમજુ થાઓ, મહિલા મુકી મહેલે જાઓ. સુત.

(પિતા) ગિતિ.

પરણાવુ સુકન્યા, રાજ્ય આપણું આપું હે વિર;
મુવુ ન જીવે કદીએ, ઘેર પધારો ધારીને ધિર.

(પુત્ર)　　　　રાગ; તાતનો ભરૂંસો નથીરે.

રાજ્યની ઇચ્છા નથીરે, હવે તો મુને રાજ્યની ઇચ્છા નથીરે.
જયદ્રથ જુગતે મારીઓ, જીવાડયો નિજ દાસ;
મદાલશા જીવાડશે, અલબેલાની આશ.　　　રાજ્યની. ૧
જોગી ભોગી સંગમાં, નિશદિન રહે ઉતપાત;
જોગી જંગલને વિષે, ભોગી ભોવન સાત.　　　રાજ્યની. ૨
મદાલશાના મુખ વિણુ, નવ માનું હું નેટ;
જાઓ જનેતા જાણુજો, પથ્થર:પડીઓ પેટ.　　　રાજ્યની. ૩
તૃષ્ના તંતુ તોડીઓ, આશ ન તેની ઉર;
લુંટયા પાછળ ભય નહિ, આથમતાં ન અસુર.　　　રાજ્યની. ૪

માતા પિતા હારી આશા છોડી ઘેર આવ્યાં. સાંજ સુધી મિત્ર ન આવ્યો ત્યારે ચંદ્ર ચુડામણી બન્ને રાજાના દરબારમાં આવી પુછવા લાગ્યા. હે કૃપાનાથ અમારો મિત્ર ક્યાં છે ? મિત્રને સંભારતાં રાજા પોકાર કરી રોવા લાગ્યો. નાગ પુત્ર કહે શું કાંઇ વિપરીત છે ? રાજા કહે ભાઇ કોઇ વહેરીએ મણિ લાવી મૃદાલશાને દેખાડયો કે તેણે તો તર્ત પ્રાણુ છોડયા, તેની સાથે પુત્ર પણુ જંગલમાં મદાલશાની રાખની સેવના કરે છે. ભાઇ મારો વાળ્યો ન વળ્યો, હવે તમે કંઈ સમજાવી ઘેર લાવો. ખબર થતાં બંને ભાઇ જંગલમાં ગયા અને ઋતુદ્ધજને જોતાંજ રોવા લાગ્યા.

(કવિ)　　　　ગિતિ.

બેઉ બંધવને દેખી, ધાયો રાજા કરતો કિકિયારી;
અઘોર વનમાં આવ્યા, લાવ્યા રખ્ખે મદાલશા નારી !

(નાગ.)　　　　રાગ; વેળાવળ.

જાયા જતાં જોગ નવ ધટે, શુણુ ચતુર સુજાણુ;
રાજ્ય એ રૂડુ ભોગવો, ધારો મનુષ્યને બાણુ.　　　જાયા. ૧
નારી નમે એક નાથને, નરને નારી અનેક;
પ્રિતિથી પરણો પ્રેમદા, કહ્યો શાસ્ત્રમાં લેખ.　　　જાયા. ૨
દુધનો પાક દીઠો નહિ, ઘેંશો વખાણે ઘેંશ;
મોડવુ મુકી ખસે નહિ, જેવી આંધળી ભેંસ. 　　　જાયા. ૩
કોડે વખાણે એ કુશકા, સ્વાદ લીધો ન શાળ;
સિંહણુ સ્વપ્ને ન સાંભળી, આશ આણે શિયાળ. 　　　જાયા. ૪
અર્કને અજવાળે અંધ જે, નાણે નક્ષત્ર નાથ;
જેવા ધુમાડાના બાચકા, તેવી રાખની બાથ. 　　　જાયા. ૫

અરે ઉઠ ? મિત્ર મદાલશાની આશક્તિ છોડ, અને ફરી સંસારમાં ચિત્ત જોડય ! મદાલસા જેવી સેંકડો સ્ત્રિયો આ સંસારમાં નક્ષત્રની માફક ઝગઝગી રહી છે. મદાલશા મદાલશા શું કરે છે; તને સુંદર નાગકન્યા પરણાવીએ તો મદાલશા તે કોણ !

(ઋતુદ્વજ) રાગ. મળવા આવીરે ગર્વ ભરેલી ગોરી.

રે જાઓ જોયારે જાત તમારી જાણી;
વચ્યા આખર વિષની વાણી. રે જાઓ.
નિચ નરોનો સંગ ન કરશો. ગાયુ છે ગિરવાણી;
નિચો આખર નિચુ બોલે, એજ ખરી એંધાણી. રે જાઓ. ૧
પ્રેમ કરી કોઇ અમૃત પાએ, અંતર ઉલટ આણી;
જીભડી દ્વારા ઝેર રૂપથી, પાડે કોઇનો પ્રાણી. રે જાઓ. ૨
ઉંદર્મ પાટલે જાય છકીને, ખુવે લાભ લે હાની;
ઘણા દિવસની હોય ગોઠડી, તોડી નાંખે તાણી. રે જાઓ. ૩
મન મેળી વન મહેલે મહિલા, મોજ જેહથી માણી;
ફુલી ફરંદો ફક્ત ફેરવે, પેઢી ઉપર પાણી. રે જાઓ. ૪
અર્ક આગીઓ સમાન સમજી, વદને વાત વખાણી;
મદાલશામાં મન કેમ પહોચે. રાયઋતુદ્વજ રાણી. રે જાઓ. ૫

ગિતિ.

અનંત વર્ષો વિતે, જુગના જુગ તે ઘડતામાં જાએ;
હરી હર બ્રહ્મા હારે, મદાલશા સમ નાર નહિ થાએ.

મિત્રનું દુઃખ મિત્રોથી સહન થયું નહિ, બન્તે મિત્ર સ્વર્ગ મૃત્યુ પાતાળમાં મૃદાલશાની શોધ કરવા લાગ્યા. હમેશ રાત્રિયે ઘેર આવી અલ્પ નિંદ્રા લેછે, પણ ઇચ્છા પુર્વક ભોજન લેતા નથી તેથી શરીર બન્નેનાં સુકાયાં. શરીરની સ્થિતિ જોઇ પિતાએ પુછ્યું પુત્ર ખાતે પિતે કેમ સુકાઓ છો ? પુત્ર કહે પિતાજી એ કારણ સ્નેહનું છે.

(નાગપુત્રો.) મરાઠી સાખી..

રાય ઋતુદ્વજ મિત્ર અમારો, ગાંધર્વ સુતાનો સ્વામિ;
ભોગી જોગી થઇને ભટકે, નારી મૃત્યુ પામી:
નવ ભાવે અન્ન, મન્ન ગમ્યુ છે જાવા વન્ન. નવ૦

અર્જકનાગ—અરે અજ્ઞાન બાળકો મને આજ સુધી વાત કેમ નથી કરી ! ચાલો શંકર પાસે તાંડવ નૃત્ય કરીએ; એ યોગેશ્વરને પ્રસન્ન કરી મદાલશાનું સજીવનપણું માગીએ (પોતાનો પરીવાર લઇ શંકર પાસે નૃત્યકર્યો.)

નમુ સકળ જગતના સ્વામિ; નમુ સકળ જગતના સ્વામિ;
સ્વામિ વામી દુઃખ, છો સુખ કરતા, ભય હરતા, ભંડારો ભરતા;
હું શિરનામું બહુનામિ. નમુ૦
દેવ સકળમાં દિન દયાળુ, દાસને કરૂણા કરો કૃપાળુ;
જગત જુક્તિનુ જીવન જાળુ, ભજે રાત દિવસ ભય પામી. નમુ૦ ૧
આક ધંતુરો વિજયા ભોગી, રૂંઢ રાખ ધારી છે યોગી;
રાત દિવસ રડતા જે રોગી, જાય સકળ વેદના વામી. નમુ૦ ૨
ભોગ વિષે ઉમયા અર્ધાંગે, તપ આચરતાં જટામાં ગંગે;
કામ ભસ્મ કરી રમીઆ સંગે, કયાં કથી વાતમાં ખામી. નમુ૦ ૩

નૃત્ય ગાયનથી પ્રસન્ન થઇ શંકર બોલ્યા; અરે અર્જક, માગ્ય કંઇ ઇચ્છિત વર. અર્જક કહે મહારાજ આપો તો એજ આપો કે વિશ્વસુધા ગાંધર્વની કુંવરી મૃદાલશા મૃત્યુ પામી છે તે સજીવન થાય. શંકર કહે તારી પરોપકાર વૃત્તિથી હું પ્રસન્ન થયો છું; જા મૃદાલશા સજીવન થશે. હું કહું તેમ કરજે ! યમુના તિરે શ્રાદ્ધ કરજે, અને ત્રણ પિંડનું દાન કરજે, વળી દર્ભની સળી લઇ વચમાંનો પિંડ વહેરજે !

પિંડ વહેરતાં પ્રગટે, ત્રણ ફેંણનો ખરો તે *ખગધારી;
વચલી ફેણુ વહેરે, માંહીથી નિકળે મૃદાલશા નારી.

બન્ને પુત્રને ઋતુદ્ધ્વજને બોલાવા મોકલી, અર્જક નાગે યમુના કિનારે પિત્રિ શ્રાદ્ધ કર્યું. જવ તલ અને લોટ સહિત ત્રણ પિંડ કરી વચલો વહેરતાંજ ત્રણ ફેણાનો નાગ પ્રગટ થયો, અને એ નાગની વચલી ફેણ વહેરતાં; હે સ્વામિ ! હે નાથ ! કરતી મદાલશા નિકળી. અર્જક કહે દિકરા ગભરાઇશ નહિ. (બધી વાતે વાકેફ કરી પોતાને ઘેર લઇ ગયો.)

(નાગપુત્ર) ગિતિ.

પિતા અમારા ઝંખે, જાણ્યું જ્યાંથી શોચ કરે મનને;
પ્રિતે થાઓ પરોણા, મને કરીને છોડી ઘો વનને.

(ઋતુદ્ધ્વજ) રાગ; હું મસ્તાની પ્રેમની.

હું વિયોગી નારનો, મારૂ કોણ બેલીરે;
કોણ બેલીરે, તન તાલાવેલી રે. હું વિયોગી.
ગતી કરે મેમાનની, ટાળે દીલનું દુઃખ;
કહો મિત્રો દર્શાવશે, મને મદાલશાનું મુખ;
સુખ નહિ સંસારમાં, મને ચાલ્લી મેલીરે. હું વિયોગી. ૧

* ખગધારી—નાગ.

સર્વ સગાં સંસારમાં, જ્યાં લગ નૌતમ નાર;
જ્વર અંગે તો જરૂર છે, વસ્તુ માંહિ વિકાર;
અચિંતી તુટી આભલી, વંસે રોયણુ રેલીરે. હું વિયોગી. ૨
સદા નહિ સંસાર આ, નિત્ય પ્રલય પળ થાય;
કામ લોભને મોહને, અંતે હૈએ હાય;
કદી ન કાંઠો પામશે, મેલ્યો માયાએ ઠેલીરે. હું વિયોગી. ૩
આશા બાંધ્યો આદમી, ભમતો ભૂત સમાન;
મનમાની મહિલા મળે, સુખ સ્વર્ગનું માન;
સુખ દેખાડે મૃદાલશા, તો તો આનંદ હેલીરે. હું વિયોગી. ૪

માથા ઉપર રાખની ગાંસડી લઇ, હે મદાલશા ! હે મદાલશા કરતો નાગપુત્રોની સાથે નાગલોકમાં આવ્યો, અર્જક કહે અરે પુત્ર આ શુ ગાંડપણુ ! મદાલશા જેવી હજારો સ્ત્રિયો છે;બીજીથી લગ્નકર ! ઋતુદ્રજ કહે હે મદાલશા ! હે મૃદાલશા ! શું મૃદાલશા અહિં આવી છે?અર્જક કહે જેટલુંમૃદાલસાનું સ્મર્ણુ કરે છે એટલુ ઇશ્વર સ્મર્ણું કર ! જેથી તારી કાયાનું કલ્યાણુ થશે.

(અર્જક) **રાગ; ડરમાં તું દિલ સાથ.**

ભજી લે શ્રી ભગવાન, માન મન ભજી લે શ્રી ભગવાન;
તને હજી ન આવી સાન. માન મન.
બહુ બહુ ભટકયો, લેશ ન અટકયો:
તાણ્યો ગયો વળી તૃષ્નાને તારે, ઉંચુ જુવે નહિ માયાને મારે;
આંધો ધસ્યો જાય આશાએ અંધો, ધાણીના બેલ સમો કરે ધંધો;
હાય પૈસા હાય પૈસા હાય પૈસા, એક જંઇ માટે લે જાન. માન મન. ૧
યોનિ અપારી, પામ્યો ન પારી:
શચિ સમી મળી નૌતમ નારી, ભામનિ ભોગવી તૃપ્તિ ન ધારી:
પશુની યોનીમાં પામ્યો અનેક, સાર અસાર વિચારે ન છેક;
વ્યભિચારે વિનાશ કર્યો, તોપણુ તનમાં તારૂણીનું તાન. માન મન. ૨
ઘરપત નાવી, બનીયું જે બાવી;
બાધાઓ રાખે બાળક માટે, ઝંખે ઘણું જીવ વાટે ને ઘાટે;
પશુની યોનીમાં પાર ન આવ્યો, હાય મને કેમ ત્રિકમે તાવ્યો;
પ્રભુ વાંઝીઆ મેણું ટાળ, પામુ પુત્ર પિંડનું દાન. માન મન. ૩
સર્વ દો મેલી, શિખ આ છેલી;
સંગ ન આવે સુત વિત્ત દારા, ભાવે ભજો સૌ સરજનહારા;
ખાલી ખલકનો ખેલ આ ખોટો, પાણી માંહે પેખો પરપોટો;

આનંદનો ઉપાય બીજો નથી, એકજ આતમ જ્ઞાન.   માન મન. ૪

ઋતુદ્ધ્વજ—અરે મૃદાલશા મેળવો છો કે જાઉ ! મારે તમારો મિથ્યા ઉપદેશ નથી સાંભળવો. મદાલશા એજ મારો પરમેશ્વર, એજ ઇષ્ટ, એજ જીવન, એજ સર્વ. અર્જક કહે ભોજન તો કરો ! બાળ કહે નહિ ! ભોજન મૃદાલશા પિરસે તોજ જમું ! અર્જક કહે તમારી સાચી પ્રિતિ હશે તો પેલા ઓરડામાંથી મૃદાલશા નિકળશે, દ્વાર પાસે જઇ પોકાર કરો !

(ઋતુદ્ધ્વજ બારણા પાસે જઇ પોકારે છે.)

(ઋતુદ્ધ્વજ)   રાગ; સાંભળુ શા બોલો તમારા રાણી.

સાંભળો છો શાણી માનિતી રાણી.
પ્રિયા અહિં ક્યાં પ્રિતે પરણી; ગુમાન છોડી ઘેર ચાલો ગરણી;
તૃપ્તિ કરો તન તપે તરૂણી, પરૂણી, ગરૂણી તરૂણી.   માનિતી. ૧
દ્વાર ઉઘાડો દયાળુ દારા, શબ્દ શુણાવે મુખના તારા;
સધ્ય કરો શાણી સમ છે મારા; દારા; તારા, મારા.   માનિતી. ૨

(કવિ.)   ગિત.

કડડડ થયો કડાકો, ફડાક ફાટી, દ્વાર પડયાં જ્યારે;
મદાલશાને દીઠી, ધિરજ રહી નહિ, ધાયો રાય ત્યારે.

મદાલશા સજીવન થઈ અને નાગલોકમાંથી ઘણા નાગ ઋતુધ્વજને અયોધ્યા સુધી વળાવા આવ્યા.

મરાઠી સાખી.

આનંદ વરત્યો નગ્ર સકળમાં, હરખ્યું રાયનું મન્ન:
ભસ્મ દેહીને પામી ભામની, પરણી કરણી ધન્ય;
રાય રાજા થયો, પિતા વનમાં ચાલી ગયો.   રાય.

ઋતુદ્ધજને રાજ્ય સોંપી શત્રુજીત રાજા તપ કરવા ગયો. મદાલશા મુઇ સજીવન થઇ તે વાત ત્રિલોકમાં પ્રસરી. આ વાત સાંભળી વિશ્વાવસુ ગાંધર્વ મળવા આવ્યો, પોતાની દીકરીનું પતિવ્રત, અને સત્ય જોઇ સંતોષ પામ્યો. રાજા રાણી આનંદ ભોગવે છે તેવામાં ખબર મળતાં પાતાળકેતુ પાછો આવ્યો અને યોગી વેષે નગરમાં ફરવા લાગ્યો. નાગલોકમાં રહેલો રતુધ્વજ તેની માયા ઓળખી ગયો. એક વખત અભ્યાગત જમવા તેડયા તેમાં તે પાપી આવ્યો અને ઘણું ખાવા લાગ્યો, તે વખત ઋતુધ્વજ ખડગ લેઇને ઉઠયો અને જટા ઝાલી જમિનપર ઝિકયો.

(ઋતુદ્ધ્વજ)   રાગ. ક્ષત્રિકલંક.

ઘોર કર્મ કરી ઘણું તું ખાનાર; લ્યા પાપીઆ પંજામાં આવ્યોરે.
કરી કપટ ને મારી મારી નાર.   લ્યા પાપીઆ. ૧

મણિ મેળવીને મારૂં કર્યું કામ; લ્યા પાપીઆ.
તારા કર્મથી ઠર્યો નહિ ઠામ. લ્યા પાપીઆ. ૨
ઘડુ ઘાટ તારો ખાણ નહિ ગમ; લ્યા પાપીઆ.
જા પહોંચી વહેલો, વાટ જુએ જમ. લ્યા પાપીઆ. ૩
આ જો અંત આવ્યો, માગ્યું આવ્યું મર્ણ; લ્યા પાપીઆ.
મુખે કરી લેજે, ઇષ્ટ કેરૂ સ્મર્ણ. લ્યા પાપીઆ. ૪
કામી કારમી પડે છે, તારી કાય; લ્યા પાપીઆ.
શુણી શ્રવણેને સર્વે ખુશી થાય. લ્યા પાપીઆ. ૫

(કર્તા) રાગ; પંડિતકે બચન.

નારદ કહે સાંભળો, ઇંદ્ર પ્રહસ્થના રાય;
મૃત પામી સજીવન મદાલશાની કાય. ૧
વાણીએ વખાણે, વિષ્નું વિરંચી વિધાતા;
માનુની મદાલશા પંચ પુત્રની માતા. ૨
સત્યજીત સત્યકિર્તિ, કરે સત્યનાં કામ;
શત્રુદંત વર્કને અલર્ક; એવાં નામ. ૩
માતા ઉપદેશે સર્વે છોડયો સંસાર;
રાજ્ય અલર્કને સોંપી, ભવનો ઉતાર્યો ભાર. ૪
આ ચરિત્ર અદભૂત, શ્રવણ કરે કે ગાય;
મળે નારી નૌતમ, આનંદ ઉરમાં થાય. ૫
દુઃખ પામે ન દારા, ચાલે ચતુરાની ચાલ;
કહે કૃષ્ન કૃપાએ, સેવક બાપાલાલ. ૬
હોય પ્રિતિ સાચી, પુરે પ્રભુજી કોડ;
સૌ હરીજન બોલો, જય જય શ્રી રણછોડ. ૭
" જગજ્યોતિ " સ્વરૂપ ભગવાનકી જય.

મહંત—બેટા અમર; મેં તને એકને બદલે અનેક આખ્યાન સંભળાવ્યાં. જેમાં શ્રી વિષ્નુ ભગવાનની અકળ લિલા અને ભક્તવત્સળતા પ્રાધાન્ય છે; હવે તને સમજાયું હશે કે અમર કોણ ? ભાઈ ! અમર એ જગત્તકર્તાનું એક નામ છે. અને અમરને ભજે છે તેજ અમર થાય છે. જેમ કીડો ભમરીને ભજતાં ભમરરૂપ થાય છે; તેમજ વીરા, આ શરીર છે તે એક રથ છે તેને આત્મા માલિક રૂપે ઇંદ્રિયો રૂપી ઘોડા જોડીને

બુદ્ધિરૂપી સારથીના હાથમાં મનરૂપી લગામ આપી વિષયોરૂપી સડક ઉપર ચલાવે છે; વળી લોભ અને મોહના કાંઠા સહિત મનના સંકલ્પ વિકલ્પ કિનારાની વચમાં વહેતી, તળીએ જામેલા ક્રોધરૂપ કાદવની ઉપર વહન કરનારી, કામરૂપ સર્પ અને ઇંદ્રિયોરૂપ મગરને ઉછાળતી, અસત્યરૂપી જળથી ભરપુર અજ્ઞાનરૂપી નદી આ સંસારને કાળરૂપ સમુદ્ર કે જેમાં વર્ષરૂપ વમળ, માસરૂપ લહેરો, રૂતુરૂપ વેગ, પખવાડીઆંરૂપ વેલા, નિમેષરૂપ ફીણ, દિવસ અને રાત્રિરૂપ જળ છે; તેમાં ખિંચે છે; અને છેવટ યુગરૂપ ધરામાં નાંખે છે. ધર્મરૂપી બેટમાં રહેનારને સત્યરૂપી કિનારો સેવનારને અને ભક્તિરૂપ શુકાનથી ધ્રુવરૂપી વિષ્નુભગવાનની સમક્ષ નાવ ખેડનારને કોઇ પ્રકારનો ભય નથી. અધમગતીએ પહોચાડનાર પિશાચણોરૂપ નિચ સ્ત્રીઓથી ભરેલા જ્ઞાન નિતિ, ભક્તિ અને સંતોષને હરણ કરનાર કામથી ભય પામેલા કાળરૂપ અજગર અને ક્રોધ રૂપ સાવજથી રક્ષણ થએલા નિંદા અને ચાડીરૂપ તમરાં અને ઘુવડથી ઘેરાએલા આશા તૃષ્નારૂપ હાથણીઓથી કચરાએલા સંસારરૂપી વનમાં. કચરા રૂપ અન્નાદીકથી વધેલા શરીરરૂપ ઉકરડા ને મહા દુઃખ છે; માટે કાંઇ વિચાર કર !

અમર—મહારાજ જ્ઞાની અને અજ્ઞાની સર્વને સમાન ભોગવવું પડે છે, કે કંઇ ફેર ?

મહંત—ભાઈ, જ્ઞાની સદા અસંગ છે અને અજ્ઞાની લેપવાન છે. હાથ ચિકાસવાળા થયા હોય તો માટી યા ખારો જોઇએ; જીભ માટે નહિ.

અમર—કૃપાસિંધુ મને મહાન પુરૂષોનાં ચરિત્ર સંભળાવીને કૃતાર્થ કર્યો, હજી પણ વિશેષતા સાંભળવાની ઇચ્છા છે; તો આપ છોરૂ ઉપર કૃપા કરશો!

મહંત—ભાઇ તારી ઇચ્છા પરમાત્મા પુરી કરશે. હાલ તું જા, તને આજથી સાત માસે સહનનો અને અગિયારમે માસે અતી દુઃખમાં પડેલી ઉલાસનો મેળાપ થશે; જ્યારે બન્નેને લેઇ પાછો ફરે ત્યારે આ અલૌકીક સ્થાનના દર્શનાર્થે આવજે ! હું તને વળી બીજા ભક્તોનાં ચરિત્ર સંભળાવીશ.

અમર—શું ઉલ્લાસ સંકટમાં પડી છે ! શું સહન સજીવન છે ! અરે મને દેખશે ત્યારે શું કહેશે ! મારે પણ ઋતુદ્ધજની પેઠેજ થયુ. મહાન પ્રતાપિ, દયાળુ મહંત; હું જવાની આજ્ઞા માગુ છું.

મહંત—ભલે ! ભક્તિ, સંતોષ અને સત્યનો કદી ત્યાગ કરીશ નહિ !

(વાર્તા અપુર્ણ.)

મન મુરખ કોઈ નથી. રાગ; જે દુઃખ થાય તે થાજો;

માની માની મેતો માની, છેજી દુનિયા દિવાની.

જ્ઞાની ધ્યાની ને પંડિત જોગી; બુદ્ધિ વિનાના બાની. છેજી. ૧

મુવાની પાછળ મોદિક ઉછળે; જીવતાં ન વળગાડે વાની. છેજી. ૨

રામ ભજન જાણી સૌ કોઇ રગડે; અચિંતી થાએ હાની. છેજી. ૩

હોળીના એલમાં ઘુમે હોળૈઆ; છળ બતલાવે છાની. છેજી. ૪

લગનની લગનીમાં લટકાળી ઘુમે; રીંછડો બોલ્યો રાની. છેજી. ૫

ઘેલીના ઘુંઘટે ઘર કર્યું ઘેલું; સંતાડે પગની પાની. છેજી. ૬

આબરૂ વાળા તો કરશે અઘટતુ; લારાને ઇજ્જત શાની. છેજી. ૭

બાપુ કહે બહુનામિ ન ભજીઆ; એનીતો અક્કલ આની. છેજી. ૮

પારકી પીડા શી ? રાગ. મુખડાની માયા લાગીરે.

પરની પીડાને ટાળોરે, માનીને મારૂ;
પોતીકુ પોતે સંભાળોરે, તો ઘણું સારૂ.
પાણી લેઈ પંથ પળીએ, ગરણું માંડીને ગળીએ;
ગંગા ગળતાં ચિત્ત ચળીએરે. માનીને. ૧
મેઘ જ્યારે મુકે માઝા, ઘરનાં રક્ષણ ઝાઝાં;
નભ ઢાંકી ન દે રાજારે. માનીને. ૨
રજ તપે રવી તાપે, ઉપાન સંકટ કાપે;
મેદની કોણ મઢી આપેરે. માનીને. ૩
બળે પગ નિચે બળતુ, મન તેને નથી કળતુ;
નિંદા કરવા ચિત્ત ચળતુરે. માનીને. ૪
પંડયમાં છે પાપ અતી, વિચાર તેનો ન રતી;
સાય કરવા પર ગતીરે. માનીન. ૫
પ્રથમ પોતાનું ખોવું, પૃથ્વિમાં પછી જોવું;
મારીને ના પડે રોવુંરે. માનીને. ૬
નુજ બાગ માંહિ ટોવું, ઉગે એવું બીજ બોવું;
પરને શાને વગોવુંરે. માનીને. ૭
તનની મોટાઈ તજીએ, બાપુ બહુનામિ ભજીએ;
વેળા સોતુ સૌ સજીએરે. માનીને. ૮

હિત કાર્યમાં આળસ ન ઘટે. રાગ, રણછોડજીના રૂપમાં મન રંગાણુ.

હરી કિર્તનમાં આવીઆ; શુ ઉંઘોછો.
પરવારી ઘરનાં કામ, ભજનમાં આવીઆ. શુ ઉંઘોછો.

ગર્ભવાસના ગભરાયા; શુ.
આપી છુટચા જમરાજાને જમાન. ભજનમાં; શુ. ૧
કાળ તણા છો કોળીઆ; શુ.
વ્યાધી ઉપાધી આધી તણા ભંડાર. ભજનમાં; શુ. ૨
કુટીલ પડયાછો કેદમાં; શું.
સહન કરોછો માયા કેરા માર. ભજનમાં; શુ. ૩
કાળા હતા તે ધોળા થયા; શુ.
આવી પહોચ્યા મ્હોત તણે દરબાર. ભજનમાં; શુ. ૪
જમડા આવી ઝાલશે; શુ.
હિસાબ દેવો દેવ તણે દરબાર. ભજનમાં; શુ. ૫
ચેતી ચત્રુભુજ યાદ કરો; શુ.
બાપુ ટાળો જરણ મરણ જંજાળ. ભજનમાં. શુ. ૬

ઢોંગી ભગત વિષે.

ભાઇઓ ઢોંગી ભગત એને ધારીએ, તેને છુટે દેખાળેથી મારીએરે; ભાઇઓ.
જેનું પુન્ય પાપ મનના વિચારીએરે. ભાઇઓ.
જેના કાળજામાં ક્રોધ રહ્યો કાળીઓ, મુખ મોહનને પેટમાંહી પાળીઓ;
ઝેર ઝાઝુને તાણી પાડે તાળીઓ રે. ભાઇઓ. ૧
દિલ દંભ અને ડોળ કરે દાસના, લોભ મોહ કેરી મટી નહિ વાસના;
ભણે ભામનીને ગિત ગાય રાસનારે. ભાઇઓ. ૨
ખાય ખુંદેને નાચ કરે નાગડા, રૂદે રોષ અતી, રોજ કરે રાગડા;
જાણે કળકળતા મંડી પડયા કાગડારે. ભાઇઓ. ૩
હૈએ ઈર્ષાને હાક હરી નામની, વ્યસન વળગ્યાં ને આશા અતી દામની;
સંગ સ્મરણીને કંઠ વસી કામનીરે. ભાઇઓ. ૪
ચોરી ચાડીમાં ચિત્ત નિત્ય ચહાય છે; કરી નિંદા વિષય ભણી જહાય છે;
જીભ જુઠને ગોવિંદ ગુણ ગાય છેરે. ભાઇઓ. ૫
કહે કૃષ્ન ને કામ કરે કુડનાં; અન્ન એંઠેને ભોગ કરે ભુંડના;
ઉગે અર્ક ત્યારે ધાટ થાય ધુડનારે. ભાઇઓ. ૬
સુખ પરનું દેખતાં હૈએ હાય છે; મચ્છ દેખીને મુખ મહોળુ થાય છે;
જરૂર જમડાનાં ખાસડાં ખાયછેરે. ભાઇઓ. ૭
મહાર મહાર કરેને મંડે લુંટવા, પડે પાંચ માંહે પંચાત કુટવા;
એતો આબરૂ આવરદા ખુટવારે. ભાઇઓ. ૮
ભેખ દેખીને ભૂલ્યમાં ન ભૂલીએ, દાસ થાતામાં દુ:ખ માંહી ડુલીએ;

ચાને ફોગટ ફક્કડ થઇ ફુલીએરે. ભાઇઓ. ૯
એવી કુડી કઢંગ જેની ચાલ્ય છે, બોલે બાપુ એમાં તે કશા માલ છે;
કોઇ શુરો હરીનો લાલ છે રે. ભાઇઓ. ૧૦

બ્રાહ્મણના ભટકારા.

રાગ; ઉભી રહેને વ્રિજની નારી.

લાડુ તણું આખ્યાન કહું, તે સાંભળો રૂડી પેર;
વ્યાસજીને આ ગામ વિશે થયું, લાડુ સંગાથે વહેર;
લાડુ થયો લાડકવાયો, દીઠામાં તે કાંઇ ન આવ્યો;
દહાડે દહાડે હું સુકાયોજી. ૧
લાડુ અમારો પીર પેગંબર, લાડુ અમારો દેવ;
લાડુ વિના મને ઘડી ન ગોઠે, પડી લાડુની ટેવ;
લાડુ લઠ થઇને બેઠો, કોણ જાણે ક્યાં જઇને પેઠો;
હવે હરી ઉત્તર હેઠોજી. ૨
ખીચડી ખઉ ત્યારે ગળે ભરાય, ને લાડુ ઉતરે ઘટ;
લાડુ વિના એક દહાડો ન ચાલે, થાય ઘણી ચટપટ;
ત્યારે લાડુ આઘો જાએ, ખાંતિલી તો ખીચડી થાએ;
આવે ભુંડી ભાણા માંહેજી. ૩
રામ ચક્કર જ્યારે ચૂલે ચઢે, ત્યારે નાંખુ હું મુખ નિશ્વાસ;
કોરૂ કડકડતુ આવે ભાણામાં, ત્યારે પડે પેટ ત્રાસ;
બળ્યા ઝળ્યા બેસીએ સામા, ખાતાં ખુંચે ખુબ ગળામાં;
અમને થાય લાડુના ભામાજી. ૪
હરી તણા જન થયા હઠીલા, તોળે નહિ કાંઇ તોલ;
જોડીદારે જ્યારે ઝાઝુ કહ્યું, ત્યારે કહેવા પડયા બે બોલ;
માટે કહેવું પડયું અમારે, વિચાર કાંઇ કરવો તમારે;
બાપુ કહે શુ વારે વારેજી. ૫

(કવિ) વ્યસની ને શીખામણ; રાગ; ધિરાની કાફી.

લાલઇમાં લપટાયારે, વ્યસને વશ નાંખ્યા કરી;
બંધને બંધાયારે, જીવે પણ ગયા છે મરી.
દારૂ વ્યસનથી દુરજ રહો, બુદ્ધિહીણ ન બાળશો *બીચ;
ઉત્તમ થઇને શિદને પીઓ છો, પીએ છે વરણો નીચ;
નિશામાં જુંડુ બોલે રે, મુખથી ન ભજે હરી. લાલઇમાં ૧

* બીચ=વચલી અવસ્થા, જુવાની.

ચંડુલ પીને ચોરી કરતા, કરતા ખોટાં કામ;
નાત જાતમાં નબળા કહેવાયા, બોળ્યું બાપનું નામ;
ચંડુલીઆ ચંડુલ વિનારે, કંઈક ગયા છે મરી. લાલચમાં. ૨
ગાંજો પિએ તેને ગમાર સમજવો, એ પિતા શંકર શિવ;
સમદ્રષ્ટિ દ્રઢ ઇશ્વર ભક્તિ, ભજનમાં રાખે સ્થિર જીવ;
મુરખે લીધો માનીરે, કાયા એની જાશે જરી. લાલચમાં. ૩
અફિણીઆને અફિણ વિના, હાથ પગમાં ન મળે આય;
સવારના પહોરમાં એને સુઝ પડે નહિ, અફિણનો ડચકો ખાય;
ખાઇને કામે બાઝેરે, ઉંઘ આવી લેશે ઘેરી. લાલચમાં. ૪
ભાંગ પીએ તેનું ભાન ઠેકાણે નહિ, લવરી કરેરે લબાડ;
પૈસા બગાડીને પરવશ પડશે, ઢીકી જશે બધાં હાડ;
ભંગી એ કહેવાશેરે, ભાંગ કેરા સંગે કરી. લાલચમાં. ૫
ખાય પીએ ને સુંઘે તમાકુ, કાઢે ધુમાડાના ગોટા;
સોના રૂપાના હોકા બનાવે, જગમાં કહેવાવાને મોટા;
ધાનના પડે ટોટારે, છોડે નહિ જેને વરી. લાલચમાં. ૬
માઝમ ખાએ મંદમતિ, તેને લાજમ નહિ લગાર;
ખાધાની લાહે ખપ કરે તેનો, ખાઇને થાય ખુવાર;
વિઘ્ન કરે વાટે રે, ઠેકાણે ન બેસે ઠરી. લાલચમાં. ૭
માટી ખનારો મહાદુઃખ પામશે, સાધક હોય કે સિદ્ધ;
મુવા પછી પણ માઠી દશા છે, કોચે ગર્ધવ કાગડાને ગીધ;
રિબી રિબી મરશેરે, પાપ તણા ભાર ભરી. લાલચમ. ૮
લુચ્ચા લફંગાને ચોરજ કેફી, લજાવે કુળનું નામ;
કરણી જોઇને કોપે કરૂણાળુ, ફેડે ફરંદાનો ઠામ;
અંત એનો નાવેરે, ચોરાશીને ફેરે ફરી. લાલચમાં. ૯
અવળી બુદ્ધિયે ચાલે અભાગી, સવળુ ન સુઝે લગાર;
બાપુ બોલે બાળ્યુ જીવતર, માયાનો ખાધો માર;
ભાર ગયો ભૂમારે, ખોટી શિખ માની ખરી. લાલચનાં. ૧૦

ઝેરીલાના લક્ષણ;

રાગ, જેને સાહેબ શ્રી ગોપાળ.

સામાનું સુખ જોઇ દિલમાં જે દાઝે, એવા અધર્મીથી અવની આ લાજે.
પુત્ર પ્રસવ પાડોશીને થાય; હરખે બ્રિચોળે હાથરડાં ગાય;
ઈર્ષાવાળો કરે રે હાય હાય. સામાનું. ૧

કર્મે કમાયો કો અઢળક માલ; ફાંકડો ફરતો ફુલાવીને ગાલ;
ખારીલો ખિંચે પેટની ખાલ. સામાનું. ૨
વનિતા ન વેઠે શોકયનું સાલ; કયારે કરૂ જાણે હાલ બે હાલ;
મોત અણી કેરો મેળવે તાલ. સામાનું. ૩
શોકયનો બાળક દેખી દઝાએ, તેનાથી ભગવાન કેમ ભજાએ;
નવ પેઢી તેની નર્કમાં જાએ. સામાનું. ૪
અપ્પરનાં ગણી અળગાં કરે છે; જીવતા મુવા એતો જગમાં ફરે છે;
એ જનથી ભોમી ભારે મરે છે. સામાનું. ૫
જશ ઘણો કોનો જગમાંહી ઝામે, દેશ વિદેશે કિર્તિને પામે;
દુષ્ટ બળે જેવો હાલેલો ડામે. સામાનું. ૬
ચઢતી કળા દેખી વિશ્વને વિષે, મર્દહિણો ધુંધવાએલો ધિખે;
જવાળામુખી બળે નખ ને શિખે. સામાનું. ૭
ધરતી ધ્રુજે એને ધારણ કરતાં, ઠીક કરી કદી ઠામ ન ઠરતાં;
દુષ્ટથી દેવ ફરેછે ડરતા. સામાનું. ૮
દુર્યોધને પિડયા પાન્ડવ ભક્ત, એહ થકી ઓળખાયો જગત;
રાજય રોળાયુને રોળાયુ રક્ત. સામાનું. ૯
જાર જુઠને ઝેરથી ડરવું, સાચા ધણી કેરૂ સમરણ કરવું;
બાપુ બોલે પેટ પાપે ન ભરવું. સામાનું. ૧૦

અધમનાં લક્ષણ.

રાગ; ઉપર પ્રમાણે.

નિચો તે નિચાં કારજ કરશે, ક્રોડ કલ્પ લગી ઠામ ન ઠરશે. નિચો.
પરનું રૂડુ દેખી રહે નહિ રાજી; બુદ્ધિ વિચારે બગડવાની બાજી;
પ્રભુમાં પ્રિતી પરોવે ન પાજી. નિચો. ૧
લંકેશારી નામ લેતાં લજાએ, નારીનું નામ તો નિત્ય ભજાએ;
રામા રીસાણી તેને પડે પાએ. નિચો. ૨
અળખામણી લાગે હરીની સેવા. દારાને માને દેવાધી દેવા;
વ્રુ મારે ગંગા જુમનાં ને રેવા. નિચો. ૩
હરીગુણ ગાતાં આળસ આવે, રામ કહી કોઇ રાત જગાવે;
કપાળકુટ મને નહિ ફાવે. નિચો. ૪
સ્વપ્ને ન સંભારે કાનડ કાળા, ચિંતવન કરતો ચતુરાના ચાળા;
ચુલામાં ગઇ આ નામની માળા. નિચો. ૫

મોહન કહેતાં મોઢુ ન ફાટે, નિંદાને ચાડીમાં ગર્જે છે ધાંટે;
ઓકડો બાઝે વાટે ને ઘાટે. નિચો. ૬
આદરે ત્યારે તો ઉંદ્ર ઘેરે છે; મહા પ્રયત્ને માળા ફેરે છે;
પણ વિષય પંચ હેણાં હેરે છે. નિચો. ૭
ચિદાનંદ કદી ચિત્ત ન ચહે છે, ક્યારે લખ્યું કયુ શાસ્ત્ર કહે છે;
વ્યસન વિષ સમ દેહ દહે છે. નિચો. ૮
એવા અધમનાં કાર્ય ન સરશે, ગર્ભમાં અવતરશે ને મરશે;
ચોરાશીના ચાકમાં ફરશે. નિચો. ૯
હૃદયેથી કાઢી ચઢાવીને રીસ; બાપુ જો બોલો શ્રી જુગદીશ,
રેતી ચરણુની ચઢાવું શીશ. નિચો. ૧૦

નિચી ઓરડી સૌ ઝુડે;
રાગ ઉપર પ્રમાણે.

પોચામાં પાઢુ સૌકો મારે, બળીઆની બીક નિરંતર ધારે. પોચામાં.
સરળ ઉપર લઇ શસ્ત્રને ઝુઝે, વાંકો થયો તેને દેખીને ધ્રુજે;
બિજના ચંદ્રને સૌ કોઇ પુજે. પોચામાં. ૧
મસ્ત ફરે મનમાં જેમ ફાવે, બકરીની ઇદમાં બળ બતલાવે;
વાઘની ઇદ વિચારે ન આવે. પોચામાં. ૨
પવિત્ર પંચમી કેરા દન, ચિત્રેલા નાગનું કરે પુજન;
સાચાને સાંણુસે મેલે વન. પોચામાં. ૩
માતંગની પેરે મારગ ચાલે, ફળફુલ પત્ર જોરે કરી ઝાલે;
કુવચમાં કદી હાથ ન ઘાલે, પોચામાં, ૪
પટો મળે તો પાડોશીને પિડે, ભૂત થઇને ભલા સંગ ભીડે;
અમલ આગળ હાથ જોડીને હીડે. પોચામાં. ૫
દારના વાઘ દોડાવાને જાય, સાચાને દેખી સંકોચાય-
ઝાડોને પેશાબ સંગાથે થાય. પોચાથાં. ૬
ભાભી ભણે દુર્બળની દારા, ગ્રહસ્થ તણી સ્ત્રી માતાજી મારાં;
સ્હાય કરે કેમ સરજનહારા. પોચામાં. ૭
અંતરમાં ઇશ્વરથી ડરીએ, બાપુ કહે અહંકાર ન કરીએ;
મ્હોત આવે ત્યારે સૌકો મરીએ. પોચામાં. ૮

કામીને ચાબકો.
રાગ, જપતી પ્રિતમની જપમાળ.

શુણુજો શુણુજો રૂડી શીખ; રે કામી જન શુણુજો.

જનમ્યો જન જગમાં કામી, તે કુળની લજ્જા વામી;
ખામી છિપાવે ખરે ખાતરે, ગોરીનો ગામી.
અવતરીઓ ઉંધું કરવા, દેશે નહિ કોઇને ઠરવા;
ફરવા ચોરાશીના ફેરરે, અવતરવા મરવા.
ચમાર ચાહે ચામડુ નર્ક ચહે ચંડાળજી;
પરનારી ચાહે ચીતે, નિશ્ચે તેનો બાળજી.
મળતાં મુખ મલકાવને, ના મળતાંમાં દુઃખજી;
જીવતર ઉઠયુ આગ્યમાં, ધુળ પડી તે મુખજી.
જોતાંમાં જમડા આસે, ધીખાવી નારી આસે;
ધાસે લોઢાના સળીઆ ધમરે. શુળી સમ સાલે.
પાછળથી મારે પાટુ, ત્યારે તો લાગે ખાટુ;
ચાટુ પડેલી પૃથ્વિ ધુળરે, ફરી નહી કાટુ.
મુદ્દગળ મારે મસ્તકે, દેશે ડામ કપાળ;
ધીખાવે જંજીરને પહેરાવે તે કાળ.
ભામનીઓને ભોગવી, કર । જવાળા સ્ત્રિ સંગ;
સુખ સમાણું પામશો, રમો તેહથી રંગ.
જાવાદ્યો જાવા બાવા, ભુલ્યો હું ગોવીંદ ગાવા;
ખાવા ખોટુને માને દુઃખ, જનમ્યો ભારે થાવા.
બાપુ બેલી બહુનામી, તે નરમાં નાવે ખામી;
પામી અચળ સુખ ચાવરે, સિતાનો સ્વામી.

સજ્જનને વિષયાંતે પસ્તાવો.

રાગ, પુનમ ચાંદની ખિલી.

શુણો શામળીઆ હું અપરાધી છું આપનોરે;
નિત્ય જાપ જપુછુ પ્રભુ તમો મેળાપનોરે.
જાપ જપુછુ જાદવા હરદમ હૈયામાંય;
જીભ જપે નિજ નામને, મન ભમે છે કયાંય.
આંખો બે મારી સારૂ નરતુ સો જુવેરે;
પણ ચિત્ત ચોટે છે, ચમારવૃત્તિ જ્યાંય. શુણો. ૧
ચમારવૃત્તિ ચામડે, સારૂ નરતુ જોય;
મન મારૂ એમ ભાટકી, ખરા વખતને ખોય;
પણ ચમારથી હું નિચો, નશયણ ઘણોરે;
કાંઇ હઠ નહિ મારો, એની ઇચ્છા હોય. શુણો. ૨

ઇચ્છા અંતરમાં વશી, ચિત્ત મળવાને ચ્હાય;
જરા વિલંબે જીવડો, આકુળ વ્યાકુળ થાય;
પણ મન દોડે છે, મળ મુત્રાદિ કુંડમાંરે;
હરી હુંથી સારો. અંતજ પણ કહેવાય. શુણો ૩
અંતજ અળગો રહે ઘણો, ખપ્પ જેટલી વાત;
પણ હું નિચો નાથજી, ઝંખુ દહાડો રાત;
ચોરાશી કુંડમાં સ્વારથ મારો નવ સર્યોરે;
હવે હાથ ગ્રહીને, ઉગારો જગતાત. શુણો. ૪
બહુ બહુ દરીઆ ડહોળીઆ, લીધા વિધવિધ વેશ,
ઘુંચાયો ઘાણી વિશે, કર્યા પારકા કેશ,
મારી મોંઢે તમાચો, લાલ બનાવી ફર્યો સદારે;
જોઇ સાચા સગાને લજવાયો નહીં લેશ. શુણો. ૫
છેલ્લી વિનતી છોરૂની, અંતર લેજો આપ;
કૃપા થાય જો કૃષ્ણજી, ટળે તાપ સંતાપ.
બાપુ ભૂલ્યે ચુકયે ભટકાયો, વિષ વિષય વિષેરે;
છેક પાપ છુટવા જપુ તમારો જાપ. શુણો. ૬

બધુ જુઠુ—સબ ફના.
રાગ; રૂડા દીસોછો રાજેશ્વર.

જુઠી જુઠી બાજી, જીવડા જગની જાણનેરે. જુઠી જુઠી.
માત તાતની માયા જુઠી, સગા સહોદર જાએ રૂઠી;
અવળા થાએ ઉઠી નજરે નાણુનેરે. જુઠી જૂઠી. ૧
છેક રહ્યા શુ છતમાં છાકી, ચક્રપાણીની ફરતી ચાકી;
કાળ રહ્યા છે તાકી, બાહુ બાણુનેરે. જુઠી જૂઠી. ૨
ગગન થકી જળ ગોટા છુટયો, પાણીમાં પરપોટા ફુટયો;
તનનો દોરો તુટયો, મનવા માણુનેરે. જુઠી જૂઠી. ૩
દોષ ભર્યા દુર્ગંધીવાળા, અંગ ઢાંકવા ચર્મજ આળાં;
નર્ક તણાં નવ નાળાં, નર્કની ખાણુનેરે. જુઠી જૂઠી. ૪
ફક્કડ થઇને ફોગટ ફુલ્યો, દુઃખ તણા દરીઆમાં ડુલ્યો;
ભાન વગરના ભુલ્યો, સારંગપાણુનેરે. જુઠી જૂઠી. ૫
પ્રિત કરી પ્રિતમની સાચી; રાગ કરી રહે અંતર રાચી;
નૃસિંહ આગળ નાચી લેને લ્હાણુનેરે. જુઠી જૂઠી. ૬
ઇચ્છે તો કર પ્રભુની આશા, તે વિણુ જગમાં તેલ તમાશા;
બાપુ દાસનો દાસા પ્રભુ પિછાણુનેરે. જુઠી જૂઠી. ૭

છે છે ને છે. મ્હોત.

મુંઢ મનવા જાણે છે મરવું નથીજો;
શું ! ! પિંપરના પત્રને ખરવું નથીજો. મુંઢ.
અતી હોંષે ઓરાડી મંગળ ધાટડીજો;
ત્યાંતો તાણીને બાંધે તારી ઠાઠડીજો. મુંઢ. ૧
ભાત્ય ભાત્યનાં વાજીંત્ર રૂડાં વાગીઆંજો;
આવી આંગણામાં કુટશે અભાગીઆંજો. મુંઢ. ૨
મુંઢ મુકયાતા ચોરીના માણીઆંજો;
કરી કિકીઆરી કુટશે કાણીઆંજો. મુંઢ. ૩
તારે આંગણે રોપ્યો તો સ્થંભ માણુકોજો;
કુટે કન્યા તે કર લઇ પહાણુકોજો. મુંઢ. ૪
ગળી ગોળનું વારીને ઘણું ગાજીઆંજો;
મળી માનુની ગાય રૂડા કાજીઆંજો. મુંઢ. ૫
ધામધુમથી લગન કર્યું કારમુંજો;
બાર દિવસે બોલાય ત્હાર બારમુંજો. મુંઢ. ૬
તારે માથે તો મ્હોત "તણો" મારછે જો.
હરીજનને સેવ્યાથી સદા સારછે જો. મુંઢ. ૭.
કાંઇક કચરાયા કાળ "તણા" કુટીઆંજો;
ખરે બાપુ તે ખલકમાં ખુટીઆંજો. મુંઢ. ૮

થાળ.

રાગ; પુનમ ચાંદની.

જમો જમો જમાડુ, લાલ ગોવરધન ધારીરે;
મહાર મન હરખાયુ, દેખી દેવ મોરારીરે.
જમતાં દેખુ જાદવા. જાણું જન્મ પ્રમાણ;
દેહ ધર્યો પણ દાસછુ વહાલાનો વેચાણ;
અવયવો અંગના, આપ તણે આધીન છે રે;
છો રૂપ અનુપ, ને ઉત્તમ ગુણની ખાણ. ગોવરધન૦ ૧
હું શું અરપુ આપને, આપ તણું અરપેલ;
હું જાણું હું અરપુછું, તે સૌ ફોગટ ફેલ;
આંખે જે દેખું, તે ઉપજાવેલું આપનું રે;
મહાર હું માનું, બુદ્ધિ વગરનો બેલ. ગોવરધન૦ ૨

તોપણ પિરસુ પ્રિતથી, પ્રેમ તણાં પકવાન;
સામગ્રિ સૌ સ્નેહની, શાક પાક પાન ખાન;
વળી દાળ ભાત ને ભજીઆં, ભુધર ભાવનાંરે;
તે મધ્યે ત્રિકમ તુલશી કેરૂ પાન.. ગોવરધન૦ ૩
આરોગો આનંદથી, કુંવર નંદના કાહાન;
જમી ઉઠી લ્યો લાલજી, લવિંગ સોપારી પાન;
શુદ્ધ ગંગાજળનું આચ્છમન, હરજી લિજીએરે;
વળી દાસને દીજે, ચરણાંમ્રતનું પાન. ગોવરધન૦ ૪
સેજ બિછાવી શામળા, સ્વલ્પ કરો આરામ;
શ્રમ શામળીઆ બહુ પડયો, મન નવ લેશો સ્યામ;
આ તન તકીઓ, મનની ગાદી ગાલમશુરીઆંરે;
બાપુ નવ દેશો, બાનાને બદનામ. ગોવરધન૦ ૫

આરતિ.

હરી હરી જોજોરે, શામળિયારાયની આરતીરે.
વૈકુંઠેથી ફરતી ફરતી, બ્રહ્મલોકમાં આવીજો;
બ્રહ્મા વિષ્નું મહાદેવે, તેને મોતીડે વધાવીરે. જોજો૦ ૧
બ્રહ્મ સદનથી ઉતરી આરતિ, મનને વેગે નાસે જો;
તેત્રિસ કોટી દેવ પુજીને, આવી છે કૈલાશેરે. જોજો૦ ૨
ઉમિયા હરજી ગણુ કિંકરજી, સૌને કર્યો સત્કારજો;
શક્તિ મંડળ સૌ ફરી ચાલી. શેષ તણે દરબારરે. જોજો૦ ૩
નાગકુળ નક્ષત્ર પુજીને, ગ્રહ પુજી પરવારી જો;
નેથી પ્રેમી ભક્ત જનોએ, આરતિ ઉરમાં ધારીરે. જોજો૦ ૪
શિખે સાંભળે કરે આરતિ, તેનાં પુરણ ભાગ્ય જો;
પ્રભુ પ્રસાદી બાપુ કહે, એ હોલવે હૈયાની આગ્યરે. જોજો૦ ૫

જય " શ્રી જગજ્યોતિ " જય.

સમાપ્ત.

પુસ્તકો મળવાનાં ઠેકાણું.

અમર ચરિત્ર ભાગ ૨ જો.